પ્રમોદાયુક્ત–

# શ્રી આનન્દ - ઘન - ચોવીશી

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મ્હેસાણા.

પ્રભુદાસ બેચરદાસ પારેખ કૃતઃ અને સંપાદિત :-

પ્રમોદા યુક્ત

શ્રી-આનન્દ-ઘનજી મહારાજ વિરચિત—

# શ્રી-આનન્દ-ઘન-ચોવીશી

[ આત્મ—વિકાસ—દિગ્—દર્શિકા. ]

: પ્રકાશક :

સદ્-ગત શેઠ વેણીચંદ સુરચંદ સંસ્થાપિત—

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મહેસાણા

વીર સંવત ૨૪૮૪ : વિક્રમ સંવત ૨૦૧૪ સને ૧૯૫૭

પુનરાવૃત્તિ : ૧૫૦૦

કિંમત ૪-૦-૦

મુદ્રણસ્થાન —

નયન પ્રિન્ટીંગ પ્રેસ: ઢીંકવાવાડી:
રીચીરોડ પુલ નીચે: અમદાવાદ.

મુદ્રક :—

પંડિત મફતલાલ ઝવેરચંદ
ગાંધી:

# પ્રસ્તાવના

શ્રી આનંદઘનચોવીશીની પ્રમોદા વિવેચનાની આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી છે. પહેલી આવૃત્તિ કરતાં આમાં ઘણાજ મોટા ફેરફારો જોઇ શકાશે. અને હવે પછીની આવૃત્તિમાં તે હજી કેટલો ફેરફાર પામશે ? તે ચોક્કસ કહી શકાતું નથી. પરંતુ એક વાત તો નિશ્ચિત છે, કે- આ ગંભીર ચોવીશીની વિવેચના ચોક્કસ આકાર લઈ રહી છે. ઘણા શાસ્ત્રીય પદાર્થો સાથે તેનો જે ગૂઢ સંબંધ છે, તે ઉકલાતો જાય છે. તે ઉકલાતો જઇ ચોક્કસ સ્વરૂપમાં આવી જવાની આશા રહે છે. પછી ફેરફારને ખાસ અવકાશ રહેશે નહીં. એવી ધારણા રાખી શકાય છે.

આ વિવેચનાની માંગ સતત ચાલુ રહેવાથી તેની આ નવી આવૃત્તિ કાઢવાની જરૂર પડી છે. તેમાં આ ચોવીશીની લોકપ્રિયતા જ કારણભૂત છે.

શ્રી આનંદઘનજી મહારાજના સંબંધમાં દંતકથાઓ ઉપરથી કેટલુંક એવું લખાયું છે, કે જે પ્રમાણભૂત ન માની શકાય. પરંતુ આ સ્તવનો જોતાં-તેઓ શાસન પરંપરાના સુવિહિત પૂર્વાચાર્યોની માફક ચૂસ્ત શાસન ભક્ત, આગમ ભક્ત, તથા પૂર્વાચાર્યોના ભક્ત કેટલા બધા છે ? તે સ્પષ્ટ જણાઈ આવે છે. નવમા સ્તવનથી તેઓ જિનપૂજામાં માનનારા છે. ૨૧ મા સ્તવનથી તેઓ પરંપરા સહિત પંચાંગી આગમને માનનારા છે. નિશ્ચય અને વ્યવહારની બાબતમાં અસંદિગ્ધ અને શુદ્ધ પ્રરૂપક છે. એકાંતથી નિશ્ચયવાદી નથી. વિગેરે વિગેરે ઘણું ઘણું સ્પષ્ટ થાય છે. તેઓશ્રીને આધ્યાત્મિક યોગી કહેવામાં આવે છે, તે પણ એકદેશીય વચન છે. કેમકે-જૈન શાસનઃ એ અધ્યાત્મનું જ મહાપ્રતીક છે. તેથી તેની કોઈ પણ પ્રવૃત્તિ આચરણા-અધ્યાત્મ યોગમયજ હોય છે. જિનપૂજા કરવાના ઉદ્દેશથી સ્નાન પણ અધ્યાત્મ-યોગ છે. તો પછી બીજી બાબતોની તો વાત જ શી ? તેઓશ્રીને અધ્યાત્મ યોગી કહીને બીજા આત્માર્થી મહાત્મા સાધુ પુરુષોની ટીકા કરવાનો-ઉતારી પાડવાનો-તેમાં ભાવ સમાયેલો હોય, તો તે યોગ્ય નથી.

પહેલી આવૃત્તિમાં શ્રી **આનંદઘનજી મહારાજના સમય વિષેની** વિચારણા–તથા બીજી કેટલીક બાબતો છે, તે ત્યાંથીજ **જોઈ લેવી, ચરમાવર્તી** નાટક–વિસ્તાર ભયથી આપેલું નથી. તેમજ મૂળ સ્તવનોમાં ને વિવેચનામાં આવતા શાસ્ત્રીય પારિભાષિક શબ્દોની સૂચિ અને તેના સંક્ષિપ્ત અર્થો આપવાની ઇચ્છાને પણ ગ્રંથ મોટો થઈ જવાના ભયથી આવશ્યક છતાં રોકી રાખવામાં આવેલ છે. આ સ્તવનોનો લાભ એ છે, કે–જૈન શાસ્ત્રોક્ત આત્મ વિકાસનો ક્રમ સરળતાથી લક્ષ્યમાં લઈ શકાય છે. સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં આ વિષયને લગતા જે પ્રૌઢ ગ્રંથો છે, તેની વાનગીનો રસ તે ભાષાઓ ન જાણનારા અને શાસ્ત્રાભ્યાસી ન હોય તેઓ પણ આ રીતે ચાખી શકે છે.

શાસ્ત્રીય ગ્રંથોના અવતરણો સાથે આ સ્તવનોની તુલનાત્મક વિવેચના બાકી છે. પરંતુ આપણે તેની નજીક જઈ રહ્યા છીએ,

વિસ્તૃત અનુક્રમણિકાથી વિષયોનો સંદર્ભ જાણી શકાશે. મુખ્ય અશુદ્ધિઓ શુદ્ધિપત્રકમાંથી પ્રથમથી જ સુધારીને વાંચવાથી અનુકૂળતા રહેશે. અમારી સ્ખલનાઓ તરફ લક્ષ્ય ખેંચવાની વિજ્ઞપ્તિ અને યોગ્ય સ્થળે સુધારીને વાંચવાની વિજ્ઞપ્તિ સાથે વિરમીએ છીએ.

૧૨. લોઅર ચિત્તપુરરોડ.
૨ જે માળે. રૂમ નં. ૧૭ **પ્રભુદાસ બહેચરદાસ પારેખ.**
કલકત્તા–૧

## નમ્ર વિજ્ઞપ્તિ

**પ્રમોદા** વિવેચનામાં જે કાંઈ શંકાઓઃ પ્રશ્નોઃ ઉપસ્થિત થાય, તે વિષેના ખુલાસા લેખક તરફથી અથવા તજ્જ્ઞ ગુરુમહારાજાઓ વિ૦ પાસેથી અભ્યાસીઓને મેળવી લેવા નમ્ર વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. જૈન ધર્મની વ્યાપકતા અને વિકાસ ક્રમ સરળતાથી સમજવાને ખાસ ઉપયોગી હોવાથી આ સંસ્થાએ આ ગ્રંથને ખાસ પ્રસિદ્ધિ આપી છે.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મહેસાણા.

# ભૂ મિ કા :

સચેતન—અચેતનાત્મક આ વિશ્વમાં જડ પદાર્થો અને સચેતન પદાર્થો દૃષ્ટિ ગોચર થાય છે. સચેતન–સજીવ પદાર્થોમાં બે પ્રકાર માલુમ પડે છે. ૧ સન્માર્ગે ચાલતા જીવો ૨ ઉન્માર્ગે ચાલતા જીવો.

સન્માર્ગ અને ઉન્માર્ગની મૂળભૂત વ્યાખ્યા એ છે, કે–મોક્ષાનુકૂળ જીવન જીવવા તરફનો આગ્રહઃ અને તેને અનુકૂળ આચરણઃ તે **સન્માર્ગ**. તેથી વિરુદ્ધ જીવન જીવવાનો આગ્રહઃ અને આચરણઃ તે **ઉન્માર્ગ**. આ બે વસ્તુ જગત્‌માં અનાદિકાળથી કોઈનાયે કર્યો વિના સિદ્ધ છે, અને વ્યાપક છે. મોક્ષાનુકૂળ સન્માર્ગનું નામ જ **ધર્મ** છે. અને તે જગત્‌માં એક શાશ્વત્-સનાતન નિઃસરણી–સીડી રૂપે વિદ્યમાન છે.

પહેલે પગથિયેથી માંડીને મોક્ષને સ્પર્શતા છેલ્લા પગથિયા સુધીમાં નાના મોટા તેના અનેક પગથિયા ગોઠવાયેલા છે. જીવ **ચરમાવર્તમાં** પ્રવેશ કરે છે, ત્યારથી તેના આત્મામાં ધર્મની કાંઈક સ્થૂલ શરુઆત થાય છે. ત્યાંથી માંડીને ઠેઠ મોક્ષ પમાડવા સુધીમાં તેનો છેડો આવી જાય છે.

તે જીવનો ચરમપુદ્ગલાવર્તઃ એ તેના ધર્મનો કાળ પર્યાય છે. અને કર્મ ભૂમિઓ તેનું મુખ્ય સ્થળ છે–મુખ્ય ક્ષેત્ર પર્યાય છે. ચરમાવર્તમાં પ્રવેશ કરી વિકાસ ક્રમની જુદી જુદી ભૂમિકાઓમાંથી જીવ પસાર થતો હોય છે, તેથી દરેક જુદી જુદી અવસ્થાઓ, યોગ્યતાઓ, સ્વભાવો, ગુણોનો અનુભવ કરતો હોય છે. કેમકે–દરેક ભવ્ય જીવોની **તથાભવ્યતાઓ** અલગ અલગ હોય છે.

**ઉન્માર્ગનોઃ** અને **સન્માર્ગનોઃ** એક યા બીજી રીતે નાસ્તિકમાં નાસ્તિકને પણ સ્વીકાર કરવો જ પડે છે. આ જાતનું દ્વન્દ્વ જગત્‌માં ન હોત તો માનવોને પોતાના જીવનમાં કાંઈ પણ કરવાનું હોત જ નહીં. નાસ્તિકમાં નાસ્તિક માણસ કોઈ આફતમાં ફસાય, ત્યારે " તેમાંથી તેને કોઈ છોડાવે, પોતાના ઉપર કોઈ પણ ઉપકાર કરે." એમ તે હૃદયથી ઇચ્છતો હોય છે–ઝંખતો હોય છે. તેવા પરોપકારી પુરુષની તે કાગને ડોળે કાયમ રાહ જોતો હોય છે. કોઈ તેવી વ્યક્તિ આવીને તેને દુઃખમાંથી

છોડાવે, તો તે હૃદયમાં હર્ષઃ અને આભારઃની લાગણી અનુભવતો હોય છે. એટલે કે–" પરોપકારી લોકો જગતમાં હોવા જોઈએ." એમ તેનો પણ મત હોય છે.

બીજી રીતે, દુઃખમાંથી છુટી સુખમાં પ્રવેશવાની તેનીયે તીવ્ર ઇચ્છા હોય છે. " એટલે સુખ સારૂં છે. દુઃખ સારૂં નથી–ખરાબ છે." આમ બે બાબતનો તેને પણ સ્વીકાર કરવો પડે છે. જંગલમાં દોડતાં સાપના મોઢામાંપગ ન મૂકાઇ જાય અને મરણ ન નિપજે, તેની કાળજી રાખવા માટે સાપનું જ્ઞાન મેળવી, સાપના અજ્ઞાનથી મોક્ષ પામવાની–નિવૃત્ત થવાની–તેની પણ ઇચ્છા હોય છે.

દુઃખમાંથીઃ અજ્ઞાનમાંથીઃ કોઈ દુષ્ટના પંજામાં ફસાવાથીઃ મોક્ષ–મુક્તિ તે પણ ઇચ્છતો હોય છે. આથી કરી–" સારૂં અને ખરાબ " એ દ્વન્દ્વ તેને પણ માન્ય છે. માત્ર તેની વ્યાખ્યામાં તેનું ગંભીર અજ્ઞાન મોટી ગડબડ ઉભી કરે છે. ત્યારે આસ્તિક મહાત્માઓ સન્માર્ગઃ અને ઉન્માર્ગઃએ બન્નેયની સ્પષ્ટ વ્યાખ્યાઓ સમજાવી ઉત્તમ માર્ગ દર્શન આપે છે. એ સઘળી પણ એક પ્રકારની વિશ્વ સ્થિતિ છે.

આત્યન્તિક મોક્ષાનુકૂળ ચડતા ઉતરતા દરજ્જાવાળી આત્મવિકાસની ક્રમિક સીડી–નિઃસરણીનું નામ **સન્માર્ગઃ ધર્મઃ શાશ્વત ધર્મઃ છે.**

ત્યારે ઉન્માર્ગની વ્યાખ્યા શી? એ પ્રશ્ન થશે. જો ઉન્માર્ગ ન હોય, તો સન્માર્ગ જેવો જુદો પદાર્થ જ ન સંભવે. માટે ઉન્માર્ગ છે. ને તેનો પ્રતિસ્પર્ધિ સન્માર્ગ પણ છે. એટલે કે–સન્માર્ગનું અસ્તિત્વ ઉન્માર્ગનું અસ્તિત્વ સાબિત કરે છે. જ્યારે ઉન્માર્ગ છે–તેનું નિશ્ચિત અસ્તિત્વ છે, તો તેની વ્યાખ્યાઃ સ્વરૂપઃ કારણોઃ ભેદઃ અને પરિણામોઃ વિગેરે પણ અનિવાર્ય રીતે જ હોવા જાઇએ.

જેમ–આત્મામાં ધર્મને યોગ્ય સમ્યગ્દર્શનાદિક સ્વભાવો છે. તેજ પ્રમાણે–રાગ–દ્વેષ રૂપ મોહ પરિણતિ સ્વભાવો પણ છે. પદાર્થ ધર્મ તરીકે તે બંનેય પ્રકારના સ્વભાવો આત્મા સદાકાળ ધરાવે છે.

રાગ–દ્વેષ સ્વભાવો આવિર્ભૂત હોય–પ્રગટ હોય–ત્યારે તે રૂપે આત્મા પરિણમે છે. ત્યાં સુધી તે સંસારી કહેવાય છે. અને તે સ્વભાવો જેમ જેમ તિરોહિત થતા જાય, અને સમ્યગ્ દર્શનાદિક સ્વભાવો આવિર્ભૂત થતા

જાય, તેમ તેમ આત્મા રાગ-દ્વેષાદિકની જાળમાંથી મુક્ત થતો જાય છે. તેથી એમ કહી શકાય છે, કે-બન્નેય પ્રકારના સ્વભાવો આત્મ દ્રવ્યમાં અનાદિ-અનંત ભાંગે વિદ્યમાન હોય છે. શિવાય કે-અભવ્ય જીવ. તેમાં રાગ-દ્વેષ સ્વભાવ મુખ્ય હોય છે. તેને મોક્ષ સ્વભાવ બહુજ ગૌણરૂપમાં હોય છે. અને સિદ્ધ આત્માઓમાં કેવળ મોક્ષ સ્વભાવ પૂરો પ્રગટ થયો હોય છે, ને સંસાર સ્વભાવ સર્વથઃ તિરોહિત થઇ ચૂકેલો હોય છે. એટલે કે પદાર્થના ગુણ-ધર્મની અપેક્ષાએ એ બન્નેયને આત્માના સ્વભાવો કહેવામાં કશી હરકત નથી.

પરંતુ, નયાન્તરની અપેક્ષાએ એટલેકે-"મોક્ષાનુકૂળઃ સ્વભાવ એજ મુખ્ય સ્વભાવ. અને એટલા માટે એમ માનવામાં આવે, કે-"તે પ્રિય છે. પ્રાપ્તવ્ય છે. આદરણીય છે. કર્તવ્ય છે." માટે તદનુકૂળ આત્માના ગુણોઃ ધર્મોઃ છે. એ અપેક્ષાએ તેને **સ્વભાવ** શબ્દથી પરિભાષિત કરવામાં આવ્યા છે. અને રાગ-દ્વેષાનુકૂળ ગુણ-ધર્મોને **વિભાવ** શબ્દથી નયાન્તરની અપેક્ષાએ-પરિભાષિત કરવામાં આવ્યા છે.

રાગ-દ્વેષપણે પરિણામ પામવાનો સ્વભાવ આત્મામાં હોવાથી તેની વિવિધ પ્રકારની સાંસારિક અવસ્થા અનાદિ કાળથી હોય છે. અને તેનું મૂળ કારણ-**વ્યવહારથીઃ** મોહનીય કર્મઃ અને **નિશ્ચયથીઃ** સ્વમોહ પરિણતિ હોય છે.

આ મોહ-પરિણતિરૂપ મોહ રાજાની જાળ બહુ મોટી અને ચારેય તરફ પથરાયેલી છે, ચારેય તરફ તેની બીછાવત છે. ઇંદ્રજાળની માફક સર્વત્ર વ્યાપક જેવી ફેલાયેલી છે. તેની લાલચો-ભભકા-ચમક વિગેરેનું અદ્ભૂત આકર્ષણ-લોહચુંબક લોઢાને ખેંચે-તેમ જીવોને ખેંચતું હોય છે. તેમાંથી છુટવુંઃ એ જીવાત્માઓ માટે એક કઠણમાં કઠણ કામ છે. આ પણ એક જાતની લોક સ્થિતિઃ વિશ્વસ્થિતિઃ કુદરતી ઘટનાઃ છે. એ ઘટના કોઈ કરતું નથી. આત્મામાંથી જ પ્રસરે છે.

જેમ, મોહરાજાની ઇંદ્રજાળ વિશાળ પાયા ઉપર જગતમાં ફેલાયેલી છે, તેજ પ્રમાણે ધર્મરાજાએ પણ તેમાંથી બચાવવા માટે એવીજ વિશાળ જાળ જગતમાં પાથરેલી છે. મોહની જાળમાંથી જીવ જરાક છટકે, કે-ધર્મ-રાજા પોતાની જાળમાં ખેંચી લે છે. અને ધર્મરાજાની જાળમાંથી જીવ છટકે કે મોહ રાજા પોતાની જાળમાં ફસાવી લે છે. બન્નેયની જાળો પોતા

પોતાનામાં સ્વતંત્ર છે, તો પણ પાસે પાસે પથરાયેલી હોય છે. તેથી ઘર્ષણ બન્નેય વચ્ચે ચાલ્યા જ કરે છે. આ પણ એક જાતની લોક સ્થિતિ-વિશ્વ સ્થિતિ-કુદરતી ઘટના છે.

મોહરાજાએ પાંચેય ઇંદ્રિયોના વિષયોના મીઠા મધ જેવા સુખની લાલચ અને આકર્ષણો એવા તો બિચ્છાવેલા છે, કે-તે સુખની ખાતર જીવાત્મા અનેક-સાચા-જુઠા-વેર-વિરોધ-ક્રોધ-માન-માયા-લોભ-વિગેરે કરીને પાપ કરે છે. તે દુન્યવી સુખની ઇચ્છા—લાલચ-જ પાપનું મૂળ છે. પાપ દુઃખ આપે છે, દુઃખમાંથી છુટવા-દુઃખ સહન ન કરતાં-સુખ મેળવવા લલચાઇને નવા પાપ કરવાનું ચક્ર ચાલુ રાખે છે. દુઃખ સહવું: અને સુખની લાલચ છોડવી: એ દુઃખની પરંપરામાંથી બચવાનો ઉપાય છે.

હિંસાદિક અઢાર પાપ છોડવાઃ અને ક્ષમાદિક ગુણો પૂરા ખીલવવાઃ તે ધર્મ.

એક તરફ ધર્મરાજા લલચાવે છે, અને બીજી તરફ સુખની ઇચ્છા દ્વારા મોહરાજા લલચાવે છે. જો ધર્મરાજાને શરણે જાય, તો ધીમે ધીમે દુઃખોથી છુટકારો મેળવીને આત્મા અનંત સુખો પ્રાપ્ત કરી શકે છે. અને જો મોહરાજાની લાલચમાં પડે, તો ક્ષણિક સુખો અને દુઃખો, ક્ષણિક સુખો અને દુઃખોઃની ન કાપી શકાય તેવી ભયંકર પરંપરામાં ફસાવે છે. આ પણ એક જાતની વિશ્વસ્થિતિ છે.

મોહરાજાએ રંગ-રાગ-રૂપ-મનોહર સંગીત-મીઠા શબ્દો-ઉંચા પ્રકારના સ્વાદ-સ્ત્રી પુરુષના મધુર અને મનમોહક આકર્ષણો-બરફની ઠંડક-શિયાળામાં શગડીની મીઠી ગરમીઃ વિગેરે દ્વારા અનંત અનંત પ્રકારની જાળ બીછાવી છે.

તેજ પ્રમાણે ધર્મરાજાએ પણ-મંદિરોઃ ઉત્સવોઃ ધર્મસ્થાનોઃ પર્વોઃ જુદા જુદા અનુષ્ઠાનોઃ સંગીતમય મહાપૂજાઓઃ ત્યાગઃ તપઃ આકર્ષક ધર્મોપદેશઃ ધર્મમાં પ્રેરક રસમય કથાઓઃ વાર્તાઓઃ વિગેરે સંખ્યાતીત જાળ અને વ્યાવહારિક ઉપાયો દ્વારા પોતાની જાળ ચારેય તરફ બિછાવી છે. કેટલીક તો જાળ મોહરાજાની જાળ જેવી જ ભાસે તેવી હોય છે. છતાં, મોહ પ્રેરિત સુખની ઇચ્છાથી પણ તેના તરફ આકર્ષાય તો ધર્મરાજા પોતાના પંજામાં લઇ, ધીમે ધીમે પોતાની જાળમાં આગળને આગળ લઇ જાય છે, અને છેવટે

દુઃખોની પરંપરામાંથી મુકત કરી પરમાનંદના રાજમહેલના અનંત સુખોમાં પહોંચાડી દે છે. અને મોહની જાળમાં ફસાયેલાઓને ક્ષણિક સુખો આપી તે જીવને નરક–નિગોદના અનંત દુઃખોમાં મોહ ધકેલી દે છે.

મોહાનુકૂળ જીવન જીવવાનો આગ્રહઃ અને આચરણઃ તે ઉન્માર્ગ. અને ધર્માનુકૂળ જીવન જીવવાનો આગ્રહ અને આચરણ, તે સન્માર્ગ. આમ બન્નેયની વ્યાખ્યાઓ સ્પષ્ટ થઇ જાય છે.

આ બન્નેય વસ્તુઓ અનાદિ–અનંતકાળ વ્યાપી એક જાતની વિશ્વ-સ્થિતિઓ છે. આજનો કોઈ મહા વૈજ્ઞાનિક–ઉન્માર્ગનો સર્વથા જગત્માંથી લોપ કરવા ઇચ્છે, તો તે કામ સર્વથા તેની શકિત બહારનું છે. અને સન્માર્ગનો–ધર્મનો–લોપ કરવા ઇચ્છે, તો તે પણ સર્વથા અશકય છે. બન્નેય પ્રયાસો એક જાતની બાલીશતા યા–મૂર્ખતારૂપ છે. કેમકે–બન્નેય સ્થિતિ વિશ્વમાં અનાદિઅનંતકાળ વ્યાપી છે–સ્થાયિ છે.

આ સ્તવનોમાં–સન્માર્ગગામી વિકાસ ક્રમે ક્રમે કેવી રીતે થાય છે? તેની ઝાંખી કરાવી છે. જેમ **યોગબિન્દુઃ વીશવિંશીકાઃ યોગ દૃષ્ટિ સમુચ્ચયઃ ધર્મ-બિન્દુઃ યોગશાસ્ત્રઃ ષોડશકઃ ધર્મસંગ્રહઃ** વિગેરે ઘણા પૂર્વાચાર્યોના ગ્રંથોમાં શરૂઆતથી માંડીને મોક્ષ પ્રાપ્તિ સુધીના વિકાસ માર્ગના પગથિયાં જુદી જુદી રીતે વર્ણવી બતાવ્યા હોય છે. તે પ્રમાણે આ સ્તવનો દ્વારા **શ્રી આનંદઘનજી મહારાજાએ** ક્રમિક વિકાસ માર્ગ સૂચિત કર્યો છે.

તેમાં ચોવીશ સ્તવનો મારફત નીચે પ્રમાણે ૨૪ બાબતોની સૂચના કરી છે.

૧ ધર્મઃ ધર્મ માર્ગઃ ધાર્મિકોઃ અને પરમાત્મત્વ–મોક્ષઃ તરફ પ્રથમ સહજ પક્ષપાત–પ્રેમ–સદ્ભાવના જાગે છે. તેને **પ્રીતિ–યોગ** કહેવામાં આવે છે. તેને પહેલવહેલું પ્રકાશનું કિરણ કહીશું. એ પણ ઘણા પુણ્યોદયથી અને ઘણા પાપ કર્મોના નાશ પછી જ પ્રાપ્ત થાય છે.

૨ પરમાત્મ ભાવ પામવાના માર્ગની શોધમાં તે જીવ પડે છે.

૩ ત્રીજા સ્તવનમાં માર્ગના નકશાનો ઝાંખો ખ્યાલ અપાય છે.

૪ પ્રભુના દર્શનની તૃષા ઉત્પન્ન થવાનું જણાવ્યું છે.

૫ આત્માની ત્રણ પ્રકારની અવસ્થાનો ખ્યાલ અપાયો છે.

૬ એક જ આત્માની ત્રણ અવસ્થાઓના કારણો સમજાવવાથી સ્વ-પરનું ભેદ જ્ઞાન થાય છે.

૭ જુદા જુદા નામે પરમાત્મા તરફ આકર્ષણ વધે છે.

૮ છેવટે પરમાત્મા પ્રત્યેનો સમર્પણ ભાવ જાગે છે. સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે.

૯ પૂજાની ઈચ્છા અને પરમાત્માની પૂજા કરવામાં આવે છે.

૧૦ તત્ત્વજ્ઞાનની ગહન સમજ–સ્યાદ્વાદ તરફ લક્ષ્ય:

૧૧ અધ્યાત્મ ભાવની પ્રાપ્તિની લગન:

૧૨ વિશિષ્ટ આત્મજ્ઞાન:

૧૩ ભક્તિભરી ઊર્મિઓ:

૧૪ વચનાનુષ્ઠાનનિષ્ઠાની પ્રાપ્તિ: અને સ્થિરતા:

૧૫ અપ્રમત્ત ભાવ: મુનિધર્મ: પરમનિધાનનું દર્શન:

૧૬ સામર્થ્ય યોગ: સમભાવની પ્રાપ્તિ:

૧૭ ઉપશમ ભાવની પરાકાષ્ઠા અને ત્યાંથી પતન:

૧૮ આત્માનો સાક્ષાત્ અનુભવ:

૧૯ અઢાર દોષ રહિતપણે કેવળ જ્ઞાનની પ્રાપ્તિ:

૨૦ મુક્તિની શક્યતા:

૨૧ તીર્થ–શાસનની સ્થાપના:

૨૨ પરમાત્મ–ભાવની પ્રાપ્તિ:

૨૩ સર્વજ્ઞતા:

૨૪ શૈલેશીપણું: વિજયડંકો–મોક્ષની પ્રાપ્તિ:

એ પ્રમાણે ક્રમે ક્રમે આત્મા મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. એ રહસ્ય આ સ્તવનો દ્વારા સમજાવવામાં આવેલું છે. દરેક અવસ્થામાં આત્મા કેવા ભાવો અનુભવે છે? તેનું બાહ્ય સ્વરૂપ કેવું હોય છે? વિગેરેનો ખ્યાલ આ સ્તવનોના અભ્યાસથી આવી શકશે.

હિત–અહિત: સાચું–ખોટું: કર્તવ્ય–અકર્તવ્ય: માર્ગ–ઉન્માર્ગ: ઉન્નતિ–અવનતિ: વિગેરે માપવાનો માપ દંડ જ એ છે, કે– "મોક્ષાનુકૂળ હોય તે. હિતકારક: સાચું: કર્તવ્ય: માર્ગ: ઉન્નતિ: શિવાયનું--અહિતકારક: ખોટું અકર્તવ્ય: ઉન્માર્ગ: અવનતિ:પતન: વિગેરે સમજવાનું છે.

આ માપ દંડને આધારે જ માનવ જીવનની વ્યવસ્થા સ્થાપન કરવામાં આવી છે. અને તે વ્યવસ્થાનું બીજું નામ અહિંસક જીવન સંસ્કૃતિ પણ કહી શકાય. તેને અનુકૂળ વ્યવહારો: તે શુદ્ધ વ્યવહારો સમજવા, બીજા અવ્યવહારો: અથવા અશુદ્ધ વ્યવહારો સમજવા: સંપાદક:

# અ નુ ક્ર મ ણિ કા :


## આનન્દ-ઘન-ચોવીશીઃ મૂળ : 1

સ્તવનોના મૂળ પાઠ વિષે ચિહ્નોની સમજ 1
૧ શ્રી-ઋષભ દેવ-જિન-સ્તવનઃ ૩
૨ શ્રી-અજિત-નાથ-જિન-સ્તવનઃ ૩
૩ શ્રી-સંભવનાથ-જિન-સ્તવનઃ ૪
૪ શ્રી-અભિનન્દન-જિન-સ્તવનઃ ૫
૫ શ્રી-સુમતિનાથ-જિન-સ્તવનઃ ૫
૬ શ્રી-પદ્મ-પ્રભ-જિન-સ્તવનઃ ૬
૭ શ્રી-સુપાર્શ્વ-નાથ-જિન-સ્તવનઃ ૬
૮ શ્રી-ચન્દ્રપ્રભ-જિન-સ્તવનઃ ૭
૯ શ્રી-સુ-વિધિ-નાથ-જિન-સ્તવનઃ ૮
૧૦ શ્રી-શીતળ-નાથ-જિન-સ્તવનઃ ૯
૧૧ શ્રી-શ્રેયાંસ-નાથ-જિન-સ્તવનઃ ૯
૧૨ શ્રી-વાસુ-પૂજ્ય-જિન-સ્તવનઃ ૧૦
૧૩ શ્રી-વિમળ-નાથ-જિન-સ્તવનઃ ૧૦
૧૪ શ્રી-અનન્ત-નાથ-જિન-સ્તવનઃ ૧૧
૧૫ શ્રી-ધર્મ-નાથ-જિન-સ્તવનઃ ૧૨
૧૬ શ્રી-શાન્તિ-નાથ-જિન-સ્તવનઃ ૧૩
૧૭ શ્રી-કુન્થુ-નાથ-જિન-સ્તવનઃ ૧૪
૧૮ શ્રી-અર-નાથ-જિન-સ્તવનઃ ૧૫
૧૯ શ્રી-મલ્લી-નાથ-જિન-સ્તવનઃ ૧૬
૨૦ શ્રી-મુનિ-સુ-વ્રત-સ્વામિ-જિન-સ્તવનઃ ૧૭
૨૧ શ્રી-નમિ-નાથ-જિન-સ્તવનઃ ૧૮
૨૨ શ્રી-નેમિ-નાથ-જિન-સ્તવનઃ ૧૯
૨૩ શ્રી-પાર્શ્વ-નાથ-જિન-સ્તવનઃ ૨૦
૨૪ શ્રી-મહાવીર-વર્ધમાન-સ્વામિ-જિન-સ્તવનઃ ૨૧

પ્રમોદ્દા યુક્ત : આનન્દ—ઘન—ચોવીશી ૨૨
અથવા
[ આત્મ–વિકાસ–દિગ્દર્શિકા ] ૨૩

मङ्गलम् ૨૪
વ્યાપક અવતરણઃ ૨૫
૧. શ્રી–ઋષભ–દેવ–જિન–સ્તવનઃ ૨૯
ચરમાવર્તમાં પ્રવેશઃ પ્રીતિ–અનુષ્ઠાનઃ ૨૯
૧ લોકોત્તર–પારમાર્થિક પ્રીતિઃ ૨૯
ઋષભ નામની સાર્થકતાઃ ૨૯
૨ દુન્યવી પ્રીતિની તુચ્છતાઃ ૩૦
૧ પ્રથમ પ્રકારઃ ૩૦
૨ તેથી ઉંચો બીજો પ્રકારઃ ૩૦
૩ તેનાથી યે ઉંચો ત્રીજો પ્રકારઃ ૩૧
૪ પારમાર્થિક ગણાતી લૌકિક પ્રીતિની ન્યૂનતાઃ ૩૨
૫ લોકોત્તર પારમાર્થિક પ્રીતિનું ફળઃ ૩૨
રહસ્યાર્થઃ ૩૪
[ ટીપ્પણમાં સતી થવા વિશે. ] ૩૭
મારો પ્રીતમઃ ચરમ પુદ્ગલાવર્તઃ મોક્ષાશયી જીવઃ સુમતિઃ કુમતિઃ પતિ પાછળ સતી થવુંઃ પરમ બ્રહ્મ સાથે પ્રીતિઃ પરમ બ્રહ્મઃ સાદિ અનંત ભાંગોઃ ચાર પ્રકારના અનુષ્ઠાનઃ કપટરહિતતા–શલ્ય રહિતતાઃ આત્મનિષ્ઠતાઃ કવિની કળાઃ
૨. શ્રી–અ–જિત–નાથ–જિન–સ્તવનઃ
મહા માર્ગની શોધમાંઃ માર્ગાભિમુખપણુંઃ ૪૯
૧ પરમાત્મા અ-જિત-ગુણોના ધામ છે. અજિત નામની સાર્થકતાઃ ૪૯
માર્ગ મળવામાં મુશ્કેલીઓઃ— ૫૦
૧ લી મુશ્કેલીઃ ૫૦
૨ જી અને ૩ જી મુશ્કેલીઓઃ ૫૧
૪ થી ને ૫ મી મુશ્કેલીઓઃ ૫૨
૬ ઠ્ઠી મુશ્કેલીઃ ને ૧ પહેલો મુખ્ય આધારઃ ૫૩

૨ પંથ મળવાની આશાઃ અને

૩ ત્યાં સુધી જીવતા રહેવા માટેની જીવન દોરીઃ ૫૪

**રહસ્યાર્થઃ** ૫૫

જીત–અજીતઃ ૫૫

૬ મુશ્કેલીઓઃ ૫૫

વાસનાઃ ૫૫

પાંચલબ્ધિઓ–મત અંબઃ ૫૭

**૩. શ્રી–સંભવ–દેવ–જિન–સ્તવનઃ** ૫૮

આત્મ વિકાસના ક્રમિક ઉપાયોઃ ૫૮

**સંભવ નાથ** નામની સાર્થકતાઃ ૫૯

ભયાદિકની વ્યાખ્યાઃ ૫૯

ક્રમિક ઉપાયો— ૬૦

કારણથી કાર્યઃ ૬૩

સેવાની મહત્તા ન સમજનારઃ ૬૩

**રહસ્યાર્થ :**

કારણ વિના કાર્યની અનુત્પત્તિઃ કારણ સામગ્રીઃ ૬૪

આત્મ વિકાસની કારણ સામગ્રી— ૬૪

ચારી સંજીવની, ૬૬

આદિધાર્મિકથી વિકાસ ક્રમનો નિર્દેશઃ ૬૭

ઉપચરિત–અનુપચરિત સર્વજ્ઞ વિષેઃ ૭૧

**૪ શ્રી–અભિનન્દન–જિન–સ્તવનઃ** ૭૨

૧ દર્શનની દુર્લભતાઃ ૭૨

**અભિનન્દન** નામની સાર્થકતાઃ ૭૨

૨ સામાન્યથી અને ૩ વિશેષથી દર્શનની દુર્લભતાઃ ૭૩

૪ તર્કવાદથી અને ૫ આગમથી પણ દુર્લભતાઃ ૭૪

૬ બીજા વિઘ્નોઃ ૭ અને સાથીદારના અભાવથી પણ દુર્લભતાઃ ૭૫

૮ "દર્શન" "દર્શન"ની ધુનથી પણ દુર્લભતાઃ અને ઉપસંહારઃ ૭૬

દર્શનનું ફળઃ ૭૬

**રહસ્યાર્થઃ** દર્શનશબ્દના અર્થઃ આગમવાદઃ હેતુવાદઃ ૭૭

**૫. શ્રી-સુ-મતિ-નાથ-જિન-સ્તવનઃ** ૭૯

આત્મ સમર્પણઃ ત્રણ પ્રકારનો આત્માઃ ૭૯
૧ પ્રભુની સ્તુતિઃ ૭૯
**સુમતિ** નામની સાર્થકતાઃ ૮૦
૨ આત્માની ત્રણ અવસ્થા ૮૦
૧-૨ બહિરાત્મા અને અન્તરાત્માની ઓળખાણઃ ૮૦
૩ પરમાત્મા અવસ્થાની ઓળખાણઃ ૮૧
૩ આત્મ-સમર્પણની વ્યાખ્યાઃ ૮૨
૪ આત્મ-સમર્પણનું ફળઃ ૮૨
**રહસ્યાર્થ**ઃ ત્રણ આત્મ-સ્વરૂપોઃ ૮૩

**૬. શ્રી-પદ્મ-પ્રભ-જિન-સ્તવનઃ** ૮૪

બહિરાત્માઃ અને પરમાત્માઃની વચ્ચેના ભેદની શોધઃ ૮૪
૧ આંતરું પડવાનું કારણ-કર્મઃ ૮૫
**પદ્મ-પ્રભ** નામની સાર્થકતાઃ ૮૫
૨ કર્મના ભેદોઃ ૮૫
૩ સંસારની વ્યાખ્યાઃ ૮૭
૪-બંધ ૫ અને મોક્ષઃના કારણોઃ ૬ હેયોપાદેયતાઃ ૮૮
૭ સંસારઃ અને મોક્ષઃ આત્માના સ્વભાવઃ ૮૯
૮ અંતર ભાંગવાનું ફળઃ ૯૦
**રહસ્યાર્થ**ઃ કર્મ વિપાકઃ અન્ય દર્શનોમાં કર્મ વિષેઃ ૯૧

**૭. શ્રી-સુ-પાર્શ્વ-નાથ-જિન-સ્તવનઃ** ૯૩

વિવિધ સ્વરૂપ સૂચક અનેક નામે પરમાત્માઃ તે તરફ પ્રીતિઃ ભક્તિઃ ૯૩
સુપાર્શ્વનામની સાર્થકતાઃ ૯૭
**રહસ્યાર્થ**ઃ અનુભવ જ્ઞાનની સમજઃ ૯૭

**૮. શ્રી-ચન્દ્ર-પ્રભ-જિન-સ્તવનઃ** ૯૯

પરમાત્મ-દર્શનની-સમ્યગ્દર્શન મેળવવાની-તાલાવેલીઃ ૯૯
પરમાત્માનું અદર્શનઃ ૯૯
યોગાવગ્ચકાદિક ત્રણ યોગોઃ ૧૦૨
પ્રભુની પ્રેરકતાઃ ૧૦૨

**રહસ્યાર્થ**: અનાદિકાળથી જીવ રાશિમાં પ્રભુનું અદર્શન: ૧૦૩
ત્રણ યોગનું સ્વરૂપ: સૂક્ષ્મબોધ: વિવેક જ્ઞાનની મુખ્યપ્રેરકતા:
ઉપાદાન અને નિમિત્ત કારણ: દેવ. દ્રવ્યાદિક વિષે: તેની વ્યવસ્થા
સાચવવાથી તીર્થંકર નામ કર્મ: વિગેરે.

૯ **શ્રી-સુ-વિધિ-નાથ-જિન-સ્તવન:** ૧૧૩

**શ્રી** પરમાત્મા: અને તેની પૂજામાં ભક્તની તત્પરતા: ૧૧૩
સુવિધિ નામની સાર્થકતા: ૧૧૩
૧ જિનમંદિરે જવાનો સામાન્ય વિધિ: દશત્રિક: પાંચ અભિગમ: ૧૧૪
૨ પાંચ પ્રકારની પૂજા: ૧૧૫
૩ પૂજાના બે પ્રકારે ફળો: ૧૧૫
૪ અષ્ટ પ્રકારી પૂજા: ૧૧૬
૫ પૂજાના બીજા પ્રકારો: ૧ અંગ: ૨ અગ્ર: ૩ ભાવ: પૂજા ૧૧૭
૬ ચોથો ભેદ: પ્રતિપત્તિ પૂજા: ૧૧૭
૭ શાસ્ત્રપાઠ: અને અર્થ: ૧૧૮
ઉપસંહાર: ૧૨૦

**રહસ્યાર્થ**: પ્રથમથી જ જૈન ધર્મમાં જન્મ: જૈન ધર્મમાં ૧૨૧
ધર્મના પ્રકારો: ત્રિલોક પૂજ્ય જિનેશ્વર દેવની સર્વોત્કૃષ્ટતા:—
પૂજા કરવાની સર્વ જીવોની ફરજ: ૧૨૫
બીજી રીતે પાંચ પ્રકારી પૂજા: દર્શન ન કરવામાં પ્રાયશ્ચિત્ત: ૧૨૭
ચૈત્યવંદન શબ્દનું રહસ્ય. ૧૨૮
ત્રણ પ્રકારની બીજી રીતે પૂજાઓ: ૧૨૯

**પ્રતિમા પૂજા વિષે તાત્ત્વિક વિચારણા:** ૧૨૯

૧ મૂર્તિ પૂજા સામેના મુખ્ય વાંધા: ૧૩૧
૨ જડની પૂજા નથી. જડથી પણ આધ્યાત્મિક લાભ: ૧૩૨
જિન પૂજા કોઈ કદાચ ન કરે, પરંતુ સત્યનો સ્વીકાર ન
કરવામાં દોષ:
૩ દ્રવ્ય પૂજામાં હિંસા ? ૧૩૨
સત્ય: અને અહિંસા: ની વ્યાપક વ્યાખ્યા: ૧૩૩
૪ યજ્ઞાદિકનો દાખલો નકામો છે: ૧૩૪
૫ મૂર્તિ: અને મંદિર:ના નિર્માણમાં હિંસાનું સમાધાન: ૧૩૫

૬ સર્વથા આરંભના ત્યાગી શ્રાવક માટે અમુક પ્રકારની દ્રવ્ય પૂજા ફરજીયાત નથી: ૧૩૬
૭ મુનિની આંશિક દ્રવ્યપૂજા :
૮ જિન મૂર્તિપૂજા આગમોમાં પાછળથી દાખલ કરવાની અસંગત વાતો : ૧૩૮
જન્માદિ કલ્યાણક દિવસોની દ્રવ્ય નિક્ષેપે પૂજ્યતા : તો કલ્યાણક ભૂમિઓ આદિ દ્રવ્ય નિક્ષેપે પૂજ્ય કેમ નહીં ? ૧૪૦
મૂર્તિપૂજાથી ધર્મની આરાધનાનું સાતત્યઃ ૧૪૧
વરઘોડા વિગેરેની પાછળના તાત્ત્વિક રહસ્યોઃ અને રસઃ ૧૪૩
તથા શુભઃ અશુભઃ શુદ્ધઃ અશુદ્ધઃ ભાવ વિષે વિચારણાઃ ૧૪૫
જિનપૂજાથી પુણ્ય બંધ ઉપરાંત સંવરઃ અને નિર્જરાઃ ૧૪૬
વરઘોડાઃ વિગેરે, આંગીપૂજાઃ વિગેરેઃ ૧૪૭
ચક્ષુ ચડાવવાનો હેતુઃ ૧૪૭
લોકોત્તર વિનયઃ અને શ્વેતામ્બર માન્ય પૂજાની તાત્ત્વિકતાઃ ૧૪૯
જિન દેવના સ્મારકોઃ ૧૫૦
જિન પૂજામાં ધરાતી વસ્તુઓઃ ૧૫૧
સામાન્ય શંકાઓના સમાધાન માટે શ્રીસુવિધિ જિનતુંજ સ્તવનઃ ૧૫૩
જિન પ્રતિમાઃ અને જિનઃમાં અપેક્ષાએ આગમોક્ત સમાનતાઃ ૧૫૫
મોહના અનેક વિધ વિસ્તાર સામે તેને ડારવા ધર્મરાજાની છાવણીનો વિસ્તારઃ ૧૫૫

૭ **શ્રી-શીતળ-નાથ-જિન-સ્તવનઃ** ૧૫૬

સ્યાદ્વાદની ખુબીઃ ૧૫૬
૧ ત્રિભંગીઃ ૧૫૬
**શીતળ** નામની સાર્થકતાઃ ૧૫૭
૧ લી રીતે ઘટનાઃ ૧૫૭
તેની સમજઃ ૧૫૮
૨ જી રીતે ઘટનાઃ અને જવાબઃ ૧૫૯
જુદી જુદી અનેક ત્રિભઙ્ગીઓનું દિશા સૂચનઃ અને સમજઃ ૧૬૦
ઉપસંહારઃ ૧૬૩
**રહસ્યાર્થ**ઃ સ્યાદ્વાદના મૂળ આધારોની સમજઃ ૧૬૪

૧૧ **શ્રી-શ્રયાંસ-નાથ-જિન-સ્તવનઃ** ૧૬૫
અધ્યાત્મનું સ્વરૂપઃ ૧૬૫
**શ્રેયાંસ** નામની સાર્થકતાઃ ૧૬૬
૧ આત્માऽऽરામીનું લક્ષણઃ ૧૬૬
૨ અધ્યાત્મનું લક્ષણઃ ૧૬૮
૩ અધ્યાત્મના ચાર નિક્ષેપાઃ ૧૬૮
ભાવ અધ્યાત્મઃ ૧૬૯
૪ શબ્દઃ અને અર્થઃ અધ્યાત્મના લાભઃ ૧૭૧
ઉપસંહારઃ ૧૭૨
**રહસ્યાર્થઃ** ચાર પ્રકારના અધ્યાત્મની કર્તવ્યતા—અકર્તવ્યતાઃ ૧૭૩
ઉપદેશ પ્રાસાદમાંની વ્યાખ્યાનો નિર્દેશઃ ૧૭૫
શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય મહારાજશ્રીના અધ્યાત્મના મુખ્ય ગ્રંથોઃ ૧૭૬
અધ્યાત્મઃની શરૂઆતઃ અને અંતઃ તથા તેના ચડતા-ઉતરતા દરજ્જાઃ ૧૭૬
૧૨ **શ્રી-વાસુ-પૂજ્ય-જિન-સ્તવનઃ** ૧૭૭
ત્રિવિધ ચેતનાત્મક આત્માઃ મુનિપણાની-શ્રમણપણાની પૂર્વ ભૂમિકા રૂપ વિશિષ્ટ આત્મ-જ્ઞાનઃ ૧૭૭
૧ જ્ઞાન ચેતનાઃ ૧૭૮
૨ કર્મ ચેતનાઃ ૧૮૦
૩ કર્મ-ફળ ચેતનાઃ ૧૮૨
૪ પરિણામ સ્વરૂપ આત્માઃ ત્રિવિધ પરિણામોથી ત્રિવિધ ચેતનાઃ ૧૮૩
મુનિનું-શ્રમણનું લક્ષણઃ ૧૮૫
**રહસ્યાર્થઃ** મુખ્ય ૧૦ મુદ્દાઓનું સ્પષ્ટીકરણઃ ૧૮૮
**૧૩ શ્રી-વિ-મળ-નાથ-જિન-સ્તવનઃ** ૧૯૩
**જ્ઞાન યોગી શ્રમણ ભમવંતના ક્રિયા-યોગને કર્મભક્તિ. યોગઃ** ૧૯૩
૧ **વિ-મળતાનો** પૂરાવોઃ કવિના કવિત્વની ખુબીઃ ૧૯૪
૨ ભક્તિની ખુમારીઃ ને **સાર્થકતાઃ** ૧૯૬

| | | |
|---|---|---|
| | ૩ આપના ચરણ કમળ આવા હોવાનું કારણઃ | ૧૯૭ |
| | ૪ આપના સાક્ષાત્ દર્શનનું ફળઃ | ૧૯૮ |
| | ૫ આપનું સાક્ષાત્ દર્શન આટલું બધું પ્યારું કેમ લાગે છે? | ૧૯૮ |
| | ૬ અંતિમ પ્રાર્થનાઃ | ૨૦૦ |
| | **રહસ્યાર્થ**: શ્રી આનંદ ઘનજી મહારાજશ્રીની કવિત્વ શક્તિઃ | ૨૦૧ |
| **૧૪** | **શ્રી-અન-ન્ત-નાથ-જિન-સ્તવનઃ** | ૨૦૨ |
| | ક્રિયા યોગઃ વચનાનુષ્ઠાન યોગઃ | ૨૦૨ |
| | ૧ પ્રથમ તો પરમાત્માની સેવાની દુર્લભતાઃ | ૨૦૨ |
| | ૨ માત્ર ક્રિયા મારફતેય સેવાની દુર્લભતાઃ | ૨૦૩ |
| | ૩ ક્રિયામાં નિષ્ઠ હોવા છતાં પ્રમત્ત ભાવથી બીજા નુકશાનોઃ | ૨૦૫ |
| | ૪ સેવાની દુર્લભતાનું બીજું પણ કારણઃ | ૨૦૬ |
| | ૫ વચનસાપેક્ષ વ્યવહાર સાચોઃ | ૨૦૯ |
| | ૬ ઐદંપર્ય-છેવટનો સારઃ | ૨૧૧ |
| | ૭ ઉપસંહારઃ | ૨૧૨ |
| | **રહસ્યાર્થ**: વચનાનુષ્ઠાનઃ શાસ્ત્રાજ્ઞા મુજબ ક્રિયાઃ | ૨૧૪ |
| | ક્રિયામાં પ્રમાદથી ભયસ્થાનોઃ | ૨૧૫ |
| | વર્તમાન વિશ્વ ધર્મ પરિષદ્‌ની પોકળતાઃ | ૨૧૬ |
| | બૌદ્ધ ધર્મના પ્રચારમાં રાજ્યની લાગવગના ઉપયોગનું રહસ્યઃ વિશ્વધર્મ પરિષદોઃ વિશ્વશાંતિ પરિષદોઃ યુનસ્કોઃ વિગેરેઃની ઈંદ્રજાળઃ અને તેમાં ફસાવુંઃ તે મહા પ્રમાદઃ | ૨૨૨ |
| **૧૫** | **શ્રી-ધર્મ-નાથ-જિન-સ્તવનઃ** | ૨૨૩ |
| | વીતરાગ પરમાત્માના પરમભક્તની અપ્રમત્તતાઃ શ્રમણમુનિના ઉચ્ચ ધર્મનું સ્વરૂપઃ | ૨૨૩ |
| | ૧ પરમાત્મા સાથે અભેદ પ્રીતિઃ ભક્તિઃ રૂપ પરમ ધર્મઃ | ૨૨૪ |
| | ૨ ફળાભિન્ન ધર્મની વ્યાખ્યાઃ | ૨૨૫ |
| | ૩ ધર્મની પ્રાપ્તિથી શું થાય? | ૨૨૬ |
| | ૪ પછી? | ૨૨૭ |
| | ૫ પરમાત્મા સાથે વાતચીતઃ | ૨૨૮ |
| | ૬ ખુલ્લા છતાં પરમનિધાન દેખાવા કેટલા મુશ્કેલ છે? | ૨૨૯ |
| | ૭ પરમનિધાન દેખનારાઓને ધન્યવાદઃ | ૨૨૯ |

૮ ઉપસંહારઃ ૨૩૦

રહસ્યાર્થઃ તદાજ્ઞાપાલનઃ પ્રતિપત્તિ પૂજાઃ અપ્રમત્ત મુનિપણુંઃ વિગેરેઃ ૨૩૧

૧૬ શ્રી–શન્તિ–નાથ–જિન–સ્તવનઃ ૩૩૪

૧ ઉચ્ચ કક્ષાની આત્મવિકાસની ભૂમિકામાં પ્રવેશઃ ૨૩૪

૨ સાધક અને પ્રભુનો સંવાદઃ સાધક કહે છેઃ— ૨૩૪

૩ પરમાત્માનો જવાબઃ ઇચ્છાયોગની પ્રશંસાઃ ૨૩૫

૪ શાંતિનું પહેલું પગથિયુંઃ ૨૩૫

૫ યોગાવઞ્ચક યોગઃ શાંતિનું પગથિયુંઃ ૨૩૬

૬ ક્રિયાવઞ્ચક યોગઃ શાંતિનું પગથિયુંઃ ૨૩૭

૭ ફળાવઞ્ચક યોગઃ શાંતિનું પગથિયુંઃ ૨૩૭

૮ શાસ્ત્રયોગઃ શાંતિનું પગથિયુંઃ ૨૪૧

૯ સામર્થ્ય યોગઃ શાંતિનું પગથિયુંઃ ૨૪૮

૧૦ ઉપસંહારઃ નિર્મળ આત્મા એજ પરમ શાંતિઃ ૨૫૦

૧૧ સાધકનો ઉલ્લાસઃ ૨૫૧

૧૨ શાંતિના સ્વરૂપનો ઉપસંહારઃ ૨૫૨

૧૩ શાંતિનું ફળઃ સ્તવનનો ઉપસંહારઃ ૨૫૩

રહસ્યાર્થઃ સમતા યોગઃ આજના બૌદ્ધ ધર્મના આધુનિક પ્રચારનો આતરૂ રાષ્ટ્રીય હેતુઃ ૨૫૫

૧૭ શ્રી–કુંથુ–નાથ–જિન–સ્તવનઃ ૨૫૭

ભયસ્થાનઃ ઉપશમ શ્રેણિથી પતનઃ કુંથુ શબ્દની સાર્થકતા ૨૫૭

૧ મનની દુર્જ્ઞેયતાઃ ૨૫૮

૨ મનની દોડધામઃ ૨૫૯

૩ મન ભલભલાને પટકી પાડે છે. ૨૬૦

૪ મનની ભયંકર અવળચંડાઈઃ ૨૬૦

૫ મનને કેવું કહેવું ? તે સમજી શકાતું નથીઃ ૨૬૧

૬ તેની અવળ ચંડાઈ તો જુઓ ! ૨૬૨

૭ નપુંસક છતાં મરદોને હરાવે છે. ૨૬૩

૮ મનને સાધવાથી બધી સાધના સફળ થાય છે. ૨૬૪

૯ પ્રભુને પ્રાર્થનાઃ

**રહસ્યાર્થ:** ઉપશાંત મોહનીય કર્મના ઉદયથી પતન: અને તેનો મન ઉપર ઉપચાર: ૨૬૪
૧૮ **શ્રી-અર-નાથ-જિન-સ્તવન:** ૨૬૫
ક્ષીણ મોહ વીતરાગ અવસ્થા: ૨૬૬
૧ પરમ ધર્મ સમજવાની તીવ્ર જિજ્ઞાસા: ૨૬૬
૨ સ્વસમય અને પર સમયની વ્યાખ્યા: ૨૬૬
૩ પર્યાયાર્થિક દૃષ્ટિથી ભાસતા પર્યાયોનો દ્રવ્યમાં અભેદ: ૨૬૭
૪ પર્યાયની ગૌણતાનું બીજું દૃષ્ટાંત: ૨૬૮
૫ આત્મામાં દ્રવ્યાર્થિક દૃષ્ટિનો પ્રસંગ: ૨૬૯
૬ પરમાર્થ-નિશ્ચય દૃષ્ટિ: અને વ્યાવહારિક દૃષ્ટિ:ની ભિન્નતા: ૨૭૨
૭ નિશ્ચયનય: અને વ્યવહારનય:ના લાભાલાભ: ૨૭૪
૮ એકપક્ષીય લક્ષ્ય-પ્રીતિ નભાવવાની પ્રાર્થના: ૨૭૫
૯ પરમાત્માની સેવાનું ફળ: ૨૭૫
**રહસ્યાર્થ:** વ્યવહાર: અને નિશ્ચય નય: પ્રમાણ: ૨૭૭
સમયસાર ગ્રન્થનો દુરુપયોગ: અને તેથી થતી હાનિ: ૨૮૧
દિગંબર શાસ્ત્રોનું મૂળ: ૨૮૫
અનાત્મવાદનો પ્રચાર: ૨૮૫
જૈન શાસનની વિશાળતા: ૨૮૮
સમયસાર ગ્રંથનું રહસ્ય: ૨૮૮
સાતમે ગુણસ્થાનકે નિશ્ચયનયનું સમ્યગ્દર્શન: ૨૯૨
સમયસારનું તાત્પર્ય: ૨૯૪
ક્રિયાની મહત્તા સૂચક કેટલાક મુદ્દાઓ: ૨૯૫
૧૯ **શ્રી-મલ્લી-નાથ-જિન-સ્તવન:** ૨૯૭
અઢાર દોષોનો નાશ: ૨૯૭
પ્રભુને ઠપકો: **મલ્લી** શબ્દની સાર્થકતા ૨૯૭
૧ અજ્ઞાનદોષનો નાશ: સર્વજ્ઞતા ગુણની પ્રાપ્તિ: ૨૯૮
૨ નિદ્રાદિ દોષોનો નાશ: ઉજ્જાગરતા ગુણની પ્રાપ્તિ: ૨૯૯
૩ મિથ્યાત્વ દોષનો નાશ: ક્ષાયિક સમકત્વ ગુણની પ્રાપ્તિ: ૩૦૦
૪ થી ૯ હાસ્યાદિ છ દોષોનો નાશ: ૩૦૧
૧૦ થી ૧૨ રાગ: દ્વેષ: અને અવિરતિ: દોષોનો નાશ: વીત-રાગ-વીતદોષ અને યથાખ્યાત ચારિત્ર ગુણની પ્રાપ્તિ: ૩૦૨

૧૩ વેદોદય દોષનો નાશઃ અને નિષ્કામીપણાના ગુણની પ્રાપ્તિઃ ૩૦૩
૧૪-૧૫ દાનાન્તરાય દોષનો નાશઃ અભયદાન ગુણની પ્રાપ્તિઃ ૩૦૫
૧૬-૧૭-૧૮ ભોગાન્તરાયઃ ઉપભોગાન્તરાયઃ અને વીર્યાન્તરાયઃ
દોષોનો નાશઃ અનન્તભોગઃ ઉપભોગઃ અને વીર્યગુણઃની પ્રાપ્તિઃ ૩૦૬
રૂપકાલંકારથી વર્ણન કરવાનો ખુલાસોઃ ૩૦૬
ઉપસંહારઃ પરીક્ષા કરીને સત્પુરુષનો સ્વીકાર અને તેથી લાભઃ ૩૦૭
**રહસ્યાર્થ**: અઢાર દોષોનો મતભેદઃ નિદ્રાદિનું સ્વરૂપઃ ૩૦૮
-૨૦ **શ્રી-મુનિ-સુ-વ્રત-જિન-સ્તવનઃ** ૩૧૧
મોક્ષ ઘટી શકે તેવું આત્માનું સ્વરૂપઃ ૩૧૧
**શ્રી સિદ્ધસેન** દ્વાત્રિંશિકાનો આધાર ભૂત શ્લોકઃ ૩૧૧
૧ આત્મ-પદાર્થ વિષેનો જિજ્ઞાસા પૂર્વકનો પ્રશ્નઃ ૩૧૧
૨ આત્મ-પદાર્થ વિષેની જુદી જુદી માન્યતાઓઃ ૩૧૧
૧ અબન્ધ પક્ષઃ ૩૧૨
૨ એક પક્ષઃ ૩૧૩
૩ નિત્ય પક્ષઃ ૩૧૫
૪ અનિત્ય પક્ષઃ ૩૧૮
૫ અસત્ પક્ષઃ ૩૧૯
૩ પ્રશ્નોના કારણની સ્પષ્ટતાઃ ૩૨૩
૪ જગદ્ગુરુ **મુનિસુવ્રત સ્વામીના** જવાબઃ અને ઉપસંહાર ૩૨૩
**રહસ્યાર્થ**: ચાર વસ્તુની સૂચનાઃ
-૨૧ **શ્રી-નમિ-નાથ-જિન-સ્તવનઃ** ૩૩૧
મોક્ષ આપવામાં સમર્થ જૈન શાસનની વ્યાપકતાઃ ૩૩૧
પાંચ અંગરૂપ શાસન ૩૩૧
૧ છ દર્શનઃ છ અંગઃ ૩૩૨
૨ બે પગમાં બે દર્શનનો ન્યાસઃ ૩૩૩
૩ પેટમાં એક દર્શનોનો ન્યાસઃ ૩૩૮
૪ મસ્તકમાં એક દર્શનનો ન્યાસઃ ૩૩૯
૫ છ દર્શનનો ઉપસંહારઃ ૩૪૧
જિન દર્શનમાં છ દર્શનનો સમાવેશઃ ૩૪૨
વધારે સ્પષ્ટતાઃ શાસ્ત્રોની રક્ષાનો ઉપાયઃ ૩૪૬
સાલંબન ધ્યાન-માં પદસ્થ ધ્યાનની રીતઃ

સ્તવનકાર ક્રિયાવંચકયોગ વિષેનું પોતાનું સખેદ અજ્ઞાન બતાવે છે. ૩૫૭

સ્તવનકાર આશાવાદી બને છે. ૩૬૭

**રહસ્યાર્થ:** ૭ અંગઃ ૭ દર્શનઃ ધ્યાનના ૭ અંગઃ સમય પુરુષના ૭ અંગઃ વિગેરે: ૩૫૮

**૨૨ શ્રી-નેમિ-નાથ-જિન-સ્તવનઃ** ૩૬૩

ધ્યાતાઃ ધ્યેયઃ ધ્યાનઃની એકતાઃ સાચી પ્રેમિકાના વિરોધાભાસ ભરેલા ઠપકાઃ વીતરાગતા ફળઃ પરમાત્મપણું: ૩૬૩

૧ આઠ ભવની પ્રીતિ યાદ કરાવી, જતાં રોકે છે. ૩૬૩

૨ રથ પાછો વાળી ઘેર આવવા કહે છે. ૩૬૪

૩ "સ્રીનો પ્રેમ ક્ષણિક માનીને ઉપેક્ષા કરવા લાયક નથી, હો!" ૩૬૫

૪ "જો તમારામાં પ્રેમ કે કૃપા નથી, તો પશુઓ ઉપર દયા કેમ કરી ?" ૩૬૬

૫ "પ્રેમ જેવું કલ્પવૃક્ષ કાપી નાંખવામાં અવિચારીપણું:" ૩૬૭

૬ "પત્ની વિના ઘરની આબરૂ શી ?" ૩૬૮

૭ "પ્રેમ કરીને છોડી દેવામાં કેટલી બધી ખરાબી છે?" ૩૬૮

૮ "આમ અચાનક પ્રીતિ તોડી નાંખનાર તરીકે આપને જાણ્યા હોત તો ?" ૩૬૯

૯ "આપનું સાંવત્સરિક દાન સફળ શી રીતે ગણાય ? ૩૭૦

૧૦ મારી સખીએ તમને કુલખણા-શામળા જણાવ્યા હતા, તે સાચું ઠર્યું !" ૩૭૧

૧૧ "તમારી વીતરાગપણાની ડંફાશ ચાલે તેમ નથી." ૩૭૨

૧૨ "આપના જીવનમાં પરસ્પર કેવો વિરોધ છે? તે તો જુઓ." ૩૭૩

૧૩ છેલ્લો દાવ અજમાવ્યો. ૩૭૫

૧૪ "એકવાર પણ તમે તે દૃષ્ટિથી મારી સામે જોતા નથી, તો હવે શું ?" ૩૭૬

૧૫ સેવકનું કર્તવ્યઃ ૩૭૭

૧૬ સાધનાની રઢઃ ૩૭૭

૧૭ ઉપસંહારઃ ૩૭૯

**રહસ્યાર્થઃ નેમિનાથ અને રાજીમતીની** અપૂર્વ જોડીઃ અને

મોક્ષપ્રાપ્તિઃ ૩૭૯
વિરોધાભાસોઃ અને તેના પરિહારોઃ ૩૭૯

૨૩ શ્રી-પાર્શ્વ-નાથ-જિન-સ્તવનઃ ૩૮૨

આત્માના સર્વજ્ઞપણાની અચિન્ત્ય શકિતઃ ૩૮૨
પરમાત્માશ્રી **પારસ [પાર્શ્વનાથ]** રૂપ પારસમણિઃ ૩૮૨
૧ જ્ઞાનની સર્વ જ્ઞેયો વિષે વ્યાપકતાઃ ૩૮૫
૧ દ્રવ્યથી પરપણું: ૩૮૭
૨ ક્ષેત્રથી પરપણું: ૩૮૯
૩ કાળથી પરપણું: ૩૮૯
૪ ભાવથી પરપણું: ૩૯૦
ઉપસંહારઃ ૩૯૧
૨ ઉપરના પ્રશ્નોના જવાબઃ ૩૯૨
૩ ઉપસંહારઃ પારસમણિ કરતાં પરમાત્મામાં વિશેષતાઃ ૩૯૬

રહસ્યાર્થઃ

અ--ગુરુ--લઘુ પર્યાયોઃ ૩૯૭
૭ હાનિ–વૃદ્ધિઃ ૩૯૯
દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ ૩૯૯
જ્ઞાન શકિતનું સ્વરૂપઃ ૪૦૧
આત્માની જ્ઞાન શકિતના વિચાર ભેદોઃ ૪૦૨
આત્માની જ્ઞાન કરવાની પૂર્ણ શક્તિઃ અને આવરણોઃ ૪૦૩
સ્વભાવઃ વિભાવઃ ૪૦૫
આત્મા સર્વ જાણી શકે, તે વિષે શંકાઃ સમાધાનઃ ૪૦૭
એકજ આત્મા સર્વજ્ઞ હોઇ શકે ? ૪૦૮
જ્ઞાન અને જ્ઞેયના સંબંધોઃ ૪૦૯
જૈનઃ જૈનેતર–સર્વજ્ઞની ચર્ચાઃ **શ્રીહરિભદ્રસૂરીશ્વરજી** ૪૧૩
આત્મવાદીઃ અને અનાત્મવાદીઃના વિરોધઃ ૪૧૩
આત્મવાદોક્ત પદાર્થોના વાદ–વિવાદોની જરૂરઃ ૪૧૪
આત્મા–પદાર્થની સચોટ સાબિતીઓઃ ૪૧૬
ટેલીપથીઃ પ્લાચેન્ટઃથી આત્માઃ અનાત્માઃની

યોગ્ય સાબિતી ન થાય. તે અપૂર્ણ દશામાં છે. ૪૧૬
સર્વજ્ઞવાદની સૂક્ષ્મ ચર્ચા: ૪૧૬
સિદ્ધ પરમાત્માની માંગલિક્તાઃ ૪૨૧
પારસ [ પાર્શ્વ ] નાથ પ્રભુનું પારસમણિપણું છતાં તેનાથી જુદાપણું ૪૨૨
૨૪ **શ્રી-મહા-વીર-વર્ધમાન-જિન-સ્તવનઃ** ૪૨૩
**પૂર્ણ વીર્યવન્ત શૈલેશી-કરણ-અવસ્થા:** ,,
**મહાવીરઃ** શબ્દની સાર્થક્તાઃ ૪૨૪
૧ **વીર્ય**ની વાસ્તવિક સમજઃ ૪૨૪
૨ જીવ યોગયુક્ત થઈ શું કરે છે ? ૪૨૮
**અભિસંધિ-જ-અનભિસંધિ-જ વીર્ય**ની સમજ ૪૨૯
૩ યોગ ઉત્પન્ન થયા પછી: યોગ સ્થાનકોઃ ૪૩૦
૪ વીર્યઃ યોગની શક્તિઃ આત્માઃ અને તેની શક્તિઃ ૪૩૧
૫ યોગને લીધેજ આત્મા ભોગી બને છે. ૪૩૨
વિરોધનું સ્પષ્ટી કરણઃ ૪૩૩
ત્રણ પ્રકારના વીર્યઃ ૪૩૩
૬ વીરતાનું મૂળ કારણઃ ૪૩૪
૭ પુષ્ટ આલંબન આત્મિક વીર્યઃ પર-પરિણતિનો ત્યાગઃ અક્ષય રત્નયયીઃ સદા જાગ્રતીઃ ૪૩૭
**રહસ્યાર્થ-શ્રીમહાવીર** પ્રભુની મહાવીરતાઃ ૪૩૮
શારીરિકઃ અને આત્મિકઃ વીર્યનો ભેદઃ ૪૩૯
અનભિસંધિ-જ-અભિસાંધિ-જઃ વીર્યઃ ૪૪૧
યોગઃ યોગીઃ અ-યોગીઃ ૪૪૨
જૈન દર્શનની વિશેષતાઃ ૪૪૩
વીર્યની સ્થિરતાઃ ૪૪૪
પરપરિણતિઓનો વિરામઃ ૪૪૪
સિદ્ધાવસ્થાઃ ૪૪૫
ઉપસંહારઃ ૪૪૬

**સમાપ્ત**

# આનન્દ-ઘન-ચોવીશી: મૂળ:

## સ્તવનોના મૂળ પાઠ વિષે:

મૂળ સ્તવનોના પાઠો સામાન્ય રીતે હસ્ત લિખિત પ્રતો સાથે મેળવવા કોષીશ કરી છે. જેમ બને તેમ કર્તાની રચના જાળવવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ જુદી જુદી પ્રતોમાં જુદા જુદા અનેક પાઠ ભેદો માલૂમ પડવાથી છેવટે અર્થના અનુસંધાન પ્રમાણે અમને ઉચિત લાગ્યા, તે પાઠ કાયમ રાખ્યા છે. કવચિત્ પાઠાન્તરો નીચે આપ્યા યે છે. છતાં-હજુ જુદી જુદી હસ્તલિખિત પ્રતો મેળવી ખરા પાઠો નક્કી કરી લેવાના પ્રયત્નને પૂરો અવકાશ છે. તેથી કોઈ વિદ્વાને આ પ્રયત્ન કરવાનો હજુ બાકી રહ્યો છે.

આજ સુધી છપાયેલા અર્થ **બિકાનેર**વાળા **જ્ઞાનસારજી** મહારાજના છે. છતાં તેના કરતાં જુદા અર્થવાળા **શ્રી જ્ઞાનવિમળસૂરિજી** મહારાજના **ટબા**ની પણ હસ્તલિખિત પ્રતો મળે છે. જનસમાજને તેનો યે પરિચય કરાવવા જેવો ખરો.

તેમાં પાઠ ભેદ: અને તેને અંગે અર્થ ભેદ: પણ કેટલાક જોવામાં આવે છે.

## ચિહ્નોની સમજ.

સ્તવનોના અર્થ સમજવાની સુગમતા માટે મૂકવામાં આવેલા ચિહ્નોની સમજ:-

૧. જ્યાં વાકય પૂરું થાય છે, ત્યાં [.] **પૂર્ણ વિરામ.**

૨. પેટા વાકય, ગૌણ વાકય કે મિશ્ર વાકય હોય, ત્યાં [,] **અલ્પ વિરામ.**

૩. [-] આવી **પદવિભાજક નાની લીટી** સમાસમાંના શબ્દો છુટા પાડવા માટે વપરાયેલી છે. છુટા પદો અને સમસ્ત પદો સમજવામાં ભુલ થાય, તો અર્થ પણ ફરી જાય છે.

૪. [:-] આવી મોટી લીટી, આગળ આવતી વાતનો **નિર્દેશ** કરે છે.

૫. સંબોધન : આશ્ચર્ય : કે એવી કોઈ લાગણી: બતાવવા [!] **ઉદ્ગાર ચિહ્ન** વપરાયેલું છે.

૬. [?] **પ્રશ્નાર્થ ચિહ્ન** તરીકે પ્રસિદ્ધ છે.

૭. [" "] કોઇની કહેલી વાત જુદી બતાવવા માટે **અવતરણ ચિહ્ન** વપરાયેલ છે.

૮. [:] આ **પરિગણના ચિહ્ન** તરફ ધ્યાન આપવું ખૂબ અગત્યનું છે. આવા ચિહ્નને સર્વત્ર વિસર્ગ તરીકે સમજવાની ભૂલ કરવી નહીં.

**આ ચિહ્ન—**

૧. એકજ વિશેષ્યના ઘણા વિશેષણોમાંના દરેક વિશેષણને છુટા છુટા જણાવવા માટે,

૨. જુદા જુદા વિભાગો તથા જુદી જુદી વસ્તુઓ ગણાવવા–બતાવવા માટે,
જેમકે:– **અંગ: અગ્ર: ભાવ: પૂજા.**

૩. જે શબ્દનો અર્થ સ્તવનમાં જ આપવામાં આવ્યો હોય, તે મુખ્ય શબ્દને બતાવવા માટે,
જેમકે:– **ભય:** ચંચળતા હો પરિણામની. રે

૪. દ્વન્દ્વ સમાસમાંનો પહેલો કે છેલ્લો શબ્દ જેની સાથે જોડાતો હોય, તે દરેક છુટા પદોની સાથે જોડીને,
જેમકે:– [૧] **વિશુદ્ધ–દર્શન–જ્ઞાન–વૈરાગ્યે.** વિશુદ્ધ દર્શને: વિશુદ્ધ જ્ઞાને: વિશુદ્ધ વૈરાગ્યે: તથા [૨] **અંગ–અગ્ર–પૂજા.** અંગ પૂજા: અગ્ર પૂજા:

૫. વિભક્તિનો એક જ છેલ્લો પ્રત્યય જેટલા શબ્દો સાથે જોડાતો હોય, તે દરેક શબ્દોની બાજુમાં,
જેમકે:– દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: ભાવ:ની સમજ. દ્રવ્યની સમજ: ક્ષેત્રની સમજ: વિગેરે.

૬. કોઈ સ્થળે જુદા જુદા વિશેષણો બતાવવા. ત્યારે, એજ સ્થિતિ કોઇ સ્થળે પૂર્ણ વિરામ મૂકીને જુદા જુદા વાકય તરીકે પણ બતાવેલ છે.
જેમકે:– **શ્રી–સુ–પાસ–જિન વંદિયે.**
**જે સુખ–સંપત્તિનો હેતુ છે.**
**શાન્ત–સુધા–રસ–જળ–નિધિ છે.**
**જે ભવ–સાગરમાં સેતુ–સમાન છે.**
આમ પૂર્ણ વિરામ મૂકીને છુટા છુટા વાકયો બતાવ્યા છે.
**સુખ–સંપત્તિનો હેતુ: શાન્ત–સુધા–રસ–જળ–નિધિ: ભવ–સાગરમાંહે સેતુ: શ્રી–સુ–પાસ–જિન વંદિયે.**
અહીં પરિગણના ચિહ્નનો ઉપયોગ કરીને આખી ગાથા એક સળંગ વાકય તરીકે જણાવેલ છે.

# શ્રી-આ ન ન્દ-ઘ ન ચો વી શી

## ૧. શ્રી-ઋષભ-દેવ-જિન-સ્તવન.

[ **રાગ-મારુ**-"કરમ પરીક્ષા કરણ કુમર ચાલ્યો"—**એ દેશી.** ]

**ઋષભ**-જિનેશ્વર પ્રીતમ માહરો. રે ઓર ન ચાહું રે કંત.
રીઝ્યો સાહિબ સઙ્ગ ન પરિહરે રે ભાઙ્ગે સા-ડડદિ-અન-ડન્ત. ઋ૦ ૧
પ્રીત-સગાઇરે જગમાં સહુ કરે. રે પ્રીત-સગાઇ ન કોય.
પ્રીત-સગાઈરે "નિરુપાધિક" કહી. રે સોપાધિક ધન ખોય. ઋ૦ ૨
કોઈ કન્ત-કારણ કાષ્ઠ-ભક્ષણ કરે. રે "મિલશું કન્તને ધાય."
એ મેળો નવિ કઇયે સંભવે. રે મેળો ઠામ ન ઠાય. ઋ૦ ૩
કોઇ પતિ-રઞ્જન અતિ-ઘણો તપ કરે. રે પતિ-રઞ્જન તન-તાપ.
એ પતિ-રઞ્જન મેં નવિ ચિત્ત ધર્યું. રે રઞ્જન ધાતુ-મિલાપ. ઋ૦ ૪
કોઇ કહે-"લીલા રે અ-લખ અ-લખ તણી રે લખ પૂરે મન-આશ."
દોષ-રહિતને લીલા ન વિ ઘટે. રે લીલા દોષ-વિલાસ. ઋ૦ ૫
ચિત્ત-પ્રસન્ને રે પૂજન-ફલ કહ્યું. રે પૂજા અ-ખણ્ડિત એહ.
કપટ-રહિત થઈ આતમ-અરપણા. રે **આનન્દ-ઘન-પદ-રેહ.** ઋ૦ ૬

## ૨. શ્રી-અ-જિત-નાથ-જિન-સ્તવન.

[ **રાગ-આશાવરીઃ** "મારું મન મોહ્યુંરે શ્રી વિમળાચળે રે."-**એ દેશી** ]

પંથડો નિહાળુ રે બીજા જિનતણો રે **અ-જિત** અ-જિત-ગુણ-ધામ.
જે તેં જીત્યા, રે તેણે હું જિતિયો રે
"પુરુષ" કિશ્યું મુજ નામ ?- પંથડો૦ ૧
ચર્મ*-નયણ કરી મારગ જોવતાં, રે ભૂલ્યો સ-યલ-સંસાર.
જેણે નયણે કરી મારગ જોઈએ રે
"નયણ તે દિવ્ય-વિચાર" પંથડો૦ ૨

---

* ચરમ—પાઠાન્તર.

પુરુષ–પરંપરા–અનુભવ જોવતાં, રે અન્ધો–અન્ધ પુલાય.
વસ્તુ વિચારે રે જો આગમે કરી, રે
ચરણ–ધરણ નહીં ઠાય. પંથડો૦ ૩

તર્ક–વિચારે રે વાદ–પરંપરા. રે પાર ન પહોંચે કોય.
અભિમત–વસ્તુ વસ્તુ–ગતે કહે. રે
તે વિરલા જગ જોય. પંથડો૦ ૪

વસ્તુ–વિચારે રે દિવ્ય–નયણતણો રે વિરહ પડ્યો નિરધાર.
તર–તમ–જોગે રે તર–તમ–વાસના–રે
વાસિત–બોધ આધાર. પંથડો૦ ૫

"કાળ–લબ્ધિ લહી પંથ નિહાળશું." રે એ આશા અવલમ્બ.
એ જન જીવે રે જિનજી! જાણજો–રે
**આનન્દ–ઘન**–મત–અમ્બ. પંથડો૦ ૬

## ૩. શ્રી–સંભવ–નાથ–જિન–સ્તવન.

[ **રાગ–રામગ્રીઃ** "રાતલડી રમીને કિહાંથી આવિયા રે?"—**એ દેશી** ]

**સંભવ–દેવઃ** તે ધુર સેવો સવે રે લહી પ્રભુ–સેવન–ભેદ.
સેવન–કારણ પહેલી ભૂમિકાઃ–રે અ–ભયઃ અ–દ્વેષઃ અ–ખેદઃ સં૦ ૧

**ભયઃ** ચંચલતા હો જે પરિણામની. રે **દ્વેષઃ** અ–રોચક–ભાવ.
**ખેદઃ** પ્રવૃત્તિ હો કરતાં થાકીયે. રે **દોષઃ** અ–બોધ લખાવ. સં૦ ૨

**ચરમા-ऽऽવર્તે** હો **ચરમ–કરણઃ** તથા–રે ભવ–પરિણતિ–પરિપાકઃ
દોષ ટળે. વળી, દૃષ્ટિ ખીલે ભલી. રે પ્રાપ્તિ પ્રવચન–વાક્. સં૦ ૩

પરિચય પાતિક–ઘાતક–સાધુ શું. રે અ–કુશલ–અપચય ચેત.
ગ્રન્થ અધ્યાતમ શ્રવણ–મનન કરી, રે પરિશીલન નય–હેત. સં૦ ૪

"કારણ–જોગે હો કારજ નીપજે." રે એહમાં કોઈ ન વાદ.
પણ, કારણ વિણ કારજ સાધિયે. રે એ નિજ–મત–ઉન્માદ. સં૦ ૫

મુગ્ધ "સુગમ" કરી સેવન આદરે. રે સેવન અ–ગમઃ અનૂપઃ
દેજો કદાચિત્ સેવક–યાચના રે **આનન્દ–ઘન**–રસ–રૂપ. સં૦ ૬

## ૪. શ્રી–અભિનન્દન–જિન–સ્તવન.

[ રાગ–ધનાશ્રીઃ સિંધુડોઃ "આજ નિહેજો રે દીસે નાહલિયો."–એ દેશી ]

**અભિનન્દન–જિન–**દરિસણ તરસીએ. દરિસણ દુર્લભ દેવ.
મત–મત–ભેદે રે જો જઇ પૂછીએ, સહુ થાપેઃ–"**અહમેવ.**"
અભિનન્દન૦ ૧

**સામાન્યે** કરી દરિ ણ દોહિલું. નિર્ણય સ–કલ **વિશેષ.**
મદમેં ઘેર્યો રે અન્ધો કિમ કરે રવિ–શશિ–રૂપ–વિલેષ ? અભિ૦ ૨

**હેતુ–વિવાદે** હો ચિત્ત ધરી જોઇએ, અતિ–દુર્ગમ–નય–વાદ.
**આગમ-વાદે** હો ગુરુ–ગમ કો નહીં. એ સ-બલો વિષ-વાદ.અભિ૦૩

ઘાતિ–ડુંગર આડા અતિ ઘણા તુજ દરિસણ જગ–નાથ !
ધિટ્ટાઈ કરી મારગ સંચરું, સેંગુ કોઈ ન સાથ. અભિ૦ ૪

"દરિસણ" "દરિસણ" રટતો જો ફિરું, તો રણ–રોઝ-સમાન.
જેહને પીપાસા હો અમૃત–પાનની, કિમ ભાંજે વિષ–પાન? અભિ૦૫

તરસ ન આવે હો મરણ–જીવનતણો, સીઝે જો દરિસણ–કાજ.
દરિસણ દુર્લભ, સુલભ કૃપાથકી **આનન્દ–ઘન–**મહા-રાજ અભિ૦૬

## ૫. શ્રી–સુ-મતિ–નાથ–જિન–સ્તવન.

[ રાગ–વસંત, તથા કેદારોઃ ]

**સુ-મતિ–**ચરણ–ક-જ આતમ–અરપણા
દરપણ જિમ અ–વિકાર. સુ–જ્ઞાની૦
મતિ–તરપણઃ બહુ–સમ્મતઃ જાણિયે
પરિસરપણ સુ–વિચારઃ સુ–જ્ઞા૦ સુ–મતિ૦ ૧

ત્રિ-વિધ સ-કલ-તનુ-ધર-ગત-આતમા. **બહિરા-ऽऽતમ** ધુરિ ભેદ. સુ૦
બીજો **અન્તર આતમા.** તીસરો **પરમા-ऽऽતમ** અ-વિચ્છેદ.સુ૦સુ૦૨

આતમ–બુદ્ધે કાયા-ऽऽદિક ગ્રહ્યોઃ–**બહિરા-ऽऽતમઃ**અ ઘ–રૂપ. સુ૦
કાયા-ऽऽદિકનો હો સાખી-ધર રહ્યોઃ–**અન્તર–આતમ-**રૂપઃ સુ૦સુ૦૩

જ્ઞાના-ઽઽનન્દે હો પૂરણ઼ઃ પાવનોઃ વર્જિત-સકલ-ઉપાધઃ સુ૦
અતીન્દ્રિયઃ ગુણ-ગણ-મણિ-આગરુઃ-ઇમ **પરમા-ઽઽતમ**-સાધઃ સુ૦ સુ૦ ૪
**બહિરા-ઽઽતમ** તજી, **અન્તર-આતમા**-રૂપ થઇ થિર-ભાવ, સુ૦
**પરમા-ઽઽતમનું** હો આતમ ભાવવું:-**આતમ-અરપણ**-દાવ. સુ૦ સુ૦ ૫
આતમ-અરપણ-વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ-દોષ. સુ૦
પરમ-પદા-ઽરથ-સંપત્તિ સંપજે, **આનન્દ-ઘન**-રસ પોષ. સુ૦ સુ૦ ૬

## ૬. શ્રી-પદ્મ-પ્રભ-જિન-સ્તવન.

[ **રાગ મારુઃ સિન્ધુડોઃ** " ચાંદલિયા ! સંદેશો કહેજે માહરા કંતને રે"-
**એ દેશી** ]

**પદ્મ-પ્રભ**-જિન ! તુઝ મુઝ આન્તરુ રે કિમ ભાંજે ભગવન્ત !?
કર્મ-વિપાકે કારણ જોઇને, રે કોઇ કહે મતિમન્ત પદ્મ-પ્રભ૦ ૧
પયઇઃ ઠિઈઃ અણુભાગઃ પ્રદેશઃથી રે મૂલ-ઉત્તર-બહુ-ભેદઃ
ઘાતીઃઅ-ઘાતીઃ હો બન્ધોદયઃ ઉદીરણાઃ રે સત્તાઃ કર્મ-વિચ્છેદઃ પદ્મ૦ ૨
કનકોપલવત્ **પયડિ-પુરુષતણી** રે જોડી અના-ઽઽદિ-સ્વ-ભાવ.
અન્ય-સંજોગી જિહાં લગે આતમા, રે **'સંસારી'** કહેવાય. પદ્મ૦ ૩
કારણ-જોગે હો બાંધે બન્ધને. રે કારણ મુગતિ મૂકાય.
**આશ્રવઃ સંવરઃ** નામ અનુક્રમે. રે હેયઃ ઉપાદેયઃ સુણાય. પદ્મ૦ ૪
**યુઞ્જ-કરણે** હો અન્તર તુઝ પડયો. રે **ગુણ-કરણે** કરી ભઙ્ગ.
ગ્રન્થ-ઉક્તે કરી પણ્ડિત-જન કહ્યો. રે અન્તર-ભઙ્ગ સુ-અઙ્ગ.
પદ્મ-પ્રભ૦ ૫
તુઝ મુઝ અન્તર-અન્તર ભાંજશે, રે વાજશે મઙ્ગલ-તૂર.
જીવ-સરો-વર અતિશય વાધશે રે **આનન્દ-ઘન**-રસ-પૂર. પદ્મ-પ્રભ૦ ૬

## ૭. શ્રી-સુ-પાર્શ્વ-નાથ-જિન-સ્તવન.

[ **રાગ-સારંગઃ** તથા **મલ્હારઃ લલનાની દેશી.** ]

**શ્રી-સુ-પાસ**-જિન વંદીયે સુખ-સંપત્તિનો હેતુઃ લલના

શાન્ત-સુધા-રસ-જલ-નિધિઃ ભવ-સાગરમાંહે સેતુઃ લલના શ્રી-સુ-પાસ૦ ૧
સાત-મહા-ભય ટાલતો સપ્તમ-જિન-વર-દેવ. લ૦
સા-ऽવધાન-મનસા કરી, ધારો જિન-પદ-સેવ. લ૦ શ્રી-સુ૦ ૨
શિવઃ શઙ્કરઃ જગદીશ્વરઃ ચિદા-ऽऽનન્દઃ ભગવાનઃ લ૦
જિનઃ અરિહાઃ તીર્થંકરઃ જ્યોતિઃ-સ્વ-રૂપઃ અસમાનઃ લ૦ શ્રી-સુ૦ ૩
અ-લખઃ નિર-ऽઞ્જનઃ વચ્છલુઃ સ-કલ-જન્તુ-વિશરામઃ લ૦
અ-ભય-દાન-દાતા સદાઃ પૂરણઃ આતમ-રામઃ લ૦ શ્રી-સુ૦ ૪
વીત-રાગઃ મદ-કલ્પના-રતિ-અ-રતિ-ભય-શોગ-લ૦
નિદ્રા-તન્દ્રા-દુરંદશા-રહિતઃ અ-બાધિત-યોગઃ લ૦ શ્રી-સુ૦ ૫
પરમ-પુરુષઃ પરમા-ऽऽતમાઃ પરમેશ્વરઃ પરધાનઃ લ૦
પરમ-પદા-ऽરથઃ પરમે-ષ્ઠીઃ પરમ-દેવઃ પર-માનઃ લ૦ શ્રી-સુ૦ ૬
વિધિઃ વિરઞ્ચિઃ વિશ્વમ્ભરઃ હૃષિકેશઃ જગ-નાથઃ લ૦
અઘ-હરઃ અઘ-મોચનઃ ધણીઃ મુક્તિઃ પરમ-પદઃ-સાથઃ લ૦ શ્રી-સુ૦ ૭
ઇમ અનેક અભિધા ધરે. અનુભવ-ગમ્ય-વિચાર. લ૦
જે જાણે, તેહને કરે, **આનન્દ-ઘન**-અવતાર. લ૦ શ્રી-સુ૦ ૮

## ૮. શ્રી-ચન્દ્ર-પ્રભ-જિન-સ્તવન.

[ **રાગઃ કેદારોઃ તથા ગોડીઃ**
કુમરી રોવે, આક્રંદ કરે,—"મુને કોઇ મૂકાવે,"—**એ દેશી.** ]

દેખણ દે રે ! સખિ ! મુને દેખણ દે.
**ચન્દ્ર-પ્રભ**-મુખ ચન્દ સખિ૦ ઉપશમ-રસનો કન્દઃ સ૦ મુને૦
સેવે સુર-નર-ઈન્દઃ સખિ૦ ગત-કલિ-મલ-દુઃખ-દન્દઃ. સખિ૦ મુ૦ ૧
સુહુમ-નિગોદે ન દેખિયો, સખિ૦ બાદર અતિ હિ વિશેષ. સખિ ! મુને૦
પુઢવીઃ આઉઃ ન લેખિયો. સખિ૦ તેઉઃ વાઉઃ ન લેશ. સખિ૦ મુને૦ ૨
વનસ્પતિઃ અતિ-ઘણ-દીહા. સ૦ દીઠો નહીં ય દીદાર. સખિ૦ મુને૦
બિ-તિ-ચઉરિંદિઃ જલ-લિહાઃ સ૦ ગત-સન્નિઃ પણ-ધારઃ સખિ ! મુને૦ ૩

સુર-તિરિ-નિરય-નિવાસમાં: સ૦ મનુ-જ અના-ऽऽરજ સાથ. સખિ૦મુને૦
અ-પજ્જત્તા પ્રતિભાસમાં સ૦ ચતુર ન ચઢિયો હાથ. સખિ૦મુને૦૪
ઇમ અનેક-થલ જાણિયે સ૦ દરિસણ-વિણુ જિન-દેવ સખિ૦મુને૦
**આગમથી** મત જાણિયે. સ૦ કીજે નિર્મલ-સેવ. સખિ૦મુને૦૫
નિર્મલ-સાધુ-ભગતિ લહી, સ૦ **યોગ-અ-વઞ્ચક** હોય. સખિ૦મુને૦
**કિરિયા-અ-વઞ્ચક** તિમ સહી. સ૦ **ફલ-અ-વઞ્ચક** જોય. સ૦મુ૦૬
પ્રેરક અવસર જિન-વરુ, સ૦ મોહનીય ક્ષય જાય. સખિ૦મુને૦
કામિત-પૂરણ-સુર-તરુ સ૦ **આનન્દ-ઘન**-પ્રભુ-પાય. સખિ૦મુને૦૭

## ૯. શ્રી-સુ-વિધિ-નાથ-જિન-સ્તવન.

[ **રાગ-કેદારો:** "એમ ધન્નો ધણને પરચાવે,"—**એ દેશી.** ]

**સુ-વિધિ**-જિણેસર-પાય નમીને, શુભ-કરણી એમ કીજે. રે
અતિ-ઘણો ઉલ્લટ અઙ્ગ ધરીને, પ્રહ ઉઠી, પૂજીજે. રે સુ-વિધિ.૧

**દ્રવ્ય-ભાવ**-શુચિ-ભાવ ધરીને, હરખે દેહરે જઇએ. રે
દહ-તિગ: પણ-અહિગમ: સાચવતાં એક-મના ધુરિ થઇએ. રે સુ૦૨

કુસુમ: અ-ક્ષત: વર-વાસ: સુ-ગન્ધિ-ધૂપ: દીપ: મન-સાખી. રે
**અઙ્ગ-પૂજા** પણ-ભેદ સુણી ઇમ, ગુરુ-મુખ આગમ-ભાખી. રે સુ૦૩

એહનું ફલ દોય-ભેદ સુણીજે: અન-ऽન્તર ને પરં-પર: રે
આણા-પાલણ: ચિત્ત-પ્રસન્ની: મુગતિ: સુ-ગતિ: સુર-મન્દિર: રે સુ૦૪

ફૂલ: અક્ષત: વર-ધુપ: પઇવો: ગન્ધ: નૈવેદ્ય: ફલ: જલ-ભરી. રે
**અઙ્ગ-અગ્ર-પૂજા:** મળી અડ-વિધ ભાવે-ભવિક શુભ-ગતિ વરી. રે સુ૦૫

સત્તર-ભેદ: એક-વીશ-પ્રકારે: અટ્ઠોત્તર-શત-ભેદે: રે
**ભાવ-પૂજા:** બહુ-વિધ નિરધારી. દોહગ-દુર્ગતિ છેદે. રે સુ૦૬
તુરિય-ભેદ: **પડિવત્તિ-પૂજા:** ઉપશમ: ખીણ: સ-યોગી: રે
**ચઉ-હા પૂજા** ઈમ ઉત્તર-ऽજ્ઝયણે ભાખી કેવલ-ભોગી. રે સુ૦૭

ઇમ પૂજા બહુ-ભેદ સુણીને સુખ-દાયક-શુભ-કરણી, રે
ભવિક-જીવ કરશે, તે લેશે **આનન્દ-ઘન**-પદ-ધરણી. રે સુ૦ ૮

## ૧૦. શ્રી-શીતલ-નાથ-જિન-સ્તવન.

[રાગ-ધન્યાશ્રીઃ ગૌડઃ "માંગલિક-માલા ગુણહ વિશાલા."-**એ દેશી**]

**શીતલ**-જિન-પતિ-લલિત-ત્રિ-ભઙ્ગીઃ વિવિધ-ભઙ્ગી મન મોહે. રે
**કરુણા-કોમલતાઃ તીક્ષણતાઃ ઉદાસીનતા**ઃ સોહે. રે શી૦ ૧
સર્વ-જન્તુ-હિત-કરણી **કરુણાઃ**, કર્મ-વિદારણ **તીક્ષણઃ**. રે
હાના-ऽऽदान-રહિત-પરિણામી **ઉદાસીનતા**-વીક્ષણ. રે શી૦ ૨
પર-દુઃખ-છેદન-ઈચ્છા **કરુણાઃ. તીક્ષણઃ** પર-દુઃખ રીઝે. રે
**ઉદાસીનતા**ઃ ઉભય-વિલક્ષણઃ. એક ઠામે કેમ સીઝે ? રે શી૦ ૩
અ-ભય-દાનઃ તે મલ-ક્ષય **કરુણાઃ. તીક્ષણતાઃ** ગુણ-ભાવે. રે
પ્રેરક-વિણ-કૃતિ **ઉદાસીનતાઃ**. ઈમ વિરોધ મતિ ના-ऽऽવે. રે શી૦ ૪
શક્તિઃ વ્યક્તિઃ, ત્રિ-ભુવન-પ્રભુતાઃ નિર્ગ્રન્થતાઃ, સંયોગે. રે
યોગીઃ ભોગીઃ, વક્તાઃ મૌનીઃ, અનુપયોગીઃ ઉપયોગેઃ. રે શી૦ ૫
ઇત્યાદિક-બહુ-ભઙ્ગા ત્રિ-ભઙ્ગી ચમત્કાર ચિત્ત દેતી, રે
અચરિજ-કારીઃ ચિત્ર-વિચિત્રાઃ **આનન્દ-ઘન**-પદ લેતીઃ. રે શી૦ ૬

## ૧૧. શ્રી-શ્રેયાંસ-નાથ-જિન-સ્તવન.

[રાગ-ગૌડીઃ "અહો ! મતવાલે સાજના ! -**એ દેશી**]

**શ્રી-શ્રેયાંસ**-જિનઃ અંતર-જામીઃ આતમ-રામીઃ નામીઃ રે
અધ્યાતમ-મત પૂરણ પામીઃ સહ-જ-મુગતિ-ગતિ-ગામીઃ. રે શ્રી૦ ૧
સ-યલ-સંસારી ઇન્દ્રિય-રામી. મુનિ-ગણ આતમ-રામી. રે
મુખ્યપણે જે આતમ-રામી, તે કેવલ નિઃકામી. રે શ્રી૦ ૨
નિજ-સ્વ-રૂપ જે કિરિયા સાધે, તેહ **અધ્યાતમ** લહીએ. રે
જે કિરિયા કરી ચઉ-ગતિ સાધે, તે ન **અધ્યાતમ** કહીએ. રે શ્રી૦ ૩
**નામ**-અધ્યાતમઃ ઠવણ-અધ્યાતમઃ દ્રવ્ય-અધ્યાતમઃ છંડો. રે

ભાવ-અધ્યાતમઃ નિજ-ગુણ સાધે, તો, તેહ શું રઢ મંડો. રે શ્રી૦૪
શબ્દ-અધ્યાતમ-અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો. રે
શબ્દ-અધ્યાતમ-ભજના જાણી, હાન-ગ્રહણ-મતિ ધરજો. રે શ્રી૦૫
અધ્યાતમીઃ જે વસ્તુ વિચારી. બીજા જાણ લબાસી. રે
વસ્તુ-ગતેં જે વસ્તુ પ્રકાશે, આનન્દ-ઘન-મત-વાસી. રે શ્રી૦૬

## ૧૨. શ્રી-વાસુ-પૂજ્ય-જિન-સ્તવન.

[રાગ—ગોડીઃ તથા પરજઃ "તુંગિયા ગિરિ શિખરે સોહે."—એ દેશી.]

વાસુ-પૂજ્ય-જિનઃ ત્રિ-ભુવન-સ્વામીઃ ઘન-નામીઃ પર-નામીઃ રે
નિરા-ઽઽકારઃ સા-ઽઽકારઃ સ-ચેતનઃ કરમઃ કરમ-ફલ-કામીઃ. રે વા૦૧
નિરા-ઽઽકારઃ અ-ભેદ-સંગ્રાહક. ભેદ-ગ્રાહક સા-ઽઽકારોઃ. રે
દર્શનઃ જ્ઞાનઃ દુ-ભેદ-ચેતના વસ્તુ-ગ્રહણ-વ્યાપારોઃ. રે વા૦૨
કર્ત્તાઃ પરિણામીઃ પરિણામો. કર્મઃ જે જીવે કરિયે. રે
એક-અનેક-રૂપઃ નય-વાદે નિયતે નર અનુસરિયે. રે વા૦૩
દુઃખ-સુખ-રૂપ કરમ-ફલ જાણો. નિશ્ચયઃ-એક આનન્દો. રે
"ચેતનતા-પરિણામ ન ચૂકે ચેતન."-કહે જિન-ચન્દો. રે વા૦૪
પરિણામી ચેતન. પરિણામોઃ-જ્ઞાનઃ કરમઃ ફલઃ ભાવી. રે
જ્ઞાન-કરમ-ફલ-ચેતનઃ કહીએ. લેજો તેહ મનાવી. રે વા૦૫
આતમ-જ્ઞાની શ્રમણ કહાવે. બીજા તો દ્રવ્ય-લિઙ્ગી. રે
વસ્તુ-ગતેં જે વસ્તુ પ્રકાશે, આનન્દ-ઘન-મત-સઙ્ગી. રે વા૦૬

## ૧૩. શ્રી-વિમલ-નાથ-જિન-સ્તવન.

[રાગ-મલ્હારઃ "ઇડર આંબા આંબલી રે."—એ દેશી]

દુઃખ-દોહગ દૂરે ટળ્યાઃ રે સુખ-સંપદશું ભેટઃ
ધીંગ-ધણી માથે કિયો, રે કુણ ગંજે નર-ખેટ ?
વિમલ-જિન ! દીઠાં લોયણ આજ.
મારાં સિદ્ધયાં વઞ્છિત-કાજ. વિ૦દી૦૧

ચરણ-ક-મળ-ક-મલા વસે, રે નિર્મલ-થિર-પદ દેખ.
સ-મલ-અ-થિર-પદ પરિહરી, રે પઙ્ક-જ પામર પેખ. વિ૦ દી૦૨
મુજ મન તુજ પદ-પઙ્ક-જે રે લીનો ગુણ-મકરન્દ.
રઙ્ક ગણે મન્દર-ધરાઃ રે ઈન્દ્રઃ ચન્દ્રઃ નાગેન્દ્રઃ. વિ૦ દી૦૩
સાહિબ ! સમરથઃ તું ધણીઃ રે પામ્યો પરમ-ઉદારઃ
મન-વિશરામીઃ વાલહોઃ રે આતમચો આધારઃ. વિ૦ દી૦૪
દરિસણ દીઠે જિનતણું રે સંશય ન રહે વેધ.
દિન-કર-કર-ભર પસરન્તા રે અન્ધ-કાર-પ્રતિષેધ. વિ૦ દી૦૫
અ-મિય-ભરી મૂરતિ રચી. રે ઉપમા ન ઘટે કોય.
શાન્ત-સુધા-રસ ઝીલતી, રે નિરખત તૃપ્તિ ન હોય. વિ૦ દી૦૬
એક-અરજ સેવકતણી રે અવધારો જિન-દેવ !
"કૃપા કરી મુજ દીજીયે રે આનન્દ-ઘન-પદ-સેવ" વિ૦ દી૦૭

## ૧૪. શ્રી-અન-ઽન્ત-નાથ-જિન-સ્તવન.

[ રાગ-રામગિરિઃ કડખાઃ પ્રભાતીઃ ]

ધાર તરવારની સોહિલી, દોહિલી ચઉદમા જિનતણી ચરણ-સેવા.
ધાર પર નાચતાં દેખ બાજીગરા. સેવના-ધાર પર રહે ન દેવા. ધા૦૧
એક કહેઃ-"સેવિયે વિવિધ-કિરિયા કરી."
ફલ અનેકા-ઽન્ત લોચન ન દેખે.
ફલ-અનેકા-ઽન્ત-કિરિયા કરી બાપડા.
રડવડે -ગતિમાંહે લેખે. ધા૦૨
ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં.
તત્ત્વની વાત કરતાં ન લાજે.
ઉદર-ભરણા-ઽઽદિ-નિજ-કાજ કરતાં થકાં.
મોહ-નડિયા કલિ-કાલ-રાજે. ધા૦૩

"વચન-નિર-ડપેક્ષ-વ્યવહાર જુઠો." કહ્યો.
"વચન-સા-ડપેક્ષ-વ્યવહાર સાચો."
"વચન-નિર-ડપેક્ષ વ્યવહાર સંસાર-ફલ."
સાંભળી, આદરી, કાંઇ રાચો. ધા૦૪

દેવઃ ગુરુઃ ધર્મઃની શુદ્ધિ કહો કિમ રહે ?
કિમ રહે શુદ્ધ-શ્રદ્ધાન આણો ?
શુદ્ધ-શ્રદ્ધાન-વિણુ સર્વ-કિરિયા કરે,
છાર પર લીંપણું તેહ જાણો. ધા૦૫

પાપ નહીં કોઇ ઉત્સૂત્ર-ભાષણ જિસ્યો.
ધર્મ નહીં કોઇ જગ-સૂત્ર-સરિખો.
સૂત્ર-અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ-ચારિત્ર પરીખો. ધા૦૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુ-કાળ સુખ અનુભવી,
નિયત આનન્દ-ધન-રાજ પાવે. ધા૦૭

## ૧૫. શ્રી-ધર્મ-નાથ-જિન-સ્તવન.

[ રાગ-ગૌડીઃ સારંગઃ રશીયાની દેશી ]

**ધર્મ-જિનેશ્વર** ગાઉં રઙ્ગશું. ભઙ્ગ મ પડશો હો પ્રીત. જિનેશ્વર !
"બીજો મન-મન્દિર આણું નહીં." એ અમ કુલ-વટ-રીત. જિ૦ધ૦૧

"ધરમઃ ધરમઃ" કરતો જગ સહુ ફિરે. ધરમ ન જાણે હો મર્મ. જિ૦
**ધરમ-જિનેશ્વર**-ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ. જિ૦ધ૦૨

પ્રવચન-અઞ્જન જો સદ્-ગુરુ કરે, દેખે પરમ-નિધાન. જિ૦
હૃદય-નયણ નિહાલે જગ-ધણી મહિમા મેરુ-સમાન. જિ૦ ધ૦૩

દોડત દોડત દોડત દોડીયો, જેતી મનની રે દોડ. જિ૦
પ્રેમ-પ્રતીત વિચારો ઢુંકડી. ગુરુ-ગમ લેજો રે જોડ. જિ૦ ધ૦૪
એક-પખી કિમ પ્રીતિ પરવડે? ઉભય મિલ્યા હોય સન્ધિ. જિ૦
"હું રાગીઃ હું મોહે ફંદિયોઃ તું નીરાગીઃ નિરબન્ધઃ." જિ૦ ધ૦૫
પરમ-નિધાન પ્રગટ મુખ-આગળે. જગત્ ઉલ્લંઘી હો જાય. જિ૦
જ્યોતિ વિના જુઓ જગદીશની અન્ધો-અન્ધ પુલાય. જિ૦ ધ૦૬
નિર્મલ-ગુણ-મણિ-રોહણ-ભૂ-ધરા-મુનિ-જન માનસ-હંસ. જિ૦
ધન્ય તે નગરીઃ! ધન્ય વેળાઃ! ઘડી! માતઃ પિતાઃ કુલઃ વંશઃ! જિ૦ધ૦૭
મન-મધુ-કર-વર કર જોડી કહેઃ-"પદ-ક-જ-નિકટ-નિવાસ." જિ૦
ધન-નામી! **આનન્દ-ઘન**! સાંભળો એ સેવક-અરદાસ. જિ૦ ધ૦૮

## ૧૬. શ્રી-શાન્તિ-નાથ-જિન-સ્તવન.

[ **રાગ-મલ્હારઃ** "ચતુર ચોમાસું પડિક્કમી." **-એ દેશી** ]

**શાન્તિ-જિન**! એક મુઝ વિનતિ સુણો ત્રિ-ભુવન-રાય! રે
"શાન્તિ-સ્વ-રૂપ કિમ જાણીએ?" કહો-:'મન કિમ પરખાય?' રે શા૦૧
"ધન્ય તું આતમા! જેહને એહવો પ્રશ્ન-અવકાશ." રે
"ધીરજ મન ધરી સાંભળો." કહું:-શાન્તિ-પ્રતિભાસઃ- રે શા૦૨
"ભાવ અ-વિશુદ્ધઃ સુ-વિશુદ્ધઃ જે" કહ્યા જિન-વર-દેવ. રે
"તે, તિમ." અ-વિતથ સદ્દહે. પ્રથમ એ શાન્તિ-પદ-સેવ. રે શા૦૩
આગમ-ધરઃ ગુરુઃ સમકિતિઃ કિરિયા સંવર-સારઃ રે
સંપ્રદાયીઃ અ-વઞ્ચક સદાઃ શુચિ-અનુભવા-ऽऽધારઃ. રે શા૦૪
શુદ્ધ-આલમ્બન આદરે તજી અવર-જંજાલ. રે
તામસી-વૃત્તિ સવિ પરિહરે. ભજે સાત્ત્વિક-શાલ. રે શા૦૫
ફલ-વિસંવાદ જેહમાં નહીં, શબ્દઃ તે **અર્થ**-સંબન્ધી. રે
સ-કલ-નય-વાદ વ્યાપી રહ્યો, તે શિવ-સાધન-સન્ધિ. રે શા૦૬

"વિધિઃ પ્રતિષેધઃ કરી આતમા-પદા-ડર્થ અ-વિરોધ રે
ગ્રહણ-વિધિ મહા-જને પરિગ્રહ્યો." ઇસ્યો આગમે બોધ. રે શા૦૭
દુષ્ટ-જન-સંગતિ પરિહરી, ભજે સુ-ગુરુ-સન્તાન. રે
જોગ સામર્થ્ય ચિત્ત-ભાવ જે ધરે મુગતિ-નિદાનઃ- રે શા૦૮
"માનઃ અપમાનઃ ચિત્ત સમ ગણે. સમ ગણે કનકઃ પાષાણઃ. રે
વન્દકઃ નિન્દકઃ સમ ગણે." ઈશ્યો હોય તું જાણ. રે શા૦૯
"સર્વ-જગ-જન્તુને સમ ગણે. સમ ગણે તૃણ-મણિ-ભાવ. રે
મુક્તિઃ સંસારઃ બિહુ સમ ગણે. મુણે "ભવ-જલ-નિધિ-નાવ." રે શા૦૧૦
આપણો આતમ-ભાવ જે એક ચેતના-ડડધાર. રે
અવર સવિ સાથ સંયોગથી એહ નિજ-પરિકર સાર." રે શા૦૧૧
પ્રભુ-મુખથી એમ સાંભળી, કહે આતમ-રામઃ- રે
"તાહરે દરિસણે નિસ્તર્યો. મુજ સિદ્ધયાં સવિ કામ. રે શા૦૧૨
અહો! અહો! હું મુજને કહું,-"નમો મુજ. નમો મુજ." રે
અ-મિત-ફલ-દાન-દાતારની જેહને ભેટ થઇ તુજ." રે શા૦૧૩
શાન્તિ-સ્વ-રૂપ સંક્ષેપથી કહ્યો નિજ-પર-રૂપ. રે
આગમમાંહે વિસ્તર ઘણો કહ્યો શાન્તિ-જિન-ભૂપ. રે શા૦૧૪
શાન્તિ-સ્વ-રૂપ એમ ભાવશે ધરી શુદ્ધ-પ્રણિધાન, રે
આનન્દ-ઘન-પદ પામશે. તે લહેશે બહુ-માન. રે શા૦૧૫

## ૧૭. શ્રી - કુન્થુ - નાથ - જિન - સ્તવન.

[ રાગ-ગુર્જરીઃ રામ-કલિઃ "અંબર દે હો મોરારિ!"-એ દેશી ]

મનડું કિમ હિ ન બાજે? હો! કુન્થુ-જિન! મનડું કિમ હિ ન બાજે?
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાંજે. હો! કુ૦૧
રજની-વાસરઃ વસતી-ઉજડઃ ગયણ-પાયાલેઃ જાય.
"સાપ ખાયે ને મુખડું થોથું." એહ ઉખાણો ન્યાય. હો! કુ૦૨

મુગતિતણા અભિલાષી: તપીયા: જ્ઞાન: ને ધ્યાન: અભ્યાસે:
વયરીડું કાંઇ એહવું ચિંતે, નાંખે અવળે પાસે. હો! કુ૦૩
આગમ–આગમ–ધરને હાથે નાઽવે કિણ–વિધ આંકું.
કિહાં કણે જો હઠ કરી હઠકું, તો વ્યાલતણીપરે વાંકુ. હો! કુ૦૪
જો "ઠગ" કહું, તો–ઠગ તો ન દેખું. શાહુકાર પણ નાંહી.
"સર્વમાંહે, ને સહુથી અળગું." એ અચરિજ મનમાંહી. હો! કુ૦૫
જે જે કહું, તે કાન ન ધારે. આપ–મતે રહે કાલો.
સુર: નર: પણ્ડિત-જન: સમજાવે, સમજે ન માહરો સાલો.* હો! કુ૦૬
મેં જાણ્યું "એ લિઙ્ગ નપુંસક." સકલ–મરદને ઠેલે.
બીજી વાતે સમરથ છે નર. એહને કોઇ ન ઝેલે. હો! કુ૦૭
"મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું." એહ વાત નહીં ખોટી.
એમ, કહે:-"સાધ્યું" તે ન વિ માનું. એક હિ વાત છે મ્હોટી. હો! કુ૦૮
"મનડું દુરા-ઽઽરાધ્ય તેં વશ આણ્યું." તે આગમથી મતિ આણું.
**આનન્દ-ઘન-પ્રભુ**! માહરું આણો, તો "સાચું" કરી જાણું. હો! કુ૦૯

## ૧૮. શ્રી – અ ર – ના થ – જિ ન – સ્ત વ ન.

[ **રાગ – પરજ**: " **ઋષભનો** વંશ રયણાયરુ રે." – **એ દેશી.** ]

ધરમ પરમ **અર–નાથનો** કિમ જાણું ભગવન્ત? રે
**સ્વ–પર–સમય** સમજાવીએ મહિમાવન્ત: મહન્ત:. રે ધ૦૧
શુદ્ધા–ઽઽતમ–અનુભવ સદા, **સ્વ-સમય** એહ વિલાસ. રે
**પર–પડિછાંયડી** જે પડે, તે **પર-સમય**-નિવાસ. રે ધ૦૨
તારા: **નક્ષત્ર**: ગ્રહ: ચન્દ્ર:ની જ્યોતિ દિનેશ મોઝાર. રે
**દર્શન**: જ્ઞાન: ચરણ:થકી:- શક્તિ નિજા–ઽઽતમ ધાર. રે ધ૦૩
ભારી: પીળો: ચીકણો: કનક અનેક–તરઙ્ગ. રે
**પર્યાય**–દષ્ટિ ન દિજીએ, એક જ કનક અ–ભઙ્ગ. રે ધ૦૪

---

* **મહા રોષાલો.** પાઠાન્તર.

દર્શન: જ્ઞાન: ચરણ: થકી:– અ–લખ–સ્વ–રૂપ અનેક. રે
નિર્વિકલ્પ–રસ પીજીએ:- શુદ્ધ: નિર-ઽઞ્જન: એક:. રે ધ૦૫
પરમા–ઽરથ–પંથ જે કહે, તે રઞ્જે એક–તન્ત. રે
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અન-ઽન્ત. રે ધ૦૬
વ્યવહારે: લખ દોહિલો. કાંઇ ન આવે હાથ. રે
શુદ્ધ–નય–થાપના સેવતાં:– ન વિ રહે દુ–વિધા–સાથ. રે ધ૦૭
"એક–પખી લખ પ્રીતિની તુમ સાથે જગ–નાથ! રે
કૃપા કરીને રાખજો ચરણ–તળે ગ્રહી હાથ. રે ધ૦૮
ચક્રી! ધરમ–તીરથતણો" તીરથ–ફલ તત્ત–સાર. રે
તીરથ સેવે, તે લહે **આનન્દ–ઘન** નિરધાર. રે ધ૦૯

## ૧૯. શ્રી – મ લ્લિ – ના થ – જિ ન – સ્ત વ ન.

[ રાગ – કાફી: "સેવક કિમ અવગણિયે?" – **એ દેશી** ]

સેવક કિમ અવગણિયે? હો! **મલ્લિ-જિન**! એહ અબ શોભા સારી?
અવર જેહને આદર અતિ દીયે, તેહને મૂલ નિવારી. હો! મ૦૧
જ્ઞાન–સ્વ–રૂપ અના–ઽઽદિ તમારું. તે લીધું તમે તાણી.
જુઓ:–**અ-જ્ઞાન**–દશા રીસાવી. જાતાં કાંણ ન આણી. હો! મ૦૨
નિદ્રા: સુપન: જાગર: ઉજાગરતા:. તુરીય–અવસ્થા આવી.
"**નિદ્રા: સુપન:** દશા રીસાણી." જાણી, ન નાથ! મનાવી. હો! મ૦૩
સમકિત સાથે સગાઈ કીધી સ–પરિવાર શું ગાઢી.
"**મિથ્યા-મતિ** અપરાધણ." જાણી, દરથી બાહિર કાઢી. હો! મ૦૪
**હાસ્ય: અ-રતિ: રતિ: શોક: દુગઞ્છા: ભય:** પામર *કરસાલી,
**નો-કષાય** ગજ-શ્રેણિ ચઢતાં, શ્વાનતણી ગતિ ઝાલી. હો! મ૦૫
રાગ–દ્વેષ: **અ-વિરતિ:**ની પરિણતિ. એ ચરણ-મોહના યોદ્ધા.
વીત-રાગ-પરિણતિ પરિણમતાં. ઉઠી, નાઠા બોધા. હો! મ૦૬

---

* **ધુરસાલી.** પાઠાન્તર.

**વેદોદય**-કામા-પરિણામા. કામ્ય-કરમ સહુ ત્યાગી,
નિઃકામી! કરુણા-રસ-સાગર! અન-ન્ત-ચતુષ્ક-પદ-પાગી. **હો!** મ૦૭
**દાન-વિઘન** વારી, સહુ-જનને અ-ભય-દાન-પદ-દાતા.
**લાભ-વિઘન** જગ-વિઘન નિવારક! પરમ-લાભ-રસ-માતા. હો! મ૦૮
**વીર્ય-વિઘન** પણ્ડિત-વીર્યે હણી, પૂરણ-પદવી-યોગી.
**ભોગોપભોગ** દોય વિઘન નિવારી, પૂરણ-ભોગ-સુ-ભોગી. **હો!** મ૦૯
એ અઢાર દૂષણ-વર્જિત-તનુ મુનિ-જન-વૃન્દે ગાયા.
અ-વિરતિ-રૂપકઃ દોષ-નિરુપણઃ. નિર્દૂષણઃ મન-ભાયા. **હો!** મ૦૧૦
ઇણ-વિધ પરખી, મન-વિશરામીઃ જિન-વર-ગુણ જે ગાવે.
દીનબન્ધુની મ્હેર-નજરથી **આનન્દ-ઘન**-પદ પાવે. હો! મ૦૧૧

## ૨૦. શ્રી-મુનિ-સુ-વ્રત-જિન-સ્તવન.

[રાગ-કાફીઃ "આઘા આમ પધારો પૂજ્ય! અમ ઘેર વ્હોરણ-વેળા."-**એ દેશી.**]

"**મુનિ-સુ-વ્રત**-જિન-રાજ! એક મુજ વિનતિ નિસુણો."
"આતમ-તત્ત્વ કયું જાણું? જગદ્-ગુરુ! એહ વિચાર મુજ કહિયો."
"આતમ-તત્ત્વ જાણ્યાવિણ નિર્મલ-ચિત્ત-સમાધિ ન વિ લહિયો."
મુ૦૧. એ આંકણી.

કોઇ "અ-બંધ આતમ-તત્ત." માને. કિરિયા કરતો દીસે.
"કિરિયાતણું ફલ કહો કુણ ભોગવે?" ઇમ પૂછ્યું, ચિત્ત રીસે. મુ૦૨
જડઃચેતનઃ એ આતમ એક જ, સ્થાવરઃ જંગનઃ સરીખો.
સુખ-દુઃખ-સંકર-દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો. મુ૦૩
એક કહે "નિત્ય જ આતમ-તત્ત." આતમ-દરિસણ-લીનો.
કૃત-વિનાશઃ અકૃતા-ડડગમ-દૂષણઃ ન વિ દેખે મતિ-હીણો. મુ૦૪
**સૌગત**-મત-રાગી કહે વાદીઃ-"ક્ષણિક એ આતમ જાણો."
બન્ધઃ મોક્ષઃ સુખઃ દુઃખઃ નવિ ઘટે. 'એહ વિચાર મન આણો.' મુ૦૫
"ભૂત-ચતુષ્ક-વર્જિત-આતમ-તત્ત-સત્તા અલગી ન ઘટે."
અન્ધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે? મુ૦૬

એમ અનેક–વાદી–મત–વિભ્રમ–સંકટ પડિયો, ન લહે–
ચિત્ત-સમાધિ. તે માટે પૂછું:- "તુમવિણ તત્ત કોઈ ન કહે." મુ૦૭
વળતું, જગ–ગુરુ ઇણિપરે ભાખેઃ- પક્ષ–પાત સબ છંડી,
"રાગ–દ્વેષ–મોહ–પખ–વર્જિત–આતમ શું રઢ મંડી, મુ૦૮
આતમ–ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઈણમેં નાડડવે.
વાગ–જાલ બીજું સહુ જાણે. એહ તત્ત્વ ચિત્ત ચાવે." મુ૦૯
જિણે વિવેક ધરી એ પખ ગ્રહીયો, તે તત્ત–જ્ઞાની કહિયે.
**શ્રી-મુનિ-સુ-વ્રત** કૃપા કરો તો, **આનન્દ–ધન**–પદ લહિયે.મુ૦૧૦

## ૨૧. શ્રી – ન મિ – ના થ – જિ ન – સ્ત વ ન.

[ રાગ–આશાવરીઃ "ધન ધન સંપ્રતિ સાચો રાજા."–એ દેશી ]

ષડ્–દરિસણ જિન–અઙ્ગ ભણીજે, ન્યાસ ષડ–ડઙ્ગ જો સાધે. રે
**નમિ–જિન**-વરના ચરણ-ઉપાસક ષડ્-દરિસન આરાધે. રે ૫૦૧
"જિન–સુર–પાદ-પ–પાય વખાણું **સાંખ્યઃ જોગઃ** દોય ભેદે. રે
આતમ–સત્તા–વિવરણ કરતાં, લહો દુગ અઙ્ગ અ-ખેદે." રે ૫૦૨
"ભેદઃ અ-ભેદઃ **સૌગત-મીમાંસકઃ** જિન-વર દો ય કરી ભારી. રે
લોકા-ડ-લોક-અવલમ્બન ભજીયે ગુરુ-ગમથી અવધારી." રે ૫૦૩
"**લોકાયતિકઃ** કુખ જિન-વરની, અંશ વિચારી જો કીજે. રે
તત્ત્વ-વિચાર-સુધા-રસ-ધારા ગુરુ-ગમવિણ કિમ પીજે?" રે ૫૦૪
"**જૈનઃ** જિનેશ્વર–ઉત્તમ-અઙ્ગ, અન્તર–ડઙ્ગ-બહિર–ડઙ્ગે. રે
અક્ષર–ન્યાસ–ધરા–આરાધક આરાધે ધરી સઙ્ગે. રે" ૫૦૫
જિન-વરમાં સઘળા દરિસણ છે. દરિસણમાં જિન-વર-ભજના. રે
સાગરમાં સઘળી-તટિની સહી. તટિનીમાં સાગર–ભજના. રે ૫૦૬
જિન-સ્વ-રૂપ થઈ, જિન આરાધે, તે સહી જિન-વર હોવે. રે
ભૃઙ્ગી ઇલિકાને ચટકાવે. તે ભૃઙ્ગી જગ જોવે. રે ૫૦૭

ચૂર્ણિઃ ભાષ્યઃ સૂત્રઃ નિર્યુક્તિ વૃત્તિઃ પરંપર અનુભવઃ. રે
સમય-પુરુષનાં અઙ્ગ કહ્યા એ. જે છેદે, તે દુર્ભવ. રે ૫૦૮
મુદ્રાઃ બીજઃ ધારણાઃ અક્ષરઃ ન્યાસઃ અરથ-વિનિયોગેઃ રે
જે ધ્યાવે, તે ન વિ વંચિજે ક્રિયા-અ-વઞ્ચક-ભોગે. રે ૫૦૯
શ્રુત-અનુસાર વિચારી બોલું. "સુ ગુરુ તથા-વિધ ન મિલે. રે
કિરિયા કરી નવિ સાધી શકિયે." એ વિષ-વાદ ચિત્ત સઘળે. રે ૫૦૧૦
તે માટે ઉભા કર જોડી જિન-વર આગલ કહીયે. રે
"સમય-ચરણ-સેવા શુદ્ધ દેજો, જેમ આનન્દ-ઘન લહીયે." રે ૫૦૧૧

## ૨૨. શ્રી-નેમિ-નાથ-જિન-સ્તવન.

[ રાગ-મારુણીઃ "ધણ રા ઢોલા." -એ દેશી ]

અષ્ટ-ભવા-ઽન્તર વાલહી. રે તું મુજ આતમ-રામ. મનરા વાલા !
મુગતિ-સ્ત્રી શું આપણે રે સગપણ કોઇ ન કામ. મ૦૧
"ઘર આવો હો વાલમ! ઘર આવો! મારી આશાના વિશરામ! મ૦
રથ ફેરો હો! સાજન! રથ ફેરો માહરા મનો-રથ-સાથ. મ૦૨
"નારી-પખો શો નેહલો ? રે." સાચ કહે જગ-નાથ ! મ૦
ઇશ્વર અર્ધા-ઙ્ગે ધરી. રે તું મુજ ઝાલે ન હાથ. મ૦૩
પશુ-જનની કરુણા કરી રે આણી હૃદય-વિચાર. મ૦
માણસની કરુણા નહીં. રે એ કુણ ઘર-આચાર ? મ૦૪
પ્રેમ-કલ્પ-તરુ છેદીયો. રે ધરિયો જોગ ધતૂર. મ૦
ચતુરાઇરો કુણ કહો રે ગુરુ મિલિયો જગ-સૂર ? મ૦૫
મારું તો એમાં કાંઇ નહીં. રે આપ વિચારો રાજ ! મ૦
"રાજ-સભામાં બેસતાં રે કિસડી બધસી લાજ ?" મ૦૬
પ્રેમ કરે જગ-જન સહુ. રે નિરવહે તે ઓર. મ૦
પ્રીત કરીને છોડી દે, રે તેહશું ન ચાલે જોર. મ૦૭

જો મનમાં એહવું હતું. રે નિસપતિ કરત ન જાણ. મ૦
નિસપત કરીને છાંડતાં, રે માણસ હુવે નુકસાણ. મ૦૮
દેતાં દાન સંવત્સરી, રે સહુ લહે વઞ્છિત-પોષ. મ૦
સેવક વઞ્છિત ન વિ લહે. રે એ સેવકનો દોષ? મ૦૯
સખી કહેઃ- "એ શામલો." રે હું કહુંઃ- "લક્ષણ-સેત." મ૦
"ઈણ-લક્ષણ સાચી સખી." રે આપ વિચારો હેત. મ૦૧૦
"રાગી શું રાગી સહુ. રે વૈરાગી શ્યો રાગ?" મ૦
રાગ વિના કિમ દાખવો રે મુગતિ-સુન્દરી-માગ? મ૦૧૧
એક ગુહ્ય ઘટતું નથીઃ- સઘલો યે જાણે લોક. મ૦
અનેકા-ડન્તિક ભોગવો, રે "બ્રહ્મ-ચારીઃ ગત-રોગઃ" મ૦૧૨
જિણ જોણે તુમને જોઉં, રે તિણ જોણે જુવો રાજ! મ૦
એક-વાર મુજને જુઓ. રે તો સીઝે મુજ કાજ. મ૦૧૩
મોહ-દશા ધરી ભાવનાઃ રે ચિત્ત લહે તત્ત્વ-વિચારઃ- મ૦
"વીત-રાગતા આદરી રે પ્રાણ-નાથ! નિરધાર." મ૦૧૪
સેવક પણ તે આદરે, રે તો રહે સેવક-મામ. મ૦
આશય સાથે ચાલીએ. રે એહિ જ રૂડું કામ. મ૦૧૫
ત્રિ-વિધ-યોગ ધરી આદર્યો રે **નેમિ-નાથ** ભરતાર. મ૦
ધારણઃ પોષણઃ તારણોઃ રે નવ-રસઃ મુગતા-હારઃ. મ૦૧૬
કારણ-રૂપી-પ્રભુ ભજ્યો રે. ગણ્યું ન કાજ-અ-કાજ. મ૦
કૃપા કરી મુજ દીજીએઃ- રે "આનન્દ-ઘન-પદ-રાજ." મ૦૧૭

## ૨૩. શ્રી - પા ર્શ્વ - ના થ - જિ ન - સ્ત વ ન.

[ રા ગ - સા રં ગઃ ર સિ આ ની. દે શી ]

ધ્રુવ-પદ-રામી! હો સ્વામિ! માહરા નિઃકામી! ગુણ-રાય! સુ-જ્ઞાની!
નિજ-ગુણ-કામીઃ હો પામી તું ધણી, આરામી હો થાય. સુ૦ધ્રુ૦૧

સર્વ-વ્યાપી કહોઃ- "સર્વ-જાણગપણે." "પર-પરિણમન-સ્વ-રૂપ." સુ૦
"પર-રૂપે કરી તત્ત્વપણું નહીં." "સ્વ-સત્તા ચિદ્-રૂપ." સુ૦ધ્રુ૦૨
"જ્ઞેય અનેકે હો જ્ઞાન-અનેકતાઃ જલ-ભાજન-રવિ જેમ." સુ૦
'દ્રવ્ય-એકત્વપણે ગુણ-એકતા.' 'નિજ-પદ રમતા હો ખેમ.' સુ૦ધ્રુ૦૩
"પર-ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પર-ક્ષેત્રે થયું જ્ઞાન." સુ૦
'અસ્તિપણું નિજ-ક્ષેત્રે' તુમે કહ્યુંઃ- 'નિર્મલતા ગુણમાન ?' સુ૦ધ્રુ૦૪
"જ્ઞેય-વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ કાળ-પ્રમાણે રે થાય." સુ૦
"સ્વ-કાળે કરી સ્વ-સત્તા સદા." "તે પર રીતે ન જાય." સુ૦ધ્રુ૦૫
"પર-ભાવે કરી પરતા પામતાં, સ્વ-સત્તા-થિર-ઠાણ. સુ૦"
'આત્મ-ચતુષ્કમયી પરમાં નહીં.' 'તો કિમ સહુનો રે જાણ?' સુ૦ધ્રુ૦૬
"અ-ગુરુ-લઘુઃ નિજ-ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત. સુ૦
સાધારણ-ગુણની સાધર્મ્યતા દર્પણ-જલને દૃષ્ટાંત." સુ૦ધ્રુ૦૭
**શ્રી-પારસ-જિન** પારસ-રસ-સમો. પણ, ઇહાં પારસ નાંહિ સુ૦
પૂરણ-રસિયોઃ હો નિજ-ગુણ-પરસનોઃ **આનન્દ-ઘન** મુજમાંહિ.સુ૦ધ્રુ૦૮

## ૨૪. શ્રી-મહાવીર-વર્ધમાન-જિન-સ્તવન.

[ રાગ - ધનાશ્રીઃ ]

**વીરજીને** ચરણે લાગું. વીરપણું તે માગું. રે
મિથ્યા-મોહ-તિમિર-ભય ભાગ્યું. જિત-નગારું વાગ્યું. રે વી૦૧

**છઉમ-ત્થ-વીરિય** લેશ્યા-સંગે અભિસન્ધિ-જ મતિ અંગે. રે
સૂક્ષ્મ-સ્થૂલ-ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે. રે વી૦૨

અ-સંખ્ય-પ્રદેશેઃ વીર્ય-અસંખ્યેઃ યોગ અ-સંખિત કંખે. રે
પુદ્‌ગલ-ગણ તિણે લે સુ-વિશેષે યથા-શક્તિ-મતિ-લેખે. રે વી૦૩

*ઉત્કૃષ્ટ-વીર્ય-નિવેશે યોગ-ક્રિયા ન વિ પેસે. રે
×યોગતણી ધ્રુવતાને લેશે +આતમ-શક્તિ ન વિ ખેસે. રે વી૦૪
કામ-વીર્ય-વશે જિમ ભોગી, તિમ આતમ થયો ભોગી. રે
શૂરપણે આતમ-ઉપયોગીઃ થાય તેહ અ-યોગી. રે વી૦૫
"વીરપણુંઃ તે આતમ-ઠાણે." જાણ્યું તુમચી વાણે. રે
ધ્યાન-વિન્નાણેઃ શક્તિ-પ્રમાણેઃ નિજ-ધ્રુવ-પદ પહિચાણે. રે વી૦૬
આલમ્બન-સાધન જે ત્યાગે, પર-પરિણતિને ભાગે. રે
અ-ક્ષય-દર્શન-જ્ઞાન-વૈરાગ્યે આનન્દ-ઘન-પ્રભુ જાગે. રે વી૦૭

---

* ઉત્કૃષ્ટિ ક્રિયા-નય-દેશે. ઉત્કૃષ્ટ ક્રિયાને વિષે. પાઠાન્તર.
× દ્રવ્ય તણી. પાઠાન્તર. + મૂળ-શક્તિ. પાઠાન્તર.

પ્રભુદાસ બેચરદાસ પારેખની

પ્ર મો દા યુ ક્ત :-

ગંભીર-આશયી શ્રી-આનન્દ-ઘનજી મહારાજ-વિરચિતઃ-

# આ ન ન્દ - ઘ ન - ચો વી શી

અ થ વા

# [આ ત્મ-વિ કા સ-દિ ગ્દ ર્શિ કા]

મૂળઃ અવતરણોઃ શબ્દાર્થઃ ગાથાર્થઃ રહસ્યાર્થઃ ટીપ્પણોઃ
ક્વચિત્ પ્રમાણોઃ સંક્ષિપ્ત સૂચનોઃ વિગેરેથી સુ-સંસ્કારિતઃ

સંપાદક
પ્રભુદાસ બેચરદાસ પારેખ.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા.

# મઙ્ગલમ્.

## હરિ-ગીત-છન્દ.

સ્વા-ડડત્મમાં પ્રીતિ-ભક્તિથી
આનન્દ-ધન-પદ મેળવું.
પરમ-નિમિત્ત તે માર્ગમાં
જિન-દેવને વન્દના કરું.
આનન્દ-ધન-ચોવીશી રૂડી
ખ્યાત શ્રી સંઘે બહુ.
"પ્રમોદા" નામની વિવેચના
હું ટુંકમાં તેની કરું-૧.

# વ્યાપક અવતરણ:

**ચૈત્યવન્દના: સ્તવન: સજ્ઝાય: સ્તુતિ: આલોચના:** અને **શ્રી સંઘમાં શાન્તિ–તુષ્ટિ–પુષ્ટિ માટેના શાંતિ–પાઠ:** એ છ કોઇપણ જૈન ધાર્મિક અનુષ્ઠાનમાં સાધક–આરાધક વ્યક્તિ પોતાના હૃદયના ભાવ અને ઉમળકા સાથેના વચનોપૂર્વક બોલી શકે છે, તેથી, તેની રચના સ્વકૃત હોય, કે પોતાની અશક્તિ કે અજ્ઞાનતાને લીધે ગીતાર્થ–જ્ઞાની–ગુરુકૃતનો ઉપયોગ કરાતો હોય, તો પણ ચાલી શકે છે: અને તેટલો ભાગ પોતાના સ્વતંત્ર અનુષ્ઠાન તરીકેનો હોય છે. બાકીનો ભાગ આવશ્યક–સૂત્રાદિકના બદ્ધ અનુષ્ઠાનરૂપે હોય છે. છતાં તે આખું ક્રિયાનુષ્ઠાન પોતાનું વ્યક્તિગત બની જાય છે.

**ચૈત્યવન્દના: સ્તવના:** અને **સ્તુતિ:** એ ત્રણેય પ્રભુગુણની કીર્તનારૂપ હોય છે. છતાં, ત્રણેયના મૂળ સ્વરૂપમાં ફરક હોય છે.

**ચૈત્યવન્દના**માં સ્વરૂપ–વર્ણન હોય છે. **સ્તવના**માં વિસ્તારથી પ્રભુના ગુણોનું કીર્તન હોય છે. **સ્તુતિ:** કાવ્યમય રીતે સંક્ષેપમાં વિશિષ્ટ ગુણવર્ણન રૂપ હોય છે. **સજ્ઝાય:** વૈરાગ્યપોષક ભાવના-મય હોય છે. **આલોચના:** પોતે કરેલા દોષોનું ગુરુ સમક્ષ નિવેદન રૂપ હોય છે. શ્રી સંઘમાં શાન્તિપાઠ–શાન્તિ તુષ્ટિ–પુષ્ટિ ફેલાવનાર શાસન–સહાયક દેવો અને અન્ય તત્ત્વોને શાસન રક્ષામાં અભિમુખ કરવા મંત્રાક્ષર–મય–મંગળપાઠ સ્વરૂપે હોય છે.

આપણે અહીં **સ્તવન**નો પ્રસંગ છે. કેમકે–**શ્રી આનન્દ-ઘનજી મહારાજા**એ રચેલા ચોવીશ તીર્થંકર ભગવંતોના ચોવીશ સ્તવનોની **આનન્દ–ઘન–ચોવીશી**નું વિવેચન કરવાનું આપણે હાથ ધરેલું છે.

**શ્રી આનન્દ–ઘનજી** મહારાજ રચે છે– સ્તવનો એટલે તેમાં ૧. વિસ્તારથી ગુણોની કીર્તના તો હોય જ. ઉપરાંત, ૨. ચરમા-વર્તમાં પ્રવેશેલા જીવનો ક્રમેક્રમે મોક્ષ સુધી પહોંચવામાં

કેવો કેવો આત્મવિકાસ થતો જાય છે ? તેનું વિષય તરીકે નિરૂપણ કરવાનું તેમણે હાથ ધરેલું છે. ૩. એ વિકાસક્રમમાં નિમિત્ત કારણ તરીકે તીર્થંકર પ્રભુની સહાય કેવી કેવી રીતે રહેતી હોય છે ? તે વિકાસક્રમના એક સાધન તરીકેનું નિરૂપણ પણ તેમાં હોય છે. અને ૪. જેટલી જેટલી સહાય તેમના તરફથી મળે, તેટલી તેટલી તરફ કૃતજ્ઞતા બતાવવા સાથે, એ ગુણોની કીર્તના પણ થતી હોય છે.

**આ** સ્તવનોમાં જુદા જુદા પાત્રો પોતાના તરફથી પણ કાંઇ ને કાંઇ બોલતા હોય, તેવું માલૂમ પડે છે. **દા૦ ત૦** સ્તવનમાં **"માહરો", "ન ચાહુ", "મેં નવિ ચિત્ત ધર્યું"** વિગેરે શબ્દો મારફત કવિ પોતે પોતાને–સ્તવનની રચના કરનાર તરીકે: પોતાના આત્મકલ્યાણ માટે પ્રભુની સ્તવના કરનાર તરીકે: આરાધક આત્મા તરીકે: ભક્ત તરીકે: સેવક તરીકે: સ્તવનોના ઉપદેશક તરીકે: આત્મવિકાસક ગુણોના વિવેચક તરીકે: કવિ તરીકે: એમ જુદી જુદી રીતે પોતાને આ સ્તવનોમાં ગુંથી લે છે.

**પો**તાના આત્મકલ્યાણ માટે ધર્મની આરાધનાના પ્રસંગમાં અન્ય સાધકો પણ જ્યારે ક્રિયાનુષ્ઠાનમાં પ્રભુની સ્તવના કરતી વખતે આ સ્તવનોનો ઉપયોગ કરતા હોય, ત્યારે તે સ્તવન દ્વારા થતી આરાધનામાં પોતાના આત્માને પરોવી દેતા હોય, તે રીતે અન્ય **આરાધક** પાત્રો પણ સ્તવન બોલતા હોય, તેમ તેમણે માની લેવાનું રહે. તોજ તે સ્તવના તેમની પોતાની સ્વતંત્ર ક્રિયા ગણાય.

**ચ**રમાવર્તમાં પ્રવેશ કરી ચૂકેલા **મોક્ષાશયી** જીવ પોતાના આત્મ વિકાસના માર્ગમાં આગળ વધતા વધતા પોતાને થતા અનુભવો: પડતી મુશ્કેલીઓ: પ્રભુ સાથેના સંબંધો: સહાયકો તરફથી સહાયની માંગણી: થતી શંકાના સમાધાન: જિજ્ઞાસુ તરીકેના પ્રશ્નો: પોતાની વિવિધ દશા: ગુણ પ્રાપ્તિના હર્ષ: અપ્રાપ્ત–પ્રાપ્તિની આશા: અપ્રાપ્ત ગુણોની અપ્રાપ્તિનો ખેદ: પ્રભુ ગુણ કીર્તના: પોતાની આગળ પાછળની વિવિધ દશાઓ: વિગેરેની રજુઆત કરનાર પાત્ર

તરીકે ક્યાંક ક્યાંક જણાશે. ત્યારે કોઈ કોઇ ઠેકાણે ખુદ તીર્થંકર દેવ પ્રશ્નનો જવાબ આપતા હોયઃ આશ્વાસન આપતા હોયઃ માર્ગ દર્શન કરાવતા હોયઃ અને સાધક આત્મા સાથે વાત્સલ્યતાથી વાતચીત કરતા હોયઃ તેમ ધર્મ સારથિ તરીકે બોલતા જણાશે. અને પરમ-આરાધ્ય તરીકેનું સ્થાન તો એક છેડાથી બીજા છેડા સુધી તીર્થંકર પરમાત્માઓનું આ સ્તવનોમાં વણાયેલું છે જ.

આ ઉપરાંત, ચોવીશ તીર્થંકર પરમાત્માઓની વિવિધ પ્રકારે સ્તવના છે. તે–"સર્વ સામાન્ય રીતે સર્વ તીર્થંકર પરમાત્માઓમાં રહેલા એક જ પરમાત્મભાવની પણ જુદે જુદે પ્રકારે સ્તવના છે." એમ પણ સમજવું. આગળ વધીને વધારે ઉંડાણમાં જઈએ, તો **શ્રી આનન્દ–ઘનજી મહારાજ**નો આત્માઃ સ્તવન બોલનાર આરાધક–સાધકનો આત્માઃ તથા **ચરમાવર્ત**માં પ્રવિષ્ટ મોક્ષાર્થી આત્માઃ કે જેના વિકાસક્રમનું નિરૂપણ આ સ્તવનોનો પ્રતિપાદ્ય વિષય છે, તે ત્રણેય આત્માઓ વિવિધ નય સાપેક્ષ રીતે પોતાના જ પરમાત્મભાવનીયે સ્તવના કરીને, આત્મોત્કર્ષમાં પ્રગતિનો માર્ગ લેતા હોય તેમ પણ જણાય છે. પરંતુ, તે સર્વને જુદું જુદું પાડી બતાવવું, ઘણું મુશ્કેલ કામ છે.

આટલી મુખ્ય વ્યઞ્જના ઉપરાંત, લોકવ્યવહારઃ નિષેધ્ય નિષેધઃ વિધેયનું વિધાનઃ પ્રત્યાખ્યેયોનું પ્રત્યાખ્યાનઃ ત્યાજ્યનો ત્યાગઃ ઉપાદેયનું ઉપાદાનઃ અસદ્‌ગ્રહ અને અસત્‌તત્ત્વનું નિરાકરણઃ સ્વજાગૃતીઃ આરાધના તત્પરતાઃ તત્ત્વજ્ઞાનઃ તત્ત્વબોધઃ વિશ્વઘટનાઃ વિશ્વવ્યવસ્થાઃ વિગેરે વિગેરે બીજી અનેક જાતની વ્યઞ્જનાઓ સ્તવનકાર મહાત્માએ આ સ્તવનોમાં ગુંથી દીધેલી અભ્યાસીઓને જણાતી રહેશે.

આ વિવેચનામાં અમારી સમજ પ્રમાણે પ્રસંગે પ્રસંગે તે સ્પષ્ટ કરીશું. છતાં વિશેષ ગુરુ મહારાજની મદદથી સમજી લેવા દરેક જિજ્ઞાસુને વિજ્ઞપ્તિ છે. કેમકે–લંબાણ અને ગ્રન્થ ગઉરવ વધી ન જાય, તે અમારે સંભાળવાનું છે. જો તે સંભાળવામાં ન

આવે, તો–જે જાતના જિજ્ઞાસુઓ માટે આ પ્રયાસ કરવામાં આવ્યો છે, તેમાં જોઇએ તેવી સફળતા ન મળે.

**ખાસ** કોઇ અપવાદ સિવાય, દરેક સ્તવનની પહેલી કડીમાં અથવા અર્ધી કડીમાં અને કોઇ ઠેકાણે પહેલી બે કડીમાં આખા સ્તવનમાં જે વિષયનું વર્ણન કરવાનું હોય છે, તે વિષયને ગુંથીને પ્રભુના ગુણની સ્તુતિ કરવામાં આવી હોય છે.

**છેલ્લી** એક કે બે કડીમાં ઉપસંહાર કરીને, જે ગુણનું વર્ણન કરવામાં આવ્યું હોય છે, તે ગુણ પરંપરાએ કેવી રીતે મોક્ષ અપાવનાર થાય છે? અને તે દ્વારા મોક્ષઃ કે મોક્ષને સાધક કોઇપણ ગુણઃની યાચનાઃ માંગણીઃ પ્રાર્થનાઃ કરેલી હોય છે.

**વચ્ચેની** કડીઓમાં–આત્મવિકાસમાં ઉપયોગી જે કોઇ ગુણનું વર્ણન કરવાનું રાખ્યું હોય, તેનું માર્મિક વર્ણન હોય છે. આ સામાન્ય શૈલી છે.

**દરેક** સ્તવનમાં પ્રાયઃ છેલ્લી કડીમાં **આનન્દ–ઘનઃ** શબ્દ જોડવામાં આવેલો હોય છે. તેનોઃ–

૧. અર્થઃ સ્તવનકાર **શ્રી લાભાનન્દજી** મહારાજનું પ્રસિદ્ધ ઉપનામ **આનન્દ–ઘનજી** નામ સમજવાનો છે. એટલે કે–"**આનન્દ–ઘનજી કહે છે, કેઃ–**" એવો એક અર્થ સમજવો.

૨. **આનન્દ–ઘન** એટલે આત્મા:

૩. **આનન્દ–ઘન** એટલે આત્માના આનન્દનો ઘન–સમૂહ:

૪. **આનન્દ–ઘન** એટલે આત્માના ગુણોઃ

૫. **આનન્દ–ઘન** એટલે તીર્થંકર પરમાત્માઃ

૬. **આનન્દ–ઘન** એટલે મોક્ષઃ

૭. **આનન્દ–ઘન** એટલે મોક્ષનું સ્થાનઃ સિદ્ધશિલાઃ

૮. **આનન્દ–ઘન** એટલે આધ્યાત્મિક વિકાસનો માર્ગઃ સાધનોઃ કારણોઃ વિગેરે.

**એમ** મુખ્ય અર્થોમાં–બીજા શબ્દોની સાથે **આનન્દ–ઘન** શબ્દ જોડાયેલો હોય છે.

# ૧. શ્રી-ઋષભ-દેવ-જિન-સ્તવન.

**ચરમાવર્તમાં પ્રવેશઃ** **પ્રીતિ-અનુષ્ઠાનઃ**

**ચરમાવર્ત**માં પ્રવેશ કરતો આત્મા સહેજ સહેજ સંસાર તરફ અણગમો ધરાવતો થવા લાગે છે, અને કોઇપણ **દેવઃ ગુરુઃ** અને **ધર્મ**ઃ તરફ પ્રીતિ કરતો થવા લાગે છે. તેમાં કોની સાથે કરેલી પ્રીતિ સૌથી ઊંચા પ્રકારની ગણાય છે?

**રાગ-મારુઃ** "કર્મ પરીક્ષા કરણ કુંવર ચાલ્યો." **એ દેશીઃ**

### ૧. લોકોત્તર પારમાર્થિક પ્રીતિઃ

**"ઋષભ-જિનેશ્વર પ્રીતમ માહરો. રે**
**ઓર ન ચાહું રે કન્ત.**
**રીઝયો સાહિબ સઙ્ગ ન પરિહરે રે**
**ભાઙ્ગે સા-ઽઽદિ-અનઽ-ન્ત." ઋ૦ ૧**

**પ્રીતમ**=પ્રિયતમ. પતિ. વ્હાલામાં વ્હાલો. **ઓર**=બીજો. **કન્ત**= કાન્ત. કંથ. પતિ. **રીઝયો**=ખુશી થયો હોય તો. ખુશી થયેલો. **સાહિબ**=સાહેબ. માલિક. સ્વામી. પતિ. **સઙ્ગ**=સંબન્ધ. **પરિહરે**= છોડી દે. છોડે. **ભાઙ્ગે**= વિકલ્પે. ભેદે. **સા**-ઽઽ**દિ**= શરુઆતવાળું. **અન**-ઽ**ન્ત**=અંત વગરનું. છેડા વગરનું.**સા**-ઽઽ**દિ**-**અન**-ઽ**ન્ત**=શરૂઆત સહિતઃ અને અન્ત રહિતઃ ૧

**મોક્ષાશયી જીવની સુમતિ૦-ઋષભ જિનેશ્વર પ્રભુ** મારા વહાલામાં વહાલા પતિ છે. હું બીજા કોઇને પતિ તરીકે ચાહતીજ નથી. કેમકે-અત્યંત ખુશી થયેલા તે મારી સાથેનો સંબન્ધ શરુ કર્યા પછી અનન્તકાળ સુધી પણ છોડતા નથી. એવા એ ગુણના ભંડાર જેવા પતિ છે. ૧

પુરુષોમાં ઋષભ સમાન-પુરુષોત્તમ પુરુષ કાયમીઃ અને ઊંચાઃ પ્રકારની પ્રીતિ કરવાને લાયક ગણાય છે. એ રીતે **ઋષભ** શબ્દમાં શ્લેષ જોડાયેલો છે. એમ કરીને **શ્લેષાલંકાર**થી શ્રી **ઋષભદેવ પ્રભુ**ની પુરુષોમાં ઋષભતા સાદિ-અનન્ત ભાંગાની પ્રીતિથી સાર્થક કરી બતાવી છે.

## ૨. દુન્યવી પ્રીતિની તુચ્છતા:

**૧. પ્રથમ પ્રકાર:**

"પ્રીત-સગાઇ રે જગમાં સહુ કરે." રે
"પ્રીત-સગાઇ ન કોય.
"પ્રીત-સગાઇ રે નિરુપાધિક." કહી.
"સોપાધિક ધન ખોય." ઋ૦ ૨

**પ્રીત-સગાઈ**=પ્રીતિપૂર્વકનું સગપણ. પ્રીતિ અને સગપણ. **સહુ**=સર્વે. બધાયે. ***ન કોય**=નજીવી. નકામી. **નિરુપાધિક**=નિઃસ્વાર્થપણાની. પાછળથી હરકત ઉભી ન કરે તેવી. નિશ્ચલ. **સોપાધિક**=સ્વાર્થી, ક્ષણિક, નજીવા નિમિત્ત ઉપર રચાયેલી. **ધન**=ધન. માલ-મિલ્કત. **ખોય**=ગુમાવનારી. ગુમાવરાવનારી. ૨

**ભવાભિનન્દી જીવ૦**–"પ્રીત સગાઇ તો જગત્‌માં બધાય કરે છે. તેમાં તમારી પ્રીતિની નવીનતા શી છે?"

**મોક્ષાશયી જીવ૦**–"એ પ્રીત સગાઇ તો નકામી છે. "પ્રીત સગાઇ ઉપાધિ વિનાની-નિઃસ્વાર્થી હોવી જોઈએ." એમ કહ્યું છે. સ્વાર્થી પ્રીતિમાં તો માલ-મિલ્કત ગુમાવવી પડે છે., "અથવા, નિરુપાધિક પ્રીતિથી સોપાધિક ધન ખોવાય છે. ને નિરુપાધિક થવાય છે. જગત્‌ની પ્રીત-સગાઈ નિરુપાધિક નથી હોતી." ૨

**૨. તેથી ઉંચો બીજો પ્રકાર:**

"કોઈ કન્ત-કારણ કાષ્ઠ-ભક્ષણ કરે. રે
"મિલશું કન્તને ધાય."
"એ મેળો નવિ કદીયે સંભવે. રે
મેળો ઠામ ન ઠાય." ઋ૦ ૩

---

***ન કાઽપિ**=કાંઇયે નહીં. કોઇ ચીજ નહીં. નકામી.

**કન્ત-કારણ**=પતિને કારણે, **કાષ્ઠ-ભક્ષણ કરે**=ચિતામાં પડીને બળી મરે. **ધાય**=દોડીને. **કઇયે**=કહિયે. કંયારેય. **સંભવે**=સંભવી શકે. **ઠામ ન ઠાય**=ઠામ ઠામ ન હોય. ૩

ભ૦-"દોડીને બીજા ભવમાં મારા પતિને ઝટ મળું." એમ ધારીને ઘણી પ્રેમાળ સ્ત્રીઓ પતિ ખાતર ચિતા ઉપર ચડીને સતી થઇ બળી મરવાનું પસંદ કરે છે. એટલે સુધી નિઃસ્વાર્થી પ્રીતિ બતાવે છે."

મો૦ "એવો મેળાપ કયારેય સંભવતો નથી. કેમકે-ઠામ ઠામ મેળાપ રેઢો પડયો નથી. માટે એ પ્રીતિ પણ અજ્ઞાનતાની સૂચક છે." ૩

**૩. તેનાથી યે ઉંચો ત્રીજો પ્રકારઃ**

"કોઇ પતિ-રઞ્જન અતિ-ઘણો તપ કરે. રે
પતિ-રઞ્જન તન-તાપ."
"એ પતિ-રઞ્જન મેં નવિ ચિત્ત ધર્યું. રે
રઞ્જન ધાતુ-મિલાપ." ઋ૦ ૪

**પતિ-રઞ્જન**=પતિને ખુશ કરવા માટે. **તન-તાપ**=શરીરે કષ્ટ. **ચિત્ત ધર્યું**=મનમાં લીધું. **રઞ્જન**=ખુશ કરવાનો હેતુ. **ધાતુ-મિલાપ**=શારીરિક ધાતુના મિશ્રણ પૂરતું જ. ૪

ભ૦ "તેથી આગળ વધીને, પતિને ખુશ કરવા માટે અતિ ઘણી તપશ્ચર્યા કરનારીયે પત્ની નીકળી પડે છે. અને પતિને ખુશ કરવા માટે શરીરે અનેક અનેક કષ્ટો સહન કરીને દુન્યવી પ્રેમની પરાકાષ્ઠા બતાવે છે ને ?"

મો૦ "એ પતિ-રંજન મારા મનમાં વસતું જ નથી. તે પણ માલ વિનાનું જ હોય છે. કેમકે-રંજન કરવાનું છેવટનું લક્ષ્ય તો પરસ્પરની શારીરિક ધાતુઓનું મિશ્રણ કરવા પૂરતું જ હોય છે? કે બીજું કાંઇ?" ૪

### ૩, પારમાર્થિક ગણાતી યે લૌકિક પ્રીતિની ન્યૂનતાઃ

"કોઈ કહે– "લીલા રે અ–લખ અ–લખતણી. રે
લખ પૂરે મન–આશ."
"દોષ–રહિતને લીલા ન વિ ઘટે. રે
લીલા દોષ–વિલાસ." ઋ૦ ૫

**લીલા**=માયા. રમત. રચના. **અ–લખ**=અલક્ષ્ય. ધ્યાનમાં ન આવે એવી. સમજી ન શકાય એવી. **અ–લખતણી**=અલક્ષ્ય–બ્રહ્મની. **લખ**=લાખો. **પૂરે**=પૂરી કરે છે. **મન–આશ**=મનની આશાઓ. **દોષ–રહિતને**=દોષ વગરનાને. **ઘટે**=સંભવે. **દોષ–વિલાસ**=દોષનો પ્રભાવ. પૂરાવો. વિસ્તાર. ૫

**ભ૦** "કોઇ કહે છે, કે– "મનની લાખો આશા પૂરનારા અલખ–બ્રહ્મની અલખ લીલા છે." માટે તેની સાથેની પ્રીતિઃ એ સર્વોપરિ પ્રીતિ છે."

**મો૦** "ના, રે ! ના. દોષ વગરનાને લીલા–રમત–માયા ઘટી શકે જ નહીં, સંભવી શકે જ નહીં. કેમકે–લીલા હોવીઃ એ જ દોષોનો પૂરાવો છે. અથવા દોષોનો જ એક જાતનો એ વિસ્તાર છે." ૫

**માટે**–એક એક કરતાં ચડીઆતી ત્રણેય પ્રકારની દુન્યવી પ્રીતિઃ અને અલક્ષ્ય બ્રહ્મ સાથેની એક જાતની આધ્યાત્મિક પ્રીતિઃ એમાંની એક પણ પ્રીતિ સર્વથા નિર્દોષ નથી. તેથી **શ્રી ઋષભદેવ** જિનેશ્વર સાથેની પ્રીતિઃ એ જ જગત્‌માં ચડીઆતામાં ચડીઆતી છે. તેને કોઇ પણ પ્રકારની પ્રીતિ પહોંચી શકે તેમ નથી. આ નિચોડ છે.

### ૪. લોકોત્તર પારમાર્થિક પ્રીતિનું ફળઃ

"ચિત્ત–પ્રસન્નેઃ રે પૂજન–ફલ" કહ્યું, રે
પૂજા અ–ખણ્ડિત એહ.

કપટ-રહિત થઈ આતમ-અરપણા. રે

આનન્દ-ઘન-પદ-રેહ. ઋ૦ ૬

ચિત્ત-પ્રસન્ને=ચિત્તની પ્રસન્નતામાં. પૂજન-ફલ=પૂજાનું ફળ. અ-ખણ્ડિત=સંપૂર્ણ. ખંડિત થયા વગરની આખી. પૂરી. એહ=આ. કપટ-રહિત=કપટ વિના. અથવા ત્રણ શલ્ય વિના. આતમ - અરપણા = આત્મ - સમર્પણ. આત્મા અર્પી દેવો. આનન્દ - ઘન - પદ - રેહ = મોક્ષ પામવાની રેખા-નિશાની. આનન્દ=પરમ સુખ ઘન=સમૂહ. આનન્દ-ઘન=આનન્દમય-પરમ સુખી આત્મા. આનન્દ-ઘન-પદ=આનન્દમય આત્માનું સ્થાન. પરમ સુખના સમૂહનું સ્થાન-મોક્ષ. રેહ=રેખા. લીંટી. નાનું કારણ. પ્રાથમિક કારણ. નિશાની. ૬

આ રીતે-શ્રી ઋષભદેવ જિનેશ્વર પરમાત્મારૂપી પ્રીતમ સાથે સાદિ-અનન્ત ભાંગાની પ્રીતિ જોડવાથી, તેની પૂજા અને સત્કાર કરવો જ જોઇએ. અને "તે પૂજા સત્કારનું ફળ ચિત્તની પ્રસન્નતા રૂપે ઉત્પન્ન થાય છે." એમ મહા પુરુષોએ કહેલું છે. અને એ ફળ આપનારી પૂરેપૂરી અખંડિત પૂજા એ જ છે. કપટ રહિત થઈને-અથવા માયાઃ મિથ્યાત્વઃ અને નિદાનઃ એ ત્રણ શલ્ય રહિત થઈને-આત્મસમર્પણ કરી દેવામાં આવે, તે જ મોક્ષ પામવાની નિશાની છે.

**अभ्यर्चनादर्हतां मनः-प्रसादस्ततः समाधिश्च ।**
**तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥८॥**

ત૦ સૂ૦ સં૦ કા૦

**અર્થ:**-અરિહંત ભગવંતોની પૂજાથી મનની પ્રસન્નતા થાય છે. તેથી સમાધિ પ્રાપ્ત થાય છે. અને તેથી મોક્ષ મળે છે. માટે તેઓનું પૂજન કરવું, તે ન્યાય સંગત હકીકત છે.

**પૂજન**=વીતરાગદેવને આદર્શ તરીકે સામે રાખી-તેમના વંદન-નમન-સત્કાર કરવા તથા દ્રવ્યથી અને ભાવથી પૂજન કરવું, તે.

**મનની પ્રસન્નતા**=મિથ્યાત્વઃ અવિરતિઃ કષાયઃ અવ્રતઃ પ્રમત્ત યોગઃ વિષયાસક્તિઃ વિગેરે દોષોની મંદતાઃ અથવા લોપઃ થવાથી આત્માના ગુણોની સ્વસ્થતા. **ચિત્ત પ્રસન્ને રે પૂજન-ફળ કહ્યું, અખણ્ડિત પૂજા એહ.**

**સમાધિ**=ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવની પ્રાપ્તિઃ અર્થાત્ આત્માની નિર્મળતાઃ **કપટ-રહિત થઇ આતમ-અરપણાઃ**

**નિઃશ્રેયસ**=કેવળજ્ઞાનની પ્રાપ્તિ મારફત મોક્ષઃની-આનન્દ-ધન-પદની પ્રાપ્તિઃ **આનન્દ-ધન-પદ-રેહ.**

આ રીતે આ સ્તવનની છેલ્લી કડીમાં **શ્રી તત્ત્વાર્થાધિગમ** સૂત્રની ૮મી **સંબંધકારિકાનો** સ્પષ્ટ ધ્વનિ સંભળાય છે.

## રહસ્યાર્થઃ

**મારો પ્રીતમઃ** શબ્દ સાંભળતાં જ "કોઈ પ્રેમી પોતાના પ્રેમીની વાત કરે છે." એવો આપણને ભાસ થાય છે. **"ઓર ન ચાહું"** બીજાની ચાહના ન કરવાનું બોલનાર પહેલા પુરુષના એક વચનથી "કોઇ સાચો પ્રેમી હશે." એવી પ્રતીતિ કરાવે છે. "**કંથ-કાન્તઃ**" શબ્દઃ બોલનાર કોઇ પતિપરાયણા સ્ત્રી હોય, એવો આપણને ભાસ કરાવે છે. અને "**સાહિબઃ** શબ્દ માત્ર પતિને પોતાના સહચર તરીકે નહીં, પણ પોતાના માલિક તરીકે માનીને તેને ચાહે છે." એમ સૂચવે છે. તો આવી રીતે સાચા પ્રેમથી પ્રીતમને ચાહનાર કઈ સ્ત્રી છે?

અને "**પ્રીતમ** તરીકે વીતરાગ **શ્રી ઋષભદેવ** જિનેશ્વરને ગણે છે." અને "તે પ્રીતમ એવા છે, કે-જો રીઝે, તો સાદિ અનંત ભાંગે સંગ ન છોડે." એમ તે કહે છે. પરંતુ, વીતરાગદેવને રીઝઃ કે ખીજઃ ક્યાંથી હોય? તેમજ **શ્રી ઋષભદેવ** પ્રભુએ તો પોતાને અનાદિથી વળગેલા-સંસારનો-કર્મોનો-કુટુંબકબીલાનો-નારીનો-

પત્નીનો–સંગ છોડીને, તે સઘળા યે સંગનો અંત આણ્યો છે. અને તે અનાદિ–સાંત ભાંગે સંગ હતો, તે સાદિ અનંત ભાંગે છોડ્યો છે, ત્યારે ફરીથી સંગ કરીને, તેને અનન્ત ભાંગે જોડે તો નહીં જ. **શ્રી ઋષભદેવ** ભગવાનને વળી આ સ્ત્રી કોણ વળગી પડે છે? અને શ્રી **આનન્દઘનજી મહારાજ** જેવા મુનિવર વીતરાગદેવની સ્તવના કરતાં કરતાં આવી પ્રસંગ વિરૂદ્ધની–પ્રેમ–પ્રેમીની વાતો કરવા કેમ લાગી ગયા હશે?

**તે**નું રહસ્ય એ છે, કેઃ–

**ચરમ પુદ્ગલ પરાવર્ત**માં પ્રવેશતા શુકલ પાક્ષિક જીવો પોતાની **તથાભવ્યતાને** યોગે સહજતઃ **ભવોદ્વિગ્નઃ** થયા હોય છે. અને લેશમાત્ર **મોક્ષાશયીઃ** પણ હોવાની શરૂઆત તેઓએ કરી હોય છેઃ તેમાંના ઘણા જીવો કોઇપણ **દેવઃ ગુરુઃ** અને **ધર્મઃ** તરફ મોક્ષના આશયથી સહજ અભિરુચિ રૂપી પ્રીતિ ધરાવતા થાય છે. જ્યારે તેમાંના કોઇક જીવો તો પોતાની **તથાભવ્યતાને** યોગે અતિ લઘુ-કર્મીપણું અને અતિ અલ્પ સંસારીપણું પ્રાપ્ત થઇ જવાથી જૈનદર્શનને માન્ય દેવઃ ગુરુઃ અને ધર્મઃ તરફ પણ વિશુદ્ધ આંતરપ્રીતિ ધરાવતા થવાનું સંભવે છે. "તે પ્રીતિ ઊંચામાં ઊંચી છે." એમ બતાવવાનો આ સ્તવનનો મુખ્ય આશય છે. તે પ્રકારના જીવો માટે કહ્યું છે, કેઃ–

### जिनेषु कुशलं चित्तम्

**અર્થ**: "જિનેશ્વર દેવો ઉપર આદર ધરાવતુ મન થાય છે."

**ચ**રમાવર્તમાં પ્રવેશતા જીવને કુદરતી રીતે જ સંસાર તરફ ઉદ્વેગઃ અને **મોક્ષાશયઃ**ની ઝાંખી પ્રગટે છે. એજ વાસ્તવિક **સુમતિ** છે. એ **સુમતિને** અહિં સ્ત્રીનું રૂપક આપીને તેને અનન્ય દેવ-વીતરાગ પ્રભુ તરફ અનન્ય પ્રીતિ કરી પોતાનો વિકાસ સાધતી કવિએ કલ્પી છેઃ

**परस्परोपग्रहो जीवानाम् । ५ । २५ ।**

**તત્ત્વાર્થાધિગમ સૂત્ર**

**અર્થ:** "જીવો એકબીજાને મદદ કરે છે."
શી રીતે મદદ કરે છે?

### सम्यक्त्व-ज्ञान-चारित्र-शिक्षा-गुणा जीवाः ॥ २१८॥

**પ્રશમ-રતિ-પ્રકરણ**

**અર્થ:** "સમકિતઃ જ્ઞાનઃ ચારિત્રઃ અને ઉપદેશ: આપવાનો ઉપકાર જીવો કરે છે."

**આ** ઉપરથી **એક** જીવ બીજા જીવના વિકાસમાં નિમિત્ત કારણ તરીકે મદદ કરતા હોવાનું લોકસ્વભાવ સિદ્ધ છેઃ એ રીતે શ્રી **ઋષભદેવ પ્રભુ** પોતાથી પૂર્વના વીતરાગી બીજા જીવોનો નિમિત્ત કારણ તરીકે ઉપયોગ કરીને પોતે અનુક્રમે મોક્ષમાં પહોંચ્યા છે. અને તેમની પછીના બીજા જીવો મોક્ષમાં જવા માટે તેમનો નિમિત્ત કારણ તરીકે ઉપયોગ કરી શકતા હોય છે. આવી રીતે, નિમિત્ત કારણ તરીકે જેમ બને તેમ વધારે સારી રીતે પ્રભુનો ઉપયોગ કરવો, તેનું નામ ઉપચારથી-પ્રભુની **રીઝ:** સમજવાની છે. અને તેમનો ઉપયોગ ન કરતાં, તેમનાથી વિમુખ ભાવે વર્તવાની જીવની વૃત્તિ, તેનું નામ ઉપચારથી-પ્રભુની **ખીજઃ** સમજવાની છે.

**એજ** પ્રમાણે, મોક્ષાશયી જીવ નિમિત્ત કારણ તરીકે તેમનો ઉપયોગ કરતો જ રહે, અને કાયમ સાન્નિધ્ય રાખતો જાય, તો છેવટે તેમના જેવો પૂર્ણસ્વરૂપમાં આવી જઈને અભેદોપચારથી એકાકાર બની જાય, ત્યારે બન્નેયનો થયેલો સંગ-મેળાપ-કાયમ થઇ જાય. તેથી તે **સાદિ-અનન્ત ભાંગાનો** નવો આધ્યાત્મિક સંગ-ઉત્પન્ન થઇને અનન્ત કાળ સુધી-ટકી રહે છે. એટલે કે-અનાદિ કાળના સાંસારિક સંગનો અંત આવી જાય છે. પરંતુ, ઉત્પન્ન થયેલો આધ્યાત્મિક સાદિ સંગ અનન્ત કાળ સુધી ટકી રહે છે. સાંસારિક સંગ અનાદિ સાંત ભાંગે છે. અને આધ્યાત્મિક સંગ સાદિ અનન્ત ભાંગે છે. "માટે આ પ્રીતિ સર્વોપરિ છે." એમ મોક્ષાશયી જીવની **સુમતિ** હર્ષપુલકિત થઈને ઉચ્ચારે છે. અને જેની સાથે આવી

પ્રીતિ થાય છે, તેના આવા ગુણુ ધરાવવાના ગુણુની ઉત્કીર્તના કરીને, કવિ પણુ ઉત્કૃષ્ટ પ્રકારની તે ગુણી પરમાત્માની સ્તવના કરે છે.

ત્યારે, દુન્યવી પ્રીતિ પણુ ઘણા ઊંચા પ્રકારની થતી હોય છે, તેના સામે પક્ષેથી **ભવાભિનન્દિ** જીવની **કુમતિ** જ્યારે ઉત્તરોત્તર ઊંચા પ્રકારના દાખલા રજુ કરે છે, ત્યારે **સુમતિ** તેની તુચ્છતા બતાવી આપે છે.

"**જગત્‌માં** પ્રીત–સગાઇ તો સૌએ કરે છે. તેમાં તમારી પ્રીતિની નવાઇ શી છે?"

'**એ** પ્રીત–સગાઇમાં કાંઇ માલ જ નથી હોતો. પ્રીત–સગાઇ તો નિઃસ્વાર્થ ભાવની હોવી જોઇએ. ત્યારે જગત્‌માં થતી પ્રીતિ સ્વાર્થ માટે હોય છે. અને તેથી તેમાં ધન–માલનો ખર્ચ થાય છે. અથવા તે નિમિત્તે ધન–માલ ઘણો ગુમાવવો પડે છે. અથવા સ્વાર્થી પ્રીતિ કરનારા ધન–માલ લઇને નાશી ગયાના યે દાખલા મળે છે."

"**ઠીક**, પણુ પતિને ભવાન્તરમાં મળવાની ઇચ્છાથી તેની પાછળ સતી સ્ત્રી બળી મરે છે. તેમાં ક્યાં સ્વાર્થ છે?" "એમાં અજ્ઞાન કષ્ટ છે. એમ તે વળી, કોઇનો મેળાપ કોઇ દિવસ થતો હશે? પોતપોતાના કર્મ અનુસાર બન્ને ય જુદી જુદી ગતિમાં જન્મ લેતા હોય છે. તેથી એવો મેળાપ ઠામ ઠામ થતો જ નથી હોતો. કોઇક ખાસ જીવને ઉદ્દેશીને એવો કોઇ કવચિત્ દાખલો મળી આવે. એ ઉપરથી "દરેકનો ભવાન્તરમાં મેળાપ થાય જ. એવો કોઇ ચોક્કસ નિયમ નથી. માટે એ પ્રીતિમાં અજ્ઞાન અને મોહજ છે."*

---

* અહીં, "**શ્રી આનન્દ–ઘનજી મહારાજાએ ભારત**માં સતી થવાની પ્રાચીન કાળની વાતની સજ્જડ ટીકા કરી છે." એમ માનવાને કારણુ જણાતું નથી. કેમકે–આધ્યાત્મિક માર્ગના વિચારમાં આવા દુન્યવી રાગ–દ્વેષની ઘટનાની વિચારણાને મહત્ત્વનું સ્થાન હોતું જ નથી. તેને તો, સર્વથા તુચ્છકારવામાં જ આવે છે, એ ઉચ્ચ ભૂમિકા ઉપરથી તો એ જાતનો તુચ્છકાર બરાબર પણુ છે.

**પરંતુ, માર્ગાનુસારિતા**ના ગુણુ તરીકે–કોઇ સતી થાય, તે આર્યમહાપુરુષોએ

"પતિ માટે ઘણું તપ અને કાયા-કષ્ટ ઉઠાવનારી સ્ત્રીઓના દાખલા પણ ઘણા છે. એ પણ સામાન્ય નહીં, પણ ઊંચા પ્રકારની દુન્યવી પ્રીતિની નિશાની છે."

---

નિન્દ્ય નથી. જેમ, માલમિલ્કત, ન્યાય, ધર્મ, વચન, પ્રતિજ્ઞા, જવાબદારી, કુટુંબ, સ્ત્રીનું ચારિત્ર્ય, વિગેરેની રક્ષા ખાતર છેવટે પ્રાણ આપવા સુધીની **માર્ગાનુસારી** પુરુષની ફરજ નક્કી કરી છે. તે જ પ્રમાણે:-પતિ ખાતર માર્ગાનુસારી સ્ત્રીની પ્રાણ આપવા સુધીની ફરજ નક્કી કરવામાં આવી છે. પૂરો ભોગ આપ્યા વિના ફરજ અને ગુણની કિંમત ગણાતી નથી. આધ્યાત્મિક વિકાસમાં મદદગાર થતા દુન્યવી વ્યાવહારિક જીવનનું નામ-માર્ગાનુસારિતા કહી શકાય છે. તેનું બીજું નામ **ભારતીય આર્ય-સંસ્કૃતિ** પણ છે. જૈનદર્શનમાં પાંત્રીશ માર્ગાનુસારી ગુણોના ઉપલક્ષણથી વર્ણવાયેલી **માર્ગાનુસારિતાઃ** એ જ **ભારતીય વ્યવસ્થિત વ્યાવહારિક જીવનની આર્યસંસ્કૃતિઃ** છે.

**વૈદિકઃ** અને **બૌદ્ધ;દર્શન** પણ કેટલેક અંશે એ માર્ગાનુસારિતાનો સ્વીકાર કરતા હોવાથી, તેમનો એ જાતનો ઉપદેશ અને વ્યાવહારિક જીવન-પ્રણાલિકાઓને **કેટલેક અંશે માર્ગાનુસારી:** એટલે કે **આર્યસંસ્કૃતિના વ્યવહારો** માનવાને હરકત નથી.

**શ્રી હરિભદ્રસૂરીશ્વર મહારાજાએ "વીશ-વીશી"**માં કહ્યું છે, કે:-

**सव्वे वि वेय-धम्मा निस्सेयस-साहगा न नियमेण ॥**
**आसय-भेएणऽन्ने परंपराए तयत्थं ति ॥१॥**

**અર્થ**: "વેદમાં કહેલા દરેકે દરેક ધર્મો મોક્ષના સાધક જ છે." એમ નથી. અને બીજા પણ કેટલાક કર્તવ્યો આશયભેદથી પરંપરાએ મોક્ષના સાધક બની શકે છે."

**આ** પ્રમાણે. માત્ર માર્ગાનુસારી ભૂમિકા સુધી જ પહોંચેલી આર્ય સ્ત્રી પતિ પાછળ ભોગ આપે, સતી થાય, તે નિષેધ્ય નથી. **અકબ્બર બાદશાહે** પોતાની સત્તાથી તેમાં અટકાયત મૂકી હતી, નહીં કે-"ભારતના વિદ્વાનોની માંગણીથી." એ ભારતીય સાંસ્કૃતિક તત્ત્વોના રહસ્ય વિષેનું બાદશાહનું અજ્ઞાન સૂચવે છે. અને **યુરોપીય વિદેશી શાસકોએ** પોતાના વિચારોની અસર તળે લેવાયેલા કેટલાક અજ્ઞાત દેશી લોકોના સહકારને આગળ કરીને કાયદાથી તેની અટકાયત કરી છે. તેમાં આ દેશની આર્યપ્રજાની આચાર-

"એ ખરું: પરંતુ, તેમાં પછી આગળ વધવાનું નથી હોતું. પરસ્પરના લગ્ન થઇ ગયા, કે વિયોગીઓનો મેળાપ થઈ ગયો. એટલે

---

કટ્ટરતાના કિલ્લા તોડવાનો દૂરગામી આશય સમાયેલો છે. અને હિન્દુ-કોડની રચના વિગેરે એ આશયનો પરિપાક છે, અને બીજા પણ વધુ સ્પષ્ટ ઘણા પૂરાવા છે. હમ્મેશાં, ઉચ્ચ ગુણો અને ઉદાત્ત ગુણોના ટકાવની પાછળ તથા-પ્રકારના ભોગની વૃત્તિ પ્રજામાં કેળવ્યા વિના તે ગુણો ખીલતા નથી, ટકતા નથી, અને બીજાને દાખલારૂપ બની, તેની નીતિમત્તા ટકાવતા નથી. છેવટે, તે વિના તો પ્રજા નિર્બળ અને ચારિત્રહીન થતી જાય છે, ને પરિણામે પોતાનું વ્યક્તિત્વ નષ્ટ કરી બેસે છે.

આનું પરિણામ આપણે આપણો ઉચ્છરતો આર્ય નારી વર્ગ પણ પોતાના ચારિત્રની રક્ષાની કટ્ટરતાની બાબતમાં દિવસે ને દિવસે શિથિલ થતો જાય છે, તે રૂપે સ્પષ્ટ જોઈ શકીએ છીએ. જે સ્થિતિ આજે આપણી ગંભીર ચિન્તાનો વિષય થઇ પડી છે.

અહીં પ્રશ્ન એ થાય છે, કે-"કેટલીક વખત વગર ઇચ્છાએ, માત્ર રીવાજને તાબે થઇને, તથા દંભથી, ઘણી સ્ત્રીઓ મરણને શરણ થતી હતી. આ અનિષ્ટ કેમ ચલાવી શકાય?"

જગતમાં કોઈપણ ગુણ એવો નથી, કે-તેની સાથે અવગુણ ન જોડાઈ ગયો હોય. અને અવગુણને રોકવા સામે કોઇનો યે વાંધો પણ ન હોય. પરંતુ, અવગુણ રોકવાના હેતુ સાથે ગુણને રોકવામાં આવે, તો કોઇપણ વ્યવહાર ચાલી શકે જ નહીં. લોકોની રક્ષા કરવા પોલીસ રાખવામાં આવે છે. પરંતુ, ઘણી વખત પોલીસ જ અક્ષમ્ય ગુન્હા કરે છે. તેજ ચોરી કરવામાં, ધાડ પાડવામાં, વ્યભિચારમાં, જુગારમાં મદદ થવાના ઘણા દાખલા જાહેર થાય છે. એટલા ઉપરથી **"પોલીસ જ ન જોઈએ."** એ નિર્ણય ઉપર આવી શકાશે? અમે પણ દુર્ગુણને તો ડાંભવાનું જ કહીએ છીએ. પણ, ગુણને તો જીવતો રહેવા દેવો જ જોઇએ. તો જ અવગુણ ઓછા ફેલાય. ઘણી વખત કાયદાનો જડ આશ્રય લઇને, આજકાલ ખરી સતીને પણ રોકવામાં આવે છે, તે અયોગ્ય છે. "દંભને પોષણ ન મળે, અને સાચી વસ્તુ રોકાય નહીં." તેનું નામ સુવ્યવસ્થા છે.

"જૈનશાસ્ત્રોમાંથી તો સતી થવાના દાખલા મળતા નથી. તેનું કેમ?"

તેના કારણો છે. જો કે-**પરમાર્હત કવિ ધનપાલ** વિરચિતઃ- **તિલકમંજરી** વિગેરેમાં **તિલકમંજરી** પોતે ચિતા ખડકીને બળી મરવાની

બસ. માત્ર પરસ્પરની શારીરિક ધાતુના મિશ્રણ સુધીનું ફળ મેળવવા પૂરતી જ એ બધી હીલચાલ હોય છે. તેથી એ પતિ-રંજન કાંઇ મહત્ત્વની વસ્તુ નથી."

---

તૈયારી કરવા સુધી પહોંચવાનો દાખલો મળે છે. પરંતુ, તુરત જ ધારેલો પતિ **હરિવાહનકુમાર** હાજર થવાથી, એ વાત અટકી પડે છે.

**પરંતુ**, હજુ અમારો આશય તમે પૂરો સમજ્યા નથી. અમે સતી થવાનું માર્ગાનુસારી સુધી જ યોગ્ય માનીએ છીએ. સમ્યક્ત્વની પ્રાપ્તિઃ દેશવિરતિની પ્રાપ્તિઃ અને સર્વ વિરતિની પ્રાપ્તિઃ એને અનુક્રમે અમે "**મહાસતીપણું**: **મહાસતીતરપણું**: અને **મહાસતીતમપણું**: કહીએ છીએ. અને તેથી ઉપરાંતની ઉત્તમ નારીને **પરમ મહાસતીજી** કહીએ છીએ." એટલે પતિ સાથે સતી થવા કરતાં પણ તેઓનો ભોગ કંઇક ગણો વધી જાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી, સાંસારિક વાસનાઓ તરફ નિર્વેદ શરૂ થાય છે. સંસારમાં માત્ર ઉદાસીનતાથી જ તે રહે છે. જેમ–ધાવમાતા શેઠના–માલિકના બાળકોને રમાડે છે, છતાં તેને પોતાના બાળકો ઉપર જેવો ઉમળકો આવે છે, તેવો શેઠના બાળકો ઉપર નથી આવતો હોતો. તેજ પ્રમાણે સમકિતી નારીને સાંસારિક ભાવો તરફ ઉમળકો આવતો નથી, પણ ઉદાસીનતા હોય છે. ભલે તે દરેક વ્યવહારનું આચરણ કરતી હોય. ત્યારે પાતિવ્રત્ય એ એક એવો ગુણ છે, કે–તેમાં સ્ત્રીને લાયકના વ્યાવહારિક શિક્ષણની તમામ આવશ્યક દિશાઓ સમાઇ જાય છે. પતિ ખાતર તે શિક્ષણ લે છે, કળા શિખે છે, સ્વચ્છતા રાખે છે, પતિની આબરૂ જાળવતા શીખે છે, તેની મિલ્કતનું રક્ષણ કરે છે, તેની ખાતર અનેક જોખમ ખેડતાં શીખે છે, પતિના બાળબચ્ચાં સાચવે છે, ઉછેરે છે, તેની ખાતર કષ્ટ વેઠે છે, ધંધામાં હાર્દિક મદદ કરે છે, પ્રસંગે જવાબદારીભર્યાં કામો પણ કરી જાય છે, અને લડાઇમાં ઉતરીને રાજ્યસંપત્તિ અને બીજી જવાબદારીઓની પણ રક્ષા કરવા સુધી પહોંચી જાય છે. આ બધું, વગર શિખવ્યે, પતિવ્રતાના પાતિવ્રત્યનો સહજ જુસ્સો જ તેને અવસરે અવસરે શીખવી દે છે. પાતિવ્રત્ય વિનાનું બીજું બધું શિક્ષણ સ્ત્રીજાતને નીચે પાડવા બરાબર છે. અમલદાર તરફ સ્ટાફને અને શેઠ તર નોકરને વફાદાર રહેવાનું આજે પણ શીખવવામાં આવે છે. તેજ પ્રમાણે, મરણને ભોગે પણ બાહ્ય જવાબદારીઓ ઉપાડનાર પતિ પ્રત્યેની વફાદારી સ્ત્રીને શીખવવામાં સમાજવ્યવસ્થાની ભારે ઔચિત્યભરી વ્યવસ્થા છે.

પતિ સાથે બળી મરવામાં ભોગ મોટો દેખાવ છે. પરંતુ તેના કરતાં તશ્ચર્યા એ ગુણ મોટો હોવાથી તે કાંઈક ઉંચો પ્રકાર છે.

---

શારીરિકઃ તથા બીજા કુદરતી સંજોગોને અનુસારે ઘણી બાબતોમાં સમાનતા અને ઘણી બાબતોમાં અસમાનતાઃ હોવાથી પુરુષ અને સ્ત્રીના કાર્યક્ષેત્રઃ અને ફરજોની વ્યવસ્થા કેટલેક અંશે ભિન્નભિન્ન હોય, તે પ્રમાણભૂત છે. જેટલે અંશે ભિન્ન જોઈએ, તેટલે અંશે ભિન્ન ભિન્ન ન હોય, તો અ-વ્યવસ્થાને જ અવકાશ મળી જાય. પરિણામે સમાજનો વિનાશ થાય. આજે ઘણી ગેરસમજ ફેલાવાયેલી હોવાને લીધે આ બાબતની આટલી પ્રમાણભૂત સ્પષ્ટતા કરવામાં આવી છે. બરાબર આશય સમજનારને ગેર-સમજુતી થવાનો અવકાશ નથી.

"સ્ત્રીઓને બળી મરવાનું ઉત્તેજન આપવામાં આવે છે." એવો બેહુદો અર્થ કોઈએ કાઢવાનો નથી. "જીવનની જવાબદારીઓ અદા કરવા પાછળ ભોગ આપવાની પરાકાષ્ઠા સુધી પહોંચવાની વ્યવસ્થાને જ માત્ર અત્રે સ્થાન આપીએ છીએ. એટલું જ સમજવાનું છે."

આપણે મહામુનિઓના કે મહાસતીઓના ચરિત્રો વાંચીએ છીએ, ત્યારે તેના ઉપર મહામહા ઉપસર્ગો થાય છે, અત્યાચારોના વર્ષાદ વર્ષાવવામાં આવતા હોવાનું વાંચતાં હોઈએ છીએ, ઊભા ને ઊભા સળગાવી દેવાના પ્રસંગો બને છે, વાઘ, વરુ, એમને એમ કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા હોય ને, ચીરીને ચરડ ચરડ ચામડી તોડતા હોવાનું વાંચીએ છીએ, ને ઉપદેશમાં સાંભળીએ છીએ.

તે પ્રસંગે, તે મુનિરાજ ભાગી છુટવાની પેરવી કરે, કે-વ્રત છોડીને તાબે થઈ જાય, કે-દુઃખથી બચવા ખુશામત કરવા લાગી જતાં વાંચીએ, તો આપણને તે ગમતું નથી. સતી સ્ત્રી થોડાક અંશમાં જુલ્મીને તાબે થવાની વાત મનથી કબૂલ કરે, તો આપણને તે ગમતું નથી. પરંતુ, મરણને ભોગે પણ પોતાના ગુણનું રક્ષણ કરે, તે આપણને ગમે છે. અને તેમ કરતાં કરતાં વાંચીને આપણું દિલ તેમની પ્રશંસા કરતું હોય છે. તે વખતે, આપણે "તે મરી જાય, દુઃખી થાય, સળગી જાય." તે પસંદ નથી કરતા હોતા પણ "ગુણોની રક્ષા ખાતર તે પ્રમાણે સહન કરવું પડે, તો તે સહન કરીને પણ ગુણની રક્ષા કરે, તો સારું." એમ ઇચ્છતા હોઈએ છીએ. તે વખતે તેમના મરણ અને કષ્ટો આપણી મનોવૃત્તિમાં જ તિરોહિત-ગૌણ-બની જાય છે. અને "ગુણની રક્ષા થાય" એ જ ઇચ્છા મુખ્ય ભાગ

"તેથી આગળ વધીને-કેટલાક **શુક્લપાક્ષિક મોક્ષાશયી જીવો** વીતરાગ દેવ સાથે પ્રીતિ ન જોડતાં, ચરાચર વ્યાપી

---

ભજનતી હોય છે. દરેક કાળે ઓછાવધતા પ્રમાણમાં સદ્ગુણોની રક્ષા ખાતર એ પ્રમાણે ભોગો આપનારા નીકળી ન આવે, તો સર્વસામાન્ય પ્રજાની નૈતિક સુવ્યવસ્થાનો આદર્શ પ્રજામાં જાગ્રત્ ન રહે, ટકી ન રહે. અને ન્યાય પણ પ્રજાના જીવનમાં જીવંત રહી શકે નહીં. વ્યક્તિના કષ્ટો અને મુશ્કેલીઓની કૃત્રિમ દયા ખાઇને જેટલી જેટલી પ્રજાના ઉચ્ચ આદર્શોને તોડવાની પ્રવૃત્તિઓ આજે ચાલી રહી છે, તેનું ભાવી પરિણામ વિનાશ તરફ લઈ ગયા વિના ન જ રહે. એ નિશ્ચિત છે. સમ્યક્ત્વાદિક ઉચ્ચ-આધ્યાત્મિક ગુણોથી ઉતરતી કક્ષાની-અને ઉચ્ચ પ્રકારની માર્ગાનુસારીતાની પરાકાષ્ઠાની ભૂમિકા ઉપર રહેલી સ્ત્રીને પાતિવ્રત્ય ખાતર સતી થવાનું યોગ્ય છે. અને પુરુષને કર્તવ્ય ખાતર લડાઈ તથા બીજા પ્રસંગોમાં પોતાનો ભોગ આપી દેવો પડે છે. તે પણ બધું યથાસ્થાનેઃ સુયોગ્યઃ શોભારૂપઃ અને પ્રામાણભૂતઃ કર્તવ્યરૂપઃ છે. જૌહર કરતી પદ્મિની વિગેરે **ચિતોડની** મહાસતીઓની કોઈ જૈનાચાર્ય મહારાજાએ ટીકા અને નિર્ભર્ત્સના કરી જાણી નથી, પતિની પાછળ વફાદારીની રક્ષાઃ અને જુલ્મીઓથી શિયળની રક્ષાઃ એ બે હેતુઓ જૌહરની પાછળ હતા.

**સ**તી થવામાં આપઘાતની ગંધની પણ કલ્પના કરવાની જરૂર નથી, કેમકે-આપઘાતમાં મનોવૃત્તિની ગુંગળામણ હોય છે, કષ્ટ સહન કરવાની અશક્તિઃ વિયોગ સહન કરવાની અશક્તિઃ ગભરાટઃ લાગણીના ઉશ્કેરાટઃ વિગેરેથી મરણ પામવામાં આવે, તેનો સમાવેશ આપઘાતમાં કરી શકાશે.
**પ**રંતુ, સ્ત્રીના કર્તવ્યોને સામે રાખીને સ્વ બુદ્ધિથીઃ વિવેક બુદ્ધિઃથી પતિ પાછળ સતી થવામાં આવે, તો તેમાં કર્તવ્યનું પાલન છે, આપઘાત ગણી શકાય નહીં.

**મા**ર્ગાનુસારી આર્ય સ્ત્રીના તમામ કર્તવ્યો પાતિવ્રત્યમાં કેન્દ્રિત કરવામાં આવે છે. માટે જ તેને "પતિ એ જ દેવ. પતિ એ જ વ્રતઃ નિયમઃ વિગેરે કહેવામાં આવેલું છે, તેનો આશય એ જ છે, કે-પતિ સાથે તમામ કર્તવ્યો કરે, ધર્મ પ્રવૃત્તિ કરે. પરંતુ તે બધું પાતિવ્રત્યના અંગ તરીકે, તેને ભોગે કરવાનું સ્ત્રીને નથી હોતું. એટલે કે- તેના આધ્યાત્મિક વિકાસક્રમની તે પ્રાથમિકભૂમિકા હોવાથી, એ રીતે મર્યાદા રાખવામાં આવેલી છે. અને પતિ ઉપર પત્નીના ચારિત્ર્યની અને તેના જાનની રક્ષા માટે પ્રાણ આપવા સુધીની

**પરમ બ્રહ્મ** પરમાત્મા સાથે પ્રીતિ જોડે છે. કેમકે—અલખ લીલાના ધણી અલખ ભગવાનની સાથે પ્રીતિ જોડવાથી તે પોતાના ભક્તોના લાખો મનોરથ પરિપૂર્ણ કરે છે. છેવટે, એ પ્રીતિને તો વખાણશો કે નહીં ?”

---

જવાબદારી પણ સાથે જ મૂકી છે. તે સ્વીકારવાની સાથે જ પુરુષ જાતને કેટલીક વધુ છુટો—દેશ, ધર્મ, સમાજ, પ્રજા ને કુટુંબના હિત ખાતર બીજી મોટી જવાબદારીઓ ઉપાડવાની હોવાને કારણે—અપાયેલી છે.

બન્નેયને માટે માર્ગાનુસારિતાની આ મર્યાદા પ્રાથમિક ભૂમિકાઓમાં રહેલા અપુનર્બંધકત્વઃ આદિ ધાર્મિકઃ જીવોને ઉદ્દેશીને લૌકિક નીતિને પણ પરંપરાએ લોકોત્તર ધર્મની પ્રાપ્તિમાં કારણભૂત જૈન શાસ્ત્રકારોએ બતાવેલ છે. તેથી **વિષય ધર્મ**ની અપેક્ષાએ ભૃગુપાતાદિકની જેમ સતી થવાનું કાર્ય સ્વરૂપથી સાવદ્ય છતાં ઉતરતી ભૂમિકાની અપેક્ષાએ નિંદ્ય નથી બનતું. પણ પ્રશંસનીય બને છે. ઉચ્ચ ભૂમિકાની અપેક્ષાએ નિંદ્ય બને છે.

તેથી આગળ વધીને—સમ્યક્ત્વ પ્રાપ્તિ વિગેરે બેમાંથી કોઈપણને ઉચ્ચ ઉચ્ચ આધ્યાત્મિક ગુણો પ્રાપ્ત થાય, તો બન્નેયને—**વ્યક્તિ સ્વાતંત્ર્ય**ના નિયમને આધારે, તે પ્રમાણે વર્તવાની સંપૂર્ણ છૂટ હોય છે. તેમાં—પાતિવ્રત્ય કે—બીજી દુન્યવી ફરજો સ્ત્રીને કે પુરુષને આડે આવી શકે નહીં. લોકમર્યાદાના પાલનની આવશ્યકતા સુધી માત્ર તેને સ્થાન ખરું. પણ વિશેષ નહીં. તેથી કરીને, બ્રહ્મચર્યના પાલનમાંઃ દેશઃ કે સર્વઃ વિરતિ અંગીકાર કરવામાંઃ એકબીજાને ન્યાયને આધારે રોકી શકે નહીં. વ્યક્તિ સ્વાતંત્ર્યનો ઉપયોગ ત્યાં ઉચ્ચ જીવનમાં કરવાની આર્ય મહાત્માઓએ વ્યવસ્થા કરી છે. બીજે નહીં.

આજની અનાધ્યાત્મિક પાયા ઉપરની વ્યવસ્થામાં પણ સ્ત્રીને પણ ગમે તેટલું વ્યક્તિ સ્વાતંત્ર્ય આપવામાં આવે છે, છતાં તે ખુન કરી શકતી નથી, ચોરી કરી શકતી નથી, અર્થાત્— બીજા બધા કાયદા તેને પાળવાના હોય છે. કોર્ટની રજા વિના છુટાછેડા કરી શકતી નથી. એટલે—વધુ ઉંચા ગુણના પાલનમાં વ્યક્તિ સ્વાતંત્ર્યને સ્થાન હોય છે. પણ પડવામાં સ્થાન નથી હોતું. છતાં આજના કાયદાઓનું વલણ આધ્યાત્મિક ગુણો ખીલવવા તરફ નહીં, પણ તે ગુણોથી ચ્યૂત કરવા તરફ છે, એ અનિષ્ટ છે. ત્યારે ભારતીય તમામ વ્યવસ્થા એ ગુણોની ખીલવણીને ઉત્તેજન આપવા તરફ હોવાથી, દરેક રીતે સુવ્યવસ્થિત છે. આથી કરીને પ્રીતિયોગની ઉચ્ચ આધ્યાત્મિકતાની દૃષ્ટિથી અને બાળજીવોની સામાન્ય ભ્રમણા દૂર કરવાની દૃષ્ટિથી—કાષ્ઠભક્ષણ—ને દોષ તરીકે ગણાવે, તો તેમાં પણ અનુચિતતા નથી જ.

ત્મા, તેને પણ ઊંચા પ્રકારની પ્રીતિ કહીશું નહીં. કારણકે-પરમાત્મા જગત્માં છે. **બ્રહ્મ** એટલે આત્મા છે. પરંતુ **બ્રહ્મ** નામની કોઈ સચેતન સર્વવ્યાપક વસ્તુ નથી. [ **સરસ્વતીચંદ્ર ભાગ ૩જામાં अथ लक्ष्या-ऽ-लक्ष्य-स्वरूपमुच्यते** કહીને આખું લક્ષ્યાલક્ષ્ય બ્રહ્મનું પ્રકરણ છે. જાણવું હોય, તેણે તે વાંચવું. ]

**વૈદિક** શાસ્ત્રકારોએ-બ્રહ્મ: વિષ્ણુ: અને મહેશ: એ ત્રણ દેવના રૂપકથી સમજાવેલા ઉત્પત્તિ: સ્થિતિ: અને નાશ: રૂપ ત્રણ અવસ્થાઓ ધારણ કરતું: એક: અદ્વિતીય: ત્રૈકાલિન: લોકાલોકવ્યાપી: સત્ નામનું તત્ત્વ છે.

**उत्पाद–व्यय–ध्रौव्य–युक्तं सत् ।५।२९।**

**તત્ત્વાર્થાધિગમ સૂત્ર**

**અર્થ**: ઉત્પાદ: વ્યય: અને ધ્રૌવ્ય: યુક્ત હોય, તે **સત્.**

**જગત્**માં સર્વ ભાવોનું મૂળભૂત તત્ત્વ **સત્** હોવાથી, દરેક પ્રકારની વિશ્વઘટનામાં તે એક સર્વ પ્રકારે **સમર્થ** તત્ત્વ છે. એટલે કે- તે ઈશ્વર છે. ઈશ્વર એટલે સામર્થ્યશીલ તત્ત્વ. [ **इश्**=સમર્થ હોવું+ **वर**=પ્રત્યય. **इश्वर**=સામર્થ્યશીલ.] એમ એ પરમ સત્ રૂપ ઈશ્વર છે, એ અર્થમાં-જૈન તત્ત્વજ્ઞાન માન્ય એક વ્યાપક તત્ત્વ ઈશ્વર છે, પણ તે જડ-ચેતનાત્મક છે, એટલે તેની સાથે પ્રીતિ કરવામાં જડ સાથે પણ પ્રીતિ કરવાનો પ્રસંગ આવી જાય છે. **પરમબ્રહ્મ** સર્વવ્યાપક: એક: અદ્વિતીય: ચેતન: તરીકે માનનારાઓને પણ જગન્ની ઘટનાઓ ઘટાવવા **માયા** માનવી જ પડે છે. જો **માયા:** એટલે **લીલા:** ન માને, તો આ પ્રત્યક્ષ વિશ્વ: તેમાંના અનન્ત પદાર્થો: તથા અનેક સદ્ભૂત વ્યવહારો: વિગેરે ઘટી શકતા જ નથી. **માયાને** ગમે તેટલી અસત્ માનવા છતાં, તેની સત્તા-વાસ્તવિક સત્તા-નકારી શકાતી જ નથી.

**દૃષ્ટાંત તરીકે**-સાકર છે, અનુભવગમ્ય તેનું ગળપણ પણ સત્ વસ્તુ છે. "તે નથી." એમ નથી. માત્ર, આત્માર્થીને માટે તે

ત્યાજ્ય છે. માટે, વૈરાગ્ય વાસના જાગ્રત કરવાને "સઘળા પદાર્થો અસત્ છે." એમ ઉપચારથી કહેવામાં આવે છે. પણ "વસ્તુ નથી." એમ નથી જ. નાના પર્વત ઉપર ચડેલાની નજરે ભોંય ઉપરના કાંકરા દેખાતા નથી. તેથી "નથી." એમ લાગે છે. તે પ્રમાણે બહુ મોટા પર્વત ઉપર ચડેલાની નજરે મોટા પત્થરા પણ ચડતા નથી. તેથી "તે નથી." એમ તેને લાગે છે. પણ વાસ્તવિક રીતે "નથી." એમ નથી, પરંતુ કાંકરા અને પથરા વસ્તુ તરીકે છે જ. છતાં, એમ માનવું, એ **અસદ્ગ્રહ**–દુરાગ્રહ છે. એટલે સુવિશુદ્ધ આત્માને જ પરમાત્મા માની, તેની સાથે પ્રીતિ કરવી. એ જ સાચી અને ઉચ્ચમાં ઉચ્ચ કોટિની પ્રીતિ છે–સાચો **પ્રીતિયોગ** છે, અને તેથી જ વીતરાગ પરમાત્મા **શ્રી ઋષભદેવ પ્રભુ**ના ઉપલક્ષણથી તેવા પરમાત્માઓ સાથેની પ્રીતિઃ એ જ સાચી પ્રીતિ હોવાનું ઠરાવવામાં **શ્રી આનન્દઘનજી મહારાજ**ની વાણીનો પ્રભાવશાળી પ્રકાશ અસરકારક નિવડી જાય છે.

**લીલા–માયાઃ** એ તો દોષોનો વિસ્તાર છે. નિર્દોષ પરમાત્મામાં એવો દોષ હોઈ શકે જ નહીં. છતાં, કોઈ સાધક એ ન માને, અને એ રૂપે પણ પરમાત્મા માનીને કોઈપણ **ચરમાવર્તી** જીવ તેની સાથે પ્રીતિ જોડે, તો પણ તે **પ્રીતિ–યોગ**માં ગણાય છે. તે માત્ર **અસદ્ગ્રહ યુક્ત** પ્રીતિ યોગ ગણાય છે. તે છોડે, ત્યારે સાચો–**સદ્ગ્રહ યુક્ત**–પ્રીતિયોગ પ્રાપ્ત થાય છે. તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે પ્રીતિની કક્ષા એટલી ઉતરતી સમજવી.

જગત્માં પદાર્થો ચાર ભાંગે હોય છે. ૧. સાદિ–સાન્તઃ ૨. સાદિ-અનન્તઃ ૩ અનાદિ–સાન્તઃ ૪. અનાદિ–અનન્તઃ ૧. આપણો ચાલુ ભવ સાદિ–સાન્ત છે. ૨. ભવિષ્યકાળ સાદિ–અનન્ત છે. ૩. ભૂતકાળ અનાદિ–સાન્ત છે. ૪. જગત્ અનાદિ–અનન્ત છે

**એ** ચાર ભાંગામાંથી **શ્રી ઋષભદેવ પ્રભુ** સાથેની પ્રીતિ **સાદિ–અનન્ત ભાંગે** થઈ શકે છે. અર્થાત્– તેમની સાથેનો ગૂઢ રીતે કે પ્રગટ રીતે ગાઢ સંબન્ધ થયા પછી, અનન્ત કાળ સુધી તે ટકી રહે છે. તે આ રીતેઃ–

**ક્ષાયિક સમ્યક્ત્વ રૂપ** પરમ પ્રીતિ ઉત્પન્ન થાય છે, ત્યારે તે તો સાદિ–અનન્ત ભાંગે જ હોય છે. તે પહેલાં સામાન્ય **પ્રીતિ અનુષ્ઠાન**ની શરૂઆત પણ સાદિ–અનન્ત ભાંગે જ હોય છે. તેમાં વધઘટના પ્રસંગો ભલે બનતા હોય, પરંતુ એક વખત આત્મામાં ઉત્પન્ન થયેલો એ સંસ્કાર મૂળથી કદી નાશ પામતો નથી.

**શુક્લ પાક્ષિક જીવને** શરૂઆતથી જ કોઇપણ પ્રકારના **દેવ: ગુરુ: ધર્મ**: ધર્મીઓ: તથા ધર્મના અંગો: તરફ સહજ **પ્રીતિ** થવા વાગે છે. એમ, મોક્ષ તરફ ક્રમે ક્રમે વધતા જતા તે મોક્ષાશયી જીવની તદ્દન પ્રાથમિક સુંદર વલણને **સુમતિ**–સદ્બુદ્ધિ–આત્મગુણ રૂપ એક સુંદર અને સદ્ગુણી સ્ત્રી તરીકે કલ્પવામાં આવેલી છે.

**આ**ત્માના સંસાર પર્યાયના કારણોરૂપ વૈભાવિક ગુણોને **કુમતિ** કલ્પી શકાય છે.

**શુક્લ પાક્ષિક જીવને** પ્રથમ **૧. પ્રીતિ અનુષ્ઠાન યોગ**: પછી **૨. ભક્તિ અનુષ્ઠાન યોગ**: પછી **૩. શાસ્ત્રોક્ત વચનો પ્રમાણે**–આજ્ઞા પ્રમાણે ધાર્મિક જીવન જીવવાની ભૂમિકારૂપ **વચનાનુષ્ઠાન યોગ**–પ્રાપ્ત થાય છે. અને છેવટે **૪. અસંગ અનુષ્ઠાન-નિરાલમ્બન-અનુષ્ઠાન:**યોગની ભૂમિકામાંથી પસાર થઈ આત્મા મોક્ષ પામે છે.

**આ** વિકાસક્રમ પણ નય–સાપેક્ષ રીતે સમજાવવામાં આવ્યો છે. આ સામાન્ય ક્રમ છે. કોઇ જીવને વિશેષપણે **તથાભવ્યતાને** યોગે ચારમાંથી કોઇપણ એક યોગ મુખ્યપણે અથવા ચારેય યોગો એકીસાથે પણ ન્યૂનાધિકપણે પ્રગટ થવાનું બને છે.

**પ્રીતિ અનુષ્ઠાન**: અને **ભક્તિ અનુષ્ઠાન**:નો ફરક બતાવવા માટે શાસ્ત્રમાં **પત્ની** અને **માતા**નું દૃષ્ટાંત આપેલું છે. પતિની પત્ની તરફ પ્રીતિ હોય છે, અને પત્નીની પતિ તરફ પ્રીતિ હોય છે. પુત્રની માતા તરફ ભક્તિ હોય છે, અને માતાનો પુત્ર તરફ વાત્સલ્યભાવ હોય છે. પત્ની અને માતા તરફની લાગણીમાં આ

જાતનો ફરક હોય છે. **પ્રીતિ**માં આકર્ષણ હોય છે, **ભક્તિ**માં ભજવાનું એટલે કે-વળગવાનું ચોંટવાનું આકર્ષણ હોય છે. ઉપ-રાંત, નિકટતાનો સંબન્ધ ટકાવવાનો હોય છે. તેમાં બહુમાન મુખ્ય હોય છે. દેવઃ ગુરુઃ અને ધર્મઃ અને તેના અંગોઃ તરફ અતિ આદર અને બહુમાન ઉત્પન્ન થયું હોય છે.

**આ**થી શુક્લ પાક્ષિક જીવની સદ્બુદ્ધિરૂપી ગુણને સુમતિ રૂપી સ્ત્રીનું રૂપક આપીને વીતરાગ પરમાત્મા રૂપી પતિ સાથે ઊંચામાં ઊંચા પ્રકારની પ્રીતિ કેળવવાની ઘટના બતાવીને પ્રીતિ-અનુષ્ઠા-નના સ્વરૂપની પરાકાષ્ઠા-ઊંચી હદ બતાવી છે. એમ કરીને સ્તવનકારે ઉચિત કલ્પના કરવામાં પોતાની કવિત્વ શક્તિનો ભારે સુંદર પરિચય આપ્યો છે.

**અમે સુમતિ** રૂપકને બદલે મુખ્યપણે **મોક્ષાશયી આત્મા** પાત્રને દરેક પ્રસંગે મુખ્ય રાખેલ છે. **પ્રીતિઃ** અને **ભક્તિઃ અનુ-ષ્ઠાનો**નો અંતિમ આદર્શઃ-બહિરાત્મભાવ છોડીને પોતાના આત્માને સંપૂર્ણ પરમાત્મરૂપ બનવા માટે સમર્પિત કરી દેવાનો છે.

**પ્રી**તમ સાથેના પ્રેમથી પત્ની તેના પૂજા ને સત્કાર કરે, તેથી પતિ પ્રસન્ન થાય એમ પરમાત્મારૂપ પતિને આત્મ સમર્પણ કરવાથી પરિણામે મોક્ષની પ્રાપ્તિ થાય. એટલે પ્રીતિ અને ભક્તિ પણ પરંપરાએ મોક્ષની નિશાની બની રહે છે.

**નિઃશલ્યપણુંઃ** અને **આત્મ સમર્પણાઃ** એજ મોક્ષ મેળવ-વાની મહત્ત્વની ભૂમિકા છે-મુખ્ય ચાવી છે.

**મા**યા-કપટ રહિતપણું તો **આદિ ધાર્મિક** માટે ખાસ જરૂરી સૂચવ્યું છે. કેમકે-ખાસ કરીને **મિથ્યાત્વ શલ્યઃ** તો સમકિત થાય, ત્યારે જ જાય છે. અંશતઃ મિથ્યાત્વની ન્યૂનતા સમકિત થયા પહેલાં પણ થઇ જાય છે. **નિયાણા રૂપ શલ્યઃ** તો સમકિત હોય, તો પણ ચારિત્રાવરણીય કષાયના ઉદયથી સંભવે છે.

**જે** આદિ ધાર્મિક જીવે ગ્રન્થિભેદ કરેલો ન હોવાથી તથાપ્રકારનો વિશિષ્ટ ક્ષયોપશમ તેને હોતો નથી. તો પણ તથાભવ્યતાને યોગેઃ

થયેલી કર્મ લઘુતાને લીધેઃ સત્ક્ષયોપશમને યોગેઃ શાસ્ત્રનો બોધ પ્રાપ્ત કરી, સાચો શ્રદ્ધાળુ બની, ધર્મના અનુષ્ઠાનોનું શલ્ય રહિત પણે સેવન ઓઘથી કરી શકે છે. જ્યારે ગ્રન્થભેદ કરી સમકીત પ્રાપ્ત કરેલો ઉત્તમ શ્રદ્ધાયુક્ત જીવ વિવેકપૂર્વક ધર્માનુષ્ઠાનોનુ સેવન કરી શકે છે. બન્નેયમાં આ ફરક હોય છે.

**લો**ક વ્યવહારમાં જેમ ખરી ચિઠ્ઠી ઉપર તેના ખરાપણાની નિશાની રૂપે યોગ્ય અધિકારી તરફથી લીંટી મારવામાં આવે છે, એ લીંટી મારેલી–રેખા કરેલી ચિઠ્ઠી ખરી હોય છે, તેથી તે સ્વીકારાય છે અને તેમાં લખેલી રકમ કે ચીજ મળે છે. તે પ્રમાણે, નિષ્કપટ ભાવનું આત્મ-સમર્પણઃ મોક્ષની રેખાઃ લીંટીઃ નિશાનીઃ બની રહે છે. અથવા 'પરંપરાએ' **પ્રીતિ અનુષ્ઠાન** પણ મોક્ષની રેખા બની રહે છે.

**પ્રી**તિ અનુષ્ઠાનની ભૂમકામાંથી પસાર થતો સાધક પ્રભુનાં શરીરઃ શોભાઃ અંગરચનાઃ વેશઃ સત્તાઃ શણગારઃ અધિકારઃ રાજ્યવૈભવઃ મીઠીવાણીઃ વગેરેને લગતા બાહ્ય વર્ણનો કરેઃ તેના ઉપર રાગ બતાવેઃ પ્રીતિભર્યા ઠપકા આપેઃ રીસામણાં મનામણાંના ભાવો વ્યક્ત કરેઃ રાગઃ કે અમર્ષઃજન્ય વચનોદ્‌ગારો કાઢેઃ માલિક તરફ સેવકની ભાવનાઓ જેવી ભાવનાઓ વ્યક્ત કરેઃ પતિ પત્ની તરીકેનીઃ પિતા પુત્ર તરીકેનીઃ તથા એવા બીજા દુન્યવી પ્રેમના આરોપો કરવાની ભાવનાઓ વ્યક્ત કરેઃ તે વિગેરે પ્રીતિ અનુ-ષ્ઠાન સાથે સંગત જાણવા. અને તે બધા અતિ આદર અને બહુમાન પૂર્વક કરે, તો તે ભક્તિ–અનુષ્ઠાનરૂપ પણ જાણવા.

**પ**રમાર્થથી વિચાર કરતાંઃ પોતાના આત્મામાં ઊંડે ઊંડે મોક્ષની અભિલાષા ચરમાવર્તી જીવમાં જાગ્રત્ થવા લાગે છે. તેથી મોક્ષના સાધક દરેક બાહ્ય નિમિત્ત–કારણો પણ તેને ગમવા લાગે છે. વીતરાગ દેવ ઉપરની **પ્રીતિ** અને **ભક્તિનું** મૂળ કારણ પોતાના આત્મા ઉપરની પ્રીતિ અને ભક્તિ જ હોય છે. એટલે, પોતાના આત્માને જ–પોતાના જ પરમાત્મભાવને જ પોતે–સમર્પણ થવાનું હોય છે. **દેવઃ ગુરુઃ ધર્મ**ઃ તથા તેના સાધનોઃ તેને ગમે છે,

તેનું કારણ—તે સૌ આત્માના જ પ્રકાશો હોય છે, તે છે. **દેવપણું: ગુરુપણું**: અને રત્નત્રયીમય **ધર્મ:** આત્માના જ પ્રકાશો છે. આત્મામાંથી જ પ્રગટ થતા પ્રકાશો છે. માટે **મોક્ષા**-શયી આત્માને તે ગમે છે.

**સાધકનો**-પોતાનો આત્મા: સ્તવનકાર **આનન્દ ઘનજી** મહારાજ: શ્રી **ઋષભદેવ પ્રભુ**: અને **મોક્ષ:** એ સૌ ભિન્ન ભિન્ન છતાં **એક** રૂપ ભાસે છે. અને **આનન્દ ઘનજી મહારાજ** પોતાનામાં: **અને** સાધકમાં: આ સ્તવન મારફત એકાકાર પ્રતીતિ ઉત્પન્ન કરવાની નય-સાપેક્ષ કળા પોતાની કવિત્વ શક્તિ મારફત જાગ્રત્ કરે છે. **અહીં**—સ્તવનકારના નામનો નિર્દેશ કરવા ઉપરાંત, **આનન્દ-ઘન** શબ્દનો અર્થ: મોક્ષમાં રહેલા આત્માના આનંદનો સમૂહ: એવો કરવામાં આવેલો છે.

# ૨. શ્રી અજિત-નાથ-જિન-સ્તવન.

## મહા માર્ગની શોધમાં: – માર્ગાભિમુખપણું:

**શ્રી** વીતરાગ પરમાત્મા સાથે પ્રીતિ જોડ્યા પછી **પરમાત્માને** મળવા જવા માટેના માર્ગની શોધ કરી, માર્ગની સન્મુખ જવા કોઇ મોક્ષાશયી જીવ મહેનત કરે છે. તેને સાચો માર્ગ મળવામાં ઘણા વિઘ્નો નડે છે, છતાં નિરાશ ન થતાં આશામાં ને આશામાં જીવન્ત રહી, પોતાનો પ્રયાસ ચાલુ રાખે છે.

**રાગ: આશાવરી:** "મારું મન મોહ્યું રે **શ્રી વિમળાચળે રે.**"-**એ દેશી:**

**૧. શ્રી પરમાત્મા અજિત-ગુણોના ધામ છે.:—**

પંથડો નિહાળું રે બીજા જીન તણો રે
"અ-જિત" અ-જિત-ગુણ ધામ.
જે તેં જિત્યા, રે તેણે હું જિતિયો, રે
"પુરુષ" કિશ્યું મુજ નામ ? પં૦ ૧

**પંથડો**=પંથ, માર્ગ, રસ્તો. **નિહાળું**=જોઉં, શોધું, ખોળું, તપાસું,

ઝાંખી કરૂં. **અ-જિત=અજિતનાથ** નામનાબી જા તીર્થંકર ભગવાન. **અજિત-ગુણ-ધામ**=બીજાથી ન જીતી શકાય તેવા ગુણોના સ્થાન સરખા. **ધામ**=ઘર, સ્થાન, ભંડાર. **જિતિયો**=જિતાઇ ગયો. **કિશ્યું**=શી રીતે? **મુજ**=મારું. ૧

કોઇથી યે ન જીતી શકાય તેવા ગુણોના ભંડાર **શ્રી અજિતનાથ** નામના બીજા તીર્થંકર પ્રભુનો માર્ગ હું ખોળી રહ્યો છું. પરંતુ હે **અજિતનાથ** પ્રભો! આપે જે દોષોને જીતી લીધા છે, તેનાથી હું જીતાઇ ગયો છું. તેથી કરીને મને "પુરુષ" શી રીતે કહી જ શકાય? પુરુષાર્થી હોય, તે પુરુષ કહેવાય. પુરુષાર્થી હોય, તે બીજાથી હારે નહીં. હું હાર્યો, માટે પુરુષ નહીં. આપ જીત્યા, માટે સાચા પુરુષ. તો હવે હું પુરુષ કેમ બની શકું? આપ પુરુષ બન્યા તે રીતે, અવગુણોને જીતીને અજિત ગુણનો ધામ બનું, તો હું પુરુષ બની શકું. માટે પુરુષ બનવા માટે હું આપ જે માર્ગે પુરુષ બન્યા, તે માર્ગ ખોળવા નીકળ્યો છું. ૧

પ્રભુનું નામ **અજિત-નાથ** છે. તે સાર્થક કરવા **અ-જિત-ગુણના ધામ:** એ શબ્દો વાપરીને **શ્લેષથી** પ્રભુનું નામ સાર્થક કરી બતાવ્યું છે.

## ૨. માર્ગ મળવામાં મુશ્કેલીઓ:

### ૧ લી મુશ્કેલી:

**ચર્મ-નયન કરી મારગ જોવતાં, રે**
**ભૂલ્યો સ-યલ-સંસાર.**
**જેણે નયણે કરી મારગ જોઇએ, રે**
**નયણ તે દિવ્ય-વિચાર.** પં૦ ૨

**ચર્મ-નયન-કરી**=ચામડાની આંખોએ કરીને. **સ-યલ-સંસાર**=આખો સંસાર, આખું જગત્, જગત્‌ના તમામ લોકો. **જેણે નયણે કરી**=જે આંખોએ કરીને. **દિવ્ય-વિચાર**=દિવ્ય-પારમાર્થિક વિચારણા. ૨

માણસની આ ચામડાની આંખોએ કરીને આપનો માર્ગ જોવા જતાં, તો આખું જગત્ ભૂલું જ પડી ગયું છે. કેમકે–જે આંખોએ કરીને એ માર્ગ જોઇ શકાય તેમ છે, તેને માટે તો પારમાર્થિક વિચારણા રૂપ નયન જ જોઇએ. એટલે કે–દિવ્ય વિચારણા રૂપી આંખો વિના મસ્તકમાં રહેલી ચામડાની આ આંખોથી એ માર્ગ જોઈ શકાય તેમ છે જ નહીં. પણ દિવ્ય–વિચારણા રૂપ સમ્યક્ત્વ નયન હજી મને મળ્યા નથી. આ પહેલી મુશ્કેલી. ૨

**૨. ૩. બીજી ને ત્રીજી મુશ્કેલીઓ**

**પુરુષ–પરમ્પર–અનુભવ જોવતાં, રે અન્ધો–અન્ધ પુલાય.**
**વસ્તુ–વિચારે રે જો આગમે કરી, રે ચરણ–ધરણ નહીં ઠાય.**
**પં૦ ૩**

**પરમ્પરા**=એક પછી એકની હાર દોરી. **પુરુષ–પરમ્પરા**=કોઈ પ્રસિદ્ધ પુરુષની પછીના–એક પછી એક પુરુષની હાર દોરી. **અનુભવ**=સમજણ, જ્ઞાન, જાત પરિચયથી જ્ઞાન. **પુરુષ–પરમ્પર–અનુભવ**=મુખ્ય પુરુષની પછીના પુરુષોની હાર દોરીનો અનુભવ. **અન્ધો–અન્ધ**=આંધળાની પાછળ આંધળો. **પુલાય**=પળે, ચાલે, જાય. **વસ્તુ**=વસ્તુસ્થિતિ, પદાર્થવ્યવસ્થા. **આગમ**=શાસ્ત્રો, શાસ્ત્રપ્રમાણ. **ચરણ**=પગ. **ધરણ**=ધરવાનું, મૂકવાનું. **ઠાય**=ઠામ ઠેકાણું. ૩

કોઇ પ્રસિદ્ધ પુરુષનો અનુભવ તેની પછીના એક પછી એકની પાછળ વારસાથી હારદોરીએ ચાલ્યા જતા પુરૂષો મારફત ચાલ્યો આવતો હોય, તેને પ્રમાણ માની, તેને આધારે જોવા જતાં પણ માર્ગ મળી શકે તેમ નથી. કેમકે–એમ તો આંધળાની પાછળ આંધળો ચાલ્યો જતો હોય, ને તેની પાછળ પોતે પણ જાય, તો પાછળ જનારો પણ તેઓની સાથે જેમ ખાડામાં જ પડે, તેના જેવું થાય. આંધળાની પાછળ દેખતો કે આંધળો જાય, તોપણ સૌ ખાડામાં પડે. પણ, દેખતાની પાછળ આંધળો કે દેખતો જાય, તો

ખાડામાં ન પડે. માટે **નેતા** દેખતો જોઇએ. પછી, તેના ઉપરની શ્રદ્ધા, તે અંધશ્રદ્ધા ન ગણાય. એ રીતે સર્વજ્ઞ શ્રી તીર્થંકર દેવો ઉપરની શ્રદ્ધા સુશ્રદ્ધા ગણાય.

**अन्धो अन्धं पहं नित्ता पुरमद्धा न गच्छइ ।**

**અર્થ**:–આંધળાને રસ્તે ચાલતો આંધળો શહેરમાં પહોંચી શકે નહીં.

**આ બીજી મુશ્કેલી:**

**શાસ્ત્ર**–પ્રમાણની મદદ લઇને સાચી વસ્તુસ્થિતિનો વિચાર કરવા જઇએ, તો પણ ક્યાંય પગ મૂકવાની જગ્યા મળે તેમ નથી. કેમકે–

**"શાસ્ત્રો ઘણાઃ મતિ થોડલીઃ"**

**અબુધ** જીવને શાસ્ત્રો સમજવા ઘણા મુશ્કેલ છે. અને શાસ્ત્રજ્ઞને પણ એકલા શાસ્ત્રોથી યે માર્ગ મળી જવો મુશ્કેલ છે. કેમકે–તે ઉપરાંતના બીજા સાધનોની પણ જરૂર પડે છે. આ ત્રીજી મુશ્કેલી: ૩

**૪. ૫. ચોથીઃ ને પાંચમીઃ મુશ્કેલીઓઃ**

**તર્ક–વિચારે રે વાદ–પરમ્પરા. રે પાર ન પહોંચે કોય.**
**અભિમત–વસ્તુ વસ્તુ–ગતે કહે, રે તે વિરલા જગ જોય.** પં૦૪

**તર્ક–વિચારે**=તર્ક એટલે અનુમાન પ્રમાણના તર્કની મદદથી. **વાદ–પરમ્પરા**=વાદમાંથી વાદ નીકળતો જ જાય. વાદવિવાદનો લાંબો તાર-લાંબો તાંતો. **પાર**=છેડો. **અભિમત–વસ્તુ**=મનધારી વસ્તુ, સાચી વાત, સાચી માહિતી. **વસ્તુ–ગતે**=ખરેખરી રીતે, સાચી રીતે. **વિરલા**=કોઇક જ. **જોય**=જોવામાં આવે, જોઇ શકાય. ૪

**તર્ક** એટલે અનુમાન પ્રમાણના તર્કોની મદદથી માર્ગ સમજવાનો પ્રયાસ કરવા જતાં તો વાદ–વિવાદનો લાંબો ને લાંબો તાર ફેલાવા લાગી જાય છે. તેનો છેડો લાવીને સાચો નિર્ણય કોઈ કરી શકતા નથી. તેનો છેડો જ આવતો નથી.

**वादान् प्रति--वादान् हि वदन्तो निश्चितानिव ।**
**पक्षाऽ--न्तं नैव गच्छन्ति तील--पीडनकवद् गतौ ।१।२६।२७। चरकसं०**

**અર્થ**--"કેમ જાણે કે-ખરી વાત કરતા હોય, તેવી રીતે વાદ અને પ્રતિવાદ કરવાથી ઘાણીના બળદની માફક કોઇ પણ પક્ષનો છેડો આવતો નથી."

આ ચોથી મુશ્કેલી:

ખરેખરી રીતે સ.ચી વાત સમજાવે તેવા શુદ્ધ ઉપદેશકો જ જગત્માં કોઇક વિરલા જ જોવામાં આવે છે. તેથી તેનો ભેટો થવો મુશ્કેલ છે.

આ પાંચમી મુશ્કેલી: ૪

**૬. છઠ્ઠો: મુશ્કેલી: અને ૧, પહેલો મુખ્ય આધાર:**

**વસ્તુ-વિચારે રે દિવ્ય-નયન તણો રે વિરહ પડયો નિરધાર.**
**તર-તમ-જોગે રે તર-તમ-વાસના-રે વાસિત-બોધ આધાર.**
**પં૦ ૫**

**વસ્તુ-વિચારે**=વસ્તુનો વિચાર કરવામાં. **દિવ્ય-નયન તણો**=દિવ્ય નયનવાળા-કેવળ જ્ઞાનવાળા ભગવાનનો. **વિરહ**=વિયોગ, અભાવ. **પડયો**=થયો. **નિરધાર**=ચોક્કસ. **તર-તમ-જોગે**=ઓછાપણા અને વધારેપણાના ક્રમિક દરજ્જા થતા હોવાને લીધે: **તર-તમ**=ઓછો-વધતો. **વાસના**=જ્ઞાનનો ક્ષયોપશમ. **વાસિત**=સુવાસિત, સંસ્કારિત. **બોધ**=ચોક્કસ ખરૂં જ્ઞાન, સત્ય બોધ, સમજ, અનુભવ. **તર-તમ-વાસના-વાસિત-બોધ**=ઓછા અને વધતા: એમ ચડતા ઉતરતા દરજ્જાના જ્ઞાનના ક્ષયોપશમના સંસ્કારને લીધે ઉત્પન્ન થયેલું સત્ય જ્ઞાન. **આધાર**=મદદ, ટેકો, આધાર રૂપ, આશ્રય, આશરો. ૫

વસ્તુનો સાચો વિચાર કરવામાં કેવળ જ્ઞાની વિગેરે અતિશયવંત ભગવંતોનો વિયોગ થયો હોય, ત્યારે તેમની પણ મદદ મળી શકે નહીં. આ છટ્ઠી મુશ્કેલી:

તો હવે શું કરવું? આ છ મુશ્કેલીઓથી નિરાશ થઇને માર્ગની શોધ છોડી દેવી? શું કોઇ આશા જ નથી? ના. આશા છે.

જગત્માં જે કાળે જે વધુ બુદ્ધિમાન અને સમ્યક્ ચારિત્રશીળ પુરુષો હોય, તેમનો બોધ માત્ર આધાર રૂપ થાય છે.

જગત્‌માં દરેકની જ્ઞાનશકિત એક સરખી હોતી નથી. દરેકના જ્ઞાનમાં ઓછા–વધતાપણું એટલે તર–તમ–જોગઃ હોય છે. આ તર–તમતાના સંજોગને લીધે સમ્યગ્‌જ્ઞાનનો ક્ષયોપશમ પણ ઓછો વધતો હોવાનો જ. અને એ રીતે, જે કાળે, જેનો ક્ષયોપશમ ઊંચા પ્રકારનો હોય, અને તેવા પુરુષોમાં ગીતાર્થ તરીકેના સ્થાન સુધી ખેંચાઇ આવીને–તેઓમાંના પણ જે ચડતા ક્રમે ચઢિયાતામાં ચઢિયાતો બોધ ધરાવતા હોય, તેમનો એ બોધ–**ગીતાર્થપણું**–તેજ આધાર રૂપ થાય છે. તેવા પુરુષોની નિશ્રા જ એક આધાર રૂપ બને છે. સદ્‌ગુરુનો મેળાપ પણ ભાગ્યવાનને જ થાય છે, અને કદાચ તે થઈ જાય.

**गीय–ऽत्थो य विहारो बीओ गीसय–ऽत्थ–निस्सिओ भणिओ।**
**इत्तो तईय–विहारो नाऽणुण्णाओ जिण–वरेहिं ॥**

**અર્થઃ**–"ગીતાર્થ તરીકેની જીવનચર્યા–**માર્ગઃ** અને બીજીઃ ગીતાર્થને આધારે રહીને જીવન ચર્યા–**ગીતાર્થ નિશ્રિત માર્ગઃ** કહેલ છે. તે શિવાયનો ત્રીજો કોઇ પણ પ્રકારનો જીવનમાર્ગ જિનેશ્વર દેવોની આજ્ઞા પ્રમાણેનો નથી."

આ એક **આધાર.** ૫

**૨. પંથ મળવાની આશાઃ અને ૩. ત્યાં સુધી જીવતા રહેવા માટેની જીવનદોરીઃ**

"કાળ–લબ્ધિ લહી પંથ નિહાળશું." રે
એ આશા અવલમ્બ.
એ જન જીવે રે જિનજી! જાણજો–રે
આનન્દ–ઘન–મત–અંબ. પં૦ ૬

**કાળ–લબ્ધિ**=કાળનો પરિપાક પહોંચવા રૂપ આત્માની શક્તિ, આત્માનો પર્યાય. **લહી**=મેળવીને. **પંથ**=આપનો માર્ગ. **નિહાળશું**=જોઇ શકીશું. **અવલંબ**=ટેકો, આધાર. **આનન્દ–ઘન**=આત્મા. **મત**=વિચાર. **અમ્બ**=ટેકો. (આંબવું–પકડવું, ટેકો લેવો.) **આ-**

**નન્દ-ઘન-મત-અમ્બ**=આત્મવિકાસની ઇચ્છાનો-મોક્ષાશયનો શુકલપાક્ષિકપણું વિગેરેનો-જેને ટેકો હોય. ૬

" કાળ પાકવા રૂપ લબ્ધિ પ્રાપ્ત થયા પછી આપનો માર્ગ જોઇ શકવાના છીએ જ." આ આશા પણ મોટામાં મોટો **આધાર** છે. આ એક **આશાઃ**

**આનન્દ-ઘનજી** મહારાજ કહે છે, કેઃ-

હે જિનેશ્વર પ્રભુ! આનન્દ-ઘન-મત એટલે કે-મોક્ષાશયી પ્રવૃત્તિઃ તેનો જેણે આધાર લીધો હશે, તે પણ જન-આત્માઃ છેવટે જીવવાનો છે. એટલે કે-મોક્ષાશયી જીવ આત્મ વિકાસના લક્ષ્યમાં ટકી રહેવા રૂપે જીવતો રહી માર્ગ પામી શકવાનો જે. "જીવતો નર ભદ્રા પામે." આ એક **જીવનદોરીઃ** ૬

## ૨ હ સ્યા ર્થઃ

**અહીં** પણ, **હુંઃ** અને **મુજઃ** શબ્દોનો વાત કરનારવ્યક્તિ પહેલા પુરુષ એક વચનમાં ઉપયોગ કરે છે. **તેંઃ જીત્યાઃ** માં સાંભળનાર પ્રભુ છે. માટે બીજા પુરુષ એક વચનનો પ્રયોગ કર્યો છે. તેથી એમ સમજાય છે, કે-મોક્ષાશયી જીવ પ્રભુને માર્ગ પૂછે છે. માર્ગ મેળવવાના જુદા જુદા ઉપાયો લોક પ્રસિદ્ધ છે. પરંતુ તે દરેક એકદેશી હોવાથી તેની સાથે કાંઈ ને કાંઇ મુશ્કેલી જોડાયેલી છે. તેથી **તે** ઉપાયો હજી માર્ગ મળવામાં બરાબર સહાયક થતા નથી. કેમકે-સાધકે તો હજી પ્રાથમિક ભૂમિકાઓમાં પ્રવેશ કર્યો છે.

**૧** ચર્મનયનઃ ૨ પુરુષ પરંપરાઃ ૩ શાસ્ત્રોની વિશાળ સગવડઃ ૪ તર્ક વિચારઃ ૫ શુદ્ધ ઉપદેશકઃ ૬ કેવળ જ્ઞાનિ વિગેરે અતિ શળવંત પુરુષોઃ સામાન્ય રીતે આ છ માર્ગ પામવાના ઉપાયોઃ ગણાય.

**તે** છયેયમાં-હજુ અશકત જીવને છ મુશ્કેલીઓ નડે છેઃ-**૧** ભૂલા પડી જવાનો ભય છે. કેમકે-આ માર્ગ જોવા માટે ચામડાની

આંખો કરતાં દિવ્ય–વિચારણા રૂપી આખોની જરૂર પડે છે. તે હજી બરાબર મળી નથી. ૨ આંધળાની પાછળ આંધળાએ જવા જેવું થાય છે. ૩ આગમોમાં ચંચુપાત કરવાની અશક્તિ છે. ૪ વાદની પરંપરા ચાલે છે. ૫ કોઇ વિરલા જ હોય છે, એટલે તેનો મેળાપ થતો નથી. ૬ લાંબો કાળ વિરહ રહે છે. જયારે આમ છે, તો પછી મોક્ષમાર્ગમાં જીવવું શી રીતે ?

૧. ગીતાર્થ ગુરુઓનો આધાર છે. ૨ કાળલબ્ધિની આશા છે. ૩ મોક્ષાશયીપણા રૂપ જીવનદોરી મળી છે.

**એ** ત્રણ સાધનોની મદદથી માર્ગ મળવાની આશા છે. અને ન મળે ત્યાં સુધી, એ આશાઓને તાંતણે જીવતા રહી–જાગ્રત્ રહી, કાળલબ્ધિ પાકવાની રાહ જોતાં જોતાં ગીતાર્થ સદ્‌ગુરુનો યોગ રાખી આગળ વધવા પ્રયાસ જારી રાખવો. એ જ ઉપાય છે.

**ત્રીજા** સ્તવનમાં–**પ્રાપ્તિ–પ્રવચન–વાક્**–શબ્દ ઉપરથી પ્રવચન વાકયની પ્રાપ્તિને–મોક્ષનું કારણ બતાવેલું છે. ત્યારે અહીં. **"વસ્તુ વિચારે રે જો આગમે કરી, રે ચરણ–ધરણ નહીં ઠાય."** એ વાકયથી "આગમની મદદથી વસ્તુનો વિચાર કરવા જતાં પગ મૂકવાનું યે ઠેકાણું મળતું નથી." એમ કહીને–આગમની મદદથી પણ માર્ગ મળવાની મુશ્કેલી બતાવવામાં આવી છે.

**અહીં**, આગમ શબ્દનો અર્થ આધ્યાત્મિક વિકાસને ઉદ્દેશીને રચાયેલા તમામ ધર્મના તમામ પ્રકારના શાસ્ત્રોનો વિશાળ સંગ્રહ: તેને ધ્યાનમાં લઇને મોક્ષાશયી જીવ વાત કરે છે.

**એ** સઘળા શાસ્ત્રો પરંપરાએ તો સર્વજ્ઞ–કથન–મૂલક જ હોય છે. છતાં, તે એટલા બધા છે–અને તેમાંના ઘણાખરાઓમાં એટલું બધું મિશ્રણ થઇ ગયું હોય છે, કે–તેમાંથી માર્ગ શોધવો તો શું, પણ પગ મૂકવા જેટલી જગ્યા શોધી કાઢવીયે મુશ્કેલ છે. તો પછી સર્વજ્ઞ–કથન–મૂલક ખરેખરા શાસ્ત્રો શોધી કાઢવાનું કામ તો એથીયે મુશ્કેલીભર્યું એ જીવને માટે બને છે. સર્વજ્ઞ–કથન–મૂળક તત્ત્વોની સાથે, લોકોના હિતના આશયથી પણ અસર્વજ્ઞ–પ્રરુપકતાને લીધે–એટલું બધું મિશ્રણ થઇ જવાથી અને પ્રામાણિકતા

અપ્રામાણિકતાનો એટલો બધો ખીચડો થઈ જવાથી લગભગ અ-પ્રમાણિક જેવા શાસ્ત્રોના ઢગેઢગ તેના જોવામાં આવે છે, ત્યારે તેમાંથી પગ મૂકવા જેટલું પણ સાચું કર્તવ્ય શોધી કાઢવું તેને માટે મુશ્કેલ બને છે.

હજી તે જીવ પ્રાથમિક કક્ષાનો હોવાથી, આ જાતની મુશ્કેલી અનુભવે છે. શુદ્ધ સમ્યક્ત્વવંત તથાપ્રકારના ક્ષયોપશમી જીવને તો કશીયે મુશ્કેલી પડતી નથી. તે તો ગમે તેવા શાસ્ત્રોમાંથી યે શુદ્ધ સત્ય હોય, તે શોધી કાઢી શકે છે. સર્વજ્ઞ–કથન–મૂલક શુદ્ધ શાસ્ત્રોમાંથી તો તેને સ્પષ્ટ માર્ગ સમજાય છે.

અનાધ્યાત્મિક શાસ્ત્રો ગમે તેટલા પ્રયોગસિદ્ધ હોય છતાં, તેના કરતાં મિશ્રણ પામેલા પણ આધ્યાત્મિક શાસ્ત્રો ઉત્તમ ને હિત-કારી છે.

**મતિજ્ઞાનના ધારણા** નામના ભેદના **અવિચ્યુતિઃ વાસનાઃ** અને **સ્મૃતિઃ** એ ત્રણ ભેદો ગણાવ્યા છે. તે ઠેકાણે **વાસનાઃ** શબ્દનો અર્થ–મતિજ્ઞાનાવરણીય કર્મના તથાપ્રકારના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો **સંસ્કારઃ** એ અર્થ કરવામાં આવેલો છે.

અને તે વાસનાની તર–તમતાને લીધે ઉંચા પ્રકારના બોધનો અર્થઃ **ગીતાર્થપણું**ઃ અહીં લેવાયાં આવ્યો છે. અથવા–મોક્ષાશયી જીવને થતો પ્રાથમિક કક્ષાનો નિર્મળ બોધઃ એ પણ અર્થ અહીં લઇ શકાશે.

કેવળજ્ઞાનીઓ વિગેરે અતિશયવંત જ્ઞાનીઓના અભાવમાં ગીતાર્થ ગુરુઓનોજ આધાર રહે છે. કેમકેઃ–સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર પરમાત્માની શાસન પરંપરામાં–ગુરુપરંપરાને ક્રમે ક્રમે ચાલ્યા આવતા જગતના આધાર રૂપ ત્યાગી ગુરુકુળ વાસમાં–આર્યદેશઃ આર્યપ્રજાઃ ઉત્તમ જાતિઃ ઉત્તમ કુળ–વંશઃમાં જન્મેલા પુણ્યવાન્ સદાચારી અને વિશિષ્ટ સદ્–બુદ્ધિના ધણી હોય તેવા ઘણા પુરુષો ખેંચાઇને આવતા હોય છે. તેમાંથી પણ કુદરતી રીતે જ ઉચ્ચ લાયકાત ધરાવવાને લીધે શ્રી સંઘમાં આચાર્યાદિક ઉચ્ચપદ ઉપર

આવી શકે, તેમાંથી ગીતાર્થ પુરુષ હોય છે, તે જ તે તે કાળે મુખ્ય આધાર રૂપ હોઈ શકે છે. તેઓ જ જગજ્જીવોના કલ્યાણમિત્રો તરીકે-શુદ્ધ માર્ગના દર્શક-શુદ્ધ ઉપદેશક-હોઈ શકે છે.

**પ્રાથમિક** પ્રીતિ અને ભક્તિમાં આગળ વધતો જીવ ક્રમશઃ ગુર્વાદિકના સંબંધમાં તે રીતે આવે છે, અને શ્રદ્ધાળુ બને છે. તથા દેવઃ ગુરુઃ ધર્મઃ સંબંધિ ઉત્તમ કાર્યો ખેદ-ઉદ્વેગ-વિના શ્રદ્ધાપૂર્વક [ઉલ્લસિત ચિત્તે] કરતા હોય છે. સાથે સાથે કાળના પરિપાકની રાહ જોતા રહે છે. તેના યોગે તે હતાશ કે નિરાશ ન થતાં, વિશેષ ને વિશેષ આગળ વધવાની ભાવના રાખે છે.

**આશ્ચર્ય**ની વાત એ છે, કે-ગ્રંથિભેદ કરી સમ્યક્ત્વ પામ્યા પહેલાં પણ, મિથ્યાત્વદશા મંદ હોવાને લીધે લઘુકર્મી અને અલ્પ સંસારી હોવાથી ઉચ્ચ ભાવનાને યોગે તે જીવો ઉચ્ચ કર્તવ્યો ઓઘથી કરતા હોય છેઃ

**ત્યારે** અપૂર્વ વીર્યોલ્લાસથી ગ્રન્થિભેદ કરી, સમ્યગ્દર્શન પામે ત્યારે વિવેક સૂર્યની જ્યોતિની મદદથી કેવી ઉચ્ચ પ્રકારની શુભભાવના અને શુભ પ્રવૃત્તિ ધરાવતા હોય?

**આ** સ્તવનમાં ચાર સ્થળે **વિચાર** શબ્દ આવેલો છે.

**પાંચલબ્ધિ**:-૧ કાળલબ્ધિઃ ૨ ભાવલબ્ધિઃ ૩ કરણલબ્ધિઃ ૪ ઉપશમલબ્ધિઃ ૫ ક્ષાયિકલબ્ધિઃ

**અહીં આનન્દ-ઘન** શબ્દનો અર્થ સ્તવનકારઃ ઉપરાંત, **મોક્ષાશયરૂપ**-મત-આત્માની ભૂમિકાના વિશેષણઃ તરીકે સમજવાનો છે.

# ૩. શ્રી સંભવ-દેવ-જિન-સ્તવન.

## માર્ગાભિમુખજીવની ક્રમિક પૂર્વ સેવાઃ તથા આત્મ-વિકાસઃના ક્રમિક ઉપાયો.

**આ**નન્દ-ઘન-મતને આધારે પોતાનું મોક્ષાશયી જીવન નભાવતો આત્મા પોતાનો આત્મવિકાસ પોતાની **તથાભવ્યતા**ના યોગ મુજબ ક્રમે ક્રમે જ કરી શકે છે. સામાન્ય રીતેઃ-કોઈ પણ ભવ્ય આત્મા પોતાનો વિકાસ ક્રમ વિના કરી શકતો નથી. તે ક્રમનો નિર્દેશ આ સ્તવનમાં છે.

**રાગઃ રામગ્રીઃ** "રાતલડી રમીને કિહાંથી આવિયા રે?" **એ દેશીઃ**

**"સંભવ-દેવઃ" તે ધુર સેવો સવે. રે લહી પ્રભુ-સેવન-ભેદ.**
**સેવન-કારણ પહેલી ભૂમિકાઃ-રે અ-ભયઃ અ-દ્વેષઃ અ-ખેદઃ**
**સં૦ ૧**

**સંભવ-દેવ**=૧. **સંભવનાથ** જિનેશ્વર પ્રભુ. ૨. સંભવથી જે દેવ હોય-જે જે દેવ તરીકે સંભવતા હોય. **તે**=તે. **ધુર**=૧. પહેલાં. ૨. પ્રાથમિક અવસ્થામાં. **સેવો**=પૂજો. **સવે**=૧. સર્વને. ૨. સર્વે. **લહી**=જાણી. **પ્રભુ-સેવન-ભેદ**=પ્રભુની સેવા કરવાના દરેક પ્રકાર. પ્રભુના આલંબન મારફત આત્મવિકાસ કરવાના દરેક ક્રમિક પ્રકાર. **સેવન-કારણ**=સેવામાં કારણભૂત. સેવામાં મદદગાર. **પહેલી**=પહેલવહેલી. **ભૂમિકા**=પાયો. પગથિયું. **અ-ભય**=નિર્ભયતા. **અ-દ્વેષ**=દ્વેષ ન હોવો. **અ-ખેદ**=કંટાળો ન આવવો. ૧

અભયઃ અદ્વેષઃ અને અખેદઃ વિગેરે સેવાના જુદા જુદા પ્રકારો જાણી લઇને ભવ્ય જીવો સૌથી પહેલાં તો તે **શ્રી સંભવનાથ** પ્રભુની સેવા કરો.

**અથવાઃ**-પ્રભુની સેવાના અભયઃ અદ્વેષઃ અને અખેદઃ વિગેરે જુદા જુદા પ્રકારો જાણી લઈ, જે કોઈ પણ દેવ તરીકે-સંભવતા હોય, તે સર્વની સૌથી પહેલાં-સર્વ લોકો સેવા કરો.

કેમકે-દરેક આત્માને આત્મવિકાસના માર્ગમાં અભયઃ અદ્વેષઃ અખેદઃ વિગેરે પૂર્વકની **પૂર્વ સેવાની** પ્રથમ ભૂમિકામાંથી પસાર થવું પડે છે, માટે તે રીતે પહેલાં પસાર થાઓ. ૧

**સંભવ** માત્રથી દેવ હોય, તે સર્વની પ્રાથમિક સેવા કરવાનું આરાધક જીવને બતાવીને, શ્લેષથી **શ્રી સંભવનાથ પ્રભુ**ના નામની સાર્થકતા કરી બતાવી છે.

**ભયઃ ચંચળતા હો જે પરિણામની. રે દ્વેષઃ અ-રોચક-ભાવઃ**
**ખેદઃ પ્રવૃત્તિ કરતાં થાકીએ. રે દોષઃ અ-બોધ લખાવ.**
**સં૦ ૨**

**ભયઃ**=અધીરાઇ. પરિણામની ચંચળતા કે અસ્થિરતા. ધર્મથી ભાગવાની વૃત્તિઃ **દ્વેષ**=અપ્રીતિ. **મુક્તિઃ મુક્તિમાર્ગઃ** અને **મુક્તિમાર્ગના આરાધકઃ** એ ત્રણ તત્ત્વ તરફ અપ્રીતિ. **અ-રોચક-ભાવ**=અપ્રીતિ. **ખેદ**=વ્યાકુળતા. ગભરાટ. થાક. કંટાળો. **પ્રવૃત્તિ**=ધાર્મિક પ્રવૃત્તિ. **થાકીએ**=કંટાળી જવાય. **દોષ**=તીવ્ર મિથ્યાત્વ. કર્મમલ. **અ-બોધ**=અજ્ઞાન ભાવ. મિથ્યાત્વ. **લખાવ**= સમજાવો. સમજો. ૨

**ભયઃ** એટલે પરિણામની ચંચળતા. **દ્વેષઃ** એટલે મુક્તિઃ મુક્તિપથના મુસાફરોઃ અને તેના સાધનોઃ તરફ **મત્સર**-અરુચિ. **ખેદઃ** એટલે દેવઃ ગુરુઃ ધર્મઃ અને એકંદર આત્મવિકાસમાં મદદ કરતી પ્રવૃત્તિમાં વ્યાકુળતા, ગભરાટ, કંટાળો, તેમાં થાકવું, તેમાં ન રોકાતાં તેથી દૂર રહેવાની વૃત્તિ. **દોષઃ** એટલે ઉત્કૃષ્ટ સ્થિતિ અને તીવ્ર રસથી ભરેલો અનાદિ કાળનો જીવને લાગેલો કર્મરૂપી મળ, જેને લીધે સદ્બોધ પ્રાપ્ત થવાનો સંભવ ઊભો ન થઈ શકે.

જ્યાં સુધી જીવ છેલ્લા પુદ્ગળ પરાવર્તનમાં પ્રવેશ પામ્યો ન હોય, ત્યાં સુધી, તે જીવ **ભવાભિનન્દી** ગણાય છે. અને-તેનામાં આત્મ-વિકાસના તત્ત્વો તરફ ભયઃ દ્વેષ-મત્સરઃ ખેદઃ દોષ-અજ્ઞાનઃ તથા ક્ષુદ્રતાઃ લોભઃ દીનતાઃ શઠતાઃ વિગેરે દોષો ભર્યા હોય છે. અને જ્યારે તે **ચરમાવર્તમાં** એટલે છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં પ્રવેશ કરે છે, ત્યારે તેને અભયઃ અદ્વેષઃ અખેદઃ સદ્બોધઃ ઉદારતાઃ નિર્લોભતાઃ અદીનતાઃ સરળતાઃ વિગેરે ગુણો પ્રાપ્ત થતા જાય છે. એટલે સૌથી પહેલાં ૧. ભવાભિનન્દિતા જાય છે. અને મોક્ષાશય ઉત્પન્ન થાય છે. પછી—

**ચરમા-ઽવર્તેઃ હો ચરમ-કરણેઃ તથા- રે**
**ભવ-પરિણતિ-પરિપાકઃ**
**દોષ ટળેઃ વળી, દૃષ્ટિ ખુલે ભલીઃ રે**
**પ્રાપ્તિ પ્રવચન-વાક્ઃ સં૦ ૩**

**ચરમા-ઽઽવર્તે**=છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં. **ચરમ-કરણે**=છેલ્લા યથાપ્રવૃત્તિ કરણમાં. **તથા-ભવ-પરિણતિ-પરિપાક**=**તથા-ભવપરિણતિ તથા-ભવ્યતા** પૂરેપૂરી પાકી જવી. **દોષ**=અનાદિ કર્મમળ. **ટળે**=નાશ પામે. મંદ પડે. **વળી**=અને. **દૃષ્ટિ**-યોગની દૃષ્ટિ. **ખુલે**=ખીલે. પ્રાપ્ત થાય. **ભલી**=સારી. **પ્રાપ્તિ**=પ્રાપ્તિ થાય. મળે. **પ્રવચન**=પ્રવચન-જિનપ્રવચન. દ્વાદશાઙ્ગી.**વાક્**=વાણી. **પ્રવચન-વાક્**=૧. દ્વાદશાઙ્ગીની વાણી. ૨. દ્વાદશાઙ્ગીને **અનુસરતી** કોઈ પણ વાણી. ૩

૨. **ચરમા-ઽઽવર્ત**માં એટલે કે-છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં જીવ પ્રવેશ કરે છે, ત્યારે જીવ **અપુનર્બન્ધક** ભાવ પ્રાપ્ત કરે છે.

૩. **એમ** કરતાં કરતાં પછી, સમ્યક્ દર્શન-સમ્યક્ત્વ-પ્રાપ્ત થતાં પહેલાં અનન્ત વખત **યથાપ્રવૃત્તિ** કરણો પ્રાપ્ત થાય છે. તેવા અનન્ત યથાપ્રવૃત્તિકરણોમાંનું લગભગ છેલ્લું **યથાપ્રવૃત્તિ-કરણ** તેને પ્રાપ્ત થાય છે. જેની પછી પૂરો અર્ધપુદ્ગલ પરાવર્તનનો કાળ મોક્ષમાં જવાને બાકી રહે છે.

૪. **તથા-ભવ-પરિણતિ-તથા-ભવ્યતા**નો પરિપાક પણ થતો હોય છે.

૫. તેથી, તેનો કર્મમલ રૂપ-તીવ્ર મિથ્યાત્વ રૂપ-દોષ-**અબોધ** પણ નાશ પામે છે.

૬. અને ત્યારે **મિત્રા** નામની સુંદર પહેલી દૃષ્ટિ ખુલે છે.

૭. ત્યારે શ્રી જિનપ્રવચનને અનુસરતી વાણી [ સીધેસીધી કે કોઇ પણ દર્શનદ્વારા ] પ્રાપ્ત થાય છે.

સર્વ ધર્મના સર્વ શાસ્ત્રોમાં અંશતઃ પણ જે કાંઇ આત્મવિકાસને અનુકૂળ બોધ હોય છે, તે સર્વનું મૂળ શ્રી **વીતરાગદેવ** પ્રણીત દ્વાદશાઙ્ગી જ છે. માટે અન્ય શાસ્ત્રો મારફત પણ જીવને પરમા-

ર્થથી તો **જિનપ્રવચનની વાણીની** પ્રાપ્તિ થાય છે. અને કોઇ અપુનર્બંધક જીવને તથા-ભવ્યતાના યોગે સીધી રીતે પણ જિન-પ્રવચન વાણીનો લાભ પ્રાપ્ત થાય છે. દ્વાદશાઙ્ગી જ્ઞાનનું બીજું નામ વેદ પણ કહેવાય છે. તેથી ભગવાન્ **મહાવીર** સ્વામિને આગમોમાં **વેદ-પ્રિય વેદ-વિદ્**=સાચા વેદના જાણકારઃ પણ કહ્યા છે.

**પછી—**

**પરિચય પાતક-ઘાતક-સાધુ શું. રે અ-કુશળ-અપચય ચેત.**
**ગ્રન્થ અધ્યાતમ શ્રવણ-મનન કરી. રે પરિશીલન નય-હેત.**
**સં૦ ૪**

**પરિચય**=યોગ. સોબત. **પાતક-ઘાતક-સાધુ**=પાપનો નાશ કરે તેવા પવિત્ર સાધુ પુરુષોની. **શું**=સાથે. [સહ. સુ. શું.] **અ-કુશલ-અપચય**=પાપકર્મોનો ઘટાડો. **ચેત**=ચેતનામાં. આત્મામાં. **ગ્રન્થ**=પુસ્તકો. **અધ્યાતમ**=આત્માનો વિકાસ કરવામાં મદદ કરે તેવા બોધ અને તત્ત્વ વિચારોથી ભરેલા. **શ્રવણ-મનન**=સાંભળવું અને પછી મનન કરવું, ચિન્તન કરવું તે. **પરિશીલન**=ઊંડું નિદિધ્યાસન. એક બાબત સંબંધિ સતત-અવિરત શુભ ચિન્તન. સાંભળેલા ઉપદેશના કર્તવ્યો પોતાના જીવનમાં અમલમાં મૂકવા માટે નિર્ણયાત્મક યોજનાને લગતી વિચારણા. **નય-હેત**=**નયો** અને **હેતુવાદ**ની વિચારણાપૂર્વક. ૪

૮. પાપનો નાશ કરે એવા પવિત્ર સાધુ મહાત્માઓની સાથે સંબંધ થાય છે.

૯. **આત્મા**માંથી પાપકર્મોનો જોરદાર ઘટાડો થવા લાગે છે.

૧૦. અધ્યાત્મશાસ્ત્રના ગ્રન્થો સાંભળવાનો યોગ પ્રાપ્ત થાય છે.

૧૧. તેનું મનન કરવાનું મન થાય છે.

૧૨. અને **નયવાદ**-તથા **હેતુવાદ**પૂર્વક તેનું ઊંડું મનન-પરિ**શિલન** કરવાનું પ્રાપ્ત થાય છે. અને પોતાના આત્મવિકા-

સમાં મદદ કરે, તેવી રીતે તેનો અમલ કરવાના ચોક્કસ ઉપાયોની સુઝ પ્રાપ્ત થાય છે. ૪

**એમ—**

**"કારણ-જોગે હો કારજ નિપજે." રે એહમાં કોઈ ન વાદ.**
**પણ-"કારણ-વિણ કારજ સાધિયે." રે એ નિજ-મત-ઉન્માદ.**
**સં૦ ૫**

**કારણ-જોગે**=કારણ સામગ્રીનો જોગ મળે, તો. **કારજ**=કાર્ય. **નિપજે**=ઉત્પન્ન થાય. **વાદ**=વાદવિવાદ. પ્રશ્ન. વાંધો. **કારણ-વિણ**=કારણ વિના. **સાધિયે**-ઉત્પન્ન કરવાનું કરીએ. **નિજ-મત-ઉન્માદ**=પોતાના-મતનો-પંથનો-ઉન્માદ-ગાંડપણ અથવા પોતાની મતિ-કલ્પનાની સ્વચ્છન્દતા. ૫

ઉપર જણાવ્યા પ્રમાણે આત્મવિકાસરૂપ કાર્ય, તેને અનુકૂળ કારણ સામગ્રીના બળથી જ સાધી શકાય છે. કેમકે-"કોઇ પણ કાર્ય તેના કારણોને યોગેજ ઉત્પન્ન થાય છે. કારણ વિના કાર્ય ઉત્પન્ન થાય જ નહીં. એ ચોક્કસ સિદ્ધાંત છે." આ વાતમાં કોઇનો યે વાંધો હોય જ નહીં, ને છે નહીં.

પરંતુ, કારણ-સામગ્રી વિના કાર્ય સાધવાનો પ્રયત્ન કરવામાં આવે, તો-તે પોતાના મતનું: પંથનું: અથવા પોતાની મતિ કલ્પનાનું: એક જાતનું ગાંડપણ જ ગણાય. ધર્માન્ધતા: અથવા સ્વચ્છન્દવૃત્તિ: ગણાય. જેની પાસે કાર્ય-કારણ ભાવપૂર્વક ધર્મની તાત્ત્વિક સુવ્યવસ્થા હોય, તે જ **યોગ્યધર્મ**: અને યોગ્ય **ધર્મસંસ્થા**: ગણાય. બીજું બધું ઉન્માદ ગણાય. ૫

**સેવાની મહત્તા ન સમજનાર—**

**મુગ્ધ "સુગમ" કરી સેવન આદરે. રે સેવન અ-ગમ: અ-નૂપ:**
**"દેજો કદાચિત્ સેવક-યાચના રે આનન્દ-ઘન-રસ-રૂપ!"**
**સં૦ ૬**

**મુગ્ધ**=ભોળા માણસો. અતત્ત્વદર્શી. અણસમજુ. **સુ-ગમ**=સહેલું. સરળ. **કરી**=માનીને. **સેવન**=સેવા. **આદરે**=શરૂ કરી દે. **અ-ગમ**=અગમ્ય, જલ્દી ન થઇ શકે તેવી. **અ-નૂપ**=અનુપમ. સુંદર. **દેજો**=આપજો. **કદાચિત્**=કોઇક દિવસે.**સેવક-યાચના**=સેવકની માંગણી છે, તે. **આનન્દ-ઘન-રસ-રૂપ**=આનન્દના ઘાટા રસ રૂપ-ગાઢ આનન્દના રસરૂપ: આનન્દસાગરમાં મશગુલ થવાનું: ૬

ભોળા-અણસમજુ લોકો "પ્રભુની સેવા કરવી તો ઘણી સહેલી છે." એમ માની લઇને, સેવા કરવા લાગી જાય છે. પણ પ્રભુની અનુપમ-સુંદર-સેવા ખૂબ અગમ્ય છે-ગૂઢ રહસ્યોવાળી છે-ઘણી મુશ્કેલીથી મળી શકે તેવી છે. જેને તેને તે પ્રાપ્ત થઇ શકતી નથી. અપુનર્બન્ધકને જ તેની સાચી શરૂઆત થાય છે. **આનન્દઘનજી** મહારાજ કહે છે કે:-**આનન્દના ઘનરસ-રૂપ** ! હે પ્રભો ! સેવકની આપની અગમ્ય: અને અનુપમ: સેવા કરવાની માંગણી ભવિષ્યમાં કોઇક વખત તો પૂરી કરજો. અથવા:-**આનન્દના ઘન-રસ-રૂપ** થવાની સેવકની યાચના કોઇક દિવસ તો આપજો-પૂરી કરજો, મોક્ષ આપજો. ૬

## રહસ્યાર્થ:

**ઘડો** ઉત્પન્ન કરવામાં અનેક પ્રકારની સાધન સામગ્રીની જરૂર પડે છે. ૧ એકલી માટીથી ઘડો ઉત્પન્ન નથી થતો. ૨ પાણીથી ઘડો ઉત્પન્ન નથી થતો. ૩ માટી અને પાણી ભેગાં થાય, તો પણ ઘડો ઉત્પન્ન નથી થતો. ૪ માટી અને પાણી વગડામાં ભેગા થઇ જાય, તો પણ ઘડો ઉત્પન્ન નથી થતો. ૫ ઘરમાં કે કુંભારના ફળીયામાં એકઠા થઇ જાય, તો પણ ઘડો ઉત્પન્ન નથી થતો. ૬ કુંભાર પાસે હાજર બેઠો હોય, તો પણ ઘડો ઉત્પન્ન નથી થતો. ૭ કુંભાર ખાલી હાથ હલાવે, તો પણ ઘડો ઉત્પન્ન નથી થતો. ૮ કુંભારની ઘડો ઉત્પન્ન કરવાની ઇચ્છા હોય ને હાથ પગ હલાવે, તો પણ ઉત્પન્ન નથી થતો. ૯ ચાકડો: લાકડી: વિગેરે પાસે પડ્યા હોય, તો પણ ઘડો ઉત્પન્ન નથી થતો. ૧૦ ચાકડા ઉપર માટીનો

પિંડો ચડાવીને ચાકડો ફેરવ્યે રાખે, તો પણ ઘડો ઉત્પન્ન નથી થતો. ૧૧ કુંભાર ચાકડો ફેરવે, અને હાથથી ઘાટ ઉતારવાની મહેનત કરે, તો પણ કોઇ આવીને વચ્ચેથીજ કુંભારને ઉઠાડી જાય, કે તેને ઉઠવું પડે, કે કોઇ રાજાનો મનાઇ હુકમ લાવે, કે અધવચ્ચેથી જ પાટુ મારીને બધું ચુંથી નાખે, તો પણ ઘડો ઉત્પન્ન થતો અટકી જાય છે. એટલે કે રોકાવટ કરનારું કાંઈપણ ન હોય, તો પણ ઘડો ઉત્પન્ન થતો નથી. ૧૨ કુંભાર ઉંઘતો હોય, ત્યારે ઉપરની બધી સગવડ કોઇ ભેગી કરીને મૂકે, તે વખતે પણ ઘડો ઉત્પન્ન થતો નથી. ૧૩ ઘડો કરવાની ઈચ્છાથી કુંભાર તૈયાર થયો હોય, અને બધી સામગ્રી એકઠી મળી હોય, છતાં કુંભારનું કે જેને માટે તે કરવામાં આવે છે, તેનું નશીબ ન હોય, તો પણ ઘડો ઉત્પન્ન થતો નથી. ૧૪ એકાએક વાવાઝોડું, તાપ, ટાઢ, અગ્નિ-પ્રકોપ વિગેરે થઇ આવે. અને ઘડો થવામાં કુદરતની અનુકુળતા ન હોય, તો પણ ઘડો ઉત્પન્ન નથી થતો. ૧૫ ચાકડો, માટી તથા કુંભારને જમીનનો આધાર ન હોય, તો પણ ઘડો ઉત્પન્ન થતો નથી. ૧૬ માટી સુકાઇ ગયા પછી, ઘડો કરવા માંડે, તોપણ ઘડો નથી થતો. વિગેરે વિગેરે.

આ ઉપરથી એક ઘડો બનાવવામાં કેટલી સાધન સામગ્રીની જરૂર પડે છે? તેનો ખ્યાલ આવશે. જેમ—પદાર્થો: કર્તા: પ્રતિબંધકોનો અભાવ: યોગ્યકાળ: સ્વભાવ: તથા સીધી રીતે કે આડકતરી રીતે મદદ કરનારી બીજી કેટલીક કુદરતી બાબતોનો મેળ મળે છે, ત્યારે ઘડો બને છે. સકળ કારણ સામગ્રી મળે, ત્યારે જ કાર્યની ઉત્પત્તિ થાય છે. એક પણ કારણની ન્યૂનતા હોય, તો કાંઇ ઉત્પન્ન થાયજ નહીં. આ એક નક્કી થયેલો સિદ્ધાંત છે.

તે પ્રમાણે—આત્માનો વિકાસ પણ, કારણ—સામગ્રી વિના થઈ શકતો નથી. આત્મવિકાસનું પહેલું પગથિયું: પછી ઉત્પન્ન થનારા બીજા પગથિયાના વિકાસનું કારણ હોય છે. એ પ્રમાણે, બીજું પગથિયું: ત્રીજા પગથિયાના વિકાસનું કારણ હોય છે.

**એમ** એક એક પગથિયાના વિકાસમાં અનેક પ્રકારની કારણ સામગ્રી મળે છે, ત્યારે એક એક પગથિયાનો વિકાસ થતો જાય છે. કારણ–સામગ્રી વિના એમને એમ કોઇ પ્રકારનો વિકાસ થતો નથી.

શાસ્ત્રોમાં–આત્મવિકાસની, અને ખાસ કરીને **ચરમાવર્તમાં** આવ્યા પછીના ક્રમિક વિકાસની, કારણ–સામગ્રી ઘણા જ વિસ્તારથી સમજાવી છે. તેમાંના ચરમાવર્તના પહેલા અડધીયામાંના ક્રમિક વિકાસના મુખ્ય મુખ્ય મુદ્દા આ **સ્તવન**માં સૂચિત કરવામાં આવ્યા છે.

**આ** સ્તવનમાં આપવામાં આવેલા અભયઃ વિગેરે શબ્દોના અર્થ–લોકવ્યવહારમાં પ્રસિદ્ધ છે, તે અહીં લેવાના નથી. પરંતુ આત્મવિકાસને અનુકુળ ક્રમમાં આવતા–ગુણોને અનુકુળ શાસ્ત્રકારોએ જે અર્થો કરેલા છે, તે અર્થમાં લેવાના છે. તેનો ખ્યાલ આપવા–દરેક શબ્દોના શાસ્ત્રોમાંના એ પ્રકારના અર્થો બીજી ગાથામાં કરી બતાવ્યા છે.

**અભય**=ચરમાવર્તમાં પ્રવેશ્યા પછી આત્મામાં એવી **સ્વસ્થતાઃ ધીરજઃ સ્થિરતાઃ** પ્રાપ્ત થાય છે, કે જેને લીધે ધર્મમાં આગળ વધવામાં મદદ મળે છે.

**અ–દ્વેષ**=મોક્ષઃ મોક્ષમાર્ગઃ અને તેના આરાધકોઃ તરફનો દ્વેષઃ મત્સરઃ ન હોય.

**અ–ખેદ**=દેવઃ ગુરુઃ અને ધર્મઃને લગતી પ્રવૃત્તિમાં કંટાળો ન આવવો.

**દોષ ટળવો**=તીવ્ર મિથ્યાત્વાદિક કર્મમળ પાતળા પડવા.

**આદિ**–ધાર્મિક જીવ **ચારીસંજીવની** ન્યાયથી સર્વ પ્રકારના ગણાતા દેવઃ ગુરુઃ ધર્મઃમાંથી કોઈપણની સેવા કરે, કે બધાયની સેવા કરે, તો તેને માટે તે ગુણરૂપ થાય છે.

## ચારી સંજીવની ન્યાયની કથાઃ—

"કોઈ યોગીએ વશ કરવા આપેલી બુટ્ટી એક બ્રાહ્મણીએ પોતાના પતિને ખવડાવી. પતિ બળદ થઇ ગયો અને પત્નીને પરવશ પડયો. બાઇ મનમાં ઘણી દુઃખી થઇને રડયા કરતી હતી. પરંતુ, પતિને ફરીથી પુરુષ બનાવવાનો ઉપાય તે બિચારી જાણતી નહોતી.

**એક** વખત તે બાઈ પોતાના બળદરૂપી પતિને એક વડ નીચે **ચરાવતી** હતી, તેવામાં આકાશ માર્ગે એક **વિદ્યાધર યુગલ** ત્યાંથી પસાર થતું હતું, **વિદ્યાધરીએ** બાઇનું દુઃખ દૂર કરવા બળદમાંથી પુરુષ થવાનો ઉપાય પોતાના પતિને પૂછ્યો, **વિદ્યાધરે** જણાવ્યું કેઃ-" આ વડ નીચે **સંજીવની બુટ્ટી** છે. તે બળદના ખાવામાં આવે, તો તે તરત પુરુષ થઈ જાય." એટલું કહેતાં કહેતાંમાં તો વિમાન આગળ ચાલ્યું ગયું.

બાઇએ વિચાર કર્યો કેઃ-"**સંજીવની** તો અહીં છે, પણ હું તેને ઓળખતી નથી. તો વડ નીચેનું તમામ પ્રકારનું ઘાસ કાપીને બળદને નીરું." તેણે તેમ કર્યું, તે **ચારી-ચાર-ઘાસ** સાથે **સંજીવની બુટ્ટી** પણ તેને નીરવામાં આવી ગઈ. તે ખાવાથી તે બળદ પાછો પુરુષ થઈ ગયો."

**અ**નાદિકાળથી દેવઃ ગુરુઃ ધર્મઃને ન પામેલા **આદિ-ધાર્મિક** જીવ માટે, જિનેશ્વર દેવઃ કે બીજા સર્વ દેવની પૂજા ભક્તિ કરવામાં દોષ નથી. આમ કરતાં કરતાં તેને જિનેશ્વર દેવ રૂપી સંજીવની બુટ્ટી હાથ લાગી જાય, ને પછી તેનું કામ થઇ જાય છે.

પરંતુ શુદ્ધ દેવઃ ગુરુઃ ધર્મઃ પ્રાપ્ત થયા પછી, સર્વ દેવની પૂજા કરવાની નથી હોતી. તેવા જીવને આ **ચારી સંજીવની** ન્યાય લાગુ કરવાનું શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** વિગેરે કોઇ પણ જૈનાચાર્યોએ કહેલું નથી. આજે વિદેશી પ્રચારકોની સર્વ ધર્મ સમન્વયની ખોટી ધુનમાં આવીને આ ન્યાય જૈનધર્મ પામેલાઓ માટે પણ અયોગ્ય રીતે લાગુ કરવાની ભલામણ કરાય છે. તે બરાબર ન્યાયસર નથી. પરંતુ અયોગ્ય છે.

જૈનધર્મ પાળનારી આર્ય-હિન્દુ-જાતિઓના કુળમાં જન્મ પામવા છતાં, જેઓને માટે ખરી રીતે ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થવા રૂપ-ખાત્રીપૂર્વક સમકિત ગુણ પ્રાપ્ત થવાનું-નક્કી ન કરી શકાતું હોય, અથવા સમકિત પ્રાપ્ત થયું ન હોય, છતાં સર્વ દેવોઃ સર્વ ગુરુઓઃ અને સર્વ ધર્મોઃની સેવાને બદલે તેઓની મનોવૃત્તિ શુદ્ધ દેવઃ ગુરુઃ અને ધર્મઃની જ સેવા કરવાની ટકી રહે, ત્યાં સુધી તેમને **ભાવ નિક્ષેપે** વ્યવહાર સમકિત કહેવામાં હરકત નથી

જણાતી. અને ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિની ખાત્રી હોય, તો તેને સામાન્ય રીતે **ભાવ નિક્ષેપે** નિશ્ચય સમકિત કહી શકાય.

તેવીજ રીતે જૈનેતર ધર્મ પાળતી કુળ–જાતિમાં જન્મેલા કોઇ જીવની પૂર્વભવના કોઇ સંજોગોને લીધે શુદ્ધ–દેવ: ગુરુ: ધર્મ:ની સેવા કરવા તરફ મનોવૃત્તિ ખેંચાતી હોય, તો, તેને **દ્રવ્ય નિક્ષેપે** વ્યવહાર સમકિત કહેવામાં હરકત નથી જણાતી. ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિની પૂરી ખાત્રી થઇ શકતી હોય, તો તેને સામાન્ય રીતે **દ્રવ્યથી** નિશ્ચય સમ્યક્ત્વ કહી શકાય. આમ સમજાય છે.

તે=શબ્દ "સંભવથી જે દેવ હોય, તે સર્વને" લેવાનું સૂચન કરે છે.

છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં આવેલો જીવ-ચરમાવર્તી અને અપુનર્બન્ધક કહેવાય છે. તેમાં પ્રવેશ કર્યા પછી, કોઇપણ દેવ: ગુરુ: ધર્મ:ની સેવા કરવાની વૃત્તિ તે જીવને થવા લાગે છે. તેનું નામ **પૂર્વસેવા** કહેવામાં આવે છે. અને **તે** વખતે તેને અભય: અદ્વેષ: અને અખેદ: પ્રાપ્ત થાય છે.

અપુનર્બન્ધક એટલે "છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં આવ્યા પહેલાં મિથ્યાત્વ મોહનીય કર્મોની જે સ્થિતિ વિગેરે બંધાતા હતા, તેવા ઉત્કૃષ્ટ ફરીથી કોઇપણ વખતે હવે પછી તે જીવ બાંધશે નહીં." એમ નક્કી થવાથી તે જીવ **અપુનર્બન્ધક–આદિધાર્મિક** કહેવાય છે.

"**અપુનર્બન્ધક**પણું પ્રાપ્ત થતાં પહેલાં તેની પૂર્વભૂમિકારૂપ એક વખત છેલ્લામાં છેલ્લી કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી લે છે. પછી કદી બાંધવાની હોતી નથી." તે છેલ્લી ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનારનું નામ **સકૃત્–બન્ધક** કહેવાય છે. **સકૃત્** એટલે એકવાર. એકવાર છેલ્લામાં છેલ્લે બાંધનાર.

**સકૃત્–બન્ધક**ની પહેલાની ભૂમિકામાં રહેલો જીવ **અ–સકૃત્–બન્ધક** એટલે ઉત્કૃષ્ટ સ્થિતિ વારંવાર બાંધનાર ગણાય છે.

એટલે કે–**અચરમાવર્તોમાં અસકૃત્–બન્ધક** હોય છે. અને ચરમાવર્તમાં પ્રવેશ કરતાં પહેલાં એક વાર જ **સકૃત્–બન્ધક** હોય છે. અને પ્રવેશ્યા પછી, જીવ **અપુનર્બન્ધક** હોય છે.

**ચ**રમાવર્તની પહેલાં આત્મા ગાઢ મિથ્યાત્વને યોગે કટુક, કડવો હતો. ચંચળ હતો. અસ્થિર હતો. મુક્તિ અને તેના અંગો તરફ દ્વેષી હતો. ભય ધારણ કરતો હતો. તે સર્વથી દુઃખનો અનુભવ કરતો હતો. તે સર્વ તેને દુઃખરૂપઃ નકામાંઃ લાગતા હતા.

**પરંતુ અભય** દશામાં આવ્યા પછી, સ્વજાગ્રતી પ્રાપ્ત થવાથી મિથ્યાત્વની કડવાશ ઓચ્છી થાય છે. રુચિ જાગવાથી, અંતરાત્મામાં સાચો સ્વાદ આવવા લાગે છે. તેથી ગુણી અને ગુણો પ્રત્યે રાગ થવા લાગે છે. જેને પ્રતાપે સત્સમાગમ કરવા પ્રેરાય છે. તેથી આત્મા માર્ગાનુસારીઃ પ્રજ્ઞાપનીય–સમજાવી શકાય–ઉપદેશ આપી શકાય તેવોઃ તથા યથાશક્તિ સત્ક્રિયાશીલઃ બને છે. સત્ક્રિયા તરફના આદરને યોગે તે દુઃખદ લાગતી નથી. અને સત્ક્રિયાના અનુષ્ઠાનથી મન ત્રાસતું નથી. વેઠરૂપ તે લાગતી નથી. પરંતુ **પ્રીતિ** અને **ભક્તિ** અનુષ્ઠાન રૂપે તેનું આચરણ કરે છે. **તદ્દહેતુ** ક્રિયા બને છે, ને બાહ્ય વિઘ્નો પણ દૂર થવા લાગે છે. છતાં કોઇ બાહ્ય વિઘ્ન આવી જાય, તો પણ તેને દૂર કરવાનો તેને સદુપાય સુજી જાય છે.

**અને** તે ક્રિયાને યોગે વાસ્તવિક આંતર સુખનો અનુભવ થવા લાગે, પણ કાયિક કષ્ટ નજ લાગે. એકંદર, રસાસ્વાદની પ્રાપ્તિ થાય છે. ઉલટમાં, અન્ય બાહ્ય પ્રવૃત્તિઓ નિરસ અને તુચ્છ ભાસવા લાગે છે. આ રીતે પ્રભુને નિર્મળ ચિત્તે સેવતો આત્મા પાપી તરફ પણ ભાવ કરુણા ધરાવવાની શરૂઆત કરતો થઇ જાય છે. સુખી પ્રત્યે પ્રમોદ ભાવના, સર્વ તરફ મૈત્રી ભાવના, તથા બીજાના દોષો તરફ ઉદાસીનતા ધારણ કરતો થઇ જાય છે. પરિણામે, ધીમે ધીમે વિષય અને કષાયથી વિમુખ બનતો જાય છે. એમ કરતાં કરતાં સમ્યક્ત્વની પ્રાપ્તિની નજીક પહોંચી જાય છે.

**આ** જ ક્રમથી–ખેદાદિ દોષના પરિહાર રૂપઃ અભયઃ અદ્વેષઃ અખેદઃ માર્ગપ્રાપ્તિઃ માર્ગાભિમુખતાઃ જિજ્ઞાસાઃ સત્સમાગમઃ અને છેવટે તેના ફળરૂપ સમ્યગ્દર્શનઃની પ્રાપ્તિ થાય છે.

**સ્વસ્થતા:** સુખાસિકા: રસાસ્વાદ: પ્રસન્નતા: ગુણાનુરાગ: આદર: ધર્મ કરવામાં પ્રીતિ: વિઘ્નજય: સંપદાગમ: જિજ્ઞાસા: સત્સમાગમ: ઉપાદેય પ્રત્યેજ ઉપાદેય બુદ્ધિ: ઇહલોક અને પરલોકના સાંસારિક સુખની ઈચ્છામાં મંદતા: આહારાદિક દશ સંજ્ઞાઓ તરફની ઉપાદેય બુદ્ધિ ચાલી જઈને, તે તરફ અનાદર પ્રાપ્ત થાય: જિનેશ્વરો તરફ જેમ ભક્તિ થાય, તેમ આચાર્યાદિક ભાવયોગિઓ તરફ પણ ભક્તિ: આદર: શુદ્ધ અંતઃકરણથી નમસ્કાર: વૈયાવૃત્ત્ય: બહુ માનપૂર્વક આહારાદિકનું દાન: વૈરાગ્ય: સાધુ પુરુષોને ઔષધાદિક આપવા: શાસ્ત્રો વિધિપૂર્વક લખાવવા: તેમનું પૂજન: યોગ્ય જીવોને તેનું દાન: ગુરુ પાસેથી મળેલો ઉપદેશ બીજાને આપવો: શાસ્ત્રાભ્યાસનું પુનરાવર્તન: અર્થચિન્તન: મનન: પરિશિલન: ઉપરના ગુણોના રહસ્યો જાણવા: અને તેનો જીવનમાં અમલ કરવાની વૃત્તિ કેળવવી: ઉપરાંત, બીજા પણ ગુણો પ્રાપ્ત થવાથી ઉત્તરોત્તર અનેક ગુણો વધતા જાય છે, ને તે જીવ મોક્ષની નજીક જતો જાય છે,

**આ** બધી સ્થિતિ સમ્યગ્દર્શન પામ્યા પહેલાની ચોથી દૃષ્ટિ સુધીમાં પણ હોય છે. અને તેને યોગેજ તે જીવ સમ્યગ્દર્શન સુધી આવી પહોંચે છે. ને સમ્યગ્દર્શન પામ્યા પછી, કાંઇક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તનમાં મોક્ષમાં જાય છે.

**સમ્યગ્દર્શન** પ્રાપ્ત થયા પછી, ઉપરના ગુણો ખૂબ પરાકાષ્ઠાએ પહોંચે છે, અને તેની જિજ્ઞાસા: દેવ: ગુરુ: ધર્મ: તરફનો પરમ રાગ: વિગેરે અત્યન્ત ઉંચા પ્રકારના બની જાય છે. અને તેથી જ શ્રી **આનન્દ-ઘનજી** મહારાજ "તેવી અગમ્ય અને અનુપમ સેવા કોઇક દિવસ પણ આપજો." એવી યાચના પરમાત્મા પાસે છેલ્લી કડીમાં કરે છે.

**છેલ્લા** આવર્તમાં પ્રવેશ કરતા **અપુનર્બન્ધક-આદિધાર્મિક** જીવો પણ બે પ્રકારના હોય છે. એક **જૈન ધર્મની સામગ્રી પામ્યા** વગરના હોય, તે **માર્ગાભિમુખ** કહેવાય છે. અને પોતપોતાના ધર્મ પ્રમાણેના અનુષ્ઠાનો રસપૂર્વક સ્પષ્ટ કે અસ્પષ્ટ

મોક્ષેચ્છાથી કરતા હોય છે. અને બીજા કેટલાક મિથ્યાત્વયુકત હોવા છતાં, જૈનધર્મની સામગ્રી પહેલેથી જ પામેલા હોવાથી **માર્ગ-પતિત=માર્ગે પળેલા**-માર્ગમાં આવી ચડેલા-કહેવાય છે.

**પતઞ્જલિ** વિગેરે યોગિઓએ યોગની પ્રાથમિક ભૂમિકા રૂપે જે **પૂર્વસેવાદિક** ગુણો બતાવ્યા છે, તે તો **અસકૃત્બંધકને** કે-**સકૃત્બંધકને** ઘટતા હોય છે. તેથી તેને ઉપચારથી **પૂર્વસેવા** કહેવામાં આવે છે. અનુપચરિત-વાસ્તવિક પૂર્વસેવા વિગેરે તો **અપુનર્બન્ધક** ભાવ પામ્યા પછી જ શરૂ થાય છે.

**સમ્યક્ત્વની** પ્રાપ્તિ પહેલાં પણ આત્માર્થિ જીવોમાં ઉપર જણાવ્યા તેવા ઘણા ગુણો શરૂ થઇ જાય છે. અને તેના યોગેજ સમકિત સુધી પહોંચી જાય છે. અને તેથી જ પોતાની માન્યતા પ્રમાણેના **કપિલ-બુદ્ધ** વિગેરે પોતાના આરાધ્ય દેવઃ ગુરુઃ અને સર્વજ્ઞઃ માનીને પણ ઉપરના ગુણો ધરાવવા એ ગુણરૂપ બને છે. કેમકે-પરિણામે, તે ભવમાં કે ભવાંતરોમાં તે બધી આરાધના ક્રમે ક્રમે સમકિત પ્રાપ્તિમાં પણ મદદગાર થાય છે. તેથી તે **કપિલાદિકની** ઉપર તે સ્થિતિમાં હોય ત્યાં સુધી સર્વજ્ઞપણાનો તેમનો આદર ટકાવી રાખવો જરૂરનો હોય છે. વળી, "**કપિલઃ સુગતઃ પતઞ્જલિઃ** આદિકનો ઉપદેશ પણ કથંચિત્ સર્વજ્ઞોપદેશમૂલક હોય છે. કેમકે-સર્વજ્ઞ શિવાય એવી વાતો કોઇ કહી શકતું જ નથી. પછી તેને આધારે જુદા જુદા પામર જીવોને ઉદ્દેશીને પોતાના બોધ પ્રમાણે ઉપદેશ આપનારા જુદા જુદા દ્રવ્યઃ ક્ષેત્રઃ ભાવઃ કાળઃઅનુસાર નીકળી આવે. તેઓ તે જીવોની દૃષ્ટિમાં તો સર્વજ્ઞ જ લાગતા હોય છે. તેથી જ્યાં સુધી તે જીવો તે સ્થિતિમાં હોય, ત્યાં સુધી તેમના તરફનો એ ભાવ તે જીવો ટકાવી રાખે, અને તેનાથી લેવો જોઇતો લાભ લે. એજ તેમને માટે વધુ હિતકર હોય છે." એમ સમજીને ત્રીજી દૃષ્ટિવાળા જીવોને સમજાવવા માટે શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ **યોગ-દૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થમાં સાંખ્ય** વિગેરેના **કપિલાદિક** મુનિઓને સર્વજ્ઞ કહી, તે દૃષ્ટિવાળાની શ્રદ્ધા સ્થિર રાખવાને,

સાધનામાં પ્રમાદ ન કરતાં, આગળ વધવાની ભૂમિકામાં ટકાવી રાખવાને વર્ણન કર્યું છે. એમણેજ "ઋગ્વેદાદિકમાં કથંભતૃધર્મ સર્વથા નહીં." કહેલ છે.

પરંતુ કપિલાદિકને વાસ્તવિક સર્વજ્ઞ કહ્યા નથી. તેઓના ઉપદેશ વચનો સર્વજ્ઞમૂલક હોવાથી, તે જીવોની દૃષ્ટિમાં તેમને સર્વજ્ઞ તરીકે સ્થિર કરવા પ્રયાસ કર્યો છે. પરંતુ તેમને ઋષભાદિક જિનેશ્વરોની માફક સર્વજ્ઞ કહ્યા નથી. અને કોઇ તેવી સમજ ધરાવતા હોય, તો "તેઓ તે ગ્રન્થકારનો આશય સમજ્યા વિના માત્ર પોતાના મનની વાત ઠોકી બેસારે છે." એમ સમજવું. છતાં કોઇ વ્યક્તિ વાસ્તવિક રીતે સર્વજ્ઞ હોય, તેને આચાર્યશ્રી છુપાવવા માંગતા નથી. એટલાજ માટે–"**સર્વજ્ઞ એક એવ**" એમ કહીને "સર્વ સર્વજ્ઞોનો ઉપદેશ એકજ હોય." એમ કહીને, સર્વજ્ઞો અનન્ત હોવા છતાં બધાને એકજમાં ગણી લીધા છે. એટલા ઉપરથી સમજી શકાય છે, કે–તેઓશ્રી અસર્વજ્ઞને સર્વજ્ઞ કહે, તેમ બને જ નહીં. તેમજ, અસર્વજ્ઞોનો ઉપદેશ પણ સર્વજ્ઞના ઉપદેશનો અંશ હોવાથી, તે ઉપદેશથી જે જીવોને લાભ થતો હોય, તેનાથી વંચિત રહેવાનો ઉપદેશ પણ ન આપી શકે., કે જ્યાં સુધી એ જીવની એ જાતની ભૂમિકા હોય.

# ૪. શ્રી-અભિનન્દન-જિન-સ્તવન.

## પ્રભુના દર્શનનો અભિલાષ જાગે છેઃ

ક્રમિક વિકાસક્રમે માર્ગમાં આવેલો મોક્ષાશયી જીવ પ્રીતિ–યોગમાં પ્રવેશી દર્શનનો પ્યાસી પરમાત્માનું દર્શન કરવા તલસી રહ્યો હોય છે. પરંતુ તેની પ્રાપ્તિ સહેલી નથી, છતાં અનેક વિઘ્નો વચ્ચે હાર્દિક પ્રયત્ન શરુ રાખે છે.

**રાગઃ ધનાશ્રીઃ સિંધુડાઃ** "આજ નિહેજો રે દીસે નાહલિયો." એ **દેશી.**

### ૧ પ્રભુની સ્તુતિઃ ૨ દર્શનની દુર્લભતાઃ

**૧ સર્વે પોતાનેજ સ્થાપે છે.**

**અભિનન્દન–જિન! દરિસણ તરસિયે દરિસણ દુર્લભ દેવ.**
**મત–મત–ભેદે રે જો જઇ પૂછિયે, સહુ થાપેઃ–"અહમેવ."**
**અભિ૦ ૧**

**તરસિયે**=તલસવું. તીવ્રપણે ઈચ્છવું. ઇચ્છિયે. **દુર્લભ**=મુશ્કેલ. ન મળે તેવું. **મત-મત-ભેદે**=જુદા જુદા પંથો, દર્શનો. સંપ્રદાયો. પરંપરાથી ચાલી આવતી ધર્મોની સંસ્થાઓ. **થાપે**=સાબિત કરવા મહેનત કરે. **અહમ્**=હું. **એવ**=જ. અહમેવ=હું જ. અમે જ. ૧

**હે અભિનન્દન! જિનેશ્વર! દેવ!** મને આપનું દર્શન કરવાની તાલાવેલી જાગી છે. પરંતુ દેવનું દર્શન થવું ઘણું કઠણ કામ છે, સાવ સહેલું નથી. જુદા જુદા ધર્મોવાળા પાસે જઇને પરમાત્માના દર્શન કરવા માટેના ઉપાયો પૂછવા જાઉં છું, તો સહુ એક જ વાત કરે છે, કે-"બસ, અહીં જ આવી જા. હું જ પરમાત્મા છું." અથવા "અહીં અમે જ પરમાત્માનું દર્શન કરાવી દઈશું. અમારા સિવાય બીજે ક્યાંય એ લાભ નહીં મળે." ૧

"આપના દર્શનની તરષ રાખું છું." એટલે તેને મનથી અભિનન્દું છું. એ રીતે **શ્લેષથી અભિનન્દન** નામની સાર્થકતા સૂચવી છે,

**૨. સામાન્યથીઃ અને ૩. વિશેષથીઃ દર્શનની દુર્લભતાઃ**

**સામાન્યે કરી દરિસણ દોહિલું. નિર્ણય સ-કલ વિશેષ.**
**મદમેં ઘેર્યો અંધો કિમ કરે રવિ-શશિ-રૂપ-વિલેષ?**
**અભિ૦ ૨**

**સામાન્યે કરી**=સામાન્યથી. **દોહિલું**=મુશ્કેલી ભરેલું. **નિર્ણય**=ચોક્કસ નિર્ણય. **સ-કલ**=સર્વ પ્રકારના. **વિશેષ**=ખૂબ. [દુર્લભ]. **મદમેં**=મદમાં. **ઘેર્યો**=ઘેરાયેલો. **અંધો**=આંધળો. **રવિ**=સૂર્ય. **શશિ**=ચંદ્ર. **રૂપ**=સ્વરૂપ. બિમ્બ. **વિલેષ**=વિશ્લેષ. પૃથક્કરણ. જુદાપણું. **રવિ-શશિ-રૂપ-વિલેષ**=સૂર્ય અને ચંદ્રના બિમ્બના સ્વરૂપનું-તેજનું પૃથક્કરણ. ૨

સામાન્ય રીતે પણ પરમાત્માનું દર્શન ઘણું જ મુશ્કેલ છે, તો પછી સર્વ પ્રકારના નિર્ણયો કરવા માટેનું વિશેષ દર્શન તો વિશેષ મુશ્કેલ હોય જ. એમાં તો પૂછવું જ શું?

જેમ, આંધળો હોય, અને પાછો તે મદમાં ઘેરાયો હોય-ગાંડો થયો હોય, પહેલાંતો તે સૂર્ય અને ચન્દ્રના બિમ્બને જોઈ જ શકતો નથી હોતો, તો પછી સૂર્ય અને ચન્દ્રના બિમ્બોનું-કે તેના જુદા જુદા સ્વરૂપનું જુદાપણું શી રીતે સમજી જ શકે ? ૨

**૪. તર્કવાદથી: અને ૫. આગમવાદથી: પણ દુર્લભતા:**

**હેતુ-વિવાદે હો ચિત્ત ધરી જોઇએ:-અતિ-દુર્ગમ નય-વાદ.**
**આગમ-વાદે:-હો ગુરુ-ગમ કો નહીં. એ સ-બલો વિષ-વાદ.**
**અભિ૦ ૩**

**હેતુ-વિવાદે**=હેતુવાદ. અનુમાન પ્રમાણ. તર્કથી વાત. **ચિત્ત ધરી જોઇએ**=મન પરોવીને તે મારફત પ્રભુને જોવા જઇએ. દર્શન કરવા જઇએ. **અતિ-દુર્ગમ**=ઘણી જ મુશ્કેલીથી સમજાય તેવો. **નય-વાદ**=જુદા જુદા અભિપ્રાયો ઉપરથી ઉભા થતા નય વાદો. **આગમ-વાદે**=શાસ્ત્રપ્રમાણની મદદ લેવા જતાં. **ગુરુ-ગમ**=ગુરુની મદદથી સમજી શકાય તેવી તેવી બાબતોમાં ગુરુની મદદ. **કો**= કોઇ પણ પ્રકારનો. **સ-બલો**=સબળ. મોટામાં મોટો. **વિષ-વાદ**= વિખવાદ. મુશ્કેલી. ૩

તર્કમાં મન પરોવીને તેની મદદથી પરમાત્માનું દર્શન કરવા જતાં જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી ઊભા થયેલા જુદા જુદા અનેક-નયવાદો-અભિપ્રાય ભેદો-ને લીધે તે દરેકનું રહસ્ય સમજી ન શકાવાથી અત્યન્ત મુશ્કેલી પડે તેમ છે.

આગમવાદ:ની મદદથી દર્શન કરવા જતાં, તેમાં કોઈ ગુરુની મદદ હજી મેળવી શકાઇ નથી. યોગાવંચક યોગ પામ્યો નથી.

આમ ભારે મુશ્કેલીઓમાંથી પસાર થાઉં છું.

**ज्ञायेरन् हेतु-वादेन पदा-ऽर्था यद्यऽतीन्द्रियाः ।**
**कालेनैतावता प्राज्ञैः कृतः स्यात्तेषु निश्चयः ॥ १**

**અર્થ**: "જો માત્ર હેતુવાદથી જ ઇન્દ્રિયોને ય અગોચર એવા **દરેકે દરેક** પદાર્થ પણ જાણી શકતા હોત, તો વિદ્વાનોએ તેઓને લગતા ચોક્કસ નિર્ણયો આજ સુધીમાં કયારના યે કરી જ નાંખ્યા હોત."

પરમાત્માનું દર્શન=પરમાત્મા ઉપરની શ્રદ્ધા=પરમાત્માના વચન ઉપરની–શ્રદ્ધા વિના બધા સાધનો નકામા પડે છે. જો શ્રદ્ધા આવી જાય, તો બધા સાધનો સફળ થઇ જાય છે. માટે પરમાત્માના દર્શનની –પરમાત્મા ઉપરની શ્રદ્ધાની પ્રાપ્તિની ઝંખના ભકતને થાય, એ સ્વાભાવિક છે. ૩

## ૬. બીજા વિઘ્નોઃ અને ૭. સાથીદારના અભાવની પણ દુર્લભતાઃ

**ઘાતિ–ડુંગર આડા અતિ–ઘણા તુજ દરિસણ જગ–નાથ!**
**ધિઠ્ઠાઇ કરી મારગ સંચરું, સેંગુ કોઈ ન સાથ. અભિ૦ ૪**

**ઘાતિ–ડુંગર**=ઘાત કરનારા પર્વતો. વિઘ્નો રૂપી પર્વતો. ઘાતી કર્મો રૂપી વિઘ્નો કરનારા પર્વતો. **અતિ–ઘણા**=ઘણા નહીં, પણ અતિ ઘણા. ખૂબ ખૂબ. **ધિઠ્ઠાઇ**=ધૃષ્ટતા. હઠીલું સાહસ. હઠપૂર્વકનું સાહસ. **મારગ**=આપનું દર્શન પામવાના મારગમાં. **સંચરું**=પળું, ચાલું, આગળ વધું. **સેંગુ=સહ–ગઃ**=સાથે ચાલનાર. વળાવો. ચોકિયાત. સાથીદાર. **સાથ**=સાથે.

હે જગન્નાથ! આપના દર્શનની આડા મોહનીય વિગેરે ઘાતકી કર્મો રૂપી ઘણા ઘણા વિઘ્નમય ડુંગરો ખડા છે. તેને પાર કરવામાં જેવી તેવી મુશ્કેલી નથી.

તેમ છતાં, હઠપૂર્વક–કોઈનું યે સાંભળ્યા વિના સાહસ કરીને આપનું દર્શન થાય એ માર્ગે એકલો ચાલવા લાગી પડું, તો પણ, સાથે ચાલે તેવો કોઇ ગુરુરૂપી માર્ગદર્શક વળાવો, હજી હું મેળવી શકયો નથી. તો એકલો શી રીતે જઇ શકું? ૪

## ૮. 'દર્શનઃ દર્શનઃ'ની ધુનથી પણ દુર્લભતાઃ અને ઉપસંહારઃ

**"દરિસણઃ દરિસણઃ" રટતો જો ફિરું, તો રણ–રોઝ–સમાન.**
**જેહને પિપાસા હો અ–મૃત–પાનનીઃ કિમ ભાંજે વિષ–પાન ?**
**અભિ૦ ૫**

**રટતો**=રટણ કરતો. બોલતો–બોલતો. **ફિરું**=ફર્યાં કરું. **રણ–રોઝ–સમાન**=રણવગડાના રોઝ નામના પ્રાણી જેવો. **પિપાસા**=પીવાની ઇચ્છા. તરસ. તૃષા. **અ–મૃત–પાનની**=અમૃત રૂપી પીણું પીવાની. **ભાંજે**=ભાંગે. **વિષ–પાન**=ઝેરી પીણાંથી, ઝેર પીવાથી. ૫

જો "દર્શનઃ દર્શનઃ" એમ રટણ કરતો કરતો ફર્યા કરું, તો લોકો મને રણવગડાના રોઝ જેવો જ માની લ્યે. એટલે એ પણ ઠીક નથી. પરંતુ, જ્યારે મને આપના દર્શનની એક તરફથી પ્યાસ લાગી છે. ત્યારે સામેથી દર્શન થવામાં ઉપર જણાવ્યા તેવા અનેક વિઘ્નોના ઢગ ખડા છે. તેથી મારી તાલાવેલી વધતી જાય છે. કેમકે –જેમ કોઇ માણસને અમૃત–રૂપી પીણું પીવાની તરસ લાગી હોય, અને તેની સામે ઝેરી પીણાનો કટોરો ધરવામાં આવે, તો તેની તરસ છીપે ? છીપે નહીં, પણ ઉલટી વધુ જાગી ઉઠે. ૫

## ૩. દર્શનનું ફળઃ

**તરસ ન આવે હો મરણ-જીવન તણો સીઝે જો દરિસણ-કાજ.**
**દરિસણ દુર્લભ, સુ–લભ કૃપા થકીઃ આનન્દ–ઘન–મહારાજ.**
**અભિ૦ ૬**

**તરસ**=તરત. તૃષા [ત્રાસ]. **મરણ–જીવન તણો**=મરણ અને જીવનનો–જન્મનો. **સીઝે**=સિદ્ધ થાય. સફળ થાય. પાર પડે. **દરિસણ–કાજ**=દર્શન રૂપી કામ. ધ્યેય. **સુ–લભ**=સહેલું. **કૃપા**=દયા. મહેરબાની. **આનન્દ–ઘન–મહા–રાજ**=આનન્દના સમૂહ રૂપ આપ મહારાજાની. ૬

જો આપના દર્શન પામવા રૂપી કામ પાર પડે, તો મરણ અને જીવનની-જન્મ-મરણની તરસ ન લાગે, અથવા તેનો ત્રાસ ન રહે. જો કે આપનું દર્શન થવું તો ઘણું જ દુર્લભ છે. તો પણ, **શ્રી આનન્દઘનજી મહારાજ** કહે છે, કે—આનન્દના જત્થા રૂપ આપ મહારાજાની જો કૃપા થાય, તો એટલું જ પાછું તે સહેલું છે. માટે હું આપની કૃપા મેળવવા જ મથી રહ્યો છું. ૬

## રહસ્યાર્થઃ

**મારગ સંચરું. રટતો ફરું.** અહીં પણ પરમાત્મા પ્રત્યે મોક્ષાશયી જીવ પોતાની પરમાત્માના દર્શનની પ્યાસ જાહેર કરે છે.

**દર્શન** શબ્દ ઘણા અર્થમાં વપરાતો જોવામાં આવે છે. જેમ કેઃ—

**દર્શન**ઃ=૧. આંખથી જોવું. ૨. પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનની મદદથી પદાર્થમાં રહેલા સામાન્ય અંશનું જ્ઞાન કરવાનો આત્મામાં રહેલો **દર્શન ગુણ**. ૩. તેને આવરનારા કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી **દર્શનલબ્ધિ.** ૪. તેની મદદથી સામાન્ય જાણવા થતો **નિરાકાર ઉપયોગ.** ૫. મત, પંથ. ધર્મસંસ્થા. **જૈન દર્શનઃ બૌદ્ધદર્શનઃ ન્યાયદર્શનઃ વૈદિકદર્શનઃ ષડ્દર્શનઃ** વિગેરે. ૬. વિશ્વને જોવા જાણવાની જુદી જુદી દૃષ્ટિઓ. ૭. દર્શન એટલે દેવઃ ગુરુઃ વિગેરે માન્ય અને પૂજ્ય વ્યક્તિને કે તેમની પ્રતિમાઃ ફોટાઃ ચિત્રઃ વિગેરેને ભાવભક્તિથી **નજરે જોવા.** અથવા મનથી તેમના **દેદાર**નો ખ્યાલ લેવો. ૮. પ્રભુને—પરમાત્માને બરાબર ઓળખવા. ૯. સુદેવઃ સુગુરુઃ સુધર્મઃ ઉપરની શુદ્ધ શ્રદ્ધાઃ તે દર્શનઃ **સમ્યગ્દર્શનઃ તત્ત્વદર્શનઃ યથાર્થ શ્રદ્ધાઃ** વિગેરે જુદા જુદા પાત્ર જીવોની સમજણ શક્તિ અનુસાર તેમની સમજ માટે શાસ્ત્રોમાં ઘણી વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે. ૧૦ **સ્વા**ત્મભાન. વિગેરે અર્થોમાં **દર્શન** શબ્દ વપરાય છે.

**અહીં** ૫ માઃ ૬ ઠ્ઠાઃ ૭ માઃ ૮ માઃ ૯ માઃ અને ૧૦ માઃ અર્થમાં દર્શન શબ્દ સમજવાનો છે. સ્તવનકાર મહારાજાએ એ અર્થોને

લક્ષ્યમાં રાખીને આ સ્તવનની રચના કરી છે. એ ચારેયનું તાત્પર્ય લગભગ એક જ પ્રકારનું છે. સમ્યગ્દર્શન પામવું કેટલું દુર્લભ છે? તે વિષેની **બોધિ દુર્લભ ભાવના** સમજાવી છે. મનુષ્ય ભવ: આર્યક્ષેત્ર: આર્યકુળ: ઉચ્ચ વંશ: સંસ્કારી કુટુંબ: ધર્મની સામગ્રી: શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા: તેને માટેનો પ્રયત્ન: સાંભળ્યા પછી મનન: તેના ઉપર વિશ્વાસ: ગુરુનો પરિચય: પોતાના જીવનમાં તેનો અમલ કરવાની ઇચ્છા: અને તદ્યોગ્ય શક્ય પ્રયત્ન: વિગેરે ઘણી સામગ્રી મળવા છતાંય સમકિત પામવું ને ટકવું ઘણું દુર્લભ થઇ પડે છે.

**આગમવાદ:** શબ્દનો અર્થ અહીં, માત્ર **જૈન આગમ** એટલો જ ન કરતાં **શબ્દ પ્રમાણ** કરવો. શબ્દ પ્રમાણની વ્યાખ્યામાં સમાતા તમામ દર્શનના શાસ્ત્રો લેવા. અને તેમાંથી ગુરુગમ વિના પરમાત્માના શુદ્ધ દર્શન પામવાની દુર્લભતા બતાવી છે. **જૈન આગમ** અર્થ લઇએ, તો પણ "તથા પ્રકારના ગુરુ મહારાજનો યોગ મેળવ્યા વિના તેમાંથી ખાસ રહસ્ય સમજાય નહીં. હું હજી તેવા ગુરુનો પરિચય મેળવી શક્યો નથી, એટલે ગુરુ મહારાજના માર્ગદર્શન વિના હું શાસ્ત્રો મારફત પણ આપનું દર્શન કરી શકતો નથી. હજી પ્રાથમિક દશામાં રહેલો હું એટલો અશક્ત છું."

**હેતુવાદ**માં અનેક અભિપ્રાય ભેદોના પ્રતિપાદક જુદા જુદા **નયોને** આધારે, એક જ બાબતમાં અનેક નયો પરસ્પર સંગત છતાં પરસ્પર વિરુદ્ધ હોય તેવા અભિપ્રાયો સામે લાવીને ખડા કરે છે. તેવી સાચી વસ્તુસ્થિતિ છે. એટલે તેમાંથી પણ આપનું દર્શન મેળવી શકવાની હજી મારી અશક્તિ છે. આપના દર્શન વિના એ નયોની ગુંચ ઉકેલવી, તે હજી મારી શક્તિ બહારનું કામ છે. છતાં, હું આપની કૃપા મેળવવા મથી રહ્યો છું. એટલે એ એક જ ઔષધ કે હથિયાર એવું છે, કે મારા બધા રોગો ને વિઘ્નો દૂર કરશે. મને આપનું દર્શન સહેજમાં પ્રાપ્ત થઈ જશે, અને પરિણામે મારા જન્મ મરણનો અંત આવીને મને મોક્ષ પ્રાપ્ત થશે. દર્શન પરંપરાએ મોક્ષનું કારણ છે.

# ૫. શ્રી સુ-મતિ-નાથ-જિન-સ્તવનઃ

### આત્મ સમર્પણનું સ્વરૂપઃ ત્રણ પ્રકારના આત્માઃ

### ૧, બહિરાત્માઃ ૨. અંતરાત્માઃ ૩. પરમાત્માઃ

**સમ્યગ્દર્શન** પામવાની ઇચ્છાવાળો જીવ આત્મવિકાસમાં ઉપયોગી **આધ્યાત્મિક** તત્ત્વોનો **અધિગમ** પ્રાપ્ત કરવાના પ્રયાસો કરે છે. તે બાબત ૭મા સ્તવન સુધીમાં છે. **કપટ રહિત થઈ આતમ અરપણાઃ** પહેલા સ્તવનમાં સૂચવી છે, આ સ્તવનમાં આત્મ અર્પણા કેમ કરવી? તે સ્પષ્ટ કરવામાં આવેલું છે.

[ રાગઃ વસંતઃ દેહારોઃ ]

૧ઃ પ્રભુ સ્તુતિઃ

સુ-મતિ-ચરણ-કે-જ-આતમ-અરપણા
દરપણ જિમ અ-વિકાર, સુ-જ્ઞાનિ!
મતિ-તરપણઃ બહુ-સમ્મતઃ જાણિયે
પરિસરપણઃ સુ-વિચાર. સુ-જ્ઞાનિ! સુ૦ ૧

**સુ મતિ**=૧. **સુમતિનાથ** ભગવાન. ૨. સારી મતિ. સદ્બુદ્ધિ. **ચરણ**=પગ. ચરણ **કે-જ**=કમળ. **કે**=પાણી. **જ**=થતું. પાણીમાં થતું-કમળ. **સુમતિ-ચરજ-કે-જ**=સુમતિવાળા **સુમતિનાથ** પ્રભુના ચરણ-કમળમાં. **દરપણ**=આરીસો. **અ-વિકાર**=વિકાર રહિત. **મતિ-તરપણ**=બુદ્ધિને સંતોષ આપનાર. **બહુ-સમ્મત**=ઘણા લોકોને માન્ય. ઘણાની સમ્મતિયુક્ત. **પરિસરપણ**=જવું. ગમન કરવું. **સુ-વિચાર**=સારો વિચાર. **સુ-જ્ઞાનિ**=સારા જ્ઞાનવાળા. ૧

દર્પણની જેમ વિકાર વગરના-મેલ વગરનાઃ એટલે કે નિર્મળ એવા સુમતિવાળા શ્રી **સુમતિનાથ જિનેશ્વર** દેવના ચરણ કમળમાં **આત્માનું સમર્પણ** કરવું, એ બુદ્ધિને સંતોષનારુંઃ ઘણાઓએ પસંદ કરેલુંઃ અને સદ્વિચારમાં પ્રવેશ કરવા સમાનઃ જાણવું. માટે હે સારી સમજણ ધરાવનારા ભવ્ય લોકો! એ કર્ત્તવ્ય બજાવો. ૧

"**ભ્રમણા** રૂપી મતિનો દોષ ટળવાથી **સુમતિ**–સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે." એમ બતાવીને શ્લેષથી **સુમતિ** નામની સાર્થકતા જણાવી છે.

**૨, આત્માની ત્રણ અવસ્થાઃ**

**ત્રિ–વિધ સ–કલ–તનુ–ધર–ગત આતમા,**
**બહિરા–ऽऽતમ ધુરિ ભેદઃ સુ–જ્ઞાનિ !**
**બીજો અંતર–આતમાઃ તીસરો**
**પરમા–ऽऽતમ અ–વિચ્છેદઃ સુ–જ્ઞાનિ ! સુ૦ ૨**

**ત્રિ–વિધ**=ત્રણ પ્રકારનો. **સ–કલ–તનુ–ધર–ગત**=સર્વ શરીરધારી પ્રાણીઓમાં રહેલો. **તનુ–ધર**=શરીરધારી પ્રાણી. **આતમા**=આત્મા, જીવ. **બહિરા–ऽऽતમ**=બહિરાત્માઃ બાહ્ય આત્માઃ બાહ્ય દૃષ્ટિ પ્રધાન જીવન જીવનારો પ્રાણી. **ધુરિ**=પહેલો **ભેદ**=પ્રકાર. **અન્તર–આતમા**=અન્તરાત્મા. અંદરના સુ–આશય પ્રધાન દૃષ્ટિથી જીવન જીવનારો પ્રાણી. **તીસરો**=ત્રીજો. **પરમા–ऽऽતમ**=પરમાત્મ.–પારમાર્થિક સ્વરૂપનો આત્મા. વિકસિત સર્વ સ્વગુણોથી દીપતો શ્રેષ્ઠ આત્મા. **અ–વિચ્છેદ**=અખંડઃ નિત્યઃ અવિનાશી. ૨

સર્વ પ્રાણિમાત્રમાં રહેલો આત્મા ત્રણ અવસ્થામાં જોઇ શકાય છે. પહેલા પ્રકારની અવસ્થામાં રહેલા આત્માનું નામ **બહિરા–ऽऽત્માઃ** બીજા પ્રકારની અવસ્થામાં રહેલા આત્માનું નામ **અન્તરા–ऽऽત્માઃ** અને ત્રીજા પ્રકારની અવિનાશી અવસ્થામાં રહેલા આત્માનું નામ **પરમા–ऽऽત્માઃ** ૨

**૧. બહિરા–ऽऽત્માઃ ૨, અને અન્તરા–ऽऽત્માઃની ઓળખાણોઃ**

**આતમ–બુધ્ધેં કાયા–ऽऽદિક ગ્રહ્યોઃ**
**બહિરાऽऽતમ અધ–રૂપ. સુ–જ્ઞાનિ !**
**કાયા–ऽऽદિકનો હો સાખિ–ધર રહ્યોઃ**
**અન્તર–આતમ–રૂપ. સુ–જ્ઞાનિ ! સુ૦ ૩**

**આતમ–બુદ્ધં**=આત્મા બુદ્ધિથી "પોતે છે." અને "પોતાના છે."

એવી બુદ્ધિથી. **કાયા–ऽऽદિક**=શરીરઃ કુટુંબઃ મિલ્કતઃ વિગેરેને. **ગ્રહ્યો**=જાણ્યો. **અઘ–રૂપ**=પાપરૂપ. દોષરૂપ. **સાખિ–ધર**=સાક્ષિદાર રૂપ. તટસ્થ. ૩

૧ "શરીર વિગેરે જ પોતે છે." અથવા "એ સર્વ પોતાના છે." એવી રીતે "આત્મા" અથવા "આત્માના" એમ જાણવું. તે દોષ રૂપ **બહિરા–ऽऽત્મા કહેવાય. અને** ૨ શરીરાદિક તથા તેની સર્વ પ્રવૃત્તિઓમાંથી પોતાપણાની બુદ્ધિ ખેંચી લઇ, માત્ર, તેની સર્વ હિલચાલોમાં સાક્ષિ રૂપે જ રહે. એવી અવસ્થાવાળો આત્માઃ તે **અન્તરા–ऽऽત્મા** કહેવાય. ૩

## ૩. પરમાત્મા અવસ્થાની ઓળખાણઃ

"જ્ઞાના–ऽऽનન્દે હો પૂરણઃ પાવનોઃ
વર્જિત-સ–કલ–ઉપાધઃ સુ–જ્ઞાનિ !
અતીન્દ્રિયઃ ગુણ–ગણ–મણિ–આગરુઃ"
એમ પરમા–ऽऽતમ સાધ. સુ-જ્ઞાનિ ! સુ૦ ૪

**જ્ઞાના–ऽऽનન્દે**=જ્ઞાનના આનન્દથી. **પૂરણ**=ભરપૂર. **પાવનો**=પરમ પવિત્રઃ **વર્જિત**=રહિત. **સ–કલ–ઉપાધ**=કર્માદિક સર્વ ઉપાધિઓ. **વર્જિત–સ–કલ–ઉપાધ**=કર્માદિક સર્વ ઉપાધિઓથી રહિત. **અતીન્દ્રિય**=ઇન્દ્રિયોને અગોચર. **ગુણ–ગણ–મણિ–આગરુ**=ગુણોના સમૂહ રૂપ રત્નોની ખાણ. **ગણ**=સમૂહ. **આગરુ**=આગર. આકર. ખાણ. **ઇમ**=એ રીતે. **સાધ**=સાધો. સમજો. ઓળખો. ૪

જ્ઞાનના આનંદથી પૂરેપૂરો ભરપૂરઃ પરમ પવિત્રઃ કર્માદિક સર્વ ઉપાધિઓથી રહિતઃ ઇન્દ્રિયોથી અગોચર–અગમ્યઃ ગુણોના સમૂહો રૂપી રત્નોની ખાણ સમાનઃ અથવા ઇન્દ્રિયોને અગોચર ગુણોના સમૂહરૂપી રત્નોની ખાણ સમાનઃ એ પ્રમાણે પરમાત્મા અવસ્થાનું સ્વરૂપ સમજો. ૪

### ૩. આત્મ સમર્પણની ઓળખાણ.

બહિરા–ઽઽતમ તજી અન્તર–આતમ–રૂપ
થઇ થિર–ભાવ, સુ–જ્ઞાનિ !
પરમા–ઽઽતમનું હો આતમ ભાવવુંઃ
આતમ–અરપણ–દાવ. સુ–જ્ઞાનિ! સુ૦ ૫

**તજી**=છોડી દઇ. ત્યાગ કરી. **અન્તર–આતમ–રૂપ**=અન્તરાત્મા સ્વરૂપે. **થિર-ભાવ**=સ્થિર ભાવે,એકાગ્રતાપૂર્વક–ધ્યાનમાં સ્થિરભાવે. **દાવ**=ખેલ. યુક્તિ. રીત. ૫

બહિરાત્મભાવનો ત્યાગ કરી, સ્થિર ભાવે અન્તરા–ઽઽત્મ સ્વરૂપમાં નિષ્ઠ થઇ, પોતાના આત્માની પરમાત્મા અવસ્થા ભાવવી, તે આત્મ –સમર્પણનો દાવ–યુકિત છે–સાચી રીત છે.

જૈનદર્શનની દૃષ્ટિએ પરમાત્મ-સમર્પણની-આત્મ સમર્પણની-આ રીતઃ અને વ્યાખ્યાઃ છે. પોતાના આત્માને જ પરમાત્મા અવસ્થામાં લાવી મૂકવો, તેનું નામ પરમાત્માને આત્મસમર્પણ છે. ૫

પ્રસિદ્ધ **ભગવદ્–ગીતામાં** વૈદિક શાસ્ત્રકારોનો પણ આવો જ ધ્વનિ છેઃ–

जिता–ऽऽत्मनः प्रशान्तस्य परमा–ऽऽत्मा समाहितः ।
शीतोष्ण–सुख–दुःखेषु तथा माना-ऽपमानयोः ॥ ६. ७. ॥

**અર્થ**: "ઠંડીમાં કે ગરમીમાંઃ સુખમાં કે દુઃખમાંઃ માન–સન્માનમાં કે અપમાનમાંઃ સંયમી અને શાંત આત્માનો પરમ-આત્મા–પરમા-ઽઽત્મા સમાહિત હોય છે-સ્થિર–શાન્ત–સમભાવમાં સ્થિર હોય છે." ૬ અ. શ્લોક. ૭,

### ૪. આત્મ-સમર્પણનું ફળઃ અને તેની માંગણીઃ

આતમ–અરપણ–વસ્તુ વિચારતાં
ભરમ ટળે મતિ–દોષઃ સુ–જ્ઞાનિ !
પરમ–પદા–ઽર્થ–સંપત્તિ સંપ જે
આનન્દ–ઘન–રસ પોષઃ સુ–જ્ઞાનિ! સુ૦ ૬

**ભરમ**=ભ્રમ. અજ્ઞાન. **ટળે**=નાશ પામે. **મતિ–દોષ**=બુદ્ધિનો દોષ. જ્ઞાનનો દોષ. **પરમ–પદા–ઽરથ–સંપત્તિ**=પરમ પદાર્થની સંપત્તિ. મોક્ષ. **સંપજે**=નિપજે. મળે. **આનન્દ–ઘન–રસ–પોષ** =આનન્દના સમૂહથી ભરપૂર રસનું પોષણ કરનાર. ૯

આનન્દ–ઘનજી મહારાજ કહે છે, કેઃ–આત્મ સમર્પણના રહસ્યનો વિચાર કરતાં ભ્રમણારૂપી બુદ્ધિનો–અજ્ઞાનરૂપી દોષ ટળી જાય છે. સર્વ પ્રકારની ભ્રમણાઓ ભાંગી જાય છે. કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને આનન્દના સમૂહથી ભરપૂર રસનું પોષણ કરનાર પરમ પદાર્થની સંપત્તિ–મોક્ષ પ્રાપ્ત થાય છે. ૯

## ર હ સ્યા ર્થ:

**આ**રીસા જેવા સ્વચ્છ અને નિર્દોષ પરમાત્માના ચરણકજ એટલે ચરણકમળમાં આત્મા પ્રથમ અર્પવોઃ ત્યાર પછી, પોતાના બહિરાત્મ ભાવને છોડીને પોતાનો અંતરાત્મ ભાવ પ્રાપ્ત કરવો. અને તેમ કરીને પછી પોતાના જ પરમાત્મ સ્વરૂપને પોતાનો અંતરાત્મા સમર્પણ કરવોઃ તે **આત્મ સમર્પણ** છે. આત્મ-સમર્પણની આ વાત કોઇપણની બુદ્ધિને સંતોષીને તૃપ્ત કરી દે તેવી છે, તેમ જ તેની સામે કોઈનોય વિસંવાદ આવી શકતો નથી. બલ્કે ઘણા શિષ્ટ પુરુષો તેમાં સમ્મત જ હોયછે. પ્રાયઃ તેમાં કોઇનોયે સાચો મતભેદ છે જ નહીં. એ કામ સદ્‌વિચારમાં પરિસર્પણ એટલે પ્રવેશ–પ્રગતિ–આગળ ધપવા રૂપ જ છે.

**ત્ર**ણ પ્રકારના આત્માનું ટુંકામાં સ્વરૂપ સમજાવ્યું છે. પરંતુ, તે સમજવાની જરૂર શા માટે છે? તે તો વળી, બહુ જ સુંદર રીતે સમજાવ્યું છે. "ત્રણ પ્રકારના આત્માનું જ્ઞાન પરમાત્મ–સમર્પણ માટે કરવું જરૂરી છે." એમ સમજાવ્યું છે. "હું" અને "મારાં" ની મમતાથી જ્યાં સુધી આત્મા ઘેરાયેલો હોય છે, ત્યાં સુધી તે જીવઃ **આત્મા** ખરો, પણ તે **બહિરા–ઽઽત્મા** ગણાય છે. જ્યારે આત્મા શાંતઃ સંયમીઃ અને ત્યાગીઃ બને છે, ત્યારે તે અંતરા–

ડડત્મા બને છે. અને જ્યારે તે પૂર્ણ યોગી થઇને પોતાના આત્મામાં જ લીન થઇ જાય છે, અને તેના સઘળા ગુણો પ્રકાશી ઊઠે છે, ત્યારે તે જ આત્મા અઢાર દોષ રહિત **પરમા–ડડત્મા** બની જાય છે. અઢાર દોષ **શ્રી મલ્લીનાથ ભગવાનના** સ્તવનમાં આગળ બતાવેલા છે.

**જ્યાં** સુધી આત્મા બહિરાત્મ ભાવથી ઘેરાયેલો હોય છે, ત્યાં સુધી તેને આગળ વધવા સાટે નિર્દોષ વીતરાગ પ્રભુનું આલમ્બન લેવું જ પડે છે. અને પોતેજ અંતરાત્મભાવમાં સ્થિર થઇને પોતે જ પરમા–ડડત્મા બને છે.

"**પ**રમ બ્રહ્મ રૂપ કોઇ પરમાત્મા જુદા છે. અને તેને પોતે સમર્પિત થાય છે." એ રીતે આત્મસમર્પણા જૈનદર્શનને માન્ય નથી. પરંતુ, જે આત્માઓ પોતાનું પરમાત્મ સ્વરૂપ પામ્યા હોય છે, તેઓનું શરૂઆતમાં અવલમ્બન લઇ, જે આત્મા પોતે જ પરમાત્મરૂપ બની જાય છે, તે પોતે પોતાને જ સમર્પિત થાય છે. પ્રથમ વીતરાગદેવને સમર્પણ થવાથી પોતે જ વીતરાગ પરમાત્મરૂપ બને છે. એમ પોતે પોતાને જ સમર્પિત થાય છે.

**આમ મોક્ષાશયી** જીવ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ કરતાં કરતાં તેના સ્વરૂપોનો અધિગમ કરે છે–બોધ પ્રાપ્ત કરવા માંડે છે.

**ચ**રણુઃ અરપણુઃ દરપણુઃ તરપણુઃ પરિસરપણુઃ વિગેરે અનુપ્રાસોમય શબ્દોનો ઉપયોગ કરીને કવિત્વ શક્તિનો સ્તવનાકર મહાત્માએ પરિચય આપ્યો છે.

# ૬. શ્રી. પદ્મ-પ્રભ-જિન-સ્તવન

## એકજ આત્માની બહિરા–ડડત્માઃ અને પરમા–ડડત્માઃ એ બે અવસ્થા વચ્ચેના ભેદના કારણની શોધઃ

**બ**હિરાત્મ ભાવમાં રહેલો એકજ આત્મા પોતે જ અન્તરાત્મા રૂપ થઇ, પરિણામે પરમાત્મા થઇ શકે છે. આમ એક જ આત્માની ત્રણ અવસ્થા થવાનું **કારણ** બતાવવામાં આવે છે.

રાગ: સિંધુડો: "ચાંદલિયા! સંદેશો કહેજે મારા કંથને." એ દેશી.

**૧, આંતરું પડવાનું કારણ: કર્મ:**

"પદ્મ-પ્રભ-જીન!" તુઝ મુઝ આંતરું રે
કિમ ભાંજે ભગવન્ત?
કર્મ વિપાકે કારણ જોઇને, રે
કોઇ કહે મતિમન્ત પદ્મ૦ ૧

**આંતરું**=અંતર. વચગાળો **ભાંજે**=ભાંગે. **કર્મ-વિપાકે**=કર્મોના વિપાકો ઉપરથી. કર્મોના ફળો ઉપરથી. **કોઇ**-કેઈ=કેટલાક. ઘણા. **મતિમન્ત**=બુદ્ધિશાળી.

હે **પદ્મ-પ્રભ**-જિનેશ્વર દેવ! બહિરાત્મ અવસ્થામાં રહેલા મારી અને પરમાત્મ અવસ્થામાં રહેલી આપની-અથવા મારા પોતાના પરમાત્મ સ્વરૂપની-વચ્ચેનું જે અંતર છે, તે શી રીતે તુટી શકે? અન્વય: અને વ્યતિરેક:ની મદદથી કર્મોના ફળો જોઇને, તે ઉપરથી કર્મોને તમારી અને મારી વચ્ચે આંતરું પડવાના કારણ તરીકે હોવાનું ઘણા જ્ઞાની-બુદ્ધિશાળી લોકો કહે છે. ૧

"**મારા** કર્મરૂપી મેલ જવાથી મારી અને આપની વચ્ચેનું અંતર ભાંગી જશે, અને આનન્દ ઘનના રસથી મારો જીવ રૂપી સરોવર ખૂબ છલી ઉઠશે, ત્યારે તેમાં મારો **પદ્મ** જેવો નિર્મળ આત્મા આપની પેઠે **પદ્મપ્રભ**-કમળની કાંતિ જેવી કાંતિવાળો-થઇને મ્હેકી ઉઠશે." એમ બતાવીને **શ્લેષથી પદ્મપ્રભ**-નામની સાર્થકતા સૂચવી જણાય છે.

**૨. કર્મના ભેદો:**

પયઇ: ઠિઇ: અણુભાગ: પ્રદેશ:થી રે
મૂળ: ઉત્તર: બહુ-ભેદ.
ઘાતી: અ-ઘાતી: હો બન્ધોદય: ઉદીરણા: રે
સત્તા: કર્મ-વિચ્છેદ: પદ્મ૦ ૨

**પયઇ**=પ્રકૃતિ. ચોક્કસ સ્વરૂપના ફળો આપવાનો કર્મોનો સ્વભાવ. **ઠિઇ**=સ્થિતિ. કર્મોને આત્મા સાથે ચોંટી રહેવાના વખતનું

નિયમન. **અણુભાગ**=રસ. અનુભાવ. ફળ આપતી વખતે કર્મોના પ્રભાવનું નિયમન. **પ્રદેશ**=કાર્મણ વર્ગણાના પુદ્ગળ સ્કન્ધોના જત્થાનું નિયમન. **મૂળ**=મુખ્ય. **ઉત્તર**=પેટા. **બહુ-ભેદ**-ઘણા ભેદોવાળું. **ઘાતી**=મૂળ ગુણો ઢાંકનાર કર્મો. જ્ઞાનઃ દર્શનઃ સમકિતઃ ચારિત્રઃ દાનાદિક પાંચ લબ્ધિઓઃ તેને ઢાંકનારી કર્મોની પ્રકૃતિઓ, તે ઘાતી પ્રકૃતિઓ. **અ-ઘાતી**=મૂળ ગુણો સિવાયના ગુણોને ઢાંકનાર-આવરનાર કર્મ. અલ્પઘાતી. અક્ષયસ્થિતિઃ અક્ષય સુખઃ અરૂપી અવસ્થાઃ અગુરુ-લઘુ પર્યાયઃ એ નાના ગુણોને દબાવનાર. **બન્ધ**=આત્મા સાથે ચોંટેલા જુના કર્મો સાથે નવા કર્મ પુદ્ગળોનું જોડાણ થઈ આત્મપ્રદેશો સાથે દૂધઃ અને પાણીઃની, અગ્નિ અને લોઢાના ગોળાઃની, તલઃ અને તેલઃની માફક મિશ્રણ. **ઉદય**=બાંધેલા કર્મોનું ફળો ભોગવાવવા કામે લાગવું. **ઉદીરણા**=જે કર્મનું ફળ સ્વાભાવિક રીતે જે વખતે ભોગવવાનું હોય, તેના કરતાં વહેલું ફળ ભોગવાવે, તેવી-કર્મોમાં થતી આત્માની પ્રેરક હીલચાલ. **સત્તા**=કર્મ બંધાયાના સમયથી માંડીને સહજ રીતે કે ઉદીરણાથી ઉદયમાં આવીને કર્મ આત્માથી છુટું પડી ન જાય, ત્યાં સુધીનું તે તે કર્મોનું આત્મા સાથેના સંબંધનું અસ્તિત્વઃ કર્મ તરીકેના સ્વરૂપનું કાયમીપણું-વિદ્યમાનતાઃ તે સત્તા. **કર્મ**=પૂર્વકર્મના ઉદયથી જાગેલા રાગ-દ્વેષરૂપ વિવિધ આશ્રવોથી ખેંચાઇ આવી, આત્મા સાથે મિશ્ર થઇ, ચોંટી ગયેલી કાર્મણવર્ગણા. **કર્મ-વિચ્છેદ**=કર્મનો વિચ્છેદઃ એટલે કે-કર્મોના-બંધનો વિચ્છેદઃ ઉદયનો વિચ્છેદઃ ઉદીરણાનો વિચ્છેદઃ સત્તાનો વિચ્છેદઃ એટલે કે-જેમ જેમ આત્મા વિકાસ પામી ઉપર ઉપરના ગુણસ્થાનકો ઉપર ચડતો જાય, તેમ તેમ કર્મો બંધાતાં અટકે, ઉદયમાં આવતા અટકે, ઉદીરણામાં આવતા અટકે, સત્તામાં વિદ્યમાન રહેતા અટકે. તે દરેક બંધાદિકના વિચ્છેદ ગણાય છે. **દા૦ ત૦** મિથ્યાત્વ મોહનીય કર્મનો બંધ પહેલે ગુણસ્થાનકે જ થાય છે. પછીના ગુણસ્થાનકોમાં તેનો બંધ થતો જ નથી. એટલે બીજા ગુણસ્થાનકથી માંડીને ૧૪ મા સુધી મિથ્યાત્વ મોહનીય કર્મનો **બંધ વિચ્છેદ** ગણાય.

વિચ્છેદ સાથે **અબંધ** વિગેરે પણ ઉપલક્ષણથી સમજવા. જેમ કેઃ-પહેલે ગુણસ્થાનકે **તીર્થંકર** નામકર્મ બંધાતું નથી. એટલા ઉપરથી તેનો **બંધવિચ્છેદ** ગણી શકાય નહીં. પરંતુ ૧લે-૨જે અને ૩જે ગુણસ્થાનકે **અબંધ** એટલે બંધ થતો નથી. પણ ચોથા પછી આઠમા ગુણસ્થાનક સુધી બંધ થઇ શકે છે. માટે ૧લે ૨જે અને ૩જે અબંધ ગણાય, ને આઠમા પછી **બંધ-વિચ્છેદ** ગણાય. ૨

પ્રકૃતિઃ સ્થિતિઃ અનુભાવ-અનુભાગઃ અને પ્રદેશઃની અપેક્ષાએ, મૂળ-ભેદઃ અને ઉત્તર ભેદઃની અપેક્ષાએ, બંધઃ ઉદયઃ ઉદીરણાઃ સત્તાઃ અને તેઓના કર્મવિચ્છેદઃ વિગેરેની અપેક્ષાએ કર્મના ઘણા ભેદ છે.

**જ્ઞાનાવરણીયઃ દર્શનાવરણીયઃ વેદનીયઃ આયુષ્યઃ મોહનીયઃ નામઃ ગોત્રઃ** અને **અંતરાયઃ કર્મ**ઃ એ આઠ મૂળ ભેદો છે. અને તે દરેકના અનુક્રમે ૫ઃ ૯ઃ ૨ઃ ૪ઃ ૨૮ઃ ૧૦૩ઃ ૨ઃ ૫ઃ ભેદો મળીને કુલ ૧૫૮ ઉત્તર ભેદો-પેટા ભેદો થાય છે. ૨

## ૩. સંસારની વ્યાખ્યા.

**કનકોપલવત્ પયડી-પુરુષ તણી રે**
**જોડી અના-ऽऽदि-સ્વ-ભાવ.**
**અન્ય-સંજોગી જિહાં લગે આતમાઃ રે**
**"સંસારી" કહેવાય. પદ્મ૦ ૩**

**કનક**=સોનું. **ઉપલ**=પત્થર. **કનકોપલવત્**=સોનું અને પત્થરના મિશ્રણની માફક. **પયડી**=પ્રકૃતિ, માયા, કર્મ. **પુરુષ**=આત્મા. **જોડી**=જોડ, જોડલું, યુગલ. અથવા જોડાયેલ=એકમેકમાં ગુંથાયેલ. **અના-ऽऽदि**=આદિ વગરના. અનાદિ કાળના. **સ્વ-ભાવ**=સ્વભાવે કરીને. **અન્ય-સંજોગી**=બીજા સાથે જોડાયેલા. ૩

**પ્રકૃતિઃ** અને **પુરુષઃ** એટલે કે-આત્માઃ અને કર્મઃ એ બેની જોડી સ્વભાવે કરીને અનાદિ કાળથી સોના અને પત્થરની માફક મિશ્રિત થઇને રહેલી છે.

**આ** રીતે જ્યાં સુધી પુરુષઃ એટલે આત્માઃ કર્મ રૂપ બીજા જડ પદાર્થઃની સાથે સંયોગ ધરાવે છે, ત્યાં સુધી, તે આત્મા **સંસારી** કહેવાય છે. આત્માઃ અને કર્મઃનો સંજોગઃ તે **સંસાર.**

**संजोग-मूला जीवेण पत्ता दुक्ख-परंपरा।**

**અર્થ**: "આત્માઃ અને કર્મોઃનો સંયોગ જેનું મૂળ કારણ છે, એવી દુઃખોની પરંપરા આત્માએ ભોગવી છે. ૩

**૪. બંધઃ અને ૫. મુક્તિઃના કારણોઃ અને ૬ હેયોપાદેય વ્યવસ્થાઃ**

**કારણ-જોગે હો બાંધે બંધને, રે કારણ મુગતિ મૂકાય.**
**"આશ્રવ" "સંવર" નામ અનુક્રમે, રે હેયઃ ઉપાદેયઃ સુણાય.**
**પદ્મ૦ ૪**

**કારણ-જોગે**=કારણ સામગ્રી મળવાથી. **બાંધે**=કર્મ બાંધે છે. **બંધન**=બંધન રૂપ. **મુગતિ**=મુક્તિ. **મૂકાય**=મુક્ત થાય. **આશ્રવ**=કર્મના બંધનું કારણ. **સંવર**=કર્મના બંધને રોકવાનું કારણ. **હેય**=ત્યાગવા યોગ્ય. **ઉપાદેય**=ગ્રહણ કરવા યોગ્ય. **સુણાય**=શાસ્ત્રમાં સંભળાય છે. ૪

બન્ધન-કરણ વિગેરે બંધ થવાના કારણો મળવાનાં યોગે જ આત્મા કર્મો બાંધે છે. અને મુકત થવાના કારણો મળવાથી આત્મા કર્મોથી મુકત થાય છે. એ બન્નેયના કારણોના નામ અનુક્રમે શાસ્ત્રમાં **આશ્રવ** અને **સંવર** સાંભળવામાં આવે છે. અને એ બેમાંના અનુક્રમે એક **હેય**-ત્યાગ કરવા યોગ્યઃ અને બીજો **ઉપાદેય**-આદરવા યોગ્યઃ છે.

૧ કર્મના બંધનું કારણ આશ્રવ છે. તે છોડવા યોગ્ય છે. ૨ કર્મનો નવો બંધ થતો અટકાવનાર સંવર છે. તે આદરવા યોગ્ય છે. આશ્રવ સંસારમાં રઝળાવનાર છે. અને સંવર નિર્જરાદ્વારા મોક્ષમાં લઇ જવામાં મદદગાર છે. ૪

## ૭. સંસારઃ અને મોક્ષઃ આત્માના સ્વભાવઃ

"યુઞ્જન-કરણે" હો અન્તર તુજ પડયો, રે
"ગુણ-કરણે" કરી ભઙ્ગ.
ગ્રન્થ-ઉકતેં કરી પણ્ડિત-જન કહ્યો, રે
અન્તર-ભઙ્ગ-સુ-અઙ્ગ. પદ્મ૦ ૫

**યુઞ્જન-કરણે**=જોડનારા પ્રયત્નથી. **ગુણ-કરણે**=ગુણના વિકાસરૂપ પ્રયત્નથી. **કરણ**=આત્માનો ખાસ પ્રયત્ન. **ગ્રન્થ**=પુસ્તકો. **ઉકતેં**= ઉક્તિઓથી. ગાથાઓથી. **પણ્ડિત-જન**=વિદ્વાન પુરુષોએ. **અન્તર-ભઙ્ગ-સુ-અઙ્ગ**=આંતરા ભાંગવાનાં સુંદર અંગો. અથવા **સુ-અંગ**=શ્રુતજ્ઞાનના અંગરૂપ **સુઅ-અંગ**. ૫

ટુંકામાં, મારું-બહિરાત્માનું, તમારી સાથે-પરમાત્મભાવ સાથે-આંતરું યુઞ્જન-કરણે પડયું છે. તેનો ભંગ ગુણ-કરણે કરીને થઇ શકે છે. એટલે કે-હું કર્મ સાથે યોજાવાથી-જોડાવાથી-મારી અને આપની વચ્ચે અંતર પડયું છે, અને મારા આત્મામાં ગુણોનો વિકાસ થવાથી કર્મો દૂર થતાં, તે આંતરું ભાંગી જાય તેમ છે. તેથી હું આપના જેવો પરમાત્મા બની શકું છું.

આમ, આંતરું ભાંગવાના ગુણકરણરૂપ ઉપાયની વાત મોટા મોટા વિદ્વાન્ પુરુષોએ મોટા મોટા ગ્રન્થોની અનેક ઉક્તિઓ-ગાથાઓમાં ખૂબ વર્ણવેલ છે. ૨. શ્રુતના-આગમોના અંગરૂપ અંદર-અંદરના અનેક ભાંગાઓથી ભરપૂર કર્મ ગ્રન્થાદિક-ગ્રન્થોમાં અનેક ગાથાઓ-વડે વર્ણવેલ છે.

આત્મામાં રહેલા **સંસાર-યોગ્યતા** નામના સ્વભાવનું પ્રગટ થવુંઃ જેથી કર્મો બંધાય છે, તે **યુઞ્જન-કરણ**ઃ અને તે જ ભાવ **આશ્રવ** છે. આત્માને મોક્ષ તરફ લઇ જનાર-મુક્તિ યોગ્ય સ્વભાવનું પ્રગટ થવું, તે **ગુણકરણ**ઃ અને તે જ **ભાવસંવર**ઃ **નિર્જરા**ઃ અને

છેવટે **મોક્ષઃ** છે. **સંસારયોગ્યતાઃ** અને **મોક્ષ યોગ્યતાઃ** એ બે સ્વભાવો જીવમાં હોય છે. તેમાંથી જે એક સ્વભાવ પ્રગટ થાય, ત્યારે બીજો સ્વભાવ તિરોહિત હોય છે-આવિર્ભાવઃ તિરોભાવઃ એ બે પણ પર્યાયો છે. અભવ્ય જીવમાં **સંસાર યોગ્યતા** એક જ સ્વભાવ હોય છે. કયા જીવનો બેમાંથી કયો સ્વભાવ ક્યારે પ્રગટ થાય? તેનો આધાર તે તે જીવની **તથાભવ્યતા** ઉપર હોય છે. તે પ્રમાણે વેલામોડા **મોક્ષમાં** જવાય જ છે. ૫

**आत्मा तद्–ऽन्य–संयोगात्संसारी, तद्–वियोगतः ।**
**स एव मुक्तः-एतौ च तत्–स्वाभाव्यात्, तयोस्तथा ॥ ६ ॥**
**अन्यतोऽनुग्रहोप्यत्र तत्स्वाभाव्य–निबन्धनः ।    योग–बिन्दु.**

**અર્થ**: "આત્મા પોતાના શિવાયના બીજા પદાર્થના સંયોગથી **સંસારી** કહેવાય છે.

અને તે બીજો પદાર્થ છુટો પડી જવાથી તે આત્માજ **મુક્ત** કહેવાય છે.

એ સંયોગઃ અને વિયોગઃ **આત્માના સ્વભાવથી થાય છે.**

આ ઠેકાણે તે સંયોગઃ અને વિયોગઃમાં બીજા [ઇશ્વરાદિક] તરફની કૃપાને પણ જો કારણભૂત માનવામાં આવે, તો તેમાં પણ, કૃપા કરવાના સ્વભાવને જ કારણભૂત માનવો પડશે"

એમ પણ બીજાનો સ્વભાવ માનવા કરતાં, આત્માના એ બે સ્વભાવો માનવામાં શી હરકત છે?"

## ૮ અન્તર ભાંગવાનું ફળઃ

**તુઝ–મુઝ અન્તર–અન્તર ભાંજશે, રે વાજશે મઙ્ગલ–તૂર,**
**જીવ–સરોવર અતિશય વાધશે, રે "આનન્દ–ઘન" રસ-પૂર.**
**પદ્મ૦ ૬**

**અન્તર**=અંદરનું. **અન્તર**=આંતરું. **ભાંજશે**=ભાંગશે. **વાજશે**=વાગશે. **તૂર**=વાજાં. **મઙ્ગલ–તૂર**=માંગલિક વાજાં. **જીવ-સરોવર**=જીવરૂપી તળાવ. **અતિશય**=ખૂબ. **વાધશે**=વધી જશે. **આનન્દ–ઘન–રસ–પૂર**=આનંદના ભંડાર રૂપ રસ-પાણીના પૂરથી. ૬

**મોક્ષાશયી જીવ** અથવા **આનન્દઘનજી મહારાજ** કહે છે કેઃ– મારી અને આપની વચ્ચેનું અંદરનું આંતરું ગુણકરણે કરીને ભાંગી જશે, ને આપણે બન્નેય સંપૂર્ણપણે સરખા થઈશું–એકાકાર થઇશું–એક બીજાને મળીશું, ત્યારે મંગળ વાજાં વાગી રહેશે, અને તે જ સમયે આનંદથી ઉછળતા–પૂર્ણસ્વગુણ વિકાસ રૂપ રસના–પાણીના –પૂર આવવાથી જીવરૂપી સરોવર ખૂબ ખૂબ વૃદ્ધિ પામશે–હેલે ચડશે. મારો આત્મા પૂર્ણ આનન્દમાં મગ્ન થશે. ૬

## ર હ સ્યા ર્થ

બહિરાત્મભાવ અને પરમાત્મભાવ વચ્ચે આંતરું પાડનારા કર્મનું સ્વરૂપ આ સ્તવનમાં બતાવેલું છે. કોઈ પણ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનમાં કર્મનું જ્ઞાન અનિવાર્ય રીતે કરવું જ પડે છે. આત્માઃ અને કર્મઃના સંબંધના જ્ઞાન વિના કોઇપણ પ્રકારના તત્ત્વજ્ઞાનનું જ્ઞાન અપૂર્ણ જ રહે છે.

**કર્મ–વિપાક**=પૂર્વે બાંધેલાં કર્મોનાં ફળોને ભોગવવાં પડે છે, તે કર્મ–વિપાક કહેવાય છે. કર્મો પોતાનો વિપાક ચાર રીતે બતાવે છેઃ–૧. પ્રકૃતિ રૂપેઃ ૨. સ્થિતિ રૂપેઃ ૩. રસ રૂપેઃ ૪. પ્રદેશ રૂપેઃ

**પ્રકૃતિ**=જુદા જુદા ફળો બતાવવા રૂપ કર્મના સ્વભાવોનું નિયમન.

**સ્થિતિ**=આત્મા સાથે કર્મોને બંધાઈ રહેવાના કાળનું નિયમન.

**અનુભાગ**=પ્રકૃતિ અનુસાર કર્મનું તીવ્ર, મંદ, તીવ્ર–મંદ, તીવ્રતર, મંદતર અનુભવ કરાવવાનું નિયમન. તેના **રસ, અનુભાવ** વિગેરે બીજા નામો પણ છે.

**પ્રદેશ**=મૂળ અને ઉત્તર પ્રકૃતિવાર કર્મની વર્ગણા (જત્થા)ના પ્રદેશોના ભાગોનું આત્માની સાથેના થતા મિશ્રણનું નિયમન.

**જે**મ સોનુંઃ અને માટીઃ એ **જોડી**નો સંબંધ અનાદિ કાળથી છે. તેમ પ્રકૃતિઃ અને પુરુષઃનો સંબંધ અનાદિ કાળથી છે. **સાંખ્યોની**

**માન્યતાએ.** તેમ જૈન દર્શનની માન્યતાથી આત્મા: અને કર્મો:નો સંબંધ પણ અનાદિ કાળથી છે.

મહા મહા વિદ્વાન પુરુષોએ પૂર્વોદ્ધૃત **કર્મગ્રન્થ, પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ** વિગેરે મોટા ગ્રન્થોની રચનાથી આત્મા અને કર્મો વિષે ઘણું ઘણું કહ્યું છે. તથા આંતરું ભાંગવાના પણ ઘણા સુંદર અંશો-શ્રુતાંગોમાં જણાવ્યા છે, અથવા "શ્રુતજ્ઞાનના અંગરૂપ કર્મ-ગ્રન્થાદિકમાં બતાવ્યા છે." એવો અર્થ પણ થશે.

કર્મરૂપી અંદરનું-બહાર ન જણાતું-આંતરું ભાંગતાની સાથે જ આત્મા કર્મોથી મુક્ત થઇ, પોતાના સમગ્ર ગુણો પ્રગટ કરીને આનંદમય બની જાય છે.

મોક્ષાશયી જીવને પોતાનામાં અને પરમાત્મામાં ભેદ ભાસતો થાય છે, તેના કારણની શોધમાં પડે છે. અને તેને દૂર કરવા તાલાવેલી સેવે છે. એ તાલાવેલીનું આખરી પરિણામ મોક્ષ છે.

"કર્મના યોગે જ **બહિરાત્મા:** અને **પરમાત્મા;** એવા ભેદ પડે છે." એ વાત આ સ્તવન ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે. "કર્મથી સંસાર છે. એ વાત મિથ્યાત્વ છે." એ વાત જો એકાંતથી જો કહેવાતી હોય, તો તે આ સ્તવનથી ખોટી ઠરે છે. આત્માને પરમાત્મા બનતો રોકવામાં કર્મ કારણ ન હોત, તો આજે દરેક આત્મા મોક્ષ સ્વરૂપમાં હોત. પણ સંસારમાં છે, તે જ સાબીત કરે છે, કે-"કર્મ છે, અને તે મોક્ષ પ્રાપ્તિમાં રોકાવટ કરે છે." એક આત્માની બહિરાત્મભાવ: અને પરમાત્મભાવ: એ બે અવસ્થા વચ્ચેના ભેદનું કારણ-અન્વય: અને વ્યતિરેક: એમ બન્નેય રીતે વિચારી જોતાં કર્મ ઠરે છે. "કર્મનો એક પણ કણ હોય, ત્યાં સુધી આત્મા સંપૂર્ણ મુક્ત નહીં. અને એક પણ કણ ન હોય, તો લેશમાત્ર પણ સંસારી નહીં." એ નક્કી છે.

**બીજી અપેક્ષાએ:**-કર્મોને ગૌણ ગણીને આત્માના સંસારયોગ્યતા સ્વભાવને સંસારનું ખાસ કારણ માનવામાં આવે, તે પણ યોગ્ય છે.

**અન્યદર્શનોમાં "જમરાજાના ચિત્રઃ અને વિચિત્રઃ** નામના બે મુનિમો પાસે મોટા મોટા ચોપડા હોય છે, તેમાં દરેક જીવનાં સુકૃત્યો અને દુષ્કૃત્યોની નોંધ રહે છે." એમ કહેવાય છે. પરંતુ **કર્મગ્રન્થઃ પંચસંગ્રહ; કર્મપ્રકૃતિઃ** વિગેરે રૂપે એ વિગતવાર ચોપડા કેમ જાણે જૈનાચાર્યો પાસે આવેલા હોય! તે રીતે આજે પણ કર્મની અતિ વિસ્તૃત વિગતવાર માહિતી આપનારા એ મહાન્ ગ્રન્થો વિદ્યમાન છે. આપણા દેશમાં જ રહેલી ઘણી બાબતોનું આજે આપણને અજ્ઞાન હોય છે. તેમાં વળી આજે બહારના પદાર્થો વિદેશી પ્રેરણાથી જાણવાની બાબતનો વધારો થવાથી, વધારે અજ્ઞાનતામાં ઉમેરો થયો છે.

# ૭. શ્રી-સુ-પાર્શ્વ-જિન-સ્તવન.

## વિવિધ સ્વરૂપ-સૂચક અનેક નામે પરમાત્મા તરફ પ્રીતિ-ભક્તિઃ

કર્મથી મુક્ત થયેલા પરમાત્માસ્વરૂપ આત્માના ગુણ-સાપેક્ષપણે જુદા જુદા અનેક નામો જગતમાં પ્રસિદ્ધ છે. તે નામોથી ભક્તિ કરી ભક્તો પરમાત્મા થવા ઇચ્છતા હોય છે.

### રાગ-સારંગઃ મલ્હારઃ-લલનાની દેશી

"શ્રી-સુ પાર્શ્વ-જિન" વંદિએ, સુખ-સંપત્તિનો હેતુઃ લલના.
શાન્ત-સુધા-રસ-જલ-નિધિઃ ભવ-સાગરમાં સેતુઃ લલના.
શ્રી સુ૦ ૧

સાત-મહા-ભય ટાળતો, સપ્તમ-જિન-વર-દેવ. લલના.
સા-ઽવધાન-મનસા કરી, ધારો જિન-પદ-સેવ. લલના.
શ્રી સુ૦ ૨

શિવઃ શંકરઃ જગદીશ્વરુઃ ચિદા-ઽઽનન્દઃ ભગવાનઃ લલના.
જિનઃ અરિહાઃ તીર્થંકરુઃ જ્યોતિ-સ્વ-રૂપઃ અસમાનઃ લલના.
શ્રી સુ૦ ૩

અલખઃ નિર-ઽઞ્જનઃ વચ્છલુઃ સ-કલ-જન્તુ-વિશરામઃ લલના.
અ-ભય-દાન-દાતાઃ સદા પૂરણ-આતમ-રામઃ લલના.
શ્રી સુ૦ ૪

વીત-રાગઃ મદ-કલ્પના-રતિ-અ-રતિ-ભય-સોગ-લલના.
નિદ્રા-તન્દ્રા-દુરંદશા-રહિતઃ અ-બાધિત-યોગઃ લલના.
શ્રી સુ૦ ૫

પરમ-પુરુષઃ પરમા-ઽઽતમાઃ પરમેશ્વરઃ પરધાનઃ લલના.
પરમ-પદા-ઽરથઃ પરમે-ષ્ઠીઃ પરમ-દેવઃ પરમાનઃ લલના.
શ્રી સુ૦ ૬

વિધિઃ વિરઞ્ચિઃ વિશ્વમ્ભરુઃ હૃષિકેશઃ જગ-નાથઃ લલના.
અઘ-હરઃ અઘ-મોચનઃ ધણીઃ મુક્તિઃ પરમ-પદઃ સાથઃ લલના.
શ્રી સુ૦ ૭

એમ અનેક-અભિધા ધરે અનુભવ-ગમ્ય-વિચાર. લલના.
તે જાણે, તેહને કરે-"આનન્દ-ઘન"-અવતાર. લલના.
શ્રી સુ૦ ૮

**સુખ-સંપત્તિનો હેતુ**=સુખ અને સંપત્તિનું કારણ, સુખ અને સંપત્તિ આપનાર. **શાન્ત-સુધા-રસ-જળ-નિધિ**=અમૃત જેવા શાંત રસના સમુદ્ર. **ભવ-સાગરમાં**=સંસાર સમુદ્રમાં. **સેતુ**=પૂલ. ૧

**મહા-ભય**=સાત મોટા ભયો. **સપ્તમ**=સાતમો. **જિન-વર-દેવ**=જિનેશ્વર દેવ. **સા-ઽવધાન**=એકાગ્ર. **મનસા કરી**=મન વડે કરીને. ધારણ કરો. **જિન-પદ-સેવ**=જિનેશ્વરદેવનાં ચરણ કમળની સેવા. ૨

**શિવ**=કલ્યાણકારી. **શંકર**=શાંતિ કરનાર. **જગદીશ્વરુ**=જગતના ઇશ્વર. **ચિદાઽઽનંદ**=જ્ઞાનાનંદમય. **ભગવાન**=જ્ઞાન-ઐશ્વર્ય વિગેરેથી યુક્ત. **જિન**=રાગ દ્વેષ જિતનાર. **અરિહા**=૧ પૂજા યોગ્ય, ૨ અંદરના કામક્રોધાદિક અરિ-શત્રુને હણનાર. **અરુહા**=ફરીથી

ન ઉગનાર, સંસારમાં ન આવનાર. **તીર્થંકરુ**=અપૂર્વ ધાર્મિક સંસ્થારૂપી મહા તીર્થની સ્થાપના કરનાર. **જ્યોતિ-સ્વરૂપ**=તેજોમય. **અસ્માન**=૧ આસ્માન [ફારસી ભાષામાં], આકાશ, ૨ આકાશ માફક સર્વ વ્યાપક, આકાશ માફક અદૃશ્ય, અથવા ૩ **અસમાન**= અનન્ય, જેની તોલે બીજું કોઈ ન હોય. ૩

**અ-લખ**=અલક્ષ્ય, અગોચર, લક્ષ્યમાં ન આવે તેવો, **નિરંજન**= મેલરહિત. નિર્મળ. **વચ્છલુ**=વત્સલ, દયાળુ. **સકલ-જંતુ-વિશરામ**=સર્વ પ્રાણીઓના વિસામારૂપ, આશ્વાસન આપી દુઃખમાંથી છોડાવનાર. **અભયદાન-દાતા**=નિર્ભય વૃત્તિનું દાન દેનાર. **પૂરણ-આતમ-રામ**=સંપૂર્ણ આત્મસુખમાં મગ્ન. ૪

**વીતરાગ**=રાગ દ્વેષ વગરના. **મદઃ કલ્પનાઃ રતિઃ અ-રતિઃ ભયઃ શોગઃ નિદ્રાઃ તન્દ્રાઃ દુરંદશાઃ રહિત**=મદ રહિત, કલ્પના રહિત. રતિ રહિત. અરતિ રહિત. ભય રહિત. શોક રહિત, નિદ્રા રહિત. તન્દ્રા રહિત. દુરંદશા રહિત. **મદ**=અભિમાન, **કલ્પના**= વિચારણા. ચિંતા. **રતિ**=આનંદ. **અ-રતિ**=કષ્ટ. **ભય**=બીક. **નિદ્રા**=ઉંઘ. **તન્દ્રા**=આળસ. **દુરંદશા**=દુર્દશા. **અ-બાધિત-યોગ** =જાગતા યોગવાળા, સ્થિર સમાધિવાળા. **યોગ**=સમાધિ. **બાધિત** =દબાયેલો. **અ-બાધિત**=જાગતો, સ્થિર. ૫

**પરમ-પુરુષ**=શ્રેષ્ઠ પુરુષ. **પરમા-ઽઽતમા**=શ્રેષ્ઠ આત્મા, શ્રેષ્ઠ આત્માવાળા. **પરમેશ્વર**=ઉચ્ચ પ્રકારની શક્તિ ધરાવતા, મોટા ઇશ્વર. **પરધાન**=પ્રધાન, મુખ્ય. **પરમ-પદા-ઽરથ**=શ્રેષ્ઠ વસ્તુ. **પરમેષ્ઠિ**=ઊંચામાં ઊંચી પદવી-સ્થાન ઉપર રહેલા-બિરાજમાન. **પરમદેવ**=મોટામાં મોટા દેવ. **પરમાન**=પ્રમાણ, પ્રમાણભૂત. અથવા **પર-માન**=ઊંચામાં ઊંચા સન્માનને પાત્ર. ૬

**વિધિ**=મોક્ષ માર્ગનું વિધાન કરનાર. **વિરંચિ**=બ્રહ્મા. **વિશ્વમ્ભરુ**=વિશ્વને ભરનાર, વિશ્વવ્યાપક, કેવળી સમુદ્‌ઘાત વખતે આત્મ-પ્રદેશોથી વિશ્વને ભરી દેનાર, અથવા વિશ્વના સકળ જ્ઞેય પદાર્થો ઉપર પ્રકાશ નાંખી જ્ઞાન ગુણથી વિશ્વને ભરી દેનારા.

**હૃષિકેશ**=ઇન્દ્રિયોના સ્વામિ, ઇન્દ્રિયો ઉપર કાબૂ કરી ચૂકેલ. **હૃષિક**=ઇન્દ્રિય. **ઇશ**=સ્વામી. **જગન્નાથ**=જગતના નાથ, સ્વામિ. **અઘ-હર**=પાપ હર. પાપનો નાશ કરનારા. **અઘ-મોચન**= પાપથી છૂટેલા અથવા પાપથી છોડાવનારા. **ધણી**=માલિક, સ્વામિ. **મુક્તિ**=મુક્તિમય. **પરમ-પદ**=ઊંચામાં ઊંચું પદ-મોક્ષ-મય. **સાથ**=દરેકને મુશ્કેલીમાં સાથ આપનાર. ૭

**અભિધા**=નામ **અનુભવ-ગમ્ય-વિચાર**=અનુભવથી સમજી શકાય તેમ છે, વિચાર જેના-અર્થ જેના. **કરે**=૧ હાથમાં ૨ કરે. **આનંદ-ઘન-અવતાર**=આનંદ ઘનમય મોક્ષમાં ઉત્પત્તિ. ૮

**સુખ** અને સંપત્તિ આપનારાઃ શાન્ત રસ રૂપી અમૃતના સમુદ્રઃ સંસારરૂપી સમુદ્ર ઉપર પૂલ સમાનઃ સાત મહા ભયનો નાશ કરનારાઃ એવા સાતમા જિનેશ્વર દેવ શ્રી **સુપાર્શ્વનાથ** પ્રભુને વંદન કરો, અને જાગતું મન એકાગ્ર કરીને તે જિનેશ્વર પ્રભુનાં ચરણ કમળની સેવા કરવાનું ધારણ કરો-તેમની સેવા કરો. ૧-૨

શિવઃ શંકરઃ જગદીશ્વરઃ ચિદાનન્દઃ ભગવાનઃ જિનઃ અરિહાઃ તીર્થંકરઃ જ્યોતિસ્વરૂપઃ અસ્માન-અસમાનઃ ૩. અલખઃ નિરંજનઃ વત્સલઃ સકલ-જંતુ-વિશ્રામઃ અભય-દાન-દાતાઃ પૂરણઃ આતમ-રામઃ પૂરણ-આતમ-રામઃ ૪. વીત-રાગઃ મદ-રહિતઃ -નિર્મલઃ કલ્પના-રહિત-નિર્વિકલ્પઃ રતિ-રહિત-ગત-રતિઃ અ-રતિ-રહિત -અન-ડ-રતિઃ ભય-રહિત-નિર્ભયઃ શોક-રહિત-વીત-શોકઃ નિદ્રા-રહિત-અનિદ્રઃ તન્દ્રા-રહિત-અ-તન્દ્રઃ દુર્દશારહિત-અ-દુર્દશઃ અ-બાધિત-યોગઃ ૫. પરમ-પુરૂષઃ પરમાત્માઃ પરમેશ્વરઃ પ્રધાનઃ પરમ-પદાર્થઃ પરમેષ્ઠિઃ પરમદેવઃ પ્રમાણ-પર-માનઃ ૬. વિધિઃ વિરઞ્ચિઃ વિશ્વમ્ભરઃ હૃષિકેશઃ જગન્નાથઃ અઘ-હરઃ અઘ-મોચનઃ ધણીઃ મુક્તિઃ પરમ-પદઃ સાથઃ ૭

**એ** રીતે પરમાત્મા અનેક નામો ધારણ કરે છે-પરમાત્માના અનેક

નામો છે. એ નામોનો અર્થ અનુભવથીજ સમજી શકાય તેવો છે. આ નામોનો વિચાર અનુભવ કરીને જે જાણી શકે, તેના હાથમાંજ આનંદ-ધનમાં-મોક્ષમાં-અવતાર છે. અથવા તે મોક્ષમાં અવતાર કરી શકે છે.

આ નામોને તત્ત્વસંવેદન જ્ઞાન-જેનું બીજું નામ અનુભવ જ્ઞાન છે. તે જ્ઞાન વડે એટલે જાતે અનુભવ કરીને સાક્ષાત્ પરમાત્મપણાને જાણે છે, તે જીવ જરૂર મોક્ષમાં પોતાનો અવતાર કરે છે. ૮

**સેતુ** એટલે પુલ. તેની બન્નેય બાજુઓ સુરક્ષિત હોય, તો જ તેના ઉપર ચાલી શકાય **સુ-પાર્શ્વ**=બન્નેય તરફ સારી બાજુઓ: એમ જણાવીને શ્લેષથી **સુ=પાર્શ્વ**-નામ સાર્થક થતું જણાવ્યું છે. તથા "તે પ્રભુ સાત મહાભયનો નાશ કરનારા હોવાથી સાતમા છે." એમ કહી સપ્તમ શબ્દની સાર્થકતા જણાવી છે.

## રહસ્યાર્થ

પરમાત્માના લોકપ્રસિદ્ધ નામોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તે દરેકના અર્થો શાસ્ત્રોની મદદ લઇ દરેકની પાછળના અનુભવગમ્ય વિચારનો જાતે સાક્ષાત્ અનુભવ કરીને પોતાના આત્માને પરમાત્મા બનાવી દરેક નામ પ્રમાણેના ગુણો ધારણ કરે, તે જીવ જરૂર મોક્ષ પ્રાપ્ત કરે છે.

**संसारा-ऽतीत-तत्त्वं तु परं निर्वाण-संज्ञितम् ।**
**तद्-ध्येकमेव नियमाच्छब्द-भेदेऽपि तत्त्वतः ॥ १२७ ॥**
**सदा-शिवः परं ब्रह्म सिद्धा-ऽऽत्मा तथातेति च ।**
**शब्दैस्तदुच्यतेऽन्व-ऽर्थादकमेवैवमाऽऽदिभिः ॥ १२८ ॥**

**યોગદૃષ્ટિસમુચ્ચય:**

**અર્થ**: "સંસારથી પર એવું નિર્વાણ નામનું મોક્ષતત્ત્વ છે. તે જુદા જુદા શબ્દોથી બોલાતું હોવા છતાં વાસ્તવિક રીતે એક જ છે ૧૨૭

**સદાશીવ: પરંબ્રહ્મ: સિદ્ધાત્મા: તથાતા:** વિગેરે સાર્થક અનેક શબ્દોથી તે એક નિર્વાણ જ કહેવામાં આવે છે."

**અનુભવગમ્ય વિચારઃ અનુભવ જ્ઞાનઃ** શબ્દનો અર્થ જૈન શાસ્ત્રમાં–૧૨ મે ગુણસ્થાનકે પ્રાપ્ત થતી દશાઃ એમ મુખ્યપણે કરવામાં આવેલો છે. અને તેનું બીજું નામ **તત્ત્વસંવેદન** જ્ઞાન પણ છે. લૌકિક દાખલા પ્રમાણે–**મીઠાઇ** શબ્દનો અર્થ–બાળક મીઠા પક્વાન્નઃ સમજે છે. તેને **વિષય પ્રતિભાસ** જ્ઞાન થયું કહેવાય. જાતે દરેક મીઠાઇ ઓળખવીઃ જાણવીઃ તેની વિગતવાર સમજ મેળવવીઃ તે **સ્વરૂપ જ્ઞાન** કહેવાય. અને મીઠાઇ જાતે ખાઇને તેનો રસાસ્વાદ ચાખવોઃ અનુભવવોઃ તે **તત્ત્વસંવેદન** જ્ઞાન કહેવાય. બીજું નામ **પ્રાતિભજ્ઞાન** પણ છે.

**આ** પ્રમાણે–૧ આત્માની સામાન્ય ઓળખઃ ૨ તેનું શાસ્ત્રોની મદદથી તથા પોતાના ક્ષયોપશમવિશેષથી વિસ્તૃત હકીકત જાણવીઃ ૩ આત્માના જ્ઞાનાદિક સાક્ષાત્ ગુણોનો અનુભવ કરવોઃ તેના સુખનો રસાસ્વાદ લેવોઃ તે અનુક્રમે–આત્મા શબ્દના–**૧. વિષયપ્રતિભાસ જ્ઞાનઃ ૨. સ્વરૂપ જ્ઞાનઃ ૩. અનુભવ જ્ઞાનઃ** એ ત્રણ પ્રકારના પારમાર્થિક જ્ઞાન કહેવાય છે.

**પ**રમાત્મભાવની પ્રાપ્તિ તો હજી દૂર છે, છતાં પરમાત્મભાવ પ્રાપ્ત કરવાને ઇચ્છતા આત્માએ પરમાત્માને ધ્યેય તરીકેઃ આદર્શ તરીકેઃ પોતાની સામે કાયમ રાખવાજ જોઇએ. "તે ખાતર" તેનું સ્મરણઃ ચિંતનઃ સેવાઃ ભક્તિઃ તથા તેમના પ્રતિમાઃ નામઃ તથા તેમની સાથે સંબંધ ધરાવતા બીજા પદાર્થો કે જે તેમનું સ્મરણ કરાવેઃ તેમને પરમાત્મભાવની પ્રાપ્તિમાં સહાયક થયા હોયઃ સર્વ તરફ પૂજ્યતાઃ સેવાઃ ભક્તિ વિગેરેથી સાન્નિધ્ય રાખવાથી પોતે પણ તન્મયતાને યોગે પરમાત્મા થઇ શકશે." એમ સમજીને સાધક દરેક સંયોગોમાં પરમાત્માનું સાન્નિધ્ય રાખ્યે જાય છે. એટલાજ માટે–શાસ્ત્રોમાં–સાધકોની દિનચર્યામાં–પક્ષ અને માસિક ચર્યામાં–પર્વ દિવસોની ચર્યામાં–સાત ચૈત્ય વંદનાઓઃ નાના મોટા ઉત્સવોઃ મહાપૂજાઓઃ રથયાત્રાઓઃ તીર્થયાત્રાઓઃ જઘન્યઃ મધ્યમઃ ઉત્કૃષ્ટઃ ભેદે સદા પ્રચલિત રહે, માટે ધાર્મિક જીવન સાથે સહેતુક યોજી વણી લેવામાં આવેલી છે.

**તત્ત્વસંવેદન** રૂપ પરમાત્મભાવનો અનુભવ કેવી રીતે થાય ? તે ૧૮ મા શ્રી **અરનાથ** પ્રભુના સ્તવનમાં બતાવશે.

# ૮. શ્રી-ચન્દ્ર-પ્રભ-જિન-સ્તવન.

## પરમાત્મ દર્શનની તાલાવેલીઃ સમ્યગ્દર્શન મેળવવાની તાલાવેલીઃ

**પ**રમાત્માના જુદા જુદા નામોની વિચારણા અનુભવગમ્ય કરવાની ભલા-મણથી આત્માર્થિ જીવને પરમાત્માનું દર્શન કરવાની તથા જાતે પરમાત્મસ્વરૂપ બનવાની જાગતી તીવ્ર તાલાવેલીનું સમ્યગ્દર્શનની પ્રાપ્તિરૂપે ખડું થતું ચિત્ર આ સ્તવનમાં છે.

રાગ-કેદારો-ગૌડઃ "કુમારી રોવે, આક્રંદ કરે, મુને કોઇ મુકાવે"-**એદેશી.**

**દેખણ દે રે ! સખિ ! મુને દેખણ દે**
**"ચન્દ્ર-પ્રભ"-મુખ-ચન્દ. સખિ૦**
**ઉપશમ-રસનો કન્દઃ સખિ૦**
**ગત-કલિ-મલ-દુઃખ-દન્દ. સખિ૦ ચન્દ્ર૦ ૧**

**મુખ-ચન્દ**=મુખરૂપી ચન્દ્ર. **ઉપશમ-રસ**=શાન્ત રસ. **કન્દ**=મૂળ. **ગત-કલિ-મલ-દુઃખ-દન્દ**=જેમાંથી કલહ અને મેલ, દુઃખ અને બીજાં દ્વન્દ્વો ચાલ્યા ગયા છે. **દ્વન્દ્વ** એટલે રાગ-દ્વેષઃ ક્રોધ-માનઃ મદ-માયાઃ વિગેરે જોડકાં. ૧

સુમતિ-સખિને સમ્યગ્દૃષ્ટિ જીવ કહે છે, કે-" શાંત રસના મૂળ કારણ સમાઃ કલહ અને મેલઃ દુઃખ અને દ્વન્દ્વઃ વગરના શ્રી ચન્દ્ર-પ્રભ-જિનેશ્વરનું મુખરૂપી ચંદ્રમા, અલી સખિ! મને હવે જોવા દે ! રે ! જોવા દે ! ! પંચેન્દ્રિયપણુંઃ પર્યાપ્ત અવસ્થાઃ મનુષ્યગતિઃ આર્યક્ષેત્રઃ આર્ય કુળઃને આર્ય જાતિઃ વિગેરે ઉત્તમ સામગ્રી મળી છે, તો હવે મને તે જોવા દે રે ! જોવા દે. ૧

**ચન્દ્ર**ની પ્રભા જેવી પ્રભાવાળું મુખ રૂપ ચન્દ્ર ધરાવતા પ્રભુનું મુખ જોવાની તાલાવેલી બતાવીને, શ્લેષથી **ચન્દ્ર-પ્રભ** નામની સાર્થકતા બતાવી છે.

સુહુમ-નિગોદે ન દેખિયો. સખિ૦
બાદર અતિહિ વિશેષ. સખિ૦
પુઢવી-આઉ ન લેખિયો, સખિ૦
તેઉ-વાઉ ન લેશ. સખિ૦ ચન્દ્ર૦ ૨

**સૂક્ષ્મ**=બારીક. ઘણા ભેગા થવાથી યે ન દેખાય તેવા શરીરવાળા જીવો. **નિગોદ**=સાધારણ વનસ્પતિકાય નામની જીવરાશિ. **બાદર**=સ્થૂલ, ઘણા ભેગા થવાથી દેખાય તેવા શરીરવાળા જીવો. **અતિહિ**=અત્યન્ત. **વિશેષ**=વધારે. **પુઢવી**=પૃથ્વીકાય. **આઉ**=અપ્કાય. **લેખિયો**=જોયો. **તેઉ**=તેઉકાય, અગ્નિકાય. **વાઉ**=વાયુકાય. **લેશ**=જરાય. ૨

સર્વ જીવો કરતાં અત્યંત વિશેષ એટલે અનન્ત ગુણા એવા **સૂક્ષ્મ** તથા **બાદર નિગોદ**માં મેં તે પ્રભુને દેખ્યાજ નથી. **પૃથ્વીકાયઃ અપ્કાયઃ** તેઉકાયઃ અને **વાયુકાયઃમાં** પણ મેં લેશમાત્ર તેને જોયા નથી. માટે હે સખી ! હવે મને જોવા દે રે ! જોવા દે ! ! ૨

વનસ્પતિ અતિ-ઘણ-દિહા સખિ૦
દીઠો નહીં દેદાર. સખિ૦
બિ-તિ-ચઉરિંદિય-જલ-લીહા. સખિ૦
ગત-સન્નિ પણ-ધાર. સખિ૦ ચન્દ્ર૦ ૩

**ઘણ**=ઘણા, **દીહા**=દિવસો. **દેદાર**=સુંદર ચહેરો. રૂપાળું મુખ. **બિ**=બેઇન્દ્રિય. **તિ**=તેઇન્દ્રિય. **ચઉ**=**ચઉરિન્દ્રિય**. **જળ-લીહા**=પાણી પીનારા. પાણી ચાટનારા-જળચર પ્રાણીઓ. **ગત-સન્ની**=અસંજ્ઞિ. **પણ**=પંચેન્દ્રિય. **ધાર**=ધારણ કરનાર. પાંચ ઇન્દ્રિયોવાળા.

**પ્રત્યેક વનસ્પતિકાયમાં** ઘણા દિવસ રહેતી વખતે પણ ત્યાંયે એ પ્રભુના મનમોહક દેદાર હું જોઈ શકેલ નથી. બે ઇન્દ્રિયઃ તે ઇન્દ્રિયઃ ચઉરિન્દ્રિયઃ અસંજ્ઞી પંચેન્દ્રિયો વિગેરેમાંઃ ગર્ભજ જળચર

વિગેરેમાંઃ પણ જોઇ શકાયેલ નથી. [ઉપલક્ષણથી સ્થળચરઃ ખેચરઃ પણ સમજવાઃ] માટે સખિ ! હવે તો મને જોવા દે રે, જોવા દે ! ૩

**સુર–તિરિ–નિરય–નિવાસમાં સખિ૦**
**મનુ–જ અના-ऽऽરજ સાથ સખિ૦**
**અ–પજ્જત્તા પ્રતિભાસમાં સખિ૦**
**ચતુર ન ચઢિયો હાથ. સખિ૦ ચન્દ્ર૦ ૪**

**સુર**=દેવ. **તિરિ**=તિર્યંચ. **નિરય**=નારક. **નિવાસમાં**=રહેઠાણુમાં. **અના-ऽऽરજ–સાથ**=જંગલી અનાર્યના ટોળામાં. **અ-પજ્જત્તા**= અપર્યાપ્ત અવસ્થામાં. **પ્રતિભાસમાં**=સ્પષ્ટ સમજવાળી પર્યાપ્ત અવસ્થામાં. **ચતુર**=લલચામણી ચતુરાઇવાળો. **ન ચઢિયો હાથ**= હાથમાં ન આવ્યો, નજરમાં ન ચડ્યો, જોવામાં ન આવ્યો. ૪

દેવઃ તિર્યંચઃ અને નારકોઃના નિવાસમાં અને અનાર્ય મનુષ્યના ટોળામાં હું હતો, ત્યારે પણ, વળી અપર્યાપ્ત અવસ્થામાંઃ તથા પ્રતિભાસરૂપ–પર્યાપ્ત અવસ્થામાંઃ પણ એ ચતુર મારે હાથ ત્યાં આવેલો નથી- હું તેને જોઇ શકેલ નથી. માટે હે સખિ ! હવે મને જોવા દે રે ! જોવા દે ! ! કેમકે–હવે મને ખરી તક મળી છે. ૪

**ઇમિ અનેક–થળ જાણીએ, સખિ૦**
**દર્શન–વિણું જિન–દેવ. સખિ૦**
**આગમથી મત જાણીએ. સખિ૦**
**કીજે નિર્મલ–સેવ. સખિ૦ ચન્દ્ર૦ ૫**

**થળ**=સ્થળ. **દર્શન–વીણુ**=દર્શન વિના. **કીજે**=કરવી. **મત**= વિચાર. ૫

એમ-શ્રી જિનેશ્વરદેવના દર્શન વગર અનેક સ્થળે પસાર થયેલ છું, તે તું જાણી લે. આ વિચાર આગમમાંથી જાણવા મળે છે. હવે તો તેમની નિર્મળ સેવા કરી લઇએ. માટે સખિ ! હવે મને જોવા દે રે ! જોવા દે ! !

દેવઃ ગુરુઃ અને ધર્મઃની સામગ્રીવાળા આર્યક્ષેત્રમાં જન્મ્યો છું. તો અહીં સમ્યગ્દર્શનની પ્રાપ્તિરૂપ શ્રી જિનેશ્વરદેવનું દર્શન મને થવું જ જોઇએ. કેમકે–તેને માટે હું આજ સુધી તલસતો હતો. [ ૪ થા ભગવાનનું સ્તવન જુઓ. ] ૫

નિર્મળ-સાધુ-ભગતિ લહી, સખિ૦
યોગ-અવઞ્ચક હોય. સખિ૦
ક્રિયા-અવઞ્ચક તિમ સહી, સખિ૦
ફલ-અવઞ્ચક જોય. સખિ૦ ચન્દ્ર૦ ૬

**લહી**=મેળવી. **યોગ-અ-વંચક**=ગુરુના યોગ-પ્રાપ્તિથી રહિત ન હોય. તે. **ક્રિયા-અ-વંચક**=શાસ્ત્રોક્ત ધાર્મિક અનુષ્ઠાન કરનાર. **સહી**=નક્કી. **ફળ-અ-વંચક**=ક્રિયા પ્રમાણે ફળ પામનાર. **જોય**=જોવા. ૬

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે, એટલે–

એમ, અનુક્રમે પવિત્ર સાધુ અને તેની ભક્તિ મળે, એટલે યોગાવંચક થવાય, તેથી ક્રિયા અવંચક પણ થવાય, તેથી ચોક્કસ તે જ પ્રકારે ફળાવંચકપણું પણ જોઈ શકાશે–પ્રાપ્ત થશે. ૬

પ્રેરક અવસર જિન-વરુ. સખિ૦
મોહનીય ક્ષય જાય. સખિ૦
કામિત-પૂરણ-સુર-તરુ સખિ૦
"આનન્દ-ઘન"-પ્રભુ-પાય. સખિ૦ ચન્દ્ર૦ ૭

**પ્રેરક**=પ્રેરણા કરનાર. **અવસરે**=ખરે વખતે. **મોહનીય**=મોહનીય કર્મ. **ક્ષય જાય**=ક્ષય પામે. **કામિત**=ઇચ્છિત. **પૂરણ**=પૂરવામાં. **સુર-તરુ**=કલ્પવૃક્ષ. **કામિત-પૂરણ-સુર-તરુ**=મનધાર્યા મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ સમાન. **આનન્દ-ઘન-પ્રભુ-પાય**=આનન્દના ભંડારરૂપ પ્રભુના ચરણ. ૭

**અને** એ ત્રણેય યોગોમાં ખરે અવસરે શ્રી જિનેશ્વરદેવ સબળ પ્રેરણા આપનાર હોય છે. તેથી સર્વ કર્મોની મૂળ જડરૂપ મોહનીય કર્મનો ક્ષય થઈ જ જાય છે. કેમકે–આનંદના ભંડાર એવા પ્રભુજીના ચરણ કમળ તો ઇચ્છિત પૂરવામાં કલ્પવૃક્ષ સમાન જ છે. તેમની નિર્મળ સેવા પ્રાપ્ત થાય, તો ત્રણ યોગાવંચકાદિકયોગ પણ પ્રાપ્ત થાય જ. એમ પ્રભુની પ્રબળ પ્રેરણા મળી જાય, એટલે મોહનીય કર્મનો ક્ષય થવાથી પરિણામે કેવળજ્ઞાન અને મોક્ષ મળવાના જ. કેમકે–પ્રભુજીના ચરણ–કમળ ઇચ્છિત મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ સમાન છે જ. તેથી તેનાથી શું પ્રાપ્ત ન થાય? સર્વ કાંઇ પ્રાપ્ત થાય જ. ૭

## ર હ સ્યા ર્થ:

**મનુષ્યનો** વર્તમાન કોઇ પણ જીવ પ્રથમની અનંત અનંત જીવ રાશિમાં ભમતો ભમતો ત્યાંથી આવીને મનુષ્ય થયો હોય છે. જીવોના ૫૬૩ ભેદોઃ તેનું સ્વરૂપઃ તેનું અલ્પ બહુત્વઃ તેના વિશેષ ભેદોઃ તે દરેકને ઉપજવાના ક્ષેત્રોઃ વિગેરેનું ગુરુગમથી જ્ઞાન મેળવવાથી તે બરાબર સમજાશે.

**આ** સ્તવનકારની એ ખુબી છે, કે–આત્માના વિકાસ માર્ગના પ્રતિપાદનની સાથે સાથે–જગતના બીજા પદાર્થો વિષે પણ સંક્ષેપમાં સૂચન કરતા જાય છે. આ સ્તવનમાં આ જગત્માં અનાદિ કાળથી રહેલી અને અનંત કાળ સુધી ટકનારી સમગ્ર **જીવ-રાશિનો** નિર્દેશ કરવામાં આવ્યો છે. તેમાં કોઇપણ ઠેકાણે હજી સુધી–સાધક આત્માને ધર્મના–ધર્મસામગ્રીના મૂળ કારણભૂત પરમાત્મા–જિનેશ્વર દેવનું દર્શન થયું નથી–કયાંય તે મળ્યા નથી. પરંતુ, મનુષ્યપણું પ્રાપ્ત થયા પછી–આગમમાંથી તેમની પૂજા સેવા–ભક્તિના પ્રકારો જાણ્યા પછી "નિર્મળ ભાવે તેમની સેવા કરવી જોઇએ." એમ સમજીને પ્રથમ પ્રભુનું દર્શન કરવાની–તેમનું સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની તાલાવેલી બતાવે છે. અને

સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાથી–તેને આધારે–સત્સાધુ સમાગમ–ગુરુનો યોગ પામીને જીવ **યોગાવંચક** થવાય છે. પછી ધર્મનું આરાધન કરીને **ક્રિયા–ऽ–વંચક** થવાય છે. અને છેવટે **મોહનીય કર્મ**નો ક્ષય કરીને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ કરીને–**ફળા–ऽ–વંચક** થવાય છે. જિનેશ્વર પ્રભુ તેમાં પ્રબળ પ્રેરક નિમિત્તભૂત થાય છે

**યોગા–ऽ–વઞ્ચક યોગઃ**

**सद्भिः कल्याण–संपन्नैर्दर्शनादऽपि पावनैः ।**
**तथा दर्शनतो योग आद्या–ऽ–वञ्चक उच्यते ॥ २१७ ॥**

**ક્રિયા–ऽ–વઞ્ચક યોગઃ**

**तेषामेव प्रणामा–ऽऽदि–क्रिया–नियम इत्यलम् ।**
**क्रिया–ऽ–वञ्चक–योगः स्यान्महा–पाप–क्षयोदयः ॥२१८॥**

**ફળા–ऽ–વઞ્ચક યોગ;**

**फला–ऽ–वञ्चक–योगस्तु सद्भ्य एव नियोगतः ।**
**सा–ऽनुबन्ध–फला–ऽवाप्ति धर्म–सिद्धौ सतां मता ॥२१९॥**

**યોગદૃષ્ટિ સમુચ્ચય**

**અર્થ:** દર્શન માત્રથી પવિત્ર કરી દે તેવી કલ્યાણકર સંપત્તિથી સમૃદ્ધ એવા સંત પુરુષો સાથે તથા–દર્શનથી–યથાર્થ વિધિથી–મેળાપ થવોઃ તે આદ્ય-એટલે **યોગા–ऽ–વઞ્ચક યોગ** કહેવાય છે. ૨૧૭.

"**તે**વાજ ગુરુઓને પ્રણામ કરવો." વિગેરે ક્રિયા કરવાનો પાકો નિયમ કરવોઃ તે **ક્રિયા–ऽ–વઞ્ચક યોગ** સમજવો આ યોગ મહાપાપોનો ક્ષય થવાથીજ જાગે છે. ૨૧૮.

**સદ્**ગુરુની મદદથી–નિર્વાણાત્મક ધર્મની સિદ્ધિ–પ્રાપ્તિ થવાથી ઉત્તરોત્તર સંતોને સમ્મત એવા મોક્ષ સુધીના ફળો મળ્યે જ જાય, તેનું નામ **ફળા–ऽ–વઞ્ચક યોગ** છે. ૨૧૯.

**સમ્યગ્**દર્શનની પ્રાપ્તિ થાય ત્યારે આત્મામાં સૂક્ષ્મ બોધ પ્રાપ્ત થાય છે. સ્વાભાવિક રીતે જ તેનો આત્મા રત્નત્રયી તરફ રુચિઃ અને સાંસારિક ભાવો તરફ અરુચિઃ ધરાવતો થાય છે. જેમ ષટ્

રસથી ભરપૂર ભોજન જમનાર માનવને કોઇ વખતે અરસઃ વિરસઃ નિરસઃ ભોજન જમવાનો પ્રસંગ આવી જાય, ત્યારે "જેમ તેમ કરીને તે જમી લે છે, પરંતુ તેનું ચિત્ત તો, તેની પસંદગીના ભોજન તરફજ સ્વાભાવિક રીતે જ રહેતું હોય છે.

**જે**મ, વિયોગી માતાનું ચિત્ત તેના બાળક પર જ, વિયોગી કામીનું ચિત્ત પોતાની કામિની તરફ જ ચોંટેલુ રહે છે, સર્વત્ર તે તેને જ જુવે છે, બીજા તરફ લક્ષ્ય પણ તેનું જતું નથી. તેમ, સમ્યગ્‌દર્શનીનું ચિત્ત આત્મવિકાસ તરફ જ ચોંટેલું હોય છે. બીજી વસ્તુઓને તે પારકીઃ તુચ્છઃ હેયઃ દુગંછનીયઃ માને છે. શાસ્ત્રનો બોધ અને અભ્યાસ ઓચ્છો કે વધતો હોય, કે ન પણ હોય, પરંતુ, તેની સહજ વૃત્તિજ આત્મવિકાસના સાધનોઃ અને પ્રવૃત્તિઓઃને તથા સંસારસાધક–સાધનોઃ અને પ્રવૃત્તિઓઃને મનથી જુદા જ સમજી લે છે. તેનું નામ **વિવેકજ્ઞાન** છે. તે પ્રમાણે સમજી એકનો આદરઃ અને બીજાનો ઉપયોગ કરવા તરફ અનાદરઃ અને હેયબુદ્ધિઃ સહજ રીતે જ તેને થયા કરે છે. આનું નામ **સૂક્ષ્મબોધ** છે. જેમ ધાવમાતા શેઠનાં બાળકોને રમાડતી હોય છે, પણ તેનો વાસ્તવિક પ્રેમ તો પોતાના બાળકો ઉપર જ હોય છે. તેમ સમ્યક્ત્વવંત જીવની સહજ મનોદશા જ એવી હોય છે, કે–આત્મપરિણતિ તરફ આનંદઃ અને વિભાવ તરફ ઘૃણાઃ થાય છે. વિવેકજ્ઞાન થતાં સૂક્ષ્મબોધ પ્રાપ્ત થાય છે.

**मोक्षे चित्तं, भवे तनुः ।**

**અર્થ:** "તેનું શરીર સંસારમાં હોય છે, પરંતુ, તેનું ચિત્ત તો મોક્ષમાં હોય છે."

**श्रुत–धर्मे मनस्तस्य कायस्त्वन्यच्चेष्टते।**

**અર્થ:** "કાયા અન્ય ગમે તે પ્રકારની ચેષ્ટા કરતી હોય, પણ તેનું મન તો શ્રુતધર્મમાં જ પરોવાયલું હોય છે."

**સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ થાય, ત્યારે સૂક્ષ્મબોધ પ્રાપ્ત થાય છે. અંતરંગ અને બહિરંગ વિષયો તરફ વિમુખતા પ્રાપ્ત થાય છે.**

અંતરંગ આત્મભાન થાય છે, તેનું નામ જ **વેદ્યસંવેદ્ય પદની પ્રાપ્તિ** કહેવાય છે. સંસારમાં લોલુપતાનો અભાવ થાય છે. જાગ્રત્ દશા પ્રાપ્ત થાય છે. આત્મભાવ અને પરભાવની વ્હેંચણી થતી હોવાથી, વિવેક દૃષ્ટિ ખુલી ગઇ હોય છે. આત્મા: અને આત્માના દર્શન: જ્ઞાન: ચારિત્રાદિક: નિર્મળ ગુણ વિનાના સર્વ ભૌતિક-પર તત્ત્વો: તુચ્છ લાગે છે. વિનાશી: અસત્: અને તેથી જ સર્વથા ત્યાગ કરવા યોગ્ય: ભાસે છે. ઇન્દ્રિયોથી ભોગવાતું સુખ: અને તેના સાધનો: પરિણામે દુ:ખકર: ઇન્દ્ર ધનુષ્યના રંગ જેવા-માત્ર આભાસિક જ ભાસે છે. વર્તમાનમાં દુ:ખકર: અને ભવિષ્યમાં પણ દુ:ખની પરંપરા વધારનાર: હોવાથી સર્વથા અનર્થ કરનારા: ભાસે છે. ત્યારે, આત્મસુખ: પોતાનું: આત્મીય: હોય, તેમ તેનો આનંદ તેને સહજ ભાસતો હોય છે. આથી જ શમ: સંવેગ: નિર્વેદ: અનુકંપા: અને આસ્તિક્ય: લક્ષણો રૂપે સમ્યગ્દર્શનગુણ સહજ રીતે જ પ્રગટે છે. જરા સૂક્ષ્મ વિચારણાથી તેના જીવનમાં ડોકિયું કરનાર અન્ય જીવને પણ એ લક્ષણો જણાઇ આવે છે, અને તેના ઉપરથી તે જીવની સમ્યક્ત્વ પ્રાપ્તિ સમજી શકાય છે.

તેના આત્મામાં અરિહંત્ દેવ: ત્યાગી ગુરુ: તથા નવતત્ત્વમય હેયોપાદેય-તત્ત્વવ્યવસ્થાથી ભરપૂર રત્નત્રયીમય ધર્મ: તરફ સહજ રીતે જ સદ્‌ભાવ વધી જાય છે-સર્વત્ર તેને જ જોતો થઇ જાય છે. તેનાથી અનુકૂળ: અને પ્રતિકૂળ: શું હોઇ શકે? તે જાતનું પૃથક્કરણ સહજ રીતે જ તેની બુદ્ધિ કરતી થઇ જાય છે: શાસ્ત્ર-શૈલીથી સંગત: અને અસંગત: શું હોઇ શકે? તે શક્તિ પણ તેને પ્રાપ્ત થઇ જાય છે. સદા શાંત રસ તે ઝીલે છે. ઘટમાં એક જાતનો પ્રકાશ માલૂમ પડે છે. એ પ્રકાશ તેને સંસારથી દૂર રાખતો: અને આત્મા અને તેના વિકાસના સાધનો તરફ પ્રેરતો: હોય છે. જેને પ્રતાપે, સર્વસ્વને ભોગે પણ પ્રભાવક થવાની વૃત્તિ સુધી તે પહોંચી જાય છે. આત્મવિકાસના સાધનોની રક્ષા પ્રાણને ભોગે પણ કરવાની વૃત્તિ ધરાવતો થાય છે, તેનો પક્ષપાતી-**પ્રાણાયા-**

**મયોગ ધારી**–બને છે. લોક–લોકોત્તર મિથ્યાભાવોથી નિવૃત્ત થાય છે. ને ગુરુ પરંપરાથી આવેલા શાસ્ત્રસિદ્ધ પદાર્થોમાં તેની વૃત્તિ દૃઢ થાય છે.

**ત્રણ યોગઃ અપુનર્બંધક** જીવને **શ્રુતજ્ઞાન યોગાવંચક** હોય છે, અને **સમ્યગ્દૃષ્ટિ** જીવને **સૂક્ષ્મબોધ યોગાવંચક** હોય છે. પ્રવૃત્તિ–નિવૃત્તિ રૂપ **ક્રિયા–ऽ–વંચક યોગઃ સમ્કૃત્વવંતઃ** અને **દેશવિરતિઃ** જીવને પણ હોય છે. પરંતુ પ્રબળ ક્રિયા–ऽ–વંચક યોગ ૬ઠ્ઠા ગુણસ્થાનકથી ૧૨મા ગુણસ્થાનક સુધી ચડતા ચડતા ક્રમનો પ્રાપ્ત થાય છે. તેમાં પ્રથમ પ્રથમનો યોગ **ક્રિયા-ऽ વંચક** હોય છે, અને તેનાથી મળતું ફળ, તે ઉત્તરોત્તર **ફળા-ऽ-વંચક યોગ** હોય છે. એમ **ક્રિયાવંચક** અને **ફળાવંચકની** પરંપરા ચાલતી હોય છે.

**એ** બધા **સાપેક્ષ ફળાવંચક** યોગો કહેવાય છે. અપ્રમત્ત દશાથી માંડીને, તે સામર્થ્યયોગઃ અસંગાનુષ્ઠાનઃ તત્ત્વસંવેદનજ્ઞાનઃ અનુભવ જ્ઞાનઃ શુક્લ ધ્યાનઃ ક્ષપક શ્રેણીઃ વૃત્તિ સંક્ષેપઃ ધર્મસન્યાસ યોગઃ નિર્વિકલ્પક દશાઃ શુદ્ધ ઉપયોગઃ અસંપ્રજ્ઞાત યોગઃ વીતરાગ દશાઃ વિગેરે નામોથી સંબોધાય છે. અને તે ફળાવંચકની પરાકાષ્ઠા ૧૩મે ગુણસ્થાનકે હોય છે. તે **સ્નાતકઃ કેવળીઃ** કહેવાય છે. અને **મોક્ષ** એ **સંપૂર્ણ ફળ** છે.

**મુખ્ય પ્રેરકતાઃ એ** સર્વમાં–**યોગાવંચક યોગ પ્રાપ્ત અપુનર્બંધાદિક** જીવોને પણ સર્વ પ્રકારના વિકાસમાં–તીર્થંકર ભગવંતો જ મુખ્ય પ્રેરક બને છે. તેથી તેની સીધીઃ કે આડકતરીઃ પ્રેરણાથી જ જીવનું **મોહનીય કર્મ** ક્ષય પામે છે. અપુનર્બંધક ભાવ પ્રાપ્ત થતાં જ મહા તીવ્ર મિથ્યાત્વની કટુતા નષ્ટ થાય છે. શાસ્ત્રશ્રવણની ઇચ્છા રૂપ **શ્રુતજ્ઞાનની** પ્રાપ્તિ થવા લાગે છે. પ્રીતિઃ ભક્તિઃ અનુષ્ઠાન શરૂ થાય છે. તથા **ઈચ્છા-યોગઃ** જાગ્રત્ થાય છે. **અધ્યાત્મયોગની** શરૂઆત થાય છે. અને એ જીવ મોક્ષદાયક દેવઃ ગુરુઃ ધર્મઃનો **ઓઘ–શ્રદ્ધાપૂર્વક**

અનુયાયિ પણ બને છે, જિનોપદેશાદિષ્ટ સત્ ક્રિયાનો સ્વ-કક્ષાને અનુરૂપ **આરાધક** પણ બને છે. પારમાર્થિક ગુણામૃતનો **લેશતઃ આસ્વાદઃ** પણ લેવા લાગે છે.

**ત્યારે**, સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની સહજ સમજથી જ દેવઃ ગુરુઃ ધર્મઃનો આરાધક બને છે. એટલો ફેર હોય છે. કેમકે-તેને **સૂક્ષ્મબોધ** પ્રાપ્ત થયો હોય છે, તેને લીધે સત્શ્રદ્ધાળુ હોઇ, સમ્યક્ શાસ્ત્રાનુસારે સ્વકક્ષાની સમ્યક્ પ્રવૃત્તિઓ રૂપ સત્ક્રિયાઃ કરનાર થાય છે. જે સ્થિતિ **અ-પુનર્બન્ધાદિકને** નથી હોતી. એટલો ફરક હોય છે.

એટલે-**અરિહંત ભગવંતો** મુખ્ય પ્રેરક બનતા હોવાથી ખુદ તીર્થંકર ભગવંતો પણ **નમો તિત્થસ્સ** કહી જે **તીર્થને** પ્રણામ કરે છે. તે **તીર્થ** એટલે અનાદિ-અનંતકાળ પ્રવર્તતું **જૈનશાસન**. જેમાં-અનંત અરિહંતાદિક સર્વ પુનિત તત્ત્વોનો સમાવેશ થાય છે. તે તીર્થની પુનઃ પુનઃ સ્થાપના તીર્થંકર દેવો કરે છે.

કેવળજ્ઞાની ભગવંતો પણ તેથી જ તીર્થંકર પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દેવાનો આચાર જાળવીને સમવસરણમાં બિરાજે છે. તેટલાજ માટે, મહા મુનિઓ પણ વિહારક્રમના માર્ગમાં આવતા અરિહંત પ્રભુના શાશ્વત્-અશાશ્વત્ ચૈત્યોને નિત્યના આચાર રૂપે પણ વંદના ન કરે, તો-તેઓને પ્રાયશ્ચિત્ત આવતું હોવાનું જણાવેલું છે. કેમકે-રત્નત્રયીનું અદ્ભુત દાન તીર્થંકર દેવોએ જ જગતને કર્યું છે. માટે તેઓ જ દ્રવ્યથીઃ અને ભાવથીઃ અભયદાનના સાચા દાતાર છે. અને ત્રણ જગતના સર્વ એકેન્દ્રિયાદિક જીવોને માટે પણ તેઓ જ સદાઃ સર્વોચ્ચઃ **પૂજ્યઃ** છે.

**यद्दातव्यं तत्सर्वमपि दत्तम् ।**

**અર્થઃ** "આ જગતમાં જે કાંઇ દેવા જેવું છે, તે સઘળું તેણે જગતને આપ્યું છે."

**લોકમાં** પણ દાનગુણની જે પ્રશંસા કરવામાં આવે છે, તેનો પણ મુખ્ય હેતુ તો એજ છે, કે-"તીર્થંકર ભગવંતોએ જે રત્નત્રયીનું

દાન આપ્યું છે, તે રત્નત્રયીને પરંપરાએઃ કે સીધી રીતેઃ પોષક જે દાન હોય, તેજ દાન ગણાય છે. પછી, તે દાનથી, રત્નત્રયીના વિકાસમાં દાતારને પોતાને સહાય મળે, કે અન્યને મળે. **અનુકંપાદાનઃ** અને **ઉચિતદાનઃની** ઉપાદેયતા પણ પરંપરાએ રત્નત્રયીના વિકાસની દૃષ્ટિએ હોય છે. આ રહસ્ય છે.

**"કાળઃ સ્વભાવઃ ભવિતવ્યતાઃ એ સઘળા તારા દાસો. રે**
**"મુખ્ય હેતુ તું મોક્ષનો." એ સબળો મુજ વિશ્વાસો. રે"**
**શ્રીમદ્દુપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ.**

**વિશુદ્ધિ** પ્રાપ્ત કરતો આત્મા તો ઉપાદાન કારણ રૂપે મોક્ષનો હેતુ છે જ. પરંતુ, પ્રબળ નિમિત્ત રૂપ તો અરિહંત ભગવંતો છે. જો કે—એક દ્રવ્યઃ કે તેના પર્યાયોઃ બીજા દ્રવ્યનાઃ કે-પર્યાયોના ઉપાદાન કારણ બનતા નથી. પરંતુ, કેટલાક દ્રવ્યોના કેટલાક પર્યાયો બીજા કેટલાક દ્રવ્યોના પર્યાયોની ઉત્પત્તિઃનાશઃમાં એટલે કે—આવિર્ભાવઃ તિરોભાવઃ પર્યાયમાં નિમિત્ત કારણ થાયજ છે. એ રીતે નિમિત્ત—કારણ થવારૂપ સ્વભાવઃ ગુણઃ ધર્મઃ પર્યાયઃ ભાવઃ તે તે દ્રવ્યોમાં હોય છેઃ **ઉપાદાન કારણ** છે, તેમ **નિમિત્ત** પણ **કારણ** છે. જેમ ઉપાદાન કારણ અને તેના કાર્યોનો કાર્યકારણ ભાવ છે. તેજ પ્રમાણે—નિમિત્ત કારણ અને તેના કાર્યોનો કાર્ય કારણ ભાવ છે. નિમિત્ત—નૈમિત્તક ભાવઃ એ કાર્યકારણ ભાવનો એક પેટા ભેદ છે. તેથી તે તેની અન્તર્ગત સમાય છે. જે કાર્યનું જે નિમિત્ત કારણ બને છે, તે કાર્ય પ્રતિ જ તે નિમિત્ત કારણ હોય છે. બીજા કાર્યપ્રતિ તે નિમિત્ત કારણ નથી હોતું. એક ઘડાની ઉત્પત્તિમાં જે દંડાદિક નિમિત્ત કારણ બને છે, તે જ દંડાદિક દરેકની ઉત્પત્તિમાં નિમિત્ત કારણ બને જ. એવો નિયમ નથી. તેથી, તે બીજાઓનું નિમિત્ત કારણ કહેવાય જ નહીં. "ઉપાદાન કાર્ય કરે, ત્યારે નિમિત્ત હાજર હોય." આ જાતની ભાષા કાર્યકારણ ભાવની પ્રક્રિયામાં સમજ્યા વિનાની અસત્ય છે. નિમિત્ત કારણને ગૌણ ગણાવવાની અપેક્ષાએ સાપેક્ષ ભાષા હોય, તો તે વાંધાભરી નથી.

પણ એકાંતથી નિમિત્ત કારણની કારણતા ઉડાવવા માટે હોય, તો તે **ઉત્સૂત્રભાષા** છે. આ કાર્ય-કારણ ભાવ**પર્યાયાર્થિક** નયની મુખ્યતાની અપેક્ષાએ હોય છે. **દ્રવ્યાર્થિક નય**ની મુખ્યતાની અપેક્ષાએ તો કાર્ય-કારણ ભાવ નથી હોતો. તે નયની પ્રધાનતાવાળા નિશ્ચય નયમાં જેમ નિમિત્ત કારણને સ્થાન નથી, તેમ ઉપાદાન કારણને પણ સ્થાન નથી. કેમકે-કાર્યકારણ ભાવ જ તે નય મુખ્યપણે માનતો નથી.

**આ**થી, એક દ્રવ્ય તેના અમુક અમુક પર્યાયો મારફત બીજા દ્રવ્યના અમુક અમુક પર્યાયોનું નિમિત્ત કારણ બની શકે છે. આ જૈન શાસ્ત્ર સંમત સિદ્ધાંત છે. નહીંતર, જીવની ગતિ વખતે **આકાશ દ્રવ્ય** પણ હાજર હોય છે, છતાં **ધર્માસ્તિકાય**ની માફક ગતિમાં તે નિમિત્તકારણ ગણાતું નથી.

**આ**થી કરીને શ્રી જિનેશ્વર દેવ અને તેના સર્વનિક્ષેપા પણ સાધકના આત્મવિકાસમાં પ્રેરક નિમિત્ત-કારણરૂપ બને છે.

**અ**ને તેથી કરીને દેવતત્ત્વ પ્રબળ પ્રેરક છે. બીજા બધા-ગુરુ: વિગેરે પ્રેરક તત્ત્વો પણ તેમને આધીન છે.

**આ**મ-સ્થાપના નિક્ષેપથી જિનપ્રતિમા: નામનિક્ષેપથી તેના સઘળા નામો: દ્રવ્યનિક્ષેપથી તીર્થંકર પરમાત્મા સાથે સંબંધ ધરાવતા બીજા દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: અને ભાવો: વિગેરે પણ પ્રેરક બને છે.

**અ**ને એ રીતે દેવતત્ત્વની સાન્નિધ્યમાં સહાયક દેવભક્તિ નિમિત્તે ઉત્પન્ન થયેલું દ્રવ્ય-દેવદ્રવ્ય પણ પ્રેરક બને છે. પ્રભુના પવિત્ર કલ્યાણકો અને તેની સાથે સંબંધ ધરાવતા ભૂમિ કાળ: વિગેરે તત્ત્વો પણ દ્રવ્યનિક્ષેપે દેવતત્ત્વ છે. તેથી તન્નિમિત્તક ભક્તિથી ઉત્પન્ન થયેલું દ્રવ્ય પણ દેવ દ્રવ્ય ગણાય છે.

**સાં**સારિક અવસ્થામાં પ્રભુને ઘેર જમવું: તેમના હાથનું દાન લેવું: વિગેરે દેવદ્રવ્ય ગણી શકાય નહીં. કેમકે-ભક્તોએ દેવતત્ત્વની ભક્તિ નિમિત્તે તથા દેવતત્ત્વના સાન્નિધ્યના પ્રચાર નિમિત્તે

અર્પણ કરાયેલા દ્રવ્ય જેવું તે દ્રવ્ય નથી. તે દ્રવ્યો દેવની ગ્રહસ્થાવસ્થાની માલીકીના હોય છે. તેથી તે લેવામાં: વાપરવામાં: દેવદ્રવ્યના ભોગનો દોષ સંભવી શકતો નથી. આ મોટો ફરક છે. આ બાબત નયોની મદદથી સમજવા જેવી છે.

**સ**દ્‌ભૂત સ્થાપના: અને અસદ્‌ભૂત સ્થાપના પણ પ્રભુની જ સ્થાપના: હોય છે. એટલે પ્રભુનિમિત્તક ભક્તિ–સત્કારાદિક દેવપૂજા છે. તે જ પ્રમાણે, પ્રભુના જ **ચ્યવન કલ્યાણકને** સૂચવનારા સ્વપ્ન: જન્મ કલ્યાણને સૂચવતા સ્નાત્રાદિક: પણ દ્રવ્ય નિક્ષેપાથી દેવતત્ત્વની સાથે સંબંધ ધરાવનારા તત્ત્વો છે. પ્રભુના કલ્યાણકની ભૂમિઓ: દિવસો: વિગેરે પણ દ્રવ્યનિક્ષેપે દેવતત્ત્વો છે આમ તીર્થંકર પ્રભુના ચારેય નિક્ષેપાઓની પ્રેરકતા શાસ્ત્ર સિદ્ધ છે.

**દે**વદ્રવ્યનું અસ્તિત્વ જિનમંદિરાદિકના અનાદિ અસ્તિત્વ સાથે સિદ્ધ છે. અને **નાભાક** રાજાદિકની તીર્થંકર ભગવંતોએ કહેલી અને આગમાદિકમાં સુરક્ષિત રહેલી કથાઓ ઉપરથી તે તીર્થંકરોપદિષ્ટ માનવામાં શંકા રહે તેમ નથી.

**દે**વદ્રવ્યની મહત્તા બીજા બધાયે દ્રવ્યો કરતાં એ છે, કે–તે સર્વ ક્ષેત્રોનું મૂળ બને છે. મંદિર હોય, તો મુનિમહારાજાઓનું આગમન થાય: તેમના ઉપદેશ દ્વારા મહોત્સવ: મહાપૂજા: રથયાત્રાદિક: પ્રવર્તે. અનેક જીવો: અને ખાસ કરીને શુક્લપાક્ષિક જીવો: તેનો લાભ ઉઠાવે. "સવિ જીવ કરૂં શાસન રસી:" એ તીર્થંકર ભગવાનના આત્મામાં રહેલી મહા કરુણા ભાવના, કે જેના જોરે તીર્થંકર નામ કર્મ બંધાય છે. અને પ્રાતિહાર્યાદિક ઉત્પન્ન થાય છે. તેથી અન્ય જીવો ખેંચાઇને તીર્થંકર પરમાત્મા પાસે આવે છે. જાતિસ્મરણાદિકથી યે બોધ પામે. એમ " સવિ જીવ કરૂં શાસન રસી. " એ આત્મ ગુણ–અષ્ટપ્રાતિહાર્ય રૂપે વિકસે છે. અને સ્થાપના–પ્રભુના ઉત્સવાદિરૂપે વિકસે છે. તેથી ઘણા જીવો ધર્મ પામે છે. અને આરાધક બને છે. કુટુંબોમાં સદાચાર પ્રવર્તે: સર્વ લોકોમાં આનંદ મંગલ વર્તે: દયા: દાન: ને દીન: દુ:ખી: અનાથ: તરફ અનુકંપા પ્રવર્તે: ઇતર

જીવોની અમારી પ્રવર્તે: જ્ઞાન: ધ્યાન: પ્રવર્તે: સુજ્ઞાનાભ્યાસ શરૂ થાય: જ્ઞાનભક્તિ જાગે: સાધર્મિક વાત્સલ્યો પ્રવર્ત્તે: આપદ્‌માં આવી પડેલા સાધર્મિકોની ભક્તિ થાય: એકંદર, સાતેય ક્ષેત્રો કે બાર ધર્મ ક્ષેત્રોઃને તેનાથી પોષણ મળે: માર્ગ પ્રભાવના થાય: પ્રવચન વાત્સલ્ય થાય: સંઘ–શાસનનું વૈયાવૃત્ત્ય થાય: દીક્ષા લેનારા નીકળે: દેશવિરતિ પાળનારા નીકળે: અભિગ્રહ પચ્ચક્ખાણ કરનારા નીકળે: સમ્યક્ત્વ પામે: કોઇ જીવ ભવાભિનંદિપણું છોડે: અને મુનિમહારાજાઓના વિહાર પછી પણ કુટુંબોમાં પડેલા સંસ્કારોની દર વર્ષે પરંપરા ચાલે: જે જીવો ધર્મ પામ્યા હોય, તેના ભવોમાં પરંપરા ચાલે: તે કુટુંબોમાં ઉત્તરોત્તર ધાર્મિક સંસ્કારની પરંપરા ચાલે: તેથી **ક્રિયા અવચંક યોગ** સ્થિર થાય: અને અધ્યાત્મ માર્ગના વિકાસ રૂપ ફળ વધતું જાય: તેથી **ફળાવંચક** પણ થવાય:

**એ** રીતે દેવદ્રવ્ય પ્રવચનની પ્રભાવનાનું મુખ્ય પ્રેરક બને છે. જ્ઞાન-દર્શન ગુણની વૃદ્ધિ કરનારૂં બને છે. અને સર્વ આરાધનાઓનું મૂળ કારણ બને છે. આ સમજ્યા પછી દેવદ્રવ્ય: દેવદ્રવ્ય વાપરવાના શાસ્ત્રીય આદેશો શિવાય. અન્યત્ર વાપરી શકાય, એવો અર્થ નહીં કાઢવો જોઇએ. સખાવતી: અને નીચેના ક્ષેત્રોના દ્રવ્યો દેવદ્રવ્યમાં જઈ શકે, પણ દેવદ્રવ્ય નીચેના ક્ષેત્રોમાં ન જઇ શકે, તો પછી સખાવતી ક્ષેત્રોમાં તો જઇ જ કેમ શકે? આ રીતે દેવદ્રવ્ય જૈન શાસનની ધાર્મિક સંપત્તિઓમાં મુખ્ય સંપત્તિ છે. અને તેના વહીવટ વિગેરેથી **વૈયાવૃત્ત્ય** તપ થવાવી તીર્થંકર કર્મ બંધાવા સુધીના ફળ બતાવ્યા છે.

**માટે** દેવ: ગુરુ: ધર્મ: એ ત્રણ તત્ત્વોમાં દેવ તત્ત્વ મુખ્ય છે. અને તેના સાન્નિધ્યનું પ્રચારક દેવદ્રવ્ય સર્વથી ઉત્કૃષ્ટ: પૂજ્ય: વસ્તુ છે. માટે, તે પણ તીર્થંકર પ્રભુના દ્રવ્યનિક્ષેપારૂપ હોવાથી, તે પણ પ્રેરક બને છે. અને તે રીતે પ્રભુની–પ્રેરકતાની અપેક્ષાએ **આનંદઘન** પ્રભુના ચરણકમળ કામિતપૂરણ સુરતરુ બની જાય છે–સર્વ ઇચ્છિત આપવામાં કલ્પવૃક્ષ સમાન બને છે. એ નિ:શંક છે.

# ૯. શ્રી-સુ-વિધિ-નાથ-જિન-સ્તવન.

## શ્રી પરમાત્માઃ અને તેની પૂજાઃમાં ભક્તની તત્પરતાઃ

**પરમાત્માનું** દર્શન પામ્યા પછી, તેના વિરહથી પીડાતો-વિરહ-કાતર-ભક્ત સાક્ષાત્ પરમાત્માને ન જોતાં-તેમની ભક્તિઃ અને લોકોત્તર વિનયઃ કરવા માટે સ્થાપના નિક્ષેપાની મદદથી તેમના પ્રતિમાજીને એક રીતે સાક્ષાત્ પરમાત્મા માનીને -પરમાત્મા સાથેનું પોતાનું સાન્નિધ્ય સતત રાખવા માટે પરમાત્માના સત્કાર-ભક્તિના પ્રતીક તરીકે-દ્રવ્યઃ અને ભાવઃથી પૂજાના પ્રકાર શ્રી જિનાગમની મદદથી જાણીને પરમાત્માની નિર્મળ પૂજામાં લીન થાય છે. ભક્ત તે કર્યા વિના કેમ રહે?

**રાગ : કેદાર :** "એમ **ધન્નો** ધણને પરચાવે રે." **એ દેશી :**

**સુ-વિધિ-જિણેસર--પાય નમીને**
**શુભ-કરણી એમ કીજે :-રે**
**અતિ-ઘણો ઉલટ અઙ્ગ ધરીને**
**પ્રહ ઉઠી પૂજી જે. રે-** સુ-વિધિ૦ ૧

**સુ-વિધિ**=૧ **શ્રી સુવિધિનાથ** જિનેશ્વર દેવ. ૨. સારી વિધિથી. **પાય**=પગ. ચરણ. **શુભ-કરણી**=શુભ ક્રિયા. શુભ અનુષ્ઠાન. **એમ**=નીચે બતાવ્યા પ્રમાણે. **કીજે**=કરવી. કરવી જોઇએ. **અતિ-ઘણો-** **-ઉલટ**=ઘણોજ ઉત્સાહ. ઘણો ઘણો ઉમળકો. **અઙ્ગ**=શરીરમાં. **ધરીને**=ધારણ કરીને. **પ્રહ**=સવારમાં. ૧

**શ્રી સુવિધિનાથ** જિનેશ્વર પ્રભુને ચરણે નમન કરીને, સવારમાં ઉઠી, હૃદયમાં ઘણો ઘણો ઉલ્લાસ ધારણ કરીને પરમાત્માની પૂજા રૂપ શુભ અનુષ્ઠાન નીચે જણાવ્યા પ્રમાણે સારી વિધિથી અવશ્ય કરવું જ જોઇએ. ૧

**આ**ત્માની સાધનાના અસંખ્ય પ્રકારોમાંની પ્રભુજીની પૂજાના પ્રકારની સુ-વિધિ બતાવીને-શ્લેષથી **સુ-વિધિ** નામસાર્થક કરી બતાવ્યું છે.

## ૧. શ્રી જિન-મન્દિરે જવાનો સામાન્ય વિધિઃ

દ્રવ્ય-ભાવ-શુચિ-ભાવ-ધરીને
હરખે દે-હરે જઇએ. રે
દહ-તિગ પણ-અહિગમ સાચવતાં
એક-મના ધુરિ થઇએ. રે સુ-વિધિ૦ ૨

**દ્રવ્ય** = ૧ બહાર. ૨ બહારના પદાર્થ રૂપ. **ભાવ**=૧ સાક્ષાત્ પદાર્થ: ૨. અંદરથી. ૩. હૃદયના ભાવપૂર્વક. વિગેરે. **શુભ**=પવિત્ર. **ભાવ**=સંજોગો. પરિસ્થિતિ. **શુચિ=ભાવ**=પવિત્રતા. **દ્રવ્ય-ભાવ-શુચિ-ભાવ**=બહારથી અને અંદરથી પવિત્રતા. **ધરીને**=ધારણ કરીને. ઉત્પન્ન કરીને. રાખીને. **દે-હરે**=દેવગૃહે. દેવ મંદિરે. **દે-હરાસરજી**=દેવગૃહેશ્વર=દેવોના ઘરોમાં પણ ઇશ્વર સમાન=ઉંચામાં ઉંચી કોટિનું દેવમંદિર, તે દે-હરાસરજી. કેમકે-ઉંચામાં ઉંચા સર્વજ્ઞ-વીતરાગ દેવનું તે મંદિર છે, માટે. **દહ-તિગ**=દશત્રિક. **પણ**=પાંચ. **અભિગમ**=પરમાત્માની સામે જવાના આચાર. **પણ-અહિગમ=પાંચ અભિગમ. સાચવતાં**=જાળવતાં. વિધિપૂર્વક અમલમાં મૂકતાં. **એક-મના**=એક ચિત્તવાલા. એકાગ્ર મનવાળા. **ધુરિ**=શરૂઆતમાં. ૨

**દ્રવ્યથીઃ** અને ભાવથીઃ પવિત્રતા ધારણ કરીને હર્ષપૂર્વક દે-હરાસર જવું. અને ત્યાં જતાં પહેલાં-મન એકાગ્ર કરીને-**દશત્રિક** અને **પાંચ અભિગમ** સાચવવા. ૨

**દશત્રિક**-(૧) ત્રણ વાર નિસિહીઃ (૨) ત્રણવાર પ્રણામ. (૩) ત્રણ વાર પ્રદક્ષિણા (૪) ત્રિદિશિ નિરીક્ષણ વર્જન. (૫) ત્રણવાર પ્રમાર્જના (૬) મનઃ વચનઃ અને કાયાઃ એ ત્રણ યોગોનું પ્રણિધાન-એકાગ્રતા, (૭) અંગઃ અગ્રઃ અને ભાવઃ એ ત્રણ પ્રકારની પૂજા. (૮) પરમાત્માના જીવનની ત્રણ અવસ્થાની ભાવના ભાવવી. (૯) ત્રણ પ્રકારની. મુદ્રા-યોગઃ મુદ્રાઃ મુકતાશુકિત મુદ્રાઃ જિન મુદ્રાઃ-ધારણ કરવી. (૧૦) સૂત્રના અક્ષરોઃ તેના અર્થઃ અને શ્રી જિન પ્રતિમાજીઃ એ ધ્યાનના ત્રણ આલંબન લેવા.

**પાંચ અભિગમ**-(૧) સચિત્ત વસ્તુનો ત્યાગ. (૨) **દાગીનાદિક** અચિત્ત વસ્તુનો સ્વીકાર. (૩) મનની એકાગ્રતા. (૪) **એક શાટક** ઉત્તરાસણ-વચ્ચે સાંધા વગરનું વસ્ત્ર એક શાટક કહેવાય. (૫) **જિન** દેવનું દર્શન થતાંજ મસ્તકે અંજલિ જોડવી. અથવા-**રાજાએ**- ૧, તલવાર. ૨, છત્ર. ૩, મોજડી. ૪, મુગટ. ૫, ચામર. એ પાંચ રાજ ચિન્હો બહાર મૂકીને પછી પરમાત્માની સામે એક સેવકને રૂપે જવું.

**૨. પાંચ પ્રકારની પૂજા :**

**કુસુમ : અક્ષત : વર : સુ-ગન્ધિ-**
**ધૂપ : દીપ : મન-સાખી. રે**
**અઙ્ગ-પૂજા પણ-ભેદ સુણી ઈમ**
**ગુરુ-મુખ આગમ-ભાખી. રે સુ-વિધિ ૩**

**કુસુમ**=ફૂલ. **અક્ષત**=ચોખા. **વર-વાસ**=ઉત્તમ વાસક્ષેપ. **સુગન્ધિ-ધૂપ**=સુગંધીદાર ધૂપ. **દીપ**=દીવો. **મન-સાખી**= મનની સાક્ષિએ. મનના ભાવપૂર્વક. **અઙ્ગ-પૂજા**=પરમાત્માના અંગને સ્પર્શીને પૂજા. **પણ-ભેદ**=પાંચ ભેદની. **સુણી**=સાંભળી **ઈમ**=એ પ્રમાણે. **ગુરુ-મુખ**=ગુરુ મહારાજશ્રી મોઢેથી. પોતાની અલ્પ બુદ્ધિથી નહીં. **આગમ-ભાખી**=આગમોમાં કહેલી. **૩**

ફૂલ : ચોખા : સુંદર-વાસ ચૂર્ણ : સુગંધિ ધૂપ : અને દીવો : આ પાંચ પ્રકારની પ્રભુજીના અંગને સ્પર્શીને તથા અનુલક્ષીને થતી-અંગ પૂજા: કે જે આગમોમાં કહી છે. તે ગુરુ મહારાજશ્રીના મુખેથી સાંભળવી, ધારવી અને વિધિપૂર્વક કરવી. ૩

**૩. પૂજાના બે ફળો:—**

**એહનું ફળ દોય-ભેદ સુણીજે :-**
**અનન્તર : ને પરંપર : રે**
**આણા-પાલણ : ચિત્ત-પ્રસન્ની :**
**મુગતિ : સુ-ગતિ : સુર-મન્દિર. રે સુ-વિધિ૦ ૪**

**હોય-ભેદ**=બે ભેદે. **સુણીજે**=શાસ્ત્રોમાંથી સાંભળવું. **અનન્તર**=નજીકનું. **પરંપર**=પરંપરાએ. એક ફળનું બીજું ફળ. બીજાનું ત્રીજું ફળ. એમ એક પછી એકઃ તે ઠેઠ મોક્ષ સુધી. **આણા પાલણ**=પરમાત્માની આજ્ઞાનું પાલન. **ચિત્ત-પ્રસન્ની**=મનની પ્રસન્નતા. મનમાં સ્થિરતા. **મુગતિ**=મોક્ષ. મુક્તિ. **સુ-ગતિ**=આર્યક્ષેત્રઃ ઉત્તમ કુળઃ જાતિઃ વંશઃ વિગેરેમાં જન્મ. સદ્દગતિ. **સુર-મન્દિર**=દેવ વિમાન. દેવલોકમાં જન્મ. ૪.

**પૂજાના** અનન્તર : અને પરંપર : એમ બે પ્રકારના ફળો શાસ્ત્રમાંથી સાંભળવા.

**અનન્તર** ફળમાં—૧ મુમુક્ષુ જીવોએ ઉત્તમ અવલંબન લઇ સાવલંબન ધ્યાન કરી અનુક્રમે પરમાત્મ ભાવ પ્રાપ્ત કરવા રૂપ પરમાત્માની આજ્ઞાનું પાલન : અને ૨. ચિત્તની પ્રસન્નતા, મનની સ્થિરતા—પરમાત્માની મૂર્તિને જોઇ, તેમણે ધર્મ બળથી પ્રાપ્ત કરેલ યોગાવસ્થાઃ અને મોક્ષઃ જોઇને, તેની પ્રતીતિ થતાં ધર્મશ્રદ્ધા દૃઢ થાય છે, અને આધ્યાત્મિક વિકાસમાં સ્થિરતારૂપ મનની પ્રસન્નતા પ્રાપ્ત થાય છેઃ

**પરંપરા** ફળમાં—૧ મનુષ્યભવ રૂપ સદ્દગતિઃ ૨ દેવ લોકની પ્રાપ્તિઃ અને છેવટે ૩ મોક્ષની પ્રાપ્તિઃ થાય છે. ૪

**૪. અષ્ટ-પ્રકારી પૂજા :**

**ફૂલ : અ-ક્ષત : વર-ધૂપ : પઇવો :**
**ગન્ધ : નૈવેદ્ય : ફળ : જલ : ભરી. રે**
**અઙ્ગ-અગ્ર-પૂજા મળી અડ-વિધ.**
**ભાવે ભવિક શુભ-ગતિ વરી. રે સુ-વિધિ૦ ૫**

**પઇવો**=પ્રદીપ-દીવો. **ગન્ધ**=સુગંધિદાર-ચંદન-કેસરાદિક. **નૈવેદ્ય**=પ્રભુની સામે નિવેદન કરવા યોગ્ય-પહેલાં રજુ કરવા યોગ્ય-ખાદ્યાદિ પદાર્થો. **જલ-ભરી**=જલભર્યો કળશ. **અઙ્ગ-અગ્ર-પૂજા**=અંગે

કરવાની, અને સામે ધરીને કરવાની પૂજા. **અડ-વિધ**=આઠ પ્રકારે. **ભાવે**=ભાવથી કરનાર. **ભવિક**=ભવ્ય જીવ.**શુભ-ગતિ**==સદ્ગતિ. ઉત્તમ ગતિ. **વરી**=વરે છે. પામે છે. ૫

પરમાત્માને અંગે કરવાની : તથા પરમાત્માની સામે ધરીને કરવાની: અંગ: અને અગ્ર: પૂજા મળીને ફૂલ : ચોખા : સુંદર ધૂપ : પ્રદીપ : સુગંધિ ચંદન કેસરાદિક : નૈવેદ્ય : ફળ : અને જળ : એ આઠ ભેદે છે.

જે ભવ્ય જીવો ભાવપૂર્વક તે કરે છે, તે અવશ્ય શુભગતિ પ્રાપ્ત કરે છે, ને પરંપરાએ મોક્ષ પણ પ્રાપ્ત કરે છે. તે ઉપર કહ્યું છે. ૫

**૫. પૂજાના બીજા પ્રકારો;**

**સત્તર-ભેદ : એક-વીશ-પ્રકારે :**
**અટ્ઠોત્તર-શત-ભેદે. રે**
**ભાવ-પૂજા બહુ-વિધ નિરધારી.**
**દો-હગ્ગ-દુર્ગતિ છેદે. રે સુ-વિધિ૰ ૬**

**અટ્ઠોત્તર-શત-ભેદે**=એકસોને આઠ પ્રકારે. **ભાવ-પૂજા**=માત્ર હૃદયના અને આત્માના ભાવથીજ કરવાની પૂજા. **બહુ-વિધ**=ઘણા પ્રકારે. **નિરધારી**=નક્કી કરેલી છે. **દો-હગ્ગ**=દુર્ભાગ્યપણું. **દુર્ગતિ**=નરકાદિક ખરાબ ગતિ. **છેદે**=તોડે છે. **અટકાવે છે.** ૬

સત્તર : એકવીશ : એકસો આઠ : વિગેરે દ્રવ્ય પૂજાના ઘણા ભેદો છે. તેજ પ્રમાણે-ચૈત્યવન્દના-દેવવન્દના-ચતુર્વિંશતિ સ્તવઃ આદિ ભાવ પૂજા પણ ઘણી રીતે શાસ્ત્રોમાં નક્કી કરેલી છે. ભાવ પૂજા પણ દૌર્ભાગ્ય અને દુર્ગતિનો નાશ કરે છે.

અર્થાત્—સદ્ભાગ્ય અને સદ્ગતિ તથા મોક્ષ પ્રાપ્ત કરાવે છે. ૬

**૬. ચોથો ભેદ:**

**તુરિય-ભેદ-પડિવત્તિ-પૂજા:**
**ઉપશમ : ખીણ : સ-યોગી : રે**

**ચઉ-હા પૂજા ઇમ ઉત્તર-ऽज्झयणे**
**ભાખી કેવળ-ભોગી. રે** **સુ-વિધિ૦ ૭**

**તુરિય-ભેદ**=ચોથો ભેદ. **પડિવત્તિ-પૂજા**=પ્રતિપત્તિ રૂપ પૂજા. પરમાત્માની આજ્ઞાનો અમલ કરવા રૂપ પૂજા. **ઉપશમ**=ઉપશાંત મોહ [૧૧ મા ગુણ સ્થાનકની પ્રાપ્તિ:] **ખીણ**=ક્ષીણ મોહ [૧૨ ગુણ સ્થાનકની પ્રાપ્તિ] **સ-યોગી**=સયોગી અવસ્થા (૧૩ મા ગુણસ્થાનકની પ્રાપ્તિ). **ચઉ-હા**=ચાર પ્રકારે. **ઉત્તર-ऽज्झयणे**= **શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર**માં. **ભાખી**=કહી છે. **કેવળ-ભોગી**=કેવળ જ્ઞાન રૂપી લક્ષ્મીના ભોગવનાર સર્વજ્ઞ પ્રભુએ. ૭

ઉપશાંત મોહ ગુણ સ્થાનકે: ક્ષીણ મોહ ગુણસ્થાનકે: અને સયોગી ગુણસ્થાનકે: તે તે ગુણસ્થાનકોની પ્રાપ્તિરૂપ **પ્રતિપત્તિ** પૂજારૂપ પૂજાનો ચોથો પ્રકાર છે.-**અંગ પૂજા** : **અગ્ર પૂજા** : **ભાવ પૂજા** : અને **પ્રતિપત્તિ પૂજા** : એમ ચાર પ્રકારની પૂજા કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીના ભોગી-સર્વજ્ઞ પરમાત્માએ **શ્રી ઉત્તરાધ્યયન** સૂત્રમાં કહી છે. ૭

**શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ વિરચિત **ભાષ્ય-ત્રયમાંના ચૈત્ય-વન્દન ભાષ્યની** ત્રણ પ્રકારની પૂજાના પ્રસંગની ગાથાઉપરની-તેમનાજ શિષ્ય **શાસન પ્રભાવક શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી** મહારાજાએ-**સંઘાચાર** નામની **વૃત્તિમાં** જણાવ્યું છે, કે :--

**उत्तरा**-ऽध्ययनेषु पुनरेवम्-
"तित्थ-यरा भगवंतो. तस्स चेव भत्ती कायव्वा।
सा पूआ-वन्दणा-ऽऽईहिं हवइ।
पुयंपि-
पुप्फा-ऽऽमीस-थुइ-पडिवत्ति-भेयं चउ-विहंपि जहा-सत्तीए कुज्ज-त्ति॥"
**ललित-विस्तरा**-ऽऽदौ तु-
"प्रतिपत्तिः-
अ-विकला-ऽऽप्तोपदेश-पालना।

**पुष्पा–ऽऽमीष–स्तुति–प्रतिपत्ति–पूजानां यथोत्तरं प्राधान्यम् । देश–विरतौ-चतुर्विधा । स-राग-सर्व-विरत्याऽऽदौ स्तोत्र-प्रतिपत्ति-रूपे द्वे । उपशान्त–मोहा–ऽऽदौ पूजा–कारके प्रतिपत्तिः ।**

**અર્થ :** તીર્થંકર ભગવંતો : તેની ભક્તિ કરવી જોઇએ

તે ભક્તિ :–

પૂજા : અને વન્દના : વિગેરેથી થાય છે.

પૂજા પણ :–

પુષ્પ : આમીષ : સ્તુતિ : અને પ્રતિપત્તિ : ભેદ ચાર પ્રકારે યથા-શક્તિ કરવી."

**લલિત–વિસ્તરાવૃત્તિ વિગેરેમાં:–**

"**પ્રતિપત્તિ** એટલે–આપ્ત પુરુષોના ઉપદેશનું અખંડ રીતે પાલન કરવું, તે પુષ્પઃ આમીષઃ સ્તુતિઃ અને પ્રતિપત્તિઃ એ ચાર પ્રકારની પૂજાઓમાં અનુક્રમે પછી પછીની પૂજા વધારે વધારે મહત્ત્વની છે." દેશ–વિરતિમાં ચારેય પ્રકારની પૂજા હોય. સરાગ સર્વ વિરતિ વિગેરે સંયમમાં-સ્તુતિઃ અને પ્રતિપત્તિઃ એ બે પૂજા હોય. ઉપશાન્ત મોહા-દિક ત્રણ ગુણસ્થાનકોમાં-પૂજા કરનારમાં પ્રતિપત્તિ પૂજા હોય."

[૧. **પુષ્પ પૂજા**—પુષ્પ પૂજા શબ્દઃ અંગ પૂજાના ઉપલક્ષણ રૂપ છે. એટલે કે–પ્રભુની પ્રતિમારૂપ શરીરે ચઢાવીને જે જે દ્રવ્યોથી પૂજા થઇ શકે, તે સર્વનો સમાવેશ અંગ પૂજામાં થાય છે.

૨. **આમીષ પૂજા**: આમીષ શબ્દ અગ્ર પૂજાના ઉપલક્ષણ રૂપ છે. એટલે કે,–પ્રભુજીની સામે નિવેદન કરવા રૂપ—અક્ષતઃ નૈવેદ્યઃ ફળઃ ગીતઃ ધૂપઃ દીપઃ નૃત્યઃ વાદ્યઃ વિગેરે પદાર્થોથી પૂજા–ભક્તિ કરી શકાય, તે સર્વનો સમાવેશ અગ્રપૂજામાં થાય છે. ઇન્દ્રાદિ-કની અને ત્રણ લોકની સર્વ ઋદ્ધિ–સિદ્ધિ–સમૃદ્ધિ અને ઉત્તમ દ્રવ્યો તીર્થંકરની અંગ–અગ્રપૂજામાં રજુ કરાય, તો પણ તેની ત્રિલોક–પૂજ્યતા આગળ એ સર્વ ન્યૂન છે.

**૩. સ્તુતિ પૂજાઃ** સ્તુતિ શબ્દ ભાવપૂજાના ઉપલક્ષણરૂપ છે, એટલે કે-ચૈત્યવન્દનઃ કાયોત્સર્ગઃ સ્તુતિઃ થોયઃ સ્તોત્રઃ સ્તવનઃ નામસ્મરણઃ ભાવનાઃ નામનો જાપઃ વિગેરેથી ભાવ પૂજા કરી શકાય છે. તે સર્વનો ભાવપૂજામાં સમાવેશ થાય છે.

**૪. પ્રતિપત્તિ પૂજાઃ** પ્રતિપત્તિ શબ્દ-તીર્થંકર ભગવાનના ઉપદેશ પ્રમાણે જીવન બનાવવાના ઉપલક્ષણરૂપ છેઃ અપુનર્બન્ધકતાઃ માર્ગાભિમુખતાઃ માર્ગ પતિતતાઃ માર્ગાનુસારિતાઃ સમ્યક્ત્વઃ દેશવિરતિઃ સર્વ વિરતિઃ ઉપશમ શ્રેણિ-આરોહણઃ ક્ષપક શ્રેણિ-આરોહણઃ ઉપશાન્ત મોહઃ ક્ષીણ મોહઃ સયોગી કેવલીપણું: વિગેરે ગુણોની પરંપરા પ્રાપ્ત કરવાના સઘળા પ્રયત્નોનો પ્રતિપત્તિ પૂજામાં સમાવેશ થાય છે.] ૭

**ઉપસંહારઃ**

**ઇમ પૂજા બહુ-ભેદ સુણીને,**
**સુખ-દાયક શુભ કરણી રે**
**ભવિક-જીવ કરશે, તે લહેશે**
**આનન્દ-ઘન-પદ-ધરણી. રે સુ-વિધિ૦ ૮**

**બહુ-ભેદ**=ઘણા ભેદો ધરાવતી. **સુખ-દાયક**=લૌકિક અને લોકોત્તર સુખ આપનારી. **શુભ-કરણી**=ઉત્તમ અનુષ્ઠાન. **ભવિક-જીવ**=ભવ્ય જીવ. મોક્ષે જવા માટે યોગ્ય જીવ. **આનન્દ-ઘન-પદ-ધરણી**=સિદ્ધ શિલા કે જેના ઉપર મુકિત પામેલા જીવોનો નિવાસ છે. **આનન્દ-ઘન-પદ**=મોક્ષ. આનન્દના ગઠ્ઠાનું પદ. **ધરણી**=પૃથ્વી. ૪૫ લાખ યોજન લાંબીઃ પહોળીઃ ગોળઃ આઠ યોજન વચ્ચે જાડી અને નીચેથી ધીમે ધીમે પાતળી પાતળી થતી થતી છેડે માખીની પાંખ કરતાંયે પાતળીઃ દેદીપ્યમાન સ્ફટિક પૃથ્વીકાયમયઃ સિદ્ધોના નિવાસની શાશ્વતી સપાટ શિલા છે. જેની ઉપર એક યોજન છેટે અલોક છે. અને અલોકને પોતાના ઉપરના ભાગથી અડીને નીચેના ૩૩૩⅓ ધનુષ્ય સુધીમાં સર્વ સિદ્ધના જીવોનો વાસ છે. ૯

એ પ્રકારે ઘણા ભેદો ધારણ કરતી પૂજાનું સ્વરૂપ સાંભળ્યા પછી લૌકિકઃ અને લોકોત્તરઃ સુખ આપનારી એ શુભ કરણી જે ભવ્ય જીવ કરશે, તે આનન્દના ગઠ્ઠાના પદની--મોક્ષ પદની–પૃથ્વી-સિદ્ધ શિલા–પ્રાપ્ત કરશે–મોક્ષ પ્રાપ્ત કરશે. ૮

## રહસ્યાર્થ

અહીં સુધીના સ્તવનોમાં મુખ્યપણે **પ્રીતિયોગધારી અપુનર્બન્ધક આદિ ધાર્મિક** જીવથી માંડીને **દેશવિરતિ** શ્રાવક સુધીના આરાધક પાત્રોને લગતી વિકાસક્રમની વિચારણા સુધી આવી પહોંચાય છે.

કેટલાક અપુનર્બંધક જીવોને મિથ્યાત્વ ભાવમાં હોવા છતાં પ્રથમથી જ જિનપૂજાદિક જૈન ધર્મની ક્રિયાઓ પ્રાપ્ત થાય છે, અને કેટલાકને પછી–માર્ગાનુસારિતા–સમ્યક્ત્વાદિકની પ્રાપ્તિ પછી–પણ પ્રાપ્ત થાય છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ પહેલાં પણ જિનપૂજાનો તથા બીજી જૈન ધર્મની ધાર્મિક ક્રિયાઓનો અભ્યાસ રૂપે અધિકાર માર્ગાનુસારી વિગેરે જીવોને પ્રાપ્ત થવાનું જૈન શાસ્ત્રકારોને સંમત છે.

**જૈનદર્શનમાં—**

વિનય મૂળ ધર્મઃ આજ્ઞાપ્રધાન ધર્મઃ પંચાચાર રૂપ ધર્મઃ અષ્ટ પ્રવચન માતા પ્રતિપાલન રૂપ ધર્મઃ પાંચ ચારિત્ર રૂપ ધર્મઃ નિશ્ચય વ્યવહાર રૂપ ધર્મઃ બાર પ્રકારના તપોમય ધર્મઃ રત્નત્રયીમય ધર્મઃ અહિંસા સંયમ તપ ધર્મઃ ઉપશમ વિવેક સંવર ધર્મઃ ઉત્સર્ગ અપવાદ રૂપ ધર્મઃ ચાર પ્રકારના સામાયિકમય ધર્મઃ જ્ઞાન ક્રિયા રૂપ ધર્મઃ જ્ઞાન ધર્મઃ ચારિત્ર ધર્મઃ ષડાવશ્યક ધર્મઃ ક્ષમાદિક દશવિધ ધર્મઃ ધ્યાન ધર્મઃ પ્રાયશ્ચિત રૂપ ધર્મઃ સપ્રતિક્રમણ ધર્મઃ પંચમહાવ્રત રૂપ ધર્મઃ અણુવ્રત–મહાવ્રત રૂપ ધર્મઃ ગ્રહસ્થ–સાધુ ધર્મઃ સામાન્ય–વિશેષ ધર્મઃ દેશવિરતિ–સર્વ વિરતિ રૂપ ધર્મઃ આઠ દૃષ્ટિમય ધર્મઃ ત્રણ અવંચક રૂપ ધર્મઃ સત્તર સંયમ રૂપ ધર્મઃ સંવર નિર્જરા રૂપ ધર્મઃ આધ્યાત્મિક વિકાસ

રૂપ ધર્મ: મોક્ષ ધર્મ: એમ સેંકડો બલ્કે હજારો પ્રકારો નય સાપેક્ષપણે ધર્મના મૂળ પ્રતીક તરીકે બતાવ્યા છે. તેમાંનો કોઇ પણ એક મુખ્ય પ્રકાર પોતાના બીજા પેટા પ્રકાર સાથે શરૂઆતની લાયકાત ધરાવતા પાત્રથી માંડીને ઠેઠ છેવટની ઉચ્ચ કક્ષા સુધીના આરાધક પાત્રો સુધી વ્યવસ્થિત અને શાસ્ત્રીય પદ્ધતિથી લાગુ પડે તેવી રીતે, પોતપોતાને સ્થાને ગ્રન્થોમાં વ્યવસ્થિત રીતે ઘટાવીને વર્ણવાયેલ છે. આ ઉપરથી સમજાશે કે–ધ્યાન ધર્મમાં તમામ પ્રકારની મનોવૃત્તિઓનો સંગ્રહ કરવા માટે ધ્યાનના ચાર પ્રકાર–આર્ત્ત: રૌદ્ર: ધર્મ: અને શુક્લ: બતાવ્યા. તેમાંના ધર્મ રૂપ તો છેલ્લા બે છે. શરૂઆતના બે સંસાર વધારનારા હોવાથી મોક્ષ સાધક ધ્યાનયોગમાં તેને કેમ ગણાવી શકાય! પરંતુ જૈનશૈલિ એકે એક વસ્તુનું સાંગોપાંગ શાસ્ત્રીય નિરૂપણ સ્વતંત્ર રીતે પણ કરતી હોય છે. અને તેથી ધ્યાન પ્રક્રિયામાં સારી: અને નરસી: સમગ્ર મનોવૃત્તિઓ સાંકળી લીધી છે.

જૈન શાસનની આ એક અદ્‌ભુત ખુબી છે. સ્યાદ્‌વાદ પદ્ધતિના આશ્રય વિના આ બધું એક ખીચડા જેવું ભાસે. પરસ્પર વિરુદ્ધ–વિસંગત અને અવ્યવસ્થિત ભાસે. પરંતુ તે બધાને બરાબર સંગત બતાવી દેવા માટે સમર્થ સ્યાદ્‌વાદ પદ્ધતિ તેમની પાસે છે. તે વિના આ જાતનું નિરૂપણ જ ન થઈ શકે ન કરી શકાય. આ જાતના નિરૂપણોજ જગત્‌માં સ્યાદ્‌વાદ પદ્ધતિના અસ્તિત્વની બળાત્કારથી માગણી કરી લે છે. સ્યાદ્‌વાદ પદ્ધતિ એક સિદ્ધ વસ્તુ છે.

એજ પ્રમાણે, ચાર જિન પૂજા–જિન ભક્તિ–યોગમાં પણ ચરમાવર્તમાં પ્રવેશેલા જીવથી માંડીને ઠેઠ સયોગી કેવળી સુધીના સાધકોને સાંકળી લીધા છે. **આદિ ધાર્મિક** જીવના **जिनेषु कुशलं चित्तम्** અર્થ: "જિનેશ્વર દેવો તરફ હાર્દિક સદ્‌ભાવના" ત્યાંથી માંડીને ત્રણ કે ચાર પ્રકારની, અને હવે પછી બતાવીશું તે પાંચ પ્રકારની પૂજામાં સર્વ સાધક પાત્રોને સાંકળી લીધાનું જોઈ શકાશે. અને એ રીતે ઉપર જણાવેલા–ધર્મના તમામ મુખ્ય પ્રતીકો અને તેના તમામ

પેટા ભેદોનો સમાવેશ જેમ ઉપરના પ્રતીકોમાં થાય છે, તેમ જિન પૂજામાં–જિન ભક્તિમાં પણ થઈ જાય છે. તેમાં પાંચ આચારોઃ પાંચ મહાવ્રતોઃ છ આવશ્યકોઃ વિગેરે તમામ આવી જાય છે. શ્રી જૈન શાસનની પ્રભાવનાઓઃ શ્રી તીર્થંકર દેવ તરફની ભક્તિના તમામ પ્રકારોઃ મહા તીર્થોની સ્થાપનાઃ સર્વ પ્રકારના ચારિત્રના તમામ ભેદોઃ અને પેટા પ્રકારોઃનો જિન પૂજામાં સમાવેશ થાય છે. આટલો વિશાળ જિનપૂજાનો અર્થ કરવામાં આવેલો છે.

જિનપૂજાની મહત્તાના મુખ્ય બે કારણો છે. (૧) તીર્થંકર પ્રભુની મહત્તાઃ (૨) પૂજા કરનાર પાત્રના ભાવની મહત્તા–તેની યોગ્યતાની મહત્તાઃ

જિનેશ્વર દેવ–તીર્થંકર દેવઃ એજ જગત્માં સર્વોત્કૃષ્ટપણે છે. જિનેશ્વર દેવનું જીવન ચરિત્ર સંપૂર્ણ નિર્દોષ હોય છે, ઉપરાંત–તેમનો ત્રણ લોકના જીવો ઉપર ઉંચામાં ઉંચો લોકોત્તર ઉપકાર હોય છે.

સર્વનું ભલું કરવાની કુદરતી મનોવૃત્તિ ધરાવતા તથાભવ્યતાવાળા જીવજ તીર્થંકર થઇ શકે છે. "સવિ જીવ કરું શાસન રસી" એ ભાવના જે આત્મામાં કુદરતી રીતેજ હોય તેજ આત્મા તીર્થંકર થઇ શકે છે. અને તીર્થંકર થવા પહેલાં ત્રીજા ભવમાં તે જીવ વીશ સ્થાનકોની અથવા તેમાંના કોઇપણ સ્થાનકની પરમોત્કૃષ્ટ આરાધના કરીને તીર્થંકર નામ કર્મ બાંધે છે. ઉપર જણાવેલી અનાદિની સર્વોપકારક આત્મવૃત્તિ તીર્થંકર નામ કર્મ બંધાવે છે. એ કર્મ મારફત આત્માનો એ વિશિષ્ટ ગુણ જગત્માં પ્રગટ થઈ શકે છે. તીર્થંકર નામ કર્મ ઉદયમાં આવે છે, ત્યારે સમવસરણઃ અષ્ટ પ્રાતિહાર્યાદિક ઋદ્ધિઃ પ્રગટ થાય છે, અને શ્રી તીર્થંકર પ્રભુના તે બાહ્ય લક્ષણોથી બીજા જીવો આકર્ષાઇને શ્રી તીર્થંકર પ્રભુ પાસે આવે છે, જેથી તેમનો સંપર્ક પામીને શ્રુત સામાયિકનો લાભ પામીને, તથા બીજી અનેક રીતે બોધિ–બીજ પ્રાપ્ત કરી શકે છે. અને એ રીતે તીર્થંકર દેવ પોતાની ભાવ કરુણાની સહજ રીતે તેના ઉપર અસર પાડી શકે છે. જેથી તીર્થં-

કરપણું સાર્થક થાય છે. આ રીતે ધર્મઃ શાસનઃ અને શ્રી સંઘઃની સ્થાપના મારફત ત્રણ લોકના જીવો ઉપર તેઓનો લોકોત્તર ઉપકાર ફરી વળે છે. આથી તીર્થંકર પરમાત્મા ત્રિભુવન પૂજ્ય હોય છે.

## ति-लोय-पुज्जो तित्थयरो.

**અર્થ**:—તીર્થંકર ભગવાન્ ત્રણ લોકને પૂજ્ય હોય છે. ઘણા જીવો જીવદયા પાળે છે, અને બીજા જીવોને બચાવે છે, એ બીજા જીવો બચે છે, તે ઉપકાર પરંપરાએ તીર્થંકર ભગવંતોનોજ હોય છે. જીવોમાં ન્યાયઃ નીતિઃ સદાચાર. પાપનો ડરઃ ધર્મનું સેવનઃ વિગેરે ગુણો જોવામાં આવે છે, તેના પણ મુખ્ય ઉપદેષ્ટા અને પ્રેરક તીર્થંકર દેવો હોય છે. સુસંસ્કૃતિઃ અને ઉચ્ચ જીવન વ્યવસ્થાઃના પણ પ્રેરક તેઓજ હોય છે. માટે ત્રિલોક પૂજ્ય છે. તેમના ઉપદેશથી ત્યાગી ઉપદેશકોઃ ત્યાગી કે યોગીઓઃ તપસ્વીઓઃ સંયમી પુરુષોઃ અને સ્ત્રીઓઃનો ઉત્તરોત્તર વારસો ચાલતો રહે છે, જેઓ સ્વોપકાર ઉપરાંત અનેક જીવો ઉપર ઉપકાર કરે છે. તે સઘળો ઉપકાર પરંપરાએ તીર્થંકર દેવનો હોય છે. અથવા તે રૂપે-તીર્થંકર દેવનું વિશ્વ-વ્યાપક યશઃશરીર યાતો ઉપકારરૂપ શરીર જગત્માં સદાકાળ વિદ્યમાન હોય છે. સર્વ જીવોને અભયદાનના પ્રવર્તાવનારા તેઓ છે. તથા સંસાર ભયથી અભય બનાવી મોક્ષમાં જવાનો મોક્ષમાર્ગ બતાવનારા પણ તેઓજ છે.

**આથી** કરીને લોકોત્તર ઉપકારક તીર્થંકર પરમાત્મા ત્રિલોકને પૂજ્ય હોવાથી જગત્ના તમામ પ્રાણીઓએ તેમનો લોકોત્તર વિનય કરવોજ જોઇએ, એવી તે જીવોના ઉપર સહજ રીતેજ ફરજ આવી પડે છે.

**नामा-ऽऽकृति-द्रव्य-भावैः पुनतस्त्रि-जगज्जनम् ।**
**क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥२॥**

**सकला-ऽर्हत्स्तुति.**

**અર્થ**:—સર્વ ક્ષેત્ર એટલે ત્રણ લોકઃ અને સર્વ કાળ એટલે ત્રણેય કાળઃ તેમાં-પોતાના-નામઃ સ્થાપનાઃ દ્રવ્યઃ અને ભાવઃ એ ચાર પ્રકારે ત્રણ જગત્ના પ્રાણીઓને પાવન કરી રહ્યા હોય છે. તે અરિહંત ભગવંતોની અમે ઉપાસના કરીએ છીએ. ॥ ૨ ॥

**तम्हा जिणाण पूआ बुहेण सव्वा-ऽऽयरेण कायव्वा ।**
**परमं तरंडमेसा जम्हा संसार-जल-हिम्मि ॥ ९-१९ ॥**

**वीसा वीसीआ**

**અર્થ**:—"માટે, સમજુ લોકોએ જિનેશ્વર દેવની પૂજા સર્વ પ્રકારના પૂરા આદરભાવથી કરવી જોઇએ. કેમકે-સંસાર સમુદ્રમાં એ ઉંચામાં ઉંચા પ્રકારનું વહાણુ છે," ॥ ૯,૧૯ ॥

આથી કરીને જિનેશ્વર દેવની મહત્તાને અંગે તેની પૂજાની મહત્તા છેઃ-કોઇપણ નિક્ષેપે રહેલા જિનેશ્વર દેવ પોતે હર હાલતમાં સમ્યગ્દર્શનઃ સમ્યગ્જ્ઞાનઃ સમ્યગ્ ચારિત્રઃ રૂપ રત્નત્રયીના પ્રેરક હોવાથી તેમની પૂજા સર્વથા નિરપાય છેઃ કાંઇ પણ નુકશાન કરનારી નથી. પરંતુ સર્વથા કલ્યાણુ કરનારી છે.

તેથી એકેન્દ્રિયાદિક જીવોને પણુ શ્રી તીર્થંકર પ્રભુ પૂજ્ય છે. તો પછી બીજા જીવોને પૂજ્ય હોય, તેમાં તો નવાઇજ શી? ઘણા માણુસો-પોતાના સમુદાયમાં પૂજ્ય હોય છે, ઘણા સ્વદેશમાં, અને ઘણા સર્વ દેશમાં પણ પૂજ્ય હોય છે. પરંતુ ત્રણુ લોકમાં પૂજ્ય તો શ્રી તીર્થંકર દેવોજ હોય છે. કેમકે-એવો લોકોત્તર ઉપકાર બીજા જીવો કરી શકતા નથી હોતા.

એકેન્દ્રિયાદિક જીવો અજ્ઞાન દશામાં હોય છે, તથા સામગ્રી રહિત હોય છે, તેથી પૂજા કરી શકતા નથી. પરંતુ કેટલાક એકેન્દ્રિયાદિક જીવોનાં પણુ એવાં પૂણ્ય હોય છે કે જેને લીધે તેઓ શ્રી તીર્થંકર પ્રભુની નજીક વિવિધ રીતે આવે છે પ્રતિમાજીના પાષાણુ રૂપેઃ પ્રાતિહાર્ય રૂપેઃ અભિષેક જળરૂપેઃ પૂજોપકરણુ પુષ્પ વિગેરે રૂપેઃ વપરાય છે. તેજ તે ઉપયોગમાં આવે છે, કે જેનું તથાપ્રકારનું પુણ્ય હોય.

૨. પૂજા કરનારા-પાત્ર જીવોમાં આદિ ધાર્મિકથી માંડીને ઠેઠ ૧૩ મા સયોગી ગુણુસ્થાનક સુધીના આત્મ કલ્યાણુ સાધનારા પાત્રો પૂજાના અધિકારી હોય છે. તીર્થંકર પરમાત્મા તરફનો જેવો ભાવઃ જેવી ભક્તિઃ પોતાના આત્મ વિકાસ માટે જેવી તમન્નાઃ

તેના પ્રમાણમાં તે જીવ તીર્થંકર પરમાત્માની પૂજામાં લીન થાય છે. તીર્થંકર પરમાત્માનું નિમિત્ત પામીને તે જીવ પોતાના આત્માનો વિકાસ કરે છે. જ્યાં સુધી પોતાના આત્મ વિકાસમાં નિમિત્ત તરીકે તેમનો ઉપયોગ હોય છે, ત્યાં સુધી તીર્થંકર દેવનું સાન્નિધ્ય રાખવાનું તેને માટે અનિવાર્ય હોય છે. જ્યારે પોતાને માટે તેની જરૂર નથી હોતી, એવા નિર્વિકલ્પ દશામાં આવેલા જીવો–અસંગ અનુષ્ઠાનમાં પ્રવેશેલા જીવો પણ અન્ય જીવો માટે જિનેશ્વર દેવની પૂજા આદરણીય અને મોક્ષમાર્ગનું એક પ્રથમ તથા પ્રધાન અંગ હોવાથી, તેનો નિષેધ કરતા નથી, પરંતુ તેને આદરણીય તરીકે પ્રતિપાદે છે.

ગુરુઃ અને ધર્મઃના મૂળ પ્રેરકઃ ઉત્પાદકઃ દેવ છે. તેથી દેવતત્ત્વની પ્રધાનતા હરેક આત્મવિકાસના માર્ગમાં–હરેક ક્રિયામાં–હરેક અનુષ્ઠાનમાં રહે માટે તેનું સાન્નિધ્ય રખાય તેવીજ સર્વ ધાર્મિક વિધિઓ રચાયેલી છે. જૈનદર્શનની એવી કોઇપણ ક્રિયા નહીં હોય, કે જેમાં–દેવતત્ત્વની આરાધના–ચતુર્વિંશતિ–સ્તવ–ચૈત્ય-વંદન–યાત્રા–પૂજા–મહાપૂજાઃ નંદી સ્થાપનાઃ તીર્થયાત્રાઃ વિગેરેમાંનું કાંઇને કાંઇ જોડાયેલું ન હોય.

તીર્થંકર વીતરાગ દેવ હોવાથી તેમને પૂજા કરનાર તરફ અનુગ્રહની: કે ન કરનાર તરફ નિગ્રહની બુદ્ધિની સંભાવનાજ નથી હોતી. પરંતુ તીર્થંકર દેવ તો પોતાના આત્મવિકાસમાં નિમિત્ત તરીકે ઉપયોગ કરનાર આત્મા પોતાના ભાવોલ્લાસને અનુરૂપ જે કાંઇ ઉચિત રૂપે લૌકિક લૌકોત્તર સાધનોથી, અને છેવટે યથાસંભવ ત્રણ ભુવનની ઋદ્ધિ સિદ્ધિ ધરીને પણ લોકોત્તર વિનયભક્તિ કરી શકે છે. તેથી પૂજાના–ભક્તિના હજારો પ્રકારો શાસ્ત્ર વિહિત ઠરે છે.

તીર્થંકર દેવો પૂજ્ય છે, માટે તેના ચારેય નિક્ષેપા પૂજ્ય ઠરે છે મિત્રના ચારેય નિક્ષેપા મિત્રભાવ પ્રેરતા હોય છે, શત્રુના ચારેય નિક્ષેપા શત્રુ ભાવ પ્રેરતા હોય છે. આ સામાન્ય માનસ શાસ્ત્રનો સિદ્ધાંત છે, તથા પદાર્થ વિજ્ઞાનનો પણ સિદ્ધાંત છે.

**તીર્થંકર** ભગવાન પૂજ્ય છે, તેથી શબ્દવર્ગણામય પુદ્ગલ સ્વરૂપ છતાં તેમના નામ પણ પૂજ્ય બને છે તેમની આકૃતિ પણ પૂજ્ય બને છે. તેમના માતાપિતાઃ પંચકલ્યાણકોઃ તેમની વિહાર ભૂમિઓઃ કલ્યાણક ભૂમિઓઃ તથા તેમના મહાકલ્યાણકો સાથે સંબંધ ધરાવતા દિવસોઃ તેમની સાથે સંબંધ ધરાવતા બીજા પદાર્થોઃ તેમનું જડ એવું શરીરઃ વિગેરે પણ દ્રવ્યનિક્ષેપે પૂજ્ય બને છે. અને તેમની તીર્થંકરાવસ્થાઃ તે સાક્ષાત્ ભાવ નિક્ષેપારૂપ હોવાથી પૂજ્ય હોયજ છે. પાત્ર જીવ તેમની વિવિધ પ્રકારે પૂજા કરતો હોવાથી તેમની લોકોત્તર પૂજા મોક્ષના એક મહા કારણ રૂપ બની જાય છે, અને તેથી કરીને........

**અંગપૂજાઃ** અગ્રપૂજાઃ ભાવપૂજાઃ અને પ્રતિપત્તિ પૂજામાં--સર્વ પાત્રોની યથાયોગ્ય સર્વ પ્રકારની પૂજાનો સમાવેશ થઇ જાય છે. તથા—

पुष्पा–ऽऽद्य--ऽर्चा तदा--ऽऽज्ञा च तद्--द्रव्य--परिरक्षणम् ।
उत्सवास्तीर्थ--यात्रा च भक्तिः पञ्च–विधा जिने ॥

**અર્થઃ**—જિનેશ્વર દેવની ભક્તિ પાંચ પ્રકારે થઇ શકે છેઃ—

(૧) પુષ્પ વિગેરેથી પૂજાઃ (૨) તેમની આજ્ઞાનું પાલનઃ (૩) દેવ દ્રવ્યનું રક્ષણઃ (૪) ઉત્સવો (૫) અને તીર્થ યાત્રાઃ

**આ** પાંચ પ્રકારમાં પણ દરેક પ્રકારની પૂજા કહો, કે દરેક પ્રકારની ધર્માારાધનાઓનો સમાવેશ થઈ જાય છે. [ સાતમી ગાથાનો અર્થ જુઓ. ]

**તીર્થંકર** દેવ એવું ઉચ્ચ પાત્ર છે, કે શ્રી કેવલજ્ઞાની ભગવંતો પણ તેમને ત્રણ પ્રદક્ષિણા કરીને સમવસરણમાં–ગણધર ભગવંતોની પાછળ કેવલી પર્ષદામાં બિરાજે છે.

**મુનિઓના** વિહાર ક્રમમાં કે શ્રી સંઘના યાત્રાક્રમમાં કે–શ્રાવકના ગમનાગમનમાં વચ્ચે તીર્થંકર પરમાત્માનું ચૈત્ય, કે પ્રતિમા જો આવે અને તેને વંદન નમસ્કાર કર્યા વિના ત્યાંથી પસાર થાય, તો તેમને પ્રાયશ્ચિત્ત આવે છેઃ

આથી કરીને, જે જીવો-તીર્થંકર પરમાત્માની પૂજાનો નિષેધ કરે છે. તેમાં-જડની પૂજા: હિંસા: વિગેરે બાબતો આગળ કરીને-લોકોને ભડકાવે છે, તેમણે ઉંડાણથી સમજવું જોઇએ, કે-જેમનો મોક્ષનો ઉદ્દેશ વ્યકત ન પણ હોય, છતાં તે બાળજીવોનું પ્રાથમિક ચિત્ત બીજા કોઇપણ પદાર્થ તરફ કેન્દ્રિત કરવા કરતાં જિનેશ્વર પ્રભુ તરફ કેન્દ્રિત કરવું, એ વધુમાં વધુ હિતાવહ છે. અને તે કામ સમજાવટ માત્રથી ન થઇ શકે. સામે કાંઇને કાંઇ પ્રતીક રાખવું જોઇએ જ. માટે તીર્થંકર પરમાત્માની પ્રતિમા રૂપ પ્રતીક તેની સામે મૂકવું વધુમાં વધુ માનસ વૈજ્ઞાનિક છે. અને તે નિશાળ વિગેરે દુન્યવી તાલિમની સંસ્થા કરતાં પારમાર્થિક તાલીમની સૌથી પ્રાથમિક સંસ્થા-ચૈત્ય-મંદિર: છે. કે જે ગામમાં કે શહેરમાં મુખ્ય હોય છે. તેને વંદના: તે **ચૈત્યવંદના** એ શબ્દજ પ્રચલિત કરવામાં આવેલ છે-જેમ બાળકને કહીએ કે-"નિશાળે જા." નિશાળે કાંઇ બેસી રહેવા બાળકને મોકલાવાતો નથી હોતો. ત્યાં જવાનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાન મેળવવાનો હોય છે. તેજ પ્રમાણે ચૈત્યવંદના કરવા જવાના શબ્દનો મુખ્ય તાત્પર્યાર્થ-અરિહંત પ્રભુની સેવા: ભક્તિ: ગુણગ્રામ: કરીને રત્નત્રયી આરાધવાનો ઉદ્દેશ હોય છે. પરંતુ વ્યાવહારિક ગોઠવણો બધી ઉપચાર પ્રધાન હોય છે. તેમ ચૈત્યવંદના શબ્દમાં અરિહંત ભગવંતની વંદનાનો ઉપચાર છે. જૈનદેવ તત્ત્વ તરફ સર્વસામાન્ય પ્રજાનું માનસ કાયમ કેન્દ્રિત રાખવા માટે મૂર્તિ: અને મંદિર: સિવાય બીજું કોઇ પણ પ્રબળ સાધન નથી જ.

તેથી મંદિર અને પ્રતિમાજીની આશાતનાથી વિરાધક ભાવ થાય, પરંતુ ત્રિલોકપૂજ્ય પરમાત્માની પૂજા સત્કાર કરવામાં ન આવે, તો મહા પ્રાયશ્ચિત્તના ભાગીદાર થવાય. આપણો ઉપકારી આપણે ઘેર આવે ત્યારે તેને પાણી પાવા જેટલી પણ સત્કારવૃત્તિ ન બતાવીએ, તો આપણને કૃતઘ્નતાનું પ્રાયાશ્ચિત્ત આવે કે નહીં ? તે પ્રમાણે તીર્થંકર પરમાત્મા લોકોત્તર ઉપકારી છે. તેનો સત્કાર કરવા માટે તેઓ સાક્ષાત્ ન મળી શકવાથી, યાતો તીર્થંકર ભગવાન્ સાક્ષાત્ વિચરતા હોય ત્યારે પણ તેઓ ક્ષેત્રાન્તરમાં હોય

ત્યાં પહોંચી શકાય તેમ ન હોય, તથા સાનુકુળ કાળ ન હોય, તેથી-તેમના પ્રતિમાજી મારફત પણ તેમનો સત્કાર કરવાથી પ્રાયશ્ચિત્ત પાત્રતા રહેતી નથી. જિનપૂજાના બીજા પણ ત્રણ પ્રકારો બતાવ્યા છે. **સમન્ત ભદ્રાઃ સર્વ મઙ્ગલાઃ પરમતત્ત્વાનુગા-અમૃત-દીર્ઘિકાઃ*** અનુક્રમે તે **યોગા-ઽ-વઞ્ચકઃ ક્રિયા-ઽ-વઞ્ચકઃ અને ફળા-ઽ-વઞ્ચક** યોગમાં સમાવેશ પામે છે.

**સાત્ત્વિકઃ** રાજસઃ અને તામસઃ એ ત્રણ પ્રકારે પણ પૂજા બતાવી છે. હાલમાં દેવતત્ત્વની આશાતના રૂપે મહાન્ અનર્થ થઇ રહ્યો હોય છે. જે દેવ તત્ત્વ ધર્મનું સર્વથા મૂળ છે, તેના તરફ સતત સાન્નિધ્ય હોવું જોઇએ. તેમના સાક્ષાત્ સાન્નિધ્ય વિના વિરહ-કાતર ભક્ત ન રહી શકે, તેથી તેમના ચૈત્ય અને પ્રતિમા મારફત પણ સાન્નિધ્ય મેળવે. તે યુક્તિઃ વિજ્ઞાનઃ આધ્યાત્મિક વિકાસઃ અને શાસ્ત્ર સંગત હોવાથી, તેનાથી જીવોને વંચિત રાખવાથી, તે જીવોઃ તેના સંતાનોઃ તે દરેકનો ભવોભવમાં તીર્થંકર પરમાત્મા રૂપ દેવ તત્ત્વ તરફ કોઇપણ અંશમાં દુર્ભાવ કેળવાય, તે અનંત અનંત જીવોના કલ્યાણમાં પરંપરાએ કેટલો અંતરાય ઉભો કરે ? આ વિચારવાનું છે. સમજવાનું છે.

**આજે**-પ્રતિમા પૂજાના ખંડન મંડનના ઘણા ગ્રંથો બહાર પડે છે, તેમાંના કેટલાકમાં તો સામાન્ય ધૂળ ઉડાવા જેવી બાળજીવોની દલીલો હોય છેઃ તેમજ કેટલાક-લૌકિક દાખલા દલીલો અને સમજનાં સવાલ જવાબો હોય છે. પરંતુ ખરી રીતેઃ જિનેશ્વર દેવનીઃ પ્રતિમા પૂજા કયા મહત્ત્વના જૈન સિદ્ધાંતો અને તાત્ત્વિક વિજ્ઞાનના પાયા ઉપર રચાયેલ છે? કયા લોકોત્તર કારણો ઉપર તેનો મદાર છે? તે ખ્યાલમાં લીધા વિના-કેટલાક ખંડન મંડનો થતા હોય છે. અને, સામસામા બેસીને શાંત તાત્ત્વિક વિચારણા કરી તત્ત્વને સ્થિર કરવાની બુદ્ધિ વિના દૂરથીજ ફેંકાફેંકી ચાલતી હોય છે. જેથી તાત્ત્વિક સમજ ન આવી શકવાને કારણે, ઘણા

---

* અમૃતની વાવ.

જીવો આ રીતે દેવતત્ત્વની વિરાધનાના ભોગ અમુક અંશે પણ બની જાય છે, અને બન્યા રહે છે.

**અને** પછી યુક્તિ કે કુયુક્તિ–નો હિસાબ રાખ્યા વિના માત્ર સ્થૂલ બુદ્ધિથી વિરોધ કેળવાય છે. પૂજા કરવી વ્યક્તિની ઇચ્છા ઉપર આધાર રાખે છે, પરંતુ જે સંવરઃ અને નિર્જરાઃનું કારણ છે, તેનેઃ આશ્રવનાઃ અને બંધના કારણ તરીકે ગણાવાય છે. એ મોટામાં મોટો અનર્થ થાય છે. આખી એક તાત્ત્વિક વ્યવસ્થા ભાંગી પાડવામાં આવે છે. સત્યને અસત્ય રૂપે સ્થાપવામાં આવે છે. માર્ગને ઉન્માર્ગ રૂપે સ્થાપવામાં આવે છેઃ આ મોટામાં મોટા અનર્થ સામે મુખ્ય પોકાર છે. આ અનર્થ ઉત્સૂત્ર પ્રરૂપણાઃ અયથાર્થ પ્રરૂપણાના ભાગીદાર બનાવીને તે જીવોને, અને બીજા જીવોને અનર્થનું કારણ બને, એ ભયંકર વસ્તુસ્થિતિ તરફ આર્ય પુરુષોનો પુણ્યપ્રકોપ હોય છે. વ્યક્તિ તરફ દ્વેષનું કારણ નથી હોતું. કેમકે–તે તો તેમના કર્માનુસાર ફળ ભોગવી શકે છે. પરંતુ, માર્ગનો લોપઃ દેવતત્ત્વની આશાતનાઃ તેની વિરાધનાનો પ્રચારઃ એ મોટામાં મોટો અનર્થ જગત્‌માં ઉભો રહે છે, તે મોટામાં મોટું નુકશાન જગત્‌ને થાય છે.

**જિને**શ્વર દેવની મૂર્તિ અને તેની પૂજાના વિરોધની પાછળ કોઇ પણ યુક્તિયુકત દલીલ કે મજબુત ઉપપત્તિ હજી સુધી રજુજ થઇ નથી. છુટા છવાયા શાસ્ત્ર પ્રમાણોઃ અને ઐતિહાસિક પ્રમાણોઃની પ્રામાણિક-સરળતા તોડવાનું હૃદયથી સર્વથા અશકય છતાં, તેને હાલમાં બાજુએ રાખીને વિચાર કરીયે, તો પણ જિન મંદિર અને જિન મૂર્તિની પૂજાનો વિરોધ કોઇપણ રીતે બુદ્ધિ ગ્રાહ્ય કરી શકાય તેમ નથી. જો તીર્થંકર દેવને ત્રિલોકપૂજ્ય તરીકે સ્વીકારતા હોય, [ જેઓ તીર્થંકર દેવોને માનતા ન હોય તેની સાથે ચર્ચા બીજી રીતે થઈ શકે. તે ચર્ચાને અહીં આ સ્થળે સ્થાન નથી. ] જિન મૂર્તિપૂજાનો વિરોધ કરનારા ભાઇઓને ક્ષણવાર શાંત ચિત્ત કરીને જવાબ આપવા વિનંતિ કરીયે, કે–“ જિન મૂર્તિપૂજા સામે, આપનો વિરોધ કયા મુદ્દાના આધાર ઉપર છે ? તે સમજાવો.”

આ પ્રશ્નનો અમારી સમજ મુજબ તેમની પાસે કોઈપણ મજબુત અને મૌલિક ઉત્તરજ નથી.

તેમના મુખ્ય ઉત્તરોનો સમાવેશ નીચેના ઉત્તરોમાં થઇ જાય છે.

૧. (૧) મૂર્તિપૂજા કરવા કરતાં ભગવાનની આજ્ઞાનું પાલન કરી દેશ વિરતિઃ સર્વ વિરતિઃનું પાલન કરવું. તે ભાવપૂજા ખાસ પ્રધાન છેઃ માટે તેજ આદરણીય છે.

(૨) જડની પૂજા ચેતન કેમ કરે? જડથી ચેતનને શો લાભ થાય?

(૩) દ્રવ્યપૂજામાં હિંસા થાય છે. ધર્માર્થ કામમાટે પણ હિંસા વર્જવાની શાસ્ત્રોમાં કહી છે.

(૪) હિંસામાંયે ધર્મ હોય, તો યજ્ઞમાં ધર્મ ખાતર થતી હિંસામાં અને ધર્મ ખાતર જિનપૂજામાં થતી હિંસામાં ફરક શો?

(૫) મૂર્તિ અને મંદિરના નિર્માણમાં પણ હિંસા થાય છે.

(૬) કોઇ જીવ આરંભ સમારંભનો ત્યાગ કરી સ્થાવર જીવોની હિંસાનો પણ સહજ રીતેજ ત્યાગી હોય, અને સંયમી જીવનમાં સહજ રીતે રહેતો હોય, તો શું તેવાએ પણ પ્રભુપૂજા ખાતર હિંસા કરવી? ધર્મમાં હિંસા કરીને આડંબર શા માટે?

(૭) જિનપૂજામાં ધર્મ હોય, તો પછી જૈન મુનિઓ શા માટે બીજા સંન્યાસીઓ વિગેરેની જેમ દેવપૂજા કરતા નથી?

(૮) જિન મૂર્તિ પૂજા જૈન ધર્મના ઉપદેશમાંની વસ્તુ નથી. પણ પાછળથી દાખલ થયેલી વસ્તુ છે. આગમોમાંથી તેના જે ઉલ્લેખો રજુ કરવામાં આવે છે, તેના અર્થ જુદા છે. અથવા તે ભાગો પ્રક્ષેપ રૂપ છે.

(૯) અમે ચારેય નિક્ષેપા માનીએ છીએ. અરિહંતના ચારેય નિક્ષેપા માનીયે છીએ. પરંતુ મૂર્તિપૂજાથી વીતરાગ અરિહંત દેવને દ્રવ્ય પૂજા ઘટતી નથી. તેમજ તેમાં હિંસા વિગેરે પ્રત્યક્ષ દેખાય છે. તેથી એ ઘટના જોતાંજ અમારૂં વીતરાગ ભાવને પૂજતું અને અહિંસક હૃદય ખળભળી ઉઠે છે.

બસ, મુખ્ય મુખ્ય દલીલો ઉપર આવી જાય છે. અમારી ઇચ્છા અહીં કોઇપણ પ્રકારની ચર્ચા કરવાની નથી. પરંતુ, એ દરેક દલીલની સામેની દિશાની તાત્ત્વિક વિચારણા રજુ કરવી જરૂરની છે.

૧. ભગવાનની આજ્ઞા પાળવાનો નિષેધ કરવામાં નથી આવતો. તે પણ એક પ્રકારની જિનપૂજા છે. તે સિવાયની બીજી જિનપૂજા પણ તાત્ત્વિક હોય, તો તેનો નિષેધ કેમ કરી શકાય ? એકનો નિષેધ કરવા બીજાને આગળ ન ધરી શકાય. કેવળ ભાવ પૂજામાં જે લીન થાય, કે હોય, તેને માટે દ્રવ્ય પૂજાની ફરજ કોઇ પાડતું નથી, પરંતુ દ્રવ્યપૂજાને લાયક જીવો માટે પણ તેને આશ્રવની કરણી સમજાવવામાં અસત્ય પ્રરૂપણાનો દોષ સ્પષ્ટ રીતે લાગેજ છે.

૨. શરીરઃ ધાર્મિક ઉપકરણોઃ ઉપાશ્રય: વિગેરે જડ છે, છતાં રત્નત્રયીની આરાધનામાં તેનો યોગ્ય ઉપયોગ થઈ શકે તેવી વ્યવસ્થાથી, જડથી ચેતનને પણ લાભ થાય છે. જિનેશ્વર દેવના સમવસરણાદિક, અષ્ટ મહાપ્રતિહાર્યો: વિગેરે પ્રધાનતાએ પુદ્ગલમય હોય છે. છતાં તે લોકોત્તર ઉપકાર કરી શકે છે, અને તેથી મુનિના મોક્ષ અને તીર્થંકરના નિર્વાણબાદ પણ તેમના જડ શરીરની ભક્તિ માનવો અને દેવો કરે છે. શા માટે ? તેમાં તાત્ત્વિક કઈ દલીલ છે ? જડ જેમ સંસારમાં રખડાવે છે, તેમ તેનો સદુપયોગ અમુક અવસ્થા સુધી મોક્ષનું કારણ પણ બને છે. તે વસ્તુનો અપલાપ કરવાથી સત્યને હાની થાય, તે સ્પષ્ટજ છે. "સર્વ જડ પદાર્થો સંસારનાજ એકાંતથી કારણ રૂપ છે" એમ માનવું શું જૈનશૈલિ સાથે સંગત છે ?

૩, દ્રવ્યપૂજામાં હિંસા થાય છે. તે વાત સાચી છે. પણ તેમાં હિંસા પ્રધાન વસ્તુ નથી. હિંસા અનિવાર્ય છે. પ્રધાન વસ્તુ રત્નત્રયીની તેના મૂળ કારણ દેવતત્ત્વની આરાધના છે.

જગતમાં એવી કોઇપણ જૈન ધાર્મિક ક્રિયા નથી કે: જેમાં કોઇને કોઇ રીતે સ્વરૂપ હિંસા ન થતી હોય. મુનિવંદનઃ ઉપાશ્રય નિર્માણ: ધર્મક્રિયા કરવા જવું: મુનિની સામે જવું: સાધર્મિક વાત્સલ્યઃ પ્રતિક્રમણાદિક અનુષ્ઠાનઃ ઉપદેશદાનઃ વિગેરે દરેક ક્રિયામાં—સ્વરૂપ

હિંસા તો રહેલીજ છે: અરે! તીર્થંકરદેવપણે વિહાર: ઉપદેશ: વચનપ્રવૃત્તિ: વિગેરે કરે છે. તેમને પણ ઇર્યાપથી જેટલી પણ ક્રિયા લાગે છે.

તે સર્વનો એકજ બચાવ છે, કે–તેમાં રત્નત્રયીની આરાધના પ્રધાન હોય છે. હિંસાનો ઉદ્દેશ નથી હોતો.

આથી હિંસા અહિંસાનો મુખ્ય જૈન સિદ્ધાંત એ છે કે, રત્ન-ત્રયીની સાધક પ્રવૃત્તિમાં થતી હિંસા કે અહિંસા પણ અહિંસા છે. અને રત્નત્રયીની વિરાધક કે તેથી નિરપેક્ષ પ્રવૃત્તિમાં થતી હિંસા કે અહિંસા પણ હિંસા છે, એજ પ્રમાણે સત્ય અને અસત્ય વિષે પણ સમજવાનું છે.

રત્નત્રયીની આરાધના એ વિશ્વમાં મહા અહિંસા છે. મહા સત્ય છે. સમ્યક્ત્વ રૂપ છે. હિંસા કરતાં મિથ્યાત્વનો જૈન ધર્મમાં મોટામાં મોટો દોષ ગણાવેલો છે: તેથી મિથ્યાત્વયુકત અહિંસા પણ હિંસા છે. અને સમ્યક્દ્દષ્ટિના આધારે કરાયેલી હિંસા પણ અહિંસા બને છે. આ જૈન શાસનનું રહસ્ય આપણે જો ખ્યાલમાં નહીં રાખીયે, તો ઠામઠામ જૈન દર્શનને વાંધો આવ્યા વિના રહેશે નહીં એટલે–જિનપૂજામાં હિંસા અહિંસાની વાત આગળ કરવી તે જૈન શૈલી સાથે સંગત નથી.

અવિરતિ જીવ અવિરતિમાં પડેલો છે. હિંસાદિક કરવાનોજ છે. તે–જિનપૂજાથી ભાવનો લાભ વધુ પડતો ઉઠાવે છે. તેનાથી તેને વંચિત શા માટે રાખવો? કેમકે, જિનેશ્વર દેવના પ્રતિમાજી પાસે જઇને તેટલો વખત દાન: શીયલ: તપ: અને ભાવ:માં અનાયાસે જ થોડો ઘણો તે પલોટાવાનો છે. તે લાભથી તેને વંચિત શા માટે રાખવો? દેશવિરતિ અને સર્વ વિરતિની દ્રવ્યપૂજાને ક્ષણભર બાજુએ રાખીયે. અવિરતિ જીવને જિનપૂજા કરતાં કયા કારણે રોકવો? ત્યાં હિંસાની દલીલ ચાલી શકે તેમ નથી. જિનેશ્વર દેવનું કોઇપણ પ્રકારનું સાન્નિધ્ય દોષરૂપ હોય, તોજ તેમાં દોષ કાઢી શકાય. નહીંતર, બીજી કોઇપણ દલીલજ નથી. શ્રી વિપાક

સૂત્રમાં ધર્માર્થ હિંસાનો નિષેધ છે. તે લૌકિક ધર્મને ઉદ્દેશીને છે. લોકોત્તર ધર્મને ઉદ્દેશીને નથી ત્યાં ચૈત્ય દેવકુકુલ વિગેરે લોકોત્તર સમજવાના છે.

૪. યજ્ઞાદિકનો દાખલો આપવો નકામો છેઃ કેમકે=યજ્ઞાદિકમાં-સ્વર્ગાદિક સાંસારિક હેતુ છે. તેમાંના આરાધ્ય દેવો સાંસારિક અવસ્થાના છે. તેનું સ્થાન તીર્થંકર દેવ જેવું ઉચ્ચ નથી, માટે તે દાખલોજ ખોટો છે. તે દાખલો આપતી વખતે તીર્થંકર દેવની મહત્તા ભૂલી જવામાં આવે છે, યાતો ખ્યાલ બહાર રહી જાય છે. તે વખતે કોઇ એવો પણ દાખલો આપે, કે "બીજા કુગુરુઓને દાન વિગેરે આપવાથી તે નિષ્ફળ જાય છે, યાતો અનર્થના કારણભૂત બને છે, માટે-સુગુરુઓ પણ તેમના જેવા માણસોજ છે, અને તેઓ પણ દાનનો ઉપયોગ આહાર વિગેરેમાં કરે છે, અને તેનું પરિણામ નિહાર વિગેરેમાં તેમની જેમજ આવે છે. માટે-સુગુરુઓને પણ દાન ન દેવું." આ દલીલ યજ્ઞાદિકની દલીલ જેવીજ છે. સુગુરુ અને સુદેવની મહાપાત્રતાને ભૂલીનેજ આવી દલીલ થઇ શકે.

**संसारिषु हि देवेषु भक्तिस्तद् काय-गामिनाम् ।**
**तद-ऽतीतेषु पुनस्तत्त्वे तद-ऽतीता-ऽर्थ-यायिनाम् ॥ १०९**

**योगदृष्टिसमुच्चय.**

**અર્થ**: "સાંસારિક દેવોમાં ભક્તિ સાંસારિક કાયામાં જનારાઓથી થાય છે, અને સંસારથી અતીત થયેલા દેવો ઉપર સંસારરહિતપણાને લીધે ભક્તિ સંસારથી રહિત થવાની ઇચ્છાવાળાઓને થાય છે," ૧૦૯

**માટે**-જિનપૂજાની સામે-યજ્ઞ-હોમ-હવનઃ દેવ દેવી સામેના બલિદાન વિગેરેના દૃષ્ટાંતો પકડવા, એ સર્વથા અનુચિત ને કુયુકિત છે.

**અને** ભાવપ્રધાનતાએ સ્વરૂપ હિંસાનો પણ નિષેધ કરવા જતાં તમામ ધર્મ કાર્યો રોકી દેવા પડશેઃ તેનો જરા સૂક્ષ્મદષ્ટિથી જૈન હૃદયે વિચાર કરીનેજ આવી દલીલો કરવી જોઇએ. બાળ જીવો કદાચ તેવી દલીલોથી મુંઝાય અને જવાબ ન આપી શકે, તો તેનાથી રાચવું તે પણ મહા અનર્થનું કારણ થઇ પડે.

**૫**, મૂર્તિ અને મંદીરના નિર્માણમાં હિંસા થાય છે. પણ ઉપાશ્રય બંધાવવામાં કે વિહારમાં હિંસા થાય ? કે નહી ? શ્રાવકને દીક્ષા આપવામાં, દેવા જવામાં યત્કિંચિત્ પણ હિંસા થાય છે કે નહીં ? તો તેનો પણ ત્યાગ કેમ ન કરવો ?

ચૈત્ય એ જગત્‌ના જીવોને શિક્ષણ આપનારી અને સાંસ્કૃતિક જીવનમાં મદદ કરનારી નિશાળો વિગેરે સંસ્થાઓ કરતાં પણ સવિશેષે ધર્મમાં પ્રેરક સંસ્થા છે. તેથી તેનું શહેરમાંઃ ગામડામાંઃ કે અન્યત્ર બીજી કોઈપણ દુન્યવી સંસ્થાઓ કરતાં સર્વોપરિ સ્થાન બહુજ મહત્ત્વની વસ્તુ છે. અને તે મુંગું મુંગું પણ અનેકવિધ ઉપદેશ આપે છે–ગુરુના અભાવમાં પણ તે ધર્મમાં સ્થિર રાખે છેઃ

દેવની ધ્યાનસ્થ મુદ્રા હંમેશાં ધર્મની પ્રેરણા આપ્યા વિના નજ રહે. પાપથી મનને ડરતું રાખે છે. જિનેશ્વર દેવ તરફની ભક્તિ હોય, તો મૂર્તિ અને મંદિર તરફ ભક્તિ થાયજ.

પ્રેમીને–પ્રેમીની છબીઃ કાગળઃ કે કપડાનો કકડો પણ–પ્રેમનું કારણ થઈ પડે છે. તે પ્રમાણે, જો જિનેશ્વર દેવ ઉપર ભક્તિ હોય તો તેના મંદિર અને મૂર્તિ ઉપર ભક્તિ થવીજ જોઇએ.

તેમનું યશઃ શરીર જગત્‌માં ત્રણેય કાળ લોકોત્તર ઉપકાર કરી રહેલ છે. તેનો સત્કાર કરવાની ઇચ્છાવાળાના હાથમાં તે આવતું નથી. એટલે, મૂર્તિઃ અને મંદિરઃ તેઓશ્રીનો સત્કાર કરવાના બાહ્ય પ્રતીકરૂપે પણ જગત્‌માં અસ્તિત્વ ધરાવે, તે નયોયુક્ત જૈન શૈલીથી સંગત છે. મૂર્તિ અને મંદિરના નિર્માણમાં હિંસાની ઉધાર બાજુ, તીર્થંકર દેવની લોકોત્તર ભક્તિથી થતી લાખો જીવોની ભાવનાથી નિર્જરા જમા બાજુના કોઇપણ હિસાબમાં નથી હોતી.

જેમ, હૃદયમાંની સાંસારિક સુખ ભોગવવાની ઇચ્છા–મકાનઃ મહેલઃ બગીચાઃ દાગીનાઃ કપડાઃ વાહનઃ વિગેરે સુખસગવડના સાધન રૂપે મૂર્તિમાન્ બને છે, અને એ મારફત ઇચ્છા સંતોષાય છે. અંદરની ઇચ્છા એ રૂપે બાહ્ય આકાર ધારણ કરે છે. તે મુજબ–રત્નત્રયી–શાશ્વત્–અશાશ્વત્ મંદિર અને મૂર્તિ રૂપે બાહ્ય આકાર

ધારણ કરીને જગત્‌ની સામે એક પડકાર રૂપ ચીજ ખડી છે. મોક્ષમાર્ગ જગત્‌માં પોતાના અસ્તિત્વ રૂપે એ જાતનો બાહ્ય આકાર ધારણ કરે છે. જેમ સંસારનો પ્રપંચ વિવિધ જગજીવોને પોતાના પ્રપંચોમાં ફસાવવા માટે અનાદિ કાળથી ફેલાયેલો છે. તે પ્રમાણે–તે પ્રપંચોમાંથી છોડાવવા માટે રત્નત્રયી રૂપ મોક્ષ માર્ગનો અનેકવિધ પ્રપંચ પણ અનાદિકાળથી વ્યાપક છે. મોક્ષની ઇચ્છાથી જિનેશ્વર દેવને દેવ તરીકે સ્વીકાર્યા, ત્યારથી તેમની પૂજા થઇ ચૂકે છે. પરંતુ તેમની ભક્તિ માટે રોજ દ્રવ્યોથીઃ ભાવથી ભક્તિપૂજા–આરાધના કરવામાં આવે છે. આ મુખ્ય રહસ્ય છે. માટે તેનો વિરોધ અતિ મહા અધર્મ બની જાય છે.

૬. સ્વભાવથી આરંભ સમારંભના ત્યાગી--સ્થાવર જીવની હિંસાની પણ વિરતિવાળા જીવને માટે–દ્રવ્ય સ્તવની ફરજ નથી. જેમ મુનિને પણ નથી, તેમ તેના ઉપર પણ ફરજ નથી. પણ આવી વાત આગળ કરીને કોઇ દ્રવ્ય સ્તવનો નિષેધ સ્થાપિત કરવા માંગે, તો તે અનુચિત છે. કેમકે–તો તો પછી, "મુનિ વહોરવા આવે, ત્યારે મુનિને વહોરાવવામાં કાંઈને કાંઇ હિંસા થવાનીજ છે, તો તે વખતે કોઇ જીવ સામાયિક લઇને બેસે, તો મુનિને વહોરાવવા કરતાં વધારે લાભ ખરો કે નહીં ? માટે સામાયિકમાં વધારે લાભ હોવાથી મુનિદાન વખતે સામાયિક કરીને વધારે લાભ શા માટે ન મેળવો ? અને તેથી મુનિને દાન ન આપવું." આ દલીલ જેવી ઉપરની દલીલ છે. સર્વ જીવો સામાયિક લઈને બેસતા નથી. તે સ્થિતિમાં તેમને મુનિદાન વિગેરે વિવિધ ધર્મ કરણીઓ પણ લાભનું કારણ થાય છે. અને બધાય સહજ રીતે સામાયિક કરનારાજ નીકળી આવે, તો ભલે મુનિને દાન ન મળે. તે આટલું વાંધાભર્યું નથી. તેમ બધા એવા ત્યાગી નીકળી આવે, તો ભલે જિન પ્રતિમાની પૂજા ન થાય, તેમાં એટલો વાંધો નથી, પણ એમ બનવુંઃ એ સર્વ પ્રકારના પાત્રો માટે અશકય અને અસંભવિત છે. એવા આરંભના સર્વથા ત્યાગી અને સ્થાવરની પણ હિંસાથી સહજ રીતે દૂર રહેવા ઈચ્છતા જીવો તથા મુનિઓ ભલે દ્રવ્યપૂજા

ન કરે, પરંતુ તેમને ભાવપૂજા તો કરવીજ જોઇએ. તોજ તીર્થંકર પરમાત્માનું સતત સાન્નિધ્ય રહી શકે. તેથી તેમની ભાવપૂજામાં પ્રબળ નિમિત્ત માટે પણ મંદિર અને મૂર્તિની આવશ્યકતા તો ઉભીજ રહે છે.

એક તરફથી ગૃહસ્થ ઘર કરાવે છે, દુકાન કરાવે છે, લગ્નાદિક કરાવે છે, પોતાના ભોગોપભોગ માટે અનેક પ્રકારના આરંભ સમારંભ કરતા હોય છે, તેને માટે જિનપૂજામાં આરંભ સમારંભની વાત આગળ કરવી યુક્તિ સંગત નથી અને તેમના હિતથી વિરુદ્ધ છે. તેમને માટે તો તે બીજા આરંભ સમારંભ કરતાં સદારંભ હોવાથી સવિશેષે જિનપૂજા વિધેય ઠરે છે.

૭. મુનિઓ પાસે દ્રવ્ય નથી, તેથી તેઓ દ્રવ્યથી દ્રવ્યપૂજા કરી શકતા નથી. તેથી તેમને માટે મુખ્યપણે ભાવપૂજા છે, છતાં–દ્રવ્યો સિવાયની પણ દ્રવ્યપૂજા તેમને પણ કરવાની હોયજ છે. મંદિર જવું: પ્રણામ કરવા: પ્રદક્ષિણા દેવી: પ્રસંગે વાસક્ષેપ કરવો: જિન પ્રતિમાને સામે રાખીને ધ્યાનાદિક કરવા: કાયોત્સર્ગ કરવો: વંદના કરવી: નમુત્થુણં આદિ સૂત્ર પાઠોનો ઉચ્ચાર કરવો: જિન મુદ્રાદિક મુદ્રા ધારણ કરવી: એ વિગેરેમાં કેવળ ભાવજ નથી હોતો, દ્રવ્ય પણ હોય છે.

બાહ્ય પ્રવૃત્તિ પણ એક જાતની દ્રવ્યપૂજા છે. તેથી એ રીતની દ્રવ્યપૂજા મુનિઓને પણ ફરજીઆત છે. હેતુ માત્ર એકજ કે જ્યાં સુધી તથાપ્રકારની આધ્યાત્મિક પરિસ્થિતિ ન થાય, ત્યાં સુધી તીર્થંકર દેવનું સાન્નિધ્ય રાખવુંજ જોઇએ અને તીર્થંકર દેવનો લોકોત્તર વિનય તો કેવળી ભગવંતો પણ પ્રદક્ષિણાદિકથી કરે છે. મુનિઓ માટે એ જાતની ફરજ છે, તો પછી સમ્યક્ત્વધારી અને દેશવિરતિ માટે તો પૂછવુંજ શું ? દેશવિરતિ દેશથી વિરત છે. બાકીના ભાગમાં અવિરત છે. તો પછી જિન- પૂજામાં તે હિંસાદિકની વાત આગળ કેમજ કરી શકે ? ગિ ગમોમાં શાશ્વતઃ અશાશ્વતઃ જિન ચૈત્યોને મુનિની ૯

વિસ્તારથી અધિકારો આવે છે. વંદના પણ એક જાતની દ્રવ્ય ક્રિયા છે. ભાવયુકત હોવાથી તે વિહિત વસ્તુ છે.

૮, "જિન મૂર્તિપૂજા પાછળથી દાખલ થયેલી છે–" એવી વાતો કરવાથી, અને આગમોના શબ્દોના અર્થો ફેરવવાથી, યા પ્રક્ષેપ માનવાથી આખું આગમોનું પ્રામાણ્યજ ઉઠી જશેઃ જુદા જુદા મત કાઢનારા દરેક બાબતમાં એવીજ દલીલો કરશે, તો પછી આગમ–પ્રામાણ્યજ તદ્દન આવું પાંગળું બની જશે.

**અર્થોઃ** જે સંગત રીતે થતા હોય, તે કરવા જોઇએ. જિન–પડિમા શબ્દ હોય, ત્યાં **જન–પડિમા** એટલે "જનની મૂર્તિની પૂજા–"એવા એવા અર્થ કરીને આગમોની આશતના ન કરવી જોઇએ.

**આગમ** પ્રામાણ્યના વિશાળ પ્રશ્નમાં અમે આ સ્થળે ઉતારી વિસ્તાર કરવા નથી ઇચ્છતા, પણ પૂર્વાચાર્યોએ તેના સંબંધમાં ઘણા પ્રમાણભૂત વિધાનો કર્યા છે. તેમાં પ્રામાણિકપણે અને જિજ્ઞાસુ બુદ્ધિથી ઉંડે ઉતરનારને સત્યાંશ જણાય તેમ છે.

**ચિ**તા ઉપરના સ્મારકો તે ચૈત્યોઃ આવા કલ્પિત અર્થમાં કશુંયે તથ્યાંશ નથી. જિનઘર, જિનપડિમા–ત્યાં ચૈત્ય શબ્દ નથી, ત્યાં ચિતા ઉપરનું સ્મારક અર્થ કયાંથી કાઢવામાં આવશે ? **ભરત મહારાજાએ સિંહનિષદ્યા** પ્રાસાદ કરાવ્યાની વાતમાં ચિતા કયાંથી કાઢવામાં આવશે ? ચૈત્યનો અર્થ જ્ઞાનજ કરવો. એ પણ ભાષાશાસ્ત્ર અને યુક્તિ સંગત નથી. છાતી ઉપર હાથ મૂકીને પ્રામાણિકપણે બોલે ચૈત્યનો જ્ઞાન અર્થ સર્વત્ર યોગ્ય છે ?

**અ**ગિઆર અંગમાંથી કાઢી બતાવવાની વાત પણ માનવા જેવી નથી, કેમકે અગિઆર અંગ સિવાયના બીજા આગમોને અપ્રમાણ માનવા બત્રીશ સૂત્ર માનનારાઓ પણ કેવી રીતે તૈયાર થાય તેમ છે ?

"**અ**ગિઆર અંગોજ પ્રમાણભૂત" એમ માની માત્ર જૈનધર્મના મૂળ-ભૂત અંગોનેજ પ્રમાણભૂત માનનારાઓની વાત ઉપર આધાર રાખવા જતાં બીજા આગમોનું અપ્રામાણ્ય આપોઆપ સ્વીકૃત થઇ જવાનો

મહાદોષ કેમ જોઇ શકાતો નથી? આ સ્થળે એટલુંજ કહેવાનું રહે છે, કે–ખંડન મંડનની બુદ્ધિ વિના આગમોના પાઠો ઉપર વિચારણા કરવાથી જિનમંદિર અને જિનમૂર્તિ અને તેની પૂજાના જૈનશાસ્ત્રસંમતપણામાં કશી શંકા રહેવા પામે તેમ નથી. તર્ક કુતર્કથી તો કોઇ વાત સ્થિર થાયજ નહીં. આગમો સિવાયના શાસ્ત્રો પણ પરંપરાગત બાબતોના સંગ્રહરૂપ છે. ઉપરાંત, જે કેટલોક ભાગ નષ્ટ થયો છે. તેમાંના કોઇ કોઈ ઉતારા રૂપે બચી જવા પામેલા ભાગોને પણ અપ્રમાણિક માનવા, એ આગમોની–દ્વાદશાંગીની એક પ્રકારની આશાતના છે. અલબત્ત કાળદોષે કાંઇ ખામીઓ આવી હોય, છતાં–પૂર્વના આચાર્યોએ તે ન રહેવા પામે, તેને માટે પૂરતી કાળજી રાખી છે. પૂરતા ભોગો આપ્યા છે, અને જેમ બને તેમ સાંગોપાંગ ટકાવવા મહેનત કરી છે. તે પ્રામાણિક પ્રયત્નો તરફ દુર્લક્ષ્ય કરીને–પૂર્વોમાંથી કે દ્વાદશાંગીમાંથી બીજા ગ્રંથોમાં, અને તે અવિદ્યમાન હોવા છતાં, તેના ઉતારા કે ફકરા પૂર્વાચાર્યોના વર્તમાન ગ્રંથોમાં હોય, તેને ધ્યાનમાં ન લેવા, તેમાં શું દ્વાદશાંગીની આશાતના નથી જણાતી? જૈનેતર ગમે તેમ બોલે, પણ જૈને બોલવામાં બહુ વિચાર કરવાનો હોય છે. પાશ્ચાત્ય સંશોધકો ભારતના બધા સાહિત્યને અપ્રામાણિક અને અસ્તવ્યસ્ત ઠરાવે, હાલના સંજોગોમાં અનાદરણીય અને અનાચરણીય કે અણબંધબેસતું ઠરાવે, અને તે ખાતર ગમે તેવા વિરોધિ પ્રશ્નો ખડા કરે, ગમે તેવા ઉલટા સુલટા વિધાનો જાહેર કરે, ગમે તેવા પરસ્પર વિરોધ બતાવે, તેના ઉપર ધ્યાન આપીને આપણાથી શ્રી આગમોનો થોડો ત્યાગ કરી શકાવાનો છે? આજના સંશોધકોના એક દેશી અને અનાધ્યાત્મિક વલણ તથા પ્રાચીન તરફના અણુ-ગમામાંથી થતા વિધાનોને સ્થાન આપીને, એકાદ બે પોતાના પક્ષની વાતો મજબુત કરવામાં આવે, તેથી આગમો ઉપરના હુમલાને સ્વીકારવા બરાબર થાય છે. એ અમારા મૂર્તિપૂજાનો વિરોધ કરનારા ભાઇઓના ધ્યાનમાં નથી રહેતું. એ શું સામાન્ય ખેદની વાત છે? આગમ ગયા તો જૈનશાસન બંધ.

**પૂર્વો:** અને દ્વાદશાંગી:માંથી ઉતરી આવેલી ઘણી કથાઓની ઘણી ઘટનાઓ જિન મૂર્તિપૂજા સાથે સંકળાયેલી છે. તે ઘટના બીજી રીતે ઘટતીજ નથી હોતી, તે કથાઓ વર્તમાન આગમોમાં ન હોય, તે ઉપરથી તેને આપણે કેમ ન માનવી? એટલે જૈન શાસ્ત્રને માન્ય ઐતિહાસિક પૂરાવા કે બીજા ઘણા પૂરાવા જિનમૂર્તિ પૂજાને પુષ્ટ કરનારા જૈન વાઙ્મયમાં મોજુદ છે. તેનો જૈનદૃષ્ટિથી તુલનાત્મક વિચાર કરવો જોઇએ. પ્રાચીન કાળમાં મૂર્તિપૂજા ન માનનાર કોઇ સંપ્રદાય હોવાનો સ્પષ્ટ પૂરાવો કોઇ આપતું નથી. શિષ્ય બુદ્ધિને વિશદ કરવા એવા સવાલ જવાબો હોય, તેટલા ઉપરથી તેવો સંપ્રદાય હોવાનું માનવું, એ અતિકલ્પના છે, અને કદાચ તેવો કોઇ એકાદ સંપ્રદાય હોય, તેથી મૂળ દર્શનને કઇ ક્ષતિ થાય? પૂજામાં હિંસા જણાતી હોય તો, દર્શન, વંદન માટે જિન મંદિર અને જિન મૂર્તિના વિધાનનો તમારા શ્રાવકોને ઉપદેશ કેમ આપવામાં આવતો નથી?

**દ્રવ્ય** નિક્ષેપો પૂજ્ય માનવામાં આવતો હોય, તો તીર્થંકર પરમાત્માની કલ્યાણક ભૂમિઓના દર્શન–સ્પર્શન–યાત્રા–નો નિષેધ શા માટે? તેનો જાહેરમાં વ્યાપક ખુલ્લો ઉપદેશ કેમ નહીં?

**મૂર્તિ** અને મંદિર જડ હોય, તો નામ પણ જડ છે. જડ નામ સાથે તીર્થંકરના પવિત્ર આત્માનો શો સંબંધ? નામ લેવાથી તીર્થંકરના આત્મા સાથે નામ ક્યાં ચોંટેલું હોય છે?

**૨૪** માંના એકેય ભાવ તીર્થંકર તો વર્તમાનકાળે વિદ્યમાન નથી. નિક્ષેપા સિવાય તેની ભક્તિ શકયજ નથી. મોક્ષમાં તેઓ ગયા છે, એટલે દ્રવ્ય તીર્થંકર છે. સિદ્ધ તરીકે ભલે ભાવસિદ્ધ હોય, અને **નમોસિદ્ધાણં** પદમાં તેને નમસ્કાર કરાશે, પણ તીર્થંકર તરીકે તો, નમસ્કાર કરી શકાશેજ નહી, એટલે દ્રવ્ય નિક્ષેપો તો માનવોજ પડશે. તો પછી તેમની કલ્યાણક ભૂમિઓને શા માટે ક્ષેત્રથી દ્રવ્યનિક્ષેપે ન માનવી? સત્કારવી? કાળથી દ્રવ્યનિક્ષેપે કલ્યાણક દિવસો પૂજ્ય માનવા છતાં કલ્યાણક ભૂમિઓ પૂજ્ય

કેમ ન માનવી? નામ અને દ્રવ્ય માનવામાં આવે, તો, સ્થાપનાએ શો ગુન્હો કર્યો? આનો કોઇ પ્રામાણિક ઉત્તર નથી. શ્રી વિપાક-સૂત્રમાં આશ્રવદ્વારમાં ધર્મસ્થાનો લૌકિક લીધા છે લોકોત્તર નથી. એ પૂર્વાચાર્યોએ સ્પષ્ટ કર્યું છે.

**એ**કલા ભાવનેજ માનવામાં આવે. તો ભાવ નિક્ષેપે ૨૪ તીર્થંકરો આજે નથી. તેની ભક્તિ સર્વથા ઉઠી જશે, તીર્થંકર ભગવંતોની હાજરીમાં પણ–ક્ષેત્રાન્તરની અપેક્ષાએ. ત્રિ–સંધ્યાની ભક્તિની અપેક્ષાએ મૂર્તિ અને મંદિરની આવશ્યકતા ઉભી રહે છે. તો તેમની ગેરહાજરીમાં તો કેટલી આવશ્યકતા રહે? તે સહેજે સમજાય તેવી બાબત છે. **લોગસ્સ**માં–નામઃ અને દ્રવ્યઃ નિક્ષેપો તો ગોઠવાયેલજ છે. ભાવ નિક્ષેપો અપિ શબ્દથી વિહરમાન તીર્થંકર દેવો વિષે ગોઠવાયેલ છે. ત્યારે "માત્ર સ્થાપના નિક્ષેપો તીર્થંકર પ્રભુનો ન માનવો." એવો સ્પષ્ટ નિષેધ આગમોમાં કયાંય છે? તેને બદલે કોઈ પણ અંશે–મૂર્તિ અને મંદિરના પ્રતિપાદક પાઠો આગમોમાં મળે છે. આ રીતે પણ વિરોધનું કાંઈપણ મજબુત કારણ જણાતું નથી.

**મૂ**ર્તિપૂજામાં ન માનનાર મુખ્ય એવા દેવતત્ત્વનું દિવસમાં ઘણું સાન્નિધ્ય રાખી શકતો નથી. ત્યારે મૂર્તિપૂજક સાધકને સામે આખા દિવસમાં મૂર્તિને લીધે પ્રભુસ્મરણ ગુણજ્ઞાન–સ્તવન વિગેરે અનેક પ્રસંગો ઉભા થાય છે. એક મૂર્તિથીઃ બીજો તે વિના પ્રભુ સ્મરણ કરે છે. પણ મૂર્તિના આલંબનવાળા વધુ વખત સ્મરણ કરી શકે છે. માત્ર તે એટલી બધી નિર્જરાનું તેનાથી નિમિત્ત પામે છે. જેથી મૂર્તિ બનાવવામાં થયેલી હિંસા દેવતત્ત્વના આરા-ધનની અપેક્ષાએ કયાંય તણાઇ જાય. અને તે એકજ મૂર્તિ બીજા લાખો જીવોને ઇચ્છાએ કે અનિચ્છાએ પણ પ્રભુસ્મરણ ગુણ-જ્ઞાનનું પ્રથક નિમિત્ત બને છે. આ દૃષ્ટિથી જિનપૂજામાં હિંસાનો વિચાર કેટલો ક્ષુદ્ર ભાસે છે?

**વી**તરાગ પ્રભુના ગુણ પણ શા માટે ગાવા? તે કયાં તેથી ખુશી

થવાના છે? શું તેના ગુણ ગાવા અને દોષ ન ગાવા? એ તેમની વીતરાગતાને બાધ કરતા નથી? સ્તુતિઃ ગુણગાનઃ સાંસારિક જીવના રાગી દ્વેષી હૃદયમાં તેમનું ધ્યાનઃ પણ તેમને રાગી દ્વેષી બનાવવા રૂપ નથી?

**પરંતુ** આ પ્રશ્નો જેમ નકામા છે, તેમ વીતરાગની પ્રતિમા પૂજામાં વીતરાગને રાગી બનાવવાની વાત કરવી નકામી છે. ભકત ભક્તિથી પોતાના આત્માના ઉદ્ધાર માટે ઉચિત સત્કારાદિક પ્રવૃત્તિ કરે છે, તે વીતરાગને રાગી બનાવવાની વાત સાથે અણુબંધ બેસતી છે. "હિંસા વિગેરે જોઈને હૃદય કંપે છે." તેનું કારણ તો પૂજાના વિરોધનો સતતરસ કારણભૂત હોય છે. પારમાર્થિક વિચાર આવ્યા પછી જિનમૂર્તિ પૂજાનો જરાપણ વિરોધ કરવો, તે હૃદયને કંપાવનારૂં થશે જ. કેમકે–તે સુદેવતત્ત્વનો વિરોધ મિથ્યાત્વનું કારણ બને છે. જિનમૂર્તિપૂજાના નિષેધમાં મિથ્યાત્વનો દોષ આવે છે. જૈનદર્શનમાં હિંસા કરતાં મિથ્યાત્વનો દોષ મોટો છે. સમ્યક્‌ત્વ ઉપર જૈનધર્મની આરાધનાઓની ઇમારત ખડી છે.

**ઓચ્છવ** મહોચ્છવ–વાજાં–આંગી–વરઘોડા વિગેરે શુક્લ પાક્ષિક મિથ્યાત્વી જીવોને, પણ પ્રભુની નિકટ લાવવાની યોજનાઓ છે. તે આડંબર નથી. રાજા જાહેર વ્યક્તિ હોવાથી તેના આગમન–નિર્ગમનના આડંબર થાય છે તે રીતે લોકોત્તર દેવ હોવાથી જિનેશ્વર દેવ તરફ આડંબર સર્વથા ઉચિતજ છે. **કોણિક** રાજાએ **પ્રભુમહાવીર** સ્વામિનું સામૈયું કેટલા આડંબરથી કરેલું હતું? આડંબરને નામે વિરોધ કરનારા જિનદેવ અને જૈનદર્શનની મહત્તાનું રહસ્ય સમજતા જ નથી હોતા. સદૈયા–કદૈયા–ભદૈયા કરતાં પણ જુદા કે ભાદ્રવામાં પણ ધર્મ તરફ વલણ ધરાવતા નથી હોતા, તેવા શુક્લ પાક્ષિક જીવોને પ્રભુમુદ્રાના દર્શન કરાવવા વરઘોડા પ્રચલિત છે, અને શુક્લ પાક્ષિક સિવાય, બીજા જીવો તે મુદ્રાના દર્શન પણ ન કરી શકે. એટલા દર્શનથી પણ જાતિ સ્મરણાદિક જ્ઞાનથી તેમને ભવિષ્યમાં ધર્મમાં પ્રગતિ થાય છે. **સ્વયંભૂ રમણ સમુદ્ર**ના માછલાં પણ સાધુ અને

જિનમૂર્તિના આકારના માછલાં જોઇને જાતિસ્મરણાદિકથી દેશ વિરતિપણું પાળતા થઇ જાય છે. વરઘોડા–ઓચ્છવ–મહોચ્છવ વિગેરે જૈન **બાળકિંનરગાર્ડન** કે જૈન મોંટીસોરી સમજવા જોઇએ. "ઘોડા ઉપર બેસીને પણ પ્રભુ ભક્તિના અંગની ક્રિયામાં પોતે ભાગ લે છે." એ ભાવના પણ પ્રભુ ભક્તિનું એક અંગ છે. મહોચ્છવોમાં સારા સારા કપડાં પહેરીને ધર્મસ્થાનમાં આવનારા બાળ જીવો એ રીતે પણ પર્વનું સન્માન કરીને તેમના તરફની ભક્તિ પ્રદર્શિત કરે છે. આવી સૂક્ષ્મ બાબતો તેની સાથે સંકળાએલી હોય છે. જૈન શૈલી બહુજ ગહન છે. સૂક્ષ્મ વિચાર વિના સમજાય તેવી નથી.

## તત્ત્વ–વિચાર–સુધા–રસ–ધારા
## ગુરુ–ગમ વિણુ કિમ પીજે રે ?

( ૨૧ મું સ્તવન ) ગાથા (૪) થી

**અમને** સહૃદયભાવે કહેવા દ્યો કે–આ દૃષ્ટિ સામે રાખીને શાંત ચિત્તથી વિચાર કરવાથી જિનમન્દિર અને મૂર્તિ વિષેનો વિરોધ ચિત્તમાંથી ઉઠી જશે, અને પછી તેજ બહુ વહાલા લાગશે.

**જુવાનીમાં** નાટક સિનેમા જોવા ગમે છે, તેટલા મોટી ઉંમરે નથી ગમતાં. કારણ કે–તદ્‌વિષયક માનસિક રસ હોતો નથી. તેજ પ્રમાણે જ્યાં સુધી તીર્થંકર દેવની લોકોત્તર મહત્તાઃ લોકોત્તર ઉપકારઃ અને તેના લોકોત્તર વિનયઃના દ્રવ્યઃક્ષેત્ર કાળઃભાવ પાત્રઃભેદે લાખો પ્રકાર છે. તેનો રસ જાગૃત્ નહીં થાય, ત્યાં સુધી તે પત્થરજ લાગશે–રસ જાગશે, ત્યારે તે–સાક્ષાત્ પરમાત્મા ભાસશે. બાળકને મન સો રૂપીઆની નોટ કે લાખ રૂપીઆની હુંડી કાગળનો કટકોજ છે. પરંતુ તેના ઉપરના સંસ્કારો અને તેની સાથે જોડાયેલા બીજા સંસ્કારો તથા સહી કરનારની જવાબદારી સાથે સંકળાયેલી સહીની કિંમત સમજનારની દૃષ્ટિમાં તો સો રૂપીઆ છે. લાખ રૂપીઆની હુંડી લાખ રૂપીઆ છે. તેજ પ્રમાણે, મૂર્તિ ભલે પાષાણુ કે એવા પદાર્થની હોય, પણ તેના ઉપર અંજનશલાકા

વિગેરેના થતા મહાન સંસ્કારોઃ અને જગત્‌ના સર્વ ઉત્તમ પદાર્થોની પાડવામાં આવતી છાપઃ વિગેરેથી તે જે અંશે પરમાત્મ સ્વરૂપ પામે છે તથા ચારિત્રઃ બ્રહ્મચર્યઃ તપોબળઃ ભક્તિ–તીર્થંકર દેવ તરફની ભકિતઃ વિગેરે આધ્યાત્મિક પીઠબળોથી થતી આચાર્યની વાસક્ષેપરૂપ સહી વિગેરે ક્રિયાથી તે પાષાણ કે પંચધાતુજ માત્ર નથી રહેતા. નહીંતર તો દીક્ષા આપવાથી હાડચામનો બનેલો માણસ ફરી જાય,, અને કાલનો જુગારી કે ચોર આજનો પૂજ્ય પદાર્થ બની જાય એ બનેજ કેમ? માટે સંસ્કાર પણ કાંઇક વિશેષતા ધરાવે છે. તે સ્વીકારીને આગળ ચાલવું જોઇએ. માત્ર દલીલોની ફેંકાફેંકી ન કરવી જોઇએ.

(જિન પ્રતિમા ને પૂજાના વિરોધની કેટલીક પુસ્તિકાઓ વાંચવામાં આવી છે. તથા કેટલાકની સાથે રૂબરૂમાં પણ વાતચીતનો પ્રસંગ બન્યો છે, ત્યારે તેમાં કોઇ પણ મુદ્દાની સચોટ અને વિચાર કરવા જેવી દલીલોજ જોવામાં આવી નથી. માત્ર ફેંકાફેંકી જેવી દલીલો જોવામાં આવી છે.

(જિન પ્રતિમા પૂજાનો એક તરફ વિરોધ કરવામાં આવતો હોય છે, અને તેથી કરીને સંવેગી મુનિઓના વિહારાદિકને અભાવે જૈન ધર્મના અનુયાયિઓ હોય, છતાં મોટો ભાગ જીવનવ્યવહારમાં આર્યસમાજ વિચાર ધારા કે ભૌતિકવાદની વિચારધારા તરફ દોરવાઇ રહ્યો જોવામાં આવે છે. સામાન્ય જીવોને ઉત્સવોઃ કે એવા પ્રસંગો પ્રિય હોય છે, તેથી કોઇને કોઇ એવા નિમિત્ત ઉભા કરે છે. પછી શિક્ષણ સંસ્થાઓના મેળાવડા જેવા નિમિત્તો ઉભા કરીને, તેમના ઉત્સવો વિગેરેથી મન સંતોષે છેઃ જૈન ધર્મના ઉંડા રહસ્યો જાણવાના ન મળવાથી આધુનિક વિજ્ઞાન અને શોધખોળો તરફ ઘણાનું મન દોરવાઇ ગયું છે. જૈન ધર્મના મૂળભૂત ઉંડા રહસ્યોઃ ને જીવનના વ્યાપક વિધાનોઃ જાણવાનો પ્રસંગ ન મળવાથી આજે ઘણો ભાગ બીજે દોરવાઇ રહ્યો છે.

શ્વેતાંમ્બર મૂળ સંઘમાંથી જુદો પડેલો એ વર્ગ, નથી શ્વેતામ્બર

રહી શકતો, તેમજ નથી ચૂસ્ત અમૂર્તિપૂજક જૈન રહી શકતો. તેના ઉપરનો ધાર્મિક સંસ્થાઓનો અંકુશ ખસી જવાથી જુદેજ રસ્તે દોરવાઇ રહેલ છે. સ્થાનકવાસી વર્ગમાંથી છુટો પડેલો એક તેરા પંથના ફાંટાના ગૃહસ્થોના વર્ગની પણ આજ સ્થિતિ થવા લાગી છે. જો કે-શ્વેતાંમ્બર મૂળ સંઘમાં પણ એવો વર્ગ વધતો જાય છે. પરંતુ તેનું સ્થાન ઘણુંજ ગૌણ છે. ત્યારે ઉપરના સંપ્રદાયોમાં તેવા વર્ગોને વધુ મુખ્ય સ્થાન પ્રાપ્ત થતું જાય છે. આથી જૈન દર્શનના મૂળભૂત હિતનેજ મોટામાં મોટું નુકસાન થાય, તેવી પરિસ્થિતિ સર્જાતી જાય છે. જૈનનો કોઇપણ વર્ગ જૈન તરીકેની સ્થિતિથી ચ્યૂત થાય, તેથી થતું નુકશાન આખરે તો-મૂળ વસ્તુનેજ નુકશાન રૂપે પરિણમે, એ સ્વાભાવિક છે.

**આ** સ્તવનમાં એક ઠેકાણે **સુખદાયક:** અને બે ઠેકાણે **શુભ-કરણી:** એ શબ્દો આવેલા છે. તે ઉપરથી કોઇ એમ કહેવાને સહજ રીતેજ દોરવાઇ જાય તેમ છે; કે-"જિન પ્રતિમાના પૂજ-નથી માત્ર શુભકરણી થાય છે-પુણ્ય બંધાય છે: ને **શ્રી આનન્દ-ઘનજી** મહારાજનો પણ એજ આશય છે."

**પરં**તુ તેઓએ સમજવું જોઇએ, કે-"પરંપરાએ મોક્ષરૂપ ફળ ૪ થી ગાથામાં બતાવેલ છે, અને છેલ્લી ગાથામાં-"તે લેશે **આનન્દ--ઘન-પદ-ધરણી**." એમ કહીને સિદ્ધ-શિલા ઉપર મોક્ષની પ્રાપ્તિ પણ જિનપૂજાથી બતાવી છે.

**પ્ર**થમના ત્રણ ગુણસ્થાનકમાં **અશુભની** પ્રધાનતા છે. ૪ થી ૬ ઠ્ઠા સુધી **શુભની** પ્રધાનતા છે. અને ૭ માથી ૧૨ મા સુધી **શુદ્ધની,** અને ૧૩, ૧૪ ગુણસ્થાનકમાં **પરમ શુદ્ધની** પ્રધાનતા છે. પરંતુ તેથી કરીને અશુભ વખતે પણ શુભ અને શુદ્ધ હોય છે. કેમકે-પહેલે ગુણસ્થાનકે પણ પુણ્ય બંધાય છે અને અપુનર્બંધકાદિક વિગેરે જીવો મિથ્યાત્વ ગુણસ્થાનકે હોવા છતાં સંવર તથા નિર્જરા કરીને કેટલેક અંશે શુદ્ધ ભાવ પણ ધારણ કરતા હોય છે.

**તેજ** પ્રમાણે ૧૦ મે ગુણસ્થાનકે બંધાતી ૧૭ પ્રકૃત્તિઓમાંની

૧૪ પાપ અને ત્રણ પુણ્ય પ્રકૃત્તિઓ બંધાય છે. તેથી ત્યાં પણ અશુભ અને શુભ ભાવ હોય છે. પણ મુખ્યપણે શુદ્ધ ભાવ હોય છે.

**આથી** કરીને: જિન પૂજાથી પૂણ્યનો બંધ થાય છે, તથા સંવરઃ નિર્જરાઃ અને પરમ નિર્જરાઃ પણ થાય છેઃ મિથ્યાત્વિઓ પણ જિન પૂજા કરીને સમ્યક્ત્વની નજીક આવી શકે છે. તથા કોઈપણ એવી જૈન ધાર્મિક ક્રિયા નથી, કે જેમાં દેવતત્ત્વનું સાન્નિધ્ય રાખવાની વ્યવસ્થા ન હોય, દેવવંદનઃ ચૈત્યવંદનાદિઃ સ્તુતિઃ સ્તવનઃ ચૈત્યવંદનઃ પાઠોઃ નમોર્હત્ઃ પૂજા ઃનમુત્થુણંઃ અરિહંત ચેઇઆણંઃ લોગસ્સઃ તીર્થયાત્રાઃ રથયાત્રાઃ સંઘયાત્રાઃ ચૈત્યપરિપાટીઃ મહાપૂજાઃ સ્નાત્રઃ સ્વપ્નોત્તારણઃ વિગેરે દેવતત્ત્વના સાન્નિધ્યના પ્રતીકો છે.

વરઘોડા અને ઉત્સવોની યોજનાઓ, બાળજીવોઃ અને જૈનેતરોઃ કે જેઓ મિથ્યાત્વમાં છતાં, શુક્લ પાક્ષિક હોય, એના ઉપકાર માટે છેઃ ધામધૂમઃ વાજાંઃ ગાજાંઃ અને ઉચિત યોગ્ય મર્યાદા સંપન્ન અદ્દ્ભુત આકર્ષક રચનાઓઃ વિગેરે પરમાત્માને સમજાવવા-રીજાવવા માટે નથી હોતા, પરંતુ, એ ફટાટોપથી "બાળજીવો સહેજે પણ કુતુહલ વૃત્તિથીયે ખેંચાઇ આવે." એ ઉદ્દેશ હોય છે. " ખેંચાઇ આવ્યે તેઓમાં ગમે તે પ્રકારે વીતરાગ ભાવ તરફ આકર્ષાવાનું બીજ પડે." એ હેતુ હોય છે. ધર્મના અનુયાયી વધારવાનો કે "વાહ વાહ" કહેવડાવવાનો કે બાહ્યાડંબર બતાવવાનો હેતુ નથી હોતો. શાસ્ત્રમાં "મહા શ્રાવક ઘેરથી સામાયિક કરવા ગુરુ પાસે જાય, તો તે પણ ઠાઠમાઠ અને ધામધૂમથી ઘેરથી નીકળે. જેથી સામાયિકનો મહિમા લોકોના ખ્યાલમાં આવે, કે જે સામાયિકના બળથી તીર્થંકર ભગવંતો વિગેરે કેવળજ્ઞાન પામ્યા હોય છે."

જેમ દેશમાં રાજા ફરવા નીકળે, ત્યારે તેના પ્રવાસની અનેક રીતે જાહેરાત થાય છે. રાજ્ય ચિન્હો સહિત રાજા બહાર નીકળે છે, લોકો પર તેની છાપ પડે છે. આકર્ષણ થાય છે. પ્રભાવ પડે છે. ત્યારે, જો પરમાત્માની પધરામણી થાય, ત્યારે તો પુષ્કળ આકર્ષણ થાય, તેવી વ્યવસ્થા કરવામાં આશ્ચર્ય જ શું છે? ચક્ર-

વર્ત્તિઓ અને ઈન્દ્રોને પણ વન્દ્ય છે. રાજાના પણ રાજા છે. દેવાધિદેવ છે, ત્રિલોક પૂજ્ય પરમાત્મા છે, પધારે ત્યારે તેમનો પ્રભાવ: જાહેરાત: વિગેરે કેવા થવા જોઇએ? એ બધા ખોટા આડંબરો નથી, વાહિયાત પ્રવૃત્તિ નથી. તેની સાથે આધ્યાત્મિક વિકાસ માટેના પ્રચારના મહાન્ સિદ્ધાંતો ગોઠવાયા છે, અને તેના સંબંધથી પરંપરાએ વીતરાગ પરમાત્માની ભક્તિ થાય છે, અને જૈન તત્ત્વજ્ઞાન સાથે તે દરેક સુસંગત છે.

**આંગી:** અંગપૂજા: સ્નાત્ર: તથા ચ્યાવન કલ્યાણક:ની દ્રવ્ય નિક્ષેપે પૂજાઓ: તીર્થંકર પરમાત્માની પાંચેય કલ્યાણકોની પાંચેય અવસ્થાઓ: અને તેમાં આવતી અવાંતર અવસ્થાઓ—બાલ્યાવસ્થા: ગૃહસ્થાવસ્થા: રાજ્યાવસ્થા: મુનિ અવસ્થા: છદ્મસ્થ અવસ્થા: કેવળી અવસ્થા: સિદ્ધાવસ્થા: વિગેરે અવસ્થાઓની પૂજાઓ:—માતા જેમ જમવા બેસાડે ત્યારેજ પૂજ્ય છે, એમ નહીં, પણ દરેક હાલતમાં પૂજ્ય છે—તેમ તીર્થંકર ભગવંતોની દરેક અવસ્થાઓ પૂજ્ય છે. તેથી દરેક અવસ્થાઓનો આરોપ કરીને પૂજા કરી શકાય છે.

**તથા** અંગે લગાડીને અંગપૂજા કરવામાં પણ હરકત નથી. પ્રભુના પ્રતિમાજીને જ્યારે રથમાં બેસાડાય છે, મૂલ્યવાન મંદિર અને સિંહાસન ઉપર બેસાડાય છે, ત્યાં પ્રભુના નિષ્પરિગ્રહવ્રતનો ભંગ થતો નથી, તો પછી, જળપૂજા: પુષ્પપૂજા: આંગી: વિગેરેમાં ભંગ શી રીતે થાય છે? પ્રતિમા કલ્પને અનુસરીને જેટલું બંધબેસતું હોય, તેટલું સાક્ષાત્ તીર્થંકરોની ભકિત ઇન્દ્રાદિક દેવો અને બીજા જે રીતે કરતા હોય છે, તે રીતે કરી શકાય છે. તેમાં વાંધા કાઢવા, એ ભકિતમાં વાંધાકાઢી ભક્તિમાં અંતરાય કરવા બરાબર છે. માટે તેવો નિષેધ ન થવો જોઇએ.

**ચક્ષુ** નવા ચોંટાડવાની પાછળના મહત્ત્વના કારણો નીચે પ્રમાણે છે:—ચક્ષુ બરાબર: માપસર: બંધબેસતા: અને જેમ બને તેમ સ્વાભાવિક જણાય: તે રીતેજ ચોડવા જોઇએ. તેમાં કળા અને સૌંદર્યને ખાસ ધ્યાનમા લેવાય તો વધારે સારૂ.

૧. દરેક પ્રાણીઓના ચક્ષુઓની રચના: અને રંગ: વિગેરે શરીરના બીજા અવયવો કરતા પ્રાય: જુદા પડે છે, માટે પ્રતિમાજીને પણ ચક્ષુ જુદી જાતના જોઇએ.

૨. ચક્ષુ એ પ્રાણી માત્રના આત્મામાં રહેલી જ્ઞાનશકિતનું વ્યાવહારિક અને જલદી ખ્યાલમાં આવે, તેવા લક્ષણરૂપ પ્રતીક છે.

૩. ચક્ષુથી સૌંદર્ય પૂર્ણ થાય છે, ચક્ષુ વિના શરીરની રચના: કે સૌંદર્ય: અપૂર્ણ રહે છે.

૪. બીજા જીવો ઉપર અસર: કે તેમનું આકર્ષણ: શરીર-વિગેરે છતાં સુંદર ચક્ષુ ઉપર મુખ્ય આધાર રાખે છે.

૫. શરીર ગમે તેવા રંગનું હોય, પણ ચક્ષુ સફેદ અને તેમાં કાળી કીકી, એ દરેકને સમાન હોય છે. તેથી જેવા રંગના પ્રતિમાજી તેવાજ રંગના ચક્ષુ: રાખવાથી પ્રતિમાજીનો પ્રભાવજ ન પડે. અને સામાન્ય રીતે ચક્ષુ વગરનાજ હોત, તેવો કેટલોક ભાસ થાય. સફેદ પ્રતિમાજી હોય તો આજુબાજુ પાપણોનો કાળો રંગ: અને વચ્ચે કીકીનો કાળો રંગ: હોય, તેમ કરવામાં આવે, તોજ ચક્ષુ હોવાનો ભાસ થાય. પ્રતિમાજી શ્યામ રંગના હોય, તો વચ્ચે કીકીનો ભાગ છોડીને આજુબાજુ શ્વેત રંગ ઉઠાવવાળો હોય, તોજ ચક્ષુનો ભાસ થાય. એટલા માટે ચક્ષુ ચોંટાડવા એ અનિવાર્ય વસ્તુ છે.

૬. ચક્ષુ ચોંટાડ્યા વિના-"પ્રભુ ધ્યાનસ્થ દશામાં બેઠા છે," એવો ભાસ થાય. કેવળજ્ઞાન થયા પછી તીર્થંકર પરમાત્માને ૧૩ મા ગુણઠાણાના છેલ્લા અંતઃમુહૂર્ત સિવાય વચ્ચે ધ્યાન ધરવાનું હોતું જ નથી. શુક્લ ધ્યાનના બે પાયા કેવળજ્ઞાન પહેલા: અને છેલ્લા બે પાયા: ૧૩ માના છેલ્લા અંતઃમુહૂર્તથી હોય છે. વચ્ચે **ધ્યાનાન્તરિકા** હોય છે. તેથી ધ્યાનસ્થ મૂર્તિ કે ફોટા ભાવ-તીર્થંકર પરમાત્માના ન હોઇ શકે.

૭. -"આપણી સામે પરમાત્મા જોઇ રહ્યા છે." એવી રીતે ચક્ષુઓ ખુલ્લા ન હોય, તો ભકતોનું જોઇએ તેવું આકર્ષણ ન થાય. તેમજ ચક્ષુએ ખુલ્લા હોય-"પોતે પરમાત્માની સામે ઉભો છે." "પરમાત્મા

પોતાને જુએ છે." તેવો ભાસ થાય છે. અન્યથા, ભાસ થાય. ભગવાન સમવસરણમાં ખુલ્લા ચક્ષુઓથી વિરાજમાન હોય છે.

૮. વળી જોનારાઓને "પરમાત્મા સાક્ષાત્ સામે વિરાજમાન છે. ભગવાન વિરાજમાન છે. સર્વજ્ઞઃ સર્વૈશ્વર્યના માલિકઃ સામે વિરાજમાન છે. વડીલ છે. પૂજ્ય છે. મને જોઈ રહ્યા છે. મને પ્રેરણા કરી રહ્યા છે." એવો ભાસ થવો જોઈએ. ચક્ષુઓ ન હોય, તો "હજી ધ્યાન ધરીને પ્રભુ કાંઈક બાકી રહેલું સાધતા હોય," તેવો ભાસ થાય.

તેથી કેટલાક ભાઈઓ પરમાત્માના પ્રતિમાઓને ચક્ષુ ચોટાડવામાં વિરોધ કરે છે, ને દલીલ કરે છે, કે "પ્રતિમાજીના સ્વાભાવિક ચક્ષુઓ હોય, તે વધારે ઠીક છે. કૃત્રિમ ચક્ષુઓ શા માટે ચડાવવા ?" તથા ફોટાઓ અને ચિત્રો ધ્યાનસ્થ અવસ્થાના કરાવે છે. પણ તેઓ ભૂલી જાય છે, કે–ચક્ષુઓ ચોડવાથીજ સ્વાભાવિકતા પૂરી થાય છે. નહીંતર, કૃત્રિમતા લાગે છે. પરંતુ "સમવસરણસ્થ ભાવ તીર્થંકર પ્રભુ ધ્યાનસ્થ નથી હોતા." તે હકીકત તેઓના ધ્યાન બહાર રહી જાય છે.

વળી, પ્રભુની આગળ ધૂપઃ દીપઃ નાટ્યઃ થાય છે, છત્રઃ ચામરઃ ધરવામાં આવે છે. ત્યાં પરમાત્માને પરિગ્રહપણાનો દોષ માનવામાં આવતો નથી, અને રાજ્યાવસ્થાની આંગીઃ તથા કેસરઃ ચંદનઃ સ્નાત્રજળઃ પુષ્પઃ વિગેરેથી લોકોત્તર સત્કાર વિધિને ઉચિત અંગપૂજા કરવામાં પરિગ્રહઃ વિગેરેનો વાંધો કાઢવામાં આવે છે. પ્રભુનો મુનિભાવ આગળ કરવામાં આવે છે, પણ તે વખતે મુનિભાવ ગૌણ છે. પરમાત્મભાવ–ત્રિભુવનપૂજ્યતા મુખ્ય છે.

આ બધી રીતે વિચાર કરી જોતાં શ્વેતાંમ્બર માન્ય જિનમૂર્તિપૂજા–જૈનશાસ્ત્રોઃ સિદ્ધાંતોઃ નયઃ નિક્ષેપાઃ તેના ભેદ–પ્રભેદોઃ સ્યાદ્વાદ શૈલિઃ નિશ્ચયઃ વ્યવહારનયઃ લૌકિક–લોકોત્તર–વ્યવહારઃ વ્યાવહારિકતાઃ અને પારમાર્થિકતાઃ બાળથી માંડીને બુધ પ્રાજ્ઞ સુધીના પાત્રોની ભક્તિને અનુરૂપ વ્યવસ્થાઃ દેવતત્ત્વની પ્રધાનતાઃ તેની વિવિધતાઓઃ **કરેમિ ભંતે !** જેવા જૈન દર્શનના મૂળ બીજક

જેવા સૂત્રમાં પણ—**ભંતે**! પદથી ચતુર્વિંશતિ સ્તવાવશ્યક સૌથી પહેલું અને મુખ્યપણે સૂચવાયેલ છે. સમ્યગ્દર્શનની પ્રધાનતાનાં પ્રેરક દેવતત્ત્વની આરાધનાની પ્રધાનતાની અપેક્ષાએ પણ તે મુખ્ય છે. તેના સર્વ નિક્ષેપાઃ અને સર્વ અવસ્થાઃ પૂજ્ય છે. પૂજાના કેટલાક પ્રકારોઃ સાક્ષાત્ પ્રભુને ઇન્દ્રાદિક કરતા હતા, તેવા છે. કેટલાક પ્રતિમા કલ્પને છાજે તેવા છે. એમ ઉચિત યુક્તિયુક્ત યોજના વિગેરેથી સાંગોપાંગ શુદ્ધ વ્યવસ્થા અને જૈનદર્શનના તત્ત્વજ્ઞાન સાથે વધુમાં વધુ સંગત છે.

**લો**કોત્તર દેવઃ લોકોત્તર ઉપકારઃ તેમનો લોકોત્તર વિનયઃ તે દર્શાવવા, લોકોત્તર પ્રકારના આદર્શો સામે રાખીનેજ જિનપ્રતિમા પૂજા બાબત પ્રશ્નોત્તરો તથા વિચારણા થવા જોઇએ. માત્ર બાહ્ય અને લૌકિક દલીલો તથા ખ્યાલોથી આ વિચારણા પર છે, તેથી તેવી વાતોને મુખ્ય સ્થાન ન મળવું જોઇએ.

**દે**શનેતાનાં—જન્મસ્થાનઃ કપડાંઃ લાકડીઃ ચંપલઃ કાગળોઃ ચીઠ્ઠીઃ વિગેરે માન્ય અને આદરણીય ગણવામાં અમૂર્તિપૂજકોનેય વાંધો આવતો નથી. તો તીર્થંકરની કલ્યાણક ભૂમિઓ વિગેરેમાં તાત્ત્વિક અને વાસ્તવિક શો વાંધો છે? તે કોઈ સ્પષ્ટ કરતુંજ નથી. હિંસા—અહિંસાની વાત તો કર્તવ્ય કર્મોમાં લાવી શકાયજ નહીં. નહીંતર, કાંઇપણ કરી શકાયજ નહીં.

**સા**માન્ય બાળજીવોને ભ્રમણામાં નાંખનારી કેટલીક ઉપર ઉપરની દલીલો સિવાય કોઈની પાસે ખાસ મહત્ત્વની જિનપ્રતિમાજીની પૂજાના વિરોધની દલીલોજ હજી સુધી જોવામાં આવી નથી. કોઇ ન પૂજા કરે, કોઇને રસ ન આવે, કોઈને તે કરવાની ભાવના ન થાય, અને ન કરે, એ જુદી વસ્તુ છે. અને તેને પુણ્ય બંધઃ સંવરઃ અને નિર્જરાઃના સ્થાનમાંથી કાઢી નાંખીને, તેને પાપ બંધઃ અને આશ્રવઃના સ્થાનમાં નાંખી દેવી, તે ભયંકર વાંધાભરી બાબત છે. ઉત્સૂત્ર છે. તેથી દેવઃ ગુરુઃ ધર્મઃ એ ત્રણ તત્ત્વને પૂજ્ય માનનારા જૈનોનો તે બાબત તરફ પૂણ્ય પ્રકોપ જાગી ઉઠે, તે સ્વાભાવિક છે.

પૂજામાં પાણી, તથા વનસ્પતિ વિ.ના જીવોની હિંસા બતાવીને, લોકોને ભડકાવવામાં આવે છે. પણ તે ઠીક નથી. નદી ઉતરતાં જેમ મુનિને પાણીના જીવો ઉપર દયા હોય છે. પણ સંયમના નિર્વાહ માટે તેમણે નદી ઉતરવાની હોય છે. અને તે ઉતરે છે. તેમ શ્રાવકને પણ તે જીવો તરફ દયાજ હોય છે. ત્યાં હિંસાઃ પ્રધાન વસ્તુજ નથી. મૂર્તિ મારફત ભક્તિ મુખ્ય વસ્તુ છે. અને તેની મહત્તાને લીધેજ જિનપૂજાની મહત્તા છે. તીર્થંકર દેવ સર્વોત્કૃષ્ટ આલંબન છે. તેનો લાભ લેવો એ મુખ્ય વસ્તુ છે.

અહીં કોઇ મહાશયને શંકા થાય કે–"જ્યારે તીર્થંકર દેવ ત્રિલોક પૂજ્ય છે, અને ત્રણ લોકની તમામ સામગ્રી તીર્થંકર પરમાત્માના ચરણમાં ભક્તિપૂર્વક ધરી દેવામાં આવે, તો પણ તેમના ઉપકારની તુલનામાં તે કાંઇપણ હિસાબમાં નથી, તેથી ઇન્દ્ર અને ચક્રવર્ત્તિઓની અને સમસ્ત દેવ લોકોની સમગ્ર ઋદ્ધિઓ પણ કાંઇ હિસાબમાં નથી. એટલો મહાન્ પ્રભુજીનો લોકોત્તર વિનય કરવાનો છે. તો પછી કોઇ લોકો–માંસ–પશુ--પક્ષીના બલીદાન રૂપે પ્રભુજીને ચરણે ધરે, કોઇ લોકો સ્ત્રીનું રૂપ પ્રભુજીની બેઠકમાં ગોઠવે, યા પૂજામાં મૂકે, તો તેથી તેમાં પણ વાંધો હોઇ શકે નહી ?"

આવા પ્રશ્ન યોગ્ય નથી. કેમકે–હમેશાં સત્કારને યોગ્ય પદાર્થોથીજ સત્કાર થાય. અયોગ્ય પદાર્થોનું સત્કાર–સન્માન–પૂજા–વિધિમાં સ્થાન હોતું નથી.

આપણે ઘેર કોઇ મહેમાન આવે, તો પત્થરા પણ જગતના પદાર્થ હોવાથી સન્માનમાં દેવાતા નથી. પરંતુ, પોતાના ઘરને ઉચિત જેને યોગ્યઃ અને તે મોટા માણસોને ફૂલના હાર કેમ પહેરાવવા? પોતે પોતાને પ્રિય સામગ્રી માનતો હોય, તેનાથી સત્કાર કરી શકાય છે.

છતાં કોઇ વિવેકી ભકત પરિસ્થિતિ વિશેષમાં વિશેષ ભક્તિના ઉદ્રેકથી પોતાનું મસ્તક પણ ધરી દે, તો તેવા સંજોગોમાં વિવેક વિના વિનય નકામો થાય છે. યજ્ઞાદિકમાં પરંપરાએ કંઈક ત્યાગ

ભાવના તેઓ માને છે. પણ તેમાં વીતરાગ દેવની પૂજા જેવો શુદ્ધ ને સ્પષ્ટ મોક્ષાશય નથી, માટે તેને આધ્યાત્મિક વિકાસક્રમમાં સ્થાન મળી શકે નહીં, સ્પષ્ટ હિંસારૂપ હોવાથી ત્યારે જિનપૂજામાં મોક્ષાશય બહુ સ્પષ્ટ હોય છે અને ઉચિત દ્રવ્યોથીજ તેની પૂજા કરવાની હોય છે.

પરમાત્માના પાંચ કલ્યાણની પૂજામાંની રાજ્યાભિષેક અવસ્થાની અંજનશલાકાની વિધિમાં તથા રાજ્યઋદ્ધિ બતાવવાનાં દૃશ્યોમાં તથા સ્ત્રી આદિક પરિવારો બતાવવા, તે અવિરુદ્ધ છે. દેવાંગનાઓની નૃત્ય પૂજા બતાવવા–પ્રભુની સામે તે બતાવવામાં કશો વિરોધ નથી. તથા સાધ્વીજી રૂપેઃ શ્રાવિકા રૂપેઃ સ્ત્રી વર્ગ પણ સાધુઃ કે શ્રાવકઃ રૂપ પુરુષમાંના પાત્રોની જેમ પ્રભુજીને સમર્પિત થયેલોજ છે. તે પણ પૂજા છે. માત્ર પૂજાનો તે પ્રકાર જુદો છે.

પોતાની પુત્રીઃ બ્હેનઃ માતાઃનો પુત્રઃ ભાઈઃ બાપઃ અને ભત્રીજાનો પણ પ્રભુજીની પૂજાના દ્રવ્યમાં સમાવેશ થાય છે. કેમકે–તેની સાથેનો પોતાનો સાંસારિક સંબંધ છોડી દઈને, પ્રભુની આજ્ઞા પ્રમાણે જીવન જીવવા દઈ, તે સ્વરૂપે પોતાના વહાલાઓને જૈનશાસનને સમર્પણ કરનારા જિનપૂજા કરે છે. રાવણે પોતાના કાંડાની નસ ખેંચી કાઢીને વીણામાં જોડી દઈને નૃત્ય અને સંગીતની પૂજા સાધી હતી જેને લીધે તેણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું છે. એટલે પૂજામાં સન્માન અને સત્કારને ઉચિત્ત એવા ઉત્તમ અને રત્નભૂત પદાર્થોને સ્થાન છે. રેશમી વસ્ત્રોઃ કસ્તુરીઃ ગોરો ચંદનઃ વિગેરે રત્નભૂત પદાર્થો તરીકે વ્યવહારમાં ગણાયેલા હોવાથી, પ્રાણીજન્ય છતાં પૂજામાં વિહિત છે. ઢોલઃ નગારાંઃ ત્રાંસાઃ ખંજરીઃ વિગેરે ચામડાથી મઢેલા હોવા છતાં. વાદ્યપૂજાના પ્રકાર દ્વારા નિષિધ નથી. દરેકની પાછળ પરંપરાએ અને સીધા સંબંધોની તાત્ત્વિક વિચારણા જોડાયલી છે.

પરમાત્મા તો જેમ નૈવેદ્ય આદિકનો ઉપયોગ કરતા નથી, તેમ તેવી ચીજોનો પણ ઉપભોગ કરવાનાજ નથી. પરંતુ, વિવેકી ભક્તો

પોતાના આત્મ વિકાસના માપ સાથે માપીને શાસ્ત્રાજ્ઞા મુજબ ભક્તિથી સર્વ કાંઇ ઉચિત હોય, તેજ કરી શકે છે. પરંતુ વિવેક વિનાઃ શાસ્ત્રાજ્ઞા વિરૂદ્ધઃ પોતાના કેવળના પણ આત્મવિકાસને અનનુરૂપ થાય તેવું: અને ઔચિત્ય રહિતઃ કાંઇપણ કરી શકતા નથી. કેમકે તેવું ભક્તિ સાથે અસંગત હોય છે.

કેટલાકને સામાન્ય રીતે થતી શંકાઓનાં સમાધાનો સાદી ભાષામાં શ્રી **મોહનવિજયજી મહારાજ કૃત** નીચેના શ્રી **સુવિધિનાથ** પ્રભુના સ્તવનમાં આપેલાં છે.

## શ્રી સુવિધિનાથ-જિન-સ્તવન.

રાગ-"સ્વામિ! તુમે કાંઇ કામણ કીધું." **એ દેશી.**

અરજ સુણો એક **સુવિધિ-જિનેસર** !
પરમ-કૃપા-નિધિ! તું પરમેસર
સાહિબા ! સુ-જ્ઞાનિ !
જુઓ તે-
"વાત છે માન્યાની." એ આંકણી.

કહેવાઓ-"પંચમ ચરણ ધારી."
"કિમ આદરી અશ્વની અસવારી ?" સા૦ ૧

"છો ત્યાગી ? શિવ-વાસ વસો છો:
તો-**સુ-ગ્રીવ-સુત** ! રથે કેમ બેસો છો ?"
"આંગી-પ્રમુખ-પરિગ્રહમાં પડશો,
હરિ-હરા-ऽऽદિકને કિણ-વિધ નડશો ?" સા૦ ૨

"ધુરથી સકલ-સંસાર નિવાર્યો."
"કિમ કરી દેવ-દ્રવ્યા-ऽऽદિક ધાર્યો ?"
"તજી સંજમને થાશ્યો ગૃહ-વાસી."
"કુણ આશાતના તજશે ચોરાશી ?" સા૦ ૩
"સમકિત-મિથ્યાત્વમાં નિરંતર
ઇમ કિમ ભાંજશે પ્રભુજી ! અંતર ?"

" લોક તો દેખશે. એહવું કહેશે,
ઇમ જિનતા તુમ કિણ-વિધ રહેશે ? " સા૦ ૪
પણ હવે શાસ્ત્ર-ગતે મતિ પહોંચી.
તેહથી મેં જોયું ઊંડું આલોચીઃ—
" ઇમ કીધે તુમ પ્રભુતાઇ ન ઘટે
સાહમું ઇમ અનુભવ-ગુણ પ્રગટે. સા૦ ૫
હયઃ ગયઃ યદ્યપિ તું આરોપાયે.
તો પણ સિદ્ધપણું ન લોપાયે.
જિમ-મુગટા-ऽऽદિક "ભૂષણ" કહેવાયે,
પણ કંચનની કંચનતા નવિ જાયે. સા૦ ૬
ભક્તિની કરણીઃ, દોષ ન તમનેઃ.
અ-ઘટિત કહેવું અ-યુક્ત તે અમને.
લોપાયે નહીં તું કોઈથી સ્વામી ! "
**મોહન-વિજય** કહે શિર નામી. સા૦ ૭

તથા જિન પ્રતિમાઃ જિન ઘરઃ જિન ચૈત્યઃ પ્રતિમાના આકારઃ પ્રતિમાના અંગોપાંગાદિના સ્વરૂપઃ પૂજાના પ્રકારોઃ શાશ્વત-અશાશ્વત-પ્રતિમાઃ દેવકૃત પૂજાઃ મનુષ્યકૃત પૂજાઃ ચૈત્યઃ ચૈત્યના શરણઃ મુનિકૃત જિનપ્રતિમાના દર્શનઃ યાત્રાઃ તેના ન કરવાથી પ્રાયશ્ચિતાદિકઃ વિગેરે અંગોઃ ઉપાંગોઃ આદિ આગમોઃ તથા *ચારેય અનુયોગોમાં પ્રસિદ્ધ હોવાથી, આગમ પ્રમાણથી પણ સિદ્ધ છે. ચૈત્ય વૈયાવૃત્ત્ય ખુદ અંગ આગમમાં ગણાવેલું છે. **શ્રી આનન્દ ઘનજી મહારાજ** પોતે બીજે ક્યાંય નહીં ને આ સ્તવનમાં **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**નું પ્રમાણ આપે છે. તથા પૂજાને **આગમ-ભાખી** કહીને આગમ સિદ્ધ હોવાની પોતાની દૃઢ માન્યતાનું પ્રમાણ આપે છે.

---

* ૧. નિક્ષેપ વિચારઃ-**દ્રવ્યાનુયોગ.** ૨. ચૈત્ય વૈયાવૃત્ત્યઃ એ **ચરણાનુયોગ.** ૩. શાશ્વત્-અશાશ્વત્-ચૈત્યોની સંખ્યાઃ તે **ગણિતાનુયોગ.** ૪. દમયંતીઆદિની કથાઓમાં પ્રભુપ્રતિમાના કપાળમાં તિલક અર્પણ કરવાથી દમયંતીના કપાળમાંથી રાત્રે પણ તેજકિરણો પ્રકાશતાં હતાં. વિગેરે. જિનપૂજાના લાભો. તે **કથાનુયોગ.**

તથા કથાઓઃ ઇતિહાસઃ સંશોધનઃ પ્રાચીન શોધખોળઃ પણ આ બાબતમાં ઘણા સાધક પૂરાવા પૂરા પાડે છે.

"धूवं दाउं जिण-वराणं"

આ જાતના સૂત્રમાંના સાક્ષાત્ પાઠથી "જિન-પ્રતિમા જિન સારિખી" આ ઉક્તિ આગમ પ્રમાણ પ્રસિદ્ધ છે તેમાં જરાપણ અતિશયોક્તિ કે અસત્યોક્તિ નથી. દેવો શાશ્વત્ જિનપ્રતિમાની પૂજા કરે છે તે વખતે ધૂપ પણ કરે છે, "પ્રતિમાજીને થતી તે ધૂપ પૂજાથી જિનેશ્વર દેવની પૂજા થાય છે." એમ સૂત્રકાર ભગવંત પોતેજ અભેદ વિવક્ષા કરીને જિનપ્રતિમાને જિનેશ્વરદેવ તરીકે જણાવે છે તે વિચારો. માટે જિનમન્દિરઃ જિનપ્રતિમાઃ જિનપૂજા વિરૂદ્ધ બોલવું તે દેવતત્ત્વ સૌથી મોટું છે તેની મહાઆશાતના થાય છે જે સંસાર વધારે તેથી આત્માર્થીએ ચેતવું.

રજોહરણઃ મુહપત્તિઃ વિગેરે પુદ્ગલો છતાં જેમ આત્મકલ્યાણમાં ઉપયોગી હોવાથી ઉપાદેય પુદ્ગલો છે તેજ પ્રકારે જગત્માંના ઉત્તમ પુદ્ગલો મોક્ષમાર્ગના અંગરૂપે જિનમન્દિરઃ જિનમૂર્ત્તિઃ તથા જિનપૂજાના ઉપકરણોઃ વિગેરે રૂપે ઉપાદેય છે. સંસારે-રાગદ્વેષે જેમ અનેક રીતે ઘરઃ કુટુંબઃ લક્ષ્મીરૂપે બાહ્ય સ્વરૂપો ધારણ કર્યા છે. તેજ પ્રમાણે રત્નત્રયી મોક્ષમાર્ગે પણ પોતાની દેવઃ ગુરુઃ ધર્મઃ રૂપ સામગ્રીના વિવિધ અંગો રૂપે બાહ્યસ્વરૂપ ધારણ કર્યું છે "જેમ સંસારનું વિવિધ સ્વરૂપ ખડું છે, તેમ તેની સામેજ મોક્ષમાર્ગનું પણ વિવધ સ્વરૂપ ખડું છે." તે ભાવ દર્શાવવા કુદરતી રીતેજ શાશ્વત્ અશાશ્વત્ પ્રતિમાઓ વિગેરે દશ્યો વિશ્વમાં અનાદિસિદ્ધ છે. તેમ ન હોય તો સઘળા આરાધક જીવો સીધી રીતેજ પહેલેથીજ નિરાલંબન ધ્યાની થઇ મોક્ષ પ્રાપ્ત કરી લે. પણ એમ બનતું નથી. સાધક જીવની સામે અનેકવિધ સંસારનો પ્રપંચ તેને ઠામ ઠામ ફસાવવા માટે ન હોત તો, મોક્ષમાર્ગનો પણ તેમાંથી બચાવવા માટે અનેક અનુષ્ઠાનોઃ અને સાધનોઃ રૂપ પ્રપંચ નજ હોત. જયાં જયાં ફસાય ત્યાંથી ખેંચવા અનેક અનુષ્ઠાનોઃ અને પ્રતીકો મોક્ષમાર્ગનાં ખડાં થયાં છે તેમાં જિન-

મન્દિર અને જિનપ્રતિમાનું સ્થાન છે. માટે ઉપાદેય છે. આ રહસ્ય છે. જેમ આજે ભૌતિક સંસ્કૃતિ પોતાના વિસ્તારમાં અનેક પ્રતીકોરૂપે જગત્‌માં વ્યાપક થઇ રહેલ છે. સ્કૂલઃ મ્યુનિસીપાલિટીઃ કોર્ટોઃ એરોપ્લેનઃ મોટરઃ રેડીયો એ વિગેરે જેમ જીવનના સાધનો છે તેના કરતાં ભૌતિકવાદના પ્રતીકો છે માટે પરમ હેય છે.

વાચક મહાશયો ક્ષમા કરશે, કે–આત્મવિકાસના ક્રમમાં શ્રી જિન પ્રતિમાની પૂજાનું શું સ્થાન છે? તેનો પ્રસંગ બરાબર શ્રી સ્તવનકાર મહારાજાએ ઉપસ્થિત કર્યો છે. એટલે તેને લગતી જે કાંઇ તાત્ત્વિક વિચારણા છે, તેનું સંક્ષેપમાં પણ સૂચન કરવા જતાં કાંઇક વિસ્તાર થઈ ગયો છે. અમારો આશય આ બાબત ખંડન મંડનમાં ઉતરવાનો કે ચર્ચા જગાડવાનો નથી. વચલા સો વર્ષોમાં છાપખાનાંઓ અને કાગળોની સગવડોને અંગે પણ આ બાબતમાં બીન પાયાદાર રીતે ઘણું લખાયું છે. તેથી તે સર્વની અસરમાંથી વાચક મહાશયોને મુકત કરીને મૌલિક પાયા ઉપર બુદ્ધિને કેન્દ્રિત કરવાના આશયથી કાંઈક વિસ્તાર થયો છે.

## ૧૦. શ્રી–શીતલનાથ-જિન–સ્તવન.

### મોક્ષાશયી જીવ સ્યાદ્વાદની ખુબી સમજવા સુધી આવી પહોંચે છે.

અહીંથી વિરતિને લગતા આત્મ ગુણોનું વર્ણન શરૂ થાય છે. તે પહેલાં સ્યાદ્વાદ દ્રષ્ટિ સમજવાનો પ્રયાસ આવશ્યક હોવાથી પરમાત્માની સ્તવના દ્વારા પરસ્પર વિરોધ છતાં એક સ્થાનમાં ઘટી શકતા ધર્મો સ્યાદ્વાદની સહાયથી ઘટાવી બતાવવામાં આવે છે.

[રાગ–ધનાશ્રી–ગૌડઃ “મંગલીક માલા ગુણહિ વિસાલા” એ દેશી]

**૧ લી ત્રિભઙ્ગી**

શીતલ–જિન–પતિ–લલિત–ત્રિભઙ્ગી,
વિવિધ–ભઙ્ગી મન મોહે. રે
કરુણા–કોમલતાઃ તીક્ષણતાઃ
ઉદાસીનતાઃ સોહે. રે શીતલ૦ ૧.

**લલિત**=મનોહર. **ત્રિ-ભઙ્ગી**=ત્રણ ત્રણ ભાંગાવાળી, ત્રણ ત્રણ ભેદોવાળી. **વિવિધ-ભઙ્ગી**=જુદી જુદી રીતે થતા ભાંગાઓવાળી. **ભઙ્ગી**=ભાંગા, ભેદ, વિકલ્પ. **મોહે**=મોહ પામે છે. ગમે છે. છે. આકર્ષે છે. મોહે. **કરુણા**=દયા. **કોમલતા**=નરમાશ, સુંવાળાપણું, નમ્રતા, દયાળુપણું, કુણું મન. **તીક્ષ્ણતા**=તીખાપણું, આકરાપણું, તીવ્રતા. **ઉદાસીનતા**=બેપરવાઇ, તટસ્થતા. **સોહે**=શોભે છે. ૧

જુદી જુદી રીતે થતા ભાંગાઓવાળી શ્રી શીતલ જિનેશ્વર દેવને લાગુ પડતી અથવા તેમણે ઉપદેશેલી-તેમની જુદા જુદા ભાંગાઓવાળી સુંદર ત્રિભંગી મનમાં આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. તે ત્રિભંગી આ પ્રમાણે છે.........

૧ કરુણા-કોમળતાઃ ૨ તિક્ષણતાઃ અને ૩ ઉદાસીનતાઃ એમ પરસ્પર વિરુદ્ધ ત્રણ ગુણોવાળી છતાં એ ત્રિભંગી શ્રી **શીતલનાથ** પ્રભુમાં ખુબ ખીલી ઉઠે છે. ૧

**પરસ્પર** વિરોધમાં પણ સમતા-શીતલતા-શાંતિ બતાવીને શ્લેષથી શ્રી **શીતલ** શબ્દની સાર્થકતા બતાવી છે.

**૧ લી રીતે ઘટનાઃ**

**સર્વ-જન્તુ-હિત-કરણી કરુણાઃ.**
**કર્મ-વિદારણ તીક્ષણઃ. રે**
**હાના-ऽऽदान-રહિત-પરિણામી**
**ઉદાસીનતાઃ વીક્ષણ. રે શીતળ૦ ૨.**

**સર્વ-જન્તુ-હિત-કરણી**=સર્વ પ્રાણીઓનું હિત કરવાની ભાવના. **"સવિ જીવ કરું શાસન-રસી. એસી ભાવ-દયા મન-ઉલ્લસી"** તે સ્વરૂપે. **કરુણા**=દયા, ભાવદયા. **કર્મ-વિદારણ**=કર્મોનો નાશ કરવા રૂપ. **હાન**=ત્યાગ કરવો. **આદાન**=ગ્રહણ કરવું. **હાના-ऽऽदान-રહિત-પરિણામી**=ત્યાગ, કે સ્વીકાર. એ બન્નેયપણે રહિત-તટસ્થતા-પરિણામ રૂપ. **ઉદાસીનતા-વીક્ષણ**=ઉદાસીનપણે-તટસ્થપણે જોવાનું થાય છે. ૨

**પ્રભુજીમાં:—**

૧. **"સવિ જીવ કરું શાસન રસી"–એસી ભાવ દયા મન ઉલ્લસી.** આ જાતની સર્વ જંતુઓનું હિત કરનારી **કરુણાઃ છે.**
૨. કર્મોનો નાશ કરનારી તીક્ષ્ણતા છે. નિરુક્તાર્થ પ્રમાણે-પ્રભુજી **અરિહંત** ભગવાન કહેવાય છે. એટલે કે–**અરિ**–ને **હંત** એટલે હણનારા છે. અહીં **અરિ** એટલે કર્મરૂપી શત્રુઓ લેવાના છે. તેને હણવા માટે–રત્નત્રયીની તીવ્ર જ્યોતિ જગાડવી પડે છે. એટલે એ રીતે **તીક્ષ્ણતાઃ** પણ આવે છે.
૩. પ્રભુજીની સાધક દશા મટીને અપ્રમત્ત ભાવમાં રહેલા પ્રભુજીની સિદ્ધ દશા પ્રગટ થવાથી ને જગતના સઘળા પદાર્થોને તટસ્થપણે–ઉદાસીનપણે–જોતા હોય છે, તેથી તેઓ ન તો કોઇનો ત્યાગ કરવાની પ્રવૃત્તિ કરે છે. ન તો કોઇનો સ્વીકાર કરવાની પ્રવૃત્તિ કરે છે–ત્યાગ અને સ્વીકાર રહિત પરિણામવાળી ઉદાસીનપણાની નિર્લેપ દૃષ્ટિ સાક્ષિમાત્ર–પણું પ્રાપ્ત થાય છે.

**આ** એક પ્રકારે આત્મામાં **ત્રિભઙ્ગીની** ઘટનાક રી બતાવી. ૨

> **પર–દુઃખ–છેદન ઇચ્છા કરુણાઃ**
> **તીક્ષ્ણઃ પર–દુઃખ રીઝે રે**
> **ઉદાસીનતાઃ ઉભય–વિલક્ષણ,**
> **એક ઠામે કેમ સીઝે રે?** **શીતલ૦ ૩**

**પર–દુઃખ–છેદન–ઇચ્છા**=બીજાનું દુઃખ દૂર કરવાની ઇચ્છા. **પર–દુઃખ**=બીજાને થતા દુઃખથી. **રીઝે**=રાજી થાય. રાજી થવું. **ઉભય–વિલક્ષણ**=બન્નેયથી જુદા પ્રકારે હોવું. **એક–ઠામે**=એકજ ઠેકાણે, એકજ વસ્તુમાં, એકજ આશ્રયમાં. **કેમ**=કેવી રીતે. **સીઝે ?**=સિદ્ધ થાય? ઘટે? સંભવે? ૩

દુનિયામાં વ્યાવહારિક રીતે વિચાર કરતાં:–

૧. **કરુણાઃ** એટલે બીજાના દુઃખો દૂર કરવાની ઇચ્છા.

૨. **તીક્ષ્ણતા:** એટલે બીજાના દુ:ખો જોઇને તેથી રાજી થવું, બીજાના દુ:ખે રાજી થવાની મનની કઠોરતા, તીક્ષ્ણતા વિના ન બને.

૩. **ઉદાસીનતા:** એટલે ન પરદુ:ખ છેદનની ઇચ્છા: ન પરદુ:ખથી રાજી થવું: એ રીતે એ બન્નેય ભાવો ન હોય, તે.

**આ** ત્રણેય પરસ્પર વિરોધ સ્વભાવો ખુલ્લાજ છે, તેમ છતાં તેઓ એક ઠેકાણે શી રીતે સંભવી શકે? એ વાત બુદ્ધિમાં ઉતરી શકે તેમ છે? આ પ્રશ્ન છે. ૩

**૨ જી રીતે ઘટના: અને જવાબ:**

**અ-ભય-દાન: તે મલ-ક્ષય: કરુણા:**
**તિક્ષણતા: ગુણ ભાવે. રે**
**પ્રેરક-વિણ-કૃતિ: ઉદાસીનતા:**
**ઇમ વિરોધ મતિ ના-ऽऽવે. રે** શીતળ૦ ૪

**અ-ભય-દાન**=દ્રવ્યથી અને ભાવથી નિર્ભયતાનું દાન, કોઇ દુન્યવી પદાર્થોથી ભય ન પામવા દેવા-નિર્ભય કરવા, તે દ્રવ્ય **અભય-દાન**; અને સંસારનો ભય મટાડી દેવો, તે ભાવ **અભયદાન. મલ-ક્ષય**=પોતાના આત્મામાં લાગેલા અનાદિ કાળનાં કર્મરૂપી મલ-મેલનો ક્ષય કરવો, તે આત્મામાં ભાવ અભયદાન. **ગુણ-ભાવ**=ગૌણપણે આત્માના સ્વભાવ પરિણતિ. તે મલ ક્ષય કરવામાં તિક્ષણતા છે. **પ્રેરક-વિણ-કૃતિ**=પ્રેરણા કરનાર તરીકે બન્યા વિના -કે-પ્રેરણાની મદદ વિના સહજ રીતે વિકસતી આત્મ પરિણતિ; તે. **મતિ**=બુદ્ધિમાં. **નાऽऽવે**=ન આવે, નથી આવતો. ૪

**પ્રશ્નનો જવાબ—**

૧. અનાદિ કર્મ રૂપી મલ-નો ક્ષય કરવા રૂપ સ્વાત્મમાં ભાવ અભયદાન પ્રગટાવવું, તે કરુણા: **નમુત્થુણં-સૂત્રમાં**-પરમાત્માનું **અ-ભય-દયાણં** વિશેષણ છે.

૨. અને તે મલ-ક્ષય કરવા જ્ઞાનાદિક ગુણોપણે આત્માની સ્વભાવ પરિણતિમાં લીન થવા રૂપ-**તિક્ષણતા:** ગૌણપણે રહેલીજ છે.

૩. પ્રેરણા કરનાર વિના સહજ ભાવેજ આત્મ પરિણતિ રૂપ કૃતિ-કર્તવ્યનિષ્ઠા. તે રૂપ **ઉદાસીનતા:** પણ છે.

**આ** રીતે એકજ આત્મામાં આ ત્રણેય ગુણો જુદી જુદી અસર નિપજાવનાર તરીકે રહેલા છે. માટે એકજ આત્મામાં હોવામાં કાંઇ પણ વિરોધ હોવાનું બુદ્ધિ કબુલ કરતી જ નથી. ૪

**જુદી જુદી અનેક ત્રિભઙ્ગીઓનું દિશા સૂચન.:-**

**શકિત: વ્યકિત: ત્રિ-ભુવન-પ્રભુતા:**
**નિર્ગ્રન્થતા: સંયોગે. રે**
**યોગી: ભોગી: વકતા: મૌની;**
**અનુપયોગી: ઉપયોગે. રે શીતળ૦ ૫**

**શક્તિ**=સર્વ સામાન્ય સ્વભાવે તે શક્તિઓ. **વ્યકિત**=પ્રત્યેક આત્મ દ્રવ્યોના વ્યક્તિગત સ્વ સ્વભાવો-**તથાભવ્યતા** રૂપ જુદા જુદા પણ છે. **ત્રિ-ભુવન-પ્રભુતા**=ત્રણ લોકમાંના સર્વ પ્રાણીઓનું સ્વામિપણું, ત્રિલોક પૂજ્યપણું. **નિર્ગ્રન્થતા**=ગાંઠમાં કાંઇપણ ધન વગરના. પોતાની ગાંઠમાં, પોતાના કબજામાં-પોતાની માલીકીની કોઇપણ ચીજ વગરના. તદ્દન નિ:સ્પૃહી. **સંયોગે**=બબ્બેના સંયોગથી ત્રીજો ભંગ બનાવવો. કોઇપણ પરસ્પર વિરોધી બે ગુણોના સંયોગનો ત્રીજો ગુણ બનાવીને, ત્રિભંગી બનાવવી. **યોગી**=મોક્ષની સાથે જોડે તેવા ગુણો ધરાવનારા. **ભોગી**=આત્મ ગુણોનો જાતે ભોગ અનુભવ કરનારા. **વકતા**=બોલનારા, દેશના આપવાદ્વારા વાણીનો વ્યાપાર કરનારા. **મૌની**=મુનિભાવમાં રહેલા, વચન વ્યાપાર વગરના. મુનિપણાના ધારક. **અનુપયોગી**=ઉપયોગ વગરના, ઉપયોગ ન મુકનારા. **ઉપયોગે**=જ્ઞાન અને દર્શનના ઉપયોગમાં વર્તનારા. ૫

ઉપર જણાવ્યા સિવાયની બીજી પણ ઘણી ત્રિભંગીઓ નીચે પ્રમાણે આત્મામાં-પરમાત્મામાં ઘટે છે:—

૧. (૧) શક્તિ; (૨) વ્યક્તિ; (૩) શક્તિ-વ્યકિત-રહિત.

૨. (૧) ત્રિભુવન પ્રભુતાઃ (૨) નિર્ગ્રન્થતાઃ (૩) ત્રિભુવન–પ્રભુતા–નિર્ગ્રન્થતા–રહિત.

૩. (૧) યોગીઃ (૨) ભોગીઃ (૩) યોગ–ભોગ–રહિત.

૪. (૧) વકતાઃ (૨) મૌનીઃ (૩) વક્તૃત્વ–મૌન–રહિત.

૫. (૧) ઉપયોગવંતઃ (૨) અનુપયોગવંતઃ (૩) ઉપયોગ–અનુપયોગ–રહિત.

પ્રથમની એકઃ અને આ ગાથામાંની પાંચઃ એમ કુલ ૭ ત્રિભંગીઓ મૂળ સ્તવનમાંજ બતાવી છે.

આ ત્રિભંગીઓની સમજ નીચે પ્રમાણે છેઃ—

૧ઃ ૧. શક્તિ–પણ દરેક દ્રવ્યની જેમ જીવ-આત્મ દ્રવ્યનો પણ એક સ્વભાવ છે. શક્તિ એટલે સામાન્ય ઓઘ શક્તિ અને સમુચ્ચય શક્તિઃ માટીમાં જુદા જુદા વાસણ બનવાની ઓઘ શક્તિ છે. અને ઘાસમાં ઘી રૂપે બનવાની સમુચ્ચય શક્તિ છે. શક્તિ એટલે સામાન્ય-ધર્મ, અન્વયિપણું, દ્રવ્યપણું. અથવા સઘળા આત્મા એક રૂપે છે. "એગે આયા" એક આત્મા છે.

૨. વ્યક્તિઃ એક એક અલગ અલગ ગુણો–જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ વિગેરે વિગેરે ગુણો આત્મામાં અલગ અલગ પણ છે. અથવા પ્રત્યેક આત્મા વ્યક્તિની અપેક્ષાએ અલગ અલગ પણ છે. વિશેષ ધર્મની અપેક્ષાએ દરેક આત્મ–વ્યક્તિ અલગ અલગ પણ છે. સ્વદ્રવ્યઃ સ્વક્ષેત્રઃ સ્વકાળઃ અને સ્વભાવઃના ભેદની અપેક્ષાએ પણ દરેક દ્રવ્ય અલગ અલગ અનેક રૂપે છે, એટલે કે–એક આત્મા પણ અનેક રીતે છે.

૩. શક્તિ–વ્યક્તિ–રહિતઃ પ્રત્યેક આત્મા અનેક સ્વ-ગુણ પર્યાયો-રૂપ વ્યક્તિઓની શક્તિ રૂપે છેઃ પરંતુ એકાંતથી એ પ્રમાણે નથી. પ્રત્યેક ગુણોઃ અને પર્યાયોઃ રૂપે પણ પર્યાયાર્થિક નયની દૃષ્ટિથી છે

પરંતુ એકાંતથી એમ પણ નથી. એટલે એકાંતથી-દ્રવ્ય ન સામાન્યરૂપ છે, ન વિશેષરૂપ છે. પરંતુ પરસ્પર સાપેક્ષ ઉભયરૂપે આત્મા–પરમાત્મા અને એકંદર સર્વ પદાર્થો છે.

૨: ૧. આત્માના સઘળા ગુણો ખીલેલા હોવાથી સકળ–ગુણ–ગણના સ્વામિ પરમાત્મા **ત્રણ ભુવનના પ્રભુ** છે. તેથી તેમાં **ત્રિભુવન પ્રભુતા** છે.

૨. પરંતુ તેમણે પાંચ મહાવ્રત સાથે સામયિક વ્રત ધારણ કરેલું હોવાથી, પરમ ત્યાગી હોવાથી **નિર્ગ્રન્થતા** ધારણ કરે છે.

૩. **निर्द्रव्य–परमेश्वराः**–દ્રવ્ય રહિત–ધન રહિત–છતાં જિનદેવો પરમેશ્વરો છે, ત્રણ ભુવનના સ્વામિ છે.

પરંતુ અહીં તો–ત્રિભુવન પ્રભુતા નિર્ગ્રન્થતા રહિતઃ ગુણ ઘટાવવાનો છે. એટલે–અભવ્ય તથા કેટલાક મિથ્યાત્વિ જીવો પ્રભુને પૂજ્ય માનતા નથી. સમવસરણાદિક–અષ્ટ મહાપ્રાતિહાર્યાદિક–ઋદ્ધિ જોઇને ત્યાગી માનતા નથી તથા સિદ્ધના જીવો પરસ્પર સમાન છે. પરસ્પર પૂજ્ય–પૂજક ભાવ રહિત છે. માટે ત્રિભુવન–પ્રભુતા રહિત છે. નિર્ગ્રન્થતા રહિત–એટલે કેવળ સાધુનો વેષ ધારણ કરીને કાયમ ફરતા નથી, અથવા સ્વગુણમાં રમણતા રૂપી–મમતા તો પ્રભુજીને પણ છે, માટે નિર્ગ્રન્થતા રહિત છે. એમ ત્રિભુવન પ્રભુતા-નિર્ગ્રન્થતા રહિત છે.

૩: ૧. **યોગી**=મોક્ષ સાથે જોડાનારા રત્નત્રયીની સાધના રૂપ યોગ-યુક્ત હોવાથી યોગી.

**मोक्षेणयोजनात्–योगः । तद्वान् योगी ।**

૨. **ભોગી**=સ્વાત્મ ગુણોના ભોગી છે, અથવા ભોગાન્તરાયઃ અને ઉપભોગાન્તરાયઃ કર્મનો ક્ષય પામેલા હોવાથી, ત્રણેય લોકના સર્વ ભોગોઃ અને ઉપભોગોઃથી પણ ઉત્કૃષ્ટ સ્વાત્મ રમણતા રૂપ ભોગોના ભોગી.

૩. યોગ-ભોગ રહિત=મનઃ વચનઃ કાયાઃના યોગો રહિતઃ અને દુન્યવી ભોગોનો ત્યાગ કરેલ હોવાથી તેનાથી રહિતઃ એમ યોગઃ અને ભોગઃ રહિત.

काय–वाङ्–मनः–कर्म योगः

૪ઃ ૧. વક્તાઃ–પરમ દેશના આપતા હોવાથી વક્તા છે.

૨. મૌનીઃ–મુનિઓના સ્વામિ હોવાથી, તથા સદા આત્મભાવમાં નિષ્ઠ હોવાથી મૌની છે.

૩. અ-વક્તા-મૌનીઃ–જે કાંઇ કહે છે, તે જગત્‌માં છે, તે કહે છે. નવું કાંઇ કહેતા નથી. માટે વક્તાપણાથી રહિત છે. અને દેશના આપે છે, માટે મૌનથી રહિત છે.

૫ઃ ૧. ઉપયોગીઃ–જ્ઞાનઃ દર્શનઃના ઉપયોગમય હોવાથી ઉપયોગી છે.

૧. અનુપયોગીઃ–ઉપયોગ સદા સ્વયં પ્રવર્તતો હોવાથી તે મૂકવો પડતો નથી. અથવા, આત્માઃ અને ઉપયોગઃનો અભેદ ઉપચાર કરવાથી પરમાત્મા સ્વતઃ અનુપયોગી છે.

૩. ઉપયોગ અનુપયોગ રહિતઃ–જ્ઞાનઃ દર્શનઃના ઉપયોગ પ્રવર્તે છે, માટે અનુપયોગ રહિતઃ અને ઉપયોગ. સ્વતઃ પ્રવર્તે છે. ઉપયોગ મૂકવો પડતો નથી, માટે ઉપયોગ રહિત.

આ પ્રમાણે દરેક ત્રિભંગીનો છેલ્લો ભાંગો બેના સંયોગથી સમજવો. અહીં ઘટાવ્યા સિવાય પણ બીજી રીતે ઘટી શકાતા હોય, તે રીતે ભંગા બહુશ્રુત જ્ઞાનીની મદદથી ઘટાવવા.

ઉપસંહારઃ

ઇત્યા–ઽઽદિક–બહુ–ભઙ્ગાઃ ત્રિ–ભઙ્ગાઃ
ચમત્કાર ચિત્ત દેતી. રે
અચરિજ–કારીઃ ચિત્ર–વિચિત્રાઃ
આનન્દ–ઘન–પદ લેતી. રે શીતળ૦ ૬

ઇત્યા–ઽઽદિક=એ વિગેરે રીતે. બહુ–ભઙ્ગા=ઘણા વિકલ્પોવાળી.

**ઈત્યા-ડર્ડાદિક-બહુ ભઙ્ગા**=એ વિગેરે ઘણા ભાંગાઓવાળી. **ત્રિ-ભઙ્ગા**=ત્રિ-ભંગીઓ. **ચમત્કાર**=આશ્ચર્ય. **ચિત્ત**=મનમાં. **દેતી**=પમાડતી. **અચરિજ-કારી**=આશ્ચર્ય કરનારી. **ચિત્ર-વિચિત્રા**= સામાન્ય રીતે પણ જુદા જુદા પ્રકારની અને વિશેષે કરીને પણ જુદા જુદા પ્રકારની. ગહન. **આનન્દ-ઘન-પદ**=મોક્ષ. **લેતી**=પ્રાપ્ત કરતી. ૬

**એવા** એવા બીજા ઘણા ભાંગાઓવાળી ત્રિભંગીઓ મનમાં ચમત્કાર ઉત્પન્ન કરે છે. ચિત્ર તથા વિચિત્ર હોવાથી આશ્ચર્યકારક છે, છતાં સ્યાદ્વાદ જ્ઞાન મોક્ષમાં ઉપયોગી હોવાથી, તેનું જ્ઞાન મોક્ષ લે છે. એટલે આત્માને મોક્ષ લાવી આપનારી થાય છે.

**સ્યાદ્**વાદ શૈલી વિના જગતનું સમ્યગ્જ્ઞાન ન થાય, અને સમ્યગ્જ્ઞાન એ સમ્યગ્દર્શન હોવાનો પૂરાવો છે, અને સમ્યગ્દર્શન એ મોક્ષમાર્ગની પ્રાથમિક ભૂમિકા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય, એટલે મોક્ષ અવશ્ય મળવાનો જ છે.

**આ** રીતે, ત્રિભંગીઓનું જ્ઞાનઃ અને આત્મામાં તેની ઘટનાઃ મોક્ષ અપાવનાર હોવાથી, વિશ્વમાં શોભારૂપ છે. પરસ્પર વિરોધ જણાતાં ગુણોનો એકજ પદાર્થમાં એકી વખતે સમન્વયઃ અને તે વ્યવસ્થિત સાપેક્ષ સમન્વયઃ એ જેવી તેવી જ્ઞાનશક્તિ નથી.

## ર હ સ્યા ર્થ.

**આ** સ્તવનમાં પરસ્પર વિરુદ્ધ જણાતી બાબતોની ત્રિભંગી બતાવીને, સ્યાદ્વાદની મદદથી તેના વિરોધો દૂર કરી બતાવ્યા છે. એમ કરીને સ્યાદ્વાદની ખુબી જણાવી છે.

**સ્યાદ્**વાદી સર્વત્ર વિરોધનો યથાસંભવ પરિહાર કરીને, યથાસ્થિત વસ્તુ સમજીને, સ્થિર ભાવમાં રહે છે.

**સ્યાદ્વાદ** એટલે **સ્યાદ્** શબ્દની મદદથી **વાદ**=એટલે બોલવું. **સ્યાદ્** શબ્દને સાથે રાખીને જેમાં બોલવાનું થાય, તેવી વાતઃ તેવો ઉપદેશઃ તેવી દેશનાઃ **સ્યાદ્વાદ** કહેવાય. આ સ્તવનમાં સ્યાદ્-વાદનો ચમત્કાર બતાવીને સાધકને સ્થિર-પ્રજ્ઞ બનાવવાનો પ્રયાસ છે.

૧. જગત્‌માં જુદા જુદા અનેક પદાર્થો છે.
૨. અને તેનું જુદું જુદું વ્યવસ્થિત જ્ઞાન–તે **વિજ્ઞાન** કહેવાય છે.
૩. સઘળા વિજ્ઞાનોના સરવાળા રૂપ જગતનું જ્ઞાન, તેનું નામ **વિશ્વ-જ્ઞાન** કહેવાય છે.

૪. અને વિશ્વના તે સમગ્ર પદાર્થોમાનો કયો પદાર્થ ક્યારે અને કેવી રીતે આત્મ વિકાસમાં ઉપયોગી થાય? તે રીતે–હેયઃ જ્ઞેયઃ ઉપાદેયઃ અને ઉપેક્ષ્યઃ કેવી રીતે છે? તેની વિચારણાઃ તે **તત્ત્વજ્ઞાન.**
૫. આ તત્ત્વજ્ઞાનનો બોધઃ અને તે બોધમાં જણાતા પદાર્થોનો ઘટતે વખતે યથાયોગ્ય ઉપયોગઃ સ્યાદ્‌વાદની મદદ વિના સમજી ન શકાય, તથા અમલમાંયે મૂકી ન શકાય.

૬. સ્યાદ્‌વાદ વિના તત્ત્વજ્ઞાનને ન ચાલે. તત્ત્વજ્ઞાનની વ્યવહારુતા સ્યાદ્‌વાદ બતાવી શકે છે. તત્ત્વજ્ઞાન વિના સ્યાદ્‌વાદની આવશ્યકતા બહુ રહેતી નથી. બન્નેય પરસ્પરમાં સહાયક છે.
૭. (૧) જેમ જ્ઞાન એકે એક વિજ્ઞાનના નયના જ્ઞાન રૂપ છે. (૨) ત્યારે પ્રમાણુ જ્ઞાન સર્વ નયના જ્ઞાન રૂપ છે. તેનો બોધ સ્યાદ્‌વાદની મદદ વિના ન થઇ શકે.

૮ તત્ત્વજ્ઞાન મોક્ષનું કારણ છે. અને સ્યાદ્‌વાદની મદદ વિના તત્ત્વજ્ઞાન સમજમાં કે ઉપયોગમાં આવી શકતું નથી. માટે સ્યાદ્‌-વાદ પણ મોક્ષનું તત્ત્વજ્ઞાન મારફત કારણ છે.
૯. તેથી, **આનન્દ-ઘન-પદ લેતી.** રે એ વિશેષણ સાર્થક થાય છે.

# ૧૦. શ્રી-શ્રેયાંસનાથ-જિન-સ્તવન.

## દેશ-વિરતિઃ અને સર્વ વિરતિઃ રૂપ ભાવ અધ્યાત્મની અભિલાષા જાગ્રત્ થતાં, અધ્યાત્મનું સ્વરૂપઃ

**સ્યાદ્‌**વાદમાં શ્રદ્ધાળુ આત્મા મોક્ષના અનન્ય કારણભૂત અધ્યાત્મ માર્ગમાં આગળ વધવાની ઇચ્છાથી અધ્યાત્મનું સ્વરૂપ જાણવા સ્હેજે જ લલચાય, એ સ્વાભાવિક છે.

**आत्मानमधिकृत्य या शुद्धा क्रिया प्रवर्तते, तद्-अध्यात्मम् ॥**

"આત્માના ઉત્કર્ષને લક્ષ્યમાં રાખીને જે શુદ્ધ ક્રિયા-અનુષ્ઠાન અમલમાં મૂકવામાં આવે છે, તેનું નામ અધ્યાત્મ છે."

રાગ: ગૌડ: "અહો! મતવાલે! સાજના!" **એ દેશી.**

**શ્રી-શ્રેયાંસ-જિન! અન્તર-જામીઃ**
**આતમ-રામીઃ નામીઃ રે**
**અધ્યાતમ-મત પૂરણ પામી.**
**સહ-જ-મુગતિ-ગતિ-ગામી. રે શ્રી--શ્રેયાં૦** ૧

**અન્તર-જામી**=અંતર્યામીઃ અંદરની પણ વાત જાણનારા. સર્વજ્ઞ. **આતમ--રામી**=આત્મામાં રમણ કરનારા. **નામી**=પ્રસિદ્ધ. **અધ્યાતમ-મત**=આત્મ વિકાસના માર્ગના સિદ્ધાંત. **પૂરણ**=પૂરી રીતે, પૂરેપૂરા. **પામી**=પ્રાપ્ત કરી.**સહ-જ-મુગતિ-ગતિ-ગામી**=સહજ રીતે જ મોક્ષ ગતિમાં જઈ પહોંચેલા. ૧

હે શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વર દેવ! આપ અંતર્યામી છોઃ આત્મામાં રમણ કરનારા છોઃ અને જગત્‌માં તીર્થંકર દેવ તરિકે પ્રસિદ્ધ છોઃ આપ પૂરેપૂરી રીતે અધ્યાત્મ મત પ્રાપ્ત કરીને, સહજ રીતેજ મોક્ષ ગતિમાં જઈ પહોંચ્યા છો.

અધ્યાત્મની વિચારણા પ્રસંગે-અધ્યાત્મ ગુણની મુખ્યતાએ પ્રભુની સ્તુતિ કરવામાં આવી છે. ૧

**શ્રેય:** એટલે મોક્ષ. તેથી **સહજ-મુગતિ-ગતિ-ગામી:** પદ આપીને શ્લેષથી શ્રેયાંસ નામ સાર્થક કરી બતાવ્યું છે.

**૧ આત્મ-રામીનું લક્ષણઃ**

**સ-યલ-સંસારી ઇન્દ્રિય-રામી,**
**મુનિ-ગણ આતમ-રામી. રે**
**મુખ્યપણે જે આતમ-રામી,**
**તે કેવલ નિષ્કામી. રે શ્રી શ્રેયાં૦** ૨

**સયલ-સંસારી**=સઘળા સંસારી જીવો. **ઇન્દ્રિય-રામી**=પાંચેય ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયોમાં લુબ્ધ-લાલચુ: આસકત: હોય છે: **મુનિ-ગણ**=મુનિ મહાત્માઓનો સમુદાય. **આતમ-રામી**=આત્મામાં રમણ કરનારો. **નિષ્કામી**=કામના-ઇચ્છા-આસક્તિ રહિત. **કેવલ**=ફકત. જ.

સઘળા સંસારી જીવો ઇન્દ્રિયોના વિષયોમાં રચ્યા પચ્યા હોય છે. માત્ર મુનિ મહારાજાઓ આત્મામાં રમણ કરનારા હોય છે. આત્મામાં રમણ કરનારાઓનું મુખ્ય લક્ષણ એ છે, કે-તેઓજ વિષયોમાં આસક્તિ વગરના હોય છે. એટલે કે-વિષયોમાં આસકિત વગરના હોય, તેજ **આતમ-રામી** સમજવા. ૨

જગત્માં **ઇન્દ્રિય-રામી**: અને **નિષ્કામ યોગીઓ**: એમ બન્નેય પ્રકારના માનવો સહજ રીતેજ પ્રત્યક્ષપણે જોવામાં આવે છે. એ નિષ્કામ જીવન નીતિમય જીવન કરતાં કોઇ-ઘણીજ ઉંચી કોટીનું જીવન છે. તે જાતની માનસિક સૃષ્ટિ ધરાવતા માનવો જગત્માં કુદરતી રીતેજ હોવાના પૂરાવા છે.

ઇન્દ્રિયોના સુખો ઓછાં હોય, તો તેમાં સંતોષ ન માનતાં વધુ ને વધુ મેળવવા માટે નીતિ-અનીતિનો પણ વિચાર કર્યા વિના અનેક પ્રકારની તાલાવેલી કરનારા જીવો સ્વાભાવિક રીતેજ મળી આવે છે. ત્યારે બીજા કેટલાક જીવો એવા હોય છે, કે પૂરતા સુખો હોવા છતાં, તેમાં ઉદાસીનતા ધરાવતા હોય છે. યા તો, તે છોડીને તેના વિના પણ તદ્દન સંયમી અને તપસ્વી જીવન વીતાવનારાઓ પણ સ્વાભાવિક રીતેજ મળી આવે છે, આવું જીવન: એ જગત્માં આધ્યાત્મિક જીવન સ્વાભાવિક રીતેજ વિદ્યમાન હોવાનો પૂરાવો છે. **આધ્યાત્મિક જીવન-માર્ગ** કોઇ કૃત્રિમ: કે લોકોને ભ્રમણામાં નાંખવા કોઇએ ઉભી કરેલી વસ્તુ નથી. એ ઉપરથી, આત્માના ગુણોના ક્રમિક વિકાસની: તેમજ, તે વિકાસની પરાકાષ્ઠાની-**મોક્ષની**: પણ સાબીતી એટલીજ સહજ રીતે મળી જાય છે. તેથી જ, આધ્યાત્મિક વિકાસમાં મદદગાર ધર્માનુષ્ઠાનો રૂપ **ધર્મ**:

તેના સંચાલક **ધર્મ શાસન સંસ્થા** રૂપ **ધર્મ**: અને તેના તરફની વફાદારી રૂપ **ધર્મ**: માનવ જાતને: અને પ્રાણી માત્રને: કુદરતી રીતેજ જરૂરી હોવાનું સાબીત થાય છે. ધર્મ એ એક એવું **અનિવાર્ય કર્તવ્ય** ઠરે છે, તેનો ત્યાગ થઈ ન શકે, તેનો વિરોધ કરી ન શકાય, તેવી એ વસ્તુ છે. ૨

૨. **અધ્યાત્મનું લક્ષણ:**

**નિજ-સ્વ-રૂપ જે કિરિયા સાધે,**
**તે અધ્યાતમ લહીયે. રે**
**જે કિરિયા કરી ચઉ-ગતિ સાધે,**
**તે ન અધ્યાતમ કહીયે. રે** **શ્રી શ્રેયાં૦ ૩**

**નિજ-સ્વ-રૂપ**=આત્માનું પોતાનું સ્વરૂપ. **સાધે**=સાધી આપે, પ્રાપ્ત કરાવે. **લહિયે**=જાણવું. **ચઉ-ગતિ**=નરક: તિર્યંચ: દેવ: અને મનુષ્ય: એ ચાર ગતિ. ૩

જે ક્રિયા પોતાનું સ્વરૂપ સાધે, તે ક્રિયાનું નામ **અધ્યાત્મ** જાણવું. અને જે ક્રિયા કરવાથી ચારેય ગતિમાં રખડવું પડે-ચારેય ગતિને સાધી આપે, તેને **અધ્યાત્મ** કહી શકાય નહીં. ૩

**વિષ**: અને **ગરલ**: ક્રિયાને **અધ્યાત્મ** ન કહી શકાય. કેમકે-તેમાં નિયાણાં હોય છે. જેનો નિષેધ છે. **અનનુષ્ઠાન** ક્રિયા અપેક્ષાએ ત્યાજ્ય અને અપેક્ષાએ આદરણીય છે. **તદ્ધેતુ ક્રિયા**: અને **અમૃત ક્રિયા** તો સર્વથા આદરણીય જ છે. આદરણીય ક્રીયા અધ્યાત્મ રૂપ છે, અનાદરણીય ક્રિયાને અધ્યાત્મ કહી શકાય નહી:

"**માત્ર** કોઈ પણ ક્રિયા કરી નાંખી, કે અમુક જાતનું માત્ર જ્ઞાન મેળવ્યું" તે "અધ્યાત્મ" નથી. ૩

૩. **અધ્યાત્મના ચાર નિક્ષેપા:**

**નામ-અધ્યાતમ: ઠવણ-અધ્યાતમ:**
**દ્રવ્ય-અધ્યાતમ: છંડો. રે**

ભાવ-અધ્યાતમઃ નિજ-ગુણ સાધે,
તો-તેહશું રઢ મંડો. રે      શ્રી શ્રેયાંસ૦ ૪

**નામ-અધ્યાતમ**=નામથી અધ્યાત્મઃ "અધ્યાત્મ" એવું જે કોઈ પદાર્થનું નામ હોય, તે નામ અધ્યાત્મ. **ઠવણ-અધ્યાતમ**=સ્થાપનાથી અધ્યાત્મ. અધ્યાત્મના કોઈપણ ગુણ-કે અંગભૂત બાબતની સ્થાપનાઃ આકૃતિઃ ચિત્રઃ નકશોઃ ક્રમિક આધ્યાત્મિક વિકાસનો નકશોઃ વિગેરે-સ્થાપના અધ્યાત્મ. **દ્રવ્ય-અધ્યાતમ**=ભાવ અધ્યાત્મના **કારણો**-સાધનોઃ તેના સહકારી બાહ્ય સહાયકોઃ તે પામવાની પૂર્વ ભૂમિકાઃ ઉપકરણોઃ ધર્મ શાસનોઃ ધર્મ સંઘઃ તથા ભાવ અધ્યાત્મના ભાવિ પરિણામોઃ આત્માની મોક્ષાવસ્થા વિ. રૂપ **કાર્યો**ઃ તે સઘળા દ્રવ્ય-અધ્યાત્મ. **છંડો**=છોડી ઘો. **ભાવ-અધ્યાતમ**=ભાવથી-સાક્ષાત્ સ્વસ્વરૂપે-જે અધ્યાત્મ હોય, તે ભાવ અધ્યાત્મ. **નિજ-ગુણ**=પોતાના આત્માનો ગુણ-અથવા ભાવ અધ્યાત્મનો પોતાનો જે ગુણ છે, તે. **સાધે**=સિદ્ધ કરે, પ્રગટ કરે, સાધી આપે. **તેહશું**=તેની સાથે, તેમાં. **રઢ**=દૃઢતાપૂર્વક. **મંડો**=મચી પડો, તેમાં રઢ લગાવો. તેમાં તલ્લીન થાઓ. ૪

કેવળ-નામ અધ્યાત્મઃ સ્થાપના અધ્યાત્મઃ અને દ્રવ્ય અધ્યાત્મઃ કે જે ભાવ અધ્યાત્મમાં સહાયક ન હોય, તેને છોડી દેવા જોઇએ, **અને**-અધ્યાત્મનું પોતાનું સાચું સ્વરૂપ એ છે, કે-જે પોતાનો આત્મિક ગુણ પ્રગટ કરે, સાધે, તે **ભાવ અધ્યાત્મ** છે. અને તોજ તેમાં દૃઢ રીતે મચી પડો. પરંતુ, અધ્યાત્માભાસની પાછળ પડવાનું નથી. જે બહારથી ભાવ અધ્યાત્મ જણાતું હોય, છતાં જો તે નિજ-ગુણ ન સાધી શકે, તો તે **ભાવ અધ્યાત્મ** ન સમજવું.

ભાવ અધ્યાત્મના પણ ચડતા ઉતરતા ઘણા દરજ્જા હોય છે. ઉચ્ચ ઉચ્ચ દરજ્જા ઉપર પહોંચ્યા પછી, નીચે નીચેના દરજ્જા છોડી દેવાના હોય છે. ઉંચો ઉંચો દરજ્જો પ્રાપ્ત ન થયો હોય, ત્યાં સુધી જે દરજ્જા ઉપર આત્મા સ્થિર હોય, તે દરજ્જાની સાધના એવી

દૃઢ રીતે સાધવાની હોય છે, કે-જેથી કરીને ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત થાય જ.

**ભાવ**-અધ્યાત્મના આભાસમાં ન ગુંચવાઇ જવાય, માટે-"નિજ-ગુણ સાધે, **તો** તે ભાવ અધ્યાત્મ છે." એમ જણાવ્યું છે. "ન સાધે, તો તે ભાવ અધ્યાત્મ નથી." એમ સમજી લેવું.

**ભાવ** અધ્યાત્મની ખરી શરૂઆતઃ આત્મ વિકાસનો ઉદ્દેશ સાધવા માટે **पञ्चा-ऽऽचार-चारिमा**=પાંચ આચારોના આચરણ-થી શરૂ થાય છે. છતાં-ચોથે ગુણસ્થાનકે **સમ્યક્ત્વની પ્રાપ્તિથી** પણ અધ્યાત્મની પ્રાપ્તિ ઠીક સ્વરૂપમાં થઇ હોવાનું કહી શકાય છે. તેથી આગળ વધીને, છેલ્લા પુદ્ગલપરાવર્તનમાં પ્રવેશ પામેલા **આદિ ધાર્મિક-અપુનર્બંધક જીવનો** જે મોક્ષાશયઃ તે પણ પ્રાથમિકમાં પ્રાથમિક અધ્યાત્મ કહી શકાય છે. પઞ્ચાચાર **ચારિમા-એવંભૂત નયથી** અધ્યાત્મ ગણી શકાય છે. અને **મૈત્રી** વિગેરે ભાવનાઓથી મન વાસિત થવા લાગે, ત્યારથી **ઋજુસૂત્ર નયથી** અધ્યાત્મ ગણી શકાય છે. તથા **અપુનર્બંધક ભાવ** કે **સકૃતબંધક ભાવ** આવ્યા પછીથી નૈગમ નયથી અધ્યાત્મ ગણી શકાય છે.

**અપ્રમત્ત ભાવથી** ૧૪ મા **અયોગી ગુણસ્થાનક** સુધી તો પરમ-ભાવ અધ્યાત્મ કહી શકાયઃ નિશ્ચય નયનું ભાવ અધ્યાત્મ કહી શકાયઃ તેના યે ઉત્તરોત્તર ચડતા ઉતરતા ઘણા ભેદ છે.

૧. ચરમાવર્તમાં પ્રવિષ્ટ જીવના ધર્માનુષ્ઠાન વ્યવહારનયથી ધર્મ છે.
૨. સમ્યક્ત્વની પ્રાપ્તિથી પ્રમત્તસંયત સુધીના ધર્માનુષ્ઠાન વ્યવહાર-નય અને નિશ્ચયનયથી ધર્મ છે.
૩. પ્રમત્તભાવની પ્રાપ્તિ પછીના ધર્માનુષ્ઠાનો નિશ્ચયનયથી ધર્મ છે.
૪. શૈલેશીકરણ પ્રાપ્તને જ પરમ નિશ્ચય-શુદ્ધ એવંભૂતનયથી ધર્મ હોય છે. જે તુરત જ મોક્ષ આપે છે.

૪. **શબ્દઃ અને અર્થઃ અધ્યાત્મના લાભઃ—**

શબ્દ-અધ્યાતમ-અર્થ સુણીને,
નિર્વિકલ્પ આદરજો. રે
શબ્દ-અધ્યાતમ=ભજના જાણી,
હાન-ગ્રહણ-મતિ ધરજો. રે શ્રી શ્રેયાંસ૦ ૫

**શબ્દ-અધ્યાતમ**=અધ્યાત્મ શાસ્ત્ર અથવા **શબ્દ નયની** અપેક્ષાએ અધ્યાત્મ. **અર્થ**=અર્થ રૂપ અધ્યાત્મ. **સુણીને**=જાણી લઇને. **નિર્વિકલ્પ**=મનઃ વચનઃ કાયાઃની નિવૃત્તિ-ગુપ્તિઃ કષાયોનો રોધ-ઉપશમ-અથવા ક્ષય, અથવા નિર્વિકલ્પક દશાઃ તે **ઉપશમ કે ક્ષપક શ્રેણિમાં** પ્રાપ્ત થતા શુક્લ ધ્યાનના પાયાની મદદથી આત્મા અને તેના જ્ઞાનાદિક ગુણો-પર્યાયો વિગેરેની પણ અભેદતાનો અનુભવ થવો-એકાત્મદ્રવ્યનો અનુભવ થવો. **ભજના**=હોય, કે ન પણ હોય. **હાન**=ત્યાગ. **ગ્રહણ**=સ્વીકાર. **મતિ**=વિચાર. **હાન-ગ્રહણ-મતિ**=ત્યાગ અને સ્વીકારમાં બુદ્ધિ. **ધરજો**=રાખજો અથવા **મતિ**=નહીં. મતી ધરજો-ન રાખજો. ૫

આધ્યાત્મિક શાસ્ત્રો રૂપી શબ્દ અધ્યાત્મમાંથી તેના અર્થો-વિસ્તરાર્થ-સાંભળીને છેવટે, તો **નિર્વિકલ્પ દશાજ** આદરજો. તે વિના આધ્યાત્મિક શાસ્ત્રો અને તેના અર્થનો બોધ કરવાનું ખાસ કોઇ ફળ નથી.

અથવા, ભાવ-અધ્યાત્મ નિર્વિકલ્પ-દશા પ્રાપ્ત કરવા માટેજ છે. શાસ્ત્રો તો અમુક હદ સુધીજ સહાયક થઈ શકે છે. પરંતુ છેવટે તો સામર્થ્ય યોગ-નિર્વિકલ્પક દશા-અનુભવ-જ્ઞાન-પ્રાતિભ જ્ઞાનજ અધ્યાત્મની પરાકાષ્ઠાએ લઈ જઈ શકે છે.

એ સ્થિતિમાં પહોંચ્યા પછી, ઉદાસીન ભાવ પ્રાપ્ત થવાથી કાંઇપણ લેવાનુંઃ કે છોડવાનુંઃ હોતું નથી.

અથવા, શબ્દ નયની અપેક્ષાએ અધ્યાત્મનો અર્થ **નિર્વિકલ્પ દશાનો** આદર કરવો, તે છે. કેમકે-તે **નિશ્ચય નયનો** ભેદ છે.

નિશ્ચય નયનું અધ્યાત્મ પ્રાપ્ત થયા પછી નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થાય છે.

**અથવા,** "શબ્દ અધ્યાત્મ રૂપ બધાયે શાસ્ત્રોમાં—અધ્યાત્મ હોયજ." એમ માની ન લેવું. કોઇમાં અધ્યાત્મ હોય, અને કોઇમાં ન પણ હોય. એમ અધ્યાત્મની ભજના જાણવી. માટે—નયોની મદદથી—તે શાસ્ત્રોમાંથી લેવા જેવું લેવું, અને છોડી દેવા જેવું છોડી દેવું. જો તે તારવવાની તાકાત નહીં હોય, તો તમો ભૂલાવામાં પડી જશો. અને છોડી દેવા જેવું લેઇ લેવાશે, ને લેવા જેવું છોડી દેવાશે, એમ વિપર્યય—થઈ જશે.

**અથવા, શબ્દ—નયની** અપેક્ષાએ અધ્યાત્મની ભજનાઓ—જુદી જુદી કક્ષાના ભેદો જાણ્યા પછી-ત્યાગ કે સ્વીકારની બુદ્ધિ રહેતી નથી. વિષયો તરફ તટસ્થતા પ્રાપ્ત થાય છેઃ ઉદાસીનતા પ્રાપ્ત થાય છે.

અધ્યાત્મનું પ્રયોજનઃ અને તેનું ઉચ્ચ ધ્યેયઃ આ ગાથામાં સૂચવવામાં આવેલું છે. કેમ કે—અધ્યાત્મનુ ઉપરની ગાથાઓમાં સ્વરૂપ બતાવ્યા પછી, તેનું ફળ શું? અધ્યાત્મની સાધના શા માટે કરવાની છે? તે નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરવા માટે—ઉપેક્ષાવૃત્તિ—ઉદાસીનતા—તટસ્થતા—પ્રાપ્ત કરવા માટે છે. એમ બતાવવાનો આ ગાથાનો આશય જણાય છે. કારણ કે—સ્તવન પૂરું થવા આવે છે, તેથી અધ્યાત્મ રૂપ કારણના કાર્યનો—ફળનો—નિર્દેશ કરવોજ જોઇએ. એ લક્ષ્યમાં રાખીને આ ગાથા છે.

**અથવા,** "વચનાનુષ્ઠાન પછી નિર્વિકલ્પ દશા રૂપ અસંગાનુષ્ઠાન પ્રાપ્ત થાય છે." એવો પણ ભાવ જણાય છે. ૫

**ઉપસંહારઃ**

**અધ્યાતમીઃ જે વસ્તુ—વિચારી.**
**બીજા જાણ લબાસી. રે**
**વસ્તુ—ગતેં જે વસ્તુ પ્રકાશે,**
**આનન્દ—ઘન—મત—વાસી. રે શ્રી શ્રેયાંસ૦ ૬**

**અધ્યાતમી**=અધ્યાત્મપામેલાઆત્મા. વસ્તુ **વિચારી**=વસ્તુનોવિચાર કરનારા. **લબાસી**=લેબાસી, વેષધારી. **વસ્તુ-ગતે**=વાસ્તવિક રીતે, ખરી રીતે. **પ્રકાશે**=જાહેર કરે, કહે. **આનન્દ-ઘન-મત-વાસી**= આનન્દના સમૂહ રૂપ-આત્માના મતમાં-અધ્યાત્મમાં-વાસી-વાસ કરનારા-સ્થિર થનારા, અધ્યાત્મના જાણકાર. ૬

જે વસ્તુ-વિચારી, તે અધ્યાતમી. જેઓ વસ્તુનો વિચાર કરનારા-બરાબર શ્રદ્ધનારા અને સમજનારા-છે, તે અધ્યાત્મી છે. બીજાને તો લેબાશી-વેષધારી-સમજવાના છે. “ જેઓ વાસ્તવિક રીતે વસ્તુનો-પ્રકાશ કરનારા છે-શુદ્ધ પ્રરૂપણા કરનારા છે, તે અધ્યાત્મમાં સ્થિર છે, અધ્યાત્મના જાણકાર છે.” એમ સમજવું. અથવા, “તેઓજ મોક્ષમાં વાસ કરી શકે છે, બીજાની એ તાકાત નથી.” ૬

## ૨ હ સ્યા ર્થ :

**અ**ધ્યાત્મના સાધકોએ આદર્શ તરીકે પોતાની સામે અધ્યાત્મ માર્ગના દર્શક જિનેશ્વર દેવોને હંમેશાં રાખવાજ જોઇએ, કેમકે-તેઓ જગત્માં અધ્યાત્મનો પ્રકાશ કરનારા સર્વોત્કૃષ્ટ છે, અધ્યાત્મની છેવટની હદે પહોંચી ચૂકેલા છે અને તેની પરાકાષ્ઠા રૂપ-મોક્ષમાં પણ પહોંચી ગયેલા છે. માટે તેઓનું આલંબન ન છોડવું જોઇએ.

**આ**ત્માનું એકલું-તદભિમુખ પ્રવૃત્તિ વિનાનું લક્ષ્ય-પણ **દ્રવ્ય નિક્ષેપાનું અધ્યાત્મ** છે. અને લક્ષ્ય વિનાની-તદનુકૂળ એકલી ક્રિયા પણ **દ્રવ્ય નિક્ષેપાનું અધ્યાત્મ** છે. આત્મવિકાસના લક્ષ્ય સાપેક્ષ ઉચિત ક્રિયાઃ અથવા, ઉચિત ક્રિયા સહકૃત આત્મ વિકાસનું લક્ષ્યઃ તે **ભાવ અધ્યાત્મ** છે. પરંતુ એક બીજાથી નિરપેક્ષ રહીને, એક બીજાનો વિરોધ કરનારા હોય, તો તે દરેક **દ્રવ્ય અધ્યાત્મ** કહેવાય છે.

**શુષ્ક અધ્યાત્મીઓઃ** અને **શુષ્ક ક્રિયા વાદીઓઃ** ભાવ અધ્યાત્મીઓ નથી. પરંતુ ક્રિયા સાપેક્ષ એકલું આત્મજ્ઞાનઃ કે આત્મજ્ઞાન સાપેક્ષ એકલી ક્રિયાઃ પણ જુદા જુદા જીવની અપે-

ક્ષાએ એ બન્નેય મુખ્યપણે એક એક હોય, અને બીજું ગૌણ હોય, તો પણ તેને **ભાવ અધ્યાત્મ** કહેવામાં હરકત નથી. આ હેતુથી **જૈન શાસ્ત્રોમાં** કેટલીક વખ-**ક્રિયા** શબ્દ યોગ્ય જ્ઞાનના પણ અર્થમાં: અને **જ્ઞાન** શબ્દ યોગ્ય ક્રિયાના પણ અર્થમાં: વપરાયેલા મળી આવે છે.

**કેટલીક ક્રિયાઃ** કે જ્ઞાનઃ એ બન્નેય **ભવાભિનંદીપણું** પોષતા હોય છે. તથા કેટલીક ક્રિયાઓ બહારથી અધ્યાત્મની ક્રિયા સાથે મળતી આવતી હોય, તેમ જણાવા છતાં, તે અધ્યાત્મનેજ હણતી હોય છે. તો તેને **દ્રવ્ય અધ્યાત્મ** પણ ન કહેતાં **દ્રવ્યાધ્યાત્મા ભાસ** કહેવી પડે છે, કેમકે-ભાવ અધ્યાત્મની સાધક હોય, તો તે **દ્રવ્ય અધ્યાત્મ** કહેવાય છે, નહીંતર નહીં.

**જેમ,** એકાંત ક્રિયાવાદીઓ હોય છે, તેજ પ્રમાણે એકલા જ્ઞાન-વાદીઓ-ભાવ અધ્યાત્મવાદીઓ-બહારથી જણાતા હોય છે, તો પણ તેઓ ભાવ અધ્યાત્મીઓ તો નથી, પણ ભાવનું સાધક દ્રવ્ય અધ્યા-ત્મ પણ તેઓમાં નથી હોતું. તેવા-નામઃ સ્થાપનાઃ અને દ્રવ્યઃ અ-ધ્યાત્માભાસને તો છોડવાનું સૂચવ્યુંજ છે. પરંતુ ભાવ અધ્યાત્મ પ્રાપ્ત થયા પછી નામ આદિ અધ્યાત્મોને પણ છોડવાના છે.

અધ્યાત્મને લગતા શાસ્ત્રો ઉપરથી અનુભવ લઇને, અર્થ બ્રહ્મમાં-અર્થ અધ્યાત્મમાં-નિષ્ણાત થઇને, છેવટે-નિર્વિકલ્પ દશા રૂપ પરમ બ્રહ્મ-પરમાત્મભાવનો-પરમભાવ-અધ્યાત્મનો આદર કરવાનો છે.

**शब्द-ब्रह्मणि निष्णातः पर-ब्रह्मधिगच्छति ॥**

**અર્થ** "શબ્દ બ્રહ્મમાં નિષ્ણાત થયેલો પરમ બ્રહ્મ પામે છે."

**એટલે** કે-માત્ર શાસ્ત્રાર્થોના શાબ્દિક ચુંથણામાં પડયા રહેવુંઃ આધ્યાત્મિકને પાલવે નહી.

ભાવ અધ્યાત્મનું તાત્કાલીન ધ્યેય તો **ઉપશમ** અને ખાસ કરીને **ક્ષપક** શ્રેણિમાં જે **નિર્વિકલ્પ દશા** પ્રાપ્ત થાય છે, તે છે. **આ**ધ્યાત્મિક-વિજ્ઞાનનું વર્ણન કરનારા ઘણા ગ્રંથો છેઃ પરંતુ "તે દરેકમાંથી વાસ્તવિક સાંગોપાંગ અધ્યાત્મ મળી શકે જ."

એમ ન માનવું. તે, તે વિષયના શાસ્ત્રો હોવા છતાં, તેમાં અધ્યાત્મની ભજના હોય છે. તેથી, તેમાંથી લેવા જેવું લેવાની, અને છોડી દેવા જેવું છોડી દેવાની, બુદ્ધિ કેળવજો.

આત્મ–વસ્તુનો વિચાર કરનારા એટલે કે સ્વાનુભવથી–અનુભવ કરનાર હોય, તે અધ્યાત્મી છે. અહીં અનુભવનો અર્થ એમ સમજી શકાય, કે–"આત્મ વિકાસમાં સાધક–ત્યાગઃ પંચાચારનું પાલનઃ ષડાવશ્યકાદિક પ્રતીકોઃ અને તેના ફળ રૂપ રત્નત્રયીના વિકાસમાં ઉત્તરોત્તર વધારોઃ એ જાતનો અનુભવ કરનારા સાક્ષાત્ અધ્યાત્મનો અનુભવ કરનારા છે.

**લબાસી** શબ્દનો અર્થ અમે **લેબાસી**–વેષધારી કર્યો છે.

**આ** સ્તવનનો ભાવાર્થ=**ઉપદેશ પ્રાસાદમાં** એક ઠેકાણે **નીચે** પ્રમાણે લીધો છેઃ—

"જિનેશ્વર પરમાત્માનું જ્ઞાન સર્વત્ર અસ્ખલિતપણે પ્રવર્તતું હોવાનું જાણ્યા પછી, આ જાતના પ્રશ્ન કર્યાઃ—

"**ભ**ગવન્! મારા ગુરુ અધ્યાત્મના સ્વરૂપનું વર્ણન કહે છે, તે સાચું? કે નહીં?"

પ્રભુએ કહ્યુંઃ—

"હે શ્રેષ્ઠિન્! નામઃ સ્થાપનાઃ દ્રવ્યઃ અને ભાવઃ ભેદે ચાર પ્રકારનું અધ્યાત્મ કહ્યું છે. તેમાંના પ્રથમના ત્રણ ભેદો ભાવ અધ્યાત્મના કારણો તરીકે જાણવા. ભાવ અધ્યાત્મવાળાનું કામ સંપૂર્ણ સફળ થાય છે, બીજી રીતે થતું નથી. **તે**મજ, કોઇ કહે છે, કેઃ —

"હું અધ્યાત્મ જાણું છું અને તેના સુખનો અનુભવ પણ કરું છું."

**તે** વાત યોગ્ય નથી. કેમકે–શબ્દ અધ્યાત્મમાં અધ્યાત્મની ભજના જાણવી. કેમકે–અધ્યાત્મ એ કોઇ મૂર્તિમાન્ પદાર્થ નથી, કે જે લઇ શકાય, કે દઇ શકાય. માટે શબ્દાધ્યાત્મમાં અધ્યાત્મની ભજના હોય છે–એટલે કે હોય, કે ન પણ હોય. માટે–અર્થાધ્યાત્મમાં જ નિર્વિકલ્પક સ્વરૂપ વર્તતું હોય છે. **અ**ધ્યાત્મ સિવાય આત્માનો કોઇ પણ તેવા પ્રકારનો ઉપકારી નથી. અધ્યાત્મ–જ્ઞાનના સ્વાદના સુખ–સાગર આગળ ઇંદ્ર–દોગુંદકદેવ વિગેરેનું સુખ બિન્દુમાત્ર પણ ન થાય.

**તથા.** તર્કો-વૈરાગ્ય-શાસ્ત્ર વિગેરેની યુક્તિના જાણકારો છતાં અધ્યાત્મ-મયી સુંદરઃ **આગમથી** બાહ્ય પ્રકારની અનેક પ્રકારે શુષ્ક યુક્તિઓ રજુ કરે છે, પરંતુ તે સઘળું સંસાર વધારનારું થાય છે, એમ સમજવું.”

**અધ્યાત્મનું સ્વરૂપ શ્રીમદ્ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત-અધ્યાત્મસાર-અધ્યાત્મોપનિષદ્-બત્રીશ બત્રીશી** વિગેરેમાંથી ખુબ વ્યવસ્થિત રીતે સમજવા જેવું છે. બહુજ ચમત્કાર ઉત્પન્ન કરે, ને જગતૂના કોઇ પણ વિદ્વાન્‌નું હૈયું હલાવે, તેવી રીતે તે ગ્રંથોમાં અધ્યાત્મનું સ્વરૂપ સમજાવેલું છે.

**સ્તવનની રચના એવી છે, કે-અનેક અર્થો કલ્પનામાં આવે છે, તે મુજબ અમે લખ્યા છે. છતાં, આ સ્તવન ગુરુગમથી ખાસ સમજવા પ્રયાસ કરવો. પાંચમી ગાથાનો ભાવ બીજો પણ હોય.**

## અધ્યાત્મની શરૂઆત અને અંત તથા તેના ચડતા ઉતરતા દરજ્જા.

| | |
|---|---|
| **૧ ચરમાવર્તમાં પ્રવેશ.**<br>**૨ અપુનર્બંધક ભાવ.**<br>**૩ ધર્મ પૂછવાનો મનમાં અંકુર ઉઠવો.**<br>**૪ ધર્મ પૂછવાની ઈચ્છા.**<br>**૫ સાધુ પાસે જવાની ઈચ્છા.**<br>**૬ ધર્મ સમજવો.**<br>**૭ ધર્માનુષ્ઠાન કરવા.**<br>**૮ માર્ગાનુસારીપણું.**<br>**૯ માર્ગાભિમુખતા.**<br>**૧૦ માર્ગમાં ચાલતો.**<br>**૧૧ સમ્યગ્દર્શન પામવાને તૈયાર.** | આ જીવો મિથ્યાત્વ ગુણસ્થાનકે છતાં જૈનશાસન અને જૈનસંઘમાં પણ હોય અથવા બીજા કોઇપણ આધ્યાત્મિક પાયા ઉપર રચાયેલા જૈનેતર ધર્મમાં પણ હોઇ શકે. એકંદર ચારેય ગતિમાં પણ સંભવે. પ્રથમની ચાર દૃષ્ટિ સુધીમાં આ જીવો સંભવે. સમ્યગ્દર્શનાદિક પ્રાપ્તિનો આદર્શ સાધવાના ઉદ્દેશથી તેમના દાનાદિક પણ કેટલેક અંશે સફલ હોય છે. પરંતુ ચરમાવર્તમાં ન પ્રવેશેલાના-ભવાભિનંદિના દાનાદિકો આધ્યાત્મિક ફળ ન આપતાં તેથી વિરુદ્ધ સંસારમાં ભ્રમણરૂપ ફળમાં સહાયક થાય છે. |
| **૧૨ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ.** | પ્રાયઃ જૈનશાસનમાં પ્રવિષ્ટને સંભવે, એકંદર ચારેયગતિમાં સંભવે. પાંચમી દૃષ્ટિ. |

| | | |
|---|---|---|
| ૧૩ શ્રાદ્ધ, શ્રાવક, દેશ વિરત. | પ્રાયઃ જૈનદર્શનમાં પ્રવિષ્ટને સંભવે. એકંદર મનુષ્ય અને તિર્યંચ ગતિમાંજ સંભવે. છઠ્ઠી દૃષ્ટિ. | |
| ૧૪ અનંતાનુબંધિ વિસંયોજક ૧૫ દર્શન મોહોપશામક. | પ્રાયઃ જૈનદર્શનમાં પ્રવિષ્ટ અને ચારેય ગતિમાં સંભવે. | |
| ૧૬ દર્શન મોહક્ષપક. | તીર્થંકરકાલીન મનુષ્યજ શરૂઆત કરી શકે. પૂર્વબદ્ધ આયુષ્યની અપેક્ષાએ ચારેય ગતિમાં સંભવે. | |
| ૧૭ ચારિત્ર મોહોપશામક. ૧૮ ઉપશાંત ચારિત્રમોહ. | અપ્રમત્ત ભાવને પ્રાપ્ત થયેલા સર્વ વિરક્ત ઉપશમ શ્રેણિ ઉપર ચડેલા મનુષ્યો પ્રાપ્ત કરી શકે છે. અને ત્યાંથી પડે છે. | |
| ૧૯ ચારિત્ર મોહક્ષપક. ૨૦ ક્ષીણ ચારિત્ર મોહ. | અપ્રમત્ત ભાવને પ્રાપ્ત થયેલા ક્ષપકશ્રેણિ ઉપર ચડેલા મનુષ્યો પ્રાપ્ત કરી શકે છે. અને પડતા નથી. છેવટે કેવળ જ્ઞાન પામેજ છે. સાતમી દૃષ્ટિ. | |
| ૨૧ સયોગી કેવલી, | કેવળી ભગવંતો તરીકે વિચરીને ઉપદેશ પણ આપે છે. | આઠમી |
| ૨૨ આવર્જિ-કરણસ્થ. | યોગો રુંધવાની શરૂઆત કરે છે. | દૃષ્ટિ |
| ૨૩ અયોગી કેવલી. | યોગો રુંધાઇ ચૂકે છે. ને | હોય છે |
| ૨૪ શૈલેશી કરણની પ્રાપ્તિ. | પછી તરતજ એક સમયમાં મોક્ષમાં જાય છે. | |

# ૧૨. શ્રી-વાસુ-પૂજ્ય-જિન-સ્તવન.

## ત્રિવિધ ચેતનાત્મક આત્માઃ અને મુનિપણાની-શ્રમણપણાની પૂર્વ ભૂમિકા રૂપ વિશિષ્ટ આત્મ-જ્ઞાનઃ

**આ**ત્માના અપુનર્બંધક ભાવથી માંડીને સમ્યગ્દર્શનાદિક ગુણોનો વિકાસ કરવાના જે જે યોગ્ય પ્રયત્નોઃ તે સર્વ **અધ્યાતમઃ** કહેવાય છે, **પરંતુ** આત્મા વિના અધ્યાત્મનો સંભવજ ન હોઇ શકે, **"નિજ-સ્વ-રૂપ જે કિરિયા સાધે, તે અધ્યાતમ કહિયે. રે!"** તેથી, નિજનું-આત્માનું-સ્વ-રૂપ કેવું છે? તે આધ્યાત્મિકોએ જાણવું જોઇએ. ત્યારેજ મુનિભાવ-શ્રમણપણું પ્રાપ્ત થાય,

**રાગ: ગોડી:** તથા **પરજ:** "તુંગિયા-ગિરિ-શિખર સોહે." **એ દેશી.**

**વાસુ-પૂજ્ય જિન: ત્રિ-ભુવન-સ્વામી:**
**ઘન-નામી: પરિણામી: રે**
**નિરા-ऽऽકાર: સા-ऽऽકાર: સ-ચેતન:**
**કરમ: કરમ-ફળ-કામી: રે વાસુ૦ ૧**

**વાસુ-પૂજ્ય-જિન**=ઈંદ્રોને પૂજ્ય એવા શ્રી **વાસુપૂજ્ય** નામના જિનેશ્વર દેવ. **ત્રિ-ભુવન-સ્વામિ**=દેવો--અસુરો--માનવો--રાજાઓ--ઋષિઓ--ચારણ મુનિઓ--વિદ્યાધર મુનિઓ વિગેરે-ત્રણ લોકમાંના માન્ય પુરુષોને ય પૂજ્ય હોવાથી ત્રણ ભુવનના સ્વામિ. **ઘન-નામી=ભાવ વાસુપૂજ્ય** પ્રભુ તો તેમનો આત્મા છે. અને તે ઘન-નામી છે, નિત્ય છે. **પરિણામી**=પરિણામી: પરિણામ-રૂપાન્તર-પામનાર. અથવા પર-નામી. પર એટલે પુદ્ગલ-શરીર. તેના સંબંધથી પડેલું નામ-"**શ્રી વાસુપૂજ્ય**" હોવાથી, પ્રભુ પરનામી છે. અથવા આત્મા બીજા દ્રવ્યને નિમિત્ત કારણ તરીકે પામીને જુદા જુદા નામો ધારણ કરવાના કથંચિત્ સ્વભાવવાળો છે. આત્મા **ઘનનામી**-નિત્ય છતાં, **પરિણામી** છે. **નિરા-ऽऽકાર**=આકાર-વિશેષતા-સ્પષ્ટતા-રહિત જ્ઞાન, નિરાકાર ઉપયોગ. દર્શન-સામાન્ય ઉપયોગ. **સા--ऽऽકાર**=આકાર સહિત-વિશેષતા સહિત જ્ઞાન-સાકાર જ્ઞાન-વિશેષોપયોગ: તે. **સ-ચેતન**=ચેતના સહિત. **કરમ**=કર્મ કરનાર હોવાથી કર્મ રૂપ. **કરમ-ફળ-કામી**=કર્મના ફળો ભોગવનાર-ઇચ્છનાર-ભોક્તા. ૧ સાકારોપયોગ-નિરાકારોપયોગ રૂપ **જ્ઞાનચેતના.** ૨ **કર્મચેતના.** ૩ **કર્મ ફળ ચેતના,** ૧.

ઇન્દ્રાદિકથી પૂજ્ય એવા ત્રણ ભુવનના સ્વામિ શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર દેવ તે રૂપ-આત્મા-ઘન-નામી-નિત્ય: અને પરિણામી=પરિણામી-પરિણામો પામનાર: અથવા પર-નામી છે. સાકાર અને નિરાકાર પણે સચેતન છે. કર્મ ફળ છે, કર્મના ફળના ભોગવનારા રૂપ: પણ છે-વેદના રૂપ: પણ છે. એમ ત્રણ ચેતના રૂપ છે.

અર્થાત્–આત્મા દ્રવ્ય નિત્ય છેઃ પરિણામી છેઃ સાકાર અને નિરાકાર રૂપે સચેતન છેઃ કર્મ રૂપ છેઃ કર્મના ફળ ભોગવનાર રૂપ છે. વાસુપૂજ્ય એટલે ઇન્દ્રોને પૂજ્ય. ત્રણ જગત્‌ને પૂજ્ય હોય, તે વાસવોને ઈન્દ્રોને પણ પૂજ્ય હોય. એમ વાસુપૂજ્ય નામ અને ત્રિભુવન સ્વામિપણે ઇન્દ્રોને પૂજ્યતા બતાવીને વાસુપૂજ્ય શબ્દની શ્લેષથી સાર્થકતા બતાવી છે. ૧

૧. જ્ઞાનચેતનાઃ

નિરા–ડડકાર અ–ભેદ=સંગ્રાહક.
ભેદ–ગ્રાહક સા–ડડકારો. રે
દર્શનઃ જ્ઞાનઃ દુ–ભેદ–ચેતનાઃ
વસ્તુ–ગ્રહણ–વ્યાપારો. રે વાસુ ૨

અ-ભેદ=પદાર્થનો સામાન્ય–ધર્મઃ એક સામાન્ય ધર્મવાળા જે અનેક ધર્મિઓ, તેની વચ્ચેનો ભેદ ન હોય. ગ્રાહક=ગ્રહણ કરનાર, જાણનાર. ભેદ=પદાર્થોનો વિશેષ ધર્મઃ એક એક ખાસ ખાસ–વિશેષ–ધર્મ યુક્ત પદાર્થોની વચ્ચેનું જુદાપણું. દુ–ભેદ–ચેતના=બે ભેદ વાળી ચેતના. વસ્તુ–ગ્રહણ–વ્યાપારો=પદાર્થને જાણવાનો આત્માનો પ્રયત્નઃ ઉપયોગઃ વ્યાપારઃ બોધ. ૨

દરેક પદાર્થ–સામાન્ય અને વિશેષ રૂપ હોય છે. કેમકે–તેમાં સામાન્ય અને વિશેષઃ એ બે ધર્મો હોવાથી, દરેક પદાર્થ સામાન્યઃ અને વિશેષઃ એમ ઉભય ધર્મ રૂપ કહેવાય છે. હવે, દરેક વસ્તુનું જ્ઞાન આત્માને થાય છે. જો આત્મામાં જ્ઞાનશક્તિ ન હોત, તો=જગત્ શું છે? કેવી રીતે છે? તે કોણ જાણત? અને કેવી રીતે જાણત? તથા જગત્ કેવું છે? તે કોણ કહેત? અને જગત્‌માં શું હોત? તે પણ કલ્પના જ કરી શકાત નહીં. આત્મામાં જ્ઞાન શક્તિ હોવાથી, આત્મા તે સર્વ જાણી શકે છે.

આત્મા પદાર્થો જાણી શકે છે. પણ "દરેક વખતે–પદાર્થને તેના

યોગ્ય સ્વરૂપમાંજ ઓળખી શકે છે." એમ નથી હોતું. દા૦ ત૦ આપણી દૃષ્ટિ આગળથી કોઇ વસ્તુ અચાનક એકદમ પસાર થઈ જાય, ત્યારે "તે, શું હતું?" તે આપણે જાણી શકતા નથી. માત્ર "કાંઈક હતું." એટલુંજ સામાન્ય જાણી શકીએ છીએ. ત્યારે, કેટલીક વાર કોઇ નવીન વસ્તુ પહેલવહેલી આપણી સામે હાજર થાય, તેને આપણે બરાબર જોઇએ અને જાણીએ પણ ખરા. પણ "તે, કઇ જાતની વસ્તુ છે?" તે આપણે જાણી શકતા નથી. ત્યારે, કોઇ વખત "તે કઇ જાતની વસ્તુ છે? અને કઇ વસ્તુ છે?" તે બન્ને ય તુરતમાંજ જાણી શકીએ છીએ.

આથી કરીને, સામાન્ય ધર્મ ગ્રાહકઃ નિરાકારોપયોગ શક્તિઃ અને વિશેષ ધર્મ ગ્રાહક–સાકારોપયોગ શક્તિઃ એ બે જાતના જ્ઞાન માનવા પડે છે. નહીંતર, સામાન્ય ધર્મના જ્ઞાન વખતે વિશેષનું પણ સાથેજ જ્ઞાન થઇ જાય. અને વિશેષ ધર્મના જ્ઞાન વખતે સામાન્ય ધર્મનુ પણ સાથેજ જ્ઞાન થઇ જાય. પરંતુ, આપણો અનુભવ ઉપર જણાવ્યા પ્રમાણે–"કોઇ વખતે એકલા સામાન્યનુંજ. અને કોઇ વખતે એકલા વિશેષનુંજ. અને કોઇ વખતે બન્નેયનું જ્ઞાન થાય છે." એવો છે–માટે બન્નેય ધર્મોને જાણનારા–પદાર્થને જાણવાના–વ્યાપારો–પ્રયાસો–પ્રયત્નોઃ પણ અલગ અલગ છે.

અને તે બન્નેય જ્ઞાનના નામો–અનુક્રમે–દર્શનઃ અને જ્ઞાનઃ કહેવાય છે. એ પ્રમાણે આત્માની મુખ્ય જ્ઞાન–ચેતના બે પ્રકારે છે. જ્ઞાન–ચેતનાના વિચારમાં જ્ઞાનઃ અને દર્શનઃનો અભેદ કરીને જ્ઞાનને મુખ્ય રાખેલ છે. ૨

**આ બોધરૂપ જ્ઞાન–ચેતના થઇ. ૧**

**૨: કર્મ–ચેતનાઃ**

કર્તા પરિણામી. પરિણામોઃ–

કર્મઃ જે જીવેં કરીએ. રે

એક-અનેક રૂપ. નય વાદે-
નિયતે નર અનુસરીયે. રે  વાસુ૦ ૩

**કર્તા**=કરનાર. સ્વપર્યાયોનો ઉત્પાદક અને વિનાશક. સ્વપર્યાયોનું ઉપાદાન કારણ. અને સ્વપરિણામોનો ઉત્પાદક અને વિનાશક. પરપર્યાયોના ઉત્પત્તિ અને નાશનું નિમિત્ત કારણ હોય, તે સર્વ **પર્યાયાર્થિક નયની** મુખ્યતાની અપેક્ષાએ કર્તા ગણાય. **પરિણામી**=પરિણામ પામનાર. પરિણામ પામતું દ્રવ્ય-અવયવી: અઙ્ગી: દ્રવ્ય: પદાર્થ: **પરિણામો**=પર્યાયો: ભાવો: રૂપાન્તરો: **કર્મ**=કરાય તે. ક્રિયા તે કર્મ: અને ક્રિયાનું ફળ જેને લાગુ પડે, તે કર્મ: અહીં કર્તાએ કરેલી ક્રિયાનું ફળ જેને લાગુ પડે, તે કર્મ: એ અર્થ લેવાનો છે. આત્મા રાગ-દ્વેષાદિકે કરીને જે અધ્યવસાયો ઉત્પન્ન કરવા રૂપ ક્રિયા કરે છે, તેના ફળ રૂપે આત્મા સાથે કાર્મણ વર્ગણાનું ચોંટવું થાય છે. તે-ચોંટવા રૂપ ફળ ધારણ કરનારી કાર્મણ વર્ગણાને કર્મ કહેવાય. **જે જીવે કરીએ**=જીવથી જે કરાય. **નય-વાદે**=નયવાદની અપેક્ષાએ. **નિયતે**=ચોક્કસ. **નર**=આત્મા. **અનુસરિયે**=સમજીએ, સમજવો. ૩

પરિણામી દ્રવ્ય હંમેશાં સ્વ-પર્યાયોનો કર્તા હોય છે-ઉત્પાદક અને વિનાશક હોય છે.

પરિણામોમાં-કર્મ: કર્મ ફળ. વિગેરેનો સમાવેશ થાય છે. તેમાં-કર્મ એટલે " જીવ જે કરે, તે કર્મ. " આત્મા કાર્મણ વર્ગણાને પોતાની સાથે ચોંટાડે છે. તેથી કાર્મણ વર્ગણાઓમાં આત્મા સાથે ચોંટવા રૂપ ફળ ઉત્પન્ન થાય છે. તેથી, તે કાર્મણ વર્ગણાજ ચોંટવાના વખતથી કર્મ કહેવાય છે. કાર્મણ વર્ગણાને કર્મ રૂપે આત્મા કરે છે, અને તે કરનારો આત્માનો એક પરિણામ છે, તે પણ ભાવ કર્મ છે. ભાવ કર્મ છે, તો દ્રવ્ય કર્મ છે. વર્ગણારૂપ કર્મો દ્રવ્ય કર્મો છે. આત્માના રાગ-દ્વેષરૂપ પરિણામો તે ભાવ કર્મ છે. અને

તે વાસ્તવિક કર્મ–ચેતના છે. તે કર્મના એકઃ અને અનેકઃ પ્રકારો છે. **અને** તે કર્મ રૂપ પરિણામનો પરિણામી–નર–આત્મા તેની સમજ જુદા જુદા નયવાદને અનુસરીને. **નિયતે**=ચોક્કસ સ્વરૂપમાં અથવા, પ્રિયત નયવાદને અનુસરીને કરવી જોઈએ. એવી એક વ્યાપક સૂચના અહીં પ્રસંગોપાત કહેવામાં આવે છે. અને એમ નયવાદની અપેક્ષાએ આત્મા પણ એકઃ **અનેક** કહેવાય છે. **અધ્યાત્મસારનો આત્મનિશ્ચયાધિકાર** આત્માના નયવાદની બાબતમાં ખૂબ વિસ્તારથી અને માર્મિક રીતે પ્રકાશ પાડે છે. ૩

**૩. કર્મ–ફળ–ચેતનાઃ**

> દુઃખ–સુખ–રૂપ–કર્મ–ફળ જાણો.
> નિશ્ચે–એક આનન્દો. રે
> "ચેતના–પરિણામ ન ચૂકે
> ચેતન." કહે જિન–ચંદો. રે વાસુ૦ ૪

**દુઃખ–સુખ–રૂપ**=દુઃખ રૂપે અને સુખ રૂપે. **કર્મ–ફળ**=કર્મના ફળો. **જાણો**=સમજો, સમજવું. **ચેતના–પરિણામ**=ચેતનપણું, ચેતનની ચેતનતા. તે તેનો પરિણામો છે. **ન ચૂકે**=છોડે નહી. **ચેતન**=આત્મા. **જિન–ચંદો**=જિનેશ્વરમાં ચંદ્ર સમાન શ્રી તીર્થંકર દેવ. ૪

દુઃખ રૂપઃ કે સુખ રૂપઃ કર્મના ફળો સમજવા. અને **નિશ્ચય-નયથી** તો એક–અપૂર્વ આનન્દની પ્રાપ્તિઃ તેજ ફળ રૂપઃ છે. વેદના સ્વરૂપ ચેતના છે.

"ચેતન પોતાના ચેતનતા–સ્વરૂપ–પરિણામો કોઈ દિવસ છોડતોજ નથી." એમ શ્રી **જિનેશ્વર દેવ** ફરમાવે છે. "પરિણામ વિના પદાર્થ હોતો નથી, અને પદાર્થ વિના પરિણામ હોતા નથી." આ નિશ્ચિત સિદ્ધાન્ત છે. તેથી પદાર્થ પોતાના પરિણામોને છોડેજ નહીઃ ચેતન

પદાર્થના પરિણામો—ચેતનાઓ છે. તેને કદી ચેતન છોડે નહીં. ચેતન ચેતનતા છોડે? ઘડો ઘડાપણું છોડે, તો ઘડોજ ન રહે. સ્વપણું છોડે નહીં, અને પરપણું પામે નહીં. ૪

**૪. પરણામ સ્વરૂપ આત્માઃ ત્રિવિધ પરિણામોથી ત્રિવિધ ચેતનાઃ**

**પરિણામી ચેતનઃ પરિણામોઃ—**
**જ્ઞાનઃ કરમઃ ફળઃ—ભાવિ.**
**જ્ઞાનઃ કર્મઃ ફલઃ ચેતન કહીયે.**
**લેજો તેહ મનાવી. રે વાસુ૦ ૪**

**પરિણામી**=પરિણામ પામનાર. પરિણામ સ્વરૂપ. **ચેતન**=આત્મા. **જ્ઞાન-કરમ-ફળ-ભાવિ**=જ્ઞાન રૂપે થનાર—પરિણમનારઃ કર્મ રૂપે થનાર—પરિણમનાર—કર્મના ફળ રૂપે થનાર—પરિણમનાર. **જ્ઞાન-કરમ-ફળ-ચેતન**=જ્ઞાન ચેતનઃ કર્મ ચેતનઃ ફળ ચેતનઃ **કહીયે**= કહેવાય. **મનાવી લેજો**=બરાબર સમજી લે જો—મુણિ લે જો—જાણી લે જો. ૫

આત્મા પરિણામ સ્વરૂપ છે.

જ્ઞાન રૂપે થનાર—પરિણમનારઃ કર્મ રૂપે થનાર—પરિણમનારઃ અને કર્મના ફળ રૂપ પરિણમનારઃ સ્વપરિણામ—સ્વરૂપે ચેતન પરિણમે છે, માટે તેનું નામ **જ્ઞાન ચેતનાઃ કર્મ ચેતનાઃ** અને **કર્મ ફળ ચેતનાઃ** કહી શકાય.

**આ** વસ્તુ બરાબર સૂક્ષ્મ દૃષ્ટિથી સમજી લેવી.

આ કડી—**પ્રવચન—સારની**—૧૨૫ મી ગાથાના લગભગ અક્ષરશઃ અનુવાદ રૂપેજ જોઈ શકાય છે, તે ગાથા આ પ્રમાણે છેઃ—

**अप्पा परिणामप्पाः परिणामो णाण—कम्म—फल—भावी ।**
**तम्हा णाणं कम्मं फलं च आदा मुणेदव्वो ।। १२५ ।।**

**અર્થ:** આત્મા પરિણામ સ્વરૂપ છે. જ્ઞાન રૂપે-કર્મ રૂપે-અને કર્મના ફળ રૂપે થનાર ત્રણ પ્રકારના પરિણામ છે. માટે જ્ઞાનઃ કર્મઃ અને ફળઃ રૂપ આત્મા જાણવો. [**मुणेदव्वो**-મુણજો-મનાવી લેજો-માનજો.] ૧૨૫.

**परिणमदि चेयणाए आदा, पुण चेदणा तिधाऽभिमदा ।**

**सा पुण-णाणे कम्मे फलम्मि वा कम्मणो भणिदा ॥१२३॥**

**અર્થ:** આત્મા સ્વચેતનાએ પરિણમે છે. અને ચેતના ત્રણ પ્રકારની કહી છે. તે જ્ઞાન વિષયકઃ કર્મ વિષયકઃ અને કર્મના ફળ વિષયકઃ કહી છે. ૧૨૩.

**णाणं, अट्ठ-वियप्पो कम्मं, जीवेण जं समारद्धं ।**

**तमणेग-विधं भणिदं फलं ति सोक्खं व दुक्खं वा ॥१२४॥**

**અર્થ:** સર્વ વિકલ્પ-વસ્તુ ગ્રહણ વ્યાપાર-તે જ્ઞાનઃ જીવ વડે આરંભાયેલ-કરાયેલ, તે કર્મઃ તે અનેક પ્રકારનું કહ્યું છે. અને સુખઃ અને દુઃખઃ તે કર્મનું ફળ. ૧૨૪.

**परिणमदि जेण दव्वं, तक्कालं तम्मयत्ति पणत्तं ॥८॥**

**અર્થ:** "જે દ્રવ્યઃ જે કાળે, જે ભાવે પરિણામે. તે કાલે, તે દ્રવ્યઃ તદ્-રૂપ હોય છે." એમ કહેવામાં આવ્યું છે......૮.

**શ્રી કુંદકુંદાચાર્ય વિરચિત-પ્રવચન સાર** ગ્રંથની ઉપર જણા-વેલી ગાથાઓનો ભાવાર્થ આ સ્તવનમાં ગુંથાયેલો સ્પષ્ટ જોઈ શકાય છે.

તથા, ઉપાધ્યાજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ પોતાના **અધ્યાત્મસાર** ગ્રન્થના **આત્મનિશ્ચયાધિકારમાં** આ હકી-કત નીચે પ્રમાણે આપી છેઃ--

**ज्ञानाऽऽख्या चेतना बोधः, कर्माऽऽख्या द्विष्ट-रक्तता ।**

**जन्तोः कर्म-फला-ऽऽख्या, सा वेदना व्यपदिश्यते ॥१८-४५॥**

**અર્થ:** બોધ તે **જ્ઞાન ચેતના:** રાગ- દ્વેષ તે **કર્મ ચેતના:** અને કર્મના ફળ, તે **ફળ ચેતના:** તેનું નામ **વેદના** પણ કહેવાય છે. ૧૮-૪૫. ૫

**મુનિનું-શ્રમણનું લક્ષણઃ**

**આતમ-જ્ઞાની શ્રમણ કહાવે.**
**બીજા તો દ્રવ્ય-લિંગી. રે**
**વસ્તુ-ગતેં જે વસ્તુ પ્રકાશે,**
**આનન્દ-ઘન-મત-સંગી. રે વા૦સુ૦ ૬**

**આતમ-જ્ઞાની**=આત્માને જાણનાર. **શ્રમણ**=મુનિ, સાધુ. **કહાવે**=કહેવાય. **દ્રવ્ય-લિંગી**=બાહ્ય વેષધારી. **વસ્તુ-ગતેં**=વસ્તુ જે પ્રમાણે હોય, તે પ્રમાણે યથાર્થ રીતે. **પ્રકાશે**=જાણે યા પ્રસિદ્ધ કરે. કહે. **આનન્દ-ઘન-મત-સંગી**=આનન્દ ઘનનો મત-એટલે આત્મ સ્વરૂપનું જ્ઞાન-તેના ધારક ગણાય. અથવા આનન્દ ઘન-મોક્ષનું જ્ઞાન-કેવળ જ્ઞાન-તેના સંગી થાય. મોક્ષ પામે. મુનિ થઇ, યથાર્થ વિશ્વ પ્રકાશક-સર્વજ્ઞ થઇ મોક્ષ પામે. ૬

**मन्यते यो जगत्तत्त्वं स मुनिः परिकीर्तितः ।**
**सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव च ॥१॥**

**જ્ઞાનસાર-મૌન-અષ્ટક. ૧૩**

**અર્થ**:-તીર્થંકર દેવો અને ગણધર ભગવંતોએ કહ્યું છે, કે-
"જે જગતનું તત્ત્વ બરાબર માને-વિચારે-જાણે, તે મુનિઃ" માટે સમ્યગ્-દર્શનઃ જ્ઞાનઃ અને ચારિત્રઃ એ ત્રણેય રત્નમાં અનુગત જે સમ્યક્ત્વ છે, તે જ મુનિપણું. અને મુનિપણું એજ સમ્યક્ત્વ.

**એવંભૂત** નયને મતે "દરેક શબ્દ ક્રિયાવાચી હોય છે." એટલે કે-દરેક શબ્દ કોઇપણ ધાતુ ઉપરથી પ્રત્યય લાગીને બન્યો હોય છે, અને તે શબ્દનો મૂળ ધાતુ શોધીને તેના અર્થ પ્રમાણે, તે શબ્દનો વાચ્યાર્થ, ક્રિયા કરતો હોય-પ્રવૃત્તિ કરતો હોય, ત્યારેજ તે પદાર્થઃ **એવંભૂત નયને** મતે તે પદાર્થ કહેવાય છે. નહીંતર, તે પદાર્થ તે પદાર્થ, રૂપે ન કહેવાય.

**આ** રીતે-મુનિશબ્દનો અર્થ=જગતનું તત્ત્વ જે રીતે હોય, તે રીતે માને-જાણે, **તે મુનિ**, ૧

**તે** રીતે જાણવું એટલે-સમ્યક્ શ્રદ્ધાનું ધારણ કરવુંઃ સમ્યગ્ જ્ઞાન-રૂપ સદ્બોધ ધરાવવોઃ અને સમ્યક્ચારિત્રનું પાલનઃ તે મુનિપણું.

નિશ્ચયનયથી સમ્યગ્ દર્શન પણ સાતમે ગુણસ્થાનકેથી કહેલું છે, તે આ અપેક્ષાએ.

"વસ્તુ--ગતે જે વસ્તુ પ્રકાશે, તે **મુનિઃ** અથવા **શ્રમણઃ** કહેવાય, કે જે આનન્દ–ઘન–ના મતના સંગી બને છે." મુનિ શબ્દનો ઉપર જણાવ્યો, તે અર્થઃ તીર્થંકર પરમાત્માએ ક્યાં બતાવ્યો છે? **શ્રી આચારાંગ સૂત્રમાં** બતાવ્યો છે.

તે આ પ્રમાણે છેઃ–

**जं सम्मं–ति पासहा, तं मोणं–ति पासहा ।**
**जं मोणं–ति पासहा, तं समं–ति पासहा ॥**

**લોકસાર અધ્યયન.**

**અર્થ:**–"જે સમ્યક્ત્વ છે," એમ જાણો છે, "તેને મૌન–મુનિપણું છે." એમ સમજો. અને "જેને મુનિપણું છે," એમ સમજો છો, "તેને સમ્યક્ત્વ છે." એમ સમજો.

હવે, તે મુનિ જગત્–તત્ત્વને કેવી રીતે જાણે?

**आत्माऽऽत्मन्येव यच्छुद्धं जानात्याऽऽत्मानमाऽऽत्मना ।**
**सेयं रत्न–त्रये ज्ञप्ति–रुच्या–ऽऽचारैकता मुनेः ॥ २ ॥**

**જ્ઞાનસાર–મૌન--અષ્ટક. ૧૨**

**અર્થ:**–આત્માઃ આત્મા વડેઃ આત્માને વિષેઃ શુદ્ધ આત્માનેઃ જાણે, તેજ મુનિના સમ્યગ્દર્શન–જ્ઞાન–અને ચારિત્રમાં=બોધઃ શ્રદ્ધાઃ અને આચારની એક રૂપતા સમજવી.

**૧ आत्मा**=જાણનાર **આત્મા**.

**૨ आत्मना=આત્માવડે**–આત્મામાં રહેલી **જ્ઞ–પરિજ્ઞાઃ** અને **પ્રત્યાખ્યાન–પરિજ્ઞાઃ** વડે. જ્ઞેયપણે જાણવું, તે **જ્ઞ–પરિજ્ઞાઃ** અને વિભાવાદિકને હેયપણે જાણવું, તે **પ્રત્યાખાન–પરિજ્ઞા**.

**૩ आत्मनि**=સ્વભાવ–વિભાવરૂપ આત્મસ્વભાવોમય–પોતાના **આત્મ-દ્રવ્યમાં**.

**૪आत्मानम्**=શુદ્ધ–નિરંજન પોતાના **આત્માને**. જાણવો.

**આતું** નામ **આત્મજ્ઞાન** કહેવાય. આતું નામ **નિશ્ચય** નયતું–**સમ્યગ-દર્શનઃ શ્રમણપણું: મુનિપણું:** કહેવાય.

અને આ રીતે-મુનિની રત્નત્રયીમાં-સમ્યગ્ બોધ: સમ્યગ્ રુચિ: અને સમ્યગ્ આચારની એકતા સમજવી. ૨

આજ અર્થનો બીજો પણ શ્લોક છે.

**आत्मानमाऽऽत्मना वेत्ति मोह-त्यागाद् य आत्मनि ।**
**तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥**

**અર્થ**:-જે (આત્મા) આત્મામાં આત્મા વડે આત્માને જાણે છે, તે જ તેનું ચારિત્ર છે: તે જ તેનું જ્ઞાન છે: અને તે જ તેનું દર્શન છે:

આનું નામ આત્મજ્ઞાન કહેવાય. અને આત્મ-જ્ઞાની હોય, તે મુનિ કહેવાય. અહીં **મુનિ** શબ્દ મુખ્ય છે.

ત્યારે સ્તવનમાં **શ્રમણ** શબ્દ મુખ્યપણે લેવામાં આવેલો છે. તે શબ્દ **પ્રવચન સારગ્રન્થમાં** વારંવાર આવે છે.

મુનિભાવની-શ્રમણપણાની પૂર્વ-ભૂમિકા-અને પૂર્વ તૈયારી રૂપ આત્મજ્ઞાનીપણું કેવું હોવું જોઇએ: તે બતાવવા માટે આ સ્તવન છે. એટલે **શ્રમણ** શબ્દની મુખ્યતાથી પણ આત્મજ્ઞાનીપણું, **પ્રવચન સારમાં શ્રી આચારાંગ સૂત્રના** ઉપર જણાવેલા ભાવાર્થ પ્રમાણે નીચે પ્રમાણેની ગાથામાં છે.

**दंसण-णाण-चरित्तेसु तीसु जुगवं समुट्ठिदो जो तु ।**
**एयग्ग-गतो ति-मतः सामण्णं तस्स पडिपुण्णं ॥२४२॥**

**અર્થ**:-દર્શન: જ્ઞાન: અને ચારિત્ર: એ ત્રણમાં જે એકી વખતે ઓતપ્રોત થાય, તે એકાગ્રતાને પામેલો ગણાય છે. માટે તેનું શ્રમણપણું પરિપૂર્ણ છે. ૨૪૨.

અર્થાત્-આ જાતની ભાવના: અને તદ્યોગ્ય પ્રયત્ન: એ મુનિની-શ્રમણની ભૂમિકા છે. આ જાતનું અપ્રમત્તપણું ટકાવવાની ઈચ્છા અને પ્રયત્નમાં જાગ્રત્ રહેવાથી છઠ્ઠા: સાતમા: ગુણ સ્થાનકમાં ટકી રહી શકાય છે. જો, આ જાતની એકાગ્રતા માટે જાગ્રતી રાખવામાં ન આવે, તો સર્વવિરતિપણાના ભાવ, કેવી રીતે

ટકી શકે ? માટે આ જાતનું આત્મામાં આત્માવડે આત્માનું આત્માને જ્ઞાન થવું જોઇએ. અને આવો આત્મા: તે શ્રમણ: મુનિ: છે. ૬

## ર હ સ્યા ર્થ:

આ સ્તવનનો અર્થ, પહેલી આવૃત્તિ વખતે પણ અમને અટપટો જણાયો હતો, તેમજ વાસ્તવિક વિચાર કરતાં હજુ પણ અટપટોજ જણાય છે. કેમકે-સંક્ષેપમાં આમાં અનેક બાબતો સમાવવામાં આવી છે. આ આવૃત્તિમાં ઘણીજ સ્પષ્ટતા થવા પામી છે. વાચકોને તેની ખાત્રી થશે.

સ્તવનકાર મહારાજા આ સ્તવન મારફત આત્મ-જ્ઞાની મુનિના-શ્રમણના આત્મ-જ્ઞાનનું રહસ્ય સમજાવવા ઇચ્છે છે.

૧, મુનિ યા શ્રમણ આત્મ-જ્ઞાની હોવા જોઇએ. આત્મ-જ્ઞાની હોય, તોજ શ્રમણ યા મુનિ.

**"આતમ-જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગીરે"**

૨, આત્મા કેવો છે? તેનું જ્ઞાન કેવું હોય? આતમ-જ્ઞાની કોણ હોઇ શકે?

૩. આ ત્રણ પ્રશ્નોના જવાબો આપવામાં-આત્માનું સ્વરૂપ: આત્માની ચેતનાઓ: વિગેરે વાસ્તવિક સ્વરૂપો સમજાવવામાં આવ્યા છે.

આત્માનું વસ્તુગતે જે સ્વરૂપ છે, તે જાણે, તે આતમ-જ્ઞાની. તેવા આતમ-જ્ઞાની શ્રમણ આનન્દ-ઘન-મત-સંગી થઇ શકે છે.

**"વસ્તુ-ગતે જે વસ્તુ પ્રકાશે, આનન્દ-ઘન મત-સંગી,રે"**

૪. આત્માનું વસ્તુ-ગતે સ્વરૂપ કેવું છે?

૧ આત્મા નિત્ય: હોવા છતાં પરિણામી: છે. **ઘન-નામી=નિત્ય.**

**"ઘન-નામી: પરિણામી: રે"**

૨ પરિણામી હોવાની એક સાબિતી એ છે, કે-તે પોતાના પરિણામોનો કર્ત્તા છે.

**"કર્તા પરિણામી કર્તા** કૃદન્તના **પરિણામો,"** પરિણામો શબ્દની પાસેની કર્મકારકના અર્થમાં થયેલી છઠ્ઠી વિભક્તિનો

ગુજરાતી ભાષાને લીધે પણ લોપ થયેલો સમજવો. "પરિણામોનો **કર્તા પરિણામી."**

૩ કર્તા રૂપ જ્યારે પરિણામી છે. ત્યારે કર્મરૂપ તેનો પરિણામ પણ હોવો જોઈએ. માટે જીવરૂપ કર્તા કર્મરૂપ કર્મ કરે છે. માટે-જીવે કરાતું કર્મ, તે કર્મરૂપ પરિણામ છે.

**"કરમ જે જીવે કરીયે. રે"**

જીવને કર્તાઃ અને કર્મ પરિણામને કર્તાની ક્રિયાના કર્મ તરીકે બતાવવામાં આવેલ છે.

૪ આત્માનું વિવિધ સ્વરૂપ ચોક્કસ રીતે ચોક્કસ નયવાદની મદદથી સમજી શકાય તેવું છે. તેની મદદ વિના સમજી શકાય તેમ નથી. **નર**=આત્મા.

**"નયવાદે નિયતે નર અનુસરીયે. રે"**

૫ ચેતન પોતે-સિદ્ધ રૂપ થવા છતાં પણ શૂન્ય રૂપઃ અભાવ રૂપઃ કે જડ રૂપઃ બની જતો નથી. પણ અખંડ આનન્દ રૂપ ચેતના રૂપે કાયમ રહે છે.

**"નિશ્ચયેઃ—એક આનન્દો. રે"**

**" "ચેતનતા-પરિણામ ન મૂકે ચેતન." કહે જિન-ચંદો. રે"**

૬ ચેતન પોતે પરિણામી એટલા માટે છે, કે તેના ત્રણ મુખ્ય પરિણામો છે.

**"ચેતન પરિણામી પરિણામો"**

૭ તે ત્રણ પરિણામોઃ તે

૧ ચેતનનું-જ્ઞાન-બોધ સ્વરૂપે પરિણમન થવુંઃ

૨ ચેતનનું-કર્મ રૂપે પરિણમન થવુંઃ

૩ ચેતનનું-કર્મના ફળો ભોગવનાર રૂપે પરિણમન થવુંઃ

**"પરિણામોઃ--જ્ઞાનઃ કરમઃ ફળઃ ભાવી. રે"**

ભાવી=થવુંઃ ભવનઃ જ્ઞાન રૂપ થવુંઃ કર્મ રૂપ થવુંઃ ફળ રૂપ થવુંઃ એટલે તે તે રૂપે પરિણમવુંઃ

૮ આત્મા અને તેના પરિણામોનો અભેદ કરીને, પરિણામો પણ ચેતન છે. માટે ત્રણ પ્રકારની ચેતના છે. તે પણ આત્મા છે. ૧ બોધ રૂપ જ્ઞાન ચેતનાઃ ૨ રાગ-દ્વેષ રૂપ કર્મ ચેતનાઃ ૩ વેદના રૂપ-કર્મફળ ભોક્તૃત્વ રૂપ કર્મફળ ચેતનાઃ

**"જ્ઞાનઃ કરમઃ ફળઃ ચેતન કહિયે, લેજો તેહ મનાવી રે"**

**૫,** ત્રણે પ્રકારની ચેતનાઓના સ્વરૂપો નીચે પ્રમાણે સમજાવવામાં આવ્યાં છેઃ—

૧ **જ્ઞાન પરિણામ ચેતનાઃ** તે નિરાકારઃ અને સાકારઃઉપયોગ રૂપે છે. એટલે જ્ઞેયોને જાણવાના આત્માના બે વ્યાપારો ખાસ છે. એકનું નામ **દર્શનઃ** અને બીજાનું નામ **જ્ઞાનઃ** છે. એ બન્નેય મળીને એક **જ્ઞાન-ચેતના** છે. અહીં દર્શનઃ અને જ્ઞાનઃનો અભેદ કરીને-એક જ્ઞાન-ચેતનામાં બન્નેયનો સમાવેશ કરવામાં આવેલો છે.

નિરા-ऽऽકારપણે વસ્તુગ્રહણ-વ્યાપાર-અભેદગ્રાહક છે. તેનું નામ **દર્શન** છે.

સા-ऽऽકારપણે વસ્તુગ્રહણ વ્યાપાર-ભેદગ્રાહકછે. તેનું નામ **જ્ઞાન**છે.

**નિરા-ऽऽકાર અ-ભેદ સંગ્રાહક**
**ભેદ-ગ્રાહક સા-ऽऽકારો, રે**
**દર્શનઃ જ્ઞાનઃ દુ-ભેદ ચેતના વસ્તુ-ગ્રહણ-વ્યાપારો. રે**

આ આખી ગાથા-"પરિણામી આત્મા બોધરૂપ પરિણામાત્મક-જ્ઞાન-ચેતનાયુક્ત છે." એમ સમજાવે છે. દર્શન-જ્ઞાનની અભેદ વિવક્ષા છે.

**૨ કર્મ-પરિણામ-ચેતનાઃ**

પરિણામી આત્મા કર્તા છે. માટે કર્મ-પરિણામો આત્મા નિપજાવી શકે છે.

**"કર્મઃ જે જીવે કરીયે. રે એકઃ અનેકઃ રૂપ."**

અહીં-પૌદ્‌ગલિક કર્મોઃ અને આત્મામાં થતા-રાગ-દ્વેષરૂપ-ભાવ કર્મોરૂપ આત્માના પરિણામો રૂપ ચેતનાઃ એ બેનો અટપટો

સંબંધ પોતપોતાનું ચોક્કસ લક્ષણ ધરાવતા નયોના વાદની મદદથીજ ચોક્કસ સ્વરૂપમાં સમજી શકાય તેમ છે. નહીંતર, નિરૂપણમાં પરસ્પર વિરોધનો ભાસ જણાઈ આવે તેમ છે. માટે–

**"નયવાદે નિયતે નર અનુસરીયે. રે"**

એ અહીં પણ જોડવું:

અથવા–નર એટલે આત્મા. તે એક રૂપ પણ છે, અને અનેક રૂપ પણ છે, તે નિયત–દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નિયત–બે નયની મદદથી અનુસરવું–જાણવું.

**૩ કર્મ–ફળ–વેદના–પરિણામ–ચેતના:**

દુ:ખ અને સુખ રૂપ અનુભવ: તે કર્મના ફળોનો ભોગવટો–વેદના: તે પણ આત્માનો પરિણામ છે. અને તે પણ ચેતના રૂપ છે.

**"દુ:ખ–સુખ–રૂપ કરમ–ફળ જાણો."**

પરંતુ, કર્મના ફળોની આ વેદના: **વ્યવહારનયથી** છે. **નિશ્ચયનયથી** તો–એક આનંદનીજ વેદના આત્મા કરે છે.

**"નિશ્ચે:–એક આનન્દો. રે"**

આમ કહીને–"નિશ્ચયનય: અને વ્યવહારનય:ની મદદથી આત્માર્થિએ આત્માનું સ્વરૂપ સમજવાનું છે."

માટે બન્નેય નયથી વેદનારૂપ:–ચેતના બતાવી છે. તેથી–"જેમ પરિણામી આત્મા નિત્ય છે, તેજ પ્રમાણે નિત્ય આત્મા પરિણામી છે. તેથી આત્મા પોતાના અખંડ–આનંદાદિક–ચેતનતા રૂપ પરિણામો કદી પણ–ચૂકતો નથી–છોડતો નથી. કર્મચેતના: અને કર્મફળ–ચેતના તિરોહિત થવા છતાં પણ–અખંડ આનન્દ રૂપ–ચેતના કે જેનો સમાવેશ જ્ઞાન ચેતનામાં થાય છે, તે કાયમ રહે છે. તેને આત્મા છોડતો નથી.

**""ચેતનતા–પરિણામ ન ચૂકે ચેતન." કહે જિન-ચંદો. રે"**

૬. આમ ત્રણ પ્રકારની ચેતના જણાવવાથી આખા સ્તવનમાં મુખ્ય પાંચ બાબતો છે:–

**૧ આત્માનું નિત્યપણું:**
**૨ આત્માનું પરિણામીપણું:**
**૩ આત્માનું જ્ઞાન ચેતનાવંતપણું:**
**૪ આત્માનું કર્મ ચેતનાવંતપણું:**
**૫ આત્માનું કર્મફળ ચેતનાવંતપણું:**

**આ** પાંચેયનો નિર્દેશ ટુંકામાં પહેલી ગાથામાંજ કરવામાં આવ્યો છે:–

"**ઘન–નામી: પરિણામી: રે નિરા–ऽऽકાર: સા–ऽऽકાર: સ–ચેતન: કરમ: કરમ–ફળ–કામી: રે**"

ઉપરાંત,–**કર્તાપણું, ચેતનપણું, પરિણામિપણું, આનંદ-મયતા, ચેતનતાપરિણામથી રહિત ન થવાપણું, નિ-યત નયવાદ, આત્માનું** અથવા **કર્મનું. એક: અનેક: પણું, આત્મ–જ્ઞાન, શ્રમણપણું, નિત્યપણું, વાસવપૂ-જયતા, ત્રિભુવનપૂજયતા, દ્રવ્યલિંગીપણું, વસ્તુગત્યશ્રા, વસ્તુપ્રકાશન, આનન્દ–ઘન–સંગીપણું.** વિગેરે ઘણા પદાર્થો સાથે સાથે વણી લઇને સમજાવ્યા છે.

**૭.** આત્મા માત્ર જ્ઞાન ચેતનાજ હોય, અને કર્મ ચેતના: કે કર્મ ફળ ચેતના: ન હોય, તો શ્રમણપણાનો પુરુષાર્થ કરવાની જરૂર રહેતી નથી. એ બે ચેતના પણ આત્મામાં છે, તો જ્ઞાનચેતનાની મદદથી આતમ–જ્ઞાની થઇને શ્રમણ ભગવાનના–એ બે ચેતનાને તિરોહિત કરી દેવામાં અને એક આનન્દ પ્રગટ કરવામાં–શ્રમણ-પણાની સાર્થકતા છે. માટે શ્રમણમહાત્માએ આ ત્રિવિધ ચેતના જાણવી જોઇએ. અને તે જાણવા માટે આત્માનો નિત્ય છતાં પરિણામીપણાનો સ્વભાવ જાણવો જોઇએ. તોજ તે **આત્મ–જ્ઞાની** થઇ શકે. અને તોજ **વસ્તુગતે વસ્તુનો પ્રકાશ** કરી શકે. અને તોજ તે **આનન્દ–ઘન–મત–સંગી** થઇ શકે, અને તોજ તે આત્મા ત્રિભુવન સ્વામિ થઇ ઈંદ્રોને પણ **પૂજય–વાસુ–પૂજય –જિનેશ્વર થઈ** શકે.

"**વાસુ–પૂજય–જિન ત્રિ–ભુવન–સ્વામિ:**"

૮. આ રીતે આ સ્તવનમાંના દરેક પદો વિવિધ રીતે પરસ્પર સંબંધ ધરાવે છે.

૯. આ જાતની ગંભીર રચનાદ્વારા: તથા વિષયનો અનુભવ સંક્ષેપમાં વ્યવસ્થિત રીતે રજુ કરવાથી: શ્રી **આનન્દ-ઘનજી** મહારાજની અદ્ભુત જ્ઞાનશક્તિની ઝાંખી થાય છે. અને તેથી તેમના વિષે અપૂર્વ સદ્-ભાવ જાગે, એ સ્વાભાવિકજ છે.

૧૦. આ સ્તવનનું રહસ્ય **વ્યવહાર નયઃ** અને **નિશ્ચય નયઃ**ની મદદથી ખૂબ શાંતિથી અને તથાપ્રકારના યોગ્ય અનુભવીની મદદથી અભ્યાસીઓએ સમજવું.

# ૧૩. શ્રી-વિ-મલ-ના થ-જિ ન-સ્ત વ ન

## જ્ઞાન-યોગી શ્રમણ ભગવંતના ક્રિયાયોગને ક્રમે ભક્તિયોગ.

**અંતરાત્મનિષ્ઠઃ** આત્મ-જ્ઞાનીઃ સર્વ વિરક્તઃ શ્રમણ ભગવંત-આત્માની ચેતનાઓને પોતાના આત્માના યથાશક્ય અનુભવ બળથી સમજનારા હોવાથી, પરમાત્મભાવની નજીક જેમ જેમ પહોંચતા જાય છે, તેમ તેમ પરમાત્મા તરફ તેમની ભક્તિ જાગતી જાય છે. ભક્તિમય હૃદયથી પરમાત્માના નિર્મળ ગુણગાનમાં લીન થાય છે. આ સ્તવનમાં ભક્ત હૃદયની પરમાત્માની ભક્તિભરી પરમાત્માની સ્તુતિ છે.

**રાગઃ મલ્હારઃ** "ઈડર આંબા-આંબલી રે. ઈડર દાડિમ-દ્રાખ. રે" **એ દેશી**

દુઃખ-દો-હગ્ગ દૂરે ટળ્યાં. રે સુખ-સંપદ શું ભેટ.
ધીંગ-ધણી માથે કિયો. રે કુણ ગંજે નર-ખેટ ?.
વિ-મલ-જિન દીઠાં લોયણ આજ.
મારાં સિદ્ધચાં વાઞ્છિત-કાજ. વિ૦ દી૦ ૧

**દુઃખ-દોહગ્ગ**=દુઃખ-દૌર્ભાગ્ય. દુઃખ અને પાપકર્મ. **ટળ્યાં**=ગયા. **સુખ-સંપદ**=સુખ અને સંપત્તિ. **શું**=સાથે. **ભેટ**=મેળાપ. **ધીંગ-ધણી**=મોટો ધણી. મોટો સ્વામી. મજબૂત-સદ્ધર-માલિક. **ધીંગ**=ધીંગો, મોટો મજબૂત. **કુણ**=કેણ. **ગંજે ?**=ગાંજે. તાબે થાય. હારખાય. **નર-ખેટ**=મામુલી માણસને, પામર માણસને,

માણુસરૂપી પંખીડાંને. **વિ-મલ-જિન=વિમલનાથ** નામના જિનેશ્વર દેવ. નિર્મળ એવા જિનેશ્વર દેવ. **દીઠાં=**જોયા **લો-યણુ=**લોચનથી, આંખોથી. **આજ=**આજે. **સિદ્ધ્યાં=**સિદ્ધ થયા, સફળ થયા. **વાઞ્છિત-કાજ=**ધારેલા કામ, મનગમતા કામ, મનના મનોરથ. ૧

હવે મેં આજ શ્રી વિ-મલ-નાથ જિનેશ્વરને મારા ચક્ષુથી જોઈ લીધા છે-મને તેમના સાક્ષાત્ દર્શન થયા છે. તેથી કરીને, મારા દરેકે દરેક મનોરથ સફળ થયા છે. મારા દુઃખ અને પાપ નાશ પામ્યા છે. સુખ અને સંપત્તિ સાથે મારો મેળાપ થયો છે. પરંતુ, એમાં નવાઈ શી છે? કેમકે-માથે ધીંગો ધણી રાખ્યા પછી મામુલી મા-ણસથી કોઈ ગાંજ્યો જાય? ન જ ગાંજ્યો જાય. તેમ શ્રી જિનેશ્વર દેવના દર્શન થયા પછી, દુઃખ અને દૌર્ભાગ્ય ટકી શકે કે? અને સુખ અને સંપત્તિ મળ્યા વિના રહે કે?

અહીં-દુઃખ-દૌર્ભાગ્ય એટલે સંસાર સાગરની ભયંકરતાઃ અને સુખ-સંપત્તિ એટલે-મોક્ષ-સમૃદ્ધિ સમજવી. તેની અંદરમાં દુન્યવી દુઃખ અને દૌર્ભાગ્યનો નાશ અને સ્વર્ગાદિક સુખ સંપત્તિનું મળવું અનાયાસેજ થાય, એ સ્વાભાવિક છે. કેમકે, અપૂર્ણ આત્મપ્રકાશઃ એજ પુણ્ય છે. પાપથી=કર્મથી મિશ્રિત આત્મપ્રકાશ, તે પુણ્ય. ૧

**વિ-મળ** શબ્દના શ્લેષથી આત્માની અને પ્રભુની નિર્મળતાનું વર્ણન કરી, **વિ-મળ** નામની સાર્થકતા જણાવી છે. અહીં મળ-કર્મ મળ સમજવો. તે વિનાના ભગવાન અને તેમનો ભક્ત આત્મજ્ઞાની શ્રમણ પણ, એ બન્નેય અપેક્ષા વિશેષથી વિ-મળ સમજવાના છે.

**૧. વિ-મળતાનો પૂરાવો:**

**ચરણ-ક-મલ ક-મલા વસે. રે**
**નિર્મળ-સ્થિર-પદ દેખ,**
**સ-મળ-અ-સ્થિર-પદ પરિહરે રે**
**પઙ્-ક-જ પામર-પેખ. વિમળ૦ દી૦ ૨**

**ચરણ–કમળ**=કમળ જેવા ચરણ=પગ, અથવા ચરણરૂપી કમળ, **કમલા**=પાણીના મેલ જેવી લક્ષ્મી–શોભા. **વસે**=રહેવા આવી છે. **નિર્મળ–સ્થિર–પદ**=નિર્મળ–મેલ વગરનું અને–સ્થિર–સ્થાયિ એવું પદ=સ્થાનક–ચોકખું અને સ્થાયિ સ્થાનક. **મ–મળ–અ–સ્થિર–પદ**=મેલું અને નાશવંત સ્થાનક. **પરિહરે**=છોડી દે, ત્યાગ કરે. **પઙ્ક–જ**=કાદવમાં ઉત્પન્ન થાય છે, તે કમળ–પદ્મ. **પામર**=બિચારું, મામુલી. **પેખ**=જોઇને, જાણીને. ૨

"**સમુદ્રમાંથી** લક્ષ્મીનો જન્મ થયો છે." એમ **કવિશાસ્ત્ર**માં કહેવાય કહેવાય છે. અને ક–મળ પણ પાણીમાં **જન્મે** છે. ક–મળ બહુ દેખાવડું અને શોભિતું હોય છે. તેનું કારણ એ છે, કે–લક્ષ્મીએ જન્મતાંની સાથેજ પોતાને ગમી જવાથી કમળમાં વાસ કર્યો. અને તેથીજ લક્ષ્મી દેવીના **આસન** તરીકે ક–મળ જગત્‌માં પ્રસિદ્ધ છે. પરંતુ, જ્યારે લક્ષ્મીએ **વિમળનાથ** જિનેશ્વરના કમળ જેવા નિર્મળ ચરણ જોયા, કે–તેનું મન તેમાં રહેવાને લલચાઇ ગયું. અને વિશેષમાં તેમણે જાણ્યું કે–**વિમળનાથ** ભગવાનના ચરણ પણ કમળ જેવા તો છેજ. તેથી–મારે રહેવા માટે વધારે સારું સ્થાનક છે. કારણ કે–ક–મલ=એટલે પાણીનો મેલ હોવાથી, તે મેલું છે. તથા **પઙ્ક–જ**=કાદવમાં ઉત્પન્ન થાય છે. માટે તેય મેલું છે. અને પાછા તે બન્નેય કરમાઈ જાય છે. એટલે મારે ઉડીને ત્યાંથી ચાલ્યા જવું પડે છે. માટે તે અ–સ્થિર=અ–સ્થાયિ સ્થાનકો છે. આમ જાણ્યા પછી, જગત્‌માં શોભાયમાન તરીકે પ્રસિદ્ધ કમળ પણ લક્ષ્મીને પોતાને રહેવાલાયક તરીકે એક પામર–રાંકડું–મામુલી–સ્થાન લાગ્યું, તેથી તેનો તેણે ત્યાગ કર્યો, અને **વિમળનાથ** ભગવાનના નિર્મળ અને સ્થાયિ સ્થાનક રૂપ કમળ જેવા ચરણમાં અથવા ચરણ રૂપી કમળમાં જઇને વાસ કર્યો. કમળ કરતાં યે પ્રભુના કમળ જેવા ચરણ લક્ષ્મીને વધારેમાં વધારે સુંદર લાગ્યા. કેમકે–પ્રભુ **વિમળ**-મેલરહિત છે.

હકીકત એમ છે, કે–"પ્ર ના ચરણ કમળમાં ત્રિભુવનની શોભા હાજર થઇ ગઇ છે. કેવળ જ્ઞાનાદિક પારમાર્થિક ભાવલક્ષ્મી પ્રભુને સાદિ–અનંત ભાંગે પ્રાપ્ત થઇ છે. તે લક્ષ્મી હવે કદી જાય તેમ નથી." આ, આ કડીનો પરમાર્થ છે.

આ કડીમાં શ્રી આનન્દ-ઘનજી મહારાજાએ મહા કવિને છાજે તેવી કલ્પના કરીને કાવ્યચમત્કારથી ભરપુર ઉત્તમ પ્રકારની કવિતાનો ગુજરાતી ભાષામાં સુંદર નમુનો આપ્યો છે.

જો પ્રભુ, વિ–મળ–નિર્મળ ન હોત, તો લક્ષ્મી ક–મળ જેવું સુંદર સ્થાનક છોડીને પ્રભુના કમળ જેવા ચરણોને સર્વોત્કૃષ્ટ કમળ સમજીને ત્યાં રહેવા ન જ જાત.

કમલઃ કમલાઃ પામરઃ પગ-કજઃ નિર્મળઃ સ–મળઃ સ્થિર–પદઃ અ-સ્થિર–પદઃ વિગેરે શબ્દોની પસંદગી પણ બહુજ રસ ઉમેરે છે. શબ્દથીઃ અને અર્થથીઃ એમ બન્નેય રીતે સુંદર કાવ્યનો એક નમુનો છે. ઉપમાઃ ઉત્પ્રેક્ષાઃ રૂપકઃ વિગેરે ઘણા અલંકારોનો અહીં સુમેળ સધાયો છે.

**૨. ભક્તની ખુમારીઃ**

મુજ મન તુજ પદ–પંકજે રે
લીનો ગુણ–મકરન્દ.
રંક ગણે મન્દર–ધરાઃ રે
ઇન્દ્રઃ ચન્દ્રઃ નાગેન્દ્રઃ વિમળ૦ દી૦ ૩

**પદ–પંકજે**=ચરણ રૂપી કમળમાં. **લીનો**=લીન થઇ ગયો છે. **ગુણ–મકરન્દ**=ગુણો રૂપી સુગંધ **મકરન્દ**=પરાગ, ફૂલના સુગંધિ રજ–કણો. **રંક**=રાંક, ભીખારી, રાંકડા, ગરીબ **ગણે**=માને છે. **મન્દર–ધરા**=સુવર્ણમય મેરુ પર્વતની ભૂમિને. જેની શોભાથી આકર્ષાઇને દેવો પણ આનન્દ કરવા આવે છે. **ઇન્દ્ર**=રૂપાળો દેવોનો રાજા. **ચન્દ્ર**=મનમોહક ચન્દ્રમા. **નાગેન્દ્ર**=શેષનાગ.

કુમાર જેવા છેલબટાઉ, **અસુરકુમાર** વિગેરે ભવનપતિ દેવોના ઈન્દ્ર. 3

**હે વિમળનાથ પ્રભો !** આપના દર્શન પછી, આપના ગુણો રૂપી મકરન્દ=પરાગ—સુગંધિ—રજથી આકર્ષાઇને મારા મન રૂપી ભમરો આપના ચરણ રૂપી કમળમાં લીન થઈ ગયો છે. અને તેથી કરીને— મારું મન—સુવર્ણમય મેરુપર્વતઃ રૂપાળા ઇન્દ્રઃ ચન્દ્રમાઃ અને નાગોના ઇન્દ્રને પણ રાંક ગણે છે, તુચ્છ માને છે. આપના ચરણ કમળ જેવું ઉંચામાં ઉંચા ગુણોવાળું કોઇ પણ સ્થાનક મારા મનને જણાયું ન હોવાથી, તેમાં એવું તો તલ્લીન થઇ ગયું છે, કે—આપના ચરણ-કમળમાંથી નીકળવાનું તેને મન જ થતું નથી. આવો તમારા નિર્મળ ચરણમાં લીન થવાનો મહિમા છે. 3

**૩. આપના ચરણ-કમળ આવા હોવાનું કારણઃ—**

**સાહિબ ! સમરથ તું ધણીઃ રે**
**પામ્યો પરમ-ઉદારઃ**
**મન-વિશરામીઃ વાલહોઃ રે**
**આતમચો આધારઃ વિમળ૦ દી૦ ૪**

**સાહિબ**=માલિક, સ્વામિ. **સમરથ**=સમર્થ, શક્તિશાળી. **ધણી**=માલિક. **પામ્યો**=મેળવી શકયો છું. **પરમ-ઉદાર**=ઘણુજ ઉદાર, ઘણાજ મોટા મનવાળા, ત્રિભુવન પૂજ્યપણાની મોટાઇ ધરાવો છો, તેથી. **મન-વિશરામી**=મનના વિસામા તુલ્ય, શાન્તિના આનન્દ ધામ જેવા. **વાહલો**=વ્હાલા, મારા મનને આકર્ષનારા છો. **આતમચો**=આત્માનો. **ચો=મરાઠી** ભાષાની **છઠ્ઠી વિભકિતનો** પ્રત્યય છે. **આધાર**=આશરો, અવલંબન. ૪

**હે** સ્વામિ ! તારા જેવો સમર્થઃ પરમ-ઉદારઃ મનના વિસામા સમાનઃ આત્માના આધાર રૂપઃ અને વ્હાલામાં વ્હાલાઃ ધણીને—માલિકને—સ્વામિને હું મેળવી શકયો છું. તેથી હવે, મારે બીજું શું જોઇએ?

જગત્માં અનંત ભવે પણ ન મળી શકે, એવું જે કાંઇ મેળવવા જેવું હતું, તે હું મેળવી ચૂક્યો છું. હવે તે હું કેમ છોડીશ? ૪

**૪. આપના સાક્ષાત્ દર્શનનું ફળઃ—**

**દરિસણ દીઠે જિનતણું રે**
**સંશય ન રહે વેધ.**
**દીન–કર–કર–ભર પસરંતા રે**
**અન્ધ–કાર–પ્રતિષેધ. વિમળ૦ દી૦ ૫**

**સંશય**=વ્હેમ, શંકા. **વેધ**=આડ, આંતરું, વિઘ્ન. દીન=દિવસ. **દીન–કર**=દિવસ કરનાર–સૂર્ય. **કર**=કિરણ. **કર–ભર**=કિરણોનો સમૂહ. **દીન–કર–કર–ભર**=સૂર્યના કિરણોનો સમૂહ. **પસરંતા**=ફેલાતાં. **અન્ધ–કાર–પ્રતિષેધ**=અંધારાનો નાશ. **પ્રતિષેધ**=રોકાવટ, નાશ. ૫

મનમાં શંકાઓ: વ્હેમો: અશ્રદ્ધા: અવિશ્વાસ: મિથ્યા વાસના: અજ્ઞાન: સંમ્મોહ: વિગેરે ગમે તેટલા ભર્યા હોય, છતાં આપના સાક્ષાત્ દર્શન થતાંની સાથેજ આત્મવિકાસમાં નડનારા એ તમામ વિઘ્નો નાશ પામી જાય છે. સૂર્યના કિરણો જગત્માં ફેલાયા પછી અંધારું ક્યાંય પણ ટકી શકે ખરું કે? તેને નાશીજ જવું પડે. તે પ્રમાણે–આપનું સાક્ષાત્ દર્શન થતાંની સાથેજ મનમાંથી બધાં મિથ્યા મેલો ચાલ્યા જાય છે. અને આત્મા–મન સહજ રીતેજ નિર્મળ થઇ જાય છે. તેને માટે કશોયે પ્રયત્નજ કરવો પડતો નથી. આપોઆપ સંશયો ચાલ્યા જાયછે. આપોઆપ નિર્મળ સમ્યક્ત્વ પ્રગટ થાય છે. આપનું દર્શનજ બસ છે. તે દર્શન આજે મને–આંખેથી સાક્ષાત્ આપને જોવાથી–થઈ ચૂક્યું છે. કેમકે–આપ વિમળ–નિર્મળ છો. ૫

**૫. આપનું સાક્ષાત્ દર્શન આટલું બધું પ્યારું કેમ લાગે છે?**

**અ–મિય–ભરી મૂરતિ રચી. રે**
**ઉપમા ન ઘટે કોય.**

શાન્ત=સુધા-રસ ઝીલતી. રે
નિરખત તૃપ્તિ ન હોય. વિમલ૦ દી૦ ૬

**અ-મિય-ભરી**=અમૃતના રસથી ભરેલી. **મૂરતિ**=મૂર્તિ=આપના દિદાર, આપની બાહ્યાકૃતિ. **ઉપમા**=તુલના, સરખામણીમાં ઉતરી શકે તેવી ચીજ. **શાન્ત-સુધા-રસ**=શાંતિ રૂપી અમૃત રસમાં. **ઝીલતી**=ન્હાતી. **નિરખત**=જોતાં જોતાં, વારંવાર જોતાં જોતાં. **તૃપ્તિ**=સંતોષ. ૬

આપની આકૃતિજ અમૃત રસથી ભરપૂર છે. કેમ જાણે કે-તે એકદમ શાંત રસમાંજ ન્હાહી રહી હોય, એવી રચાઇ ગઇ છે. જગતની કોઈપણ વસ્તુની ઉપમા તેની સાથે ઘટાવી શકાય તેમ નથી. અહાહા! તેને નિરખતાં નિરખતાં સંતોષ થતોજ નથી-ધરપત થતી નથી. આપ વીતરાગ પરમાત્મામાં કોઈ દોષ જોવામાં આવતો નથી. તેથી આપની મુદ્રાજ વિમળ છે. તેથી, તે નિરખતાં ધરપતજ થતી નથી.

यैः शान्त-राग-रुचिभिः परमाणुभिस्त्वं
निर्मापितस्त्रि-भुवनैक-ललाम-भूत ! ।
तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां
यत्ते समानमऽपरं न हि रूपमऽस्ति. ॥

भक्ता-ऽ-मर स्तोत्रम्

**અર્થ:**-શાંતિના રંગે રંગાયેલા જે પરમાણુઓનું આપનું શરીર ઘડાયેલું છે, તે પરમાણુઓ જગતમાં તેટલાજ છે. તેથી-હે ત્રણ ભુવનમાં તિલક સમાન જિનેશ્વર દેવ! આપના જેવું બીજા કોઇનુંયે રૂપ કયાંય જોવા મળી શકતુંજ નથી. તેમાં કાંઇ આશ્ચર્ય પામવાનું નથી,

गम्भीरमऽम्बु-निधिनाऽ-चलैः स्थितं शरदिवा--निर्मलमिष्टमिन्दुना।
भुवा विशालं द्युतिमद् विवस्वता बल-प्रकर्षः पवनेन वर्ण्यते ॥३॥
गुणोपमानं न तवाऽत्र किञ्चिद्ऽ-मेय-माहात्म्य-समञ्जसं यत् ।
समेन हि स्यादुपमा-ऽभिधानं न्यूनोऽपि तेनाऽस्ति कुतः समानः॥४॥

श्री सिद्धसेन दिवा कर सूरि कृत पञ्चमी द्वा त्रिंशिका.

**અર્થ:**-ગંભીરતા સમુદ્ર સાથે ઘટાવી શકાય છે. સ્થિરતા-ધૈર્યમાં પર્વતની ઉપમા અપાય છે નિર્મળતામાં-સ્વચ્છતામાં-શરદ્ ઋતુના દિવસની ઉપમા અપાય છે. મનોહરતામાં ચંદ્રની ઉપમા અપાય છે. વિશાળતામાં પૃથ્વીની ઉપમા અપાય છે. તેજસ્વિતામાં સૂર્યની ઉપમા અપાય છે. બલિષ્ઠપણું પવન સાથે ઘટાવી શકાય છે. ૩

પરંતુ, આપના અપરિમિત માહાત્મ્ય સાથે સરખાપણું ધરાવી શકે, તેવા ગુણોવાળું કોઇ પણ ઉપમાનજ આ જગતમાં જોવામાં આવતું નથી. સરખે સરખાની ઉપમા આપી શકાય છે. પરંતુ, હીન હોય, તે સમાન કેવી રીતે બની શકે? આપની સાથે સમાનતા ધરાવી શકે, તેવા કોઈ પણ ગુણવાળી કોઇ પણ વસ્તુજ જોવામાં આવતી નથી. તો પછી, અધિકતા ધરાવનારી વસ્તુ જગતમાં શી રીતે હોય? નજ હોય તેમાં આશ્ચર્યજ શું? તથા હીનની સાથે તો ઉપમા આપી શકાયજ નહી, માટે આપ અનુપમ છો. ૩-૪

માટે **"ઉપમા ન ઘટે કોય"** આ કડીમાં ગોઠવાયેલો એકેએક શબ્દ ભક્ત-હૃદયને હચમચાવવાને પૂરેપૂરો સમર્થ છે. તેમાંયે-**નિરખતઃ તૃપ્તિ ન હોયઃ** એ શબ્દો બોલતાં બોલતાં તે શબ્દો ભક્તના હૃદયને ઉછાળ્યા વિના રહે તેમ નથી. એવી ખુબીથી શબ્દો વપરાયા છે. અને કવિશ્રીને પણ બરાબર જોઇતા શબ્દોજ મળી ગયા છે. એ વળી, બીજી ખુબી છે. "ઘટતા શબ્દો કવિન્દ્રોના ચરણમાંજ હાજર થાય છે." ૬

**૬. અન્તિમ-પ્રાર્થનાઃ—**

**એક-અરજ સેવકતણી રે અવધારો જિન-દેવ !:-**
**"કૃપા કરી મુજ દીજિયે રે આનન્દ-ઘન-પદ-સેવ."**
**વિમળ૦ દી૦ ૭**

**અરજ**=વિજ્ઞપ્તિ. **અવધારો**=ધ્યાનમાં લ્યો, સાંભળો, સ્વીકારો. **આનન્દ-ઘન-પદ-સેવ**=પરમાત્મપદ-મોક્ષ-ની સેવા. મોક્ષપદની પ્રાપ્તિ. ૭

પરંતુ, આપની આટલી સ્તુતિ કરી છે, તો-હે જિનેશ્વર દેવ! આ સેવકની આપ એક અરજી છેવટની, હવે સાંભળી તો લ્યો:-તે અ-

૨૭ એ છે, કે–"કૃપા કરીને **આનન્દના ઘન** એવા આપ પરમા-
ત્માના–ચરણોની સેવા, અથવા મોક્ષપદ આપો, બસ !" ૭

## ર હ સ્યા ર્થ:

**આ**ત્મજ્ઞાનિ–શ્રમણપણું પ્રાપ્ત થતાંજ પરમાત્માની નિકટતા સહજ રીતેજ અનુભવમાં આવવાથી ભક્તિભર હૃદયના ઉદ્‌ગારો આ સ્તવનમાં ઉછળી આવ્યા છે. આ સ્તવનમાં કોઇ પણ ખાસ એક વિષય ચર્ચ્યો નથી. પરંતુ, પરમાત્માના અલૌકિક ગુણોની મુક્ત કંઠે અને મોકળે મને સ્તુતિ કરી છે. ઊર્મિના અજબ ઉચ્છાળા અનુભવાય છે. ભક્તિયોગની અહીંથી શરૂઆત થાય છે. આવો ભક્તજ સર્વવિરતિ રૂપ સાધુ ધર્મના સંયમનો ભાર ઉપાડવા તૈયાર થઇ શકે છે–સમર્થ થઇ શકે છે. આટલું ઉન્નત હૃદયજ **એવંભૂતનયથી** શ્રમણ–મુનિ થઇ શકે છે. અને તેના મુખમાં-થીજ આવા ઉદ્‌ગારો નીકળી શકે છે.

હવેના સ્તવનમાં ઉત્તરોતર ભક્તિની કક્ષા વધતી જશે. પરમાત્માના વધુને વધુ અલૌકિક ગુણોની સ્તવના સાથે આત્માના ઉત્તરોત્તર અલૌકિક ગુણોનો પરિચય મળતો જશે.

કાવ્ય ચમત્કારની દૃષ્ટિથી વિચાર કરતાં–**શ્રી સિદ્ધસેન દિવાકરાચાર્ય** અને **શ્રી સમન્તભદ્રાચાર્ય** કૃત સંસ્કૃત ભાષામાંની અલૌકિક સ્તુતિના નમુનાઓનો સ્પષ્ટ ભાસ ગુજરાતી ભાષાની આ સ્તુતિઓમાં થતો અનુભવી શકાય છે.

ભગવાનના ગુણોનું સાચી સમજણથી ભાન થવાથી ભક્તહૃદયોમાં આવી મસ્તી જામે છે, અને જગત્‌થી બેપરવા બની નિરાળાપણે આત્માનંદની બાદશાહી મ્હાણે છે. તે કોઇને પણ લેખામાં ન લેખવે, એ સ્વાભાવિક છે.

**भिक्षुरेकः सुखी लोके ज्ञान–तृप्तो निरञ्जनः ॥८॥**

**ज्ञानसार–तृप्त्यष्टकम्**

**અર્થ**:–નિર્લેપઃ જ્ઞાન તૃપ્તઃ ભિક્ષુ એકજ જગતમાં સુખી છે. ૮

# ૧૪. શ્રી-અ ન-ન્ત-ના થ-જિ ન-સ્ત વ ન

## ક્રિયા યોગ: વચનાનુષ્ઠાન:

**આત્મ**-જ્ઞાની શ્રમણ-મુનિ: આત્મવિકાસનો ઠેઠ મોક્ષ સુધીનો વિકાસ ક્રમ **જ્ઞાનયોગથી** સમજ્યા પછી, તે પ્રાપ્ત કરવાના સાધન રૂપ–ક્રિયાનો આશ્રય કરીનેજ–તે ક્રમમાંથી પસાર થઇનેજ–ફળ પ્રાપ્ત કરી શકે છે. આત્મવિકાસ કરવાના પ્રયત્નો: તેનું નામ **ક્રિયાયોગ** છે. જ્ઞાન યોગ મોક્ષ માર્ગની સમજ આપે છે. ક્રિયાયોગ તેમાંથી પસાર કરે છે. **ક્રિયાયોગ** પૂરો થતાં **ધ્યાનયોગ** પ્રાપ્ત થાય છે. અને તેને પરિણામે **મુક્તિયોગ** પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી મુનિનું જીવન ક્રિયાયોગ પ્રધાન હોય છે, ત્યાં સુધી **વચનાનુષ્ઠાન** રહે છે. પછી **અસંગ અનુષ્ઠાન** પ્રાપ્ત થાય છે. આ સ્તવનમાં **વચનાનુષ્ઠાન** યોગનું સ્વરૂપ બતાવવાનું છે. એટલે કે= મોક્ષસાધિકા તમામ પ્રકારની ક્રિયા પરમાત્માના વચનને–આજ્ઞાને પ્રધાનપણે અનુસરીને કરવામાં આવે, તોજ તે **ક્રિયા–અ–વંચક યોગ** રૂપ બને છે. તેથીજ પરિણામે **ફળા-ડ-વંચક યોગ** પણ સિદ્ધ થાય છે. પરંતુ, ક્રિયા કરવા માત્રથી સફળતા થતી નથી. સંસારમાં રખડાવે તેવી પણ કોઇ ક્રિયા હોય છે. માટે કેવી ક્રિયા મોક્ષસાધિકા છે? તેનો ખ્યાલ અહીં આપવામાં આવ્યો છે. તેવી ક્રિયાની સાધનામાં પરમાત્માની સેવાની–તદ્રૂપ અવલંબનની અતિઆવશ્યકતા છે. તે વિના, મુનિ છતાં, પ્રમત્ત ભાવ વિગેરે તેના વિકાસમાં કેવી કેવી મુશ્કેલીઓ ઉભી કરે છે? તે જણાવવા સાથે અપ્રમત્ત ભાવની પ્રાપ્તિ માટે કેટલીક ચેતવણીઓ આપવા ક્ષણભર અહીં સાધકને સ્તવનકાર થોભાવે છે.

**રા ગ : રા મ ગિ રિ : ક ડ ખા : પ્ર ભા તી :**

### ૧. પ્રથમ પરમાત્માની સેવા જ દુર્લભ છે:

ધાર તલવારની સોહિલી, દોહિલી
ચૌદમા–જિનતણી ચરણ–સેવા.
ધાર પર નાચતાં દેખ બાજીગરા.
સેવના–ધાર પર રહે ન દેવા. ધાર૦ ૧

**ધાર**=અણી, ધાર. **સોહિલી**=સહેલી. **દોહિલી**=દુર્લભ, મુશ્કેલી ભરેલી, કપરી. **ચરણ--સેવા**=૧. ચરણોની સેવા, ૨. ચારિત્રની સેવા, ૩. ભાવપૂજાઃ અને પ્રતિપત્તિ પૂજાઃ **બાજીગરા**=બાજીગર લોકો, નટલોકો, જાદુગર લોકો. **સેવના-ધાર**=સેવા રૂપી ધાર. ૧

તલવારની ધાર સહન કરવી ઘણી સહેલી છે, કેમકે-તેના ઉપર બાજીગર લોકો ખુલ્લે પગે નાચ કરતા જોવામાં આવે છે. પરંતુ ચૌદમા જિનેશ્વર પરમાત્મા **શ્રી અનન્તનાથ** પ્રભુના ચરણોની સેવા-તેમના ઉપદેશ પ્રમાણેના ચારિત્રની સેવા-બહુજ કપરી છે. બાપરે! બાપ! તેમની સેવા રૂપ તલવારની ધાર ઉપર તો દેવતાઓ પણ ટકી શકતા નથી. દેવો તો ચોથા ગુણસ્થાનક સુધીજ આધ્યાત્મિક વિકાસમાં ઉંચે જઇ શકે છે, તેથી ઉપરાંત દેશવિરતિઃ કે સર્વવિરતિઃના સંયમ-સ્થાનો તે પામી શકતાજ નથી. તેથી ઇંદ્રો પણ વિરતિધરોને નમસ્કાર કરે છે. કેમકે-એ જાતની સેવા-ભાવ-પૂજા-અને પ્રતિપત્તિ પૂજા-કરવાની તેઓની અશક્તિ છેઃ એવી એ દુર્લભ સેવા પ્રાપ્ત થવી ઘણીજ દુર્લભ હોવાથી જેને પ્રભુજીનું-પ્રભુજીના વચનોનું-પ્રભુજીની આજ્ઞાનું-અવલંબન ન હોય, તે સ્ખલના પામ્યા વિના ન જ રહે--એ સ્વાભાવિક છે. માટે-ડગલે ને પગલે-આંખનું મટકું મારવામાં પણ તેમની આજ્ઞા-તેમનું અવલંબન છોડવું ન જોઇએ. આ રહસ્ય છે. ૧

**૨. માત્ર ક્રિયા મારફત પણ સેવાની દુર્લભતાઃ**

> એક કહેઃ-"સેવિયે વિવિધ-કિરિયા કરી."
> "ફલ અનેકા-ન્ત લોચન ન દેખે.
> ફલ-અનેકા-ન્ત-કિરિયા કરી બાપડા
> રડવડે ચાર-ગતિમાંહિ લેખે." ધાર૦ ૨

**અનેકા-ન્ત**=વ્યભિચાર દોષ, માનેલા કારણથી તે પ્રમાણે કાર્ય ન થવું, માનેલા લક્ષણ પ્રમાણે લક્ષ્યનું ન હોવું, માનેલા હેતુ

પ્રમાણે સાધ્યનું ન હોવું, તે અનેકાન્ત નામનો હેત્વા-ऽऽભાસ દોષ ગણાય છે. અચોક્કસ કારણ. કાર્ય સાથે-ફળ સાથે-વિસંવાદી કારણ. ફળ=પરિણામ, કાર્ય. **લોચન**=આંખથી. **ફલ-અનેકા-ऽन्त-કિરિયા**=જેનું ફળ અનેકાન્ત છે,-કાર્ય સાથે વિસંવાદી છે, એવી ક્રિયા. સંદિગ્ધ ફળવાળી-વિપરીત ફળવાળી ક્રિયા. **બાપડા**=બિચારા. પામર. **રડવડે**=અથડાય. **લેખે**=હિસાબમાં. ૨

કોઈક કહે છે, કે-"ચૌદમા જિનેશ્વર દેવની સેવા કરવીઃ એ અમારે માટે કોઇ મુશ્કેલીની વાત નથી. અમો વિવિધ ક્રિયા અનુષ્ઠાનો કરીને તેમની સેવા સાધીશું."

પરંતુ તેઓ ભૂલે છે, કે-" ક્રિયા કરવા માત્રથી સેવા થાય, અને ધાર્યું સુંદર પરિણામ આવે." એમ માની લેવાનું નથી. જેઓ એમ માને છે, તેઓ-" ક્રિયા પણ પોતાના ફળ સાથે વિસંવાદી હોઈ શકે છે. એટલે તે ગમે તેટલી કરવામાં આવે, છતાં-ફળ આપતીજ નથી. એટલુંજ નહીં, પણ ઘણી વખત ઉલટું ફળ આપે છે." આ વાત સમજી શકતા નથી-લોચનથી જોઈ શકતા નથી. કારણ કે-વાસ્તવિક રીતે તે ક્રિયાજ સાચી નથી હોતી. માણસને પૂર્વમાં રહેલા શહેર તરફ જવું હોય, અને ભૂલથી પશ્ચિમ તરફ જાય, તો ચાલવાની મહેનત કરવા છતાં, તે ઇષ્ટ શહેરમાં પહોંચતોજ નથી. મહેનત માથે પડે, અને નાના મોટા બીજા નુકશાનો થાય, તે જુદા.

તેથી, એ જાતની-ફળથી વિસંવાદી ક્રિયા-કરીને બાપડા ચાર ગતિને હિસાબે-નારક-આદિ ચાર ગતિમાં રખડે છેઃ આ ભવઃ અને પરભવઃના નિયાણા રૂપ-વિષ અને ગરલક્રિયા કદાચ તપોબળથી દેવાદિક ગતિ અપાવે, પણ પછી તો નરકાદિક દુર્ગતિમાં જ લઈ જાય છેઃ હિંસાનુબંધ પ્રધાન યજ્ઞાદિકની ક્રિયાઃ તથા જૈનધર્મની ક્રિયા હોય, છતાં જો તે વિષ અને ગરલરૂપ તથા અન-ऽनुષ્ઠાન ક્રિયા રૂપ હોય, તો-દુર્ગતિ તથા ભવ ભ્રમણનું નિમિત્ત બને છે. માટે

"ક્રિયા કરવા માત્રથીજ મોક્ષ મળી જશે." એમ માની રાચવાનું નથી. ભવાભિનંદિ જીવ એવી ક્રિયાથી અનન્તવાર ગ્રૈવેયક-દેવ-વિમાનમાં જવા છતાં-મોક્ષ રૂપ ફળ પામતો નથી. તદ્-હેતુ ક્રિયા અને છેવટે અમૃત-ક્રિયા જ મોક્ષનું અનંતર કારણ થાય છે. ૨

૩. ક્રિયામાં નિષ્ઠ હોવા છતાં-પ્રમત્તભાવથી બીજાં નુકશાનોઃ-

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં.
તત્ત્વની વાત કરતાં ન લાજે.
ઉદર-ભરણા-ऽऽદિક=નિજ-કાજ કરતાં થકાં,
મોહ-નડિયા કલિ-કાલ-રાજે. ધાર૦ ૩

**ઉદર-ભરણા-ऽऽદિક-નિજ-કાજ**=પેટ ભરવું વિગેરે પોતાના માત્ર અંગત જરૂરીઆત પૂરતાંજ-આત્મવિકાસના લક્ષ્ય વિનાના કામો. **નિહાળતાં**=જોતાં. **મોહ-નડિયા**=મોહે નડાયેલા, મોહ જેઓને નડી રહ્યો છે, મોહથી ઘેરાયેલા, મિથ્યાત્વાદિક દર્શન મોહનીય કર્મ: અને અનન્તાનુબંધીય કષાયાદિક ચારિત્ર મોહનીય કર્મ:થી ઘેરાયેલા જીવો. **કલિ-કાલ-રાજે**=કલિકાળ-કળિયુગના રાજ્યમાં. ઉપલક્ષણથી પાંચમા આરામાં. ૩

પરમાત્માની સેવા કેટલી બધી દુર્લભ છે? તે, ગચ્છોના ભેદો જોતાં સ્પષ્ટ જણાઇ આવે છે. જેઓને પરમાત્માની સાચી સેવા પ્રાપ્ત થઇ હોય, તેઓને સંપ્રદાય ભેદ ઉભા કરવાની વૃત્તિજ જન્મી ન શકે. એ વૃત્તિના જન્મની પાછળ અવશ્ય પ્રમાદ છે. ઓચ્છે વધતે અંશે મિથ્યાત્વાદિક મોહનીય કર્મના કોઇપણ [શુદ્ધપુંજ] ભેદનું પ્રાબલ્ય છે, એમ માનવુંજ પડે. તથા કેટલાક-તત્ત્વને નામે અતત્ત્વની વાતો કરીને જગત્‌માં આગળ આવે છે, એટલે કે-અનેક દર્શનકારોને તત્ત્વ હાથ ન લાગવા છતાં, પોતપોતાના સંપ્રદાયના દર્શનો ઉભા કરી-ગ્રંથોના ગ્રંથો મારફત તત્ત્વની વાતો કરતા શરમાતા નથી. ત્યાં પણ-તીવ્ર પ્રમાદનુંજ સામ્રાજ્ય પાછળ કામ કરતું હોય છે. મુનિ અને ત્યાગી

વેષમાં હોવા છતાં, નવા નવા પંથો ઉભા કરાતા જોવામાં આવે છે. તથા નિહ્નવાદિક પણ પોતાની તરફથી અનેક પ્રકારની તત્ત્વને નામે વાતો ફેલાવતા અચકાતા નથી.

**તથા**, કેટલાક—વેષ—વિડંબક—પાસ=ત્થાઃ વિગેરે—પોતાનું પેટ ભરવા વિગેરેનું કામ—મુનિપણાની ઢાલની પાછળ ચલાવતા હોય છે. તેઓનું પ્રાયઃ બીજું ધ્યેય નથી હોતું. આ બધું પાંચમા આરાને લીધે—મોહના નડતરથી—જણાઇ આવે છે. એજ બતાવી આપે છે, કે— "ચૌદમા જિનેશ્વરની સેવા કરવાનું કામ ઘણુંજ કપરું છે."

**સંસાર** છોડવા છતાં, મુનિપણું લેવા છતાં, પૂર્વ કર્મના દોષે, ઘણાની આ સ્થિતિ થઇ જાય છે. એટલે પરમાત્માનું ચારિત્ર લેવા છતાં પણ તેમના ચારિત્રની—તેમના ચરણની—સેવા અતિદુર્લભ છે—કોઇક વિરલાજ તે અખંડ રીતે પામી શકે છે. ૩

**૪. સેવાની દુર્લભતાનું બીજું પણ કારણઃ—**

**"વચન—નિર—ડપેક્ષ વ્યવહાર જુઠો." કહ્યો.**
**"વચન—સા—ડડપેક્ષ વ્યવહાર સાચો."**
**"વચન—નિર—ડપેક્ષ વ્યવહાર સંસાર—ફળ."**
**સાંભળી, આદરી, કાંઈ રાચો. ધાર૦ ૪**

**વચન—નિરપેક્ષ**=પરમાત્માની આજ્ઞાથી વિસંવાદી, તેની અપેક્ષા ન રાખનારો. **વ્યવહાર**=ધાર્મિક આચાર—વ્યવહાર. **વચન—સા—પેક્ષ**=પરમાત્માના વચન સાથે સંગત, તેને અનુસરતો. તેને આધારે ચાલતો. **સંસાર-ફલ**=સંસાર વધારવા રૂપ ફળ ઉત્પન્ન કરનાર. **સાંભળી**=ગુરુમુખથી જિનવાણી સાંભળી. **આદરી**=તેને જીવનમાં આચાર રૂપે ધારી, આચરી, અથવા "વ્યવહાર સંસાર રૂપ ફળ આપનાર પણ હોય છે." એમ સાંભળીને, અને તે પ્રમાણે આચરણ કરીને. **કાંઇ રાચો?**=કાંઇક તો રુચિ ધરાવોઃ રાચો. આનંદ પામો—અથવા—શા માટે રાચો છો? [ આમ બે અર્થ ભાસે છે. મર્મજ્ઞોએ સ્તવનકારનો વિવક્ષિત અર્થ શોધી નિર્ણય કરવો. ] ૪

,"પરમાત્મા જિનેશ્વરદેવના વચન સાથે અસંગત–આજ્ઞાથી નિરપેક્ષ-આજ્ઞા સાથે મળતો ન થતો વ્યવહાર જુઠો છે." એમ કહ્યું છે. અને "જે વ્યવહાર પરમાત્માની આજ્ઞાને સાપેક્ષ હોય,–તેને અનુસરતો હોય–તો તે વ્યવહાર સાચો છે. લાભ આપનારો છે." એમ પણ કહ્યું છે.

"વચન નિરપેક્ષ વ્યવહાર–આચાર જુઠો છે." એમ કહ્યું છે, તેનું કારણ એ છે, કે–તેવા વ્યવહારનું ફળ સંસાર રૂપે આવે છે, સંસાર વધે છે. જ્યારે ધર્મકરણી તો મોક્ષ પામવા માટે કરવાની હોય છે. તો તેનાથી મોક્ષ રૂપ ફળ નિપજવુંજ જોઇએ. તેને બદલે તેનાથી વિપરીત–સંસાર વૃદ્ધિ રૂપ–ફળ નીપજે, તો તે ઉલટું પરિણામ આવ્યું ગણાય.

માટે–આ હકીકત સાંભળીને–વચનનિરપેક્ષ વ્યવહારનો આદર કરીને શા માટે રાચો છો? કેમ આનંદ પામો છો? તેથી આનંદ પામવા જેવું નથી. પણ તેવો વ્યવહાર છોડવા જેવો છે.

અથવા–વચન સાપેક્ષ વ્યવહાર સાચો છે. તેથી તે સંસાર રૂપ ફળ ન આપતાં, મોક્ષ રૂપ ફળ આપનારો છે. તે સાંભળીને તેનો આદર કરો. અને તેથી કાંઈક તો આનંદ પામો. ૪

વ્યવહાર શબ્દના ઘણા અર્થ થાય છે. દા૦ ત૦–વ્યવહાર એટલે ૧ લોકોમાં પ્રચલિત રીતરીવાજ. ૨ નાણાની લેવડ દેવડ. ૩ ધંધામાં અરસ્પરસ લેણદેણ. ૪ કન્યા વ્યવહાર. ૫ જ્ઞાતિ વ્યવહાર. ૫ કચેરીમાં દાવો કરવો–કેસ માંડવો–કામ ચલાવવું. ૬ દસ્તાવેજ–ખત પત્ર–કરાર પત્ર–વિગેરે દસ્તાવેજી મુદ્દા ઉભા કરવા–તૈયાર કરવા વિગેરે. ૭ વ્યવહાર નય–કે જે સાત નયોમાંનો ત્રીજો નય છે. સદ્ભૂત અસદ્ભૂત–ઉપચરિત અનુપચરિત વ્યવહાર વિગેરે ઘણા–તથા વધુમાં ૧૦૦ ભેદો હોવાનું જૈનશાસ્ત્રોમાં જણાવેલું છેઃ ૮ આગમઃ ૨ શ્રુતઃ ૩ આજ્ઞાઃ ૪ ધારણાઃ–અને ૫ જિતઃ આ જાતના જૈન શાસ્ત્રમાં આચારો અને જૈન શાસનના બંધારણીય સંચા-

ક્ષનને લગતા પાંચ પ્રકારના વ્યવહારો પ્રસિદ્ધ છે. રાજ્યતંત્રના આધારે ચાલતા લૌકિક વ્યવહારો અને જૈન શાસ્ત્રોક્ત લોકોત્તર વ્યવહારોઃ જેનો વિસ્તૃત ઉલ્લેખ અનુક્રમે **અર્હન્નીતિ અને વ્યવહારાદિ સૂત્રોઃમાં** છે. ૯ **વ્યવહાર નયઃ** અને **નિશ્ચય નયઃ** આ બે આત્મવિકાસની પ્રક્રિયાને સ્પષ્ટ કરતા નયો છે. જે ગૌણ રૂપે અન્ય દ્રવ્યો અને પર્યાયોમાં પણ લાગુ થઇ શકે છે.

તો આટલાબધા અર્થોમાંથી અહીં **વ્યવહાર** શબ્દનો કયો અર્થ લેવો ? કે જે વચન સાપેક્ષ હોવાથી સાચો–એટલે ઇચ્છિત આદર્શને સફળ કરી શકે, એ પ્રશ્ન થાય છે. અમારી સમજ પ્રમાણે **વ્યવહાર નયઃ** અને **નિશ્ચય નયઃ** એ બેમાંનો **વ્યવહાર નયઃ** અહીં લેવાનો છે. અને જેનો વિસ્તાર પાંચ વ્યવહાર રૂપે આગમાદિક જૈન સંઘમાન્ય જૈનશાસ્ત્રોમાં સમજાવવામાં આવેલ છે,

ઉપલક્ષણથી વચનનિરપેક્ષ **વ્યવહાર નયઃ** જેમ સંસારવૃદ્ધિ રૂપ ફળ આપનાર છે, તેજ પ્રમાણે વચન નિરપેક્ષ **નિશ્ચય નયઃ** પણ સંસાર ફળ આપનાર હોવામાં શંકા નથી.

અહીં વાચક મહાનુભાવોએ આ સ્તવનનું મનન કરતી વખતે "સાતમા ગુણસ્થાનકથી શરૂ થતી અપ્રમત્ત દશાને ખ્યાલમાં રાખ્યા વિના–કેવળ–પ્રમત્ત દશાના મુનિજીવન સુધીની ભૂમિકામાં રહેલા આત્માઓ માટે આ વિચારણા પ્રસ્તુત છે." એમ સમજવું જરૂરી છે.

પ્રમત્ત ભાવના મુનિભાવમાં રહેવાથી પાત્ર ભેદે કેવી કેવી ચડઉતર થાય છે ? તથા " તેઓને **વચન સાપેક્ષ–શાસ્ત્રાજ્ઞા** મુજબ તો **વ્યવહારજ** શરણભૂત છે. તેમના જીવનમાં એજ મુખ્ય આદર્શભૂત છે. તેજ અવલંબનભૂત છે." માટે તેમના ઉપરજ ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. આનો અર્થ એકાંતથી એમ સમજવાનો નથી, કે–" સર્વ પ્રકારના પાત્ર મુનિને માટે એજ માર્ગ છે." પરંતુ "જ્યાં સુધી અપ્રત્તભાવની અમુક દશા પ્રાપ્ત ન થાય, સિદ્ધદશા પ્રાપ્ત ન થઇ હોય, સાધક દશા હોય, ત્યાં સુધી ગીતાર્થ ગુરુના ઉપદેશ અનુસાર **વચન સાપેક્ષ વ્યવહારોજ**

શરણભૂત છે. એ આ સ્તવનનું રહસ્ય છે, કે-જે પરંપરાએ મોક્ષનું કારણ બને છે.

**विषयान् साधकः पूर्वमऽ-निष्टत्त्व-धिया त्यजेत्.।**
**न त्यजेन्न च गृह्णीयात् सिद्धो, विन्द्याच्च तत्त्वतः. ॥९॥**

**अध्यात्मोपनिषद् ज्ञानयोग शुद्धि अधिकारः**

**અર્થ:**-સાધકે પ્રથમ અનિષ્ટ માનીને વિષયોનો ત્યાગ કરવો જોઈએ. પરંતુ સિદ્ધ થયા પછી, ન તજે. કે-ન સ્વીકારે. તત્ત્વબુદ્ધિથી તટસ્થભાવે-સાક્ષિરૂપે રહી જ્ઞ પરિજ્ઞાએ જાણે. ૯.

(વિષયો-એટલા વિસ્તૃત છે, અને તેની પકડ એટલી મજબૂત છે, કે-ઉંચે ચડતા આત્માનો કેડો એકાએક મૂકતાજ નથી. તેથી તેનો પલ્લો છોડાવવા-વિસ્તૃત અને ગંભીર સંસારના ભયંકર ભેદભરમોથી બહાર કાઢવા-તેવાજ ભેદભરમોથી ભરેલા વ્યવહારો શાસ્ત્રકારોનેય-સાધકોને સહાય કરવા માટે વિસ્તૃત સ્વરૂપમાં ઉપદેશવા પડે છે, જે સાધક આત્માને અવલંબન રૂપ થાય છે: માટે વ્યવહારનો એકાન્ત નિષેધ: તે શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ-ઉત્સૂત્ર પ્રરૂપણા રૂપ હોવામાં શી શંકા રહે છે?

"વચન સાપેક્ષ ધર્મ-વ્યવહાર: તેજ **વચનાનુષ્ઠાન:, એ અર્થ** સમજી શકાશે." ૪

**૫. વચન સાપેક્ષ વ્યવહારનો પાયો:-**

દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કિમ રહે?
કિમ રહે શુદ્ધ-શ્રદ્ધાન આણ્યો?
શુદ્ધ-શ્રદ્ધાન-વિણ સર્વ-કિરિયા કરી,
છાર પર લિંપણું તેહ જાણો. ધાર૦ ૫

**શુદ્ધિ**=શુદ્ધ ભક્તિ: સમ્યગ્ આદર, શુદ્ધ દેવ: ગુરુ: ધર્મ:તીજ પસંદગી: અને તેનો આગ્રહ, મક્કમતા. **શુદ્ધ-શ્રદ્ધાન**=સમ્યક્ત્વ, શુદ્ધ-શ્રદ્ધાગુણ. **આણ્યો**=લવાયેલો, અણાયેલો, પ્રાપ્ત કરાયેલો.

[આપ્યું=પ્રાપ્ત કરાયેલું.] **શુદ્ધ-શ્રદ્ધાન-વિણ**=શુદ્ધ શ્રદ્ધા વિના. **છાર**=ખાર, ઉષર જમીન, રાખ. **લિંપણું**=લેપ. લીપણ. ૫

જેની ઈચ્છા વચન સાપેક્ષ વ્યવહારનો આદર કરવાની છે, તેણે શુદ્ધ દેવ: ગુરુ: ધર્મ:નુજ શરણું લેવું જોઇશે. તોજ તેનું શુદ્ધ શ્રદ્ધાન ટકી શકી શકશે. સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત થઇ, ટકી શકશે. કેમકે-તે વિના જેટલી ક્રિયા કરવામાં આવે-વચન સાપેક્ષ વ્યવહાર આચરવામાં આવે-તો પણ તે ખાર ઉપર લીંપણાની માફક ટકી શકીને પોતાનું ફળ આપી શકતો નથી. જે ધારણા સફળ કરવા માટે, જે ઉપાય યોજવામાં આવ્યો હોય, તે ધારણા બરાબર પાર પાડે, તોજ-તે ઉપાય રામબાણ સમાન કહેવાય છે: પરંતુ સમ્યક્ત્વ વિનાની ક્રિયા રામબાણ બની શકતી નથી. ભલે શુદ્ધ આશયથી તે કરવામાં આવતી હોય, તો સદનુષ્ઠાનનો અભ્યાસ વધારવામાં તે ઉપયોગી થતી હોય, પણ **જેવી ક્રિયા, તેવું ફળ**: એવી રીતે તે રામબાણ: ન બની શકે. એ સત્ય હકીકત છે. **ઋજુસૂત્રાદિક** નયની અપેક્ષાએ આ વાત વધારે સચોટ રીતે ઘટી શકે છે. અન્યથા ભવ્ય જીવની કોઇ પણ ક્રિયા નિષ્ફળ જતી નથી. તે પોતાના નજીકના ફળનું કારણ થતી થતી પરંપરાએ છેવટે શુદ્ધ ફળ આપનારી થાય છે. અને તેને યોગે ભવ્ય જીવ મોક્ષમાં જાય છે. એટલાજ માટે "**પાંચ આચારનું પાલન: તેજ અધ્યાત્મ.**" એ **એવંભૂત નયની** અપેક્ષાએ સમજવાનું છે. એટલે કે-ચોથે ગુણસ્થાનકે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થયા પછી-અધ્યાત્મની શરૂઆત માનવાની અપેક્ષાએ છે. અને અપુનર્બન્ધક ભાવથી મૈત્ર્યાદિ વાસિત ચિત્ત થવાથી અધ્યાત્મની શરૂઆત, તે-**વ્યવહાર** અને સ્થૂલ **ઋજુસૂત્ર** નયની અપેક્ષાએ છે. [**નૈગમ નયની** અપેક્ષાએ વ્યવહાર રાશિમાં આવવાથી માંડીને પણ ભવ્યજીવને અધ્યાત્મની શરૂઆત ગણી શકાય, અથવા સકૃત્બંધક-ભાવથી માંડીને ગણી શકાય. એમ સમજાય છે.] ૫

૬. ઐદંપર્ય-છેવટનો સારઃ-

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર-ભાષણ જિસ્યો.
ધર્મ નહીં કોઈ જગ-સૂત્ર-સરિખો.
સૂત્ર-અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનો શુદ્ધ-ચારિત્ર પરીખો. ધાર૦ ૬

**ઉત્સૂત્ર-ભાષણ**=પરમાત્માએ ઉપદેશેલા શાસ્ત્રો વિરુદ્ધ બોલવું. **જિસ્યો**=જેવું. **જગ-સૂત્ર-સરિખો**=જગત્-સૂત્ર જેવો, જગત્‌માં અપૂર્વ-અદ્ભુત-મહાપ્રમાણભૂત પરમાર્થ શ્રુતરૂપ-એવા પરમાત્મોપદિષ્ટ આગમસૂત્ર સમાન. **પરીખો**=પરીક્ષા કરીને કબુલ રાખો-પરીક્ષા કરી ઓળખો. ૬

પરમાત્મોપદિષ્ટ-આગમાનુસારી શાસ્ત્રો લિરુદ્ધ બોલવા જેવું જગત્‌માં મોટામાં મોટું કોઇ પાપ નથી. હિંસા કરતાં પણ તે મિથ્યાત્વ રૂપ હોવાથી પાપ મોટું થઇ જાય છે.

**पयमक्खरं च एक्कं पि न रोएइ सुत्त-निद्दिट्ठं ।**
**सेसं सेयंतो वि हु मिच्छ-दिट्ठि मुणेयव्वो ॥१॥**
**एकस्मिन्नऽप्यऽर्थे संदिग्धे प्रत्ययोऽर्हति हि नष्टः ।**
**मिथ्यैव दर्शनं तत्-स चाऽऽदि-हेतुर्भव-गतीनाम् ॥१॥**

**અર્થ:**-સૂત્રમાં નિર્દેષ્ટ કરેલું એક પણ પદ કે અક્ષર જેને પસંદ ન પડે-જેને શ્રદ્ધાગમ્ય ન થાય, તેને ભલે બાકીનું બધુંયે રુચતું હોય, તો પણ-તેને મિથ્યાદષ્ટિ જાણવો. ૧

કેમકે-

એક પણ વાતમાં અવિશ્વાસ થવાથી પરંપરાએ અરિહંત ભગવંતમાંથી વિશ્વાસ ઉઠવાનો તે પૂરાવો બની જાય છે. માટે તે મિથ્યાદર્શન થાય છે. અને તેથી તે સંસારમાં રખડાવનારું બને છે, ૧

અહીં, એટલું વિશેષ સમજવું, કે-"જે જીવને એ અરુચિ દુરાગ્રહ રૂપ હોય, તેને તે મિથ્યાદર્શન રૂપ ગણાય. પરંતુ, જો-તે પ્રજ્ઞાપનીય-સમજાવવાથી સમજી શકે તેવી મનોદશામાં હોય, તો તેને મિથ્યા-

દર્શન ન ગણાય. કેમકે–તેમાં દુરાગ્રહ નથી હોતો. પણ બુદ્ધિની વિકળતાથી અણસમજણ છે.

**માટે** ઉત્સૂત્ર ભાષણ જગત્‌માં મોટામાં મોટું પાપ છે. અને પરમપાવન વિશ્વસૂત્રને સન્માનવા જેવો–બીજો કોઈ ઉંચો ધર્મ નથી. [ પ્રમત્ત જીવોની અપેક્ષાએ કેમકે–અપ્રમત્તોની અપેક્ષાએ–સામર્થ્ય યોગ–નિર્વિકલ્પ દશા-અનુભવ-પ્રાતિભ જ્ઞાન–સર્વજ્ઞપણું–શૈલેશી અવસ્થા વિગેરે તો ઉચ્ચ કોટીના ધર્મો છે. તેની અહીં વિવક્ષા કરવામાં આવી નથી. ]

**માટે**–"જે ભવ્ય જીવ પરમાત્માની આજ્ઞાને અનુસરીને–ક્રિયા કરે–જ્ઞાનયોગનો ક્રિયાયોગ તરીકે અમલ કરી, આત્મવિકાસનો પંથ કાપે, તેનું ચારિત્ર શુદ્ધ છે." એમ પરીક્ષા કરીને કબુલ રાખો: અને " તે શિવાયનાનું ચારિત્ર શુદ્ધ નથી, પછી, ભલે તે બહારથી ગમે તેવો ત્યાગી અને ગમે તેવો તપસ્વી કેમ ન હોય. છતાં તેનું ચારિત્ર શુદ્ધ નથી. એટલુંજ નહીં, પણ તે આજ્ઞાબાહ્ય હોવાથી-સમ્યગ્ દર્શનથી-નિરપેક્ષ હોવાથી–ચારિત્રજ નથી." એમ પણ સાથેજ માનવું.

**શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ **પંચાશક**માં જણાવ્યું છે, કે–"ચારિત્રમાં દોષ લગાડવાથી જે પ્રાયશ્ચિત્ત આવે છે, તેના કરતાં આજ્ઞા ભંગના દોષનું પ્રાયશ્ચિત્ત મોટું હોય છે. ત્યાં શિષ્ય પૂછે છે, કે–" તેનું કારણ શું ?" ત્યારે ગુરુ જવાબ આપે છે, કે–" આજ્ઞા ભાંગ્યા પછી શું ભાંગવાનું બાકી રહે છે ?"

" **दंसण-भट्ठो भट्ठो** " વિગેરે શાસ્ત્રવાકયોનું પણ આજ તાત્પર્ય છે. ૬

**૬. ઉપસંહાર:–**

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી.
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુ–કાલ સુખ અનુભવી,
નિયત આનન્દ–ધન–રાજ પાવે. ધાર૦ ૭

**સાર**=રહસ્ય. **સંક્ષેપથી**=ટુંકામાં. **નિત્ય**=કાયમ. **ધ્યાવે**=આદર્શ તરીકે સામે રાખે. **દિવ્ય**=દેવો સંબંધી. **બહુ-કાળ**=ઘણા વખત સુધી. **અનુભવી**=ભોગવી. **નિયત**=અવશ્ય=ચોક્કસ. **આનન્દ-ઘન-રાજ**=મોક્ષ. **પાવે**=પામે.

ઉપર જણાવ્યો તે, સર્વ ઉપદેશોનો ટુંકો સાર છે. તે સારને, જે લોકો ચિત્તમાં ધારણ કરી, તેનું ધ્યાન કરશે, એટલે કે-તેને આદર્શ તરીકે સામે રાખી તેનો આદર કરી, અમલ કરી, તન્મય બનશે, તે માનવો ઘણા વખત સુધી દિવ્ય સુખો ભોગવીને ચોક્કસ મોક્ષમાં જવાનાજ.

વચનાનુષ્ઠાનની આરાધના કરવાથી, છઠ્ઠે ગુણઠાણે રહ્યા છતાં અને કોઇ કોઇ વખત સાતમું પ્રાપ્ત કરવાથી દેવગતિનું આયુષ્ય બંધાય છેઃ એટલે કદાચ તેજ ભવે મોક્ષમાં ન જવાય તો, પણ-ઘણો વખત દેવલોકના સુખ ભોગવીને-બે પાંચ ભવોમાંજ ચોક્કસ મોક્ષ પામેજ છે. સાર એટલોજ છે, કે-

દેવઃ ગુરુઃ ધર્મની શુદ્ધ શ્રદ્ધાનો પાયો નાંખીને સૂત્રાજ્ઞા અનુસાર તમામ પ્રકારના શક્ય અનુષ્ઠાનો નિઃશલ્યપણે કરવાથી મોક્ષ મળવામાં વિલંબ થવાનો નથી. કદાચ અલ્પ પુરુષાર્થને પરિણામે તુરત મોક્ષ ન મળે, તો દિવ્ય સુખ ભોગવ્યા પછી તુરતજ અવશ્ય મોક્ષ મળેજ.

"ત્યાં દેવલોકનું સુખ અનુભવીને આયુષ્ય પૂરું થયા પછી ત્યાંથી ચ્યવીને ફરીથી મનુષ્યગતિમાં આવીને ગુણથી ભરપુર માનવ સમૂહ-જાતિમાં-જન્મ ધારણ કરે છે. અને તે જન્મઃ કુળઃ કુટુંબઃ વૈભવઃ રૂપઃ બળઃ બુદ્ધિઃથી સંપન્ન હોય છે. તથા શ્રદ્ધાઃ સમ્યક્ત્વઃ જ્ઞાનઃ સંવરઃ તપઃ વિગેરેના બળથી સમૃદ્ધ હોય છે, અને ભાવનાઓની મદદથી સંસાર તોડીને ત્રીજે ભવે મોક્ષ પામે છે. કેમકે-૧ મુનિ જીવનઃ ૨ સ્વર્ગમાં દેવઃ અને છેવટે ૩ મનુષ્યમાં આવીને મોક્ષઃ એમ ત્રણ ભવ થાય, અને છેવટે આઠ ભવમાં તો મોક્ષ થાય જ."

**પ્રશમરતિ પ્રકરણ**-૨૯૯-૩૦૦-૩૦૧-૩૦૮

**ત્રણ અથવા આઠ ભવમાં મોક્ષે જાયજ.** ૭

## ર હ સ્યા ર્થ .

**આ** સ્તવનમાં શાસ્રાજ્ઞા ઉપર–વચનાનુષ્ઠાન ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. તથાપ્રકારની આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરી સિદ્ધ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, આધ્યાત્મિક વિકાસમાં મદદગાર ધાર્મિક અનુષ્ઠાનોજ ખૂબ અવલંબન રૂપ રહે છે. અને તેનું નામ વ્યવહાર ધર્મ છે. એટલે કે વ્યવહાર નયની અપેક્ષાએ એ ધર્મ કહેવાય છે. અને તેથી ઉપરની કોટિનો ધર્મ તે નિશ્ચય નયની અપેક્ષાએ ધર્મ કહેવાય છે. વ્યવહાર નયના આલંબન વખતે નિશ્ચય નયનું આલંબન ગૌણ હોય છે, અને નિશ્ચયના આલંબન વખતે વ્યવહારનયનું ગૌણ હોય છે, પરંતુ એકની હાજરીમાં બીજાનો સર્વથા અભાવજ હોય છે, એમ નથી હોતું.

**અ**પ્રમત્ત ભાવથી નિશ્ચય નયની પ્રધાનતા બહુજ પ્રબળ રૂપમાં શરૂ થવા લાગે છે પરંતુ, પ્રમત્ત ભાવમાં વ્યવહાર નયની ઘણી મુખ્યતા હોય છેઃ તેથી શાસ્ત્રોક્ત અનુષ્ઠાનોઃ અને તેને લગતી ક્રિયાઓઃ મુખ્ય હોય છે. અને તે અનુષ્ઠાનો તથા ક્રિયાઓની કાર્યસાધકતાનો આધાર શાસ્ત્રાજ્ઞા પ્રમાણે વચનાનુષ્ઠાન રૂપે બરાબર અમલ કરવા ઉપર હોય છે. કેમકે–જીવનની વિવિધતા તથા સંજોગોની વિચિત્રતાઓના ઘમસામાંમાં તથા પ્રમાદભાવની અસરને લીધે–અનેક રીતે ગુંચવણો ઉભી થવાની સંભાવના હોય છે. તેથી તે સ્થિતિમાં શાસ્ત્રાજ્ઞાનું અવલંબન લેવા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવેલો છે. તે બહુજ ઉચિત છે. “**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચરિત્ર પરીખો.**”

**પ્ર**મત્ત અવસ્થા પ્રથમ ગુણસ્થાનકથી માંડીને છઠ્ઠા ગુણસ્થાનક સુધી હોય છેઃ સાતમે અપ્રમત્ત ગુણસ્થાનકે ચડ્યા પછી, ત્યાંથી ઉતરીને છઠ્ઠે ગુણસ્થાનકે આત્મા સ્થિર થાય છે. અથવા ત્યાંથી ઉતરી પણ પડે છે. પાંચમે, ચોથે, ત્રીજે યા બીજે–અને પહેલે પણ આવી જવાનો પ્રસંગ બની જાય છે. તેથી સર્વવિરતિ ચારિત્ર લેવા છતાં–પ્રમત્ત ભાવ અનેક પ્રકારની ભૂલો કરાવે છે. સર્વ

વિરતિ ચરિત્ર પ્રાપ્ત થવા છતાં–પ્રમત્ત ભાવ એક મોટામાંમોટું ભયસ્થાન છેઃ એ ભયસ્થાન તરફ આ સ્તવનમાં ખાસ લક્ષ્ય દોરવામાં આવેલું છે. અને તેથી બચવા માટે સૂત્રનું અવલંબન અતિ મહત્ત્વના ઉપાય તરીકે–દીવાદાંડી તરીકે–ખૂબ મજબૂત રીતે–રજુ કરવામાં આવેલું છે. તેનું અવલંબન ન છોડવું, એ આખા ઉપદેશનો સાર છે. તે ભયસ્થાનો લગભગ નીચેપ્રમાણે હોય છેઃ ૧ માયા, ૨ નિયાણું, ૩ નિષ્ફળ અથવા વિપરીત ફળ આપનારી વિવિધ ક્રિયાઓઃ ભલે તે જૈનાચાર મુજબની હોય, કે યજ્ઞાદિક કે બીજી અન્ય દર્શનના આચાર મુજબની હોય, ૪ અવિહિત ગચ્છ અને સંપ્રદાયોના ભેદો ઉભા કરી દેવાય તેવી મનોવૃત્તિ, ૫ નિહ્નવ-પણું, ૬ મનમાની રીતે તત્ત્વનિરૂપણ કરવાની પ્રવૃત્તિ, ૭ પેટ ભરવા નિર્વાહ કરવો, માનપાન મેળવવા ખાતરજ ધર્મની પ્રવૃ-ત્તિનો અને વેષાદિકનો ઉપયોગ કરવોઃ ૮ આજ્ઞા નિરપેક્ષ વ્ય-વહાર કે નિશ્ચયનું પ્રતિપાદન અને પાલન ૯ દેવઃ ગુરુઃ અને ધર્મઃની શુદ્ધ શ્રદ્ધા ધારણ ન કરવી. ૧૦ શુદ્ધ સમ્યક્ત્વ ન ટકાવવું. ૧૧ ધર્મક્રિયા સાથે શુદ્ધ સમ્યક્ત્વ ટકાવવા કે લાવવા પ્રયત્ન ન કરવો. ૧૨ ઉત્સૂત્ર ભાષણ કરવું. ૧૩ પાસત્થાપણું. ૧૪ વેષવિડંબકપણું. ૧૫ કુશીળપણું. ૧૬ શિથિલાચારીપણું વિગેરે વિગેરે. આવી આવી ઘણી મુશ્કેલીઓ તીર્થંકર પરમાની સેવામાં આવી પડે છે. માટે સેવાનો માર્ગ ઘણોજ વિકટ છે. માટેજ આગમનું અવલંબનઃ એ અંધારામાં દીવાનું કામ કરે છે. અને જીવોને પડતા બચાવી લે છે. આગમ–કષઃ છેદઃ અને તાપોઃથી શુદ્ધ છે. તેમાં–ઉત્સર્ગઃ અપવાદઃ વિધિઃ નિષેધઃ વિગેરે દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃને અનુસરીને પુષ્કળ બતાવેલા છે. માટે તેના આધારે આત્મકલ્યાણમાં આગળ વધવું એજ શ્રેયસ્કર છે. આજે પણ તે જે સ્વરૂપમાં વિદ્યમાન આપણને વારસામાં મળ્યું છે, તે પણ જગત્‌ના બીજા કોઇ પણ શાસ્ત્રો કે સાહિત્ય કરતાં વધુમાં વધુ પરમાર્થ રૂપઃ હિતકારીઃ અને તેજ અનન્યશરણ-ભૂત છે.

**સમરાદિત્ય ચરિત્રમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજશ્રીના કહેવા પ્રમાણે–" જગત્માં અનાદિ અનંત કાળને માટે સદા અબાધિત મોક્ષમાર્ગ રૂપ ધર્મ એકજ છે." છતાં તે તે કાળે–તે તે માનવોની મનોવૃત્તિને અનુસારે-તે મોક્ષમાર્ગના અનેક સ્વરૂપો અને તેનું સંચાલન કરનારી ધાર્મિક સંસ્થાઓ રૂપી ધર્મો પણ અનેક ઉપસ્થિત થઇ જાય છે. અને તે મુખ્ય મુખ્ય ધર્મો રૂપે પ્રચલિત થયેલા ધર્મોના પણ પેટા સંપ્રદાયોના ગચ્છો વિગેરે રૂપે અનેક વિભાગો સહજ કુદરતી નબળાઇને લીધે ઉભા થઇ જાય છે. તે વાસ્તવિક રીતે માનવોને માટે એક અનિષ્ટ વસ્તુ છે. છતાં તે અનિવાર્ય રૂપે બની જાય છે. માનવ સ્વભાવ અને માનવ જાતમાં સંચાર પામતી આધ્યાત્મિક નિર્બળતા વિગેરેને પરિણામે એ સ્થિતિ જન્મ પામે છે: તે સર્વ ભેદ–પ્રભેદ સંકેલાઇ જાય, અને અનાદિ અનન્તકાળ સિદ્ધ એકજ સ્વરૂપનો મુખ્ય મોક્ષ માર્ગ અને તેની સંચાલક એકજ ધાર્મિક સંસ્થા–શાસન હોય, તો તે ખૂબ ઇષ્ટ છે. પરંતુ, તે બનવું ઘણું મુશ્કેલ યા તો તદ્દન અશક્ય જેવું છે. આવા અનેક ભેદો પડવાથી તેનાથી મુખ્ય મોક્ષમાર્ગ અને તેની સંચાલિકા મુખ્ય સંસ્થાને માત્ર જુદા પાડી બતાવવાજ **જૈન ધર્મ**–**જૈન શાસન**–એવા નામો આપવામાં આવ્યા છે. અને તેનો વહીવટ ચલાવતા સમુદાયનું નામ **શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ** નામ આપવામાં આવેલું છે. જો એવા જુદા જુદા ભેદો જગત્માં ન હોય, તો એમ નામ આપીને જુદા પાડી બતાવવાની ખાસ આવશ્યકતા નજ રહે. **ધર્મઃ ધર્મતીર્થઃ** અને **શ્રીસંઘઃ** એવા ત્રણ શબ્દથીજ ચાલી શકત. અર્થાત્–એ ત્રણ વસ્તુને ત્રણ નામ આપવા પડયા છે, તે પણ નિર્બળતાના સંચારનું પરિણામ છે. પરંતુ, આજે એક મોટામાં મોટું અનિષ્ટ એ શરૂ થયું છે, કે–આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીઓ જગત્માં એક ધર્મને વિશ્વવ્યાપક કરવાના તનતોડ પ્રયાસો કરી રહ્યા છેઃ પરંતુ, એ પ્રયાસ કૃત્રિમ અને સ્વાર્થમય છે. માટે ઘણોજ ભયંકર છે. સહજ અને પ્રામાણિક પ્રયત્ન હોત; તો તે ઇષ્ટજ હતો. પરંતુ તે આજના માનવોની

નિર્બળ મનોદશામાં તે સંભવિત નથીજ. છતાં, કૃત્રિમ અને અયોગ્ય પ્રયાસ શરૂ થઇ ગયો છે. તેને માટે–**સર્વ ધર્મ સમાનતાઃ સર્વ ધર્મ સમન્વયઃ એક વિશ્વ ધર્મઃ વિશ્વ શાંતિઃ એક આરાધ્ય દેવઃ સર્વ ધર્મ પ્રાર્થનાઃ**–વિગેરે વિગેરે શબ્દો મારફત **વિશ્વ ધર્મ પરિષદ્ઃધર્મ પરિષદ્ઃ** વિગેરે સંસ્થાઓ તથા યુ૦એન૦ ઓ૦ની ધાર્મિક ભેદભાવ વગરની આંતરરાષ્ટ્રીય સર્વ પ્રવૃત્તિઓને વેગઃ ભૌતિક વૈજ્ઞાનિક આદર્શો ઉપર નવા ધર્મની રચનાઃ તેનું સામ્રાજ્ય ફેલાવવાના પ્રયાસોઃ વિગેરે પ્રાચીન દૃઢમૂળ ધર્મોઃ અને તેના રક્ષક પ્રતીકોઃ નષ્ટ થાય, ત્યારેજ તેનું સામ્રાજ્ય ફેલાઇ શકે. તેમાં પરિણામે અમુકજ માનવજાતનું હિત છે. પણ સમગ્ર માનવજાતનું હિત નથી. ઉલટમાં, એવી રીતે–આડકતરી રીતે બહુમતીના દબાણને પ્રબળ બનાવનાર પ્રચારક બળની અસરથી નવો ધર્મ સ્વીકારવો પડે, અને પોતાનો ધર્મ છોડવોજ પડે, તે અવશ્ય વિનાશક–નુકશાન કરે, એ સ્વાભાવિકજ છે.

આ ક્રિયાને સફળ કરવા માટે–ત્રણ પ્રવૃત્તિઓને વેગ આપવામાં આવે છે. ૧ સંપ્રદાયોને એક કરી મુખ્ય ધર્મમાં કેન્દ્રિત કરવાઃ ૨ તેમ થયા પછી, સર્વ મુખ્ય ધર્મોને બહુ મતથી સ્વીકૃત થતા એકવિધ ધર્મમાં સામેલ કરી લઇ, તેઓનું વ્યક્તિત્વ સદાને માટે નષ્ટ કરવુંઃ ૩ તે સ્થિતિ ઉભી કરતાં પહેલાં દરેક ધર્મોને લલચાવવા પોતપોતાના ધર્મનો પ્રચાર કરવાની દરેકને છુટ આપી, હરિફાઇના મેદાનમાં દરેકને ઉતારવા. અને ધનઃ લાગવગઃ રાજ્યસત્તાની લગવગઃ વિગેરેની મદદથી–જે દેશમાં પ્રચારનો અધિકાર બહારના ધર્મોને ન હોય, ત્યાં પણ અધિકાર પ્રાપ્ત કરી લેવો. એમ બહોળા સાધનોથી વિશ્વભરમાં પ્રચાર કરી–મોટી સંખ્યા મેળવી લેવી. અને છેવટે સત્યના પાયા ઉપર નહીં–પરંતુ, બહુમતના જોર ઉપર બીજા તમામ ધર્મોને લઘુમતીમાં ફેંકી દઇ, પોતાને ઇષ્ટ એકજ ધર્મને વિશ્વધર્મ બનાવી લેવાની ગોઠવણ શરૂ થઈ ગઇ છે. અને એ ધોરણે "દરેક ધર્મના અનુયાયિઓ પોતપોતાના ધર્મને શ્રેષ્ઠ જણાવીને વિશ્વધર્મ બનાવવા માટે ભલેને જોરથી

પ્રચાર કરી શકશે." પણ એ પ્રચારની છુટનો લાભ અમુકજ ધર્મ મેળવી તેવી ગોઠવણ પછીજ તે હરિફાઇનું મેદાન ખુલ્લું મૂકવામાં આવેલું છે. પ્રાચીન ધર્મોને માટે આ એક મહાઅનિષ્ટ સંજોગ ઉભો થયો છે. અને તે ભયંકર સ્વાર્થનું-મોહનું-પરિણામ છે.

આ ક્રિયાની સિદ્ધિ માટે-નાના નાના સંપ્રદાયોને એક કરવાની-એક થવાની ભાવના શરૂ થઈ છે. તે, સિદ્ધાંતને ધોરણે શરૂ થાય તો ઠીક છે. પરંતુ, સિદ્ધાંતને બાજુએ રાખીને-ધર્મગુરુઓને અને ધાર્મિક સંપ્રદાયોના મુખ્યોને બાજુએ રાખીને-સામાન્ય જન સમાજમાં એક થવાની ભાવનાનો પ્રબળ વેગ પ્રચારથી ઉત્પન્ન કરવામાં આવ્યો છે. તે ક્રિયા અતિ ભયંકર શરૂ થઇ છેઃ તેથી, તે અનિષ્ટથી બચવા માટે એ ઉપાય છે, કે-સંપ્રદાયોએ સિદ્ધાંતની એકતા કરીને મળી જવું. અને જો તે શકય ન લાગતું હોય, તો સંપ્રદાયો તરીકે ઉભા રહીને-એકબીજાને ઉભા રહેવામાં મદદ કરીને-એકસંપી કરી લેવી. આજે પ્રચલિત કરવામાં આવેલા ઐકય શબ્દનાયે બે અર્થ છે. ૧ ઐકય એટલે-દરેકનો એક ખીચડો, શંભુમેળો. અને ૨ ઐકય એટલે-પોતપોતાની માન્યતામાં તથા આચારમાં દૃઢ રહી, પોતપોતાના રક્ષણ માટે પરસ્પરને સહાયક થવાની પૂર્વ ભુમિકા રૂપ એક સંપી કરી રાખવી, ને તે જાળવી રાખવી. આથી કરીને સંપ્રદાયો અને મુખ્ય ધર્મો બિનકુદરતી રીતે જગત્માંથી અદૃશ્ય ન થતાં, સ્વાર્થના પાયા ઉપર રચાયેલા શંભુમેળાને લીધે-કોઈ એક ધર્મ મુખ્ય થઇને-તે ધર્મને માનનારી મુખ્ય પ્રજા શિવાયની બીજી પ્રજાઓ પણ નષ્ટ ન થતાં જગત્માં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખી શકશેઃ અને જો અસ્તિત્વ ટકાવેલું હશે, તો કોઈ મહાપુરુષનો યોગ મળતાં પાછી માનવ જાતિ યોગ્ય રસ્તા ઉપર આવીને સુરક્ષિત બની જઇ શકશે.

જૈન ધર્મની પ્રબળતા વિશ્વવિખ્યાત છે. તેની આધ્યાત્મિક શ્રેષ્ઠતા અસાધારણ છે, તેથી, તેને લઘુમતી "ગણીને લઘુમતીને જીવવાનો અધિકાર ન હોય," એવી ખોટી ભાવના ફેલાવીને, તેને નિર્બળ કરવાના અને અંદરોઅંદર ફાટફૂટ પડાવવાના તથા ખોટી રીતે

[૨જી]એકતાનીઃ રીતે પ્રચાર કરી નવા જૈનો બનાવવાનીઃ બુદ્ધિભેદ કરનારીઃ વાતો પ્રચલિત કરવામાં આવી છે. કેટલાક જૈન ભાઇઓ અજ્ઞાન ભાવે, તેને વેગ આપી રહ્યા છે. ઈંગ્લાંડમાં પ્રાચીન જૈનસંઘમાં યા નવા ઉભા કરાયેલા જૈન સંઘમાં દાખલ થવાને અનેક દેશી વિદેશી જૈનેતરો તૈયાર થઇ ગયા છે. આખી દુનિયામાં પ્રચારકેન્દ્ર પ્રચલિત કરવામાં આવ્યા છે. આ લાલચમાં પડીને જૈન ધર્મના આગેવાનો પ્રચારનો લાભ ઉઠાવે–એટલે બીજા ધર્મોવાળા પણ તેમને પગલે ચાલે. આ ભારતની ચાલુ સ્થિતિ છેઃ પરિણામે બધા પ્રચારમાં પડીને એક બીજામાંથી ખેંચાતાણીમાં એટલા બધા પડે કે જગત્ એ કૃત્રિમ હિલચાલથી ત્રાસી જાય. ત્યારે "વિશ્વધર્મ એકજ હોવો જોઇએ"–એ ભાવના મુખ્ય સ્થાન પામેઃ ત્યારે બહુ-મતીના જોર ઉપર અમુકજ મુખ્ય ધર્મ વિશ્વધર્મ બનેઃ તે પહેલાં– "દરેક ધર્મના પ્રચારના આંધળા વેગનો લાભ લઇને–તે તે ધર્મોમાં ઘુસી જવાને માટે વિદેશીઓ તૈયાર બેઠા છે. તે પ્રમાણે ઘુસીને પછી તે તે ધર્મોની મુખ્ય સંસ્થાનો કબજો લઈ, ધર્મપરિષદ્માં જઇ, લઘુમતી તરીકે હારી જઇ, એક ધર્મની બહુમતીને ટેકો આપવામાં ઉપયોગી થઇ શકાય," માટે દરેક ધર્મોમાં પ્રવેશ કરવા તૈયાર થઇ રહેલા છે. ને એવો એક વર્ગ યુરોપ અમેરિકામાં તૈયાર કરવામાં આવેલો છે. જો કે તે પહેલાં ભારતમાંથી અને એશિયામાંથી લોકો દાખલ થવાની શરૂઆત થશે. આ પ્રક્રિયાનું કેન્દ્ર જૈન ધર્મથી શરૂ કરવાની ગોઠવણ છે. જે જૈનો કે જૈનેતર ધર્મો બહારનાઓને પોતપો-તાના ધર્મોમાં દાખલ કરવા લલચાઇ રહ્યા છે. તેઓ આ રહસ્ય ન સમજી શકવાથી પોતપોતાના ધર્મને ભયંકર હાનિ પહોંચાડી રહ્યા છે. **માટે**–સંપ્રદાયોના ભેદો અનિષ્ટ છતાં, આ નવા જન્મેલા અનિ ષ્ટથી મૂળ ધર્મોને બચાવવા માટે, સંપ્રદાયો ઉભા રાખીને પણ રક્ષણ માટેની પરસ્પરમાં સર્વ સંપ્રદાયોએ અને સર્વ મુખ્ય મુખ્ય ધર્મોએ એકસંપી કરી લેવી જોઇએ. તોજ જગત્માં ટકી શકાશે. નહીંતર અવશ્ય જાહેરમાંથી મુખ્ય ધર્મોને પણ ફેંકાઈ જવુંજ પડશે. **સં**પ્રદાયો પોતાના આગ્રહથી પણ પોતાના મુખ્ય ધર્મને એક યા

બીજા સ્વરૂપે ટકાવવા પ્રયાસ અને પુરુષાર્થ કરશે જ. નહીંતર, પછી સર્વ એક થયા પછી, "કોના બાપની ગુજરાત ?" કોઇનેય આગ્રહ ન રહે. એમ બેદરકારીથી મુખ્ય ધર્મોનું વિલીનીકરણ થવાનો પ્રસંગ સરળતાથી આવી જાશે. તે હેતુ માટેજ તેઓએ આજે-સંપ્રદાયોની એકતાનો પ્રચાર શરૂ કર્યો છે. આ રહસ્ય દરેક ધર્મ વાળાએ સમજવાનું છે. આ પ્રક્રિયાથી ધાર્મિક સંસ્થાઓ, ધાર્મિક મિલ્કતો, ધાર્મિક સંચાલન કરતા ધર્મગુરુઓ, આગેવાનો, દરેકનું બળ તોડવાનો પ્રયાસ શરૂ થયો છે. આ સંજોગોમાં દરેકે એક-બીજાને મદદગાર થઇ, સૌએ બચવાનો અને બચાવવાનો પ્રયાસ કરવાની જરૂર છે. સંપ્રદાયો તોડીને, એકતાનો શંભુમેળો કરવાની વાતને એકદમ પડતી મૂકવાની જરૂર છે. સર્વ ધર્મના રક્ષણની સર્વને આ હિતશિક્ષા અને હિતકારી માર્ગદર્શન છે. માનવું ન માનવું, તે સર્વની ઇચ્છા ઉપર છે.

ભારતના પ્રાચીન ધર્મો-જૈનઃ અને વૈદિકઃનું બળ તોડવા માટે, ભારતમાંથી બહાર ગયેલા બૌદ્ધ ધર્મનો પ્રચાર રાજ્યબળથી કરવાના ઉઘાડા પ્રયાસો લોર્ડ લીલીન્થગોના વખતથી શરૂ થઇ ગયા છે. અને ભારતના પ્રાચીન ધર્મ તરીકે ભારતની પ્રજાની સહાનુભૂતિ તેની તરફ આકર્ષી શકાય, એ સહજ છે. તેટલાજ માટે રાષ્ટ્રીય રાજ્યચિન્હમાં-બૌદ્ધધર્મ ચક્રઃ અને બૌદ્ધ સિંહોઃને અમુક દશકાઓ સુધી સ્થાન આપવામાં વિદેશી બુદ્ધિનો સંચાર ખાસ કારણભૂત થયો છે. તે ધર્મનો પ્રચાર થયા પછી; પ્રાચીન બન્નેય મુખ્ય ધર્મોના રક્ષક પ્રતીકો છિન્નભિન્ન થયા પછી, બૌદ્ધ ધર્મઃ કે જે કે-જેને હિંદુ ધર્મમાં ભેળવી દેવાનો છે. વૈદિક ધર્મઃ હિંદુઃ એ નામનો કોઇ ધર્મ નથી. છતાં, તેને હિંદુઃએ નામનો ધર્મ માનીને તેમાં-જૈનઃ અને બૌદ્ધઃ ધર્મને-સાંપ્રદાયિક એકતાને નામે સમાવી દેવાની યોજના છે.—ગોઠવણ છે. પછી બહુમતીના ચક્રમાં-ઇસ્લામ-વૈદિક વિગેરે ધર્મોને મોટી સંખ્યાધરાવતા એક વિશ્વધર્મમાં સામેલ કરી લઇને, તેનું વ્યક્તિત્વ જગતમાંથી નષ્ટ કરવાની પ્રક્રિયા અને પ્રચાર શરૂ થયા છેઃ વૈદિક ધર્મનું રક્ષક

પ્રતીકઃ વર્ણ અને જ્ઞાતિ વ્યવસ્થા છે. જૈન ધર્મના ટકાવમાં પણ તે પ્રતીક ખૂબ મદદગાર છે. તે બન્નેયની વિરુદ્ધ બૌદ્ધ ધર્મનો **પ્રચાર** કામ કરે, અને-**શ્રમણ સંસ્કૃતિના** નામ નીચે જૈન અને બૌદ્ધોના નવા પ્રચારકો-વૈદિક ધર્મનું અને તેના બળના પ્રતીકોનું કાસળ -કાઢવા પ્રયાસ કરે. વૈદિક ધર્મ-જૈન અને બૌદ્ધને પોતાના સંપ્રદાયો માનીને પોતાનામાં સમાવવા પ્રયાસ કરે. જૈન ધર્મ પાળનારા પ્રજાકીય અને સામાજિક વ્યવસ્થાએ આર્યો-અને હિંદુઓ છે. ધાર્મિક બાબતમાં સ્વતંત્ર છે. છતાં સામાજિક રીતે જુદા પડવા મહેનત કરે, અને સામાજિક રીતે એક હોવા છતાં-ધાર્મિક રીતે એક થવાનો પ્રયાસ થાય. આમ દરેક ઉલટી ક્રિયા વિનાશને નજીક લાવેજ, એ સ્વાભાવિક છે. આનું પરિણામઃ-જૈન ધર્મ પાળનારાઃ અને વૈદિક ધર્મ પાળનારાઃ પ્રજા તરીકે એક હોવાથી આજ સુધી મહાજન રૂપે સાથે બેસીને પોતાના હિતના કામો ચલાવતા આવ્યા છે. તે બન્નેયમાં બુદ્ધિભેદ થવાથી જુદા પડી જાય, તેથી જૈનોની બુદ્ધિપૂર્વકની આગેવાનીનો લાભ મળતો વૈદિક હિંદુઓને માટે બંધ થાય, અને વૈદિક હિંદુઓની સંખ્યાબળનો લાભ જૈન ધર્મ પાળતા હિંદુઓને મળતો બંધ થાય. એમ બન્નેયનો વિનાશ શરૂ થઇ જાય. જે હિંદુ પ્રજાજનો બૌદ્ધ ધર્મ પાળતા હોય, સામાજિક રીતે ભલે હિંદુ પ્રજાજનો સાથે બેસે. પણ બૌદ્ધ ધર્મ હિંદુ પ્રજાનો પ્રાચીનકાળમાં હોવાથી-આજના બધા બૌદ્ધોને કાયદામાં હિંદુ પ્રજામાં સામેલ ગણવાથી, નવી મુશ્કેલી ઉભી થાય છે. કેમકે ચિન-તિબેટ-જાપાન-સીલોન વિગેરે દેશોમાં વસતી અને બૌદ્ધ ધર્મ પાળતી પ્રજાઓ સામાજિક રીતે-હિંદુ પ્રજા કે-તેની કોઇ પણ સમાજ તરીકેનો વિભાગ નથી. કેમકે-તે પ્રજાઓ-વંશપરંપરાથી જુદીજ જાતના આનુવંશિક પરંપરાવાળી છે. બ્રીટીશરો જતા જતા આ ગોટાળાની શેત્રંજ બિછાવતા ગયા છે. તેને નભાવવા માટે "ભવિષ્યની પ્રજા આ ગોટાળાનો ઉકેલ ન લાવી શકે, તેમજ વધુ ને વધુ તેમાં ફસાતી જાય. તે માટે-ભારતના મહાપુરુષ તરીકે શ્રી **મહાવીર પ્રભુની**

**જયંતી** સર્વ સંપ્રદાયો મળીને ભારતમાં: એશિયાના મહાપુરુષ તરીકે બુદ્ધની જયન્તી એશિયામાં: અને વિશ્વના મહાપુરુષ તરીકે-ઇસુખ્રીસ્તની જયંતી આખા જગતમાં: ભવિષ્યમાં ઉજવે, અને તેમાં દરેક ધર્મોવાળા ભાગ લે, તેવી ગોઠવણ પણ ગોઠવતા ગયા છે. **વિશ્વધર્મ પરિષદ્-વિશ્વશાંતિ પરિષદ્**-તથા **યુનસ્કો** વિગેરે સંસ્થાઓ તે દિશામાં વેગ આપી રહેલી છે. આજની એકતાનું પ્રાચીનધર્મો માટેનું આ ભયંકર રહસ્ય છે. જૈન ધર્મ શ્રી **દુપ્પસહ સૂરિ** સુધી ટકવું હોય, તો– પરમાત્માની અને આગમોની આજ્ઞામાં દૃઢાગ્રહી બનીને સંપ્રદાયોની કૃત્રિમ એકતાથી બચી જાય, તો તેનો વાંકો વાળ પણ કોઇ કરી શકશે નહી. નહીંતર, એક પગથિયું ચૂકયા પછી કઇ સ્થિતિ થાય? તે કહી શકાય તેમ નથી. એકમ-એકતા-ઐકય-વિગેરે શબ્દોની પાછળ આ જાતના સંક્રમણો ગોઠવાયેલા છે. તેના પારિભાષિક અર્થો ઉપરોકત છે. તે ભારતના પ્રાચીન મહાધર્મોને એક ભયંકર ફટકા રૂપે નિવડવાની અચૂક સંભાવના છે. જો વિવેક દીપકને બહુમતીને સ્થાને દેવ: ગુરુ: અને ધર્મશાસ્ત્ર:ની આજ્ઞાને: શાસનની બંધારણીય વ્યવસ્થાને: અને શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની અવિચ્છિન્ન પરંપરા પ્રાપ્ત સામાચારી અનુસારની શિસ્તને: વફાદાર રહેવામાં આવશે, તો તાકાત નથી, કે કોઈ પણ જૈન ધર્મના કિલ્લાનો કાંગરો પણ તોડી શકે. અલબત્ત, ઘણા અજ્ઞાન બાળજીવો ખેંચાઇ જઇને પોતાનું અનિષ્ટ કરી બેસશે. પણ જૈન ધર્મને ખાસ નુકશાન પહોંચાડી શકાશે નહી. જો તેના આગેવાન આચાર્યો વિગેરે પરમાત્માની આજ્ઞાના વફાદાર રહી, જાગ્રત્ રહી, ભોગ આપતા રહેશે, ને હાનિકારક કોઇ પણ પ્રવૃત્તિને વેગ આપશે નહીં, તો. તેથી-ગચ્છના ભેદો જેટલા નુકશાનકારક છે, તેના કરતાં કંઇકગણું નુકશાન કરનાર તેને ટાળવાની આજની કૃત્રિમ રીત છે. જે **મહાપ્રમાદ** છે. તેથી બચવું આવશ્યક છે.

—*—

# ૧૫. શ્રી-ધર્મ-નાથ-જિન-સ્તવન

## વીતરાગ-પરમાત્માના પરમ-ભક્તઃ અપ્રમત્તઃ શ્રમણ-મુનિના ઉચ્ચ-ધર્મનું સ્વરૂપઃ—

**બાકી** રાખેલું ધર્મનું સ્વરૂપ **ધર્મ-નાથ** પ્રભુના નામમાંના **ધર્મ** શબ્દનો ઉપયોગ કરીને સમજાવવાની તક લેવામાં આવી છે. **અપુનર્બંધકભાવથી** માંડીને, ઠેઠ **શૈલીશી** કરણના છેલ્લા સમય સુધીની આત્માના વિકાસની એક એક ચઢતી ભૂમિકાઓને **ધર્મ** કહેવામાં આવેલ છે. તેવી અસંખ્ય ભૂમિકાઓ થાય છે. ઉપર ઉપરની ભૂમિકાને **ધર્મ** તરીકે જે અપેક્ષાએ નક્કી ઠરાવવામાં આવે, તે અપેક્ષાએ તેની પૂર્વની ભૂમિકાઓને **અધર્મ** કહેવામાં હરકત નથી આવતી.

**આથી** કરીને **જૈનશાસનમાં** જુદા જુદા નયોની અપેક્ષાએ જુદી જુદી ભૂમિકાઓને, **ધર્મ** કહેવામાં આવેલ હોવાનું ઘણે પ્રસંગે જોવામાં આવે છે. **જેમ-વ્યવહારનયથી**-સમકિતની અભિમુખ છતાં ચોથા ગુણસ્થાનકને અપ્રાપ્ત-જીવને પણ સમ્યગ્દૃષ્ટિ કહી શકાય છે, તેજ પ્રમાણે-**નિશ્ચયનયથીઃ**-સાતમા ગુણસ્થાનકને પ્રાપ્ત **અપ્રમત્ત મુનિનેજ સમ્યગ્દૃષ્ટિ** કહેવામાં આવેલ છે. તે અપેક્ષાએ, તેથી ઉતરતાને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. **નિશ્ચયનયના** ગ્રંથોમા તેના પ્રમાણો છે. તેજ પ્રમાણે-**વ્યવહારનયથીઃ અપુનર્બંધક જીવથી** માંડીને **પ્રમત્ત સર્વ વિરતિવંત** જીવને **વ્યવહાર ધર્મ** કહી શકાય છે. તે પ્રમાણે-**શૈલેશીકરણને** છેલ્લે સમયે **નિશ્ચય ધર્મ** કહી શકાય **છે.** એટલે કે-**અપુનર્બંધકભાવથી વ્યવહાર ધર્મની** શરૂઆત થાય, અને **પ્રમત્ત મુનિપણામાં** તે પરાકાષ્ઠાએ પહોંચે છે. સાતમા ગુણસ્થાનકના **અપ્રમત્ત-ભાવથી નિશ્ચય ધર્મની** શરૂઆત થાય, અને **શૈલેશીકરણના** છેલ્લા સમયમાં તે પરાકાષ્ઠાએ પહોંચે છે. વચ્ચેની ભૂમિકાઓને **નૈગમનયથી** માંડીને **એવંભૂતનય** સુધીમાં ઘટાવી શકાય. દા૦ ત૦ **પ્રમત્ત સર્વ વિરતિને એવંભૂતનયથીઃ-વ્યવહાર ધર્મ** હોય. શૈલેશી પ્રાપ્તને **એવંભૂત નયથીઃ-નિશ્ચય ધર્મ** હોય. **વ્યવહાર ધર્મમાં**-અપુનર્બંધકભાવમાં રહેલા આદિ ધાર્મિકના કૃત્યો, માર્ગાનુસારીના, માર્ગ પતિતના, સમ્યગ્દૃષ્ટિના, દેશવિરતિના તમામ પ્રકારના ધર્માનુષ્ઠાનોનો સમાવેશ થાય છે. દ્વાદશાંગ્યનુસારી શાસ્ત્રના અધ્યયન રૂપ શ્રુતધર્મઃ જૈનશાસન નામની ધર્મ સંસ્થાની વફાદારીઃ શ્રી ચતુર્વિધ સંઘની શિસ્ત-આજ્ઞાનું પાલનઃ તે સર્વના અંગ પ્રત્યંગોઃ-શાસનની સદાસ્વતંત્ર માલિકીના **દેવ-દ્રવ્યાદિક** પાંચ દ્રવ્યોઃ **જિન પ્રતિમાદિક**

સાત ક્ષેત્રોઃ તથા તે સાત અને બીજા સાથે શાસ્ત્રોકત બાર ધર્મદ્રવ્યોઃ તેની **સાથે** સીધો આડકતરો સંબંધ ધરાવતા બીજા નાના મોટા અનેક ખાતાઓઃ તેના ઉદ્દેશો, મિલ્કતો વિગેરે પણ ધર્મઃ તેની વૃદ્ધિઃ રક્ષાઃ સંચાલનઃ સાર સંભાળઃ વિગેરે પણ ધર્મઃ ઉપરાંત–ક્ષમાદિક દશઃ પાંચ આચારોઃ રત્નત્રયી, ષડાવશ્યકઃ બાર તપઃ મૈત્રી આદિકઃ દેશ–સર્વ વિરતિપણુંઃ વિગેરેનો સમાવેશ થાયછે. ધર્મ શબ્દના–ઉપચારથી તથા અનુપચારથી ઘણા અર્થમાં વ્યવહાર થાય છે. અહીં સ્તવનથી અપ્રમત્ત મુનિના નિશ્ચય ધર્મનું વર્ણન શરૂ થાય છે. **આ** સ્તવનમાં સાતમા ગુણસ્થાનકથી અપ્રમત્તભાવ ધર્મનો મુખ્યપણે નિર્દેશ છે. **પ્રીતિ** અને **ભક્તિ** રૂપ પૂર્વ ભૂમિકા સાથેના **વચનાનુષ્ઠાન**ની પણ પરાકાષ્ઠા અહીં પહોંચી હોય છે. પરમાત્મા સાથેના અભેદ ભાવની શરૂઆત થવા લાગે છે. ભારતીય અને ખાસ કરીને જૈન શાસ્ત્રોમાં થયેલો **ધર્મ** શબ્દનો ઉપયોગ ઘણા લોકોને મુંઝવે છે. તેનો અર્થ કરવામાં ભારે મુશ્કેલી અનુભવે છે. તેનું કારણ ઉપર જણાવ્યું તે છે. તેથી બહુજ શાંતિપૂર્વક અભ્યાસક દૃષ્ટિથી પરિશ્રમપૂર્વક સમજવાનો પ્રયત્ન કરવામાં આવે, તોજ **ધર્મો**ના વ્યાપક અર્થોનું બરાબર જ્ઞાન કરી શકાય તેમ છે. નહીંતર અર્ધદગ્ધપણાથી ઘણા ગોટાળાંમાં પડી જઇ અનર્થ થઇ જાય તેમ છે.

**રાગ : ગોડી : સારંગ : રસિયાની – દેશી :**

### ૧, પરમાત્મા સાથે અભેદ પ્રીતિ રૂપ ધર્મઃ

**ધર્મ–જિનેશ્વર ગાઉં રઙ્ગ શું.**
**ભઙ્ગ મ પડશો હો પ્રીત. જિનેશ્વર !**
**"બીજો મન–મન્દિર આણું નહીં."**
**એ અમ–કુલ–વટ–રીત. જિનેશ્વર ! ધર્મ૦ ૧**

**રઙ્ગ**=પ્રેમ, ઉલ્લાસ. **શું**=થી, સાથે, પૂર્વક. **ભઙ્ગ**=ભાંગો, ભંગાણ, તૂટ. **પ્રીત**=પ્રીતિમાં. **મન–મન્દિર**=મન રૂપિ દેવ **મંદિરમાં**–મન રૂપિ મકાનમાં. **આણું**=રાખું, સ્થાપું, લાવું. **વટ**=શાખ. ટેક, મોભો. **અમ–કુલ–વટ–રીત**=અમારા કુલની ટેક રાખવાની રીત.

હું **ધર્મનાથ જિનેશ્વર** પ્રભુના (ગુણોનું) ઉલ્લાસથી ગાન કરું છું. તેમની સાથેની મારી પ્રીતિમાં ભંગાણ ન પડે. માટે, અમારા કુળની ટેક

રાખવાની રીતિને અનુસરીને મારા મનરૂપિ મંદિરમાં હું બીજાને સ્થાપન કરીશજ નહીં. તેઓનેજ સ્થાપીશ અને તેઓનાજ ગુણગાન કરીશ. અથવા, હે **ધર્મનાથ જિનેશ્વર દેવ!** હું ઉલ્લાસથી આપનાજ ગુણગાન કરું છું. મારી પ્રીતિમાં ભંગાણ પડશે નહિં. અમારા કુળની ટેક રાખવાની રીતિ એ છે, કે—આપના શિવાય હું મારા મન-રૂપિ મંદિરમાં બીજા કોઈનેય પણ સ્થાપન કરીશ નહિં. એ મારો નિશ્ચય છે. આથી અનન્ય સમર્પણ ભાવ વ્યકત કરવામાં આવ્યો છે. ૧

**ધર્મ**: અને **ધર્મનાથ**: શબ્દ શ્લેષથી જોડાયેલા હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

**૨. ફળાભિન્ન ધર્મની વ્યાખ્યા:**

**"ધરમઃ ધરમઃ" કરતો જગ સહુ ફિરે.**
**ધરમ ન જાણે હો મર્મ. જિનેશ્વર!**
**ધરમ-જિનેશ્વર-ચરણ ગ્રહ્યા પછી,**
**કોઇ ન બાંધે હો કર્મ. જિનેશ્વર! ધર્મ૦ ૨**

**જગ**=જગત્માં. **સહુ**=બધા. સર્વ. **ફિરે**=ફરે છે. **મર્મ**-રહસ્ય. **ચરણ**=પગ. **ગ્રહ્યા**=પકડ્યા. **કર્મ**=કર્મ: ૨

જગત્માં **"ધર્મ: ધર્મ:"** બોલતા સર્વે ફરે છે. પરંતુ, ધર્મનું રહસ્ય જાણતા નથી હોતા. **ધર્મ જિનેશ્વર** પ્રભુના ચરણ પકડ્યા પછી-તેમને શરણે ગયા પછી—પરમાત્માની સાથે અભેદ રૂપ થયા પછી—પોતાનો આત્મા પોતાને પરમાત્મા સ્વરૂપ ભાસ્યા પછી—કોઈ કર્મ બાંધી શકે જ નહીં. કારણ કે—કર્મ બંધાતા અટકે, એ જ ધર્મપ્રાપ્તિનું ફળ છે.

જ્યાં સુધી—આત્માને "પોતે પરમાત્મા છે, એવો અનુભવ ન થાય, ત્યાં સુધી, વાસ્તવિક ધર્મ પ્રાપ્ત ન થયો હોવાથી, કર્મ બંધાય છે. કર્મ બંધાતાં અટકે—બહિર્ભાવ જાય—પરમાત્મ ભાવ પ્રાપ્ત થવા માંડે કે—સાચો ધર્મ આવે—અને કર્મ બંધાતાં અટકવા માંડે. આ ધર્મનું

રહસ્ય છે. તે "ધર્મઃ ધર્મઃ" કરીને બોલતા ફરનારા જાણતા નથી હોતા. આ જાતના ધર્મ શિવાયની પ્રવૃત્તિઓ પરંપરાએ તેમાં મદદગાર હોવાથી ઉપચારથી ધર્મ કહેવાય છે. નિશ્ચયથી વાસ્તવિક ધર્મ નથી. ૨

**૩. ધર્મની પ્રાપ્તિથી શું થાય ?**

**પ્ર-વચન-અઞ્જન-જો સદ્-ગુરુ કરે.**
**દેખે પરમ-નિધાન, જિનેશ્વર !**
**હૃદય-નયન નિહાળે જગ-ધણી**
**મહિમા મેરુ-સમાન, જિનેશ્વર ! ધર્મ૦ ૩**

**પ્ર-વચન**=૧. ઉંચામાં ઉંચા હિતકારી વાકયો. પારમાર્થિક ઉપદેશ. સર્વ જીવો તરફની ઉંચામાં ઉંચી ભાવકરુણાના ઉચ્ચ કોટિના પ્રભાવથી તીર્થંકર ભગવંતોની ઉપદેશ વાણી. તે વાણીનો ગણધર ભગવંતોએ જેમાં સંગ્રહ કરેલો છે, તે દ્વાદશાઙ્ગી શાસ્ત્રસંગ્રહરૂપ શ્રુત જ્ઞાન. ૩. તે ઉપદેશ અનુસાર તીર્થંકર ભગવંતોના ધર્મોપદેશનું સંચાલન કરનારી અનન્ય ધાર્મિક મહાસંસ્થા. ૪. તે સંસ્થા તરફ વફાદાર રહી, ઉપદેશ અનુસાર વર્તનારા અનુયાયિઓનો શાસનની જવાબદારીઓનું સંચાલન કરનારો સમૂહ=શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ. **પ્રવચન-અઞ્જન**=પ્રવચન રૂપિ આંજણ, **પરમ-નિધાન**=મોટા મોટા ભંડાર. અહીં ગુણરત્નોથી ભરેલો સાક્ષાત્ આત્માના અનુભવ રૂપી ભંડાર સમજવાનો છે. **હૃદય-નયન**=હૃદય રૂપી આંખ. અહીં-સાક્ષાત્ આત્માનુભવ રૂપી આંતર હૃદય. તે રૂપી આંખ અહીં સમજવાની છે. **જગ-ધણી**=જગન્નાથ. જગતના સ્વામિ. પરમાત્મા. **મહિમા**=મહત્તા. **મેરુ-સમાન**=મેરુ પર્વતના જેવી. ૩

ધર્મની પ્રાપ્તિ થતાંજ જો સદ્-ગુરુ મહારાજ પ્રવચન રૂપી આંજણ આંજે, તો પોતાનો આત્મા જ ગુણો રૂપી રત્નોના મહા ભંડાર રૂપ જોવામાં આવે છે.

અને આંતર હૃદય રૂપી આંખથી મેરુ પર્વત જેવા મહિમાવાળા પરમાત્માનું સાક્ષાત્ દર્શન થવા લાગે છે. ૩

૪, પછી?—

દોડત દોડત દોડત દોડિયો
જેતી મનની રે દોડ. જિનેશ્વર!
પ્રેમ–પ્રતીત વિચારો ઢુકડી
ગુરુ–ગમ લે જો જોડ. જિનેશ્વર! ધર્મ૦ ૪

**દોડિયો**=દોડજ્યો. **જેતી**=જેટલી. **દોડ**=વેગ. **પ્રતીત**=ખાતરી. વિશ્વાસ. **પ્રેમ**=સ્નેહ. પરંતુ અહીં–આત્મૈકય અર્થ કરવો. **ઢુકડી**=નજીક. પાસે. તુરત **ગુરુ–ગમ**=ગુરુ મહારાજ તરફથી મળતી ચોક્કસ સમજ. ગુરુ મહારાજ તરફથી મળતું માર્ગદર્શન. **જોડ**=જોડે. સાથે.

મેરુ સમાન મહિમાવાળા જગત્‌ના ધણી પરમાત્મા આંતર ચક્ષુથી સામે જોવામાં આવે, કે તુરત–સાથે ગુરુગમ લઇને, તમારા અંતરાત્મામાં જેટલો વિકાસ થયો હોય, તેના બળના પ્રમાણમાં જેટલા જોરથી–દોડી શકાય, તેટલા જોરથી પરમાત્માને પહોંચવા માટે દોડ્યાજ કરજો, દોડ્યાજ કરજો–આત્મવિકાસમાં આગળ વધ્યાજ કરજો, વધ્યાજ કરજો. તો તમારા તરફ પરમાત્મામાં થયેલી પ્રીતિની ખાતરી–તમને તુરતજમાંજ–નજીકમાંજ–થવાની સમજી શકાશે. જો સાથે ગુરુગમ નહીં રખાય, તો આગળ જતાં ભૂલથાપ ખાઈ જતાં–ઉપશમ શ્રેણિને રસ્તે ચડી જવાશે, તો ત્યાંથી પાછા પડવું પડશે. તથા મનની–આત્માની જેટલી શક્તિ હોય, તેના પ્રમાણમાં દોડવાનું રાખશો, તો–ખૂબ આગળ વધી જઇ–પરમાત્મા બની શકશો. નહીંતર, અપ્રમત્ત ભાવથી પડીને–પ્રમત્ત ભાવમાં પણ આવી જવું પડે છે. માટે એક વખત અપ્રમત્ત ભાવ પામ્યા પછી, તેમાં જેટલા વેગથી આગળ વધાય, તે પ્રમાણે વધવું: એજ ખરું કામ છે. એમ કરવાથીજ–અપ્રમત્ત ભાવ ટકાવીને પરમ નિધાનો પ્રાપ્ત કરી શકાશે.

અને તેથીજ "પરમાત્માની તમારા ઉપર પ્રીતિ થવાની ખાતરી થવાનું નજીકમાંજ છે. એમ સમજી શકાશે–એટલે કે–પરમાત્માની નજીક તમારી ગતિ: અને પરિણામે બન્નેયની એકતા: તેજ પરમાત્માની તમારા ઉપરની પ્રીતિ સમજવાની છેઃ તે પ્રીતિ નજીકમાં છે." "એમ તમને આમ દોડીને તેની નજીક પહોંચવાથીજ ખાત્રી થઇ જશે. ૪

**૫. પરમાત્મા સાથે વાતચીતઃ**

**"એક–પખી પ્રીતિ કિમ પરવડે ?**
**ઉભય મિલ્યા હોય સંધિ. જિનેશ્વર !**
**હું રાગી. હું મોહે ફંદિયો.**
**તું ની–રાગી. નિરબંધ. જિનેશ્વર ! ધર્મ૦ ૫**

**એક–પખી**=એક તરફની. એક પક્ષની. **પરવડે ?**=પરવડી શકે ? સંભવે ? ટકી શકે ? ઉત્પન્ન થઇ શકે ? નભી શકે ? **ઉભય**=બન્નેય. **મિલ્યા**=મળે, તો. **સંધિ**=સાંધો, મેળ. **રાગી**=રાગદ્વેષથી ઘેરાયેલો. **ફંદિયો**=ફસાયેલો. **ની–રાગી**=રાગદ્વેષ રહિત. **નિરબંધ**=નિર્બંધ–બંધરહિત. ૫

**દોડતાં** દોડતાં પરમાત્માની નજીક પહોંચતાંજ–" હે પરમાત્મા ! આપ મારી સાથે કેમ પ્રીતિ બાંધતા નથી ? કોઇ પણ સાંધો બે વસ્તુ પરસ્પર મળે, તોજ થઇ શકે છે. તે પ્રમાણે પ્રીતિમાં પણ બન્નેય પક્ષનો મેળ સંધાવો જોઇએ. એક પક્ષની પ્રીતિ હોય, અને સામા-બીજા પક્ષની ન હોય, તો તે પ્રીતિ કેમ નભી શકે ? પરંતુ, હવે હું આપનું સ્વરૂપ બરાબર સમજ્યો છું, કે–"હું હજી રાગ–દ્વેષથી ઘેરાયેલો છું. અને મોહમાં ફસેલો છું. કેમકે–હજી સંજ્વલન કષાયો તથા નોકષાયો મને ઘેરી વળ્યા છે. અને તે નવા બંધાય પણ છે. ત્યારે–આપ તદ્દન રાગદ્વેષ વગરનાજ છો. એટલુંજ નહીં, પરંતુ કોઇ પણ પ્રકારના કર્મના બંધથી પણ સર્વથા રહિતજ છો." આ રીતે

અસમાન બે પદાર્થોનો મેળ શી રીતે મળી શકે? નજ મળે. એ સ્વાભાવિક છે. બન્નેયે સરખા થવું જોઇએ. મારે—નીરાગી--નિર્બંધ થવું જાઇએ, તેવા થવા કોશીષ કરીશ. બસ, અપ્રમત્ત ભાવમાં પ્રવેશ કરતા શ્રમણ મુનિની ભૂમિકા અહીં સુધીની હોય છે. ૫

**૬. ખુલ્લા છતાં પરમ-નિધાન દેખાવા કેટલા મુશ્કેલ છે?**

**પરમ-નિધાન પ્રગટ મુખ આગળે**
**જગત્ ઉલ્લઙ્ઘી જાય. જિનેશ્વર !**
**જ્યોતિ વિના જુવો જગદીશની**
**અંધોઅંધ પુલાય. જિનેશ્વર ! ધર્મ૦ ૬**

**પ્રગટ**=ખુલ્લા. સ્પષ્ટ દેખાય તેમ—ઉઘાડા. **જ્યોતિ**=પ્રકાશ. **જગદીશની**=પરમાત્માની. **અંધો--અંધ**=આંધળાની પાછળ આંધળો. **પુલાય**=પળે. જાય. ૬

ઉપર જણાવેલા આત્મગુણોના મહાભંડારો મોઢા આગળ ખુલ્લાં હોવા છતાં, જોયા વિનાજ જગત્ તેને ઓળંગીને પસાર થઇ જાય છે. કેમકે--જ્યાં સુધી સામે પરમાત્મા રૂપી પ્રકાશની જ્યોતિ ન મળે, ત્યાં સુધી એક આંધળાની પાછળ બીજો આંધળો ચાલ્યો જાય, તેના જેવી સ્થિતિ થાય છે. પરમાત્મજ્યોતિ દુર્લભ છે, અને તેથી પરમ નિધાન નિરખવા પણ ઘણા દુર્લભ છે. માટે "ધર્મ: ધર્મ:" કરતાં જગત્માં સઉ ફર્યા કરે છે, ને કર્મ બાંધે છે. પરંતુ, **ધર્મ—ધર્મનાથ** પ્રભુના ચરણ મળતા નથી. ધર્મ શબ્દથી વાચ્ય કોઈ પણ અવસ્થા માત્રનું અવલંબન લેવાથી ધર્મનું પૂરું પરિણામ પ્રાપ્ત થતું નથી. ૬

**૭. પરમ-નિધાન-દેખનાઓને ધન્યવાદ:**

**નિર્મળ—ગુણ—મણિ—રોહણ—ભૂ—ધરા—**
**મુનિ—જન માનસ—હંસ. જિનેશ્વર !**
**ધન્ય તે નગરી ! ધન્ય વેળા ! ઘડી !**
**માત ! પિતા ! કુળ ! વંશ ! જિનેશ્વર ! ધન્ય૦ ૭**

**નિર્મળ**=શુદ્ધ. **ગુણુ-મણિ**=ગુણો રૂપી રત્નો. **રોહણુ-ભૂ-ધરા**= રોહણુ નામનો પર્વત. **ભૂ-ધર**=પર્વત. **મુનિ-જન**=મુનિઓ. **માનસ-હંસ**=માનસ સરોવરના હંસ સમાન. **૧ નિર્મળ-ગુણુ-મણિ-રોહણુ-ભૂ-ધરા**=ગુણો રૂપી શુદ્ધ રત્નોના **રોહણાચળ** પર્વત સમાન. **માનસ-હંસ**=માનસ સરોવરના હંસ સમાન. **૨ નિર્મળ-ગુણુ-મણિ-રોહણુ-ભૂ-ધરા-મુનિ-જન-માનસ-હંસ**=ગુણો રૂપી શુદ્ધ રત્નોના ભંડાર સમાન રોહણાચળ પર્વત સમાન મુનિઓના મન રૂપી માનસ સરોવરમાં હંસ સમાન! હે **ધર્મનાથ પ્રભો**! કે જે આપ પરમ નિધાન પામ્યા છો. ૭

૧. ઉપર જણાવેલા અપ્રમત્ત ભાવ ધારણ કરી—શુદ્ધ ગુણો રૂપી રત્નોના **રોહણાચળ** પર્વત જેવાઃ અને માનસ સરોવરમાંના હંસ સમાન મુનિ મહાત્માઓને લીધે, તે નગરીઃ તે વખતઃ તે માતાઃ તે પિતાઃ તે કુળઃ અને તે વંશઃ સર્વ કાંઇ ધન્યવાદને પાત્ર છે.

૨. અથવા,—શુદ્ધ ગુણો રૂપી રત્નોના રોહણાચળ પર્વત સમાન! મુનિ મહાત્માઓના મન રૂપી માનસ સરોવરમાં હંસ સમાન! હે **ધર્મનાથ** જિનેશ્વર પ્રભો! આપ જ્યાં વિરાજ્યા હશો, તે નગરીઃ તે વેળાઃ તે ઘડીઃ તે માતાઃ તે પિતાઃ તે કુળઃ તે વંશઃ તે સર્વ ધન્યવાદને પાત્ર છેઃ ૭

## ૮. ઉપસંહારઃ

**મન-મધુ-કર-વર કર જોડી કહેઃ—**
**"પદ-ક-જ-નિકટ-નિવાસ. જિનેશ્વર!**
**ઘન-નાભિ! આનન્દ-ઘન! સાંભળો**
**એ સેવક-અરદાસ. જિનેશ્વર! ધર્મ૦ ૮**

**મન-મધુ-કર-વર**=૧ મન રૂપી ઉત્તમ ભમરો. ૨ ભમરા સમાન ઉત્તમ મન. **મધુ-કર**=ભમરો. **ક**=પાણી. **ક-જ**=કમળ. **પદ-ક-જ**=ચરણ રૂપી કમળ. ચરણકમળ. **નિકટ**=નજીક. **નિવાસ**=વાસ. રહેઠાણ. **પદ-ક-જ-નિકટ-નિવાસ**=ચરણ કમળની પાસે

નિવાસ કરવો. **અરદાસ**=અરજી. વિજ્ઞપ્તિ. **સેવક-અરદાસ**= સેવકની વિજ્ઞપ્તિ. **ધન-નામી**=ધન નામ ધારણ કરનાર, નિત્ય. **આનન્દ-ઘન**=આનંદના ગઢ્ઢા સમાન. ૮

આપના ચરણ આગળ નિવાસ કરીને રહેલો નિર્મળ મન રૂપી ભમરો હાથ જોડીને કહે છે, કે "હે ધન-નામિ! આનન્દ-ઘન પ્રભો! [આપની મારા ઉપર પ્રીતિ થાય, જેથી હું અને આપ એક બનીએ] આનન્દ-ઘન સેવકની એ વિજ્ઞપ્તિ સાંભળો." અથવા-હાથ જોડીને કહે છે, કે-"મારા મન રૂપી ઉત્તમ ભમરાને આપના ચરણ આગળ જ નિવાસ કરવા દ્યો." એવી સેવકની વિજ્ઞપ્તિ હે ધનનામિ! આનન્દઘન પ્રભો! આપ સાંભળો: ૮

## ર હ સ્યા ર્થ:

**અ**-પ્રમત્ત ભાવમાં રમણ કરનારા નિશ્ચય સમ્યગ્દર્શની શ્રમણ-મુનિમહાત્માઓ શ્રી **ધર્મનાથ** પ્રભુના ચરણની સેવા ખરેખરી રીતે કરે છે-ધર્મનું પાલન કરે છે-ધર્મ આચરે છે. પરમાત્માના ઉપદેશ પ્રમાણે જેમ બને તેમ વર્તે છે તેથી, તેઓ **પ્રતિપત્તિ** નામની ચોથા પ્રકારની પૂજા કરે છે. અથવા **તદાજ્ઞાપાલન** નામના પૂજાના પાંચમા પ્રકારથી પૂજા કરે છે. તેથી, તેઓ નવા કર્મ બાંધતાં નથી. ધર્મ શિવાય હૃદયમાં બીજી કોઇ પણ વસ્તુને સ્થાન આપતાજ નથી. સદ્ગુરુના યોગથી પ્રવચન રૂપી અંજન તેઓની આંખમાં અંજાય છે, જેથી આત્માના ગુણો રૂપી રત્નોથી ભરેલા ઉંચા પ્રકારના ભંડારો તેમના જોવામાં આવે છે, તથા મેરુ પર્વત સમાન અત્યન્ત ઉંચા પ્રકારના મહિમાવાળા પરમાત્માનું હૃદય રૂપી ચક્ષુથી તેમને દર્શન થવા લાગે છે. એ દર્શન થતાંની સાથે જ-મનના-આત્મવિકાસના પોતાના સંપૂર્ણ સામર્થ્યના બળના-વેગ પ્રમાણે પરમાત્માની સામે-સાથે ગુરુગમ લઇને-દોડે છે-પરમાત્મભાવમાં પ્રવેશ કરવા મથે છે. અને-એ રીતે પરમાત્માની પોતાની ઉપર પ્રીતિ કેટલી છે? તેની ખાતરી થવાનું પણ નજીકમાં અનુભવે છે. એટલે કે-"હવે પોતાને પરમાત્મા સ્વરૂપ

પામવામાં વધુ વાર નથી." એમ ખાત્રી થાય છે, અને ત્યારે તે પરમાત્માને વિનવે છે, કેઃ—

"હે પરમાત્મા! હજુ મારી અને આપની વચ્ચે અંતર છે. આટલે સુધી આવવા છતાં આપની પાસે પૂરો પહોંચી શકયો નથી. આપ—રાગદ્વેષ અને બંધન રહિત છો. હું હજી રાગદ્વેષી અને મોહના બંધનમાં ફસાયેલો પડયો છું. તેથી—આપના તરફની મારી અત્યન્ત પ્રીતિ—શી રીતે પાર પડી શકે? કેમકે બે મળે તોજ બરાબર સાંધો મળે છે. એક તરફથી સાંધો બેસેજ નહીં. માટે મારે સંપૂર્ણપણે આપના જેવા થવુંજ જોઇએ."

**પ**રમાત્માની નજીક પહોંચ્યા વિના—પરમાત્મપણાનો પ્રકાશ મળ્યા વિના—ખુલ્લા—છતાં—આત્મગુણો રૂપી રત્નોથી ભરેલા પરમ—નિધાન મહા ભંડાર જોવામાં આવી શકતા નથી. આંધળાની પાછળ આંધળો જાય, તેમ તેને ઓળંગીને—જગત્ ચાલ્યું જાય છે.

**પ**રંતુ, જેમને એ પરમ નિધાન જોવામાં આવે છે, તે શુદ્ધ આત્મગુણો રૂપી રત્નોની ઉત્પત્તિસ્થાન—**રોહણાચળ** પર્વત અને માનસ સરોવરના રાજહંસ જેવા મુનિમહાત્માઓને ધન્ય છે! જ્યાં અને જ્યારે તેઓ બિરાજતા હોય છે, તે નગરઃ તે વેળાઃ તે ઘડીઃને ધન્ય છે. તેમના માતાઃ પિતાઃ કુળઃ અને વંશઃને પણ ધન્ય છે!

**આ**પના ચરણ કમળમાં નજીકમાં નજીક નિવાસ કરીને રહેલો મારા ઉત્તમ—નિર્મળ મન રૂપી ભમરો—હાથ જોડીને કહે છે, કે—"હે ઘન નાભિ—**આનંદ ઘન** પ્રભો! [ આપની મારા ઉપર પ્રીતિ થાય, જેથી હું અને આપ એક બનીયે. ] એ અરજી સેવકની સાંભળો."

**વિપરીત રીતે**—જેઓ ખરા રંગથી વીતરાગ પ્રભુનું ગાન કરતા નથી, અને મનમંદિરમાં બીજાને સ્થાન આપે છે—સમ્યક્ત્વવંતની કુળવટની રીત સાચવતા નથી, સદ્ગુરુ તરફથી પ્રવચન—અંજન પ્રાપ્ત કરતા નથી, તેઓને ગુરુ તરફથી માર્ગદર્શન મળતું નથી. તેથી ગમે તેટલું દોડયા કરે, છતાં—આત્માના ગુણો રૂપી રત્નોથી

ભરેલા પરમ ભંડાર જોઈ શકતા નથી. તથા **મેરુ** સમાન મહા મહિમાથી ભરેલા પરમાત્માના તેને હૃદયથી દર્શન થતા નથી. એમ પરમાત્મ–જ્યોતિ–પ્રકાશ વિના આંધળાની પાછળ આંધળો જાય, તેમ એ નિધાનોની પાસેથી પસાર થવા છતાં–પોતાની પાસે અંદરજ હોવા છતાં–તેને તેઓ જોઈ શકતા નથી. અને તેથી "**ધર્મ: ધર્મ:**" એમ બોલતા બોલતા ભટકયા કરે છે. પરંતુ તેમને ધર્મનું રહસ્ય પ્રાપ્ત થતું નથી. તેથી નવા નવા કર્મ–પાપકર્મ તેઓ બાંધ્યા કરે છે. આમ ધર્મને અપ્રાપ્ત જીવો ધન્ય-વાદને પાત્ર તો શી રીતે થાય ? પરંતુ દયાપાત્ર બને છે. છેવટે, બીજું કાંઇ નહિં તો–પ્રભુના ચરણ કમળમાં મન જોડીને રહે, તો પણ ઘણું છે. તેથી આગળ ઉપર પોતાના આત્માનો વિકાસ થવાની તક રહે છે, ને પરમાત્મા સાથે પ્રીતિ જોડી શકાય છે–પરમાત્મા બની શકાય છે. ૭ મી ગાથાને પ્રભુની સ્તુતિમાં ઘટાવવામાં આવે છે. પરંતુ સંદર્ભથી એ ઘટના બેસતી નથી. છતાં–અમે એ રીતે પણ બીજો અર્થ ઘટાવી બતાવ્યો છે.

**અપ્રમત્ત ભાવનું મુનિપણું**: એજ સાચો ધર્મ=મુનિપણું: અને નિશ્ચય નયનું સમ્યક્ત્વ: છે. જેમ જેમ અપ્રમત્ત ભાવ આગળ વધતો જાય છે, તેમ તેમ ધન–નામિ આત્મા આનન્દ–ઘન–આનન્દનો–ગાઢ ગઠ્ઠો બનતો જાય છે. આનંદમય બનતો જાય છે. આ જ ધર્મ મોક્ષનું અવન્ધ્ય કારણ છે. આ ધર્મ જેને પ્રાપ્ત થાય, તે અવશ્ય મોક્ષ પામેજ છે. પછી, તે–પામનાર–સ્ત્રી–પુરુષ નપુંસક, સ્વદર્શનસ્થ: પરદર્શનસ્થ: ગમે તે હોય, આ ધર્મમાં કશાયે ધર્મભેદ નથી. આ ધર્મ પામ્યા વિના મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી. આ નિર્ભેળ: શુદ્ધ: નિર્વિવાદ: અ–પ્રતિસ્પર્ધિ ધર્મ છે. ધર્મની આજ પરિપૂર્ણ અને શુદ્ધ વ્યાખ્યા છે. મતભેદ વગરની વ્યાખ્યા છે.

# ૧૬. શ્રી-શાન્તિ-નાથ-જિન-સ્તવન

**શ્રેણિ આરોહણની પૂર્વ તૈયારીઃ અસંગાનુષ્ઠાન યોગઃ સમતા યોગઃ ધર્મસંન્યાસ યોગઃ ફલા-ऽ-વઞ્ચક યોગઃ પરમ-આત્મ-શાન્તિઃ નિર્વિકલ્પ સમાધિઃ અના-ऽऽલ-મ્બન યોગઃ સ્વાનુભવ યોગઃ-ધ્યાન-યોગઃ શુક્લધ્યાનઃ વિગેરે ઉચ્ચ કક્ષાની આત્મવિકાસની ભૂમિકામાં પ્રવેશઃ**

**શ્રી ધર્મનાથ** જિનેશ્વરના નામમાંથી ધર્મ-શબ્દ લઇને શુદ્ધ **ધર્મ**નું વિવેચન કરવામાં આવ્યું, તેજ પ્રમાણેઃ **શ્રી શાન્તિનાથ** જિનેશ્વરના નામમાંથી **શાન્તિ** શબ્દ લઇને-સાચી શાન્તિનું વિવેચન કરવામાં આવ્યું છે. આઠમા **અપૂર્વકરણ ગુણસ્થાનક**થી દશમા **સૂક્ષ્મસંપરાય ગુણ-સ્થાનક** સુધીની પરમશાંતિની આવશ્યકતાનું સ્વરૂપ મુખ્યતાએ બતાવવામાં આવ્યું છે.

પરમ શાંતિના ઇચ્છુક સાધકઃ અને પરમાત્માઃ વચ્ચેના સંવાદરૂપે આ સ્તવનની રચના કરવામાં આવી છેઃ—

**રાગ : મલ્હાર :** "ચતુર ચોમાસું પડિક્કમી." **એ દેશી :**

**૧ સાધક કહે છેઃ—**

"શાન્તિ-જિન ! એક મુજ વિનતિ
સુણો ત્રિ-ભુવન-રાય !. રે
"શાન્તિ-સ્વ-રૂપ કિમ જાણિયે ?"
કહો-" મન કિમ પરખાય ?" રે" શાન્તિ૦ ૧

**ત્રિ-ભુવન-રાય !**=ત્રણ ભુવનને પૂજ્ય હોવાથી, ત્રણ ભુવનના રાજા. **મન**=મનથી. **પરખાય**=ઓળખી શકાય. સમજી શકાય. પરીક્ષા કરી શકાય.



ત્રણ ભુવનના સ્વામિ ! હે **શ્રી શાન્તિનાથ** જિનેશ્વરદેવ ! મારી એક વિજ્ઞપ્તિ આપ સાંભળોઃ-

"શાન્તિનું સ્વરૂપ કેવું છે? અને તે શી રીતે જાણી શકાય?"
તથા "તેની મનથી કેવી રીતે પરીક્ષા કરી શકાય?" તે કહો." ૧

**શાન્તિનાથ** શબ્દમાંનો **શાન્તિ** શબ્દ-પ્રભુના **નામ** અને-**આત્મશાન્તિ** સાથે **શ્લેષથી** જોડાયેલો છે. એ સ્પષ્ટ છે.

**પરમાત્મા જવાબ આપે છે:—**

**"ધન્ય! તું આતમા! જેહને**
**એહવો પ્રશ્ન અવકાશ. રે**
**"ધીરજ મન ધરી સાંભળોઃ-**
**"કહું'-શાન્તિ-પ્રતિભાસ." રે" શાન્તિ૦ ૨**

**પ્રશ્ન-અવકાશ**=પ્રશ્ન થવાનો પ્રસંગ ઉત્પન્ન થયો છે. **ધન્ય!** ધન્યવાદને પાત્ર છો. **ધીરજ**=ધૈર્ય. શાન્તિ. નિરાંત. **મન ધરી**=મનમાં ધારણ કરીને. **શાન્તિ--પ્રતિભાસ**=શાન્તિનો પ્રકાશ. શાંતિનું સ્વરૂપ.

તને આ જાતનો પ્રશ્ન થવાનો. જે પ્રસંગ પ્રાપ્ત થયો છે, તે માટે તું આત્માને ધન્ય છે. કેમકે-જેને શાન્તિ પ્રાપ્ત થવાની હોય, તેનેજ આ જાતનો પ્રશ્ન થાય છે. માટે આવો પ્રશ્ન કરનારા આત્મા પણ ધન્યવાદને પાત્ર છે.

"તેવા પાત્ર જીવને માટે શાન્તિનું સ્વરૂપ કહું છું." તે મનમાં ધૈર્ય ધારણ કરીને સાંભળોઃ-"

શાન્તિ-ધર્મ જાણવાની ઈચ્છા, તે ઇચ્છાયોગઃ તે મોક્ષનું અવન્ધ્ય બીજ છે. ૨

**શાંતિનું પહેલું પગથિયું:—**

**"ભાવ અ-વિશુદ્ધ : સુ-વિશુદ્ધ જે**
**કહ્યા જિન-વર-દેવ, રે**

તેઃ-" તિમ. " અવિતત્થ સદ્દહે.
પ્રથમઃ એઃ-શાન્તિ-પદ સેવ. રે શાન્તિ૦ ૩

**ભાવ**=પદાર્થો. આત્માના પરિણામ. **અ-વિશુદ્ધ** = અશુદ્ધ. **સુ-વિશુદ્ધ**=શુદ્ધ. **જિન-વર-દેવ**=જિનેશ્વર દેવે. **તિમ**=તેમજ છે. **અ-વિતત્થ**=ખરેખરી રીતે. **તથા**=તે પ્રકારે હોવું. **વિ-તથ**=તે પ્રકારે ન હોવું. **અ-વિતથ**=તે પ્રકારે હોવુંજ. **સદ્દહે**= શ્રદ્ધા કરે. શ્રદ્ધા કરવી. **પ્રથમ**=પહેલું. **શાન્તિ-પદ**=શાન્તિનું સ્થાનક. **સેવ**=સેવવું. ૩

" શ્રી જિનેશ્વરદેવે અશુદ્ધ અને શુદ્ધ જે ભાવો કહ્યા છે, તેઃ-" તે પ્રકારેજ છે. " " એમ ખરેખરી રીતે શ્રદ્ધા કરવી. " તે પહેલું શાન્તિનું સ્થાનક છે.-પગથિયું-છે-પહેલી ભૂમિકા છે. તેની સેવા કરવી. એટલે કે-સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું. ૩

યોગા-ऽ-વગ્-ચક યોગ-શાંતિનું પગથિયું:—

આગમ-ધરઃ ગુરુઃ સમકિતીઃ
કિરિયા-સંવર સારઃ રે
સંપ્રદાયીઃ અ-વગ્-ચકઃ સદા-
શુચિઃ અનુભવા-ऽऽધારઃ રે શાન્તિ૦ ૪

**આગમ-ધર**=આગમ શાસ્ત્રોના રહસ્યના જ્ઞાતા. **સમકિતી**= સમ્યક્ત્વ ગુણના ધારક. **કિરિયા-સંવર-સાર**=ક્રિયા દ્વારા ઉત્તમ પ્રકારનો સવર સાધનારાઃ **સંપ્રદાયી**=પરંપરાગત ગુરુ પરંપરાનો સંપ્રદાય ધરાવનારાઃ **અ-વગ્-ચક**=સરળઃ નિખાલસઃ માયા કપટ વગરનાઃ કોઈને ન છેતરનારાઃ **સદા-શુચિ**=હમ્મેશાં-કાયમ પવિત્ર રહેનારા. **અનુભવા-ऽऽધાર**=અનુભવના આધારભૂત. અથવા. **શુભ-અનુભવા-ऽऽધાર.** પવિત્ર અનુભવના આધારભૂત ૪

આગમશાસ્ત્રના જ્ઞાતાઃ સમ્યક્ત્વ ગુણના ધારકઃ સંવર સાધનારી ઉત્તમ ક્રિયાના આરાધકઃ ગુરુ પરંપરાનો સંપ્રદાય ધરાવનારાઃ નિર્દ-

મ્ભીઃ સદા પવિત્રઃ અને પવિત્ર અનુભવના આધારભૂતઃ **ગુરુઃ** [ તે શાંતિનું સ્થાનક છે. ] ૪

**ક્રિયા-ऽ-વઞ્ચક-યોગ—શાન્તિનું પગથયું:—**

**શુદ્ધ - આલંબન આદરે,**
**તજી અવર જંજાળ. રે**
**તામસી - વૃત્તિ સવિ પરિહરી,**
**ભજે સાત્ત્વિક - સાલ. રે શાન્તિ૦ ૫**

**શુદ્ધ-આલંબન**=૧ પ્રીતિઃ ૨ ભક્તિઃ ૩ વચનઃ અને ૪ અ-સંગઃપૂર્વકઃ ૧ ઇચ્છાઃ ૨ પ્રવૃત્તિઃ ૩ સ્થૈર્યઃ અને ૪ સિદ્ધિઃ એ ચાર ભેદયુક્ત—૧ સ્થાન-આસનઃ ૨ વર્ણઃ અર્થઃ અને ૩ પ્રતિમાદિકઃ ૧૬ : ૧૬ : ભેદ એ ચાર આલંબનયોગના ૬૪ ભેદ છે. **આદરી**=આદરપૂર્વક સ્વીકાર કરી, તેનું પાલન-આચરણ કરી. **અવર**=બાકીની. તે શિવાયની. **જંજાળ** = ખટપટ. પ્રવૃત્તિ. **તામસી વૃત્તિ**=તામસ્ વૃત્તિની કોઇપણ પ્રવૃત્તિ. **પરિહરી**=છોડી દઇને. **ભજે**=ધારણ કરે. **સાત્ત્વિક-સાલ**=સાત્ત્વિક વૃત્તિરૂપી કિલ્લો. ૫

શુદ્ધ ગુરુ મહારાજનો યોગ પામીને—બીજી બધી જંજાળ છોડી દઇ, શુદ્ધ આલંબનનું પાલન કરવું અને સર્વ પ્રકારની તામસી વૃત્તિનો ત્યાગ કરીને સાત્ત્વિક વૃત્તિરૂપી કિલ્લાનો આશ્રય લેવો.
મોક્ષ સાથે જોડી આપે—એવો સર્વ પ્રકારનો શુદ્ધ ધર્મ વ્યાપાર, તે રૂપી યોગઃ તે **ક્રિયા-અ-વઞ્ચક યોગઃ** ૫

**ફળા-ऽ-વઞ્ચક-યોગઃ—શાન્તિનું પગથિયું.**

**ફલ-વિસંવાદ જેહમાં નહિં**
**શબ્દ તે અર્થ - સંબન્ધિ. રે**
**સ-કલ-નય-વાદ વ્યાપી રહ્યો,**
**તે શિવ-સાધન-સન્ધિ. રે શાન્તિ૦ ૬**

**ફળ-વિસંવાદ**=ફળનો વિસંવાદ. જેવી કારણ-સામગ્રી, તે પ્રમાણે ફળ આવવું. તે, ફળનો અ-વિસંવાદ કહેવાય. જેવું કારણ હોય, તેવું જ કાર્ય થાય. પરંતુ જેવું ફળ ધાર્યું હોય, તેવું ફળ ન આવે, તો તે પોતાના કારણ સાથેનો ફળનો વિસંવાદ કહેવાય. **અર્થ-સંબન્ધ**=અર્થ સાથે સંબંધ ધરાવનાર. **સકળ-નય-વાદ**=સઘળોયે નયવાદ. વસ્તુના નિરૂપણમાં અભિપ્રાય ભેદો રૂપ નયો.તે સઘળા નયોની વ્યવસ્થા સૂચવનાર શાસ્ત્ર, તે સકળ **નયવાદ**, **વ્યાપી**=ફેલાઇને. **શિવ-સાધન-સંધિ**=મોક્ષના કારણોની સાંકળ-ઉત્તરોત્તર વ્યવસ્થા. ૬

જે ક્રિયા-કરવાથી-જે શુદ્ધ આલંબનનો આદર કરવાથી-તેની સાથે, જેમ શબ્દ અને અર્થના સંબંધમાં વિસંવાદ ન આવે, તેમ-તેના ફળનો વિસંવાદ ન થાય. તે ફલા-ડ-વઞ્ચક યોગ કહેવાય. મોક્ષરૂપ ફળનાજ-કારણો-ની પરસ્પર જોડાયેલી સાંકળમાં સઘળોયે નયવાદ ગોઠવાઈ ગયેલો છે.

મોક્ષના પ્રાથમિક સાધનેથી-કારણોથી માંડીને ઠેઠ મોક્ષ મળે ત્યાં સુધીના અનેક કારણોની સંયમ સ્થાનો રૂપિ-સાંકળ ગોઠવાયેલી છે. પ્રથમના પગથિયા: પછીના પગથિયાના કારણ બને છે, અને પછીના પગથિયા પ્રથમના પગથિયાના કાર્યો-ફળો બને છે. એમ અનુક્રમે:-આત્મા મોક્ષ સુધી પહોંચી શકે છે. પ્રથમના પગથિયા રૂપ-ક્રિયા-અનુષ્ઠાન-પ્રવૃત્તિ-એવી હોવી જોઇએ, કે જેથી કરીને-પછીના પગથિયા રૂપ ફળ-પરિણામ-બરાબર-અચૂક-સંપૂર્ણ-અખંડ-અક્ષત આવે, તો જ ફળનો અવિસંવાદ કહેવાય. જેમ-ઘડો શબ્દ બોલવાથી સામો માણસ ઘડોજ સમજે છે, ને તેજ લાવે છે. પણ ઘડો મંગાવતાં કપડું લાવતો નથી. કારણ કે-શબ્દ અને તેના અર્થનો અવિસંવાદી સંબંધ હોવાથી ગોટાળો થવા પામતો નથી. તેજ પ્રમાણે-ક્રિયારૂપ કારણ અને આત્માના ઉચ્ચ પરિણામરૂપ કાર્યના-ફળનો

અવિસંવાદી સંબંધ હોવો જોઇએ. **તોજ—ફલાવગ્ચક યોગની** સિદ્ધિ થાય છે.

કાર્ય—કારણની આ સાંકળમાં આખોયે નયવાદ વ્યાપીને રહ્યો છે. નયવાદની ખરેખરી આવશ્યકતાજ આ મોક્ષમાર્ગના કાર્ય—કારણ ભાવો માટેજ રહેલી છે. તે વાદનું ખરેખરું પ્રયોજનજ અહીં છે.

**નૈગમ : સંગ્રહ : વ્યવહાર : ઋજુસૂત્ર : શબ્દ : સમભિરુઢ : અને એવંભૂત:** એ સાત નયો **જૈનશાસ્ત્રોમાં** પ્રસિદ્ધ છે.

જુદા જુદા શ્રોતાની યોગ્યતાની અપેક્ષાએ—સમજ શક્તિની અપેક્ષાએ, પાલનઃ શક્તિઃ સાધન સામગ્રીનો સંગ્રહઃ જુદા જુદા દ્રવ્યઃ ક્ષેત્ર : કાળ : અને ભાવ : ના સંજોગોને આધારે—એકજ કર્તવ્યને કે એકજ અનુષ્ઠાનનેઃ કર્તવ્ય કે અકર્તવ્ય તરીકે કહી શકાય છે. નયોનું નિરૂપણ અહીં કરવા જતાં ગંભીરતા વધી જવાથી જિજ્ઞાસુઓએ—પ્રથમ તેનો યથાશક્ય અભ્યાસ કરી લેવો જોઇએ.

દા૦ ત૦—**નૈગમનયની અપેક્ષાએ:**—જે જીવ મોક્ષપદમાં અવશ્ય જવાનો છે. તેમાં રહેલી તે જાતની તથા—ભવ્યતાને અથવા અપુનર્બંધકભાવને ધર્મ કહી શકાય.

**સંગ્રહનયની અપેક્ષાએ:**—મોક્ષના નાના મોટા તમામ કારણોના સમૂહરૂપ—આત્મગુણને ધર્મ કહી શકાય.

**વ્યવહારનયની અપેક્ષાએ:**—તમામ ધાર્મિક અનુષ્ઠાનોને ધર્મ કહી શકાય. [ અહીં વ્યવહારનય : નિશ્ચયનય : એ બે ભેદમાં આ વ્યવહારનય લેવામાં આવ્યો નથી.]

**ઋજુસૂત્રનયની અપેક્ષાએ:**- દેશવિરતિઃ સર્વવિરતિ ધર્મ કહી શકાય.

**શબ્દનયની અપેક્ષાએ:**—તેથી ઉચ્ચ કક્ષાના નિર્વિકલ્પ અવસ્થાને ધર્મ કહી શકાય.

**સમભિરુઢનયની અપેક્ષાએ:**–સયોગિ કેવળજ્ઞાની અવસ્થાને ધર્મ કહી શકાય.

**એવંભૂતનયની અપેક્ષાએ:**–શૈલેશીકરણની અવસ્થાને ધર્મ કહી શકાય, કે–જેના પછીના તરતના સમયેજ મોક્ષ પ્રાપ્ત થાય છે.
આ માત્ર દૃષ્ટાંતજ બતાવવામાં આવેલા છે. વ્યવસ્થિત સ્વરૂપ ગુરુ-મારફત શાસ્ત્રોમાંથી સમજવું.

**ઉત્સર્ગ:** અને **અપવાદ:** ધર્મનું સ્વરૂપ **શ્રીદેવચંદ્ર કૃત ચોવીસી**માં ૮ મા સ્તવનમાં **નયો** ઉપર ઘટાવેલ છે. તેમાંથી નયજ્ઞ ગુરૂની મદદથી શુદ્ધ અર્થ સમજી લેવો.

આત્મા ન હોત, તેનો વિકાસ થતો ન હોત, મોક્ષ ન હોત, તેના ઉપાયો ન હોત, તો નયવાદની પણ જગત્‌માં એટલી આવશ્યકતા ન પડત. મોક્ષના માર્ગદર્શક શાસ્ત્રોના અસ્તિત્વ સાથે મુખ્યતાએ નય-વાદનું અસ્તિત્વ છે. અને એ રીતે આવશ્યક ઠરેલો નયવાદ મોક્ષ-માર્ગની કાર્ય–કરણની સાંકળમાં–સહજ રીતે ગોઠવાઇ ગયો છે. તેના વિના એ સાંકળની કે–શાસ્ત્રોના આદેશોની વ્યવસ્થિત સમજ પ્રાપ્ત થઇ શકે તેમ નથી.

એ **ફળા–ઽ–વઞ્ચક યોગ:** રૂપ શાંતિ છે:–

એ રીતે– **યોગા–ઽ–વઞ્ચક :**
**ક્રિયા–ઽ–વઞ્ચક :**
**ફળા–ઽ–વઞ્ચક :**

એ ત્રણ પ્રકારની યોગ પ્રક્રિયાનું સ્વરૂપ બતાવ્યું. તેની મુખ્યતાએ જુદા જુદા જીવોને શાંતિ પ્રાપ્ત થાય છે. શાંતિ પ્રાપ્તિના અસંખ્ય **યોગો સર્વજ્ઞ** ભગવાને બતાવ્યા છે. તેનો સંક્ષેપમાં આ સંગ્રહ છે.

બીજી રીતે-ઇચ્છા-યોગ: શાસ્ત્ર-યોગ: અને સામર્થ્ય યોગ: રૂપે મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવે છે. જુદા જુદા જીવની અપેક્ષાએ-એ ત્રણની મુખ્યતાએ પણ જુદા જુદા જીવને શાંતિ પ્રાપ્ત થાય છે. "**યોગ અસંખ્યજિન-વર કહ્યા.**" બીજી ગાથામાં-ઇચ્છા યોગના સ્વરૂપનો નિર્દેશ આવી ગયો છે. તેથી નીચેની ગાથામાં-

**શાસ્ત્રયોગ: શાંતિનું પર્યાયિયું:—**

**"વિધિ: પ્રતિષેધ: કરી, આતમા-**
**પદારથ: અ-વિરોધ-રે**
**ગ્રહણ-વિધિ મહા-જને પરિગ્રહ્યો."**
**ઇસ્યો આગમે બોધ. રે શાન્તિ૦ ૭**

**વિધિ-અન્વય.** આત્મામાં ઘટતા ગુણો: સ્વભાવો: ધર્મો: વિગેરેનું નિરૂપણ. **પ્રતિષેધ: વ્યતિરેક.** આત્મામાં ન ઘટતા ગુણો: અભાવો: ધર્મો: વિગેરેનો નિષેધ-ત્યાગ. પ્રત્યાખ્યાન. **આતમા-પદા-ઽરથ=આત્મા** નામનો પદાર્થ. **અ-વિરોધ=**વિરોધ વગર. **ગ્રહણ-વિધિ=**તેને જાણવાની યોગ્ય વિધિ-યોગ્ય પદ્ધતિ. **મહા-જને=**મહાપુરુષોએ. જ્ઞાની પુરુષોએ. **પરિગ્રહ્યો=**સ્વીકાર્યો. ગ્રહણ કર્યો. સંગ્રહ્યો. **ઇસ્યો=**એ જાતનો. **આગમે=**આગમોમાં. શાસ્ત્રોમાં. આગમોથી. શાસ્ત્રોથી. આગમ વિષે [ **આગમે-૧ વિષય સપ્તમી** ]. **બોધ=**જ્ઞાન. ૭

"મહાપુરુષોએ વિધિ: અને પ્રતિષેધ:ની કસોટીએ ચડાવીને, કશાયે વિરોધ વિના **આત્મા** નામના પદાર્થને વિરોધ વિનાના ગ્રહણ કરવાના પ્રમાણાદિ વિધિપૂર્વક સ્વીકાર્યો છે." એ જાતનો આગમથી આગમ સંબંધી-આગમ વિષે. બોધ થાય છે. તે **શાસ્ત્રયોગ શાન્તિનું** સ્થાન છે.

**આગમોમાં**-ભલે અનેક પદાર્થો: તત્ત્વો: અને અનુયોગો: હોય. પરંતુ તે દરેકનો અંતિમ તાત્પર્યાર્થ-મહાવાક્યાર્થ-આત્મા પદાર્થનું

મોક્ષમાટેનિરૂપણ કરવાનો છે. નવતત્ત્વઃ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ દ્રવ્યઃ ગુણઃ પર્યાય સાત નયઃ પાંચ જ્ઞાનઃ ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઃ ક્ષાયિકઃ ઔપશમિકઃ ક્ષાયોપશમિકઃ ઔદયિકઃ પારિણામિક ભાવઃ સૂત્રઃ અર્થઃ ષટ્દ્રવ્યઃ પંચાસ્તિકાયઃ નિશ્ચય–વ્યવવહારનયઃ ઉત્સર્ગઃ અપવાદઃ કર્મઃ તેના ભાંગાઃ વિગેરે જે કાંઈ વિવેચન છે, તે સઘળાનું પ્રથમ–મુખ્ય તાત્પર્ય–પાત્રજીવોને આત્માનું સ્વરૂપ સમજાવવું, તે છે. કેમકે–તે જાણવાનું ફળ આત્માનેજ મળવાનું છેઃ નહીંતર, જાણવાની કાંઇ જરૂરજ નથી. એમ જુદી જુદી રીતે **અન્વયઃ** અને **વ્યતિરેકઃ**થી આત્માનું સ્વરૂપ સમજાવવું, એ શાસ્ત્રોનું મુખ્ય કાર્ય છે. તેથી શાસ્ત્રોમાં મહાપુરૂષોએ આત્મા–પદાર્થને બરાબર સમજીને તેનું જે રીતે સ્વરૂપ છે, તે યથાર્થ રીતે તેનો સંગ્રહ આગમોમાં કર્યો છે. માટે, આગમની મદદથી આત્મા–પદાર્થને–વિરોધ ન આવે તે રીતે, ખરેખરા સ્વરૂપમાં સમજી લેવો, તેનું–નામ **શાસ્ત્રયોગ** છે. અને તે પણ એક પ્રકારનું શાંતિનું સ્થાન છે. આત્માના અસ્તિત્વનો સ્વીકાર સામાન્ય માણસોએ નથી કર્યો, પરંતુ મહાજનોએ–મહાજ્ઞાની સર્વજ્ઞ ભગવંતોએ અને બીજા મહાપુરુષોએ વિરોધ વગરના–પ્રમાણભૂત સ્વીકાર કરવાના--વિધિથી કર્યો છે.

એ સ્વીકારઃ–વિધિપૂર્વક કરવામાં આવ્યો છે. એમને એમ ગતાનુગતિકતાથી કરવામાં આવ્યો નથી.

સ્વીકારનો એ વિધિ પણ–વિરોધ વગરનો–દોષ વગરનો–નક્કી કરીને, તેની મદદ લેવામાં આવી છે.

"**આત્માઃ** એ ગુણ નથી. ક્રિયા નથી. તેમજ સાંયોગિક પદાર્થ પણ નથી. કલ્પનાથી કલ્પિત વસ્તુ નથી. અભાવરૂપ પદાર્થ નથી. પરંતુ સાક્ષાત્ ભાવરૂપ પદાર્થ છે.

ભાવરૂપ પદાર્થ હોવાનું એમને એમ નક્કી કરવામાં નથી આવ્યું. પરંતુ, વિધિઃ અને પ્રતિષેધઃ, અન્વયઃ અને વ્યતિરેકઃની મદદથી નક્કી કરાવી શકાય છે. જેથી લક્ષણનું સાંકર્ય ન થવા પામે. આત્મામાં જે ગુણધર્મો છે, તેની તપાસ કરીને. તેમાં નથી અને બીજામાં છે. તથા કોઈમાંયે નથી. તેની પરીક્ષા કરાવી શકાય તેવા પદાર્થ તરીકે કેવળ જ્ઞાનાદિક પ્રમાણભૂત–વિધિથી–પદ્ધતિથી નક્કી કરવામાં આવેલ છે. અને આગમોનું મુખ્ય તાત્પર્ય એજ છે.

**શાસ્ત્રયોગઃ** એટલે–શાસ્ત્રોના તાત્પર્ય રૂપે–મુખ્ય–વિષયરૂપે–મુખ્ય અધિકારઃ રૂપે વિગતથી આત્મા પદાર્થને સમજવો, તે.

અને શાસ્ત્રાજ્ઞા મુજબ અનુષ્ઠાનો કરવાં–તે–**વચનાનુષ્ઠાન યોગઃ**

**સૂત્ર–અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ–ચારિત્ર પરીખો." સ્તવન ૧૪–૬.**

આ પ્રમાણે–**શાસ્ત્રયોગઃ** અને **વચનાનુષ્ઠાન યોગઃ**માં ફરક છે. મોક્ષના કારણ તરીકે તો બન્નેય યોગો છે.

પદાર્થનો તર્કશાસ્ત્રની મદદથી નિર્ણય કરવો હોય, ત્યારે–**વિધિઃ** એટલે **અન્વયઃ** તેનો અને **પ્રતિષેધઃ** એટલે **વ્યતિરેકઃ** તેનો ઉપયોગ કરવામાં આવે છે. "સામે દેખાતું ચળકતું બિમ્બ **ચંદ્ર** છે. કેમકે–તેના કિરણો ઠંડા લાગે છે. તથા અત્યારે રાત્રિનો સમય છે." તે વિધિ–અન્વયઃ કહેવાય. પરંતુ, " તેના કિરણ સૂર્યના જેવા ગરમ લાગતાં નથી. અને અત્યારે દિવસનો સમય નથી." તે **નિષેધ–વ્યતિરેકઃ** કહેવાય. **વિધિથીઃ** અને **નિષેધથીઃ** એમ બન્નેય રીતે વસ્તુનો નિર્ણય કરી શકાય છે. કોઇ વખતે એકલા **વિધિથીઃ** કે એકલા **પ્રતિષેધથીઃ** પણ નિર્ણય કરી શકાય છે.

**ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજી મહારાજશ્રીએ** જણાવ્યું છે કે–

अन्वय–व्यतिरेकाभ्यामाऽऽत्म–तत्त्व–विनिश्चयम् ।
नवभ्योऽपि हि तत्त्वेभ्यः कुर्यादेवं विचक्षणः ॥

अध्यात्म–सारे १८–१९०.

**અર્થ**:—એ પ્રકારે વિચક્ષણ આત્મજ્ઞાનેચ્છુ–પુરુષે–નવેય તત્ત્વોની અપેક્ષાએ પણ **અન્વયઃ** અને **વ્યતિરેક**ની મદદથી કેવળ **આત્મા** પદાર્થનું નિર્ણયાત્મક તાત્ત્વિક જ્ઞાન કરવું."

ज्ञाते ह्याऽऽत्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते ।
अ–ज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निर–ऽर्थकम् ॥२॥
नवानामऽपि तत्त्वानां ज्ञानमाऽऽत्म–प्रसिद्धये ।
येनाऽ–जीवा–ऽऽदयो भावाः स्व–भेद–प्रतियोगिनः ॥३॥

अध्यात्मसार. १८.

**અર્થ**:—આત્મા બરાબર જાણી લીધા પછી, જાણવાનું બીજું કાંઇ બાકી રહેતું નથી. અને આત્મા જાણવામાં ન આવ્યો હોય, તો બીજાનું જ્ઞાન નકામું છે. ૨ નવતત્ત્વોનું જ્ઞાન પણ મુખ્યપણે તો આત્માના જ્ઞાન માટે જ છે. કેમકેઃ અજીવાદિક પદાર્થો પણ પોતાના અભાવના પ્રતિયોગિ છે. [ તેથી, જેમાં અજીવાદિકનો અભાવ રહે છે, તે આત્મા. તેનું જ્ઞાન થાય, તો જ અજીવાદિકનું પણ જ્ઞાન થાય. ] ૩

(૨) આ રીતે શાસ્ત્રયોગ શાંતિનું પગથિયું છે. જો આત્માનો અનુભવ થાય, તોજ તેના મોક્ષ માટેના પ્રયત્નો થઇ શકે. ૭

**સામર્થ્ય-યોગઃ શાંતિનું પગથિયું—**

દુષ્ટ–જન–સંગતિ પરિહરી,
ભજે સુ–ગુરુ–સંતાન. રે
જોગ–સામર્થ્ય ચિત્ત–ભાવ જે
ધરે મુગતિ–નિદાન. રે શાન્તિ૦ ૮

**દુષ્ટ–જન–સંગતિ**=આત્મ શાંતિમાં વિઘ્ન કરનાર દોષોવાળા–મિથ્યાત્વઃ કષાયઃ આદિના પ્રેરક માનવોની સોબત–સંસર્ગ. **પરિ-**

**છરી**=છોડી દઇ. **ભજે**=સેવે. **સુ-ગુરુ-સંતાન**=ઉત્તમ ગુરુની પરંપરામાં થયેલા સદ્ગુરુ. **સામર્થ્ય**=તે નામનો એક યોગ. **ચિત્ત-ભાવ**=આત્માના ઉચ્ચ સ્વભાવ રૂપ. **મુગતિ-નિદાન**=મોક્ષનું પ્રબળ કારણ. ૮

**ઇચ્છાયોગના બળથી**-દોષ યુક્ત જનોનો સંસર્ગ છોડીને, ઉત્તમ ગુરુની-પરંપરામાં થયેલા તેના સંતાનનો-સદ્ગુરુનો આશ્રય લઇ, અનુક્રમે મુક્તિના પ્રબળ કારણ-આત્માનુભવ રૂપ **સામર્થ્ય-યોગને** ધારણ કરવો. એટલે પછી-શાન્તિ પરાકાષ્ઠાએ પહોંચી જશે. પાસત્થા-કુશીળ-અવસન્ન-સંસક્ત-યથાછન્દક-વેષ-વિડંબક-મંદ પરિણામી, નિહ્નવઃ મિથ્યાદૃષ્ટિઃ દુઃશીલઃ દેવાદિ દ્રવ્યના ભક્ષકાદિઃ ઉન્માર્ગોપદેશકઃ સન્માર્ગલોપકઃ દેવ-ગુરુ-ધર્મના શત્રુઃ-નાશક-નિંદક-દ્વેષીઃ ઉત્સૂત્રભાષીઃ માર્ગભ્રષ્ટઃ સંસ્કૃતિ ભ્રષ્ટઃ આર્યમર્યાદ ભ્રષ્ટઃ ઇત્યાદિનો સમાવેશ દોષ-યુક્ત જનોમાં થઇ શકે છે. આત્માર્થિ જીવોને તેઓના સંસર્ગથી લાભને બદલે નુકશાન જ થાય, એ સ્વાભાવિક છે. આ જાતના સંસર્ગનો ત્યાગઃ એ પણ શાન્તિનું એક સ્થાન છે. એ જાતના લોકોના સંસર્ગનો ત્યાગ કરીને શું કરવું? સદ્ગુરુનો આશ્રય લેવો. સત્પુરુષોનો સંસર્ગ કરવો.તે પણ એક શાંતિનું સ્થાન છે. સદ્ગુરુ પણ મહાપુરુષોની શિષ્ય પરંપરાના હોય, વ્યવસ્થિત બ્રહ્મચર્યમય-ઉચ્ચ કોટિના ગુરુકુળવાસમાં ઘડાઇને તૈયાર થયેલા હોય, જેનું લક્ષણ આ સ્તવનની ૪થી કડીમાં બતાવ્યું છે.

કુસંગનો ત્યાગ કરવામાં આવે, અને સુસંગનો આશ્રય લેવામાં આવે તોજ શાસ્ત્ર યોગ પ્રાપ્ત થાય, સિદ્ધ થાય, અને સફળ થાય.

એ રીતે, ઉંચે ચડતાં ચડતાં. સામર્થ્ય યોગ ધારણ કરવો. સામર્થ્ય યોગ એ આત્માનો ઉંચા પ્રકારનો ભાવ છે. અને મોક્ષનું ઘણુંજ પ્રબળ કારણ છે. સામર્થ્ય-યોગની ભૂમિકા પ્રાપ્ત થવાથી મોક્ષ દૂર નથી રહેતો. મોક્ષની બહુ જ નજીકમાં પહોંચી જવાય છે.

**સામર્થ્ય–યોગ**ના મુખ્ય બે ભેદ છેઃ-

**૧. ધર્મ–સન્યાસ—સામર્થ્ય–યોગ.**

**૨. યોગ–સન્યાસ—સામર્થ્ય–યોગ.**

સાતમું ગુણસ્થાનક છોડીને–આઠમું ગુણસ્થાનક પ્રાપ્ત થતાં–સાતમા સુધી કરવાના બાહ્ય ધર્માનુષ્ઠાનો છોડી દેવાના હોય છે. તેથી તે અવસ્થાનું નામ–**ધર્મ સન્યાસ સામર્થ્ય યોગ** કહેવાય છે. અને તેરમા ગુણસ્થાનકનો અંતર્મુહૂર્ત કાળ બાકી રહે ત્યારે–મન વચન કાયાઃના યોગોનો નિરોધ કરવાની ક્રિયા શરૂ થાય છે; ત્યાંથી તે ઠેઠ **શૈલેશીકરણ**ના છેલ્લા સમય સુધીની અવસ્થા, તે **યોગ સન્યાસ સામર્થ્ય યોગ** કહેવાય છે.

ત્રણ **અવંચક યોગ**ની દૃષ્ટિથી ૪ થી ગાથામાં ગુરુનો આશ્રય લેવાનું જણાવ્યું છે. અને ૮ મી ગાથામાં–**ઇચ્છા યોગઃ** અને **શાસ્ત્ર યોગઃ**ની સિદ્ધિ કરવા ગુરુનો આશ્રય લેવાનું જણાવ્યું છે. જેથી અનુક્રમે **સામર્થ્ય યોગ**ની પ્રાપ્તિ થાય છે.

" **સામર્થ્ય યોગ**ની ભૂમિકા સુધી પહોંચેલા મહાત્માઓજ **એકલ વિહાર પ્રતિમા** ધારણ કરી શકે. બીજાને ગુરુનો યોગ જોઇએજ. " એ ભાવ સમજાય છે.

જુદા જુદા પાત્રજીવની અપેક્ષાએ જુદી જુદી અસંખ્ય પ્રક્રિયા-ઓના નિમિત્તથી આધ્યાત્મિક વિકાસ કરી શકાય છે. માટે, તે દરેક પ્રક્રિયા અને તેના દરેક દરજ્જાઓ–સ્થાનો–ભૂમિકાઓ–એ સર્વ શાંતિનાં સ્થાનો છે. અને તે દરેક મોક્ષ સાથે જોડનાર હોવાથી–**યોગ** કહેવાય છે.

**સામર્થ્ય યોગ**ની પ્રાપ્તિ વખતે આત્મા–**ગુણાતીત–સત્ત્વઃ રજસ્ઃ** અને **તમસ્ઃ** એ ત્રણેય ગુણોથી રહિત–હોય છે. તે ત્રણનાથી ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલ હોય છે.

૧. પાપાનુબન્ધિ પાપ. ૨. પાપાનુબન્ધિ પુણ્ય. એ **તમોગુણ:** ૩. પુણ્યાનુબન્ધિ પાપ. એ **રજોગુણ:**–૪. પુણ્યાનુબન્ધિ પુણ્ય: એ **સત્ત્વગુણ:** કહી શકાય. ત્યારપછીની ઉચ્ચ ભૂમિકા: તે **ગુણાતીત અવસ્થા.** ૮

**સમતાયોગ-મહાશાંતિ:**—

સામર્થ્ય યોગથી-ગુણાતીત અવસ્થા-સમભાવ અવસ્થાનો-સમતા યોગનો આત્માને અનુભવ થાય છે. અને તે શાંતિનું ઉચ્ચ સ્થાનક છે.

**શાસ્ત્ર-યોગ: જ્ઞાન-યોગ: ક્રિયા-યોગ:** અને **સમતા-યોગ:** એ ચારમાં-**સમતા-યોગ** ઉચ્ચ કક્ષા ધરાવે છે.

૧ મોક્ષના ઉદ્દેશથી શાસ્ત્રજ્ઞાન, તે **શાસ્ત્ર યોગ:** ૨ શાસ્ત્રની મદદથી આત્માની સર્વ અવસ્થાઓનું વિગતવાર જ્ઞાન, તે **જ્ઞાન યોગ:** ૩ જ્ઞાનયોગ અનુસાર આત્માની અવસ્થાઓને પ્રગટ કરવા માટેના સબળ: સચોટ: અને સફળ: પ્રયત્નો, તે **ક્રિયાયોગ:** ૪. ક્રિયાયોગને પરિણામે-આત્મા નિર્મળ થઇ જવાથી, જે-એક જાતના ઉચ્ચ પ્રકારના સમભાવની પ્રાપ્તિ થાય છે, તે **સમતાયોગ.**

"*માન-અપમાન: ચિત્ત સમ ગણે,
સમ ગણે કનક-પાષાણ: રે

---

*जिता-ऽऽत्मनः प्रशान्तस्य परमा-ऽऽत्मा समाहितः।
शितोष्ण-सुख-दुःखेषु तथा माना-ऽपमानयोः ॥७॥
ज्ञान-विज्ञान-तृप्ता-ऽऽत्मा कूटस्थो विजितेन्द्रियः।
युक्त इत्युच्यते योगी सम-लोष्ठा-ऽश्म-काञ्चनः ॥८॥
सुहृन्मित्रा-ऽर्युदासीन-मध्य-स्थ-द्वेष्य-बन्धुषु।
साधुष्वऽपि च पापेषु सम-बुद्धिर्विशिष्यते ॥९॥

ભગવદ્‌ગીતા અધ્યાય-૬.

વન્દક-નિન્દકઃ સમ ગણે."
ઇસ્યો હોય, તું જાણ. રે શાન્તિ૦ ૯
સર્વ-જગ-જન્તુઃને સમ ગણે.
સમ ગણે તૃણ-મણિ-ભાવઃ. રે
મુક્તિ-સંસાર : બિહુ સમ ગણે.
મુણે "ભવ-જલ-નિધિ-નાવ." રે શાન્તિ૦ ૧૦

**અર્થ:**—આત્મા ઉપર વિજય પ્રાપ્ત કરનાર અત્યન્ત શાન્ત પુરુષનો પરમ-આત્મા-શીત-ગરમીઃ સુખ-દુઃખઃ માન-અપમાનઃમાં સમાહિત-સમ હોય છે.૭ જ્ઞાન-અને વિજ્ઞાનથી તૃપ્ત-આત્મા જિતેન્દ્રિય અને [ પ્રધાનપણે દ્રવ્યાર્થિક નય સાપેક્ષ આત્મદ્રવ્યમય ધ્યાનસ્થ થવાથી ] કૂટસ્થ થાય છે. તે યુક્ત કહેવાય છે. તેથી તે **યોગી** ઢેફાંઃ પત્થરઃ અને સોનાઃ ઉપર સમદૃષ્ટિવાળો હોય છે. ૮ સુહૃદ્ઃ મિત્રઃ શત્રુઃ, ઉદાસીનઃ મધ્યસ્થઃ દ્વેષીઃ, બંધુઃ સાધુ. પાપીઃ, એ સર્વને વિષે તેની વિશિષ્ટ બુદ્ધિ **સમતા** ધારણ કરતી હોય છે. ૯

[ **બહિરા-ઽઽત્મ ભાવનો** ત્યાગ કરીને પ્રત્યેક **અન્તરા-ઽઽત્માજ** છેવટે-સમતા-યોગ પ્રાપ્ત કરે, ત્યારથી **પરમા-ઽઽત્મ-સ્વરૂપ** ધારણ કરે છે."

આ **જૈન-શાસ્ત્રોક્ત** વસ્તુ **ગીતાને** પણ સમ્મત છે. એમ સાતમા શ્લોકના પૂર્વાર્ધથી બરાબર સચોટ રીતે સમજાય છે. ધર્મ સન્યસ્ત થવાથી તે તૃપ્તને કાંઇ જાણવાનું બાકી રહેતું નથી. તથા **પરમ** નિશ્ચયમાં સ્થિત થઇને સામર્થ્ય યોગી રત્નત્રયીનોયે આત્મા સાથે અભેદ કરીને, કેવળ આત્મદ્રવ્યમય સ્વાનુભવમય-પર્યાયદૃષ્ટિરૂપ વિકલ્પવિના-નિર્વિકલ્પ ધ્યાનસ્થ બને છે. એ રીતે-આત્માની **કુટ-સ્થતા** જૈનશાસ્ત્રકારોને પણ અપેક્ષાયે સમ્મત છે. ]

**ચિત્ત**=ચિત્તમાં-આત્મામાં. **કનક**=સોનું. **પાષાણ**=પત્થર. **વન્દક**=વંદન કરનાર. **નિન્દક**=નિન્દા કરનાર. **ઇસ્યો**=એ જાતનો. ૯
**સર્વ-જગ-જન્તુ**=જગતના સર્વ પ્રાણિઓને **તૃણ-મણિ-**

**ભાવ**=ઘાસ અને મણિ-રત્ન. **મુક્તિ**=મોક્ષ. **મુણે**=જાણે. **ભવ-જલ-નિધિ-નાવ**=સંસાર રૂપી સમુદ્ર તરવાને હોડી સમાન. ૧૦

" જ્યારે સામર્થ્ય-યોગના બળથી સમતા-યોગમાં આત્મા પ્રવેશ કરે છે, ત્યારે-

"મનમાં [આત્મામાં] માન-અપમાનને સમાન ગણે છે [ભાસે છે.]
સોનું: અને પત્થર: સમાન સમજે છે.
વન્દન કરનાર: અને નિન્દા કરનારને સરખા જાણે છે."
એવી સમ-સ્થિતિમાં તે પસાર થાય છે. "

એમ તું જાણ-

તથા-જગત્‌ના સર્વ પ્રાણીઓ ઉપર તે સમભાવી બને છે.
તણખલા: અને રત્નો:ને સમાન સમજે છે.
મોક્ષ: અને સંસાર:ને પણ સરખા માને છે.

" આ જાતનો સમભાવ-સંસાર રૂપી સમુદ્ર તરવા માટેની એક નાવડી સમાન છે." એમ સમજે છે. એમ સમજીને તેનો આશ્રય લે છે. એટલેજ તે સમતારૂપી નાવવતી સંસાર સાગર તરી જઇ, મોક્ષમાં પહોંચી જઇ શકે છે.

"**તું જાણ.**" એ શબ્દો-"શાંતિનુ સ્વરૂપ પૂછનાર સાધકને-શાંતિના સ્થાનકોનું સ્વરૂપ **શ્રી શાન્તિનાથ ભગવાન્** બતાવી રહ્યા છે." તે વાતનું અનુસંધાન કરીને-કહે છે, કે-"તે-સમતાયોગમાં નિષ્ઠ આત્મા એ પ્રકારે સમભાવી બને છે." " તે **ઇસ્યો હોય-એવો** સમભાવી તે હોય છે." " એમ **તું જાણ**-સમજ."

" **શાસ્ત્રનું** જ્ઞાન તો સમતા તરફ દિશાસૂચન જ કરી શકે છે, તે સમતાના સાગરમાં ઠેઠ-દૂર સુધી લઈ જઇ શકતું નથી. પરંતુ-**સામર્થ્ય યોગ** નામનો સ્વાનુભવ સમતા સાગરના સામે કિનારે આત્માને પહોંચાડી દઈ શકે છે. "

दिङ्-मात्र-दर्शने शास्त्र-व्यापारः स्यान्न दूर-गः ।
अस्याः स्वा-ऽनुभवः पारं सामर्थ्या-ऽऽख्योऽत्रगाहते ॥२८॥

अध्यात्म-सारे-९-समता-योगाऽधिकारे ।

**અર્થ:** ઉપર આવી ગયો છે. ૨૮

એ રીતે, **સિદ્ધયોગી** ન વિષયોને ગ્રહણ કરવા પ્રયત્ન કરે છે, ન છોડવા પ્રયત્ન કરે છે, સ્વરૂપા-વસ્થામાં રહે છે. ૧૦

**ઉપસંહાર : નિર્મળ આત્મા : એજ શાન્તિઃ**

**આપણો આતમ-ભાવ જે**
**એક ચેતના-ऽऽધાર. રે**
**અવર સવિ સાથ સંયોગથી.**
**એહ નિજ-પરિકર સાર. રે** શાન્તિ૦ ૧૧

**આપણો**=પોતાનોજ-સક્રિય. **આતમ-ભાવ**=આત્મતત્વ. આત્માનું આત્માપણું. **ચેતના-ऽऽધાર**=ચેતના ગુણના આધાર રૂપ છે. **ચેતના-ધાર**=ચેતનાને ધારણ કરનાર છે. **અવર**=બીજો. **સાથ**=સાથે રહેનારા. **સંયોગથી**=આત્મા અને કર્મના સંયોગથી. **નિજ**=પોતાનો. **નિજ-પરિકર**=પોતાની આજુબાજુનો પરિવાર. **સાર**=સારભૂત છે. ૧૧

સ્વચેતનાને ધારણ કરતું જે **આત્મત્વ:** તેજ શાંતિ છે. અથવા-ચેતન ગુણના આધારભૂત જે આત્મદ્રવ્ય, તેનું આત્મત્વ એજ પરમ શાંતિ રૂપ છે. બીજો બધો જે સાથ છે, તે સર્વ કર્મના સંજોગોથી ઉત્પન્ન થયેલો છે. તે સ્વાત્માના સાચા સાથી નથી. ઉપર જે સમ્યક્ત્વાદિક સારભૂત ઉત્તમ ગુણો ગણાવ્યા, તે જ આત્માનો પોતાનો પરિવાર છે. **સ્વાત્મત્વ-**એટલે "આપણો પોતાનો આત્મભાવ." એવો અર્થ છે. પોતાનું જ આત્મત્વ. બીજાનું નહિ-તેજ પોતાને શાંતિ રૂપ છે. **ચેતનાત્મક સ્વદ્રવ્ય** જ શાંતિ સ્વરૂપ છે. આ રીતે સ્તવનકારશ્રીએ

દશમા ગુણસ્થાનક સુધીની અવસ્થાનું વર્ણન કરીને–છોડી દીધું. સ્તવનકારશ્રી દરેક સ્તવનની વિષય મર્યાદા ઓળંગતા જ નથી. કેમકે–ત્યારપછીની વાત પછીના સ્તવનોમાં વર્ણવવાની હોય છે. આ હકીકત દરેક સ્તવનોમાં સમજવાની છે. ૧૧

**૧. સાધકનો ઉલ્લાસઃ**

**પ્રભુ–મુખથી એમ સાંભળી,**
**કહે આતમ – રામ : – રે**
**" તાહરે દરિસણે નિસ્તર્યો.**
**મુજ સિધ્યાં સવિ–કામ. રે શાન્તિ૦ ૧૨**

**આતમ–રામ**=આત્મામાં રમણ કરનાર. આત્માર્થિ–સાધક જીવ.
**નિસ્તર્યો**=પાર ઉતર્યો. ૧૨

ઉપર પ્રમાણે પ્રભુના મુખેથી શાંતિનું સ્વરૂપ સાંભળીને–આત્મામાં રમણ કરવાને ઈચ્છુક–સાધક આનન્દથી વિહ્વળ થઈને ઉલ્લાસપૂર્વક કહે છે, કેઃ–

" હે પ્રભો ! (૧) આપના દર્શન માત્રથી જ સંસાર સાગરથી હું નિસ્તાર પામી ચૂકયો છું. અને (૨) મારા દરેક દરેક કાર્યો સફળ થઇ ગયા છે. " સફળ થશે જ. " તેથી ઉપચારથી "સફળ થયા." એમ કહ્યું છે. ૧૨

**અહો ! અહો ! હું મુજને કહું :—**
**" નમો મુજ. નમો મુજ. " રે**
**અ–મીત–ફળ–દાન–દાતારની**
**જેહને ભેટ થઈ તુજ. " રે શાન્તિ૦ ૧૩**

હે પ્રભો ! આપની મારફત મને શાંતિનું સ્વરૂપ જાણવા તથા પરખવા મળ્યું છે, તેથી મારા આત્મામાં કેટલી બધી ધન્યતા પ્રાપ્ત થઈ છે? તેની વાત તો દૂર રહી, પરંતુ–" જે દાતારના દાનથી અગણિત

ફળો મળે છે, એવા આપના જેવા શાન્તિના દાતારની મને ભેટ થઇ છે, તેથી પણ હું મને પોતાને અત્યન્ત ધન્ય માનું છું. અને તેથી, હું મારી જાતને જ કહું છું, કે–" અહો ! અહો ! મને ધન્ય છે ! ! મને ધન્ય છે. ! !"

આપના દર્શન અને આપનો સંસર્ગ પણ–શાન્તિનું સ્થાનક છે–આપના દર્શન માત્રથી હું કૃતાર્થ થયો છું. અને આપના સંસર્ગ માત્રથી હું ધન્ય બન્યો છું. એ દર્શન અને સંસર્ગ પણ–આપના અગણિત ફળવાળાં દાન છે. તો પછી આપે શાંતિનું જે સ્વરૂપ સમજાવ્યું છે. અને એ રીતે જે જ્ઞાન તથા સન્માર્ગના દર્શનનું દાન કર્યું છે, તેના ફળની તો ગણતરી જ શી રીતે કરી શકાય ? તેને માટે હું જાહેર પણ શું કરી શકું ? તે તો મારી શક્તિથી બહારનું કામ છે. આ રીતે "તીર્થંકરદેવો જગતમાં અનન્ત લોકોત્તર ઉપકાર કરનારા છેઃ" એ રહસ્ય જણાવ્યું છે. તેઓજ પરમ શાન્તિના સ્થાનક છે. ઉત્પાદક છે–પ્રબળ નિમિત્ત છે–માટે સ્વયં પણ શાન્તિ-રૂપ છે. કષાયોની ઉપશાન્તિથી **શમઃ શાન્તિઃ** જેમ જેમ વધતી જાય, તેમ તેમ સમતા પ્રાપ્ત થતી જાય. શાન્તિઃ સમતાઃ શાન્તિઃ સમતાઃ શાન્તિઃ સમતાઃ એમ ઉત્તરોત્તર **શાન્તિઃ** અને **સમતાઃ** વધતા જાય. ૧૩

**શાન્તિના સ્વરૂપનો ઉપસંહારઃ—**

**શાન્તિ–સ્વ–રૂપ સંક્ષેપથી**
**કહ્યો નિજ–પર–રૂપ. રે**
**આગમમાંહે વિસ્તાર ઘણો**
**કહ્યો શાન્તિ–જિન–ભૂપ. રે. શાન્તિ૦ ૧૪**

**શાન્તિ–સ્વરૂપ**=શાંતિનું સ્વરૂપ. **સંક્ષેપથી**=ટુંકામાં. **નિજ–પર–રૂપ**=પોતાના સ્વરૂપેઃ સ્વઃ અને પરઃની અપેક્ષાએ. **શાન્તિ–જિન–ભૂપ=શાન્તિનાથ** નામના જિનેશ્વરદેવે. ૧૪

સ્વઃ અને પરઃની અપેક્ષાએ ટુંકામાં શાન્તિનું સ્વરૂપ કહ્યું. **શાન્તિનાથ** પ્રભુએ **આગમમાં** તેનો ઘણોજ વિસ્તાર કર્યો છે. વાચના ભેદ છતાં-અર્થથી-સર્વ તીર્થંકરોના આગમો સમાન હોય છે. કેમકે-દરેકનું સર્વજ્ઞપણું સરખું હોવાની અપેક્ષાએ એકજ સર્વજ્ઞ હોય છે. તથા જગત્‌માં મોક્ષમાર્ગ અનાદિનો સિદ્ધ હોવાથી-કોઈ પણ તીર્થંકર-દરેક તીર્થંકર ભગવાન્ એનોજ ઉપદેશ આપે છે. તેથી, દરેક-**તીર્થંકર** ભગવંતોના તીર્થના-શાસનના-આગમો જુદા હોવા છતાં-તેને સર્વ તીર્થંકરોના કહેવામાં હરકત નથી. તે પ્રમાણે વર્તમાન આગમો **શ્રીશાન્તિનાથ** પ્રભુના કહેવામાં વિરોધ નથી.
સ્તવનકારશ્રીએ યોજેલો સંવાદ અહીં પૂરો થાય છે. ૧૪

**શાન્તિનું ફળ : સ્તવનનો ઉપસંહાર :**

**શાન્તિ-સ્વ-રૂપ એમ ભાવશે**
**ધરી શુદ્ધ-પ્રણિધાન, રે**
**આનન્દ-ઘન-પદ પામશે.**
**તે લહેશે બહુ-માન. રે શાન્તિ૦ ૧૫**

**ભાવશે**=વિચારશે, તેના પાલનથી ભાવિત થશે. સંસ્કારી થશે. **શુદ્ધ પ્રણિધાન**=૧ શુદ્ધ આલંબનમાં મનઃ વચનઃ કાયાઃની એકાગ્રતા-૨ "મોક્ષઃ મોક્ષના સાધકોઃ મોક્ષના સાધનોઃ જ ઉપાદેય છે, તે શિવાયનું સર્વ હેય છે." એવો નિર્ણય, તે **શુદ્ધ પ્રણિધાન.** ૩. પોતે આધ્યાત્મિક વિકાસની જે ભૂમિકામાંથી પસાર થતો હોય, તે ભૂમિકામાં રહીને તેને લાયકના યોગ્ય કર્તવ્યો એકાગ્રતાપૂર્વક કરવા. તે **શુદ્ધ પ્રણિધાન. આનન્દ-ઘન-પદ**=મોક્ષ. **બહુ-માન**=ઘણું સન્માન-ઘણો યશ-ત્રિલોક પૂજ્ય તીર્થંકરાદિક પદ. ૧૬

એ પ્રમાણે, જે આત્મા શુદ્ધ પ્રણિધાન ધારણ કરીને, શાન્તિના સ્વરૂપથી ભાવિત થશે, તેનો આદર કરશે, તે-મોક્ષ પ્રાપ્ત કરશે, અને જગત્‌માં તીર્થંકરપદની પ્રાપ્તિ વિગેરેથી બહુ સન્માન પામશે. ૧૬

## ર હ સ્યા ર્થ.

**આ સ્તવનમાં સામ્યયોગની** અવસ્થાનું-**સમતાયોગનું**-સ્વરૂપઃ અને તેની પ્રાપ્તિઃ કેમ થાય ? તેનો ક્રમ બતાવવામાં આવેલો છે. પગમાં જોડા પહેર્યા વિના રસ્તે ચાલનાર માણસને શહેર અને ગામડાના કાંટા વાગી, જે પીડા ઉત્પન્ન થાય તે પીડા રથમાં બેસીને જનારને ન થાય. તે પ્રમાણે-**જ્ઞાનઃ** અને **ક્રિયાઃ**રૂપી બે ઘોડાથી જોડાયેલા સમતારૂપી રથમાં બેસીને મોક્ષ નગર તરફ જનારને કોઇ પણ જાતની પીડા-મુશ્કેલી ઉત્પન્ન થતી નથી. સુખપૂર્વક જઇ શકે છે. મમતાનો ત્યાગ થતાં જ સમતા સહજ રીતેજ પ્રગટ થાય છે. ઇષ્ટ અનિષ્ટની કલ્પના ચાલી જવાથી જે નિશ્ચલતા પ્રાપ્ત થાય છે, તેનુંજ નામ **સમતા** છે. કેમકે-એકજ વસ્તુ એકને ઇષ્ટ લાગે છે, તેજ વસ્તુ બીજાને અનિષ્ટ લાગે છે. તેથી ઇષ્ટતા અનિષ્ટતા માત્ર કલ્પનાના ભેદથી ભાસે છે. સ્વભાવમાં સ્થિરતા પ્રાપ્ત થતાંજ રાગદ્વેષ ન રહેવાથી અખંડ સમતા જાગ્રત્ થઇ જાય છે. જગત્ના જીવોમાં પણ-કર્મથી થયેલા પાપી અને પુણ્યવાન્ના ભેદ નિશ્ચય નયની દૃષ્ટિથી જણાતા નથી, ત્યારે અખંડ સમતા પ્રકાશે છે. આત્મા પોતાના ગુણોનો પણ ભેદ ભૂલી જઇને જ્યારે કુટસ્થ એકપણાનો-એક અખંડ દ્રવ્ય તરીકેનો અનુભવ કરતાં કરતાં આત્મારામમય બની જાય છે, ત્યારે ઉંચા પ્રકારની **સમતાનો** સ્વાદ પ્રાપ્ત થાય છે. જ્યારે સમતાનો પૂરેપૂરો પરિપાક થાય છે, ત્યારે વિષયો ગ્રહણ કરવામાં ઉદાસીનતા પ્રાપ્ત થાય છે. અને તેથી મન-વચન કાયાના યોગો વાસી-ચંદન-સમાન બની જાય છે. વાંસલો ચંદનને છોલવાનો અપકાર કરે છે, છતાં-ચંદન તેની ધારને પણ સુગંધિત બનાવવાનું જ કામ કરે છે. તે પ્રમાણે સમતાને પ્રાપ્ત મહાત્મા-ઉપસર્ગઃ પરિસહઃ કરનારના ઉપર પણ ઉપકાર કરવાની જ બુદ્ધિ રાખતા હોય છે. જેમ-**સંગમદેવે** ઉપસર્ગ કરવા છતાં "તે અભવ્ય હોવાથી તેના ઉપર કશો આત્મ-ગુણનો લાભ આપવાનો ગુણ કરી શકાતો નથી." તેથી ભગવાન્ **મહાવીર સ્વામિની** આંખમાં આંસુ આવી ગયા હતા. જેનું વર્ણન

કલિકાળ સર્વજ્ઞ **શ્રીહેમચંદ્રાચાર્ય** મહારાજાએ **યોગશાસ્ત્ર**માં અને **કવિવર ધનપાલે તિલકમંજરીની પ્રસ્તાવના**માં કરેલું છે. **ચંડકૌશિક** સર્પ કરડવા છતાં, તેને પ્રતિબોધ થયા પછીજ **શ્રીમહાવીરસ્વામિ** ત્યાંથી ખસ્યા હતા. આથી કરીને, સમતા સાધી ચૂકેલા મહાત્માની બાજુમાં નિત્યના વૈરી પ્રાણીઓ પણ વૈર ભૂલી જઇ, શાંત થઇ જાય છે. સમતા આવ્યા પછી, દાન–તપ–યમ–નિયમની શકિત તેમાં સમાવેશ પામી જાય છે. સમતાથી સ્વર્ગ તથા મોક્ષના સુખની વાનગી ચાખી શકાય છે. ક્રોધઃ કામઃ માનઃ લોભઃ વિગેરે સમતા આવ્યા પછી ટકી શકતા નથી. સંસારના દાવાનળમાં પડેલાને સમતા એ અમૃતના વરસાદના સિંચનનું સુખ આપે છે. અન્ય લિંગે મોક્ષ મળવામાં સમતાજ આધારભૂત થાય છે. તે મારફત રત્નત્રયીની પ્રાપ્તિ થવાથી અન્ય દર્શનીમાં પણ ભાવ જૈનપણું આવી શકે છે. માટે નયવાદ સાપેક્ષ જ્ઞાનનું ફળ સમતાની પ્રાપ્તિ છે, પરંતુ જો તેમાં દુરાગ્રહ ભળે, તો– જેમ ચન્દન પણ અગ્નિઃ અને છેવટે–રાખરૂપઃ બની જાય છે. તેમ સમતા નષ્ટ થઇ જાય છે. **સમતા** એ એકજ મુક્તિનો અપૂર્વ ઉપાય છે, મોક્ષના ઉપાય તરીકે પાત્રભૂત જીવોની અપેક્ષાએ જુદી જુદી અનેક ક્રિયાઓનો વિસ્તાર બતાવવામાં આવ્યો છે, તેનો મુખ્ય હેતુ તો સમતા સધાવવાનો જ છે. સમતા પૂર્વકના કોઇપણ અનુષ્ઠાનઃ પ્રવૃત્તિઃ જે હોય, તે સર્વ શુદ્ધ અનુષ્ઠાન બની જાય છે. સમતાશીલ આત્માઓ આત્માની પ્રવૃત્તિમાં સદા જાગ્રત હોય છે, અને પરપરિણતિમાં હમ્મેશાં બહેરા અને મુંગા હોય છે. તે સદાયે ચિદાનન્દમાં એકાગ્ર રહે છે. ગમે તેવા પરિસહ અને ઉપસર્ગો આવી પડે, તો પણ જેમ–પહાડો અને સમુદ્રોથી પૃથ્વી અસ્થિર બનતી નથી. તેમ સમતાધારીની સમતા તૂટતી નથી.

સમતારૂપિ મણિના પ્રકાશમાં જ પરમાત્મ તત્ત્વ ચમકતું દેખાય છે. **શ્રી ભરતચક્રવર્તિ** વિગેરે ગૃહવાસમાં છતાં સમતાના બળથીજ મોક્ષ સુધી પહોંચી ગયા હતા. જ્ઞાનીઃ ક્રિયાવાન્ઃ વિરક્તઃ તપસ્વીઃ ધ્યાનીઃ મૌનીઃ સ્થિરદર્શનીઃ સાધુઃ તે લાભ નથી પામી શકતા, કે જે લાભ સમતારૂપી સમાધિમાં રહેલા પામે છે. **દમદન્ત મુનિઃ નમિરાજર્ષિઃ ખંધક મુનિના પાંચસો**

(શિષ્યો: **મેતાર્ય મુનિઃ ગજસુકુમાર મુનિઃ અગ્નિકા પુત્રઃ દૃઢપ્રહારીઃ મરુદેવા માતા:** ઇત્યાદિ અનેક મહાત્માઓ **સમતા** યોગના બળથી મોક્ષ પ્રાપ્ત કરી શકયા છેઃ

આ સમતા પ્રાપ્ત કરવાના-ઉપાયોનો સંક્ષેપમાં ત્રણ **અવઞ્ચક યોગ:** અને **ઇચ્છા યોગાદિક** ત્રણ યોગઃ થી ખાસ નિર્દેશ આ સ્તવનમાં કરવામાં આવ્યો છે.

૧ પ્રભુના દર્શન
૨ પ્રભુની સાથે સંબંધઃ
૩ શાન્તિનું સ્વરૂપ જાણવાની ઇચ્છાઃ
૪ શુદ્ધ શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન**:**
૫ સદ્‌ગુરુનો યોગઃ
૬ શુદ્ધ આલંબનનો આદર**:**
૭ તામસી રાજસીવૃત્તિનો પરિહારઃ સાત્ત્વિકવૃત્તિનો સ્વીકારઃ
૮ ક્રમસર ફલા ડ઼વંચક યોગઃ
૯ શાસ્ત્રના મહાવાકયાર્થ તરીકે આત્માનો બોધઃ
૧૦ દોષિતોના સંસર્ગનો ત્યાગઃ
૧૧ સદ્‌ગુરુનો આશ્રયઃ
૧૨ ધર્મસંન્યાસ સામર્થ્યયોગઃ
૧૩ સમતા-સમાન બુદ્ધિઃ સામાયિકઃ
૧૪ આત્માનુભવઃ

શુદ્ધ પ્રણિધાનપૂર્વક ઉપરના ૧૪ શાંતિના સ્થાનો સીધી કે આડકતરી રીતે આ સ્તવનમાં સ્થૂલ રીતે સૂચિત કરવામાં આવ્યા છે. **સમતાઃ** એજ **સામાયિકઃ** છે. સમ્યકૃત્વની પ્રાપ્તિથી સામાયિકની શરૂઆત થાય છે. અને ૮ મા ગુણસ્થાનકથી તે ઉચ્ચ કોટિની થઇ જાય છે. છેવટે-૧૪ મે ગુણસ્થાનકે-પરમ ઉચ્ચ કોટિએ-સમતા-સામાયિક પહોંચે છે. એજ મુખ્ય આધ્યાત્મિક શાન્તિ છે. **વૈદિક દર્શન**માં પણ **ગીતાનો ૬ ટ્ઠો અધ્યાય** વિગેરે જોતાં **સમતાનું** વર્ણન છે. તેથી **જૈનદર્શન** સાથે તે પણ **ભારતમાં** ટકી રહેલ છે. **બૌદ્ધધર્મ** પોતાનો પાયો વ્યવસ્થિત આધ્યાત્મિક બળ વિના દૃઢ કરી શકયો નહોતો. તેથી તેને **ભારતમાંથી** વિદાય લેવી પડી હતી. આજે ફરીથી **રાજયસત્તાદ્વારા બૌદ્ધધર્મનો** પ્રચાર વેગથી થઇ રહ્યો છે, તે તો **આંતરરાષ્ટ્રીય ધાર્મિક પરિવર્તનની** તથા **ખ્રીસ્તી** ધર્મના પ્રચારની નીતિને આભારી છે. તેનું માઠું પરિણામ-**જૈન: વૈદિક: બૌદ્ધ:** એ એ ત્રણેય ભારતના પ્રાચીન અને મહાધર્મોનેય ભોગવવું પડશે જ.

# ૧૭. શ્રી - કુન્થુ - નાથ - જિન - સ્તવન

## મનને વશ કરવાની મુશ્કેલીઃ આત્મવિકાસમાં મોટું એક ભય સ્થાનઃ ઉપશમશ્રેણિથી થતું પતનઃ

શાંતિનું સ્વરૂપ જાણવા છતાંઃ શાંતિની પ્રાપ્તિનો માર્ગ લેવા છતાંઃ **સામર્થ્ય-યોગ**ના બળથી સમતા–પ્રાપ્ત કરવા છતાંઃ આત્મબળમાં થોડીક નિર્બળતા રહી જવાથી એક એવું મોટામાં મોટું ભયસ્થાન વચ્ચે નડી જાય છે, કે જેથી કરીનેઃ–છદ્મસ્થ વીતરાગપણું પામવા છતાંઃ યથાખ્યાત ચરિત્ર પાળવા છતાંઃ ઉપશમ ભાવ પામવા છતાંઃ એક મહાપતન થાય છે, તેથી આત્મા–ઠેઠ નીચે મિથ્યાત્વ ગુણસ્થાનક સુધી પણ કદાચ આવી પડે છે. કારણ કે–પ્રબળ આત્મા નવમે ગુણસ્થાનકેથી ક્ષપક શ્રેણિ આરંભે, તો કેવળજ્ઞાન પામીને મોક્ષે પહોંચી જાય છે. પરંતુ જો ઉપશમ શ્રેણિ માંડે તો–૧૧ મે ગુણસ્થાનકે જઈને અવશ્ય પડે છે. અને ત્યાંથી પડતાં–૬ ઠે આવે, ૫--પાંચમે ૪ થે આવે–અથવા ૪થેથી બીજે થઈને પહેલે પણ આવી જાય અથવા દશમે–નવમે–એમ અનુક્રમે પણ ઉતરે છે. આ હકીકત ઉપશમ શ્રેણિ ચડવા તથા પડવાનો વિધિ કર્મગ્રન્થોમાંથી જાણવાથી સમજી શકાય તેમ છે.

પડવાનું કારણ એ છે, કે–મોહનીય કર્મોનો સર્વથા ઉપશમ થવાથી ૧૧મું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. પરંતુ મોહનીયકર્મોનો ઉપશમ થયો હોય છે, ક્ષય થયો હોતો નથી. ઉપશમ અન્તર્મુહૂર્તથી વધારે વખત ટકી શકે નહીં. કેમકે–નીચે દબાયેલો મળ ઉપર આવ્યા વિના રહે નહીં, તે ઉપર આવતાંજ–ઉદયમાં આવતાંજ આધ્યાત્મિક ભૂમિકા ઉપરથી નીચેની ભૂમિકાઓ ઉપર આત્મા આવી પડે છે. આમ ખૂબ ચડવા છતાં પતન થાય છે. તેનું મુખ્ય કારણ મોહનીયકર્મોનો ઉદય છે. છતાં વ્યવહારથી તે ઉદય પોતાનો પ્રભાવ મન મારફત બતાવી શકે છે. એટલે સાદી સમજના લોકોના વ્યવહારની દૃષ્ટિએ મનને પતનનું કારણ ઉપચારથી માનીને–મનને આગળ રાખીને, આ સ્તવનની રચના કરવામાં આવી છેઃ

**मन एव मनुष्याणां कारणं बन्ध–मोक्षयोः ।**

**અર્થ**—મનુષ્યોને કર્મના બંધનું અને કર્મથી મુક્ત થવાનું કારણ–**મનજ છે."** મન તો જડ છે, તે બંધઃ અને મોક્ષઃનું કારણ શી રીતે થઈ શકે ? મનની પાછળ કર્મોઃ અને આત્માઃનો પુરુષાર્થઃ કામ કરતો હોય છે. તે અનુસાર

મનને કામ કરવું પડે છે. અને મન જ્યારે કર્મના બળ નીચે આવે છે, ત્યારે તેની ચંચળતા વધી જાય છે. તેથી મનને પણ ચંચળ માનવામાં આવ્યું છે. તેનું મૂળ કારણ તો તેને નચાવનાર તેના ઉસ્તાદ કર્મનોજ બધો વિલાસ હોય છે. છતાં

## मनश्चलं दुर्ग्राह्यम् ॥

**અર્થ**—"મન ચંચળ છે, અને તાબે કરવું ઘણું મુશ્કેલ છે." એમ કહેવાય છે, માટે આ સ્તવનમાં મન વશ કરી આત્માને પ્રબળ બનાવવાની મજબૂત ભલામણ કરવામાં આવી છે;—

**રાગઃ ગુર્જરીઃ રામ-કલિઃ** "અંબર દે દે **મુરારિ**! હમારો."**એ દેશીઃ**

**૧ મનની દુર્ગ્રાહ્યતાઃ—**

**મનડું કિમ હિ ન બાઝે?**
**હો કુન્થુ-જિન !મનડું કિમ હિ ન બાઝે?**
**જિમ જિમ જતન કરીને રાખું,**
**તિમ તિમ અળગું ભાંજે. હો! કુન્થુ૦ ૧**

**બાઝે ?**=બાધ્ય થાય. પકડમાં આવે. હાથમાં આવે. દબાણમાં આવે. વશમાં આવે. **જતન**=પ્રયત્ન. **અલગું**=દૂર દૂર. **ભાંજે**=ભાગે. ૧

**હે! કુન્થુ-નાથ! પ્રભો!** મારું મન કોઇ પણ રીતે દાબમાં રહેતું નથી. શું કરું?

—જેમ જેમ મહેનત કરીને તેને દાબમાં રાખવા જાઉં છું, તેમ તેમ તે દૂર દૂર ન્હાસે છે.

મનને વશ કરવાની મારફત મોહઃ કષાયોઃ વિષયઃ રાગઃ દ્વેષઃ ને વશ કરવાની વાત લક્ષણાથી કરવામાં આવી છે. બાળ જીવો તે સર્વને "મન"નો પરિવાર-વિકારો સમજે છે, માટે મન શબ્દનો ઉપયોગ કર્યો છે. ૧

જો કે-**જૈન દર્શન**માં મનને શરીર વ્યાપી પરમાણુઓના જત્થારૂપ માનેલું છે. પરંતુ લોકમાં **નૈયાયિક** વિગેરે મનને અણુ-પરિમાણ-**અણુ** જેટલું

માને છે. અને તે-પોતાના વિષયો તરફ સર્વવ્યાપક આત્મામાં દોડ દોડ કરે છે. **અણુ** જેટલું મન, ઉપમાથી પ્રમાણ આપવામાં **કુન્થુ** નામના બારીક જંતુ સાથે ઘટાવવામાં આવે છે. એટલે મન કુન્થું જેવડું નાનું છે. ૧૭મા પરમાત્માનું નામ **કુન્થુનાથ** ભગવાન છે. એ રીતે **કુન્થુ**-શબ્દમાં કવિએ **શ્લેષ** યોજી, **કુન્થુનાથ** પ્રભુ પાસે **કુન્થુ** જેવા મનને વશ કરવામાં સહાયક થવાની વિજ્ઞપ્તિ કરી છે.

**૨ મનની દોડધામ:**

રજની: વાસર: વસતિ: ઉજડ:
ગયણ: પાયાલે: જાય.
"સાપ ખાયે, ને મુખડું થોથું."
એહ ઉખાણો ન્યાય. હો! કુન્થુ૦ ૨

**રજની**=રાત્રિ. **વાસર**=દિવસ. **વસતિ**=મનુષ્યોના રહેઠાણવાળા સ્થળ. **ઉજડ**=વેરાન-નિર્જન પ્રદેશ. **ગયણ**=આકાશ: ગગન. **પાયાલે**=પતાળમાં: અધોલોકમાં. **થોથું**=ખાલી. **ખાયે**=૧ ખાય. ૨ કરડે. **ઉખાણો**=કહેવત-ઉખાણું. **ન્યાય**=ઘટના. યોગ્ય તોડ. ૨

તે મન રાતે: દિવસે: વસતિમાં: ઉજડ પ્રદેશમાં: આકાશમાં: પાતાળમાં: જાય છે, ભટકે છે. છતાં-તેના હાથમાં કાંઇ આવતું નથી. **"સાપ ખાય, ને મુખડું થોથું."** એ કહેવતના ન્યાય મુજબ બધેય નિષ્ફળ ભટકે છે.

"સાપ જે કાંઇ ભક્ષ્ય ખાય છે, તેને તે ગળી જાય છે. તેથી તેના મોઢાને કોઇ પણ પ્રકારનો સ્વાદ આવતો નથી. ને સ્વાદ વિના-ફીકું થોથું રહે છે." આ એ કહેવતનો ભાવાર્થ છે.

કેટલાક એમ પણ ઘટાવે છે, કે-"સાપ જેને કરડે છે, તે મરી જાય છે. પરંતુ સાપને કાંઇ તેનો લાભ મળતો નથી. તેની ભૂખ ભાંગતી નથી. તેનું તો મ્હોં ખાલી રહે છે."

—મન-ભટકવામાં રાત કે દિવસ જોયા વિના નિરંતર ભટક્યા

કરે છે. વસતિ કે ઉજ્જાડ સ્થળની યોગ્યતા જોયા વિના ગમે ત્યાં ભટકે છે. આકાશ કે પતાળમાં જવાની હિંમત કરી નાંખે છે. અથવા લક્ષણાથીઃ—ઉંચા વિચારે ચડે છે. તથા અને પાતાળ જેવા નીચેમાં નીચા વિચારો કરવા સુધી પણ પહોંચી જાય છે. ૨

**૩ મન ભલભલાંને પટકી પાડે છેઃ**

**મુગતિતણા અભિલાષીઃ તપિયાઃ**
**જ્ઞાનઃ ને ધ્યાનઃ અભ્યાસે.**
**વયરીડું કાંઈ એહવું ચિન્તે,**
**નાંખે અવળે પાસે. હો ! કુન્થુ૦ ૩**

**મુગતિતણા**=મોક્ષના. **અભિલાષી**=ઇચ્છાવાળા. **તપિયા**=તપસ્વિ. **જ્ઞાનઃ ને ધ્યાનઃ અભ્યાસે**=જ્ઞાનના અભ્યાસમાં લાગેલા. ધ્યાનના અભ્યાસમાં લાગેલા. **વયરીડું**=મોટો શત્રુ. હલકટ વૈરી. **ચિન્તે**=વિચારેઃ ચિન્તવે. **અવળે–પાસે**=ઉલટી બાજુમાં, ઉંધું. ૩

મોક્ષની અભિલાષાથી તપસ્વી થઇ જ્ઞાનના અને ધ્યાનના અભ્યાસમાં લીન થયેલા હોય છતાં, નીચ શત્રુ જેવુંઃ આ મન એવી વિચારણાઓ ઉઠાવે છે, કે તેઓને એવી ઉલટી બાજુમાં ફેંકી દે છે, કે–જેથી મોક્ષ તો દૂર રહ્યો, પણ સંસારમાં ભટકતા થઇ જાય છે. અગ્યારમા ગુણ–સ્થાનક જેવા ઉચ્ચ સ્થાનેથી પણ પતન પામીને પાછા સંસારમાં રખડતા થઈ જાય છે. ૩

**૪ મનની ભયંકર વાંકાઈ–અવચંડાઇઃ—**

**આગમ આગમ–ધરને હાથે,**
**નાઽવે કિણ–વિધ આંકું.**
**કિહાંકણે જો હઠ કરી હટકું,**
**તો વ્યાલતણી પેરે વાંકું. હો ! કુન્થુ૦ ૪**

**આગમ**=શાસ્ત્ર. **આગમ–ધરને**=આગમના જ્ઞાતાને. **નાઽવે**=ન આવે. **કિણ–વિધ**=કોઇપણ રીતે. **આંકું**=અંકુશમાં. **કિહાં-**

કણે=કોઇક ઠેકાણે. હઠ=દુરાગ્રહ: હઠીલાપણું. હટક્યું=અટકી ગયું હોય. વ્યાલતણી=સર્પની પેઠે. વાંકું=અવળું: વક્ર: વિરુદ્ધ. ૪

શાસ્ત્રોના મોટા જાણકારને હાથે આગમોની મદદથી પણ તે કોઈ રીતે અંકુશમાં આવી શકતું નથી. અને જો કોઇ પણ ઠેકાણે હઠીલું થઇને અટકી જાય, તો ત્યાંથી કોઈ રીતે પકડમાં ન આવતાં સાપની માફક વાંકું ચુંકું થઇને છટકી જાય છે, પણ કાબુમાં આવી શકતું નથી. આગમધરોની પણ પરવા કરતું નથી. તેઓનું મન પણ કદાચ કર્મયોગે કોઈ વિષયમાં ફસાઈ જાય, તો પછી ગમે તેટલા પ્રયત્નોથી કાબુમાં આવી શકતું નથી. **આર્દ્રકુમાર: નંદિષેણજી: અષાઢભૂતિ:** વિગેરે મુનિઓના દાખલા પ્રસિદ્ધ છે.

**चरण-योग-घटान् प्रविलोठयन् शम-रसं स-कलं चिकिरत्यऽधः ।**
**चपल एष मनः कपिरुच्चकै रस-वणिग् विदधातु मुनिस्तु किम् ॥४॥**

**अध्यात्मसारे-११**

**અર્થ:**—મનરૂપી વાંદરો ચારિત્ર અને યોગરૂપી ઘડાઓને ધબાધબ ઉંધા વાળી નાંખીને શમરૂપી રસ બધોયે ઢોળી નાંખે છે, ત્યારે બિચારા મુનિ-રૂપી રસના-ઘીના વેપારી શું કરી શકે ? મન [ આગળ તેઓ પણ લાચાર બની જાય છે." ]

**૫. મનને કેવું કહેવું ? તે સમજી શકાતું નથી:—**

**જો "ઠગ" કહું, તો ઠગ તો ન દેખું.**
**શાહુ-કાર પણ નાંહિ.**
**" સર્વમાંહે, ને સહુથી અળગું."**
**એ અચરિજ મનમાંહિ. હો ! કુન્થુ૦ ૫**

ઠગ=ઠગારું: ધૂર્ત: ધૂતારું: છેતરનાર. **શાહુ-કાર**=સજ્જન-સાધુ-કાર: શાહ: સાધુ. **અચરિજ**=આશ્ચર્ય. ૫

તે મનને "ધૂતારુ" કહું, તો તે ધૂતારું જણાતું નથી. કેમકે-ઇચ્છાને છેતરીને મન ક્યાંય જતું નથી. "શાહુ-કાર" કહું, તો

તે શાહુ–કાર પણ જણાતું નથી. કેમકે–તેના ઉપર વિશ્વાસ મૂકી શકાતો નથી.

—મનમાં એક એવું આશ્ચર્ય છે, કે–"તે દરેકે દરેક ભાવ ભજવે છે, અને દરેકથી પાછું જુદું ને જુદું રહે છે."

—ઠગની માફક અવળે માર્ગે દોરવી જાય છે, અને શાહુ–કારની માફક હિતસ્વી તરીકે ભયંકર સ્થિતિમાંથી બચાવી પણ લે છે. તેથી તેને કેવું કહેવું? તે મોટામાં મોટી મુંઝવણ થાય તેમ છે. ૫

**૬. તેની અવળચંડિલાઈ તો જુઓ:—**

**જે જે કહું તે કાન ન ધારે.**
**આપ–મતેં રહે કાલો.**
**સુર–નર–પણ્ડિત–જન સમજાવે,**
**સમજે ન માહરો સાલો. હો! કુન્થુ૦ ૬**

**કાન ન ધારે**=કાન ધરે જ નહીં: સાંભળે જ નહીં. **આપ–મતેં**=પોતાની બુદ્ધિથી–સ્વચ્છંદપણાથી. **કાલો**=મુગ્ધ: ભોળો: ઉદ્ધત: લુચ્ચાઇથી ભોળપણ બતાવનાર. **સુર–નર–પણ્ડિત–જન**=દેવોના પંડિતો. મનુષ્યોના પંડિતો. અથવા–દેવો: મનુષ્યો: અને પંડિતો. **માહરો સાલો**=મારો સાળો. મારું સાળું લુચ્ચું. ૬

જે જે શિખામણ આપું, તે સાંભળે જ નહિં. ને અને પોતાની સ્વચ્છન્દબુદ્ધિથી બહારથી ભોળું છતાં અંદરથી ઉદ્ધત રહે. [ કાલું રહે. ]

દેવો: માનવો: અને પંડિતો: સમજાવે, તો પણ મારું સાળું કોઇથી પણ સમજે જ નહીં.

કોઈ ઠેકાણે–"**સમજે ન મહા–રોસાળો.**" એવો પાઠ છે. તેનો અર્થ. એ મહારોષવાળો–મહા ક્રોધી–ઉપરના કોઇથીયે ન સમજે.

જ્યારે ભલભલાથી ન સમજે, તો પછી મારી વાત તો સાંભળે જ શાનું? પોતાની ઇચ્છામાં આવે, તેમ વર્તાવ કર્યા કરતું હોય છે. ૬

**૭. નપુંસક છતાં પણ મરદોને હઠાવે છેઃ—**

મેં જાણ્યુંઃ—" એ લિઙ્ગ ન–પુંસક."
સ–કલ–મરદને ઠેલે.
બીજી વાતે સમરથ છે નર.
એહને કોઇ ન ઝેલે. હો ! કુન્થુ૦ ૭

**લિઙ્ગ**=જાતિએ. **નપુંસક**=પુરુષ નહિં. સ્ત્રી નહિં. પણ ત્રીજી જાતિનું. **સ–કળ–મરદને**=સર્વ પુરુષોને. **ઠેલે**=હડસેલી દે. ધક્કેલી દે. **વાતે**=બાબતે. **સમરથ**=સમર્થ. શક્તિશાળી. **નર**=પુરુષ. **ઝેલે**=જીતે. ૭

શબ્દકોષમાં–મનઃ શબ્દ નપુંસક લિઙ્ગે જણાવેલ છે. તેથી, હું એમ સમજતો હતો, કે–" મન તો નપુંસક લિઙ્ગે છે, એટલે તેમાં માલ શો હશે ?" પરંતુ, તે તો મોટા મોટા દરેક પુરુષોને પણ ધક્કેલી દે છે.

—જો કે–પુરુષ બીજી ઘણી બાબતે સમર્થ છે, પરંતુ–મનને કોઈ જીતી શકતા નથી. ૭

**૮. મનને સાધવાથી બધી સાધના સફળ થાય છેઃ—**

"" મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું."
એહ વાત નહિં ખોટી.
એમ કહેઃ–" સાધ્યું " તે નવિ માનું.
" એક હિ વાત છે મોટી." હો ! કુન્થુ૦ ૮

**સાધ્યું**=વશ કર્યું. **હિ**=જ.

જગત્‌માં કહેવાય છે, કે–" મનને વશ કર્યું હોય, તેણે બધું યે વશ કરી લીધું હોય છે." એમ સમજવું. એ વાત ખોટી નથી.

પરંતુ, કોઇ કહે કેઃ–" મેં મારું મન વશ કરી લીધું છે." તો હું તે માની શકતો નથી. કારણ કે–" જગતમાં એ–એક જ–મનને વશ કરવાની વાત જ–મોટામાં મોટી બાબત છે."

૯. પ્રભુને પ્રાર્થના:—

" મનડું દુરા-ઽઽરાધ્ય તેં વશ આણ્યું."
તે આગમથી મતિ આણું.
આનન્દ-ઘન-પ્રભુ! માહરું આણો,
તો "સાચું." કરી જાણું. હો! કુન્થુ૦ ૯

**દુરા-ઽઽરાધ્ય**=મુશ્કેલીથી તાબે કરી શકાય તેવું. **વશ**=તાબે-તાબામાં. **આણ્યું**=લાવ્યું. લીધું. **આણું**=લાવું. **આણો**=લાવો. ૯

હે કુન્થુ-નાથ-જિનેશ્વર દેવ! "મુશ્કેલીથી તાબે કરી શકાય એવા મનને આપે તાબામાં લઇ લીધું છે." એ વાત હું આગમથી તો મારી બુદ્ધિમાં ઉતારી લઉં છું, સમજું છું.

પરંતુ, હે આનન્દ-ના ધનમય પ્રભો! મારા મનને તાબામાં લાવવા માટે મને સહાયક થાઓ, અને એ રીતે તેને તાબે લાવી આપો, તો "આપે મનને તાબે કર્યું છે." એ વાત સાચી હોવાની માની શકું. ૯

## રહસ્યાર્થ:

પહેલે ગુણસ્થાનકે રહેલો ચરમાવર્તિ: અથવા સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની ભૂમિકા સુધી આવેલો ભવ્ય જીવ: છેલ્લું **યથાપ્રવૃત્તિ કરણ: અપૂર્વકરણ:** અને **અનિવૃત્તિકરણ:** એ ત્રણ કરણ કરીને-**અંત:કરણ** કરે છે-અને તેના પહેલા સમયે ઉપશમ સમકિત પ્રાપ્ત કરે છે. ત્યાર પછી, સાતમા ગુણસ્થાનકના અંત પછી-ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓનો ઉપશમ કરવાની શરૂઆત કરે છે. એમ ઉપશમના કરતાં કરતાં ઠેઠ દશમા ગુણસ્થાનકના છેડા સુધી તમામ મોહનીય કર્મનો ઉપશમ થઇ જતાં જ ૧૧ મું ઉપ-શાન્તમોહ નામનું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. અંતર્મુહૂર્ત બાદ તે પૂરી થતાં જ તે અવસ્થા મિથ્યાત્વ મોહનીયકર્મની પ્રકૃતિઓનો ઉદય થતાંજ વિકાસની ભૂમિકાઓ ઉપરથી પતન થાય છે. આ પતન થવામાં મોહનીયકર્મનો ઉદય કારણભૂત છે. મોહનીય-કર્મનો ઉદય મન મારફત અસરકારક બને છે. માટે મન ઉપર તેનો ઉપચાર કરવામાં આવેલો છે. પતન અનુક્રમે થાય છે. અથવા-ક્રમ વિના પણ થાય, તો ૧૦-૯-૮-૭-થી ૬ ઠ્ઠે કે ૫ મે સ્થિર થાય. અથવા ૪ થે સ્થિર થાય. તથા ૨ જેથી ૧ લે પણ આવે.

# ૧૮. શ્રી-અર-નાથ-જિન-સ્તવન.

## સ્વ-સમય-રૂપ પરમ-ધર્મ: અનુભવ જ્ઞાનઃ તત્ત્વ-સંવેદન જ્ઞાનઃ ક્ષીણ-મોહ-છદ્મ-સ્થ-વીતરાગ-અવસ્થાઃ

ઉપશમ શ્રેણિ ઉપર ન ચડતાં, અથવા ઉપશમ શ્રેણિ ઉપર ચડ્યા પછી પણ-આત્માને પ્રબળ બનાવીને-ક્ષપક શ્રેણિ ઉપર ચડનાર આત્મા દશમે ગુણસ્થાનકેથી સીધો બારમે ગુણસ્થાનકે જાય છે. ત્યાં-**અનુભવ**જ્ઞાનની પરાકાષ્ઠા અનુભવે છે. આઠમે ગુણસ્થાનકેથી **ધર્મસંન્યાસ નામનો સામર્થ્ય યોગ** પ્રાપ્ત થતાં જ **અનુભવ જ્ઞાન**માં ભરતી આવવા લાગે છે. સાતમે અપ્રમત્ત ગુણસ્થાનકે-થી અનુભવજ્ઞાનની શરૂઆત થવા લાગે છે. અને હીંડોળા ખાટની માફક છઠ્ઠું-સતમું ગુણસ્થાનક ફરતું રહેવાથી તે આત્મા છઠ્ઠે પણ આવી જાય છે, ને અંતર્મુહૂર્તમાં સાતમે જાય છે. વળી, છઠ્ઠે જાય છે. અને તીવ્ર ભાવ થાય તો સાતમેથી ૮ મે ૯ મે-૧૦ જાય છે. ત્યાંથી ૧૧ મે કે બારમે ગુણસ્થાનકે પહોંચી જાય છે. **અનુભવ જ્ઞાનનું** બીજ ૪ થેથી, અને પ્રાગટ્યની શરૂઆત-૭ મેથી થાય છે. અને ૧૨ મા ગુણસ્થાનક સુધી રહે છે. પછી કેવળજ્ઞાન થાય છે. આ અનુભવજ્ઞાન અપ્રમત્ત અવસ્થામાં થાય છે, તેથી, તે વખતે આત્મા સ્વ-સ્વભાવમાં લીન થાય છે. તે વખતે-આત્માની તમામ પરપરિણતિઓ ગૌણ-તિરોહિત થતી જાય છે. કેવળ આત્મા જ ભાસે છે. ત્યારે આત્મા કેવી રીતે ભાસે છે? તેનું સ્વરૂપ આ સ્તવનમાં છે. એ રીતે આત્મામાં લીન થવું, તેનું નામ **સ્વ-સમય-સ્થિતિ** કહેવાય છે. અને **સ્વ-શમયમાં સ્થિત** આત્મા જે થોડાજ વખતમાં સાધી શકે છે, તે કરોડો વર્ષોના તપથી પણ સાધી શકાતું નથી. એટલી તેની તીવ્રતા હોય છે. કેમકે-ઉત્કટ **ધર્મધ્યાનઃ** અને **શુક્લધ્યાન**ના બે પાયાથી ધ્યાન પણ આ અવસ્થામાં થાય છે.

**सन्ध्येव दिन-रात्रिभ्यां केवल-श्रुतयोः पृथक् ।**
**बुधैरऽनुभवो दृष्टः केवला-ऽर्का-ऽरुणोदयः ॥ १ ॥**

**ज्ञानसारे-२६.**

**અર્થ:**—"દિવસઃ અને રાત્રિઃની વચમાં જેમ સંધ્યા હોય છે, તે પ્રમાણે કેવળજ્ઞાનઃ અને શ્રુતજ્ઞાનઃની વચમાં-કેવળજ્ઞાન રૂપી સૂર્યના ઉગવા પહેલાં-અરુણના ઉદય જેવું **અનુભવજ્ઞાનને** જ્ઞાનીપુરુષોએ જોયું છે-જાણ્યું છે. ૨૬-૧.

**રાગ: પરજ:** તથા **મારુ:** "**ઋષભ**નો વંશ રયણા–ડડયરુ."–એ **દેશી.**

**૧ પરમ ધર્મ સમજવાની તીવ્ર જિજ્ઞાસા:**

ધરમ પરમ અર–નાથનો
કેમ જાણું ભગવન્ત !? રે
સ્વ–પર–સમય સમજાવિયે
મહિમાવંત – મહન્ત !. રે ધર૦ ૧

**પરમ**=ઉત્કૃષ્ટ. **સ્વ--પર–સમય=સ્વ સમય:** અને **પરસમય:** કેવળજ્ઞાન પામ્યા પહેલાં નિર્વિકલ્પ ધ્યાનસ્થ આત્માની સ્થિરાવસ્થા, તે **સ્વસમય.** તે શિવાયની અવસ્થા, તે **પર–સમય. મહિમાવન્ત–મહન્ત**=મહીમાવાળા મહાપુરુષ ! ૧

હે મહિમાવંત મહાપુરુષ ! ભગવંત ! **અરનાથ** પ્રભો ! આપનો પરમ–મહાધર્મ કઇ રીતે જાણી શકાય ? સ્વસમય અને પરસમયની અપેક્ષાઓને સમજાવવા આપ કૃપા કરશોજી.

અથવા મહિમાવાળો આપનો મહા પરમ ધર્મ સમજાવશોજી !. ૧

**પરમ–ધરમ–અરનાથ**–એ શબ્દોમાં **અર** શબ્દોની આવૃત્તિ થવાથી–વારંવાર આવવાથી–અનુપ્રાસ નામે શબ્દાલંકાર ઠીક મળે છે.

**૨ સ્વ–સમય: અને પર–સમય: ની વ્યાખ્યા:—**

શુદ્ધા–ડડ તમ – અનુભવ સદા :
સ્વ–સમય એહ વિલાસ. રે–
પર–પડિછાંયડી જે પડે,
તે પર–સમય નિવાસ. રે. ધ૦ ૨

**શુદ્ધા – ડડતમ – અનુભવ**=મુખ્યતા પર્યાયાર્થિકનયની ગૌણતા રાખીને દ્રવ્યાર્થિકનયની મુખ્યતાએ શુદ્ધ આત્માનો અનુભવ: **સદા**=હંમેશનો. **સ્વ-સમય**=પોતાના સમયનો–પોતાના આત્માનો.

**સમય**=આત્મા. **વિલાસ**=વિસ્તાર. ખુબી. સ્વરૂપ. **પર**=બીજું. **પડિછાંયડી**=પ્રતિછાયા–પડછાંયો. **પર–પડિછાંયડી**=બીજાનો પડછાંયો. **પર–સમય–નિવાસ**=બીજા–આત્મા: અન્ય દ્રવ્યો: સ્વ–પરપર્યાયો–ગુણો. વિગેરેપદાર્થનું સ્થાનક. **નિવાસ**–સ્થાનક. ૨

શુદ્ધ આત્માનો હમેશાં માટેનો જે સાક્ષાત્ અનુભવ: તે–**સ્વ-સમય.** તે સ્વાત્માનો–પોતાનો વિલાસ છે.

અને પરની–અન્ય આત્માની: બીજા દ્રવ્યોની: દ્રવ્ય શિવાયના બીજા એવા ગુણો કે પર્યાયની–પ્રતિછાયા–પડછાંયો જે પડે, તે **પર–સમયનું** સ્થાનક છે.

**શબ્દના અર્થ**:–૧ **સમય:** એટલે નિર્વિભાજ્ય કાળનો એક સૂક્ષ્મ વિભાગ. ૨ **સમય:** એટલે અવસર–પ્રસંગ. ૩ **સમય:** એટલે શાસ્ત્ર. ૪ **સમય**–કોઈપણ દ્રવ્યાત્મા. ૫ અહીં છ દ્રવ્યાત્માઓમાંથી ચેતનાત્મક દ્રવ્યાત્મા. સ્વ–આત્મ–દ્રવ્ય. અહીં તેનો અધિકાર સમજવાનો છે. કારણકે–શુદ્ધ આત્મ અનુભવ રૂપ–આધ્યાત્મિક વિકાસ રૂપ મહા ધર્મનો સંભવ: તે આત્માને વિષે જ ઘટે છે. તેનીજ વિચારણા આત્માર્થિઓ માટે આવશ્યક છે. નહીંતર વિચારણા કરવાની આવશ્યકતા જ શી ? ૬. શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી વિચારણા: તે શુદ્ધ સમય: તે જ **સ્વ–સમય:**. પરદ્રવ્યની: કે–પર્યાયાર્થિક નયની દૃષ્ટિથી: વિચારણા: તે **પર–સમય:** સમજવો. ૨

**૨ પર્યાયાર્થિક નયની દૃષ્ટિથી ભાસમાન થતાં પર્યાયોનો દ્રવ્યમાં અભેદ:—**

**તારા : નક્ષત્ર : ગ્રહ : ચંદ્ર : ની**
**જ્યોતિ દીનેશ મોઝાર. રે**
**દર્શન : જ્ઞાન : ચરણ : થકી**
**શક્તિ નિજા–ऽऽત્મ–ધાર. રે.** ધ૦ ૩

**તારા**=તારાઓ. **નક્ષત્ર**:=અશ્વિની વિગેરે નક્ષત્રો. **ગ્રહ**=મંગળઃ બુધઃ વિગેરે ગ્રહો. **ચંદ**=ચંદ્રમા. **જ્યોતિ**=પ્રકાશ. **દીનેશ**=સૂર્ય. **મોઝાર**=માં. **દર્શન**=સમ્યગ્દર્શન. **જ્ઞાન**=સમ્યગ્જ્ઞાનઃ **ચરણ**=સમ્યક્ચારિત્ર. **થકી**=થી. **દર્શન-જ્ઞાન-ચરણથકી**=દર્શનઃ જ્ઞાનઃ અને ચારિત્રઃ થી. **શક્તિ**=શક્તિ રૂપે. **નિજા-ऽऽત્મ**=પોતાના આત્માને. **ધાર**=ધારો-સમજો-ધારવો. 3

જેમ તારાઃ નક્ષત્રઃ ગ્રહઃ અને ચંદ્રમાઃ વિગેરેનો પ્રકાશ સૂર્યની અંદર સમાવેશ પામી જાય છે. તે પ્રમાણે—

દર્શનઃ જ્ઞાનઃ અને ચારિત્રઃ રૂપ પર્યાયો મારફત શક્તિરૂપ પોતાના આત્માને જ સમજો.

લોકમાં એવી પ્રસિદ્ધિ છે, કે-" તારાઃ નક્ષત્રઃ ગ્રહઃ ચંદ્રઃ વિગેરે પ્રકાશવાળા દરેક પદાર્થોમાં-સૂર્યનો જ પ્રકાશ સંક્રમે છે. અને જ્યારે સૂર્ય પ્રકાશમાન હોય છે, ત્યારે એ સર્વનો પ્રકાશ સૂર્યમાં સમાઇ જાય છે.

તે પ્રમાણે-આત્મ-દ્રવ્યના દર્શનાદિક પર્યાયો આત્માના છે. માટે દ્રવ્યાર્થિક દૃષ્ટિથી અથવા **પરમનિશ્ચય નય**ની દૃષ્ટિથીઃ તે સર્વ આત્મા જ છે. કેમકે-સર્વમય એક આત્મા જ ભાસમાન થાય છે.

**શક્તિ**-એટલે દ્રવ્ય. **વ્યક્તિ** એટલે વિગત=પર્યાય. એટલે કે-" દર્શનાદિક પર્યાયોનો-વ્યક્તિઓનો-પોતાનો આત્મા જ શક્તિ છે." એમ સમજો.

**શક્તિ**-એટલે જેમાંથી વ્યક્તિઓ થાય, તે-દ્રવ્ય. 3

**3 પર્યાયની ગૌણતા કરવાનું બીજું દૃષ્ટાંતઃ—**

**ભારી : પીળો : ચીકણો :**
**કનક અનેક-તરઙ્ગ. રે**
**પર્યાય-દૃષ્ટિ ન દીજીએ.**
**એક જ કનક અ-ભઙ્ગ. રે.** ધ૦ ૪

**ભારી**=ભારે. **પીળો**=પીળા રંગનો. **ચીકણો**=જલ્દી ન તુટે તેવો. **કનક**=સોનું. **અનેક-તરઙ્ગ**=અનેક સ્વરૂપવાળું. **પર્યાય-દૃષ્ટિ**=પર્યાયાર્થિક નયની દૃષ્ટિ. **અ-ભઙ્ગ**=અખંડ. અભેદરૂપ. ૪

જેમ-સોનું-ભારે છે. પીળું છે. ચીકણું છે. એમ અનેક સ્વરૂપે જણાઈ આવે છે.

પરંતુ પર્યાયાર્થિક દૃષ્ટિ ગૌણ કરી નાંખીએ-તે દૃષ્ટિનો ઉપયોગ ન કરીયે, તો તે જ સોનું અભેદરૂપે-એક જ સ્વરૂપે જણાય છે.

કોઇપણ પદાર્થ સમજવામાં-દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિ મુખ્ય રાખીયે, તો તેના પર્યાયોની દૃષ્ટિ ગૌણ રહી જાય છે. તેથી પર્યાયો પણ દ્રવ્યજ ગણાય છે.

એજ પ્રમાણે-પર્યાયાર્થિક દૃષ્ટિની મુખ્યતાથી જોઇએ, તો દ્રવ્ય ગૌણ પડી જઈને દ્રવ્ય ભાસતું જ નથી. માત્ર પર્યાયો જ ભાસે છે. તેથી દ્રવ્યત્વ-દ્રવ્યપણું પણ પદાર્થોનો એક જાતનો પર્યાયજ જણાય છે.

કુંભાર ઘડાઃ કોઠીઃ કોડીયાઃ વિગેરે બનાવવા માટે જંગલમાં માટી લેવા જાય છે, ત્યારે-ઘડાઃ કોઠીઃ વિગેરેને તે માટીમાંજ જુવે છે. માટીજ તેના ખ્યાલમાં રમતી હોય છે. પરંતુ કુંભારને ત્યાં-ઘડાઃ વિગેરે વાસણ લેવા જનાર વાસણો જ જુવે છે. માટી તેના ધ્યાનમાં આવતી નથી. તેથી કુંભારની દ્રવ્યાર્થિક દૃષ્ટિ છે. ગ્રાહકની દૃષ્ટિ પર્યાયાર્થિક છે.

સોનાના વેપારીની સોના વિષે દ્રવ્યાર્થિક દૃષ્ટિ છે. અને દાગીના ઘડનાર સોનીઃ કે દાગીના પહેરનાર સ્ત્રીનીઃ દૃષ્ટિમાં દાગીના મુખ્ય હોવાથી પર્યાયાર્થિક દૃષ્ટિ હોય છે.

આ પ્રમાણે જગતમાં-બન્નેય નયની દૃષ્ટિથી વ્યવહાર ચાલે છે.

દ્રવ્યાર્થિક દૃષ્ટિને-સામાન્યઃ શક્તિઃ દ્રવ્યઃ અભેદઃ શબ્દથી સમજાવાય છે. ત્યારે પર્યાયાર્થિક દૃષ્ટિને વિશેષઃ વ્યક્તિઃ સ્વભાવઃ ધર્મઃ ગુણઃ પર્યાયઃ ભેદઃ વિગેરે શબ્દથી સમજાવાય છે.

ભારઃ પીળાપણું: ચીકણાપણું: વિગેરે સોના કરતાં જુદી વસ્તુ નથી. કોઈ સોનું લઈ જાય, તો તેમની સાથેજ તેના તે ગુણો જાય છે. તે સોના વિષેનો સ્વસમય છે. હવે, સોનાના તોલ, ગુણ, તથા બીજા સાથે ગુણોની સરખામણી કરતી વખતે સોનું ગૌણ રહે છે. પણ-સોનાના ગુણો મુખ્યપણે ધ્યાનમાં લેવામાં આવે છે. એટલે પર્યાયો મુખ્યપણે ધ્યાનમાં લેવા પડે છે. પર્યાયાર્થિક દૃષ્ટિની મુખ્યતા વખતે દ્રવ્યાર્થિક દૃષ્ટિ ગૌણ હોય છે. પરંતુ, ઉપચારથી ગૌણપણે તેમાં દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિ પણ હોય છે. એજ પ્રમાણે દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિ વખતે પણ ગૌણપણે ઉપચારથી પર્યાયાર્થિક નયની દૃષ્ટિ હોય છે. જો તેમ ન હોય, તો તે બન્નેય નયો એકાન્ત થવાથી નયાભાસ બની જાય છે ને ખોટા ઠરે છે. એક નયમાં ગૌણપણે બીજો નય ઉપચારથી હોયજ છે. ત્યારેજ નયની સાપેક્ષતા જન્મે છે, ટકે છે. અને તે સુનય બને છે. નહીંતર તે નયાભાસ-કુનય-દુર્નય બની જાય છે. ૪

**૫ આત્મામાં દ્રવ્યાર્થિક દૃષ્ટિનો પ્રસંગઃ**

**દર્શનઃ જ્ઞાનઃ ચરણઃ થકી**
**અ-લખ-સ્વ-રૂપ અનેક. રે—**
**નિર્વિકલ્પ-રસ પીજિયે,**
**શુદ્ધઃ નિર-ઙ્ગ-જનઃ એકઃ રે** ધ્૦ ૫

**અ-લખ**=અ-લક્ષ્ય. આત્મદ્રવ્ય. પર્યાયાર્થિક દૃષ્ટિની ગૌણતાથી દ્રવ્યાર્થિક નયની મુખ્યતાએ જોતાં આત્મ-દ્રવ્ય. **અલખ. અલક્ષ્ય. -સ્વ-રૂપ**=સ્વરૂપે. **અનેક**=ઘણા. **નિર્વિકલ્પ**-વિકલ્પ-રહિતઃ ભેદરહિતઃ પર્યાયરહિતઃ નિર્વિકલ્પ ધ્યાન હોય છે. જેમાં-કેવળ આત્મદ્રવ્યનું જ ધ્યાન મુખ્યતાએ થાય છે. **નિર્વિકલ્પ-રસ**=નિર્વિકલ્પ ધ્યાનરૂપી રસ-આનંદ. **પીજીએ**=પીઇએ. પીવાતો હોય. મણાતો હોય. **શુદ્ધ**=પર્યાય વિનાનું આત્મદ્રવ્ય. **નિર-ઙ-**

ન-જન=મેલ રહિત. અન-જન=મેલ-કર્મ. અહીં નિરંજનપણું. એટલે કોઇપણ જાતના પર્યાયનો ભાસ ન થવો, તે. એક= એકજ.

૫

આત્મા-એકઃ અલક્ષ્યઃ સ્વરૂપે છતાં-દર્શનઃ જ્ઞાનઃ ચારિત્રઃ વિગેરેથી અનેક સ્વરૂપે ભાસે છે.

અને જ્યારે-એકલા દ્રવ્યનું જ ધ્યાન ધરવાનું હોય છે-એક નિર્વિકલ્પ ધ્યાનનો અમૃત રસ પીવાનો હોય છે-તેનો આનંદ મણાતો હોય છે-ત્યારે-તે આત્મા-એક રૂપેઃ શુદ્ધ રૂપેઃ અને નિરંજન રૂપેઃ જ ભાસે છે.

निर्वितर्क-विचारा-ऽऽनन्दा-ऽस्मिता-निर्भासस्तु पर्याय-विनिर्मुक्त-शुद्ध-द्रव्य-ध्यानाऽभिप्रायेण व्याख्येयः।

**અર્થ**:—નિર્વિતર્કઃ વિચારઃ આનન્દઃ અને અસ્મિતાઃ રૂપ નિર્ભાસની વ્યાખ્યા પર્યાયરહિતપણે શુદ્ધ દ્રવ્યનું ધ્યાન કરવામાં આવે છે, તે અવસ્થાની અપેક્ષાએ ઘટાવવી.

**ઉપાધ્યાયજી મહારાજનું પાતઞ્જલ યોગ દર્શન ઉપરનું ટીપ્પણ.**

નિર્વિકલ્પ ધ્યાનમાં-શુક્લધ્યાનના બીજા પાયામાં એક સ્વાત્મ દ્રવ્યનું-પર્યાય વિનાનું-શુદ્ધ ધ્યાન થાય છે. અર્થાત્-તે વખતે નિશ્ચયનયની મુખ્યતાએ આત્મદ્રવ્યનું ધ્યાન હોય છે.

માટે તે સ્વ-સમય નિષ્ઠા છે. અને તે અવસ્થામાં-દ્રવ્યાર્થિક પ્રધાન શુદ્ધ નિશ્ચયનયની મુખ્યતા હોય છે. તે પહેલાની અવસ્થામાં પર્યાય નય મુખ્ય હોય છે. તેથી, વ્યવહાર નયની મુખ્યતા હોય છે.

આત્મા જેમ જેમ વિકાસની ભૂમિકાઓ ઉપર ચડતો જાય છે, તેમ તેમ તે નિશ્ચય નયપ્રધાન-આત્મા તરફ સ્વ-દ્રવ્ય સ્વરૂપ તરફ-ઢળતો જાય છે. એ અપેક્ષાએ નિશ્ચયનયને ભૂતાર્થ કહેવામાં આવેલો છે. અને વ્યવહારનયને-તે વખતે ભાસતી અવસ્થાઓને-અભૂતાર્થ કહેવામાં આવે છે.

કારણકે—વ્યવહારનયની દૃષ્ટિથી થતા આત્માનુભવ વખતે આત્માના બાહ્ય સ્વરૂપોનો અનુભવ થાય છે. તે વખતે તે ભૂતાર્થ હોય છે. અને તે ગૌણ થઈને—જ્યારે નિર્વિકલ્પ દશાનો અનુભવ થવા લાગે છે, તે અવસ્થામાં—નિશ્ચયનય ભૂતાર્થ હોય છે. અને વ્યવહાર નય અભૂતાર્થ હોય છે.

વાસ્તવિક રીતે—દ્રવ્યાર્થિક નયઃ અને પર્યાર્થિક નયઃ એ બન્નેય, અથવા નિશ્ચયનયઃ અને વ્યવહારનયઃ એ બન્નેય, પરમાર્થ રૂપ—**પ્રમાણ**માં અંતર્ગત થાય છે. એક અપેક્ષાએ "સર્વનયમય—નિશ્ચય નય છે." એમ કહેલ છે. તે અપેક્ષાએ પણ નિશ્ચયનય ભૂતાર્થ છે. યવહારનય અભૂતાર્થ છે. પરંતુ, વ્યવહાર સર્વથા અભૂતાર્થ નથી. સર્વથા અભૂતાર્થ માનવામાં મિથ્યાત્વ આવે છે.

છતાં—એ નિર્વિકલ્પ ધ્યાનની અનુભવ દશામાં નિશ્ચયનય પરમાર્થ પંથ ગણાય છે. અને વ્યવહારનય તે વખતે જરૂરી ભાસતો નથી હોતો.

**शुद्धोपयोग—रूपस्तु निर्विकल्पस्तदेक—दृक् ॥**

**અર્થ**:—નિર્વિકલ્પ અનુભવ શુદ્ધોપયોગરૂપ હોય છે અને તે એક અભેદ-દૃષ્ટિરૂપ હોય છે. ૫

**૬ પરમાર્થ—નિશ્ચય—દૃષ્ટિઃ અને વ્યવહારિક દૃષ્ટિઃની ભિન્નતાઃ—**

**પરમા—ऽરથ — પન્થ જે કહે,**
**તે રઞ્જે એક—તન્ત. રે**
**વ્યવહારે લખ જે રહે,**
**તેહના ભેદ અન—ऽન્ત. રે ધ્ર૦ ૬**

**પરમા—ऽરથ—પન્થ**=નિશ્ચયનયની દૃષ્ટિરૂપ માર્ગ. **રઞ્જે**=રાજી થાય. પ્રસન્ન થાય. **વ્યવહારે**=વ્યવહારનયની દૃષ્ટિથી—અપરમાર્થ—માર્ગથી. **લખ**—લક્ષ્ય રૂપ આત્મા. તેમાં—તે વિષે. ૬

જેઓ પરમાર્થ—માર્ગનું પ્રતિપાદન કરનારા હોય છે, તેઓ એક તંત્રથી આત્માની અભેદતાથી—એકતાથી—પ્રસન્ન થાય છે. તેમને

તેમાંજ આનન્દ હોય છે. તેજ તેને ઠીક લાગે છે. બીજું નકામું લાગે છે. પરંતુ–જેઓ વ્યવહારનયની દૃષ્ટિથી--લક્ષ્ય—આત્મા વિષે–રહેતા હોય છે–રમણતા કરતા હોય છે, તેની દૃષ્ટિમાં–આત્માના અનન્ત પર્યાયોની અપેક્ષાએ અનન્ત ભેદો ભાસે છે, અને તેમને એ ઠીક લાગે છે. કારણ કે–તે વખતે તેમની સાધક દશા તેને યોગ્ય હોય છે. વાસ્તવિક રીતે–આત્મા એક રૂપ પણ છે, અને અનન્ત રૂપ પણ છે. પરંતુ, પરમાર્થ દૃષ્ટિ ઉપર રહેલા તેને એક રૂપે જુવે છે. અને–વ્યવહાર દૃષ્ટિ ઉપર રહેલા અનન્ત સ્વરૂપે જુવે છે. કેમકે–એક બીજાની દૃષ્ટિમાં એક બીજો નય ગૌણ હોય છે. ઉચ્ચતર ભૂમિકા ઉપર ચડેલા જીવોનો વિકાસક્રમ પરમ નિશ્ચયનયની મુખ્યતાએ આગળ વધતો હોય છે.

**ये पर्यायेषु निरतास्ते ह्यऽन्य–समय–स्थिताः ।**
**आत्म–स्व–भाव–निष्ठानां ध्रुवा स्व–समय–स्थितिः ॥२६॥**

**अध्यात्मोपनिषद्—ज्ञान–योग–शुद्धि–अधिकारे.**

**અર્થ**—જેઓ પર્યાયમાં આસક્ત છે, તેઓ **પર સમયમાં** રહેલા છે. અને જેઓ આત્માના સ્વભાવમાં લીન છે, તેઓની **સ્વસમયમાંજ** નિશ્ચળતા-પૂર્વક સ્થિરતા હોય છે.

**इति शुद्ध–नया–ऽऽत्तमेकत्वं प्राप्तमाऽऽत्मनि ।**
**अंशा–ऽऽदि–कल्पनाऽप्यऽस्य नष्टा यत्पूर्णवादिनः ॥३१॥**
**एक आत्मेति सूत्रस्याऽप्यऽयमेवाऽऽशयो मतः ।**

**अध्यात्मसार–आत्मनिश्चयाधिकारे.**

**અર્થઃ**—"એ પ્રમાણે આત્મામાં શુદ્ધનયને આધિનપણે એકપણું પ્રાપ્ત થાય છે. કેમકે–પૂર્ણવાદીઓ–પરમાર્થવાદીઓ–આત્માના અંશો–પર્યાયોની કલ્પના કરતા નથી. [પર્યાયો જેટલા જાણે, તેટલાથી પૂર્ણદ્રવ્ય જણાતું નથી. માત્ર અંશો જ જણાય છે.] **શ્રી ઠાણાંગાદિક આગમ સૂત્રોમાં–"एगे आया"**–"એક આત્મા." એ જાતનો જે પાઠ છે. તેનો આશય પણ–આજ સમજવાનો છે."

આ પ્રમાણે નિશ્ચયનયઃ અને વ્યવહાર નયઃની ઉપયોગિતા પાત્રભેદે જુદી જુદી સમજવી. ૬

**૭ નિશ્ચય નયઃ અને વ્યવહાર નયઃ ના લાભાલાભઃ**

**વ્યવહારે લખ દોહિલો.**
**કાંઈ ના-ऽऽવે હાથ. રે**
**શુદ્ધ-નય-થાપના સેવતાં**
**નવિ રહે દુ-વિધા-સાથ.રે** **ધર્મ૦ ૭**

**વ્યવહારે**=વ્યવહાર નયને જ આધારે રહેવાથી. **લખ**=લક્ષ્ય-આત્મા. **દોહિલો**=દુર્લભ છે. **નાऽऽવે**=ન આવે. **હાથ**=હાથમાં. પરિણામમાં. **શુદ્ધ-નય-થાપના**=શુદ્ધ નયની અપેક્ષાએ કરવામાં આવેલી મોક્ષમાર્ગની વ્યવસ્થા. **સેવતાં**=આદર કરતાં-તે પ્રમાણે વર્તન કરતાં. **દુ-વિધા-સાથ**=દ્વૈવિધ્યનો સાથઃ દ્વૈતપણુંઃ બેપણાનો સાથઃ અર્થાત્ ભેદબુદ્ધિ. ૭

માત્ર **વ્યવહારનયને** આધારે રહેવાથી લક્ષ્યને-આત્માને પૂર્ણ રીતે સાધવો મુશ્કેલ છે. તેનાથી કાંઈપણ ખરી વસ્તુ હાથમાં આવી શકતી નથી.

પરંતુ, તેની ભૂમિકા પસાર કર્યા બાદ, જ્યારે શુદ્ધનયની અપેક્ષાએ મોક્ષમાર્ગની જે વ્યવસ્થા છે. તેનો આદર કરવામાં આવે છે, તો દ્વૈત-પણું-ભેદપણું-રહેતું જ નથી. અદ્વૈતપણાનો-એકતાનો અનુભવ થાય છે. અને મોક્ષની નિકટ જલ્દી જવાય છે.

**हरिरऽपर-नयानां गर्जितैः कुञ्जराणां**
**सह-ज-विपिन-सुप्तो निश्चयो नो बिभेति ।**
**अपि तु भवति लीलोज्जृम्भि-जृम्भोन्मुखेऽस्मिन्**
**गलित-मद-भरास्ते नोच्छ्वसन्त्येव भीताः ॥६३॥**

**अध्यात्मोपनिषद्-२**

**અર્થ**:—બીજા નયોરૂપી હાથીઓના ગર્જારવથી-સહજ ભાવરૂપી જંગલમાં સુતેલો **નિશ્ચયનય રૂપી સિંહ** લેશમાત્ર ભય પામતો નથી. પરંતુ, તે **નિશ્ચય-નય રૂપી સિંહ** જ્યારે બગાસું ખાતી વખતે પોતાનું મોઢું સહજ લીલા

માત્રથી ખુલ્લું કરે છે, ત્યારે પણ મદ ગળી જવાથી ભયભીત થયેલા નયોરૂપી હાથીઓ શ્વાસ લેવાનીયે શક્તિ ધરાવતા નથી હોતા." ૬૩

**૮ એકપક્ષીય-લક્ષ્ય-પ્રીતિ નભાવવાની પ્રાર્થના:**

**એક-પખી લખ પ્રીતની**
**તુમ સાથે જગ-નાથ ! રે**
**કૃપા કરીને રાખજો**
**ચરણ-તલે ગ્રહી હાથ. રે ધ૦ ૮**

**એક-પક્ષી**=એકતરફી: એક પક્ષની. **લખ**=લક્ષ્ય. **પ્રીતની**=પ્રીતિની. **જગ-નાથ**=જગન્નાથ ! જગત્પતિ ! **ચરણ-તલે**=ચરણની નીચે. **ગ્રહી**=પકડી.

હે જગન્નાથ પ્રભો ! આપની સાથેની હાલમાં મારી પ્રીતિનું લક્ષ્ય એકપક્ષીય છે, એકતરફી છે. **વ્યવહાર નય** પૂરતું જ છે. તો પણ-આપ કૃપા કરીને મારો હાથ પકડીને આપના ચરણમાં જ રાખજો-મને ત્યાંથી ખસવા દેશો નહીં.

હું હજી સિદ્ધ દશામાં આવ્યો નથી. પરંતુ સાધક દશામાં છું. તેમાંથી પણ મારું પતન ન થાય. માટે મારો હાથ પકડીને અને આપના ચરણ તળે રાખવાની કૃપા કરશો. જેથી ભવિષ્યમાં હું પરમાર્થ પ્રાપ્ત કરી શકું. ૮

**૯ પરમાત્માની સેવાનું ફળ:—**

**ચક્રી ધરમ – તીરથતણો.**
**તીરથ – ફલ તત્ત – સાર. રે**
**તીરથ સેવે, તે લહે—**
**આનન્દ-ઘન નિરધાર. રે ધ૦ ૯**

**ચક્રી**=ચક્રવર્તિ. **ધરમ-તીરથતણો**=ધર્મ-તીર્થના. **તીરથ-ફલ**=તીર્થના અસ્તિત્વનું ફળ. તીર્થની સ્થાપનાનું ફળ. **તત્ત-સાર**=તત્ત્વરૂપ સાર. **આનન્દ-ઘન**=આત્માના એકત્વનો અનુભવ રૂપ આનન્દનો ઘન. **નિરધાર**=ચોક્કસ. **લહે**=પામે છે. મેળવે છે. ૯

આપ રાજ રાજેશ્વર ચક્રવર્તિ હોવા ઉપરાંત ધર્મ તીર્થના પણ ચક્રવર્તિ હતા. આપનો સ્વસમય રૂપ પરમ ધર્મની પ્રાપ્તિ કરાવવા માટે આપે ધર્મ સ્થાપી, તેના ચક્રવર્તિ બન્યા હતા. આપના તીર્થના અસ્તિત્વનું જગત્માં ફળ=સારભૂત ઉત્તમ તત્ત્વનું જગત્માં અસ્તિત્વ ઉત્પન્ન થાય છે, તે છે. હેયઃ ઉપાદેયઃ અને ઉપેક્ષ્યઃ નો ત્યાગઃ સ્વીકારઃ અને મહાઉપેક્ષાઃ રૂપ તત્ત્વ–સાર–નિપજે છે.

તેથી, જેઓ તીર્થની–જૈન શાસનની–સેવા કરે છે, અને તેમ કરીને તેની મારફત સારભૂત તત્ત્વ પ્રાપ્ત કરે છે, તેઓ ચોક્કસ **આનન્દ–ઘન**–આત્મૈકતા–ઽ–ભેદાનુભવ રૂપ–આનન્દનો ઘન પ્રાપ્ત કરે છે.

**૧૬ મા શ્રી શાન્તિનાથ પ્રભુઃ ૧૭ મા શ્રી કુન્થુનાથ પ્રભુઃ અને ૧૮ મા શ્રી અરનાથ પ્રભુઃ** એ ત્રણેય તીર્થંકરો હોવા ઉપરાંત, ભારત વર્ષના ચક્રવર્તિ રાજાઓ પણ હતા.

તેથી–આપ ચક્રવર્તિ હોવા ઉપરાંત ધર્મ–તીર્થના પણ ચક્રવર્તિ હતા. **धम्म–तित्थ–यरे**=ધર્મ–તીર્થના કરનાર–સ્થાપનારાઃ [ લોગસ્સ–સૂત્ર ૧ ] તથા **धम्म-वर–चाउरंत–चक्क–वट्टीणं**=ધર્મ–વર–ચાતુરન્ત – ચક્રવર્તિઓને. ધર્મના ચારેય દિશાના ચક્રવર્તિ. એવા અરિહંત ભગવંતોને. નમસ્કાર હો. [ **नमुत्थुणं–शक्रस्तव–सूत्र** ] તીર્થના સ્થાપક તીર્થંકર ભગવંતોને ધર્મ ચક્રવર્તિ પણ કહેવામાં આવેલા છે. આ ઉપરથી જ્યાં સુધી તથા–પ્રકારની ભૂમિકા પ્રાપ્ત ન થઈ હોય ત્યાં સુધી–જૈન શાસનની સેવા એજ મુખ્ય આલંબન છે. તેથી નિરપેક્ષપણે ગમે તેટલી સાધના કરવામાં આવે, છતાં તત્ત્વ પ્રાપ્ત થતું નથી. ઉલટામાં–વિપરીત ભાવો પ્રાપ્ત થઈ–મિથ્યા–દર્શન મોહનીય કર્મનો બંધ થાય છે. ખુદ તીર્થંકર ભગવંતો પણ પોતાના કલ્પને અનુસરીને તીર્થસાપેક્ષ રીતે વર્તે છે. તીર્થસાપેક્ષપણે સર્વ પ્રકારના પાત્રોને જૈન શાસનમાં–તીર્થમાં–સ્થાન હોય છે. જુદો મત સંપ્રદાય કાઢવો, એ પણ તીર્થની મહા આશાતના છે. જુદો મત કાઢવાની કોઇનેય આવશ્યકતા નથી હોતી.

## રહસ્યાર્થ.

**નિશ્ચય નય:** અને **વ્યવહાર નય:**-નયથી સિદ્ધ આત્મધર્મોનો વિચાર બે રીતે કરવાનો હોય છે. એક-જ્ઞાનદૃષ્ટિથી: બીજો ચારિત્રની દૃષ્ટિથી. કેમકે-**જ્ઞાનદૃષ્ટિ** માત્ર વસ્તુનું જ્ઞાન કરાવવામાં પ્રધાન હોય છે. અને **ચારિત્રદૃષ્ટિ** આચરણા પ્રધાન હોય છે. કોઇ જીવના કેટલાક કર્મો જ્ઞાનના બળથી તુટે તેવા હોય છે, ત્યારે કેટલાક કર્મો આચરણા કરવાથી-તપ કરવાથી-તુટે તેવા હોય છે. એટલે તેવા કર્મો તોડવા માટે આચરણા-કરવી જ પડી. અને તે ક્રમસર થઇ શકે છે. પ્રાથમિક ક્રમ **વ્યવહાર નય સિદ્ધ આચરણાનો** આવે છે, અને પછી **નિશ્ચય નય સિદ્ધ આચરણાનો** આવે છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન-નિર્વિકલ્પ ધ્યાન-અસંગધ્યાન-સમતા ભાવની પ્રાપ્તિ-પરાકાષ્ઠાએ પહોંચેલો ચિદાકારમય આત્માનો અનુભવ વિગેરેનો તેમાં સમાવેશ થાય છે. તે સ્થિતિમાં-વ્યવહાર નયની ક્રિયા છોડવાની હોય છે, તેને **ધર્મ સન્યાસ સામર્થ્ય યોગ** કહેવામાં આવે છે. અને તે આઠમા **અપૂર્વકરણ** ગુણસ્થાનકેથી પ્રાપ્ત થાય છે.

આથી કરીને કોઇ પણ જીવ-વ્યવહાર માર્ગે અનુક્રમે આગળ વધી શકે છે. કેમકે-તે જીવની તથાભવ્યતા તે જાતની હોય છે. અને કોઇ જીવની અનાદિકાલીન તથાભવ્યતા એવી હોય છે, કે-વ્યવહાર નય સિદ્ધ માર્ગમાં તેને બહુજ થોડા ચાલવું પડે, અને સીધા નિશ્ચય નય સિદ્ધ માર્ગ ઉપર ચાલી શકે, અને તુરત મોક્ષમાં જાય. જેમકે-**મરુદેવા માતા.**

**ભરતચક્રવર્તિ** આદિએ તો પૂર્વભવમાં સર્વવિરતિ ચારિત્રનું આરાધન કરેલું હતું. એટલે તેએ તો-વ્યવહાર માર્ગમાં પસાર થતા થતા નિશ્ચયસિદ્ધ આચરણાના માર્ગમાં આવીને કેવળજ્ઞાન પામી શકયા છે.

પરંતુ એકદમ વચલી ભૂમિકા પસાર કર્યા વિના સીધા નિશ્ચયનયસિદ્ધ ભૂમિકા ઉપર આવી ચડનારા જીવો ઘણાજ અલ્પ હોય

છે. મોટી સંખ્યાના જીવોની તથાભવ્યતા ક્રમે ક્રમે ચડવાની હોય છે. તેથી **અપુનર્બંધક ભાવની** અવસ્થાથી માંડીને ઠેઠ સર્વ-વિરતિ સુધીની અવસ્થા સુધીમાં પસાર થનારા ઘણા જીવો હોય છે. તેને સંસારમાં ફસાવનારી ઘણી ઘણી બાબતો મોહ રાજાએ જગત્માં ફેલાવેલી છે, તેથી તેમાંથી તેનું રક્ષણ કરી રત્નત્રયીની આરાધના કરવામાં મશગુલ રાખે તેવો ધાર્મિક વ્યવહાર પણ ઘણોજ વિસ્તાર સ્વરૂપમાં ઉપદેશવામાં આવ્યો છે. દરેક ગ્રાહકો દરેક માલ લેનારા નથી હોતા. પરંતુ દુકાનદારે બધોયે માલ દુકાનમાં રાખવો જ પડે છે. તેજ પ્રમાણે ધર્મશાસનને-ધર્મતીર્થને-જુદા જુદા ધર્મનિષ્ઠ જીવોને ઉદ્દેશીને આત્મ વિકાસના નાના મોટા તમામ સાધનોનો પ્રચાર અને સગવડ રાખવા પડે છે. એ અપેક્ષાએ: જૈન શાસનની મુખ્ય-મંદિર અને ઉપાશ્રય: એ બે સંસ્થાઓ એ જાતના તમામ જાતના યોગ્ય પાત્ર જીવો માટે ખુલ્લા રહેવા જોઇએ. તેનો વિરોધ: તેના તરફ અણગમો: કેળવવો-તેમાં કરવામાં આવતી પ્રવૃત્તિ તરફ વિરોધ કેળવવો: એ-મોટામાં મોટી જૈન શાસનની અવહેલના-આશાતના છે. શાસનનો ઉડ્ડાહ છે. ને-મોટામાં મોટું પાપ છે. કેમકે-મિથ્યાત્વરૂપ હોવાથી સમ્યક્ત્વનું બાધક થાય છે. અને હિંસા કરતાં પણ મિથ્યાત્વ: અને તેમાંયે શાસનની ઉડ્ડાહ રૂપ મિથ્યાત્વ તો મોટામાં મોટું પાપ છે. ઉચ્ચ કક્ષાના જીવોને તેનો ખાસ ઉપયોગ ન હોય. તેટલા ઉપરથી સાધકને માટે તે નિરુપયોગી ઠરી જતા નથી. જૈન શાસનમાં-ઠેઠ ૧૪ મા ગુણસ્થાનક સુધીના જીવોને સ્થાન છે. ગૌતમાદિક ગણધર ભગવંતો શાસનની શિસ્તમાં વર્તતા હતા. કોઈ જીવ પોતાની ભૂમિકાને લાયકની ક્રિયા-બરોબર ન કરતો હોય, તો તેને લાયકની પ્રવૃત્તિ હોય તે તેને બતાવવી. બીજી અણ બંધબેસતી કરતા હોય, તે કરતાં રોકવા. તેમાં દોષ નથી. પરંતુ તેના કેન્દ્રભૂત એટલે સંસ્થા રૂપ જૈન શાસનમાં પ્રવેશ કરવાના મુખ્ય દ્વારની અવહેલના-તે-મહા અનર્થનું કારણ છે. બાળ જીવોને ધર્મથી વંચિત કરવાનો મહાદોષ તેમાં સ્પષ્ટ રીતે છે. ઉંચી વાતો કરીને તેવા

જીવોનોબુદ્ધિભેદ કરી માર્ગથી વંચિત કરવા જેવું બીજું પાપ કયું હોઇ શકે ?

કોઇ આત્મા નિશ્ચય નયની ભૂમિકાનું જ્ઞાન ધરાવતો હોય, અથવા–તે સિદ્ધમાર્ગ ઉપર પ્રયાણ કરવાની લાયકાત ધરાવતો હોય, તો તેનું પણ તેમાં સ્થાન છેજ. જુદો વાડો ઉભો કરી–સંપ્રદાય ભેદઃ બુદ્ધિ ભેદઃ માર્ગ ભેદઃ દર્શન ભેદઃ ઉભો કરવો, એ જેવું તેવું પાપ નથી. માર્ગભેદ ઉભો ન કરે, તો તેવા પુરુષોને ત્યાં વિશિષ્ટ માનભર્યું: પવિત્રઃ અને પૂજ્યઃ તરીકેનું સ્થાન હોય છે. પરંતુ માર્ગને ક્ષતિ ન પહોંચે, તેવી રીતની ભાવનાઃ અને પ્રવૃત્તિઃ તેના હોવા જોઇએ. તે ન હોય, તો તે સર્વ ગુણો દોષરૂપે પરિણમે છે. આ જૈન શાસનનું રહસ્ય છે. માત્ર **નિશ્ચય નયની** દૃષ્ટિનું જ્ઞાન હોય, તેટલા ઉપરથી “ તે કક્ષાને લાયક માર્ગમાં વિચરણ કરવાનું પ્રાપ્ત થઇ ગયું.” એમ માની લેવું, અને–માર્ગસિદ્ધ વ્યવહારનો લોપ કરવો. તે તો–ચતુર્થ ગુણસ્થાનકે તે શું ? પણ પહેલામાં પણ ઉતરતી કક્ષામાં હોવાની સંભાવના રહે છે. માટે તે જ્ઞાન પણ અજ્ઞાન રૂપે હોય છે.

તેમ છતાં–પોતે પોતાની તથાભવ્યતાને યોગે ગમે તે ભૂમિકા ઉપર રહી તદનુકુળ વર્તન આ ભવમાં કરીને–ભવિષ્યમાં ક્રમે ક્રમે આ ભવમાં કે ભવાન્તરમાં આગળ વધી શકે. અને તેનો મોક્ષ થાય. તે બાબત બહુ વિચારણાને પાત્ર નથી. પરંતુ વિચારણાને પાત્ર સંપ્રદાય કાઢવો–મત કાઢવો–તેને સ્થિર કરવો–તેનો પ્રચાર કરવો, તે છે. તે જો માર્ગાનુસારી ન હોય, તો બહુજ ડુબાડે. એ આત્મા બિચારો ઉતરતી કક્ષામાં હોય, તો પણ સાધતો સાધતો કદાચ ઉપરની કક્ષામાં જઇ શકે છે–અને કેવળજ્ઞાન પણ કદાચ પામી જાય છે. પણ તેણે કાઢેલો ઉન્માર્ગગામી મત–સંપ્રદાય, તો લાંબો કાળ ચાલે, તો ઘણા જીવોને અને તે દરેક જીવોને ભવોભવને માટે ઉન્માર્ગે લઇ જાય, માર્ગથી વિમુખ રાખે, તથા માર્ગથી દૂર રાખે. તેને માર્ગ દુર્લભપણું થઇ જાય, આ જેવી તેવી હાનિ નથી. જેવો જીવ, તેના પ્રમાણમાં નયપૂર્વક દેશના આપવાની હોય છે. “કોઇ

પણ એકજ નયની એકાન્ત દેશનાજ ધર્મ છે.” એમ પ્રતિપાદન કરવું, તે, તે નયનું ગમે તેટલું માર્ગાનુસારીપણું દેખાય, તો પણ તે ડુબાડનારું બને છે. એક નયનું માર્ગાનુસારીપણું હોવા માત્રથી એકાંતનય પણ દુર્નય બની જાય છે. એકાંતની દેશના માર્ગાનુસારી બની શકતી નથી. માટે–સંપ્રદાય અને તેની સંસ્થા કાઢવા કઢાવવામાં અસાધારણ જોખમ છે. વ્યક્તિ હિંસાદિક પાપ કરે, તેના કરતાં ઉન્માર્ગ પ્રવર્તકપણું મહા અનર્થકારી છે. આ સામાન્ય રીતે સમજાય તેવું છે.

હવે, પદાર્થ સ્થિતિની સમજ વ્યવહાર નયથી પણ સમજવાની હોય છે, અને નિશ્ચયનયથી પણ સમજવાની હોય છે. બન્નેય નયના માર્ગમાં રહેલા જીવોએ સમજ બન્નેય નયોની સંક્ષેપથીઃ કે વિસ્તારથીઃ મેળવવી જોઇએ. આચરણા પોતપોતાની કક્ષા પ્રમાણે કરે–તે વાંધાભરેલું નથી, પણ યોગ્ય છે.

માટે આચરણાઃ અને સમજની ભૂમિકાઓઃમાં ફરક હોય છે. વ્યવહારનયની સમજ હોય, પણ નિશ્ચયનયની સમજ ન છતાં, તેનો અપલાપ ન કરે. એજ રીતે નિશ્ચયનયની સમજ હોય અને વ્યવહારનયની સમજ ન હોવા છતાં–તેનો અપલાપ ન કરે, તોઃ તે બન્યેય નયવાદી છે. દુર્નયવાદી નથી. જો ગમે તે એકનો નિષેધ કરે, તો તે બન્નેય નયાભાસવાદી બની જાય છે.

વિશેષ સમજમાં પ્રમાણવાદી મુખ્ય છે. પ્રમાણવાદી બન્નેય નયોને પોતાની અંદર સમાવી લ્યે છે. નય એ પ્રમાણનો એક ભાગ છે. દુર્નય–નયાભાસ રૂપ હોવાથી પ્રમાણનો અંશ પણ નથી. અપ્રમાણનો અંશ–ભાગ છે.

માટે નય એ પ્રમાણનો ભાગ છે. પ્રમાણ એ વ્યાપક સમજ છે. પ્રમાણસિદ્ધ જ્ઞાનનો ભાગ નય છે. માટે પ્રમાણથી પદાર્થનો પૂરો નિર્ણય થાય છે. પ્રમાણ કોઇપણ નયને છોડી શકે નહીં. છોડે તો તે પ્રમાણ રહે નહીં. પ્રમાણ એ સમજનો મુખ્ય મેરુ દંડ છેઃ **સમયસાર**માં જ કહ્યું છે, કે–

**कम्मं बद्धमऽ-बद्धं जीवो एवं तु एवं जाणणय-पक्खं ।**
**पक्खा-ऽतिक्कंतो पुण भण्णदि सो जो समय-सारो ॥१४२॥**
**दोण्हं वि णयाण भणियं जाणइ णवरं तु समय-पडिबद्धो ।**
**ण दु-णय-पक्खं गिण्हदि किंचिवि णय-पक्ख-परिहीणो ॥१४३॥**
**सम्म-दंसण-णाणं एदं लहदिति णवरि ववदेसं ।**
**सव्व-णय-पक्ख-रहिदो जो, सो समय-सारो ॥१४४॥**

**અર્થ**:—"જીવ બંધાયેલો છે." "જીવ બંધાયેલો નથી." એમ બે પ્રકારની વાતો કહેનારા જુદા જુદા નયના પક્ષો છે. એમ સમજો. પરંતુ એ [ વ્યવહાર અને નિશ્ચય ] બન્નેય પક્ષોને છોડીને જે કહેવામાં આવે, તે **સમયનો** સાર છે. ૧૪૨

નયથી બંધાયેલો બે નયોથી યુક્ત જાણે છે. પરંતુ-નય પક્ષથી રહિત બન્નેય નય પક્ષને ગ્રહણ કરતો નથી. ૧૪૩

ફક્ત સમ્યગ્દર્શનઃ સમ્યગ્જ્ઞાન એવો વ્યાવહારિક શબ્દપ્રયોગને પામે છે. પરંતુ સર્વ નયોના પક્ષોથી રહિત જે છે, તે **સમયનો સાર** છે. ૧૪૪

આ પ્રમાણે-પ્રમાણ જ્ઞાનમાં બન્નેય નયો સમાય છે. પ્રમાણ જ્ઞાન-પક્ષ એકેય નયનું ખંડન કરી શકે જ નહીં. આચરણ ગમે તે નયનું પોતાની કક્ષા પ્રમાણે ભલે જીવ કરતો હોય-કોઇપણ એક નયનું આચરણ કરતો હોય, બન્નેય નયનું આચરણ એકજ પાત્ર એકી સાથે ન કરી શકેઃ પરંતુ, સમજ તો-બન્નેય નયોની, તથા યથાશક્તિ પ્રમાણની પણ પ્રાપ્ત કરી શકે છે.

કોઇ કોઇ બાબતમાં **સમયસાર** ગ્રંથ સાથે કદાચ મતભેદ હોય, તેને છોડીને, તે ગ્રન્થ પણ મોટે ભાગે માર્ગાનુસાર-જૈનશાસનાનુસાર પ્રતિપાદન કરે છે. પરંતુ તેને આગળ રાખીને પોતાના મતનું પ્રતિપાદન કરવું, ઉન્માર્ગગામી આચરણ કરવું, ને તે જાતનો મત કાઢવો, એ મહા અનર્થના કારણો છે. માત્ર દિગંબર સંપ્રદાયનેજ નહીં, પણ કોઇપણનેય માન્ય-સર્વમાન્ય જૈન શાસનના મૂળમાં સુરંગ સમાન આ કાળે બની જાય તેમ છે.

**" તીર્થ ફલ તત્ત-સાર, તીરથ સેવે, તે લહે આનન્દઘન નિરધાર. "**

આ વાકયમાં––તીર્થ–ધર્મશાસન–જૈનશાસન ઉપર કેટલો ભાર મૂકયો છે? શાસન સાપેક્ષપણામાં જ આરાધકતા છે. તેનુંજ નામ આજ્ઞાધર્મ છે.

અમે અહીં **દિગંબર શ્વેતાંબર**ના મતભેદોની ચર્ચા કરવા નથી ઇચ્છતા. કેમકે–એ બાબત–જરૂર પૂરતું પૂર્વાચાર્યોએ વારસામાં ઘણુંજ આપ્યું છે. તે વિચાર તો માત્ર–શાસન પરંપરાના મૂળ અને પેટાભાગોના ગુણદોષની વિચારણા વખતે સત્ય વસ્તુ સ્થિતિ સમજવાના પ્રસંગે વિચારવા યોગ્ય છે. શિવાય તો–જૈનશાસનના સમગ્ર હિતમાં સૌએ–એકી અવાજે સામેલ રહી પરસ્પર સહકારમાં રહેવાની જરૂર છે. જ્યારે આજે તો–અનાત્મવાદ આધુનિક વિકૃત શિક્ષણના બળથી વિચારમાં જ ફેલાતો જાય છે, એમ નથી. પણ માનવજીવનમાંથી અને લગભગ ઘણાખરા જૈન જીવન વ્યવહારોમાંથી પણ આત્મવાદી સંસ્કૃતિના વ્યવહારોને હઠાવીને સ્થાન પામતો જાય છે. તે સ્થિતિમાં જગત્‌ના તમામ આત્મવાદીઓએ એકસંપીમાં રહીને આત્મવાદનું રક્ષણ કરવું અત્યન્ત આવશ્યક થઇ પડયું છે. તેઓ ગમે તે આત્મવાદી ધર્મના ગમે તે સંપ્રદાયમાં હોય. તેને બદલે રૂઢિથી કે સમજથી આત્મવાદી કુટુંબોમાં પરંપરાગત ચાલ્યા આવતા આત્મવાદના પાયા ઉપરના વ્યવહારો હઠાવવાથી: તેના તરફ અણગમો કેળવવાથી હાલમાં વ્યાપક થતા અનાત્મવાદી વ્યવહારોને આડકતરું મજબૂત સ્થાન આપવાનો માર્ગ ખુલ્લો કરવામાં આવે છે. કેમકે–માનવ જાતિ વ્યવહાર વિના જીવન ચલાવી શકવાની નથી. એટલે આત્માની ગમે તેટલી ઉંચી વાતો કરવા છતાં પરિણામે અનાત્મવાદને ટેકો આપવાના પરિણામમાં તે પરિણમતું હોવાથી આત્મવાદી કોઇ પણ ધર્મના ગમે તેવા કનિષ્ટ કોટિના આત્મવાદી સંપ્રદાય કરતાં પણ આ જાતના સંપ્રદાયો વાસ્તવમાં અતિ ભયંકર હોય છે. કેમકે–તે અનાત્મવાદમાં પરિણમતો હોય છે. એટલા માટે જ અનાત્મવાદી ચાર્વાક

નાસ્તિકની પેઠે—એકાન્ત નિશ્ચયનું પ્રતિપાદન કરનારાને શાસ્ત્રમાં **નાસ્તિક** કહ્યા છે. વાસ્તવિક રીતે **અનાત્મવાદી** કહ્યા છે. તથા—કોઇપણ ભારતની બહારના ધર્મને ભારતમાં પ્રચાર કરવો હોય—તેણે મજબૂત સ્થાન પ્રાપ્ત કરવું હોય—તો તે તે દેશમાં સ્થાયિ થયેલા ધર્મો પાળનારા લોકોના જીવનમાંથી તે તે ધર્મોના આચારો ખસેડવા—તે વિષેનો બુદ્ધિભેદ ઉભો કરવો. અને પછી પ્રાર્થનાને નામે કે એવા બીજા આચારોનો ધીમે ધીમે પ્રચાર કરી દેવો. તેથી જલ્દી નવો ધર્મ સ્થિર થઇ જવાનો જ. એટલે—પ્રચલિત આચારોને જીવનમાંથી બાદ કરવા, વ્હેમરૂપ ઠરાવવા, રૂઢિરૂપ ઠરાવવા, અણુસમજણથી પ્રચલિત થયેલા ઠરાવવા, વિકૃત ઠરાવવા, "આત્મા જ નથી. માત્ર કલ્પનાને આધારે આત્મા, પરભવ, વિગેરે ઠરાવીને આચારો ગોઠવાયા છે." એમ ઠરાવવું, તથા આત્મ—બ્રહ્મનું ઉચ્ચ જ્ઞાન આપીને તેને નકામા ઠરાવવા, બનતા સુધી જીવનની વ્યવસ્થા અને કાયદા કાનુનો એવા કરતા જવું કે જેથી—તે આચારો અમલમાં મૂકવાની મુશ્કેલી વધતી જાય, એવા હરકોઇ પ્રયત્નો તે બુદ્ધિભેદના સાધક છે, મદદગાર છે. અને તેમ થવાથી આવતી પેઢીમાં બહારના ધર્મોને આચરણમાં વ્યાપક કરવામાં જરા પણ મુશ્કેલી આવે તેમ નથી. નિશ્ચય નયનું પ્રતિક્રમણ સાંભળીને વ્યવહાર પ્રતિક્રમણ છોડનારા બહારના ધર્મોના અનુકરણ કે પ્રચાર રૂપ પ્રાર્થનામાં જશે, યા પોતાને ત્યાં પ્રાર્થનાનું અનુકરણ કરશે. તેનો વિરોધ કોઇ કરી શકશે નહીં. નિશાળોમાં આ હેતુથી જ પ્રાર્થનાને વ્યાપક કરવા ખાસ દાખલ કરવામાં આવી છે. એ રીતે સાંજે જાહેર પ્રાર્થના તરફ વળી ગયેલો આત્મા વ્યવહાર પ્રતિક્રમણ પણ કરવા નથી આવવાનો. આમ માર્ગાનુસારી નિશ્ચયથી અને માર્ગાનુસારી વ્યવહારથી એમ ઉભયથી ભ્રષ્ટ થાય છે. અને ત્રીજા જ માર્ગમાં પ્રવેશી ઉન્માર્ગને માર્ગે ચડી જાય છે. આત્માની એકાંત ઉંચી વાતો કરનારા આજકાલના સંપ્રદાયોનું આ પરિણામ છે. આમ આત્મવાદના ધર્મોને તથા આત્મવાદના વ્યવહારોને મોટો ફટકો મારવામાં સહકાર અપાય છે. આના જેવું શાસન માલિન્ય બીજું કયું ?

અલબત્ત, આ બધું આ પ્રમાણે સમજીને કરવામાં નથી આવતું. પરંતુ તેની પાછળ ગાઢ અજ્ઞાન છે. તેથી, વગર સમજ્યે ખાધેલું ઝેર પણ માર્યા વિના ન જ રહે. ભૂલ થાય, પરંતુ સહૃદયભાવથી–પ્રેમભાવથી સમજાવવાનો પ્રયાસ કરવા છતાં સાંભળવાની પણ દરકાર ન રાખવી. એ ઘણોજ અભિનિવેશ ગણાય. અમે ઇચ્છિએ છીએ કે–કોઈ પણ જીવ પરમાત્મા વીતરાગદેવના માર્ગથી ચ્યુત ન થાય. આ સાચી ભાવદયા છે. માટે સોનગઢના એકાંતવાદી નિશ્ચયનયના નવા સંપ્રદાય સામે મોટામાં મોટો જૈનશાસનને આ વાંધો છે. આ રહસ્ય સર્વેએ સમજવા જેવું છે. વ્યક્તિ ગમે તે પોતાના આત્માની કક્ષા પ્રમાણે કરે, તે બહુ વાંધાભરેલું નથી. દિગંબર સંપ્રદાયનો પ્રચાર થાય, તે પણ વાંધો લેવા જેવું બહુ નથી. પણ વિદેશી ધર્મોએ અને અનાત્મવાદે પોતાના પ્રચાર માટે બધાય ધર્મોને પ્રચારની છુટ કાયદાથી અપાવીને પોતે મોટો ભાગ ખેંચી જવાની ગોઠવણમાં છે. તે છુટનો લાભ ભારતના ધર્મો લઇને અંદરો અંદર ખેંચા ખેંચી કરશે, તો–અવશ્ય દરેક પોતપોતાના અનુયાયિએ વધારશે–ઘટાડશે. પણ અંદરો અંદર કુસંપ ઉભો કરીને મૂળ ધર્મોને ધક્કો પહોંચાડી દેશે. આમ દરેકના ક્ષેત્રમાં બીજા આવીને સ્થાનિક શિસ્તો ભુંસી નાંખે, તો દરેકને કેટલું નુકશાન થાય? દિગંબરોના સ્થાનમાં જઇ, કોઇ ઉચ્ચ ત્યાગી શ્વેતામ્બર આચાર્ય લોકોની શ્રદ્ધા ડોળે, તો તે કેટલું અનિષ્ટકારક થાય? ખરી રીતે, આ રીતે ખેંચા ખેંચી કરવામાં હાલના સંજોગોમાં લાભજ નથી. કુદરતી રીતે ધર્મ કે સંપ્રદાય પરિવર્તન કરવું હોય, તો એક બીજાની સહાનુભૂતિ અને વિધિપૂર્વક તેમ કરવાથી, આત્મવાદી ધર્મોમાં અરાજકતા ફેલાશે નહીં. એક સંપ્રદાયમાંથી બીજા સંપ્રદાયમાં જવાથી બહુ હાનિ નથી. પણ સામાન્ય સમજ ધરાવતી પ્રજામાં આ ટેવ પડવાથી આવતી કાલે–ગમે તે ધર્મમાં વગર સમજણે જતાં પણ કોણ રોકી શકશે? માટે પ્રાચીન ધર્મના હિતચિંતકોએ ખૂબ ચેતવા જેવું છે. તેને બદલે, લોકોને પોતાના સંપ્રદાયમાં ખેંચી જઇને રાજી થવામાં આવે છે, તે ઘણું હાનિકારક છે. આ પોલીસી

અયોગ્ય હોવાથી-જૈનશાસનને હાનિકારક હોવાથી-જૈનશાસનના રહસ્યના જ્ઞાતા ઘણા શ્વેતામ્બરાચાર્યો આ પ્રવૃત્તિથી દૂર રહે છે. યદ્યપિ-આ બાબતમાં કંઈક અંશે નિશ્ચયનયનું જ્ઞાન ધરાવનારી વ્યક્તિ કરતાં, તેની પ્રચારક વ્યક્તિઓ કે જેઓ વ્યાવહારિક વ્યવસ્થાઓ કરે છે, તેઓ વધારે દોષપાત્ર છે. કેમકે-એ બાબતમાં મૂળ પુરુષનું ભોળપણ પણ હોય છે. "ઠીક છે. લોકો નિશ્ચયનયનું જ્ઞાન મેળવે છે-મકાનો બંધાય છે-સંસ્થા વધતી જાય છે." તેટલા માત્રથી જો ખુશી થવામાં આવતું હોય, એટલોજ તેમનો દોષ. તેમાં પણ નિમિત્તભૂત બનવાથી ભવોભવ ધર્મહાનિ થવાનો પ્રસંગ ઉભો થાય. તે તેના ધ્યાનમાં રહેતું નથી. પ્રચારક ભક્તો અવળે માર્ગે ખેંચી જઈને ડુબાડે છે.

દિગંબર વર્તમાન તમામ વિસ્તૃત સાહિત્યનું મૂળ મોટે ભાગે શ્વેતામ્બર સાહિત્યથી ઉપજ્ઞ છે. તથા ઇતિહાસ પરંપરા વિગેરે-શ્વેતામ્બર પરંપરાના સિદ્ધ છે. છતાં-એ બાબત કાંઇ અત્યારે વિચાર કરવામાં આવતો નથી. પરંતુ, દિગંબરોના નામે જૈનશાસનથી નિરપેક્ષ મતનો પ્રચાર કરવામાં આવે છે, એ સૌને માટે અતિ ભયંકર વસ્તુ છે. આગળના સંપ્રદાયોમાં અમુક અમુક બાબતના મતભેદ શિવાય મોટે ભાગે મૂળ માર્ગની નજીકજ સંપ્રદાયોની પ્રવૃત્તિઓ રહેતી આવી છે. ત્યારે આજે તેમ નથી. મૂળ માર્ગથી દૂર અનાત્મવાદના પોષણમાં તેનું પરિણમન થતું હોવાથી-તે ઘણીજ ભયંકર વસ્તુ હોવાથી-તેમ ન બને, તે તેના પ્રચારકોએ સમજવાની જરૂર છે.

સંસ્કૃતિઃ માર્ગઃ શાસનઃ આત્મવાદઃ વિ૦થી નિરપેક્ષપણે કોઇ પણ મત-પંથ-સંપ્રદાય-ધર્મ-કે પરંપરા-કાઢી કોઇપણ વ્યક્તિ કાંઈ પણ પ્રવૃત્તિ કરે, તે સર્વ આત્મવાદની જીવન વ્યવસ્થાઃ તત્ત્વોઃ સિદ્ધાંતોઃને પ્રજામાંથી દૂર કરી, અનાત્મવાદના તત્ત્વો વિગેરેને સ્થાન આપવાનો માર્ગ ખુલ્લો કરે છે. પછી તે ગમે તે વ્યક્તિ હોય, શ્વેતામ્બરી, દિગંબરી, વેદાંતી કે કોઇ પણ હોય.

એક પોલીસી તરીકે-પણ ભારતમાં આત્મવાદને તોડવા માટે-અનાત્મવાદનો પ્રચાર આત્મવાદના સ્વાંગમાં સજાવી શરૂ કરવામાં

આવેલો છે. તેને માટે રામકૃષ્ણ મિશન: થીઓસોફીસ્ટ: પોંડીચરીની સંસ્થા: વિગેરે બહારથી આત્મવાદના પ્રચારક અંગો જણાવા છતાં–તેના મૂળમાં અનાત્મવાદનું ધ્યેય છે. તે આત્મવાદના પ્રચલિત આચારો–વ્યવહારોને–ઉચ્ચ આત્મવાદને આગળ કરીને–વ્યાપક ભાવનાઓ–બંધુભાવ વિગેરેના આદર્શો આગળ કરીને આત્મવાદની સંસ્કૃતિની વ્યવસ્થા અને વ્યવહારો ઉપર અણગમો ઉત્પન્ન કરી, તેને તોડવાનો પ્રચાર કરે છે. અને તેને સ્થાને ઉચ્ચ પ્રવૃત્તિઓ દાખલ કરે છે. તે તથા પ્રકારના દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: ભાવ:ને અભાવે ટકી શકતા નથી. જેથી પરિણામે અનાત્મવાદના વ્યવહારો જીવનમાં પેસી જાય છે. અને ન છુટકે તેને ટકાવી રાખવા પડે છે. એ રીતે અનાત્મવાદનો વિજય થાય છે. ઘણે ભાગે આધુનિક શિક્ષિત ગણાતો વર્ગ અને વકીલ વર્ગ વ્યવસ્થા–શિસ્ત–સુરુઢિને નામે કુરુઢિ વિગેરેને અટકાવવાને નામે અનાત્મવાદનો અજાણતા પણ પક્ષ કરતા હોય છે. તેમનું લગભગ જીવન જ પ્રગતિ અને સુધારાવાદમાં ગયું હોય છે. એટલે તેમની નજરે આત્મવાદનો ઘાત પરંપરાએ કેવી રીતે થાય છે? અને તે થશે?" તે ચડતું નથી. અને તેમના અનુગામિ આર્થિક સંપત્તિ સંપન્ન કેટલાક ધર્મજિજ્ઞાસુ ગૃહસ્થો પણ દોરવાઇ જતા હોય છે. આવું રહસ્ય સોનગઢના–એકાન્ત નિશ્ચયનયના પ્રચારમાં છુપાયેલું છે. દિગંબર સંપ્રદાયના કેટલાક આગેવાનો–દિગંબર સંપ્રદાયનો પ્રચાર વધતો જતો જાણી તેથી ખુશી થઇ તેના પ્રચારને વેગ આપે છે. પરંતુ જૈનશાસનના–તીર્થંકરોના માર્ગના–આત્મવાદની સંસ્કૃતિના–મૂળનો ઉચ્છેદ, અનાત્મવાદનો પ્રવેશ, અને ભવિષ્યમાં તેનું જોર વધતાં ખુદ આત્મવાદનોજ ઉચ્છેદ, પરિણામે તેમાં સંકળાયેલો છે. એ જોઇ શકતા નથી. વ્યક્તિગત ગમે તે કરે, તે એટલું જાહેરમાં ટીકાપાત્ર નથી, કે જેટલું–સંપ્રદાયની સ્થાપના ટીકાપાત્ર છે. આજ તો પ્રજા દિવસે દિવસે વિવેક અને જવાબદારી ભૂલતી જાય છે. એટલે ગમે તે મતને પણ અનુયાયિઓ અને પોષણ આપનારા મળી રહે છે. એટલા ઉપરથી મતની પ્રામાણિકતા સાબિત થઇ શકતી નથી. સંપ્રદાય સ્થાપનાની

પાછળ પણ કોઇ તાત્ત્વિક કે માર્ગાનુસારી ગોઠવણનું બળ નથી. સંખ્યાબંધ હેત્વાભાસોથી ભરેલી રચના છે. પરંતુ વિસ્તારભયથી તેનું દિગ્દર્શન કરાવવામાં અહીં સંયમ રાખવામાં આવ્યો છે. **સ્વ-સમયઃ** અને **પર-સમયઃ** એ બે શબ્દોના અર્થઃ સામાન્ય રીતે-સ્વ-શાસ્ત્રઃ અને પર-શાસ્ત્રઃ એવા થાય છે. પરંતુ આત્માની શુદ્ધ દૃષ્ટિથી વિચાર કરતાં-કથંચિત્ કૂટસ્થ આત્મદ્રવ્યાત્મક સ્થિતિનું નામ-**સ્વ-સમય** છે. અને પર્યાયાત્મક સ્થિતિનું નામ **પર-સમય** છે. **સમય**નો અર્થ-**શાસ્ત્ર**માં ઉપર જણાવ્યો છે. તેથી-જૈન શાસ્ત્રોના સાર રૂપઃ અથવા સમયરૂપ-સારમય અર્થમાં **સમય સાર** નામનો ગ્રન્થ દિગમ્બરાચાર્ય શ્રી **કુંદકુંદ સ્વામિ**એ રચેલો પ્રસિદ્ધ છે. **શ્રી આચારાંગ સૂત્ર**માં સિદ્ધ આત્માના ૩૧ ગુણો ગણાવ્યા છે, તથા-આત્માનું નિશ્ચય નયથી **अपदस्य पदं नास्ति**-ઇત્યાદિ સ્વરૂપે તેજ સૂત્રમાં વર્ણન સૂચનરૂપે કરવામાં આવેલું છે. તે વિગેરે જૈન શાસનને માન્ય આધારને આશ્રયે એ ગ્રન્થની રચના કરવામાં આવી છે. ઉપરાંત, સાતમા ગુણસ્થાનકના મુનિપણાને નિશ્ચયનયનું સમ્યક્ત્વ **શ્રી આચારાંગ સૂત્રમાં** કહેલ છે. તેની અપેક્ષાએ સમ્યક્ત્વની વ્યાખ્યા ધ્યાનમાં રાખીને **સમય-સાર** ગ્રન્થમાં તમામ વિવેચન હોવાથી તેની પૂર્વની અવસ્થાઓને મિથ્યાત્વ તરીકે ગણાવેલ છે. તે **એવંભૂત** નયના સમ્યક્ત્વની અપેક્ષાએ બરાબર છે. પરંતુ તે દરેક હકીકતને સોનગઢના સંપ્રદાયવાદીઓ ૪ થા ગુણસ્થાનકના સમ્યક્ત્વની વ્યાખ્યા સમજીને-તત્પૂર્વકના કે તેના સાધક સર્વ વ્યવહારોને મિથ્યાત્વ કહીને ઉડાવે છે. આ મોટી ભ્રમણા તે ગ્રન્થ સમજવામાં થવાથી મહા અનર્થ પ્રવર્તાવી રહ્યા છે.

પરંતુ **દિગબરાચાર્યોને-સ્ત્રીમુક્તિ** ઇત્યાદિ બાબતોમાં મતભેદ હોવાથી-" આગમો નષ્ટ થઈ ગયાનું માનવું પડ્યું છે. અને આગમોને નષ્ટ થયેલા માનવા છતાં-પ્રસ્તુત આગમોમાંથી જ ઘટતું લઇને તમામ નવરચના કરવી પડી છે. અને એ રીતે તેમની પાસે પણ વિશાળ જૈન સાહિત્યનો સંગ્રહ થયો છે. પાછળના

આચાર્યોએ ઘણું સાહિત્ય સર્જ્યું છે. પણ મૂળ કયાંથી મેળવ્યું? તેના જવાબમાં અનિચ્છાએ પણ શ્વેતામ્બર માન્ય આધાર લેવાયાનું જણાઈ આવશે. તથા કોઇપણ સંશોધક દિગંબર સાહિત્યનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરશે. તો તેમને શ્વે. આગમમૂલકતા જણાઈ આવશે. આગમો નષ્ટ થવાનું માનવા છતાં–આધાર વિના શાસ્ત્રોની રચના સર્વજ્ઞ વિના અશકય જ હતી. અને **શ્વેતામ્બરોને** માન્ય પરંપરાગત ચાલ્યા આવતા આગમોમાંથી લેવાની વાત કબુલ કરવામાં અનુકૂળ પડે તેમ નહોતું. આ સ્થિતિમાં " **શ્રી સિમંધર સ્વામિ** પાસેથી **સમયસાર** મળ્યો." યા " અમુક આચાર્ય પરંપરા પાસે થોડું ઘણું **ચૂર્ણિ**રૂપે અવશિષ્ટ જ્ઞાન હતું. તેના ઉપરથી નવા શાસ્ત્રો રચવામાં આવ્યાં. " વિગેરે પાંગળા આધારોને ટેકો લેવામાં આવ્યાનું જોઇ શકાય છે. જૈન દર્શનની આખી રચના–આધ્યાત્મિક વિકાસ અને તેના ફળરૂપ મોક્ષ પ્રાપ્તિના ઉદ્દેશથી બાર વિભાગમાં–દ્વાદશાઙ્ગી રૂપે–થયેલી છે. તેમાં આખા વિશ્વના સર્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવને લગતી હકીકતો છે. છતાં તેનું તાત્પર્યઃ તેનો મહાવાકયાર્થઃ આત્માઃ અને તેની મોક્ષ પ્રાપ્તિઃમાં પૂરો થાય છે. જે વાત–૧૬ મા સ્તવનની ૭ મી ગાથામાં છે.

આથી કરીને–જુદા જુદા સાધક પાત્રોને ઉદ્દેશીને–તથા આત્માની જુદી જુદી અવસ્થાને ઉદ્દેશીને–વિવિધ રીતે આત્માના સ્વરૂપનું વર્ણન જૈન શાસ્ત્રોમાં વિગતવાર આવે છે. તેથી કરીને–આધ્યાત્મિક વિકાસની અવસ્થાઓને ઉદ્દેશીને જે વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં વ્યવહાર નયથીઃ નિશ્ચયાનુપ્રણિત વ્યવહાર નયથીઃ નિશ્ચયાનુપ્રણિત નિશ્ચયથીઃ તથા પરમ શુદ્ધ નિશ્ચયનયથીઃ તથા પ્રમાણની દૃષ્ટિથીઃ આત્માનું વિવિધ રીતે વર્ણન કરેલું છે. અને તે કેમ જાણે પરસ્પર વિરુદ્ધ હોય, તેવો નવા અભ્યાસીને ભાસ થયા વિના ન રહે. પરંતુ અવસ્થા ભેદે તે વર્ણન વિચિત્ર હોવા છતાં પરસ્પર સંગત હોય છે.

આથી કરીને ચરમ પુદ્ગળ પરાવર્તનમાં પ્રવેશેલા કે જેઓના આત્મામાં ધર્મનું બીજ રોપાયું હોય છે, તેવા જીવોની આત્મિક

અવસ્થાઃ તેમના સહજ કર્તવ્યોઃ તે સ્થિતિમાં ટકી રહી આગળ વધી શકાય તેવા ઉપદેશોઃ વિગેરેને લગતી હકીકતો શાસ્ત્રમાં વર્ણવવી જ જોઇએ. એમ–માર્ગાનુસારિ જીવનઃ સમ્યક્ત્વની પ્રાપ્તિઃ દેશવિરતિઃ પ્રમત્ત સર્વવિરતિઃ અપ્રમત્ત સર્વવિરતિઃ અનાસક્ત-યોગઃ નિર્વિકલ્પ સમાધિનિષ્ઠઃ શ્રેણિપ્રાપ્તઃ ઉપશાંત મોહીઃ ક્ષીણ મોહીઃ સયોગિઃ અયોગિઃ વિગેરે–ભૂમિકા ઉપર રહેલા આત્માઓની અવસ્થાઃ કર્તવ્યોઃ વિગેરેની હકીકતો પણ શાસ્ત્રોમાં વિસ્તારથી હોય, એ સ્વાભાવિક છે. આથી કરીને સર્વ પાત્રજીવોને–માર્ગ-દર્શન મળી રહે તેવી સર્વ સામગ્રીથી ભરપૂર–વિશ્વવ્યાપકતાને લાયક ધર્મમાં–મહા ધર્મમાં–મહા દર્શનમાં–તમામ વ્યવસ્થા હોવી જોઈએ. અને તે જૈનશ્રુતમાં છે. સર્વ પ્રકારના ગ્રાહકોને સર્વ પ્રકારની ચીજો આપી શકવાનો દાવો કરનાર વેપારીએ પોતાની દુકાનમાં–દરેકે દરેક ચીજો રાખવી જ જોઇએ. ભલે દરેક ગ્રાહક દરેક ચીજ ન લે–પરંતુ જે ગ્રાહકને જે જોઇએ, તે વસ્તુ મળી રહેવી જોઇએ. કોઇને ય પણ પાછા જવું ન પડે. તેજ રીતે મહા ધર્મ–યા જૈનધર્મ–યા જૈનદર્શનમાં સર્વ પ્રકારના પાત્રો માટે સર્વ પ્રકારની સામગ્રીનું માર્ગદર્શનઃ ભુમિકા ભેદે તાત્ત્વિક વિચારણાઃ રચનાઃ વ્યવહારુઃ સાધનોઃ ઉપાયો વિગેરેનો સંગ્રહ હોવોજ જોઇએ. એ દૃષ્ટિથી જૈન દર્શનમાં શરૂઆતના પાત્રોથી માંડીને ઠેઠ ઉચ્ચ કોટિના પાત્રો સુધીની અને પારંગત સુધીની વસ્તુ મળવી જોઈએ. શ્વેતામ્બરોને માન્ય–તમામ શાસ્ત્રોનો ઉંડાણથી અભ્યાસ કરનારને જૈનદર્શનની આ ખુબી પૂરેપૂરી જણાઇ આવે તેમ છે. યદ્યપિ બારમું અંગ વિ૦ નષ્ટ થવા છતાં, પૂર્વના મહાન્ ત્યાગીઓએ એજ બાબતમાં જીવન સર્વસ્વનો ભોગ આપીને બની શક્યું તેટલાનું રક્ષણ કર્યું છે. આથી કરીને માનવ જીવનની મુખ્યમાં મુખ્ય આવશ્ય-કતા ધર્મ જેવી ઉચ્ચ કક્ષાની વસ્તુની ઘણી મૌલિક ઇમારતો, પાયા અને પ્રતિકોનું રક્ષણ થઇ શક્યું છે. શ્વેતામ્બર પરંપરાની આ અત્યન્ત વિશિષ્ટતા છે. અલબત્ત–દિગંબર પરંપરાએ પણ ઘણું બચાવવામાં સહાય કરી છે. અથવા તેનો ઉપયોગ કરવા મારફત પણ ઘણું બચાવવામાં તે સહાયક થયેલ છે.

આ રીતે પ્રથમથી માંડીને છેવટ સુધીના વિકાસની હકીકત જૈન સાહિત્યમાં ભરેલી છે. અને તે કક્ષાવાર જુદા જુદા ગ્રન્થો મારફત જીવનમાં સુલભ થાય, તેમ બતાવવામાં આવેલી છે. કોઇ ગ્રન્થ માત્ર માર્ગાનુસારિતાને લગતા છે, કોઇ સમ્યક્ત્વની અવસ્થાને લગતા છે. કોઇ દેશવિરતિને લગતા છે, કોઇ સર્વવિરતિને લગતા છે, કોઇ ઉત્કૃષ્ટ ધર્મધ્યાનને લગતા છે, કેટલાક જુદા જુદા ચારિત્રો, પાંચ નિર્ગ્રન્થો, નિર્વિકલ્પ અવસ્થા, અનુભવ જ્ઞાનાવસ્થા વિગેરેને લગતા છે. કોઇપણ કક્ષાનો ગ્રંથ અન્ય કોઇપણ કક્ષાનું ખંડન નહીં કરે. તેમજ ઉચ્ચ કક્ષાની ભૂમિકાના વર્ણનનો ગ્રન્થ નીચેની ભુમિકાની કનિષ્ઠતા બતાવે–ઉચ્ચ ભૂમિની શ્રેષ્ઠતા બતાવે–એ સ્વાભાવિક છે. તેટલા ઉપરથી "તેણે બીજી કોઇ ભૂમિકાને કોઇનેય માટે જરૂરી માની નથી" એમ હોતું નથી. કદાચ તેવું સાહિત્ય કોઇએ રચ્યું હોય, તો તે પ્રમાણભૂત તરીકે ન ગણતાં–તેને અપ્રમાણિક ઠરાવી દૂરજ રાખવામાં આવેલું છે. આ દૃષ્ટિથી અપ્રમત્તભાવના મુનિપણાની અવસ્થાથી માંડીને ઉપરની અવસ્થાનું વર્ણન કરનારા ગ્રંથોમાં–**શ્રી આચારાંગ સૂત્ર**ના તે સૂત્રોથી પ્રાણિત **સમય–સાર**–ગ્રન્થનું સ્થાન આવે છે. તેની હાલમાં એકાએક આટલી પ્રસિદ્ધિ થવાનાં મુખ્ય બે કારણો જણાઈ આવે છે. પ્રાચીન સાહિત્યને એક વખત છાપી નાંખવાની વિદેશી પોલીસીનો ભોગ તે ગ્રન્થ વ્હેલો બની ગયો. અને અનાત્મવાદીઓને આત્મવાદની પ્રણાલિકા તોડવામાં આત્મવાદને આગળ કરીને આત્મવાદની પ્રવૃત્તિ ઓછી કરાવવામાં તે ગ્રંથ તત્કાળ ઉપયોગી થઇ પડ્યો. આજે એકને નકામો કરવા માટે, અંદરની જ બીજી વ્યક્તિને વધુ આગળ લાવવાથી મુખ્ય વસ્તુ નિષ્ફળ થાય છે. એવા પ્રયત્નો ઘણી બાબતોમાં વિદેશીઓએ અજમાવ્યાનું પ્રસિદ્ધ છે.

એથી કરીને "તેનાથી ઉતરતી કક્ષાના જીવો માટે–ઉતરતી કક્ષાની ભૂમિકાઓનું અને તેના કર્તવ્યોનું એકાન્તથી તે ગ્રન્થ ખંડનજ કરે છે." એમ સમજવામાં તે ગ્રન્થને અને કર્તાને ભારે અન્યાય થાય તેમ છે. જૈન દર્શનને પ્રાપ્ત કોઇ પણ વ્યક્તિ કદી તેમ કરી

શકેજ નહીં. કરે નહીં. કરે તો પ્રમાણભૂત ગણાયજ નહીં. ત્યારે-કુંદકુંદાચાર્ય દિગંબર સંપ્રદાયમાં પ્રમાણભૂત આચાર્ય તરીકે મનાયેલા છે. દિગંબર સંપ્રદાય કેટલાક ફેરફાર સાથે દરેક બાબતમાં શ્વેતામ્બર પરંપરા સાથે સમાનતા ધરાવનાર છે. એટલે કે આત્માની દરેક વિકાસ ભૂમિકાઓ અને તેના અલગ અલગ કર્તવ્ય ભૂમિકાઓ તેમને પણ માન્ય છે. સર્વવિરતિધારી મુનિઓ જિનપૂજા ન કરે, એટલા ઉપરથી તથાવિધ પાત્રોને માટે જિનપૂજાનો સર્વથા નિષેધ કરી શકે નહિં. કરવામાં આવ્યો નથી. અને આત્માના ભાન વિના આત્માનો વિકાસ કરવાના ઉદ્દેશ વિના-પરંપરાએ મોક્ષસાધક ભૂમિકાઓનો સંક્ષેપથી કે વિસ્તારથી આદર વિના તો જૈન ધર્મની કોઇપણ પ્રવૃત્તિ કે કોઇપણ ધર્મની પ્રવૃત્તિ સફળ ન થાય, એ સ્વાભાવિક છે. છેલ્લા પુદ્ગળ પરાવર્તનમાં પ્રવેશ કરતા જીવને કર્મમય દોષ નિસર્ગથી કે અધિગમથી હઠી જતાં-સહજ રીતે મોક્ષાભિલાષાનું બીજ શરૂ થાય છે. પરંતુ-ઉતરતી કક્ષાઓમાં મહેનત-પ્રયાસ ઘણો, અને તે ઘણો કાળ સુધી વિસ્તારથી કરવા પડે, તેના પ્રમાણમાં વિકાસ બહુજ નજીવો થાય છે. ત્યારે જેમ જેમ ઉચ્ચ કક્ષાની ભૂમિકા પ્રાપ્ત થાય, તેમ તેમ, થોડી મહેનતે થોડા વખતમાં અને થોડાથી વધારે ફળ પ્રાપ્ત થાય. તેથી તો ક્રમે ગુણશ્રેણિમાં અસંખ્ય નિર્જરા કહી છે.

વળી, પ્રાથમિક કક્ષાના જીવને ગમે તેટલું આત્માનું જ્ઞાન આપવામાં આવે, તો પણ તે સ્થૂળ જ ગ્રહણ કરી શકે છે અને તેના અનુભવમાં પણ અમુક હદ સુધીનું જ આવે છે. જેમ જેમ આગળ વધે, તેમ તેમ અનુભવ વધતો જાય છે. અને એટલા માટે પ્રથમ બધું બાહ્ય દૃષ્ટિથી સમજાય તેટલું બતાવવું-સમજાવવું પડે છે. તેમાંથી પછી આગળ વધી શકે છે. તેમ તેમ આત્માના સ્વરૂપ જ્ઞાનમાં-અનુભવમાં ઉંડા ઉંડા ઉતરાતું જવાય છે. અને પૂરો અનુભવ તો કેવળજ્ઞાન થયેજ થાય છે. તેથી ઉપરનો તો સિદ્ધ અવસ્થામાં પ્રગટ થાય છે. એટલે અમુક હદ પછીથી-વધારે સૂક્ષ્મ સ્વરૂપ અને અનુભવ થવાની કક્ષાને સમજવાને જે બુદ્ધિ વાપરવી

પડે છે, તેનું નામ નિશ્ચયનયની દૃષ્ટિ કહેવાય છે. તે પહેલાંની વ્યવહારનયની દૃષ્ટિ કહેવાય છે. પ્રમાણદૃષ્ટિ તે બન્નેય કરતાં જુદી છે. તેતો તે બન્નેય નયોને પણ ગૌણ કરી નાંખે છે. પ્રમાણ દૃષ્ટિ એ સંપૂર્ણ દૃષ્ટિ છે.

**સમય સાર** ગ્રન્થ–અપ્રમત્ત ભાવને પ્રાપ્ત મુનિપણાની આત્મદશા–અને તેનો માર્ગ તથા કર્તવ્યો તથા ધર્મ સંન્યાસ સામર્થ્ય-યોગની કક્ષાના આત્માનું સ્વરૂપ બતાવનાર ગ્રન્થ છે. એટલે કે–નિશ્ચયનયની દૃષ્ટિથી તે કક્ષાનું નિરૂપણ કરે છે. કેમકે–એ કક્ષાએ ગયેલા આત્માને અનુભૂત નિશ્ચય દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. તેની અપેક્ષાએ ઉતરતી કક્ષાના પાત્રોની દરેક દરેક બાબતો ઉતરતી કક્ષાની હોય, એ સ્વાભાવિક છે. અને એ રીતે તે ગ્રન્થમાં તેની વર્ણનીય કક્ષાથી ઉતરતી બધી વસ્તુઓ નકામી–નજીવી–બિન જરૂરી કહેવામાં કશુંયે અયુક્ત જણાતું નથી.

ખરી વાત તો એ છે, કે–નિશ્ચયનયની દૃષ્ટિથી સમ્યગ્દૃષ્ટિપણું પણ સાતમે ગુણસ્થાનકેથી પ્રાપ્ત થાય છે. શ્રી આચારાંગ સૂત્રમાં જે *जं सम्मंति पासहा० ઇત્યાદિ પાઠથી સમ્યક્ત્વ અને મુનિ-પણું એક કહેલ છે. તે અપેક્ષાએ સમયસાર ગ્રન્થ પણ–અપ્ર-મત્તભાવથી જ સમ્યક્ત્વ માનીને–તે પૂર્વની અવસ્થાવાળાને અપ્રમત્તભાવની દૃષ્ટિથી જોવું જોઇએ. તે પ્રમાણે ન જોનારને મિથ્યાદૃષ્ટિ કહે, તેમાં કશું અયુક્ત નથી. પરંતુ એ મિથ્યાદૃષ્ટિ-પણાનું કથન ચોથા ગુણસ્થાનકની અવસ્થાના સમ્યક્ત્વની અપેક્ષાએ નથી. અપ્રમત્તભાવને ન પામેલું દેશવિરતિપણું પણ તેની દૃષ્ટિમાં મિથ્યા છે. ચોથું ગુણસ્થાનક પામ્યા પહેલાંના સમ્યગ્દર્શનને લાયકની કેટલીક પ્રવૃત્તિથી–વ્યવહારથી સમ્યક્ત્વ કહી શકાય છે. અને ચોથું ગુણસ્થાનક પામતાં–નિશ્ચય સમકિત કહી શકાય છે. ત્યારે નિશ્ચયનયનું સમ્યક્ત્વ–સાતમે ગુણસ્થાનકેથી શરૂ થાય છે. આ દૃષ્ટિથી–**સમયસાર**ની કોઈપણ બાબત અસંગત જણાશે નહીં.

---

* પૃષ્ઠ ૧૮૬ ઉપર જુઓ.

અને એજ દૃષ્ટિથી તેમાં–આત્માની સાથે અભેદરૂપે નવતત્ત્વો ઘટાવ્યા છે. આત્મરૂપ છ આવશ્યકો ઘટાવ્યા છે. તે બધું સંગત છે. ઉપર જણાવ્યા પ્રમાણે વ્યવહારનું એકાંત ખંડન ન કરવાની કાળજી છતાં તે નિશ્ચયનયની દૃષ્ટિથી પ્રતિપાદન કરનાર ગ્રન્થ છે. અને છેવટે તેથી પર જઇને–પ્રમાણ દૃષ્ટિથી કેટલુંક પ્રતિપાદન કરેલું છે. જ્યારે–પ્રમાણદૃષ્ટિથી પ્રતિપાદન કરવામાં આવે, ત્યારે, તો–તેમાં વ્યવહાર અને નિશ્ચય બેમાંથી એકેય નયને સ્થાન રહે નહીં. પ્રમાણ દૃષ્ટિમાં પણ દ્રવ્યાર્થિક દૃષ્ટિની મુખ્યતાએ જ્યાં વર્ણન હોય, ત્યાં અકર્તૃત્વ–અભોકતૃત્વ વિગેરે આત્માના સ્વયંસિદ્ધ જ છે. કતૃત્વ ભોકતૃત્વ વિગેરે પર્યાયાર્થિક દૃષ્ટિથી છે.

"વ્યવહાર અભૂતાર્થ છે, અને નિશ્ચય ભૂતાર્થ છે," ત્યાં પ્રમાણ અને નિશ્ચયનયનો એક અભેદ અર્થ કર્યો છે. એટલે તે અર્થની અપેક્ષાએ વ્યવહાર તે અપ્રમાણભૂત અભૂતાર્થ છે. એ પણ બરાબર છે. [ જુઓ–**અધ્યાત્મમતપરીક્ષાની ટીકા.** ]

નિશ્ચય–વધારે ઉંડે સુધી આંતર તત્ત્વોને પણ સમજવામાં પહોંચી શકે છે. એથી "વ્યવહારનય જેવી કોઇ વસ્તુજ પોતાની કક્ષામાં પણ નથી." એમ સમયસારનો આશય ક્યાંય નીકળતો નથી. હા. જ્યાં પ્રમાણદૃષ્ટિથી નિરૂપણ હોય, ત્યાં વ્યવહાર અને નિશ્ચયની દૃષ્ટિઓને દૂર રાખી હોય, તો તેમાં કશું અયુક્ત નથી. વળી સર્વનય મય નિશ્ચયનય–એ અર્થમાં નિશ્ચયની મુખ્યતા પણ ક્યાંક બતાવી છે. તે પણ સંગત છે. વળી મૂળ ગ્રન્થમાં ઠામઠામ **વ્યવહાર નયઃ** શબ્દ છતાં–ટીકાકાર **व्यवह्रीयते**–કરીને ચલાવે છે. ટીકાકાર મૂળકારથી એ રીતે જુદાં પડીને–એવી વ્યાખ્યા કેમ કરે છે? તે સમજવું જરૂરનું છે. પ્રમાણદૃષ્ટિને સામે રાખીને એમ લખતા હોય, તો તે સમજી શકાય તેમ છે. પરંતુ નિશ્ચયનયને સામે રાખીને તેમ કરતા હોય, તો મૂળ ગ્રન્થ સાથે ક્યાંક વિરોધ આવી જાય છે. કારણકે–મૂળકાર જ્યારે સાક્ષાત્ શબ્દોથી **નિશ્ચય નયઃ** અને **વ્યવહાર નયઃ** એ બે નયોનો ઉલ્લેખ કરે છે. અને નિશ્ચયની દૃષ્ટિમાં વ્યવહાર નયને નજીવો–નકામો

ઠરાવે છે. તેમ છતાં તે બે નયનો ઉલ્લેખ તો કરેજ છે. જો એકજ નય હોય, અને તે પણ નિશ્ચયનયજ હોય, તો પછી તે નય કહેવાયજ નહીં. કેમકે–નય શબ્દજ બીજી અપેક્ષા સાપેક્ષપણે રાખતો હોવાથી બીજી વસ્તુની અપેક્ષા રાખે છે. એટલે વ્યવહારનય કોઈ સદ્દ્ભૂત તત્ત્વ હોય તોજ નિશ્ચયનય પણ સદ્દ્ભૂત તત્ત્વ હોઈ શકે છે. પાત્રજીવ વિશેષને વ્યવહારનયની દૃષ્ટિથી નિષ્પન્ન વ્યવહાર ઉપયોગી હોય, એમ બને. તેટલા ઉપરથી એ નયનું અસ્તિત્વજ નથી. ન હોઇ શકે. એ કેમ માની શકાય? નય શબ્દજ બન્નેયનો અનિચ્છાએ પણ સ્વીકાર કરાવે જ છે. મોઢેથી ગમે તેટલી ના પાડવા છતાં તેનું અસ્તિત્વ વંધ્યાપુત્ર જેવું ઠરી શકે તેમ નથી. અને **શ્રી કુંદકુંદાચાર્ય**નો એ આશય પણ નથી. તેમણે જૈન ધર્મની ઇમારતથી કોઇ જુદી ઇમારત રચી નથી. રચી હોય તો તે જૈનાચાર્ય ન ગણાય. વાસ્તવિક રીતે તેમની આખી વિચારસરણી જૈનદર્શનની ઇમારત સાથે સંગત છે.

શું તેઓને ભગવાન **મહાવીર સ્વામિ**ની પરંપરામાંથી કાંઇ ન મળ્યું. યા તેમાં આમાંનું કાંઇ નહોતું, માટે તેમણે એ જ્ઞાન **મહાવિદેહ ક્ષેત્રમાં**થી લાવવું પડયું? શું ભગવાન **મહાવીર સ્વામિ** અને **શ્રી સીમંધર સ્વામિ** ભગવાનના ઉપદેશમાં કાંઇ મૌલિક જુદાપણું છે? કોઇ બાબતમાં પરસ્પર વિરોધ છે? **શ્રી કુંદકુંદ સ્વામિના પહેલાથી શ્રી વીર પ્રભુનું** શાસન વ્યુચ્છેદ પામી ગયું હતું? નહિં જ. એટલે ગ્રન્થનું મહત્ત્વ બતાવવા માટે એ જાતની કથા સંકળાયેલી હોય, તે બનવાજોગ છે.

**સમય સાર** ગ્રન્થનું તાત્પર્ય સર્વથા ક્રિયાનો ઉચ્છેદ કરવામાં નથી. તે તે ભૂમિકા ઉપર રહેલા આત્માને તે તે ક્રિયા અવશ્ય કરવી પડે છે. અલબત્ત, પ્રાથમિક કક્ષાને લગતી ક્રિયા ઉપરની કક્ષામાં છોડી દેવી પડે છે. યોગ્ય કક્ષાવાળા જીવો માટે યોગ્ય ક્રિયાનું પ્રતિપાદન એ એકાંત વ્યવહારનું પ્રતિપાદન માનવામાં ગંભીર ગેરસમજ છે. શાસન નિરપેક્ષ નિશ્ચયના પ્રતિપાદન કરતાં, શાસન સાપેક્ષ વ્યવહારનું પ્રતિપાદન ઉચ્ચ કક્ષાની પ્રતિપાદકતા છે.

## ક્રિયાની મહત્તા સૂચક કેટલાક મુદ્દાઓ સમજવા જેવા છે,

૧. અદ્વૈતનું સત્તત્ત્વ જાણ્યા પછી, પણ જ્ઞાની સ્વેચ્છા પ્રમાણે વર્તે, તો પછી તત્ત્વજ્ઞ અને કુતરામાં ફરક શો ? અર્થાત્ તેણે–પોતાને યોગ્ય આચરણ રાખવુંજ જોઇએ. તો જ અદ્વૈતની પ્રાપ્તિ થાય છે.

૨. ઉત્પન્ન થયેલા ભાવને ટકાવવા તથા નવો ઉત્પન્ન કરવા–ક્રિયા પ્રવૃત્તિ–સદાચરણ–ચાલુજ રાખવું આવશ્યક થાય છે.

૩. સ્વયં પ્રકાશ દીવાને પણ તેલની જરૂર પડે છે. તેજ પ્રમાણે જ્ઞાનપૂર્ણ આત્માને પણ પોતાની કક્ષાને અનુકુળ ક્રિયા–પ્રવૃત્તિ–આચરણ રાખવુંજ પડે છે.

૪. ક્રિયાને બાહ્યભાવ સમજીને વ્યવહારથી સમજીને છોડાવે છે, તેઓ મોઢામાં કોળીયો મૂક્યા વિના ભુખ ભાંગવા ઇચ્છે છે.

૫. ગુણવાનોના બહુમાન માટે રોજની જાગૃતિ માટે પણ સત્ક્રિયા જરૂરી છે.

૬. ક્ષાયિક ભાવમાં જે ક્રિયા કરવામાં આવે છે, તે પતિતને પણ ભાવવૃદ્ધિનું, ટકવાનું, યા ઉત્પન્ન થવાનું, કારણ બને છે.

૭. જિનેશ્વરદેવને સંયમ સ્થાન એક પણ હોયજ છે.

૮. જ્ઞાનથી નાશ કરી શકાય તેવા કર્મોનો નાશ જ્ઞાનથી થાય, પણ ક્રિયાથી–ચારિત્રથી–આચરણાથી નાશ કરી શકાય તેવા કર્મો આચરણાથી થાય છે. માટે આચરણા આવશ્યક છે.

૯. સર્વ કર્મોનો નાશ કરવામાં જ્ઞાન અને ક્રિયા પરસ્પર અવિરોધિ છે. પ્રત્યાખ્યાન પરિજ્ઞાનું જ્ઞાન તે જ ચારિત્ર છે. "**જ્ઞાનદશા** આકરી, તે ચરણ વિચારો."

૧૦. છાદ્મસ્થિક જ્ઞાન અને ક્રિયા સાથે કામ કરે છે. ક્ષાયિક પણ સાથે કામ કરે છે.

૧૧. કેવળજ્ઞાન થવાની બીજાને માલુમ ન પડે, ત્યાં સુધી કેવળજ્ઞાની પણ–ગુરુ આદિના વિનયઃ વંદનઃ વિગેરે વ્યવહારો ચાલુ રાખે છે.

૧૨. કેવળજ્ઞાન પામ્યા પછી જિનેશ્વર ભગવંતો યોગ નિરોધ–સમુદ્ઘાત વિગેરે ક્રિયા કરે છે. શૈલેશીકરણ કરે છે–પછીજ મોક્ષમાં જાય છે.

૧૩. જ્ઞાનનો પરિપાક થવાથી ક્રિયા અસંગપણું પામે છે. પરંતુ જેમ ચંદનથી તેનો ગંધ જુદો પડતો નથી. તેમ ક્રિયા પણ તેનાથી જુદી પડતી નથી.

૧૪. જેઓ ક્રિયાથી મુક્ત થઇ માત્ર જ્ઞાનનુંજ અભિમાન રાખે છે, તેઓ જ્ઞાનઃ અને ક્રિયાઃ એ બન્નેયથી ભ્રષ્ટ થઇ નાસ્તિક બને છે. તેમાં સંશય નથી.

૧૫. જ્ઞાનની જાગૃતિને આગળ કરીને બીજાઓની નજરમાં પોતાના કામાસક્તિ આદિક ભાવોને લોકોથી છુપાવતા નાસ્તિકો જગત્‌ને ઠગતા હોય છે. તેવા નાસ્તિકોથી જગત્ ઠગાઇ રહ્યું છે.

૧૬. જ્ઞાનમાં અને ક્રિયામાં જેનો એકી સાથે આદર છે. તે દ્રવ્યથી અને ભાવથી શુદ્ધ થઇ મોક્ષ પામે છે.

શ્રી ઉપાધ્યાયજી મહારાજના અનુભવમાંના કેટલાંક વાકયો ઉપર ટાંકયાં છે.

આ ઉપરથી–**સમય સાર** એકાંતથી ક્રિયાનો નિષેધક નથી. કેમકે–**શ્રી કુંદકુંદાચાર્ય** પોતેજ સાધુ જીવનની ક્રિયામાં રહ્યા હતા. અને જો તેઓ તેના નિષેધક હોત, તો–તેમણે પણ દીક્ષા છોડી દીધી હોત. અને પરમાત્મા મહાવીર દેવ જેવા તીર્થંકર ભગવંત કરતાં તો તેઓ પોતાને વધારે જ્ઞાની માનતા નહોતા. પરમાત્માએ પણ મુનિપણામાં ઉપસર્ગો સહ્યા અને ઘોર તપ કર્યું છે. પરંતુ આજે અનાત્મવાદીઓ, એકાંતવાદીઓ **સમય સાર** ગ્રન્થનો દુરૂપયોગ કરી રહ્યા છે. અહીં દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી વ્યવહાર અને નિશ્ચયનયનું સ્વરૂપ તથા તે બન્નેય નયોની અપેક્ષાએ આત્માનું સ્વરૂપ બતાવવું આવશ્યક હતું. પરંતુ–વિસ્તાર ભયથી ન બતાવતાં આગળ ઉપર અવકાશ હશે, તો સંક્ષેપમાં બતાવીશું. નયોના સ્વરૂપ સમજ્યા વિના કેવો ગોટાળો ઉભો કરી સમય સાર ગ્રન્થનો દુરૂપયોગ કરવામાં આવે છે? તે જોઇ વાંચકો આશ્ચર્યચકિત થશે.

# ૧૯. શ્રી - મલ્લી - નાથ - જિન - સ્તવન.

## ક્ષપકશ્રેણિ પૂર્ણ થતાં, ચાર ઘાતીકર્મોનો નાશ થયે, અઢાર દોષો રહિત થવાથી પ્રાપ્ત થતું સર્વજ્ઞ વીતરાગપણું:

સ્વ-પર્યાય રૂપ **પર-સમયમાં** પણ સ્થિતિ કર્યા વિના-કેવળ **સ્વ-સમયમાં**-દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી કેવળ સ્વાત્મ દ્રવ્યમાં. સ્થિર થયેલા સ્વાનુભવસ્થ આત્મા ક્ષપકશ્રેણિના અન્ત સુધીમાં ચાર ઘાતીકર્મોનો નાશ થવાથી અઢાર દોષરહિત થઇ સર્વજ્ઞઃ સર્વદર્શીઃ બની અનન્ત ચતુષ્ક પામે છે. જ્ઞાનાવરણીય કર્મના નાશથી-અનન્ત જ્ઞાનઃ દર્શનાવરણીય કર્મના નાશથી-અનન્ત દર્શનઃ મોહનીય કર્મના નાશથી-અનન્ત ચારિત્રઃ અને અંતરાય કર્મના નાશથી-અનંત વીર્યઃ એ ચાર સંપૂર્ણ-ક્ષાયિક ભાવના મહાગુણો પ્રાપ્ત કરે છે.

**રાગ : કાફી :** "સેવક કિમ અવગણિયે ? હો !"—**એ દેશી.**

**સેવક કિમ અવગણિયે ? હો !**
**મલ્લિ-જિન ! એ અબ શોભા સારી ?**
**અવર જેહને આદર અતિ દીયે,**
**તેહને મૂળ નિવારી. હો !** **મલ્લિ૦ ૧**

**અવગણિયે**=અપમાનીયે-ઉપેક્ષા કરીયે. **અબ**=હવે, હાલમાં. **સારી**=સુંદર. અથવા સઘળી-બધી. **અવર**=બીજા. **આદર**=સન્માન. **અતિ**=ઘણો. **મૂળ**=મૂળથીઃ જડમૂળથી. **નિવારી**=નાશ કરવાથી-દૂર કરવાથી.

હે **મલ્લિનાથ** ! જિનેશ્વર દેવ ! બીજા જને ઘણો આદર આપે છે, તેઓનો જડમૂળથી નાશ કરીને આપ સેવકોનું જ અપમાન કેમ કરો છો ? શું હાલમાં તેમ કરવાથી જ આપની સુંદર શોભા થાય છે. અથવા હાલની સ્થિતિમાં તેમ કરવામાં જ શું સર્વ શોભા છે !

અવર એટલે હરિહરાદિક દેવો અથવા બીજા સાંસારિક જીવો સમજવા. કે જેઓ-રાગદ્વેષને વશ પડેલા છે. તેવા જીવો રાગદ્વેષ મોહા-

દિકને ઘણો આદર આપીને પોતાની પાસે રાખે છે. તે અનાદિ-કાળના સેવકોને આપ કાયમને માટે કાઢી મૂકો છો. અને તેઓનું અપમાન કરો છો. પહેલા તેઓને આદર આપવામાં સારી શોભા હતી, અને હવે તેઓને વિદાય કરી દેવામાંજ શું આપની તમામ પ્રકારની શોભા સમાયેલી છે?

સેવકો અને તે પણ જુના હોવા છતાં—જ્યારે ગુન્હેગાર તરીકે જાણવામાં આવે છે, દોષ કરનારા થાય છે, દોષરૂપ પરિણામ નિપજાવે છે, ત્યારે તેઓને કાઢી નાખવામાંજ શોભા છે? ૧

**कर्म्म-द्रून्मूलने हस्ति-मल्लं मल्लिमभिष्टुमः ।** **સકલા-ऽर्हत्-સ્તુતિમાં હસ્તિમલ્લ:** શબ્દ યોજાયેલો છે. **મલ્લિનાથ** પ્રભુ હસ્તિમલ્લ જેવા થઇને અઢાર દોષો રૂપ પ્રતિસ્પર્ધિ પ્રતિમલ્લો સામે યુદ્ધમાં ઝઝુમતા હોવાનું વર્ણન કરીને ગર્ભિત રીતે શ્લેષ યોજી બતાવી મલ્લિ નામની સાર્થકતા સૂચવી જણાય છે.

**૧. અજ્ઞાન દોષોનો નાશ: સર્વજ્ઞતા ગુણની પ્રાપ્તિ:**

**જ્ઞાન-સ્વ-રૂપ અના-ऽऽદિ તમારું.**
**તે લીધું તમે તાણી.**
**જુઓ:-" અ-જ્ઞાન-દશા રીસાવી."**
**જાતાં કાણ ન આણી. હો! મલ્લિ૦ ૨**

**જ્ઞાન-સ્વ-રૂપ**=જ્ઞાનમય સ્વરૂપ: જ્ઞાનમયપણું. **અના-ऽऽદિ**=અનાદિકાળનું. **તાણી**=ખેંચી. **અ-જ્ઞાન-દશા**=અજ્ઞાત અવસ્થા. **રીસાવી**=ખીજવી. રીસાવાઇ, ખીજવાઇ. **કાણ**=મોકાણ. **કાણ ન આણી**=મોકાણ માંડી નહીં. **જાતાં**=જવા લાગી છતાં. ૨

અનાદિકાળનું, ઉપલક્ષણથી અનંતકાળનું પણ—તમારું જે જ્ઞાનમય સ્વરૂપ છે, તેને આપે નીચે દબાયેલું હતું—તે ઉપર તાણી લીધું છે. ને આપ જ્ઞાનમય બની ગયા છો. આમ કરવાથી—આપે જુઓ તો ખરા કે—અજ્ઞાન દશાને રીસાવી દીધી છે. રીસાઇને કાયમને માટે

ચાલી જાય છે, છતાં-આપ તેની મોકાણ પણ માંડતા નથી. કોઇને પોતાનો કાયમી સ્નેહી કાયમને માટે છોડીને ચાલ્યો જાય, તો તે તેની પાછળ રો-કકળ કરે છે, છાજીયાં લે છે, ને તેની મોકાણ માંડે છે. ત્યારે આપ તો-તેની પાછળ કાંઈપણ કરતા નથી. તો હે મલ્લિનાથ પ્રભો ! શું તે અત્યારે આપને શોભા રૂપ છે? આ રીત-ભાત શોભા રૂપ ગણાય નહિં.

**વિરોધ પરિહારઃ** સર્વજ્ઞપણું પામવામાં અજ્ઞાનદશાનું ચાલ્યા જવું: એ પૂરેપૂરું શોભારૂપ છે. ૨

**૨. નિદ્રાદિ દોષનો નાશઃ ઉજ્જાગરતા ગુણની પ્રાપ્તિઃ**

**નિદ્રાઃ સુપનઃ જાગરઃ ઉજાગરતાઃ**
**તુરિય અવસ્થા આવી.**
**નિદ્રા – સુપન – દશા રીસાણી.**
**જાણી, ન નાથ ! મનાવી. હો ! મલ્લિ૦ ૩**

**નિદ્રા**=ઉંઘ. **સુપન**=સ્વપ્ના કાંઇક જાગ્રતપણું. **જાગર**=સ્હેજ ઉંઘ. ઘણે ભાગે જાગ્રત અવસ્થા. **ઉજાગરતા**=સંપૂર્ણ જાગ્રત અવસ્થા. **તુરિય-અવસ્થા**=ચોથી અવસ્થા. **જાણી**=જાણવા છતાં. **મનાવી**=સમજાવી. રહેવા ફોસલાવી. ૩

નિદ્રાઃ સ્વપ્નઃ જાગ્રત્ઃ અને ઉજ્જાગરતાઃ આ ચાર અવસ્થામાંની ચોથી-અવસ્થા આવી, એટલે-નિદ્રાઃ સ્વપ્નઃ અને ઉપલક્ષણઃ થી જાગ્રત્ એ ત્રણ દશા રીસાઇ ગઈ. રીસાઈ ગઇ એટલુંજ નહીં; પરંતુ, ચાલી જવાનું જાણવા છતાં, હે નાથ ! અથવા એક વખતના તેના સ્વામિ છતાં-આપે તેને જરાપણ રોકાવા માટે મનાવી નહીં. શું એ હવે સારી શોભા છે?

**વિ૦૫૦**-હા તે ભલે જાય. તેમાં હવે મારી પૂર્ણ શોભા છે.

પ્રથમના ત્રણ ગુણસ્થાનક એ નિદ્રા-અવસ્થાઃ ગણાય છે. ૪થાથી છઠ્ઠા સુધીના ગુણસ્થાનકોની અવસ્થાઃ સ્વપ્ન અવસ્થા ગણાય છે. સાતમા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધીની જાગ્રત્-અવસ્થાઃ ગણાય છે. અને તેરમા ગુણસ્થાનકથી ઉજ્જાગરતા-અવસ્થાઃ ગણાય છે. પ્રથમની ત્રણમાંની એક એક દશા ચાલી જાય, તેમ તેમ પછી પછીની દશા પ્રાપ્ત થાય છે. છેવટની ચોથી દશા આવે, એટલે પહેલાની એકે ય અવસ્થા રહી શકતી નથી. ૩

**૩. મિથ્યાત્વ દોષનો નાશઃ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિઃ**

**સમકિત સાથે સગાઈ કીધી**
**સ-પરિવાર શું ગાઢી.**
**મિથ્યા-મતિ અપરાધણ જાણી,**
**ઘરથી બહાર કાઢી. હો! મલ્લિ૦ ૪**

**સ-પરિવાર શું**=પરિવાર સાથે. **ગાઢી**=ગાઢઃ કદી ન તુટે તેવીઃ મજબૂત. **મિથ્યા-મતિ**=મિથ્યા બુદ્ધિઃ ઉલટી શ્રદ્ધાઃ અવળી બુદ્ધિ. **અપરાધણ**=ગુન્હેગારણ. ૪

પરિવાર સહિતના સમકિત ગુણની સાથે આપે મજબૂત સગપણની ગાંઠ બાંધી લીધી, અને મિથ્યાબુદ્ધિ-કુશ્રદ્ધાને ગુન્હેગારણ જાણીને ઘરથી બહાર કાઢી મૂકી. કેટલો બધો ગજબ તેના ઉપર ગુજાર્યો ? તો શું હવે તે બધું આપને બહુ શોભારૂપ છે ?

**વિ૦પ૦**-હા, તે મિથ્યાત્વના જવાથી હવે શોભા ખૂબ વધી ગઇ છે.

સમ્યક્ત્વના પરિવારમાં-**પ્રશમઃ સંવેગઃ નિર્વેદઃ અનુકમ્પાઃ અને આસ્તિક્ય**=અથવા ૬૭ ભેદોઃ વિગેરેનો સમાવેશ થાય છે. **ગાઢી સગાઇ કીધી**=એટલે કદી ન તુટે તેવું સગપણ બાંધ્યું. એટલે કે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું. "ભાંગે આદિ અનંત." ૧-૧ ૪

## ૪ થી ૯. હાસ્યાદિ છ દોષોનો નાશઃ

**હાસ્યઃ અ–રતિઃ રતિઃ શોકઃ**
**દુગંચ્છાઃ ભયઃ પામર કરસાલી**
**નો–કષાય શ્રેણિ–ગજ ચઢતાં**
**શ્વાનતણી ગતિ જાલી. હો ! મલ્લિ૰ ૫**

**હાસ્ય**=હસવું લાવનાર હાસ્ય નોકષાય નામનું ચારિત્રાવરણીય મોહનીય કર્મ. **અ–રતિ=અ–રતિઃ** દુઃખ આવી પડે, ત્યારે મનને નાખુશ કરી અસ્વસ્થ બનાવી દેનાર અ–રતિ નોકષાય નામનું ચારિત્રાવરણીય મોહનીય કર્મ. **રતિ**=સુખ સામગ્રીનો અનુભવ કરતી વખતે મનમાં ખુશી ઉત્પન્ન કરનાર રતિ નોકષાય નામનું ચારિત્રાવરણીય મોહનીય કર્મ. **શોક**=ઈષ્ટનો નાશ થવાથી, કે અનિષ્ટ સંજોગો આવી પડવાથી મનના શોકની લાગણી જગાડનારું શોક નોકષાય નામનું ચારિત્રાવરણીય મોહનીય કર્મ. **દુગંચ્છા**=અનિષ્ટ વર્ણઃ ગંધઃ રસઃ સ્પર્શઃ તથા પદાર્થ તરફ અણગમાની લાગણી જગાડનાર દુગંચ્છા નોકષાય નામનું ચારિત્રાવરણીય મોહ-નીય કર્મ. **ભય**=ભય પમાડનારી વસ્તુના સંસર્ગથી ભયની લાગણી જગાડનાર નોકષાય નામનું ચારિત્રાવરણીય મોહનીય કર્મ. **પામર**=ગરીબ. **કરસાલી**=આ શબ્દ પ્રસિદ્ધ ન હોવાથી, તેનો અર્થ સમજાતો નથી. છતાં કૃષ=દુબળા પડી ગયેલા એવો અર્થ લીધો છે. ક્યાંક—**કરસાલી** ને **ઘુરસાલી** એવા પણ પાઠભેદો છે. **નો–કષાય**=ચાર મુખ્ય કષાયોના મદદગાર નાના કષાયો. **શ્રેણિ**=ક્ષપક અને ઉપશમ શ્રેણિ. **શ્રેણિ–ગજ**=ક્ષપક શ્રેણિરૂપ હાથી. **શ્વાનતણી**=કુતરાની. **ગતિ**=ગમન. **જાલી**=પકડી. ૫

આપ જ્યારે ક્ષપક શ્રેણિરૂપ હાથી ઉપર ચડ્યા, ત્યારે હાસ્યઃ અ–રતિઃ રતિઃ શોકઃ દુગંચ્છાઃ અને ભયઃ એ પામર ને દૂબળા નોકષાયોએ કુતરાની ગતિ પકડી લીધી. આ પણ શું આપને મહા શુભરૂપ છે ?–હાથી બજારમાં ચાલે, ત્યારે કુતરાં તેની પાછળ ભસતાં

ભસતાં દોડતાં આવીને તેને કાંઈપણ ન કરી શકવાથી આખરે નિરુપાય થઇ પગ વચ્ચે પૂંછડી ઘાલીને ભસતાં ભસતાં જ નાશી જાય છે. "હાથી ચાલે બજાર, કુત્તા ભસે હજારઃ" તેમ આપ ક્ષપકશ્રેણિ રૂપ હાથી ઉપર ચડ્યા, અને તે હાથી આગળ આગળ વધતા ગયા-તેમ તેમ એક પછી એક સંયમ સ્થાન આપ ચડતા ગયા, ત્યારે-છયેયને ચાલ્યા જવું પડયું. છેવટની હદ સુધી પહોંચતામાં તેઓના બંધઃ ઉદયઃ ઉદીરણાઃ અને સત્તાઃ પણ ચાલ્યાં જાય છે.

વિ૦૫૦-જ્યારે **અનન્તાનુબન્ધીય** વિગેરે જેવા મોટા મોટા દિગ્ગજ જેવા કષાયો ચાલ્યા ગયા, તો પછી આ માત્ર નોકષાયો તો ટકીજ કેમ શકે? તેમને જવું પડેને? ભલે ગયા. તે શોભારૂપ છે. ૫

-કરસાવીને બદલે કરસાલી પાઠ ઠીક લાગે છે. કેમકે-ચોથાપાદમાં **જાલી** પદ છે. તેની સાથે **કરસાવીનો** અનુપ્રાસ મળે નહીં. તેથી સ્તવનકારને **કરસાલી** પાઠ ઇષ્ટ જણાય છે. કોઈ પ્રતિમાં **ઘુરસાલી** પાઠ છે. બન્નેયના અર્થ સમજાતા નથી. **કરસાલી**=એટલે **અલ્પ રસવાળા** એવો અર્થ કરીયે, તો શ્રેણિ આરોહણ વખતે તેઓના રસના ઘણા ભાગોનો ઘાત થઇ ગયો હોય છે. તેથી અલ્પરસવાળા હોય છે. તેથી **કૃશ**=દુબળા પડી ગયા હોય છે. માટે જ **પામર**=ગરીબ.

**૧૦થી ૧૨. રાગઃ દ્વેષઃ અનેઅવિરતિઃ દોષનો નાશ. વીત-રાગ-દોષની અને યથાખ્યાત ચારિત્રગુણની પ્રાપ્તિઃ**

રાગઃ દ્વેષઃ અ-વિરતિઃની પરિણતિ,
એ ચરણ-મોહના યોધા.
વીત-રાગ-પરિણતિ પરિણમતાં
ઉઠી નાઠા બોધા. હો! મલ્લિ૦ ૬

**રાગ**=માયાઃ અને લોભઃ કષાયો. **દ્વેષ**=ક્રોધઃ અને માનઃ કષાયો. **અ-વિરતિ**=વિરતિ ન હોવી. પાંચેય ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિઃ

છ જીવનિકાયના જીવોની હિંસાઃ અસત્યઃ ચોરીઃ અબ્રહ્મચર્યઃ **અને** મૂર્ચ્છાઃથી ભાવપૂર્વક દૂર ન રહેવાની વૃત્તિઃ તેમાં આસક્તિ. **પરિણતિ**=પરિણામઃ તે રૂપે આત્માએ પરિણામ પામીને રહેવું. **ચરણ–મોહ**=ચારિત્ર મોહનીય કર્મના. **યોધા**=યોદ્ધાઓઃ લડવૈયાઓ. **વીત–રાગ–પરિણતિ**=રાગરહિત પરિણામ, ઉપલક્ષણથી દ્વેષરહિત પરિણામ અને સર્વવિરતિ પરિણામ પણ સાથે સમજી લેવા. **પરિણમતાં**=પરિણામ પામતાં. **બોધા**=અગાઉથી ચેતીને–બોધ પામીને. જાગીને. ૬

વીતરાગ–દ્વેષ–પરિણામે આપનો આત્મા પરિણામ્યો, કે–તુરતજ રાગઃ દ્વેષઃ અને અવિરતિઃ પરિણામ રૂપી ચારિત્ર મોહનીયકર્મના એ ત્રણેય યોદ્ધાઓ અગાઉથી ચેતીને ઉઠીને નાશીજ ગયા. કષાયાદિક પરિણામે આત્મા પરિણામ પામે ત્યારે આત્મા કષાયાત્મા કહેવાય છે. તે જ આત્મા વીતરાગ પરિણામ પામે ત્યારે તેજ વીતરાગાત્મા કહેવાય છે.

વિ૦ ૫૦–ઘરના સાચા લડવૈયાઓ જાગ્રત્ થયા, કે શત્રુપક્ષના યોદ્ધાઓ ચેતીને પહેલેથી જ નાશી ગયા. ૬

### ૧૩. વેદોદય નામના દોષનો નાશઃ અને નિષ્કામીપણા-ગુણની પ્રાપ્તિઃ

**વેદોદય કામા – પરિણામા ઃ**
**કામ્ય – કરમ સહુ ત્યાગી,**
**નિષ્કામી કરુણા–રસ–સાગર !**
**અન–ન્ત–ચતુષ્ક–પદ–પાગી. હો ! મલ્લિ૦ ૭**

**વેદોદય**=સ્ત્રીને ભોગવવા તરફના આકર્ષણ રૂપ પુરુષવેદોદયઃ પુરુષને ભોગવવા તરફના આકર્ષણ રૂપ સ્ત્રીવેદોદયઃ અને બન્નેયને ભોગવવા તરફના આકર્ષણ રૂપ નપુંસકવેદોદય. **કામા પરિણામા**=કામવાસનાના પરિણામ. **કામ્ય–કરમ**=કામથી–ઇચ્છાથી ઉત્પન્ન

થતી પ્રવૃત્તિ. **સહુ**=સર્વ. **ત્યાગી**=છોડી દઈ. **નિષ્કામી**=ઇચ્છા રહિત. **કરુણા–રસ–સાગર**=**"સવિ જીવ કરું શાસન–રસી, એસી ભાવદયા મન ઉલ્લસી."** એ જાતની મહાકરુણા રૂપી રસ–પાણી. તેના સમુદ્ર સમાન. **પાગી**=પગમાં આવીને પડનાર. અથવા પ્રાપ્ત કરનાર. **અન–ન્ત–ચતુષ્ક–પદ–પાગી**=ચાર અનન્ત પદને પામનારા. અથવા ચાર અનન્ત પદો પગમાં આવીને નમ્યા. **ચતુષ્ક**=ચાર. **પદ**=સ્થાન. ચાર અનન્ત સ્થાન–અનન્ત જ્ઞાનઃ અનન્ત દર્શનઃ અનન્ત ચારિત્રઃ અનન્ત સમ્યક્ત્વઃ **પાગી** શબ્દનો અર્થ–" પ્રગટ થયા. " એવો પણ સંભવે છે. ૭

વેદોનો ઉદયઃ તે કામ–પરિણામ કહેવાય છે. તે કામ પરિણામથી ઉત્પન્ન થતી તમામ પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને, નિષ્કામી થયેલા કરુણારસના સાગર પરમાત્મા ચાર અનંતપદો પામે છે.

અથવા–નિષ્કામી એવા હે કરુણા રસના સાગર ! ચાર અનન્તપદ આપના પગમાં આવીને હાજર થાય છે.

મોહનીય કર્મના નાશથી સમ્યક્ત્વઃ અને ચારિત્રઃ એ બે અનન્ત ગુણો પ્રાપ્ત થાય છે. એ અપેક્ષાએ ત્રણ ઘાતિકર્મોથી ઉત્પન્ન થયેલા ઉપરના ૧૩ દોષો નાશ પામવાથી એ ચાર અનન્ત ગુણો પ્રાપ્ત થાય છે. અને હવે પછીની બે કડીમાં આવતા અંતરાય કર્મમાંના વીર્યાન્તરાય કર્મનો નાશ થવાથી અનંતવીર્ય પ્રગટ થાય છે.

૯ દર્શનાવરણીય કર્મોનો નાશ થવાથી અનન્ત દર્શન ગુણ પ્રાપ્ત થાય છે. તેની સૂચના–**નિદ્રાઃ સુપનઃ** ઈત્યાદિથી ત્રીજી કડીમાં કરી છે. જો કે–એ ચાર અવસ્થા આધ્યાત્મિક વિકાસની અવસ્થાઓ છે. પરંતુ, ગર્ભિત રીતે નિદ્રાદિક પાંચ નિદ્રાના નાશની પણ તેમાં સૂચના છે. અને ૧૨ મા ગુણસ્થાનકને અંતે દર્શનાવરણીય સર્વ કર્મોનો નાશ થવાથી આધ્યાત્મિક ચોથી ઉજ્જાગરતા દશા પ્રાપ્ત થાય છે. એમ સાથે સાથે સમજવું.

વિ૦ ૫૦–ચાર દોષ ગયા કે ચાર અનન્તગુણ પગમાં આવીને પડ્યા–નમ્યા. ૭

**૧૪-૧૫. દાનાન્તરાય દોષનો નાશઃ અભયદાન ગુણની પ્રાપ્તિઃ**

દાન–વિઘન વારી, સહુ–જનને
અ – ભય – દાન – પદ – દાતા.
લાભ–વિઘન જગ–વિઘન–નિવારક !
પરમ–લાભ–રસ–માતા. હો ! મલ્લિ૦ ૮

**દાન–વિઘન**=દાનાન્તરાય કર્મ. **વારી**=દૂર કરી. વારણ કરી. **સહુ–જનને**=સર્વ જીવોને. **અ–ભય–દાન–પદ–દાતા**=અભયદાન પદના આપનાર. **લાભ–વિઘન**=લાભાન્તરાય કર્મ. **જગ–વિઘન–નિવારક**=જગત્‌ના સર્વ વિઘ્નોના નાશક–મંગળરૂપ. **પરમ–લાભ–રસ–માતા**=ઉંચામાં ઉંચા લાભના પદમાં મસ્તઃ મોક્ષ પ્રાપ્તિરૂપી પરમપદમાં લીન. ૮

દાનાન્તરાય કર્મનો નાશ કરીને, જગત્‌ના સર્વ પ્રાણિયોને અભય-દાન પદ–નિર્ભય સ્થાન–મોક્ષ–ના આપનાર બન્યા.

અને જગત્‌માંના વિઘ્નોના નાશ કરનારા હોવાથી મંગળભૂત આપ લાભાન્તરાય કર્મનો પણ નાશ કરી, મોક્ષપદના લાભમાં મોક્ષપદ પ્રાપ્ત કરી મસ્ત બન્યા છો. ૮

**૧૬-૧૭-૧૮–ભોગાન્તરાયઃ ઉપભોગાન્તરાયઃ અને વીર્યા-ન્તરાયઃ દોષોનો નાશઃ અનન્ત-ભોગઃ ઉપભોગઃ અને વીર્યઃગુણની પ્રાપ્તિઃ**

વીર્ય–વિઘન પણ્ડિત–વીર્યે હણી,
પૂરણ – પદવી – યોગી.
ભોગોપભોગ–દોય–વિઘન નિવારી,
પૂરણ–ભોગ–સુ–ભોગી. હો ! મલ્લિ૦ ૯

**વીર્ય-વિઘન**=વીર્યાન્તરાય કર્મ. **પણ્ડિત-વીર્યે**=પંડિતવીર્યે કરીને. **પણ્ડિત-વીર્ય**=આત્મવિકાસ માટે આત્મબળને જાગ્રત કરી તદનુકુળ મનઃ વચનઃ કાયાઃની પ્રવૃત્તિ કરી, સર્વથા યોગરહિત થવાનું બળ. **હણી**=નાશ કરી. **પૂરણ-પદવી-યોગી**=પૂર્ણ-પદવી-મોક્ષપદ સાથે જોડાઈ જનારા. **ભોગોપભોગ**=માળાઃ વિલે-પનઃ વિગેરે એક વખત ભોગવી શકાય, તે ભોગ. ઘરઃ વસ્ત્રઃ વિગેરે વારંવાર ભોગવાય, તે ઉપભોગ. **દોય-વિઘન**=એ અન્ત-રાય કર્મ. **નિવારી**=નિવારણ કરી, રોકી. **પૂરણ-ભોગ-સુ-ભોગી**-પૂરેપૂરા ભોગોના સારી રીતે ભોગવનારા. ૯

આપ પંડિત વીર્યે કરીને વીર્યાન્તરાય કર્મનો નાશ કરી, પૂર્ણપદ સાથે જોડાઈ ગયા. ભોગાન્તરાય કર્મઃ તથા ઉપભોગાન્તરાય કર્મઃનો નાશ કરીને પૂર્ણ-ભોગોનાઃ ને ઉપલક્ષણથી-ઉપભોગોનાઃ પણ સારી રીતે ભોગવનાર બન્યા છો.

અનન્ત દાનઃ અનન્ત લાભઃ અનન્ત ભોગઃ અનન્ત ઉપભોગઃ અનન્ત વીર્યઃ એ પાંચ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૯

**એ અઢાર-દૂષણ-વર્જિત-તનુ**
**મુનિ-જન-વૃન્દે ગાયા.**
**અ-વિરતિ-રૂપક-દોષ-નિરૂપણ.**
**નિર્દૂષણ મન-ભાયા.** **હો ! મલ્લિ૦ ૧૦**

**અઢાર-દૂષણ-વર્જિત-તનુ**=અઢાર દોષો રહિત સ્વરૂપવાળા. **મુનિ-જન-વૃન્દે**=મુનિઓના સમૂહે. **અ-વિરતિ-રૂપક-દોષ-નિરૂપણ**=અવિરતિ વિગેરેને દોષોનું રૂપક આપીને નિરૂપણ કર-વામાં આવ્યું છે. **નિર્દૂષણ**=દોષો રહિતઃ નિર્દોષ સ્વરૂપે. **મન-ભાયા**=મનમાં ભાવ્યાઃ મનમાં રુચિકર થયા. ૧૦

એ અઢાર દોષોથી રહિત સ્વરૂપવાળા આપ, કે જેના ગુણોનું ગાન મુનિઓના સમૂહોએ કર્યું છે. અવિરતિ વિગેરે દોષોનું રૂપકથી

રૂપકાલંકારથી વર્ણન કર્યું છે. નિર્દૂષણતાથી—એટલે સદ્‌ગુણોથી આપ મનને પ્રિય લાગ્યા છો.

વાસ્તવિક રીતે ગુણોનું જ નિરુપણ કરવામાં આવ્યું છે. અજ્ઞાનદશાઃ નિદ્રાઃ સ્વપ્નાવસ્થાઃ જાગ્રત્ અવસ્થાઃ મિથ્યાત્વઃ વિગેરેને હલકટ સ્ત્રી-ઓના રૂપકથી વર્ણવેલ છે. છ નોકષાયોના નાશી જવાને કુતરાની ગતિ સાથે ઘટાવેલ છે. તથા સામેથી જ્ઞાનઃ ઉજ્જાગરતાઃ સમ્યક્ત્વઃ ચારિત્ર શ્રેણિ ઉપર ચડવું. નિષ્કામીપણું: અભયદાનઃ પૂર્ણ લાભઃ પૂર્ણ વીર્યઃ પૂર્ણ ભોગઃ તથા ઉપભોગઃ વિગેરે ગુણોનું પણ સાથે જ વર્ણન છે. દૂષણોનું રૂપકથી વર્ણન છે. તે દૂર કરવાનું છે. અને સામે ગણાવેલા ગુણો તરફ મનમાં આદર ધરવાનો છે. પ્રભુમાં એ ગુણો હોવાની મહામુનિઓ પણ તેઓની સ્તવના કરે છે. ૧૦

**ઉપસંહારઃ પરીક્ષા કરીને સત્પુરુષનો સ્વીકાર કર-વાનો ઉપદેશ અને તેથી લાભઃ—**

**ઇણિ વિધ પરખી, મન–વિશરામી–**
**જિન–વર–ગુણ જે ગાવે,**
**દીન–બન્ધુની મહેર–નજરથી**
**" આનન્દ–ઘન "–પદ પાવે. હો ! મલ્લિ૦ ૧૧**

**ઇણ–વિધ**=એ પ્રકારે. **પરખી**=પરીક્ષા કરી. **મન–વિશરામી–જિન–વર–ગુણ**=મનને વિસામો આપે તેવા જિનેશ્વર ભગવંતના ગુણો. **ગાવે**=ગાય. **દીનબંધુની**=ભાવથી દીન જીવોને આત્મ-ગુણોથી સમૃદ્ધ કરવામાં બંધુ સમાન–તીર્થંકરદેવની. **મહેર–નજરથી**=કરુણાભરી દૃષ્ટિથી. **આનન્દ–ઘન–પદ**=મોક્ષપદ. **પાવે**=પામે છે. ૧૧

ઉપર જણાવેલા અઢાર દોષ રહિત હોવાની પરીક્ષા કર્યા બાદ જે જીવો મનને વિસામો—શાંતિ—આપે તેવા ઉચ્ચ ગુણોના ભંડાર એવા

શ્રી જિનેશ્વર ભગવંતના ગુણોનું ગાન કરે છે, તેઓ તે દયાળુ પ્રભુની અમી દૃષ્ટિથી મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

અઢારમાંના કોઇપણ દોષો સહિત હોય, તેને દેવ માની શકાય નહિ. સર્વથા નિર્દૂષણ-કોઇપણ દોષથી રહિત થાય, ત્યારે જ દેવ તરીકે સ્વીકાર કરી શકાય છે. એક પણ દોષ હોય ત્યાં સુધી તેને દેવ તરીકે સ્વીકારી ન શકાય. અને એવા દેવજ મોક્ષ આપવા સમર્થ થઇ શકે છે. ૧૧

## રહસ્યાર્થ:

આ સ્તવનમાં-પહેલી ગાથામાં પ્રભુના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું નથી. પરંતુ-છુટા છુટા ગુણનિર્દેશક શબ્દોનો ઉપયોગ કરીને પ્રભુની ઉત્કૃષ્ટ સ્તવના કરવામાં આવી છે.

**નાથ: ગજ-શ્રેણિ ચઢતાં: વીતરાગ-પરિણતિ પરિણમતાં: બહુ-કામ્યકર્મોના ત્યાગી. નિષ્કામા: કરુણા-રસ-સાગર: અનન્ત-ચતુષ્ક-પદ-પાગી: અભય-દાન-પદ-દાતા: પરમ-લાભ-રસ-માતા: પૂરણ-પદવી-યોગી: પૂરણ-ભોગ-સુ-ભોગી: અઢાર-દૂષણ વર્જિત-તનુ: નિર્દૂષણ :મન-ભાયા: મન-વિશરામી: દીન-બંધુ:** વિગેરે ગુણસૂચક વિશેષણો ઠામ ઠામ મૂકીને સ્તુતિ કરી છે.

આ સ્તવનમાં પણ-૧૭ મા સ્તવનની જેમ હાસ્યરસ મિશ્રિત શાંતરસ છે.

દિગમ્બર ગ્રંથકારોએ નીચે પ્રમાણે ગણાવેલા અઢાર દોષો આઠ કર્મોનો નાશ થવાથી સિદ્ધ ભગવંતોમાં ઘટે છે. પરંતુ ચાર ઘાતિકર્મોનો નાશ થવાથી ઉત્પન્ન થયેલા ૧૮ દોષોનો નાશ તો ભવસ્થ તીર્થંકર ભગવંતોમાં જ ઘટે છે.

અહીં—

**અ-ક્ષય દાન: અ-ચિંતની**
**લાભ: અ-યત્ને ભોગ: હો જિનજી!**

"વીર્ય-શક્તિ અ-પ્રયાસતા:
શુદ્ધ-સ્વ-ગુણ-ઉપભોગે: હો! જિનજી! ૪
શ્રી દેવચંદ્રજીચોવીશી. સ્તવન-૭ મું.

અંતરાય કર્મના પાંચ ભેદોનો નાશ થવાથી અક્ષયદાનાદિક પાંચ કેવા પ્રકારના ગુણો ઉત્પન્ન થાય? તે વિષે ઉપરની ગાથાના વિવેચનમાં નીચે પ્રમાણે જણાવેલું છે.

"હે પ્રભુજી! તમને-સ્વરૂપનું દાન: સ્વરૂપનો લાભ: સ્વપર્યાયનો ભોગ: સ્વગુણનો ઉપભોગ: સ્વ-સર્વ-પરિણતિ સહકાર-શક્તિ ને વીર્ય: એ રીતે ધર્મ પ્રગટ થાય છે."

૧ એક ગુણ બીજા ગુણોને સહાય કરે છે. તે **અક્ષયદાન:** ૨ એક ગુણને બીજા ગુણની સહાયની પ્રાપ્તિ, તે લાભ. **અચિંત્ય લાભ:** ૩ સ્વપર્યાયને પ્રતિસમયે ભોગવવા રૂપ **અયત્ને ભોગ:** ૪ સર્વગુણની પ્રવૃત્તિમાં સહાયકતા-**અપ્રયાસતા-વીર્ય:** ૫ શુદ્ધસ્વગુણોનો **ઉપભોગ:**
વીર્યગુણ સર્વગુણોને મદદ કરે છે, જ્ઞાનગુણનો ઉપયોગ વીર્યને સ્ફૂરાવે છે. જ્ઞાનરમણમાં ચારિત્ર સહાયક છે. પરમાં રમણતા ન કરવા દેવામાં જ્ઞાન ચારિત્રને સહાયક છે. એ રીતે ગુણો બીજા ગુણોને દાન આપે છે. ત્યારે અન્ય ગુણો તેનો લાભ લે છે."

દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા: નિદ્રા નિદ્રા: વિગેરે ઉત્પન્ન થાય છે. અને તેના નાશથી ઉજ્જાગરતા ગુણ પ્રકટે છે. પરંતુ આ સ્તવનમાં નિદ્રા: સ્વપ્ન: જાગર: ઉજ્જાગરતા: એ ચાર અવસ્થાના નામ બતાવ્યા છે. [1]આ ચાર અવસ્થાઓ આધ્યાત્મિક

---

૧. ચાર છે ચેતનાની દશા અ-વિતથા:—
બહુ શયન: શયન: જાગરણ: ચોથી: તથા
મિચ્છ: અ-વિરત: સુયત: તેરમે: તેહની
આદિ ગુણઠાણે નય-ચક્રમાંહે મુણી. ૧૬-૨.
૩૫૦ ગાથાનું ઉપાધ્યાયજી મહારાજ શ્રીયશોવિજયજીનું સ્તવન.

**અર્થ**:—૧. ૧ લાથી ૩ જા ગુણસ્થાનક સુધી બહુશયન: ૨. ૪ થાથી ૬ ઠ્ઠા ગુણસ્થાનક સુધી શયન: ૩. ૭ માથી ૧૨ મા ગુણસ્થાનક સુધી જાગરણ.

વિકાસની ભૂમિકાઓ સૂચવે છે. તો પછી દર્શનાવરણીય કર્મના નાશથી નિદ્રા વિગેરેનો નાશ કેવી રીતે થાય ? આ ચાર પ્રકારની આધ્યાત્મિક અવસ્થાઓ તો મોહનીય કર્મના નાશથી પ્રગટ થાય છે. તો પછી એ વાત કેવી રીતે સંગત થાય ?

આમાં–નિદ્રા શબ્દના સામ્યથી આધ્યાત્મિક નિદ્રા અને સાથે સાથે બીજી અવસ્થાઓ પણ સૂચિત કરી દીધી છે. તેમનું લક્ષ્ય તો દર્શનાવરણીય નામના ઘાતિકર્મના નાશથી છેલ્લી ઉજ્જાગરતા દશા ઉત્પન્ન થાય છે. કારણકે બારમા ગુણસ્થાનકને અંતે દ્વિચરિમ સમયે નિદ્રા–પ્રચલા નામની દર્શનાવરણીય કર્મની બે પ્રકૃતિનો ઉદયમાંથી, ને સત્તામાંથી નાશ થાય છે. મોહનીય કર્મનો ૧૦ માને અંતે નાશ થાય છે. એટલે જો મોહનીય કર્મના નાશથી થતી અવસ્થા ઇષ્ટ હોત તો ૧૦ મા પછી ઉજ્જાગરતા દશા પ્રાપ્ત થઇ જાય. તેને બદલે ૧૩ મે ઉજ્જાગરતા પ્રાપ્ત થાય છે. તેવું વર્ણન કર્યું, તેથી ૧૨ મા ને અંતે થયેલા દર્શનાવરણીય કર્મના નાશનું પણ સૂચન આવી જાય છે. એક સાથે–નિદ્રા એટલે લોક પ્રસિદ્ધ ઉંઘઃ અને આધ્યાત્મિક અર્થ મિથ્યાત્વના ઉદયથી ઉત્પન્ન થતી અજ્ઞાન અવસ્થા રૂપ ઉંઘ–એ બન્નેયનું સૂચન કરી દેવામાં આવેલું છે.

---

દશાઃ ૪. ૧૩ માથી ૧૪ મા સુધી ઉજ્જાગરણ દશાઃ હોય છે. આ વાત નયચક્ર ગ્રંથમાંથી જાણવામાં આવી છે.

# ૨૦. શ્રી-મુનિ-સુ-વ્રત-જિન-સ્તવન.

## મોક્ષ ઘટી શકે તેવું આત્મ-સ્વરૂપઃ

સર્વ-જ્ઞ : સર્વ-દર્શી : આત્મા અવશ્ય મોક્ષમાં જાયજ છે. પરંતુ, આત્માનું સ્વરૂપ કેવા પ્રકારનું હોય, તોજ બંધઃ અને મોક્ષઃ ઘટી શકે ?" અને "મોક્ષ પ્રાપ્ત કરવામાં આત્માની કેવી અવસ્થા મોક્ષરૂપ બની શકે છે ?" આવા પ્રશ્નોનું સમાધાન આ સ્તવનમાં આપવામાં આવેલું છે. **૧૮ મા સ્તવનમાં** નિશ્ચય નય પ્રધાન આત્માનુભવનું સ્વરુપ બતાવવામાં આવ્યું છે, ત્યારે આ સ્તવનમાં શુદ્ધ આત્મદ્રવ્યની એકાગ્રતા-જ્ઞાન-જ્ઞેય-પ્રમાણ પ્રમેય-વિગેરે કોઈપણ જાતના વિકલ્પો રહિત-શુદ્ધ કેવળ આત્મદ્રવ્ય સ્વરૂપે ભાસ થવાનું સમજાવવામાં આવ્યું છે. વિશેષમાં-"મોક્ષ માનનારા બીજા દર્શનો આત્માનું જે સ્વરુપ માને છે, તે રીતે બંધ અને મોક્ષ ઘટી શકતા નથી. તે તે દર્શનોની માન્યતામાં ઐકાન્તિકપણું હોવાથી કયા કયા દોષો જણાઇ આવે છે ?" તે પણ સમજાવવામાં આવેલું છે. આ સ્તવનમાં ગાથા ૨-૩-૪-૫-૬ એ પાંચ ગાથામાં-પાંચ વાદોનું ખંડન કરવામાં આવેલું છે. જે અનુક્રમથી એ વાદોનું ખંડન છે, તે જ અનુક્રમે **શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી મહારાજની "શ્રી જિનેન્દ્ર એજ શરણ"-દ્વાત્રિંશિકા**-માંની ૨૬ મી સ્તુતિમાં સંક્ષેપમાં નિર્દેશ નીચે પ્રમાણે કરવામાં આવેલો છે.

**अ-बन्धस्तथैकः स्थितो वा क्षयी वा-ऽ**
**प्यऽ-सद् वा मतो यैर्जडैस्सर्वथाऽऽत्मा ।**
**न तेषां विमूढा-ऽऽत्मनां गोचरो यः**
**स एकः परा-ऽऽत्मा गतिर्मे जिनेन्द्रः ॥२६॥**

**અર્થ**—"જે જડ લોકો આત્માને ૧. "બંધ રહિત" ૨. "એક" ૩. "સ્થિત" ૪. "ક્ષણ ક્ષયી" અને ૫. "અસદ્" રૂપ સર્વથા-એકાન્તથી-માને છે. તે મૂઢ લોકો જેને સમજી શકતા નથી, તે જીનેન્દ્ર પરમાત્મા મને શરણ રૂપ હો. ॥ ૨૬ ॥

**રાગ : કાફી :** "આધા આમ પધારો પૂજ્ય !"—**એ દેશી.**

**૧. આત્મ પદાર્થ વિષેનો જિજ્ઞાસાપૂર્વકનો પ્રશ્નઃ—**

શ્રી-મુનિ-સુ-વ્રત-જિન-રાજ !
એક મુજ વિનતિ નિસુણોઃ— શ્રી-મુ૦

"આતમ-તત્ત્વ કયું જાણું ? જગદ્-ગુરુ !
એહ વિચાર મુજ કહિયો.
આતમ-તત્ત્વ જાણ્યા વિણ નિર્મળ-
ચિત્ત-સમાધિ ન વિ લહિયો." શ્રી-મુ૦ ૧

**નિસુણો**=સાંભળો. **આતમ-તત્ત્વ**=આત્માનું તત્ત્વ. **કયું**=કેવી રીતે ? કેવું ? **નિર્મળ-ચિત્ત-સમાધિ**=ઉંચા પ્રકારની આત્મિક સમાધિ-શાંતિ. **કહિયો**=કહેશો. **લહિયો**=પમાય. ૧

હે **મુનિસુવ્રત જિનરાજ !** મારી એક વિજ્ઞપ્તિ સાંભળો: "હે જગદ્ગુરુ ! આત્મ તત્ત્વ કેવી રીતે જાણવું ? અથવા આત્માનું તત્ત્વ-સ્વરૂપ કેવું સમજવું ? કેવું છે ? તે સમજાવો. કારણકે-આત્માનું તત્ત્વ જાણ્યા વિના-એટલે કે-આત્માને તાત્ત્વિક સ્વરૂપે-ખરેખરા રૂપે-જાણ્યા વિના શુદ્ધ આત્મ સમાધિ પ્રાપ્ત થઇ શકતી નથી. માટે તે જાણવાની જરૂર છે. ૧

**મુનિ** અને **સુ-વ્રત** શબ્દમાંથી-રાગ-દ્વેષ: મોહ: અને નયાદિકના પક્ષ: વિના કેવળ આત્મ તત્ત્વમાં લીન થવામાં મુનિપણાનો અને તેની સાધના માટે સારા સારા વ્રતો પાળવાનો ધ્વનિ સમજાય છે. તેથી આ સ્તવનમાં મુનિપણાનો અને સુ-વ્રતધારી બનવાનો ગર્ભિત ધ્વનિ હોવાથી **મુનિ-સુવ્રત**-નામનો શ્લેષથી ઉપયોગ કર્યો છે.

## ૨. આત્મ પદાર્થ વિષેની જુદી જુદી માન્યતાઓ:-

૧ "અ-બંધ:" પક્ષ:-

કોઇ:-" અ-બન્ધ આતમ-તત્ત્વ." માને
કિરિયા કરતો દીસે.
" કિરિયાતણું ફલ કહો કુણ ભોગવે ?"
એમ પૂછ્યું, ચિત્ત રીસે. શ્રી-મુનિ૦ ૨

**અ-બન્ધ**=બંધ રહિત. **આતમ-તત્ત્વ**=આત્મ તત્ત્વ. આત્માનું

તાત્ત્વિક સ્વરૂપ. **માને**=માને છે. **દીસે**=દેખાય છે. **કુણ**=કોણ. **ચિત્ત**=મનમાં. **રીસે**=રીસ કરે છે. ખીજાય છે.

કોઇ દર્શનકારો "આત્મા કર્મબંધ રહિત–નિર્લેપઃ છે." એમ એકાન્તે માને છે.

**वि–गुणो न बध्यते, न मुच्यते.**

**અર્થ:**—"સત્ત્વઃ રજસ્ઃ અને તમસ્ઃ એ ત્રણ ગુણથી રહિત–ગુણાતીત આત્માઃ બંધાતો નથી, ને મૂકાતો યે નથી."

યદ્યપિ–પરમશુદ્ધ નયથી. "આત્મા–નિર્લેપ છે." એ વાત ખરી છે. પરંતુ બીજા નયથી "તે–સલેપ પણ છે." એમ માનવું જોઈએ. પરંતુ સર્વથા નિર્લેપ હોવાની એકાન્ત માન્યતા માનવામાં દોષ છે. તે દોષ બતાવવામાં આવે છેઃ—

આત્માને નિર્લેપ માનવા છતાં તે માનનારા પોતાના સંપ્રદાયના ધાર્મિક અનુષ્ઠાનોની ક્રિયા કરતા તો જોવામાં આવે છે.

જ્યારે–આપણે તેને પૂછીશું, કે–"કહો મહાશય! આમ જ્યારે આત્માને નિર્લેપજ માનો છો, તો પછી, આપ જે આ ક્રિયાઓ કરી રહ્યા છો, તેનું ફળ કોણ ભોગવશે?"

આ પ્રશ્ન કરવાથી, તેનો જવાબ તેમને જડતો નથી, કેમકે–"નિર્લેપ ને લેપ રહિત કરવાની ક્રિયા નકામીજ જાય, નિષ્ફળજ જાય. એટલે તે પ્રયત્ન નકામોજ જ ગણાય." એમ પોતાનીજ વાતમાં પરસ્પર વિરોધ પોતાનેજ જણાય છે.–પછી, રીસ ચડાવીને ચીડાઈ જાય છે. જવાબ આપી શકતા નથી.

**૨ "એકઃ" પક્ષઃ—**

**"ચડઃ ચેતનઃ એ આતમ એક જ."**
**"સ્થાવરઃ જંગમઃ સરખો.**
**સુખ–દુઃખ–સંકર–દૂષણ આવે.**
**ચિત્ત વિચારી, જો પરીખો."** **શ્રી–મુનિ૦ ૩,**

**જડ**=નિર્જીવ, ચેતનારહિત. **ચેતન**=સચેત જ્ઞાનસહિત. **સ્થાવર**=સ્થિર પદાર્થો-નિર્જીવ પદાર્થો. **જંગમ**=ગતિશીલ, ચાલતા, હરતા, ફરતા, પદાર્થો. **સરખો**=સરખા. **સુખ-દુઃખ-સંકર-દૂષણુ**=સુખ અને દુઃખના સંકર રૂપ દોષ. **આવે**=આવે છે. લાગે છે. **ચિત્ત-વિચારી**=મનમાં વિચાર કરીને. **પરીખો**=પરીક્ષાકને કરશો. 3

" આ જગતમાં-જે કોઇ નિર્જીવ પદાર્થો દેખાય છે, તથા જે કોઇ સચેતન પદાર્થો દેખાય છે. તે સઘળાયે-એકજ સરખા-એકજ આત્મરૂપ છે." "સચરાચર એકાત્મક છે."

એમ માનવાથી પ્રત્યક્ષ પ્રમાણથી જુદાજુદા જણાતા **સ્થાવર** અને **જંગમ** બન્નેય પ્રકારના પદાર્થો એક સરખા જ થઇ જશે. એમ થવાથી સ્થાવરને સુખઃ દુઃખ ન થાય, અને સચેતનને સુખઃ દુઃખઃ થાયઃ આ જડઃ અને ચેતનઃના જુદાજુદા લક્ષણો છે. વિશ્વમાં તે જાતની વ્યવસ્થા દેખાય છે, તે લક્ષણોઃ અને વ્યવસ્થાઃ બન્નેય રહેશે નહીં. કારણ કે-જડને પણ ચેતનની જેમ સુખ-દુઃખ માનવા પડશે. અને ચેતનને જડની જેમ સુખ-દુઃખ રહિત પણ માનવા પડશે. એમ અવ્યવસ્થા થવાથી તમો બરાબર વિચાર કરીને પરીક્ષા કરી જોશોઃ તો " આમાં તમનેજ સંકર-નામનો દોષ લાગે છે. " તે તુરત સમજવામાં આવી જશે. જેમાં લક્ષણો સેળભેળ થઈ જાય, જુદાજુદા પદાર્થના જુદાજુદા લક્ષણો કોઇ એકજ લક્ષ્યમાં ઘટી જાય, તે **સંકર દોષ** ગણાય.

જેમ કે-ઉડે તે પક્ષિ. અને આંચળવાળા પ્રાણી હોય, તે પશુ. ત્યારે વડ વાંગડામાં-પક્ષિના અને પશુના બન્નેયના લક્ષણો દેખાય છે. કેમકે-તે ઉડે છે, અને આંચળવાળાં પણ છે. માટે-તેમાં પશુઃ અને પક્ષિઃ એમ બન્નેયના લક્ષણનું સાંકર્ય થયેલું છે. 3

દ્રવ્યત્વઃ સત્ત્વઃ વિગેરે સામાન્ય ધર્મ સ્વીકારનાર સંગ્રહનયની

અપેક્ષાએ જડઃ અને ચેતનઃ જરૂર એક છે. પણ–વ્યવહારાદિક નયની અપેક્ષાએ અલગ અલગ પણ છે. પરંતુ એકાંતથી બન્નેયને એક માનવામાં સાંકર્ય દોષ આવે છે. તે વિચારી જોજો. ૩

૩. "નિત્યઃ" પક્ષઃ—

એક કહેઃ–"નિત્ય જ આતમ–તત્ત."
આતમ–દરિસણ–લીનો.
કૃત્–વિનાશઃ–અ–કૃતા–ઽઽગમઃ–દૂષણ
નવિ દેખે મતિ–હીણો." શ્રી–મુનિ૦ ૪

**આતમ–તત્ત**=આત્મતત્ત્વ. **આતમ–દરિસણ–લીનો**=આત્મ-દર્શનમાં લીન. કેવળ આત્મતત્ત્વમાં માનનારો. કેવળાદ્વૈતવાદી. બ્રહ્મૈક્યવાદી. **કૃત–વિનાશ**=કરેલાનો નાશ. **અ–કૃતા–ઽઽગમ**= ન કરવા છતાં ફળની પ્રાપ્તિ. **દૂષણ**=દોષ. **મતિ–હીણો**=મતિ-હીન. અલ્પ બુદ્ધિવાળો. અપૂર્ણ વિચારશીલ તત્ત્વજ્ઞાનના જ્ઞાનમાં અપૂર્ણઃ ૪

એક બ્રહ્મૈક્યવાદી–વેદાન્તી કહે છે, કે–"આત્મતત્ત્વ–કૂટસ્થ–નિત્યજ છે." પરંતુ, "તત્ત્વજ્ઞાનમાં અપૂર્ણ જ્ઞાન ધરાવનાર તે વાદી–પોતાના કથનમાં કૃત–નાશઃ અને અ–કૃતા–ઽઽગમઃ નામના બે દોષો આવે છે, તે સમજી શકતા નથી.

પદાર્થને એકાન્તથી નિત્ય માનવામાં સર્વવાદી સમ્મત અને પ્રત્ય-ક્ષાદિથી જણાઇ રહેલો કાર્ય–કારણ ભાવજ ઘટી શકે નહીં–જગતમાં કોઇ પણ કાળે કોઇ પણ રીતે કાર્ય–કારણભાવ સંભવી શકેજ નહીં. કેમકે–કાર્ય–કારણ ભાવમાં–એક પદાર્થ કાર્ય–તરીક હોય છે, ત્યારે બીજો પદાર્થ કારણ તરીકે હોય છે. અથવા એકજ પદાર્થની એક અવસ્થા–એક પર્યાય કારણરૂપ બને છે, અને બીજો પર્યાય કાર્યરૂપ બને છે. જેમ–લોખંડરૂપ એક પદાર્થનું તાર રૂપ કાર્ય ઉત્પન્ન થયું.

અને તે તારમાંથી એક કડી બનાવી દીધી-તારરૂપ કારણમાંથી કડીરૂપ કાર્ય ઉત્પન્ન થયું. તારઃ અને કડીઃ એ બન્નેય લોખંડના પર્યાયો છે. લોખંડનોજ તાર રૂપ એક પર્યાયઃ તેનીજ કડીરૂપ બીજા પર્યાયનું કારણ બનેલ હોય છેઃ

—પરંતુ, જો લોખંડ સદાકાળ નિત્યજ—એકજ સ્વરૂપમાં રહેનારું હોય, તો તેમાંથી તારઃ અને કડીઃ શી રીતે બની શકે ? તારઃ અને કડીઃ અનુક્રમે બનતા તો જોવામાં આવે છે. આ બનતા બનાવ વિષે તમારે તમારા વિજ્ઞાન મુજબ કાંઈક પણ ઉપપત્તિ કરવીજ પડશે, તેની વ્યવસ્થા બતાવવીજ પડશે. તમે જે કાંઇ ઘડાવશો, તેમાં તમારે નિત્ય પદાર્થમાં પણ ફેરફાર–પરિવર્તન–થવાનું કલ્પનાથી કે ખરા રૂપમાં કે બીજી કોઈ રીતે માનવુંજ પડશે. નિત્ય માનવા સામે તો અમારે ય વાંધો નથી. પણ કશાયે ફેરફાર વગરનું એકાંતથી નિત્ય માનવામાં તમો ફાવી શકશો નહીં ! કેમકે–વિશ્વમાં થતા પરિવર્તનો તેથી ઘટાવી શકશો નહીં. માટે કથંચિત્ પણ અનિત્યપણું માનવું જ પડશે. જે રીતે માનવું હોય, તે રીતે માનો. પણ માન્યા વિના ચાલશેજ નહીં. આ વાત બરાબર ધ્યાનમાં રાખો.

કાર્ય–કારણ ભાવજ નહીં માનો. તો બીજ વિના ફળ નિપજાવી દેવું પડશે. અથવા ફળ વિના ચલાવી લેવું પડશે. એક જાતિના પ્રાણીના–નરઃ ને માદાઃથી બીજા પ્રાણીઓની ઉત્પત્તિઃ બીજમાંથી અનાજ વિગેરેની ઉત્પત્તિઃ પ્રત્યક્ષથી થાય છે. તે સર્વ વિના ચલાવી લેવું પડશે. જગત્ના પ્રાણીઓ આહારથી જીવે છે. તે સર્વ મરી જાય. અથવા તેમાંનો કોઇનુંયે કોઈ પણ કાળે અસ્તિત્વજ ન સંભવે. તે અસ્તિત્વ તો પ્રત્યક્ષાદિ પ્રમાણથી સંભવતું જણાઇ રહ્યું છે. છતાં "તેમાંનું કાંઇ જ નથી." એમ શી રીતે કહી શકશો ?

કહેશો, કે—" તે બધું છે તો ખરું, પરંતુ–કાલ્પનિક છે. સ્વપ્નમાં જેમ ભાસતા પદાર્થો વાસ્તવિક રીતે હોતા નથી, માત્ર મનની

ભ્રમણાથી ઉત્પન્ન થઈને જણાય છે. તેમ દૃશ્યમાન સૃષ્ટિવિષે પણ સમજવું–અવિદ્યા–અજ્ઞાનથી માત્ર ભાસ થાય છે, એમ સમજવું."

અરે ! પણ મનની ભ્રમણા કેમ થઇ ? મન ક્યાંથી આવ્યું ? તેની ભ્રમણા અને મનની શુદ્ધિઃ તે શું ? બ્રહ્મ એકજ છતાં–અવિદ્યાઃ અજ્ઞાનઃ ક્યાંથી આવ્યા ? જે રીતે આવ્યા હોય, તે રીતે માનો. પણ તમારું એકપણું તેથી અદ્વૈત ટકી શકતું નથી. અને તે પણ જો બ્રહ્મમાંથી આવેલ હોય, તો બ્રહ્મ એક સ્વરૂપે નિત્ય રહી શક્યું નહીં. માટે "**પરિણામિ હોવા છતાં** નિત્યઃ" એમ માનશો, અને કહેશો, તો વાંધો આવશે નહીં. નહીંતર, તમારે બોલવાની બારી નથી.

વળી, "અવિદ્યા–અજ્ઞાનનો નાશ કરવા **વેદાન્તવિધિ-શેષત્વનો** ઉપયોગ કરવો પડે છે. તે વિના શુદ્ધ બ્રહ્મત્વની પ્રાપ્તિ થતી નથી." એમ તમે કહો છો. અને તે કરવાનો વિધિ પણ બતાવો છો. પરંતુ, જો બ્રહ્મ સદા નિત્ય જ હોય, તો–વિધિશેષત્વની પ્રવૃત્તિ શા માટે કરવી ? કેમકે–તેનું કાંઈ ફળ તો નથી. માટે કૃતનાશદોષ આવશે. અને "વિધિશેષત્વની પ્રવૃત્તિ કરવાથી અવિદ્યાનો નાશ થાય છે." એમ કહેવાથી પણ–અકૃતા–ऽऽગમ દોષ આવશે. કેમકે–અવિદ્યાનો નાશ હતો જ. અવિદ્યા હતી જ નહીં. કેમકે–બ્રહ્મ જ એકલું હતું. તે આજે પણ છે. માટે અવિદ્યાના નાશરૂપ ફળ તો વિધિશેષત્વ કર્યા વિના પણ હતું જ. એ રીતે બંધઃ અને મોક્ષઃની પણ વ્યવસ્થા ઘટી શકશે નહી. સાદી સમજથી જ આ રીતે સમજાય તેમ છે.

**કૃત--નાશ**—એટલે કે–પૂર્ણ કારણ સામગ્રી મળવા છતાં કાર્યની ઉત્પત્તિ ન થવી. **અ–કૃતા–ऽऽગમ**—એટલે કારણ વિના પણ કાર્યની ઉત્પત્તિ.

નિત્ય માનો તેની સામે વાંધો નથી. એકાંતથી નિત્ય માનો છો. તેની સામે પૂરતો વાંધો છે, એટલું જ નહીં; પરંતુ, તમારી એ એકાન્ત માન્યતા ખોટી છે. ૪

૪. " અ-નિત્ય: " પક્ષ:—

સૌ-ગત-મત-રાગી કહે વાદી:—
" ક્ષણિક એ આતમ " જાણો. "
" બન્ધ: મોક્ષ:, સુખ: દુ:ખ, ન વિ ઘટે."
એહ વિચાર મન આણો. શ્રી-મુ૦ ૫

**સૌ-ગત-મત-રાગી**=બૌદ્ધ મત ઉપર પ્રેમ ધરાવનાર-તેના અનુયાયી. **વાદી**=વાદ નિપુણ. પક્ષકાર. **ક્ષણિક**=ક્ષણ માત્ર સુધીજ ટકનાર. પછી નાશ પામનાર. ૫

કોઇ વાદ નિપુણ **બૌદ્ધમત**ના રાગી કહે છે, કે-" એ આત્મા ક્ષણિક જ છે." એમ જાણો."

પરંતુ, મનમાં વિચાર કરી જોતાં જણાશે, કે-" એ પ્રમાણે આત્મા પદાર્થ ક્ષણવાર જ ટકનારો હોય, તો પછી તેને બંધ: મોક્ષ: સુખ: દુ:ખ: વિગેરેમાંનું કાંઇ પણ ઘટી શકશે જ નહી."

કેમકે-બાંધનારો આત્મા ક્ષણવારમાં નાશ થયો. પછી મોક્ષ કોનો થાય ? પાપ કરનારો આત્મા ક્ષણ પછી નથી. તો પછી તેનું ફળ દુ:ખ કોણ ભોગવે ? એજ પ્રમાણે પુણ્ય કરનારો આત્મા ક્ષણવાર પછી વિદ્યમાન નથી હોતો. તો પછી તે પુણ્યના ફળરૂપ સુખ કોણ ભોગવે ?

અને જો તમારે આત્માનો પુણ્ય-પાપ-સુખ દુ:ખ તથા બંધ અને મોક્ષ ઘટાવવા હશે, તો કોઇને કોઈ રીતે આત્માનું નિત્યપણું માન-વુંજ પડશે.

" ક્ષણ વિનશ્વર પદાર્થોની વચ્ચે એક ક્ષણ ઉત્પત્તિ-નાશની પરંપરા ચાલે છે. સંતાન-ચાલે છે. તે આગળ પાછળનો સંબંધ જોડવામાં ઉપયોગી થાય છે."

સંતાન વળી ક્યાંથી આવી પડયું ? તેના કરતાં-પદાર્થ જ જેમ

ક્ષણિક નાશ અને ઉત્પત્તિ ધારણ કરે છે. તેમજ તેનામાં ધ્રુવતા પણ છે. એટલે નિત્ય છતાં પદાર્થ પરિણામી છે. એમ જ કહી નાંખોને? મારા ભાઇ! એટલે બધુંયે બરાબર ઘાટી જાય તેમ છે. નહીંતર, ગમે તેટલા ગુંચવાશો-તો પણ ખરી વાત સમજવામાં આવશે નહીં.

**य एव दोषाः किल नित्य-वादे**
**अनित्य-वादेऽपि समास्त एव ।**

**અર્થ:**—"જે દોષો નિત્યવાદમાં લાગે છે. તે જાતના સરખા દોષો અનિત્ય-વાદમાં પણ લાગે છે."

ખરી રીતે-વિશ્વ અનાદિ અનંતકાળથી વિદ્યમાન છે, તેની અખંડ-તાને ધ્યાનમાં લઇને-નિત્યતાના પ્રતિપાદક શબ્દો પકડી લઈ, વેદાંતે-એકાન્ત નિત્યપણાનું પ્રતિપાદન કર્યું.

અને નિત્યપદાર્થોમાં પણ ક્ષણે ક્ષણે ઉત્પત્તિ અને વિનાશ ચાલુ હોવાથી, તથા-વૈરાગ્ય વાસિત આત્માની દૃષ્ટિમાં દુન્યવી દરેક પદાર્થ નિરૂપયોગીઃ ત્યાજ્યઃ અને અસ્થાયિ ઉપયોગવાળા છેઃ તે વિગેરેને ધ્યાનમાં લઇને બૌદ્ધોએ દરેક પદાર્થને એકાંતથી જ "ક્ષણિક-અનિત્ય" ઠરાવી દીધા.

અપેક્ષાએ એ બન્નેયની વાત સાચી છે. પરંતુ-એકાંત પકડવામાં બન્ને યે ભૂલ કરી દીધી છે.

દરેક પદાર્થ-ઉત્પાદઃ વ્યયઃ અને ધ્રૌવ્યઃ યુક્ત છે. આ સત્ય વસ્તુ-સ્થિતિ છે. આ ત્રણ તત્ત્વને બ્રહ્માઃ મહેશઃ અને વિષ્ણુઃ એ ત્રણ રૂપકમાં પુરાણકારોએ ઘટાવેલ છે. તેઓ કહે છે, કે-એક દેવઃ ઉત્પત્તિઃ કરે છે. બીજાઃ નાશઃ કરે છે. ત્રીજાઃ રક્ષણઃ જાળવણીઃ સ્થૈર્યઃ રાખે છે. ૫

**૫. "અ-સદ્ઃ" પક્ષઃ—**

**"ભૂત-ચતુષ્ક-વર્જિત-આતમ-તત્ત-**
**સત્તા અળગી ન ઘટે."**

"અંધ શકટ જો નજરે ન દેખે,
તો શું કીજે શકટે ?" શ્રી–મુ૦ ૬

**ભૂત–ચતુષ્ક–વર્જિત–આતમ–તત્ત–સત્તા**=પૃથ્વીઃ પાણીઃ અગ્નિઃ અને વાયુઃ એ ચાર ભૂત શિવાય આત્મા પદાર્થની–તત્ત્વની–વિદ્યમાનતા. **અંધ**=આંધળો. **શકટ**=ગાડું. ૬

"પૃથ્વીઃ પાણીઃ અગ્નિઃ અને વાયુઃ એ ચાર ભૂત શિવાય આત્મા પદાર્થની વિદ્યમાનતા કોઇ પ્રકારે જુદી હોવાની ઘટી શકતી જ નથી. એ ચાર ભૂતનો સમૂહઃ તેજ આત્મા." એમ **ચાર્વાક** મતવાળા કહે છે.

આમ કહેવાનું કારણ એ છે, કે–"એ ચારજ પદાર્થો પ્રત્યક્ષથી જાણી શકાય છે. પ્રત્યક્ષ પ્રમાણથી દેખી શકાય–જાણી શકાય–તેજ પદાર્થ જગત્માં હોઈ શકે. પરભવ–વિગેરે પ્રત્યક્ષ દેખાતા નથી, માટે જગત્માં તે સંભવી શકે જ નહીં. આત્મા પણ જુદા પદાર્થ તરીકે પ્રત્યક્ષ દેખાતો નથી. માટે તે પણ કોઈ જુદો પદાર્થ નથીજ." આત્મા પદાર્થ જુદો ન માનવાનું મુખ્ય કારણ ચાર્વાક પ્રત્યક્ષ પ્રમાણવાદી છે. બીજા કોઈ પણ પ્રમાણને તે માનતો નથી. અનુમાનાદિક બીજા પ્રમાણોને માને, તો તેને બીજા ઘણા પદાર્થો માનવા પડે. એકલા પ્રત્યક્ષ પ્રમાણને જ માનવાની તેની વાત ખોટી ઠરાવવાને બહુ જ સાદી યુક્તિ આપવામાં આવી છેઃ—

"ધારો કે–એક આંધળા માણસને ગાડામાં બેસીને ક્યાંક મુસાફરી કરવા જવું છે. પરંતુ, તે ગાડાને પોતાની નજરે પ્રત્યક્ષ જોઈ શકતો નથી. હાથના સ્પર્શથી અનુમાન કરીને, અથવા બીજા સાચાબોલા અને હિતસ્વી માણસ તરફથી "ગાડું પાસે જ છે." એમ તેને કહેવામાં આવે છે. અને તેથી તેને માલૂમ પડે છે, કે–"ગાડું મારી બાજુમાં છે." તેથી તે આંધળો માણસ ગાડાનો ઉપયોગ કરે કે

તત્ત્વજ્ઞાની છે. બાકીના પૂર્ણભૂમિકાથી ઉચ્ચઃ અને ઉપરની ભૂમિકાથી ઉતરતાઃ તત્ત્વજ્ઞાની છે.

૪. **આનન્દ-ઘન-પદની પ્રાપ્તિઃ** એ આત્મ સાધનાનું છેલ્લામાં છેલ્લું ઉચ્ચ ફળ છે.

માટે, આત્મા છે, આત્માના ગુણો છે. આત્માનો આધ્યાત્મિક વિકાસ થાય છે. તેના છેવટના ફળ સ્વરૂપ-પરમ મોક્ષ છે. અવાંતર ફળસ્વરૂપ નાના નાના મોક્ષો પણ હોય છે. ( નૈગમાદિ નયથી ) આધ્યાત્મિક વિકાસનું વિજ્ઞાન છે. તે વિજ્ઞાન સમજાવનારા શાસ્ત્રો છે. અમુક હદ સુધી શાસ્ત્રની મદદ આવશ્યક છે. પછી તેની જરૂર પડતી નથી. તે સ્થિતિમાં પહોંચેલા તત્ત્વજ્ઞ આત્માને તે સર્વ વાગ્જાળ સમાન જણાય છે.

**व्यापारः सर्व-शास्त्राणां दिक्प्रदर्शनमेव हि ।**
**पारं तु प्राप्यत्येकोऽनुभवो भव-वारि-धेः ॥ २ ॥**

**જ્ઞાનસાર-૨૬.**

**अतीन्द्रियं परं ब्रह्म विशुद्धाऽनुभवं विना ।**
**शास्त्र-युक्ति-शतेनाऽपि नैव गम्यं कदाचन ॥ २१ ॥**

અધ્યાત્મોપનિષદ્-૨.

**तत्त्वतो ब्रह्मणः शास्त्रं लक्षकं, न तु दर्शकम् ॥३॥**

**અધ્યાત્મોપનિષદ્-૨.**

**અર્થ:**—સર્વ શાસ્ત્રોનો અભ્યાસ માત્ર દિશા જ દર્શાવે છે. પરંતુ, આત્માનો અનુભવ એક જ સંસાર સમુદ્રથી પાર પહોંચાડવાનું કામ કરી શકે છે. ૨.
વિશુદ્ધ આત્માનુભવ વિના અતીન્દ્રિય પરમ **બ્રહ્મ-આત્મા** શાસ્ત્રોની સેંકડો યુક્તિઓથી પણ કદી ગમ્ય થઈ શકતો નથી. ૨૧

ખરી રીતે, શાસ્ત્ર તો માત્ર આત્માને દૂરથી સૂચવી શકે છે. પણ પૂરેપૂરો બતાવી શકતું નથી. ૩.

આ સ્તવનમાં વાચકો આત્મા અને તત્ત્વજ્ઞાન વિષે ઘણું-વિશેષ જાણી શકશો.

# ૨૧. શ્રી-નમિનાથ-જિન-સ્તવન.

## મોક્ષ આપવામાં સમર્થ જૈન શાસનની વ્યાપકતાઃ

અઢાર દોષ રહિત થઇ કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યાં પછી, શ્રી તીર્થંકર પ્રભુ મોક્ષમાં જતાં પહેલાં જગતના જીવો ઉપર લોકોત્તર ભાવ-ઉપકારક **જૈન શાસનરૂપ મહાધર્મ તીર્થ** નામની સર્વોપરિ સંસ્થા સ્થાપે છે. જે સર્વ જીવોના કલ્યાણની અનન્ય આધાર રૂપ બને છે. જેને આધારે જગતમાં ન્યાયઃ નીતિઃ સદાચારઃ અને તેની પરાકાષ્ઠા મયઃ દુર્ગુણોના ત્યાગ રૂપઃ અને રત્નત્રયીની આરાધના રૂપઃ આધ્યાત્મિક જીવન પ્રવર્તે છે. તે મહાસંસ્થાના સંચાલન માટે ભક્તોમાંથી શ્રમણ પ્રધાન ચતુર્વિધ શ્રમણ સંઘની સ્થાપના કરે છે. શ્રી તીર્થંકર પ્રભુના જીવે પાછળના ત્રીજા ભવમાં **વીશ સ્થાનક**ની આરાધનાનું પ્રબળ નિમિત્ત પામીને, તીર્થંકર-નામ-કર્મ બાંધ્યું હોય છે. તેનો ઉદય થવાથી, તે ખપાવવા માટે તીર્થંકર પરમાત્મા એ બધી પ્રવૃત્તિઓ કરે છે. તીર્થંકર-નામ-કર્મ બધા જીવો બાંધી શકતા નથી. પરંતુ જે જીવની અનાદિ કાળથી તે જીવના સ્વભાવની **તથા-ભવ્યતા-રૂપ** ઉપર જણાવી તેવી—"**સર્વ જીવો મોક્ષ-માર્ગ પામી, મોક્ષમાં જાય**" મહાભાવ-કરુણારૂપ **ભાવદયા** હોય છે. તેઓજ એ નામકર્મ બાંધી શકે છે. અને તીર્થંકર થઇ શકે છે.

તીર્થંકરના કર્મના ઉદયથી તેઓનો સર્વાતિશાયી પુણ્ય પ્રભાવ જગતમાં વિસ્તરે છે, અને દેખાય છે. કેમકે-તેની પાછળ નિર્મલ આત્માનો પૂર્ણ પ્રકાશ પણ કામ કરી રહ્યો હોય છે. તેનાથી ભાવથીઃ દ્રવ્યથીઃ કુતુહલથીઃ આશ્ચર્યથીઃ સદ્ભાવથીઃ વિગેરે ભાવનાથી તેમની નજીક ઘણા જીવો ખેંચાઇને આવે છે. અને તીર્થંકર પરમાત્મા તરફથી-મોક્ષમાર્ગની પ્રેરણા મેળવે છે. ને મોક્ષમાર્ગના મુસાફર બની શકે છે. આથી કરીને-તીર્થંકર નામ કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલી તીર્થંકરપણાની સૂચક અષ્ટ મહા પ્રાતિહાર્યાદિક બાહ્ય ઋદ્ધિ "ધર્મોપદેશ સાંભળવાનો લાભ ઘણા જીવો મેળવી શકે" માટે પ્રાથમિક આકર્ષણ ખાતર તે તેથી પણ બહુ ઉપયોગી થાય છે.

1. જીવો તીર્થંકર ભગવાન તરફથી મોક્ષ માર્ગનો ઉપદેશ પામે છે.
2. અષ્ટ પ્રાતિહાર્યાદિક જીવોને આકર્ષે છે.
3. અષ્ટ પ્રાતિહાર્યાદિક-તીર્થંકર નામ કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે.

૪. તીર્થંકર નામ કર્મ:—

"સર્વ જીવકરું શાસન રસી."

એવી મહા કરુણાને યોગે તેને પ્રગટ કરવા માટે બંધાય છે.

૫. તીર્થંકર થઇને મોક્ષમાં જનારા જીવમાં-અનાદિ કાળથી-તે જાતની મહાકરુણારૂપ ભાવના તે જીવની **તથા--ભવ્યતાને** યોગે સહજ રીતે જ અવ્યક્તરૂપે હોય છે.

૬. તેથી, તે વસ્તુઓ તીર્થંકર પ્રભુના પરિગ્રહ રૂપ નથી હોતી. પરંતુ જીવોના કલ્યાણુ માટેની ઉચ્ચ સામગ્રી રૂપે હોય છે. આમ સમજવું. આથી શ્રી તીર્થંકર પ્રભુ કેવળ જ્ઞાન પામી:—

(૧) આધ્યાત્મિક વિકાસ રૂપ રત્નત્રયીની આરાધના અને સાવદ્યના ત્યાગમય પાત્ર ભેદ રૂપ–દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: ભાવ: મુજબ ઉત્સર્ગ–અપવાદની વ્યવસ્થાથી અનાદિ સિદ્ધ આધ્યાત્મિક વિજ્ઞાનના પ્રતીકોમય ધર્મનો ઉપદેશ આપે છે.

(૨) જીવોને ધર્મની પ્રાપ્તિ સુલભતાથી થાય, માટે અનાદિના જૈન **શાસન–ધર્મ–તીર્થ** નામની સ્વઆજ્ઞાને અનુસારે ચાલે તેવી વ્યવસ્થિત બંધારણસરની મહા સંસ્થાની પુનઃ સ્થાપના કરે છે.

(૩) તેના સંચાલન માટે અનુયાયિઓમાંથી–સુયોગ્ય પાત્રોને તદ્યોગ્ય અધિકાર અને જવાબદારીઓ સોંપીને શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે.

(૪) ગણધર ભગવંતો: પરમાત્માનો ઉપદેશ: અને તે મુજબની શાસનની મર્યાદાઓ: શ્રી સંઘના કર્ત્તવ્યો: તત્ત્વ જ્ઞાન: આચારો: વિગેરેનો જેમાં સમાવેશ કરવામાં આવ્યો હોય છે, તેવું **દ્રવ્યાનુયોગ ગણિતાનુયોગ: ચારિત્રાનુયોગ:** અને **ધર્મકથાનુયોગ:** આ ચાર અનુયોગમય: વિશ્વના તમામ ભાવોનું પ્રતિબિમ્બ ઝીલનારુ: એકજ **સામાયિક** વિષયને મુખ્ય રાખીને–બાર અંગમાં–બાર વિભાગમાં–**દ્વાદશાંગીની**–રચના કરે છે.

(૫) જૈન શાસનના વ્યાવહારિક પ્રવર્તન માટેની સાધન સામગ્રી દેવ–દ્રવ્યાદિક પાંચ દ્રવ્યો: અને સાત: યા બાર: ક્ષેત્રોમાં વ્હેંચાયેલી રહે છે.

વેદોને જુદા જુદા વિચારશીલ વિદ્વાનોએ જે જે દૃષ્ટિ બિન્દુથી અભ્યાસ્યા: જોયા; વિચાર્યા: દેખ્યા: જાણ્યા: તે દૃષ્ટિ બિન્દુનું:

તે તપાસનું નામ **દર્શન** પ્રસિદ્ધ છે. એવા વૈદિક દર્શનો છ છે. વિશ્વના ગહન ભેદોને હરેક અનેક દૃષ્ટિથી જોનાર-જૈન તત્ત્વજ્ઞાનનું નામપણ "**જૈન દર્શન**" એવું પ્રસિદ્ધિમાં આવ્યું છે. તે દર્શનમાં સેંકડો દૃષ્ટિ બિન્દુથી વિશ્વનું અવલોકન-દર્શન-મળે છે. "**જૈન દર્શન**" એવું તેનું નામ માત્ર તેના એક વિભાગીય તત્ત્વજ્ઞાન અંગને ધ્યાનમાં લઇ આપી શકાય છે. તે શબ્દમાં તે ધર્મનો સમગ્રભાવ પૂરો સમાતો નથી. **જૈન ધર્મ** શબ્દ પણ તેનો એક વિભાગ સૂચવે છે. જૈન શાસનઃ બીજો ભાગ, જૈન-સંઘઃ શબ્દ કોઇ જુદો વિભાગઃ સૂચવે છે. તે પ્રમાણે જૈન દર્શન શબ્દ કોઇ જુદોજ વિભાગ સૂચવે છે.

જૈન દર્શનમાં-જૈનેત્તર ૩૬૩ દૃષ્ટિઓ-દર્શનો પણ સમાઇ જાય છે. ઉપરાંત પણ અવલોકન કરવાના અનેક દૃષ્ટિ બિન્દુઓ હોય છે, તે સર્વનોયે તેમાં સમાવેશ થાય છે. અર્થાત્ તે પૂર્ણ-ધર્મઃ પૂર્ણ અનુશાસનઃ પૂર્ણ-દર્શનઃ પૂર્ણ-વિશ્વ વ્યવસ્થાનું દર્શક છે. આ વાતની સંક્ષિપ્ત સૂચના રૂપો લોક પ્રસિદ્ધ છ દર્શનો જિનેશ્વર ભગવાનના અંગ તરીકે કેવી રીતે છે? તે આ સ્તવનમાં બતાવવામાં આવેલું છે.

"સર્વ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ નો વ્યાપક રીતે સંગ્રહ કરનાર જિનેશ્વર દેવનો ઉપદેશ કેવો છે?" તે આ સ્તવનમાં બતાવવામાં આવેલો છે, ઉપરાંત, કોઇ અપૂર્વ છ અંગ ધરાવતા ધ્યાનનીઃ તેમજ પરમાત્માની આજ્ઞાના અપેક્ષાએ છ અંગો રૂપ શાસ્ત્રો તરફ સન્માન અને પૂર્ણ વફાદારીની પણ સૂચના છે.

**રાગઃ આશાવરીઃ** ધન્ય ધન્ય **સંપ્રતિ** સાચો રાજા." એ **દેશીઃ**

**ષટ્ દરિસણ જિન-અઙ્ગ ભણીજે,**
**ન્યાસ ષડ-ઙ્ગ જો સાધે. રે**
**નમિ-જિન-વરના-ચરણ ઉપાસક**
**ષટ્ દરિસણ આરાધે. રે** ષટ્૦ ૧

**ષટ્-દરિસણ**=છ દર્શન **જિન-અઙ્ગ**=જિનેશ્વર દેવના અંગમાં. **ભણીજે**=ભણવા. ઘટાવવા. ઘટાવવા જોઇએ. **ન્યાસ**=રચના સ્થાપના. **ષડ-ઙ્ગ**=છ અંગોમાં. **સાધે**=ગોઠવે. **ચરણ-ઉપાસક**=ચરણના સેવક. **આરાધે**=સેવે, ઉપાસે, પૂજે. ૧

જો છયે ય અંગોમાં છએ ય દર્શનોની સ્થાપના ઘટાવવામાં આવે, તો છએય દર્શનો જિનેશ્વર પ્રભુના છ અંગોમાં ઘટી જાય છે. અને તેથી કરીને–શ્રી નમિ જિનેશ્વર પરમાત્માના ચરણોનો ઉપાસક છયેય દર્શનોનો ઉપાસક બને છે. કેમકે–તેઓશ્રીમાં છયેય દર્શનો તો સમાય છે. છ અંગો–૨ બે પગઃ ૨ બે હાથઃ ૧ પેટઃ અને ૧ માથું.

**નમિ**=નમનાર, "ચરણ ઉપાસક" શબ્દથી નમિનાથમાંના **નમિ** શબ્દની શ્લેષથી સાર્થકતા સૂચવી છે. તથા–ઉપાસનામાં ધ્યાન પ્રક્રિયામાં થતી ષડઙ્ગોમાં મંત્રાક્ષરોના ન્યાસની–સ્થાપના કરવાની રીત પણ સૂચવેલી જણાય છે.

**૨. બે પગમાં બે દર્શનોનો ન્યાસઃ—**

જિન–સુર–પાદ–પ–પાય વખાણું;
સાઙ્ખ્યઃ જોગઃ દોય ભેદે–રે
આતમ–સત્તા–વિવરણ કરતાં
લહો દુગ–અઙ્ગ અ–ખેદે રે        ષટ્૦ ૨

**જિન–સુર–પાદ–પ–પાય**=જિનેશ્વર પ્રભુ–જૈન દર્શન રૂપ કલ્પ વૃક્ષના બે–ચરણ–પગ–મૂળયાં. **પાદ**=મૂળીયાં, **પાદ–પ**=મૂળિયાંથી પાણી પીવેતે, **પાદ–પ**=વૃક્ષ. **સુર–પાદ–પ**=દેવાનું વૃક્ષ. કલ્પવૃક્ષ. **જિન–સુર–પાદ–પ**=જિનેશ્વરરૂપી કલ્પવૃક્ષના. **પાય**=ચરણ, પગ–મૂળ. **વખાણું**=વર્ણવું છું. **સાઙ્ખ્યઃ**=સાંખ્ય દર્શનઃ કપિલ–મુનિ પ્રણીત દર્શન. **જોગ**=યોગદર્શન. **પતઞ્જલિ મુનિ પ્રણીત**=દર્શન. **આત્મ–સત્તા–વિવરણ**=આત્માના અસ્તિત્વની વિગતવાર સમજુતી. **લહો**=જાણો. **દુગ**=બે. **અઙ્ગ**=અંગો. **અ–ખેદે**=સહેલાઇથી. **સાંખ્ય દર્શનઃ અને યોગ દર્શનઃ**=દર્શનોના એ બે ભેદોને જિનેશ્વર પ્રભુ રૂપી–યા જૈન દર્શન રૂપી–કલ્પવૃક્ષના બે–પગ–મૂળ તરીકે વર્ણવું છું.  ૨

કારણકે–આત્માની વિદ્યમાનતાઃ તથા સ્વરૂપઃ વિષે એ એવું વિવરણ કરે છે; કે–પછી જૈન દર્શનને આગળના જ મુદ્દા કહેવા પડે છે.

આત્મા હોવાની સાબિતીઓ આપવાનું ઘણું ખરૂં કામ તેઓ પતાવી દે છે. તેથી એ બે પગ રૂપે અંગો હોવાનું સહજ રીતેજ કશીયે મુશ્કેલી વિનાજ જાણી લ્યો.

આત્માને ન માનનારને, આત્માનું અસ્તિત્વ હોવાનું સમજાવવાનું કામ એ બે દર્શનો કરીને, જિનેશ્વરના પગ મજબુત બનાવે છે. તેને સ્થિર ઉભા રહેવાનું ઠીક કામ કરી આપે છે. આત્માના અસ્તિત્વ વિના-કોઇ પણ-આત્મવાદી દર્શન ઉભું જ ન થઈ શકે, ન ઉભું રહી શકે.

**જૈન શાસ્ત્રોમાં**-સાંખ્યદર્શનના પ્રણેતા-**કપિલ મુનિને** માન્યા છે. અને તે **કપિલ મુનિ મરિચિ મુનિના** શિષ્ય હતા. મરિચિ મુનિઃ જૈન મુનિના આચાર ન પાળી શકવાથી મુનિપણાની સ્મૃતિ માટે જુદા જ વેશમાં જુદા રહી, ભગવાન **ઋષભદેવ** પ્રભુની સાથે વિચરતા હતા. અને તેમની જ પાસે પોતાના પ્રતિબોધેલા શિષ્યોને મોકલતા હતા. પરંતુ-જ્યારે **કપિલ** શિષ્ય આવ્યા, ત્યારે-તેમને-**મરિચિ મુનિનો** ઉપદેશ રુચ્યોઃ અને તેનો વેશ પણ રુચ્યોઃ. તેથી શિષ્યની લાલસાથી તેને પોતાના શિષ્ય બનાવ્યા. વિગેરે વિસ્તૃત કથા જૈન શાસ્ત્રોમાં આવે છે. સંસારીપણે **મરિચિ મુનિ=શ્રી ઋષભદેવ** પ્રભુના પુત્ર **ભરત ચક્રવર્તિ**ના પુત્ર થતા હતા. અને ભગવાન **મહાવીર સ્વામીનો** જીવ હોવાથી ભવોમાં ભટકતાં ત્રીજા ભવમાં તીર્થંકર નામકર્મ બાંધી, છેવટે ભગવાન્ **મહાવીર વર્ધમાન** સ્વામિપણે ૨૪ મા તીર્થંકર થઈ મોક્ષમાં પધાર્યા છે.

**પતઞ્જલિ મુનિ** પ્રણીત યોગદર્શનનો મૂખ્ય ગ્રન્થઃ **યોગ-સૂત્ર** છે. તેમાં-**આત્માઃ આત્મનો આધ્યાત્મિક વિકાસઃ** તેનો **ક્રમઃ** તેના યમઃ નિયમાદિક ઉપાયોઃ **આત્માની વિભૂતિઓઃ કૈવલ્યઃ મોક્ષઃ** વિગેરેનું ઘણી રીતે વ્યવસ્થિત વિવરણ આવે છે. પરંતુ "તે ક્યાં ક્યાં અપૂર્ણ છે." અથવા તેના કરતાં વિશેષ શું શું છે? અને હોઇ

શકે ? તે વિષે—એ **યોગસૂત્ર** ઉપરના કેટલાક સૂત્રો ઉપર **ટીપ્પણ રચીને** તથા પોતાની—**દ્વાત્રિંશત્—દ્વાત્રિં**શિકાઓમાંની કેટલીકમાં તેના ઉપર વિવેચન કરીને, **ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ** ખૂબ સુંદર વસ્તુ સમજાવી છે. આજ **પતઞ્જલિ મુનિને** આવા આધ્યાત્મિક વિષયનું કંઈક ઠીક શાસ્ત્ર રચવાની લાયકાત માટેઃ તીર્થંકર દેવોના તત્ત્વોના ઘણા અંશોનું નિરૂપણ કરતા હોવાથીઃ તથા—" મોક્ષમાર્ગના અભિલાષી હોય, તો જ આવું આધ્યાત્મિક શાસ્ત્ર રચવાની ઇચ્છા થાય. " એ વિગેરે ગુણો અનુમાનીને **શ્રી હરિભદ્રસૂરીજી મહારાજાએ** સમ્યગ્દૃષ્ટિ નહીં, પણ **માર્ગાનુસારી તો કહ્યાજ** છે. તે વાત **શ્રી ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ** કબુલ રાખી છે. કેમકે—જેનો જે ગુણ હોય, તે કબુલ રાખવામાં જૈન દર્શન માને છે.

**યોગ દર્શન** ઉપરના ટીપ્પણથી તેના કરતાં=**જૈન દર્શનની વિશિષ્ટતા** કેવી છે ? તે, તે વિદ્વાનો બરાબર સમજી શકે તેમ છે.

**સાંખ્ય દર્શનઃ આત્માઃ પુરુષઃ**ને તેની સાથે પ્રકૃતિ જોડાયેલી છે, તે બેના યોગથી બીજા તત્ત્વો ઉત્પન્ન થઈ ૨૫ તત્ત્વો થાય છે. તે માને છે. **યોગ દર્શન**—યમઃ નિયમઃ આસનઃ પ્રાણાયામઃ પ્રત્યાહારઃ ધારણાઃ ધ્યાનઃ અને સમાધિઃ એ આઠ યોગાઙ્ગો ને આત્માનો મોક્ષ થવામાં ક્રમિક ઉપાયો તરીકે જણાવે છે.

**૨. બે હાથમાં બે દર્શનોનો ન્યાસઃ—**

**ભેદઃ અભેદઃ સુ—ગતઃ મીમાંસકઃ**
**જિનવર દોય--કર ભારી. રે**
**લોકા—ઽ—લોક—અવલંબન ભજીયે**
**ગુરુ—ગમથી અવધારી. રે** ષટ્૦ ૩

**ભેદ**=જુદાપણું. **અ—ભેદ**=એકપણું. એકતા. **સુ—ગત**=બૌદ્ધ દર્શનઃ

**મીમાંસક**=વિચારકઃ **મીમાંસક દર્શન.** અહીં **વેદાન્ત દર્શન** લેવાનું છે. **જિન-વર-હોય-કર**=જિનેશ્વરના બન્ને ય હાથ. **ભારી**=મોટા. **લોકા-ऽ-લોક અવલંબન**=લોક એટલે પંચાસ્તિ કાય મય વિશ્વ. **અ-લોક**=વિશ્વથી બહારનું ક્ષેત્ર. તેના. **અવલં-બન**=ટેકા રૂપ. **ભજીયે**=આશ્રય લઇએ, ટેકો લઇએ. **ગુરુ-ગ-મથી**=જ્ઞાની ગુરુમહારાજના માર્ગદર્શનની મદદથી. **અવધારી**= સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક સમજીને, અને મનમાં મનન કરીને. ૩

ભેદઃ અને અભેદઃનું નિરૂપણ કરનારાઃ અનુક્રમે **બૌદ્ધ દર્શનઃ** અને **ઉત્તર મીમાંસા દર્શન-વેદા-ऽન્ત દર્શનઃ** એ બે જિનેશ્વર પ્રભુના મોટામાં મોટા હાથ છે.

તે બે હાથ વિશ્વઃ અને વિશ્વની બહારના ક્ષેત્રઃના ટેકારૂપ હોવાનું જ્ઞાની ગુરુ મહારાજના માર્ગ દર્શનની મદદથી બરાબર સમજીને, જિનેશ્વર પ્રભુની ઉપાસના કરવાથી તેની ઉપાસના પણ થઇ જશે. કેમકેઃ-શરીરની ઉપાસનામાં તેના-અંગોની ઉપાસના આવી જાય છે. **બૌદ્ધ દર્શન**ના પ્રણેતા-**કપિલ-વસ્તુ** શહેરના **ગૌતમ ગોત્રીય-શુદ્ધોદન** રાજાના પુત્ર **સિદ્ધાર્થ કુમાર** છે. તે છ વર્ષની સાધના પછી **બુદ્ધ** થયા હતા. તે પોતે વૈરાગી હોવાથી તેમણે "આ જગ-ત્‌ના દરેક પદાર્થો ક્ષણિક છે. નાશવંત છે." એવો ઉપદેશ આપ્યો, અને તેને જ તત્ત્વ તરીકે-ઠરાવી, "એક એક નાશવંત વસ્તુ, અલગ અલગ છે. આ ક્ષણનો ઘડો નષ્ટ થાય છે. બીજો ઘડો ઉત્પન્ન થાય છે. તે નાશ પામે છે. એમ ઉત્પત્તિઃ તથા નાશઃની પરંપરા ચાલતી હોવાથી, આપણને "એક જ ઘડો છે." એમ જણાય છે. પરંતુ કેટલાય ઘડા ઉત્પન્ન થયા અને નાશ પામી ગયા. માટે તે ઉત્પત્તિ-નાશ પામતા ઘડા અનેક છે. અને તે દરેકનું જુદાપણું છે." આ રીતે તે ભેદ વાદી છે. પર્યાયવાદી છે. એકાંત પર્યાયાર્થિક નયના આધારે ચાલે છે. **ઋજુસૂત્રનય** વાદી છે. અનિત્ય વાદી છે.

શાસ્ત્રાજ્ઞા મુજબ સમ્યક્ ચારિત્રનું પાલન કરવું, તેનું નામ **વચનાનુષ્ઠાન** કહેવાય છે. અને એ વચનાષ્ઠાનથી **અસંગાનુષ્ઠાન**–સમાપત્તિ–પ્રાપ્ત થાય છે.

**એહથી–સંભારી જિનગુણ–શ્રેણિ સુહાણી:**
**વચનાનુષ્ઠાનેં સમાપત્તિ પરમાણી:**

૨૭૦. દ્ર૦ ગુ૦ ૫૦ રાસ.

"દ્રવ્યાનુયોગ શાસ્ત્રના જ્ઞાનથી જિન ગુણના સ્મરણથી ગુણ શ્રેણિ ચડતાં–**વચનાનુષ્ઠાન**ના બળથી પ્રમાણ–ભૂત એવી **સમાપત્તિ** પ્રાપ્ત થાય છે. એટલે તે સમાપત્તિ ના કારણ ભૂત પ્રથમની ક્રિયા–**વચનાનુષ્ઠાન** પણ પ્રમાણ–ભૂત–કર્તવ્ય તરીકે ઠરે છે."

**સમાપત્તિનું લક્ષણ:—**

**मणेरिवाऽभिजातस्य क्षीण–वृत्तेरऽसंशयम् ।**
**तात्स्थ्यात्तद्–ऽञ्जनत्त्वाच्च समापत्तिरुच्यते ।।१।।**

**षोडशके**

**અર્થ**—ક્ષીણ વૃત્તિ વાળા અને નિર્મળ મણિ જેવા નિર્મળ અંતરાત્મામાં પરમાત્માના ગુણોનો સંબંધ થાયજ છે. અને પછી–પરમાત્મા સાથે અભેદ ભાન થવા લાગે છે. તેનું નામ **સમાપત્તિ** કહેવાય છે. ૧

"વીશ સ્થાનકના તપનો સમાવેશ પણ આ સમાપત્તિમાં થાય છે. તેના બળથી તીર્થંકર નામ કર્મનો બંધ અને પછી ઉદય થાય છે. તેનું નામ **આપત્તિ** કહેવાય છે. તથા પછી, સાક્ષાત્ તીર્થંકર પણાની પ્રાપ્તિ તે–**સંપત્તિ** કહેવાય છે."

**જ્ઞાનસાર ૩૦ ધ્યાનાષ્ટક ૩–૪**

શાસ્ત્રજ્ઞાન સમાપત્તિનું પરંપરા કારણ છે. સમાપત્તિ થવાથી જિનેશ્વર મય થઇને જિનેશ્વરની આરાધના કરવાથી પોતે જિનેશ્વર બને છે.

શ્રી ધર્મનાથ પ્રભુના સ્તવન માં પણ આ વાત નીચે પ્રમાણે આપી છે.

**પ્રવચન–અંજન જો સદ્દગુરુ કરે, દેખે પરમ નિધાન. જિ૦**
**હૃદય–નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન. જિ૦૩**

આમાં પણ સદ્દગુરુદ્વારાશાસ્ત્ર મારફત હૃદય નયનથી જગધણી નિહાળવાનીવાત સ્પષ્ટ રીતેજ કરી છે.

એટલે કેઃ–સમાપત્તિ જ સૂચવી છે.

આમ "છ દર્શન રૂપ પરસમયોનું–પરશાસ્ત્રોનું જ્ઞાન–શાસ્ત્રનું–સ્વ-સમયના જ્ઞાનનું–અંશતઃ નયજ્ઞાન પૂર્વકઃ અથવા સર્વ પ્રકારે પ્રમાણ જ્ઞાન પૂર્વકઃ કારણ થઇ, તદનુસારી અનુષ્ઠાન કરવાથી પરમાત્મ-ભાવમાં એકાગ્રતારૂપ સમાપત્તિનું કારણ બને છે." એ ભાવ પાંચમી છઠ્ઠી અને સાતમી કડીથી સમુચ્ચય રીતે બતાવ્યો છે. ૭

**એજ વાત–૮મી ૯મી ગાથાથી વધારે સ્પષ્ટ કરે છેઃ—**

**ચૂર્ણિઃ ભાષ્યઃ સૂત્રઃ નિર્યુક્તિ**
**વૃત્તિઃ પરંપર–અનુભવઃ રે**
**સમય–પુરુષના અઙ્ગ કહ્યા એ.**
**જે છેદે, તે દુર્ભવ. રે** ષટ્. ૮

**ચૂર્ણિ**=ભાષ્યને સ્પષ્ટ કરનાર પ્રાકૃત ભાષામાં ટીકા. **ભાષ્ય**=સૂત્ર ને **નિર્યુક્તિ**નું સંક્ષેપમાં સ્પષ્ટી કરણ. **સૂત્ર**=જેમ બને તેમ ઘણા અર્થનો સંગ્રહ કરી જેમ બને તેમ અત્યન્ત સંક્ષેપથી થોડાકજ–અક્ષરોથી–વસ્તુ સમજાવે, તે મૂળ સૂત્ર. **નિર્યુક્તિ**=પદોના અક્ષરો છુટા પાડી અર્થ કરનારી વિવેચન પદ્ધતિ. **વૃત્તિ**=સંસ્કૃતાદિ ભાષામાં વિસ્તૃત ટીકા. વિવેચન. **પરંપર–અનુભવ**=સુવિહિત સંપ્રદાય મારફત અવિચ્છિન્ન ગુરુ–શિષ્યની પરંપરાથી ચાલ્યો આવતો અનુભવઃ **પરંપરા**=સુવિહિત પુરૂષો મારફત ચાલી આવતી બાબતોઃ તથા વચલા કાળમાં બનેલી ઘટનાઓનું જ્ઞાનઃ તથા

તાત્કાલિક પ્રવૃત્તિનો વારસો: કે જેની શાસ્ત્રોમાં સ્પષ્ટ નોંધ ન પણ મળતી હોય. પરંતુ, શાસ્ત્રોના આશય સાથે સંગત હોવાથી માન્ય હોય, માન્ય કરાયેલી હોય, વચલા કાળમાં થયેલા ઠરાવો: પટ્ટકો: જિનાદિવ્યવહાર રૂપ પ્રવૃત્તિઓ: તથા પૂર્વો વિગેરે ઘણા શ્રુતોનો લોપ થવા છતાં પણ તેમાંની ઘણી વાતો ગુરુ મુખથી-યા વૃદ્ધ સંપ્રદાયથી તથા પરંપરાથી ચાલી આવતી હોય, તે સર્વનો-પરંપરાના અનુભવમાં સમાવેશ થઇ શકતો હોય, એમ સમજાય છે. **સમય-પુરુષ**=શાસ્ત્રોરૂપી પુરુષ. **દુર્ભવ**=દૂરભવ્ય. બહુ લાંબે કાળે મોક્ષમાં જનાર. ૮

સૂત્ર: નિર્યુક્તિ: ભાષ્ય: ચૂર્ણિ: વૃત્તિ: અને પરંપરાનો અનુભવ: એ છ: શાસ્ત્રરૂપી પુરુષના-છ અંગ કહ્યા છે. તેને જે છેદે-તેનો નાશ કરે, તેને ન માને, તોડ ફોડ કરે, નાશ કરે, તે જીવ દુરભવ્ય હોવો જોઈએ. તે શિવાયનો જીવ તેમ કરી શકે નહીં. ૮

વ્યંજન: અર્થ: અને તદુભય: ને ખોટી રીતે ભણવા: ગણવા: કે સમજવા: તે અનર્થ માટે છે. તો પછી, ઇરાદા પૂર્વક તેનો છેદ કરે, તેની તો વાતજ શી કરવી ?

જગત્માં આ જ પારમાર્થિક સાહિત્ય છે. **ઋગ્વેદ** ઘણો પ્રાચીન ગણાય છે. પરંતુ તેમાં કોઈ પણ પદાર્થની વિગતવાર સ્પષ્ટતાજ નથી. માત્ર સ્તુતિ કાવ્યાત્મક રૂપમાં છે, ત્યારે જિનાગમમાં-વિગતવાર પદાર્થોનું નિરુપણ મળે છે. આધ્યાત્મક વિજ્ઞાનને માટે વ્યવસ્થિત અને વિશાળ પદાર્થ નિરૂપણાત્મક જગતમાં બીજો કોઇ પણ ધર્મશાસ્ત્ર સંગ્રહ જોવામાં આવતો જ નથી.

બૌદ્ધ સાહિત્ય પણ વચલી કોટિના ધર્મોપદેશ રૂપ છે. પરંતુ, નીચેથી ઉપર સુધીની સંપૂર્ણ વિચારણા દરેક દૃષ્ટિ બિંદુઓથી તેમાંથી મળતી નથી.

ઉપરાંત **કુરાન: બાયબલ: અવેસ્તા: ગ્રન્થ સાહેબ:** તથા બીજા

ઘણા ધર્મોના મૂળભૂત ધર્મ ગ્રન્થો પોતપોતાના ધર્મ પૂરતી વિચારણા કરીને–પોતાની પૂર્ણતા કરે છે. વર્તમાન સાહિત્ય તો--અનાત્મવાદના આદર્શ ઉપર રચાયેલું છે. એટલે–જગત્‌ના ધર્મ–શાસ્ત્રોઃ અને વર્તમાન શાસ્ત્રોઃ સાથે બીજી ગમે તેટલી બાબતમાં કાંઈક કાંઈક મળતાપણું હોવા છતાં–મૂળથીજ બનેયની ભૂમિકાઃ ઉદ્દેશઃ તથા આદર્શઃમાંજ ભેદ છે. ત્યારે, તેના બીજા અંગ પ્રત્યંગોમાં ભેદ હોય, અને પરિણામમાં–ફળમાં પણ ભેદ હોય, એ સ્વાભાવિક છે.

એકનો ઉદ્દેશઃ–મોક્ષઃ પરમાત્માપણુંઃ પરબ્રહ્મની પ્રાપ્તિઃ નિર્વાણઃ પરમ પ્રકાશઃ પરમાત્માનું રાજ્યઃ ખુદાઈ રાજ્યઃ વિગેરે શબ્દોથી પરમાત્માની પ્રાપ્તિ છે. ને સંસારથી છુટવું, તે છે.

ત્યારે બીજાનો ઉદ્દેશ–માત્ર–દુન્યવી સુખ સગવડથી જીવનને આનંદમાં રાખવુંઃ આત્મા–પરલોક–મોક્ષ–આધ્યાત્મિક વિકાસ વિગેરે સર્વનું અસ્તિત્વજ માનવામાં આવતું નથી.

આ બે મોટામાં મોટા ભેદ છે.

તેથી, પ્રાચીન સાહિત્યને વર્તમાન રૂપ આપવું, એટલે તેને પણ અનાત્મવાદી બનાવીને તેની વર્તમાનમાં પ્રતિષ્ઠા ઉત્પન્ન કરવી એટલે કે-તેને પોતાના સ્વસ્થાનથી ચ્યૂત કરી નાંખીને–પરિવર્તન કરી નાંખીને–તેને પણ અનાત્મવાદી સાહિત્ય બનાવી દેવું. તેવી ભલામણ કેટલાક વર્તમાન પ્રગતિવાદીઓ કરે છે.

પરંતુ, ભલે, જેમને તે ન માનવું હોય, તે ન માને. જેને ખોટું માનવું હોય, તે ખોટું માને. તે વર્ગ ભલે તેનો ઉપયોગ ન કરે. ભલે તેનું ખંડન મંડન કરવું હોય, તે કરે.

પરંતુ, એટલા ઉપરથી આત્મવાદી શાસ્ત્રોને અનાત્મવાદના રૂપમાં ફેરવી નાંખવામાં મહા પાપ છે. કેમકેઃ–જેને તે ખરૂં લાગે, તે ભવિષ્યમાં પણ તેનો ઉપયોગ કરી શકે છે. પરંતુ, જો તે ફેરવાઇજ

જાય, તો આત્મવાદીઓને માટે તો કોઇ ચીજ જ રહે નહીં. તે સદાની ચાલી જ જાય.

આજની પરિવર્તનની આ સલાહમાં એ ભયંકર પરિણામ સમાયેલું છે. ઉપરાંત-એક એવો સામાન્ય નિયમ છે, કે-" કોઈપણ પ્રજાની સંસ્કૃતિ નષ્ટ કરવી હોય, તો પ્રથમ તેનું સાહિત્ય પણ સાથે સાથે નષ્ટ કરવું જોઇએ." આ નિયમ અનુસાર અનાત્મવાદની સંસ્કૃતિ જ્યારે પોતાની પ્રગતિ કરવા ઇચ્છતી હોય, ત્યારે તેણે આત્મવાદની સંસ્કૃતિને અદૃશ્ય કરવીજ જોઇએ. અને તેની સાથે તેનું સાહિત્ય પણ અદૃશ્ય કરવું જ જોઈએ.

જીવનની પ્રત્યેક બાબતમાં અનાત્મવાદી જીવન પ્રણાલી દાખલ થતી જાય, અને એજ ચોકઠામાં જીવન ગોઠવાતું જાય, પછી આત્મવાદનું સાહિત્ય સ્હેજે જ નકામું થઈ પડે. આજે અનાત્મવાદી સાહિત્ય મોટા પ્રમાણમાં ફેલાય, અને તેનો પ્રચાર થાય. તેને માટે મોટા પાયા ઉપરની ગોઠવણો થઇ ગઇ છે. પ્રેસ-પ્લૅટફોર્મ-રેડીયો-વિગેરે તેના કબજામાં જતા જાય છે. ને આત્મવાદી પ્રચારક સાધનો દેખાય છે.

તેનો પહેલો ઉપાયતો એજ-કે-તેજ સાહિત્યના અનુયાયિઓજ તેમનામાં અનાત્મવાદને અનુકુળ પરિવર્તન કરી નાંખે અનાત્મવાદની દૃષ્ટિથી બંધ બેસતી ન થાય તેવી વસ્તુ ફેરવી નાંખે, આત્મવાદની દૃષ્ટિથી પણ ન સમજાય તેને રદ કરવામાં આવે, અને આત્મવાદમાં અને અનાત્મવાદમાં બન્નેયમાં ઘટી શકે, તેને અનાત્મવાદમાં ઘટાવીને -આગળ લાવવું. એ રીતે, તેની આત્માવાદિતા નષ્ટ થઇ જાય.

તેમ કરવા માટે, પ્રથમ તેના ઉપર અનાત્મવાદી સત્તાનો કબજો થવો જોઇએ.

તે કબજો કરવાનું પ્રચાર કાર્ય-"(૧) પ્રાચીન સાહિત્ય બહુજ સુંદર છે. તેનું રક્ષણ થવુંજ જોઇએ." "(૨) તેતે ધર્મવાળા પોતાના ધર્મનું પ્રાચીન સાહિત્ય વચલા કાળમાં બચાવી શકયા નથી."

(૩) "પ્રાણી માત્રના કલ્યાણના અપૂર્વ સાધન સમાન તે સાહિત્ય ભંડારોમાં ઉધઇ અને કંસારીનું ભક્ષ્ય બની રહેલ છે. અને તેને ભદ્ર લોકો જ્ઞાન ભક્તિ માની બેઠા છે. પરંતુ તેમ ન થવા દેતાં, તેને છપાવીને લોક ભોગ્ય રીતે પ્રસિદ્ધિમાં મૂકીને તેને જીવતું રાખવું જોઈએ.

(૪) "તેના ભાષાંતરો થવા જોઇએ અને બહોળા પ્રમાણમાં લોકોને વાંચવા મળવા જોઈએ.

(૫) "તે સર્વમાંથી સારાંશરૂપે સારભૂત સરલ ગ્રંથો તૈયાર થવા જોઈએ."

(૬) "જગત્‌ના વર્તમાન પ્રગતિ શીલ સાહિત્યના પઠન પાઠન તથા પ્રચાર સાથે તેના સારનો પ્રચારઃ પઠનઃ પાઠનઃ થવા જોઇએ."

(૭) "જ્યારે આત્મવાદી લોકો જીવનની દરેક બાબતો આત્મવાદી સાહિત્યમાંથી મેળવતા હતા. ત્યારે આજે અનાત્મવાદી જીવન થયા પછી તો, ઘણી ખરી બાબતોની પૂર્તિ–અનાત્મવાદી સાહિત્ય કરીજ આપે. છે. પછી આત્મવાદી સાહિત્યમાંથી તે શોધવાની જરૂર શી? અને શોધવા બેસે પણ કોણ?"

(૮) "ઠીક છે. છતાં તેમાંયે કાંઇપણ સાર હોય, તો તેનો સારભૂત ગ્રંથ કે–ચાલુ પાઠ્ય પુસ્તકોમાં તેના સારભૂત પાઠો કેઃ પ્રકરણોઃ મૂકવાથી પ્રાચીનતા પ્રિય લોકોનું મન પણ સંતોષાશે. જ્યાં સુધી, તેઓનું કાંઈપણ પરિબળ હોય, ત્યાં સુધી તેમના મનને પણ સંતોષવામાં લાભ છે. અને પછી લોકોનેજ તે નિરુપયોગી લાગશે, ભલે ફેંકી દે. અને તેમાંનો ઉપયોગી ભાગ હશે, તેનો તો તે તે વખતે ચાલુ વર્તમાનના પ્રગતિશીલ સાહિત્યમાં સંગ્રહ થઈ ગયો જ હશે.

**દા. ત.** ડોક્ટરથી લોકોના રોગોની ઉપશાંતિ થતી હોય, અને આયુર્વેદમાંની જે ખાસ વિશેષતા હોય, તે તેમાં દાખલ કરી લેવાથી,

આયુર્વેદના પુસ્તકોના પઠન પાઠનની અને તેના અસ્તિત્વની શી જરૂર રહે છે ? કેમકે-દા. ત. હાડકાની ગણતરી વર્તમાન શરીર શાસ્ત્રથી કોલેજમાં એક વિદ્યાર્થી ભણી ગયો. પછી ફરીથી આયુર્વેદના હાડકાની ગણત્રીનું પ્રકરણ શામાટે ભણાવી બમણી મહેનત કરાવવી ? હા, તેમાં, કાંઇ વિશેષતા હોય, તો તે પરિશિષ્ટ રૂપે નવા મૂળ પાઠ્ય પુસ્તકમાંજ જોડી દેવી. એ પ્રમાણે દરેક શાસ્ત્ર વિષે સમજી શકાય તેમ છે.

એટલે આરીતેઃ-સાહિત્ય નષ્ટ કરવાની યોજનાના આકર્ષક કાર્યક્રમો રૂપે-હાલમાંઃ—

(૧) પ્રાચીન ગ્રન્થો-કબજે લઈ, સરકારી સંસ્થામાં વૈજ્ઞાનિક સાધનોથી સુરક્ષિત રાખવાનો પ્રબંધ કરવાનો સ્ટંટ કરવો.

(૨) શુદ્ધ-પાઠઃ પાઠાન્તર-અવતરણોઃ વિગેરે સાથે શુદ્ધ છપાવવા. નષ્ટ થતા બચાવવા. ફોટા લેવા. લેવરાવી લઇ, સુરક્ષિત રાખવાની ગોઠવણ કરવી. ઇત્યાદિ રીતે જેમ બને તેમ સુરક્ષા માટેની પૂર્ણ સહાનુભૂતિ બતાવી, વિશ્વાસ સંપાદન કર્યા પછી, સુરક્ષાને બ્હાને કબજો મેળવવો. પછી શુદ્ધ છપાવવા. પછી ભાષાંતરઃ અને સારાંશોઃના કાર્યક્રમો ઉપર જવું. અને પ્રેસના તથા બીજા વર્તમાન સાધનોથી તે દરેક ક્રમને સફળતા પૂર્વક પસાર કરવો. છેવટે, ભારતમાંથી લઇ જવાયેલા ઘણા ઐતિહાસિક સાધનો ઈંગ્લાંડમાં ૧૮૯૨ લગભગમાં નષ્ટ કરવામાં આવ્યા. તથા ભારતને હવે કેટલાક પાછા સોંપે છે, કેટલાક જુના સંશોધનના પુસ્તકો અલ્પ મૂલ્યે કાઢી નાંખવામાં આવે છે. તે પ્રમાણે વર્તમાન અનાત્મવાદની પ્રગતિની ટોચે માનવોને લઇ ગયા બાદ, તેવા સાહિત્ય માટે મકાનોમાં જગ્યા રોકવી કોને પાલવશે ? છેવટે જગ્યા રોકતું મટાડવા માટે, તેને અદૃશ્ય કરવા શિવાય બીજો ઉપાય શો ?

આ રીતે બહારના વિદ્વાનો કે તેમના અનુયાયિઓ પોત પોતાના દેશના તે તે ધર્મના વિદ્વાનો—એજ પગલે ચાલીને—સુરક્ષાઃ શુદ્ધ છપાવવાઃ તથા સંશોધનઃ તરફ પુરુષાર્થ પાથરેજ, અને આજે પાથરે પણ છે. એ રીતે અનાત્મવાદના ઠરેલા ધ્યેય પ્રમાણે પ્રાચીન સાહિત્ય પણ પરિવર્તન પામતું પામતું નાશ થવાની અણી સુધી પહોંચવાની શકયતા તરફ ધસતું જાય છે. વચ્ચે વચ્ચે દરેક ક્રમને લોકપ્રિય કરવાના વિશાળ પાયા ઉપર સ્ટંટો તો થવાનાજ. હાલમાંજ **ધવલા** વિગેરે **ષટ્ ખંડાગમ**ના દિગંબરાચાર્ય પ્રણીત ટીકા ગ્રન્થો મંગાવીને **ભારત** સરકારે વૈજ્ઞાનિક રીતે સુરક્ષિત રાખવાનો સ્ટંટ કરી, દિગંબરોની સરલતાનો લાભ ઉઠાવવાની શરૂઆત કરી છે. તેજ રીતે—બૌદ્ધ સાધુઓ બૌદ્ધ સાહિત્યના સંગ્રહઃ અભ્યાસઃ માટે અહિંસાત્મક વિશ્વ શાંતિને બ્હાને ભાવ ભક્તિથી વિશાળ પાયા ઉપર લાગી ગયા છે. **જૈન આગમોને** શુદ્ધ રીતે છપાવવા માટે—મી૦ બ્રાઉન વિગેરે પોકાર ઉઠાવી રહ્યા છે. કેટલાક જૈન ધર્મના અને જૈન સાહિત્યના મુક્ત કંઠે વખાણ કરી રહ્યા છે. વિગેરેની પાછળ અનાત્મવાદની સંસ્કૃતિના વિકાસમાં તેના અનુયાયિઓની સહાનુભૂતિનો ઉપયોગ કરવા પૂરતા કાર્યક્રમના તે સર્વ અંગો માત્ર જ છે. સ્વતંત્ર શુદ્ધિ—સંશોધન તો આવશ્યક છે.

અહીં ટુંકામાં એટલુંજ કહેવું બસ થશે, કે—

"પ્રેસ વિગેરેની વૈજ્ઞાનિક સગવડ માત્રનો આજે ઉપયોગ જ કરવામાં આવે છે. અને તે વાંધા ભરી બાબત નથી." એમ જે કહેવામાં આવે છે. તેમાં પૂરતું અજ્ઞાન છે. પ્રેસ વિગેરે—માત્ર સ્વાભાવિકજ ઉત્પન્ન થયા હોત, તો તે વાત બરાબર હતી. પરંતુ તે આજે પ્રગતિને નામે આગળ વધતી અનાત્મવાદની સંસ્કૃતિની જીવન પ્રણાલીના એક અંગરૂપ છે. તેને યુરોપીય સંસ્કૃતિ પણ ન કહી શકાય. પ્રેસ અનાત્મવાદના અનેક અંગોમાંનું એક અંગ હોવાથી તે આજે આત્મ-

વાદની વસ્તુઓને પોતાના સ્વરૂપમાં સમાવી લેવા માંગે છે, તે ભયંકરતા છે. કેમકે–શાસ્ત્રોમાંનું આત્મવાદી જીવન જીવવાનું તો દિવસે દિવસે અશક્ય બનતું જાય છે. કોઇ કોઇ વિદેશી સ્ત્રી પુરુષોયે તે જીવન જીવતા દેખાય છે. તે પણ, એક જાતના વ્યાપક સ્ટંટના અનેક કાર્યક્રમોનાં અંગો રૂપજ છે. તે તે ધર્મમાં દાખલ થઇને તેતે પ્રાચીન ધર્મસંસ્થાઓનો કબજો લેવાની પ્રાથમિક ભૂમિકારૂપે દાખલ થવા માટેની લોકપ્રિયતા પ્રાપ્ત કરવાના સ્ટંટ છે. તેથી, તેઓ ધર્મનાઃ કે ધર્મ ગ્રંથોનાઃ મુક્તકંઠે ગમે તેટલા વખાણ કરે છે. તેમજ, હવે તો સચોટતા પૂર્વક ચુસ્તપણે ધર્મનું આચરણ કરવા લાગ્યા છે. પરંતુ તેથી જરાપણ આવર્જિત થવાની જરૂર નથી. કેમકેઃ—સંસ્કૃતિના પરિવર્તકો પોતપોતાની સરકારો મારફત અને સરકારી યુનિવર્સીટીઓ વિગેરે સંસ્થાઓ મારફત આ જાતના પ્રચારકો વિગેરે ઉભા કરે છે. અને તેઓ મારફત દેશો દેશમાં મોકલીને, તે તે બાબત જેમને પ્રિય હોય, તેમની સહાનુભૂતિ આકર્ષવા પ્રયત્નો કરે છે. બહારના ઘણા વિદ્યાર્થીઓ **ભારત**માં આ ધ્યેયથી મોકલવામાં આવે છે. તેનું પરિણામ ભવિષ્યમાં ધર્મોને અહીં ઘાતક આવ્યા વિના રહેશે નહીં.

આવી કોઇ અનાત્મવાદની સંસ્કૃતિના ફેલાવા અને વિજય માટે ચાલી રહેલા પ્રયત્નો ન હોત, અને તેના અંગભૂત પ્રેસો વિગેરે ન હોત, તો તેમાં વાંધો લેવાને કોઇ પણ કારણ ન હોતું. પ્રેસ કે છાપવા છપાવવા સામે વિરોધ નથી, પરંતુ આજે તે સાધનો અનાત્મવાદની મશીનરીના અંગો છે. તે સાધનની ઉત્પત્તિ અને પ્રચાર પાછળ અનાત્મવાદની આખી મશીનરી ગોઠવાયેલી છે, તે ભયંકર છે. ત્યારે, **શ્રી દેવર્દ્ધિ ગણિક્ષમાશ્રમણ** ભગવાને આગમોને ગ્રન્થારૂઢ કર્યા, તેમાં શુદ્ધ રક્ષણનો હેતુ છે. અને પરિણામ પણ તેની સાથે તેજ જોડાયેલું છે. ત્યારે, આજના છાપવા કે છપાવવામાં રક્ષણ અને

ઉપયોગનો હેતુ તો સુસ્પષ્ટ જ છે. પણ અનુબન્ધે તો નાશના અંગભૂત તે છે. તે હજુ હવે પછીના કાર્યક્રમના અંગ રૂપ હોવાથી પરિણામ ભવિષ્યમાં જણાય તેમ છે. "કોંગ્રેસે સ્વાભાવિક રીતેજ સ્વરાજ્ય લીધું છે." એમ નથી. પરંતુ રાજાઓ: ધર્મગુરુઓ: મહાજનઃ અને બીજા સ્થાપિત હિતો:ને દૂર હડસેલીને લીધું છે. "પાર્લામેન્ટના આદર્શ પ્રમાણે સ્વરાજ્ય સ્થાપવું, અને તેના સંચાલકો તે વખતે ભારતમાંથી જ મળી રહે." માટેજ કોંગ્રેસની સ્થાપના અને વર્તમાન શિક્ષણની શરૂઆત કરવામાં આવી:હતી. આજના સ્વરાજ્ય આપવાના પણ ભાવિ ધ્યેયો તો જુદાજ છે. તે હવે પછીના યુગના લોકો જોઈ શકશે. આ પ્રમાણે બીજી ઘણી બાબતોમાં અને ધાર્મિક સાહિત્ય છપાવવા વિગેરેની બાબતમાં પણ સમજવાનું છે. અહીં સેંકડો પ્રશ્નો છે, ને તેના સચોટ સમાધાનો પણ છે.

શાસ્ત્રકારોએ તો–" **અન્યથા યોજનથી** સમ્યગ્ શ્રુતપણ મિથ્યાશ્રુત બની જાય છે." એટલીજ વાત આવશ્યકાદિક વિવરણોમાં કરી છે, તે રીતે વિચારતાં પણ, આજે આગમો છાપવાઃ શુદ્ધ છાપવાઃ તેના ભાષાંતર–સારાંશ પ્રચારવાઃ વિગેરેને અન્યથા યોજનામાં સમાવી **શકાય** છે. ભાષાંતર કરવા એટલે આગમોનો આત્માજ મારી નાંખવો. મૂળ કાયમ રાખીને અર્થ કરાય, વિવેચન કરાય.

આ રીતે–વિશ્વના કલ્યાણ માટે મહાતપશ્ચર્યાઓથી ઉત્પન્ન થયેલા આત્મવાદી પારમાર્થિક જૈન ધર્મ આદિના સાહિત્ય, કે જે વિશ્વના હિત માટે હોવા છતાં–શ્રી જૈન શાસનની મિલ્કત તરીકે શ્રી શ્રમણ સંઘ હસ્તકજ સુરક્ષિત રહી, સુપાત્રોનેજ મળી શકે, અને તેવા ત્યાગીઓ કે–જેઓ–આત્મવાદી:જીવન જીવતા હોય, તેમની મારફતજ જગત્‌ને સુયોગ્ય રીતે વ્યાપક રૂપમાં મળી શકે. આ જાતનો સુનિયંત્રિત પ્રબંધ તોડીને, તેને સાર્વજનિક મિલ્કત બનાવીને–કબજે લેવાની આખી ગોઠ-

વણ અને તેને માટે સગવડ ભરી કાયદાથી પૂર્વ તૈયારી બહારનાઓની પ્રશંસાથી ફૂલાઈને કરી આપવી, એ જોખમકારક ઘટના અત્યારે બની રહી હોવાનું સુજ્ઞોથી સ્પષ્ટજ સમજી શકાય તેમ છે.

ખરી રીતે, ધર્મગ્રંથો લખાવાજ જોઇએ, અને તે સુપાત્રો મારફત જગત્‌ને મળવા જોઇએ. સુપાત્રોની જીવનની ચર્યારૂપે છપાઇને તેઓની જંગમ યુનિવર્સીટી દ્વારા જગત્‌ને તેનો લાભ મળવો જોઈએ. તેના પ્રદર્શન કે પ્રેસથી છાપવા વિગેરેનું ભાવિ તો ઉપર જણાવ્યું છે. જેથી વિશ્વનેઃ માનવ જાતનેઃ ભયંકરમાં ભયંકર હાનિ થવાની પૂરી સંભાવના છે.

હવે ચાલુ વાત ઉપર આવતાં—જણાવવું જોઈએ કેઃ—

આ જાતના ઉત્તમોત્તમ—હૃદયમાં ઠારક ઉત્પન્ન કરે તેવા શાસ્ત્ર ગ્રંથોનું જગત્‌માં અસ્તિત્વઃ તે પ્રમાણે જીવનારા વર્ગનું અસ્તિત્વઃ તેની પરંપરાનો પ્રવાહ ચાલુ રાખવોઃ અને તેની અસર ઇતર માનવો તથા પ્રાણીઓ ઉપર પાડવી. એ તીર્થંકર દેવોના વિશ્વ ઉપરના નિઃસ્વાર્થપણાનો મોટામાં મોટો ઉપયોગ ને ઉપકાર છે.

તેથી આત્મવાદના શાસ્ત્રો સ્વતંત્ર પણેજ જગતમાં જીવંત રહેવાં જોઇએ. આજે કોઇનોયે વિશ્વાસ હિતાવહ નથી. કેટલીકવાર ઘરના ઘા વધુ વસમા હોય છે.

નહીં—કે બે સંસ્કૃતિના મિશ્રણની લાલચમાં પડીને તેને નષ્ટ કરવાની પ્રાથમિક ભૂમિકા રચવી જોઈએ. કે તેમાં સહયોગ દેવો જોઇએ.

આ વસ્તુ જૈન શાસનેઃ જૈન સંઘેઃને આત્મવાદની સંસ્કૃતિના ધાર્મિક હિતચિંતકોએ, ખાસ વિચારવા જેવી છે.

**સાલંબન ઉપાસનાના ઉચ્ચ પ્રકારરૂપ સાલંબન ધ્યાનો-માંના—પદસ્થ ધ્યાન કે જેનો આધાર શાસ્ત્રજ્ઞાન ઉપર છે. તેનો પ્રકાર બતાવે છેઃ—**

મુદ્રાઃ બીજઃ ધારણાઃ અક્ષરઃ
ન્યાસઃ અર્થ–વિનિયોગેઃ રે
જે ધ્યાવે, તે ન વિ વંચીજે
ક્રિયા–અ–વંચક ભોગે. રે. ૫૮૦ ૯

**મુદ્રા**=ધ્યાન વખતે મુખ વિગેરેની આકૃતિ. **બીજ**=મંત્રનું મૂળ બીજક. **ધારણા**=ઇંદ્રિયોનો જય કર્યા પછીના અને ધ્યાનની પૂર્વ ભૂમિકારૂપ પાર્થિવી વિગેરે ધારણાઓઃ] **અક્ષર**=વર્ણાલંબન. અથવા, **અક્ષર–ન્યાસ**=અષ્ટ કમળના ધ્યાનમાં તેની પાંખડીઓમાં મંત્રાક્ષરોની સ્થાપના કરવી. **અર્થ**=અર્થનું આલંબન. **વિનિયોગ**=એટલે બીજા પાત્ર જીવોને તેનો બોધ કરાવવો. યા તે વસ્તુ ગુરુગમ પૂર્વક આપવી. અથવા **અર્થ-વિનિયોગે**=પોતે જાણેલી બીજાને તે સમજાવવી, તેને પણ ધર્માત્મા બનાવી, તેના આત્માનો ઉદ્ધાર કરવો. તેથી. **વઞ્ચીજે**=છેતરાય. **ન વઞ્ચીજે**= ન છેતરાય. એટલે કે, અવંચક યોગ પામે. **ક્રિયા–અ–વઞ્ચક**= **ક્રિયા અવંચક** નામનો યોગ. **ભોગે**=ભોગવે.

જે [ ધ્યાતા ] ૧. મુદ્રાએ કરીનેઃ ૨. મંત્રના બીજાક્ષરે કરીનેઃ ૩. ધારણાએ કરીનેઃ ૪. અક્ષરે કરીનેઃ ૫. ન્યાસે કરીનેઃ અથવાઃ અક્ષરોના ન્યાસે કરીને ૫. અર્થે કરીને ૬. અને વિનિયેગે કરીને [ જિનેશ્વર દેવરૂપ ધ્યેયનું ] ધ્યાન કરે, તે–વંચિત ન થાય.

અર્થાત્

તે **ક્રિયા–અ–વંચક** યોગ નામના યોગને ભોગવે–અનુભવે. જેથી મોક્ષરૂપ **ફલાવંચક યોગ** પરંપરાએ અવશ્ય થાયજ. પૂર્વોક્ત જૈન શાસ્ત્રોમાં આવતી મહા પ્રાણાયામાદિકની કોઈ વિશિષ્ટ ધ્યાનપ્રક્રિયાની આમાં સૂચના જણાય છે. તેના જાણકાર ગુરુગમનો જોગ મળે, તો તેમની પાસેથી જાણવી. ખુદ–**આનંદઘનજી** મહારાજ પણ તે જાણતા ન હતા, કેમકે–તેઓશ્રી પૂર્વધર ન હતા. ૯

**સ્તવન કાર પોતે આ ક્રિયા અવંચક યોગના ઉત્કૃષ્ટ ધ્યાન વિષેનું પોતાનું સખેદ અજ્ઞાન બતાવે છેઃ-**

શ્રુત-અનુસાર વિચારી બોલું.
" સુ-ગુરુ તથા-વિધ ન મિલે. રે
કિરિયા કરી ન વિ સાધી શકિયે.
એ વિષ-વાદ ચિત્ત સ-ઘળે. રે    ધ૦ ૧૦

**શ્રુત-અનુસાર**=શાસ્ત્રોના આધારે. **વિચારી**=સમજીને. **તથા-વિધ**=તેવા પ્રકારના. ઉપર પ્રમાણેના ધ્યાનના જાણકાર. **વિષ-વાદ**=દુઃખ. ૧૦

ઉપર જણાવેલા ધ્યાન વિષે, શાસ્ત્રના આધારે મળેલી સમજણ ઉપરથી મેં વાત કરી છે.

" પરંતુ, તેવા પ્રકારના મને સદ્-ગુરુ મળ્યા નથી, કે જેની મદદથી તેને લગતી ક્રિયા-ક્રિયા અવંચક યોગ સાધી શકાય."

આ કાળે આ જાતનો જોગ મળી શક્યો નથી. તેથી તેવી ઘણી બાબતનો વિષવાદ-ખેદ મારા મનમાં રહી ગયો છે, કે, "આ માનવ ભવઃ જૈન ધર્મઃ મુનિપણુંઃ પામવા છતાં-આ પંચમકાળે તથા-પ્રકારના વિશિષ્ટ અતિશયજ્ઞાની ગીતાર્થ ગુરુ મહારાજના અભાવમાં હું ઉંચે ચઢી શકતો નથી. અને મોક્ષના પ્રબળકારણભૂત ધ્યાન કરવાનો આ ભવમાં સુયોગ મળી શક્યો નથી. તો તે ક્યારે મળશે? હજુ તેને માટે કેટલા ભવ ભમવા પડશે? અને મોક્ષ મળવામાં કેટલો વિલંબ થશે? ઇત્યાદિ" ૧૦

**છતાં પણ નિરાશ ન થતાં જિનેશ્વર પરમાત્માનું અવ-લંબન સ્વીકારી આશાવાદી બને છેઃ-**

તે માટે ઉભા કર જોડી
જિન-વર આગળ કહિયે. રે

**" સમય-ચરણ-સેવા શુદ્ધ દેજો,**
**જિમ આનન્દ-ઘન લહિયે. " રે** ધ૦ ૧૧

**સમય-ચરણ-સેવા**=શાસ્ત્ર જ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રની સેવા. અથવા, શાસ્ત્રરૂપ પુરૂષના ચરણની સેવા. અથવા સમય-એટલે-સ્વાત્માનુભવ રૂપ ચારિત્રની સેવા. આરાધના. ૧૧

છેવટે-આજ તો નિરુપાયે પૂર્વના પુણ્યના બળથી મળેલા નામઃ સ્થાપનાઃ અને દ્રવ્યઃ રૂપ જિનેશ્વર પ્રભુ પાસે હાથ જોડીને ઉભા રહીને એટલુંજ માંગીએ છીએ, કે-

હે પરમાત્મા ! જે રીતે **આનંદ ઘન-રૂપ** મોક્ષ પ્રાપ્ત થાય, તે રીતે, **શાસ્ત્રરૂપ** પુરુષના **ચરણની** શુદ્ધ સેવા કરવાની તક આપજો, અથવા સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની શુદ્ધ સેવા કરવાની તક આપજો-તેમાં નિમિત્ત ભૂત થજો.

બીજું તો મારાથી હાલમાં કાંઈ બની શકે તેમ નથી.

મોક્ષરૂપ ફલાવઞ્ચક યોગની માગણીમાં **સદ્ગુરુ યોગાવઞ્ચક-યોગઃ** અને **ધ્યાનાદિક ક્રિયાઅવઞ્ચકયોગઃ** એ બન્નેયની માગણી આવીજ જાય છે. ૧૧

**: ર હ સ્યા ર્થ :**

જૈન દર્શન છયેય દર્શનના સમૂહરૂપ છે. અને એ વાત તેનાં-સૂત્રઃ નિર્યુક્તિઃ ભાષ્યઃ ચૂર્ણિઃ વૃત્તિઃ અને ગુરુ-પરંપરાથી ચાલ્યા આવતા અનુભવઃ રૂપ છ અંગવાળા તેના શાસ્ત્રો જોવાથી બરાબર સમજાય તેમ છે. જૈન શાસ્ત્રોમાં નિપુણઃ અક્ષર સંભિન્ન-લબ્ધિ-વાળાઃ પુરુષો બીજઃ મુદ્રાઃ ધારણઃ અક્ષરઃ તેના ન્યાસ-યોગ્ય સ્થાને ધ્યાન વખતે સ્થાપનાઃ તથા અર્થનું જોડાણઃ એ છ રીતે શ્રુતની મદદથી શુક્લ ધ્યાનના પ્રથમ બે પાયાનું ધ્યાન કરીને પૂરા **ક્રિયા અવંચક યોગી** બને છે. જૈન દર્શન વિના પૂરા યોગી ન બની શકાય.

જોકે, આ ધ્યાન કેવી રીતે થાય છે? તેની માહીતી સ્તવનકારને નથી. પણ તે ન હોવાની ખામી તેમને ભારે ખટકે છે–તેની તેના હૃદયમાં બળતરાયે થાય છે.

આસ્તિક દર્શનની વ્યાખ્યા એ છે, કે–"આત્મા: તેના પરલોક: તથા મોક્ષ: છે." એમ માનીને, આધ્યાત્મિક વિકાસને જીવનનો આદર્શ માનીને માનવી જીવન માટે આધ્યાત્મિક સંસ્કૃતિ રચે, તેને ટેકો આપે, અને તેનું રક્ષણ કરે, તે આસ્તિક: માર્ગાનુસારી: અને માર્ગસ્થ: કહેવાય. આધ્યાત્મિક–જીવન–સંસ્કૃતિને ન માને, ન ટકાવે, ને તેને ધક્કો લગાડે, તે નાસ્તિક: મહામિથ્યાત્વી: જડવાદી: કહેવાય.

પરંતુ,–આ સ્તવનમાં છ દર્શન બીજી રીતે આપેલાં છે, **સાંખ્ય: યોગ: મીમાંસક:** [વેદાંત:] **બૌદ્ધ: જૈન:** અને **લોકાયતિક: નૈયાયિક** અને **વૈશેષિકને: સાંખ્ય:** કે **યોગમાં, જૈમિનિ દર્શનને મીમાંસક**માં લઇ લીધા છે. અથવા **યોગ દર્શનને સાંખ્યમાં** ગણીને, **યોગ** એટલે **નૈયાયિક:** એવો પણ અર્થ ટબામાં કરેલો છે.

જૈન દર્શન બધી રીતે ઉત્તમ–અંગ રૂપ છે. તથા શુક્લ ધ્યાનના પહેલા બે પાયાનું ધ્યાન: એ જૈન દ્વાદશાંગીના ધારક હોય, તેજ મુખ્ય રીતે કરી શકે છે–બીજા કરી શકતા નથી.

બીજા દર્શનો જ્યારે જુદા જુદા એક એક વિજ્ઞાન રૂપ છે, ત્યારે જૈન દર્શન સકળ વિજ્ઞાનોના સરવાળા રૂપ તત્ત્વજ્ઞાનમય દર્શન છે. ત્રણુ કાળમાં તેવું કોઇ પણ દર્શન ઉત્પન્ન થયું નથી, વિદ્યમાન નથી, ઉત્પન્ન થઇ શકશે પણ નહીં. જૈન દર્શન જગતનું અનેક દૃષ્ટિથી નિરુપણ કરે છે. તેથી, તેમાં છ કરતાં પણ સંખ્યાબંધ–દર્શનો–દૃષ્ટિઓ સમાતી હોવાથી સેંકડો બલ્કે સંખ્યાબંધ દર્શનોના સમૂહ રૂપ છે. જૈન દર્શનના અભ્યાસીઓને આ વાત સ્પષ્ટ ભાસ્યા વિના રહેતી નથી. આવું ચમત્કારિક તે દર્શન છે. દર્શન શબ્દ પણ તેને માટે ન્યૂનોક્તિ સ્વરૂપ છે.

અહીં, છ દર્શનને જિનેશ્વર પ્રભુના અંગ રૂપ કહ્યા. ત્યારે **શ્રી મુનિ સુવ્રત સ્વામિના** સ્તવનમાં તે સર્વનું એકાંત રૂપ હોવાથી ખંડન કર્યું. તેજ પ્રમાણે, હાલનું વિજ્ઞાન પણ અનાત્મવાદી હોવાથી ઉપાદેય નથી. કેમકે:-આત્મવાદના વિરોધમાંજ તે વિકાસ પામતું જાય છે. જો, તે આત્મવાદી હોય, તો પોતાની કક્ષામાં તે પણ ઉપાદેય બને-જો, તે આત્મવાદને ઉખેડવા માટે આજે પગભર ન થતું હોત, તો-તત્ત્વના પ્રાથમિક અભ્યાસીની દૃષ્ટિથી, તેને જિનવરના અંગ તરીકે **ચાર્વાક** દર્શનમાં સમાવી શકાત. નેઅ તે અંગ રૂપ બની શકતું **ચાર્વાક** દર્શન આત્મવાદની સંસ્કૃતિને ઉખેડતું નથી. આ સ્તવનમાં:-(૧) શ્રી જિનેશ્વર દેવના ઉપદેશમાં છ દર્શન ઘટાવ્યા છે. (૨) જૈન શાસ્ત્રો રૂપ સમય પુરુષનાં ચૂર્ણિ વિગેરે છ અંગો બતાવીને, તેની પ્રામાણિકતાનો ખ્યાલ આપ્યો છે. (૩) છ રીતે ધ્યાન પ્રક્રિયા બતાવી છે. અને (૪) એ છ ધ્યાન પ્રક્રિયા કરતી વખતે શરીરનાં કયા કયા અંગોમાં કયા કયા મંત્રાક્ષરો અને તેની સાથેના બીજાઅક્ષરો નિયુક્ત કરવા? તેનું વર્ણન કર્યું નથી, પણ સૂચના કરી છે. (૫) સર્વ ધ્યેયોમાં "જિનવર ધ્યેય તરીકે ખૂબ ઉત્તમ છે." એમ સૂચના પણ કરી છે.

આ સ્તવનમાં નીચે પ્રમાણે છઃ છઃ બાબતો આવેલી છે.

(૧) **છ અંગોઃ**—બે પગઃ બે હાથઃ એક પેટઃ એક માથું.

(૨) **છ દર્શનોઃ**—સાંખ્યઃ યોગઃ બૌદ્ધઃ મીમાંસકઃ ચાર્વાકઃ અને જૈનઃ

(૩) **છ ધ્યાનના અંગોઃ**—મુદ્રાઃ બીજમંત્રઃ ધારણાઃ મંત્રાક્ષર શિવાયના બીજા અક્ષરોઃ તેના ન્યાસઃ અર્થ.

(૪) **પ્રવચનના છ અંગોઃ**:—સૂત્રઃ નિર્યુક્તિઃ ભાષ્યઃ ચૂર્ણિઃ વૃત્તિઃ અને પરંપરાનો અનુભવઃ

કોઇ પણ સાધક આત્મા કોઇ પણ દર્શનનો આશ્રય લઇને પોતાના આત્માની પ્રગતિ ધીમે ધીમે સાધનો સાધતો આગળ વધે, તેમાં

પણ અંશથી જૈન દર્શનોક્ત વિકાસ માર્ગની સેવા આવી જાય છે. એ રીતે આગળ વધતાં વધતાં, છયેય દર્શનો કે બીજા જેજે સંપ્રદાયો હોય, તેમાંથી પસાર થતો થતો જૈન દર્શનમાં પ્રવેશ કરે, ત્યાં સમ્યક્ત્વ: નવતત્ત્વનો બોધ: દેશવિરતિ: સર્વવિરતિ: પ્રાપ્ત કરે. સૂત્ર: નિર્યુક્તિ: ભાષ્ય: ચૂર્ણિ: વૃત્તિ: અને પરંપરાના અનુભવ:ને અનુસરીને જિનાજ્ઞાનું પાલન કરી, તીર્થંકર પ્રભુની આજ્ઞાને આધીન રહી, આગળ વધતાં પૂર્વધર અને દ્વાદશાંગીના ધારક થઈ, જિન સ્વરૂપ થવા માટે મુદ્રા: બીજ: ધારણા: અક્ષર: ન્યાસ: અને અર્થ: એ સર્વનો વિનિયોગ કરી ધ્યાન કરે. અને એ રીતે જૈન શાસ્ત્રો મારફત જિનેશ્વર દેવનું ધ્યાન કરે. જિનેશ્વર પ્રભુના ધ્યાન ઉપરથી તેમની સાથે પોતાના આત્માની અભેદતા ધ્યાવે, તે પછી પોતાના આત્માનું દ્રવ્ય: ગુણ: પર્યાય:ના ભેદથી ધ્યાન કરે. પછી ગુણ અને પર્યાયનો દ્રવ્યમાં અભેદ કરીને ધ્યાન કરે. તેથી જ્ઞાન: દર્શન: ચારિત્ર: વીર્ય: વિગેરે આત્માના અનંત ગુણોના જુદા જુદા ધ્યાનની જરૂર રહેતી નથી. એમ અભેદ ધ્યાનથી–નિર્વિકલ્પ ધ્યાનથી આત્મામાં સ્થિરતા પ્રાપ્ત થઈ જાય છે. એ રીતે પરંપરાએ જે આત્મા એક વખત કોઈ પણ સંપ્રદાય કે ધર્મની ક્રિયા-અનુષ્ઠાન કરીને પ્રગતિ કરતો હતો, તે આત્મા બીજા બધા આલંબનો છોડીને, પોતેજ ધ્યેય: ધ્યાતા: અને ધ્યાન: સ્વરૂપ બની જાય છે. એટલે પરમાત્મા રૂપ–જિનેશ્વર રૂપ બની જાય છે. પછી તેને, કોઈ પણ વસ્તુની અપેક્ષા રહેતી નથી. પોતાના જ્ઞાનાદિક ગુણોથી પણ અભેદ સ્વરૂપમાં આવી જાય છે. આ રીતે શાસ્ત્રજ્ઞાન અને તેની આજ્ઞા અનુસાર આચરણરૂપ **વચનાનુષ્ઠાનને** આધારે પરંપરાએ નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થતાં આત્માજ પરમાત્મા રૂપ–જિન સ્વરૂપ બને છે. એમ **સમાપત્તિ યોગ** થવાથી આત્મા આગળ વધી શકે છે. આ રીતે છ દર્શન: તેનો જૈન દર્શનમાં સમાવેશ: જૈન દર્શનના મહા પ્રવચનના છ અંગો: તેમાં બતાવેલા ધ્યાનનાં છ અંગો: તેની મદદથી અંતરાત્મા પરમાત્માના ધ્યાનથી પરમાત્મારૂપ બની જાય: જેમ ભમરીના ચટકાથી ઇયળ તેનું ધ્યાન ધરતાં ધરતાં

ભમરી બની જાય, તેમ. અને એ રીતે **ક્રિયા અવંચક યોગ** નામનો યોગ સિદ્ધ થતાં મોક્ષરૂપ **ફળાવંચક યોગ** સિદ્ધ થાય છે. **સિદ્ધ-સમાપત્તિ યોગ** પ્રાપ્ત થાય છે. આ સ્તવનમાં–આટલું બધું રહસ્ય સૂચિત કરેલું જોઇ શકાય છે. ઉપર જણાવેલા ચાર પ્રકારના છઃ છઃ અંગોની એવી વિવેચના ગુંથી છે, તે ઉપરથી આ રહસ્ય ધ્વનિત થાય છે.

આ પ્રમાણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તીર્થંકર ભગવંતો તીર્થની –શાસનની સ્થાપના કરી– પ્રવચન રચાવી–શ્રી સંઘની સ્થાપના કરી, ધર્મકલ્પદ્રુમ જગતૂના ચોકમાં રોપે છે.
જેમાંથી–છ વિગેરે દર્શનોઃ સર્વ ધર્માનુષ્ઠાનોઃ સર્વ યોગાંગોઃ જગતુમાં વિસ્તરે છે.

**વેદો** વિગેરેમાં પણ જેટલે અંશે આધ્યાત્મિક વિકાસાનુકુળ જે જે તત્ત્વો હોય, તે સર્વ પણ ૧ સર્વજ્ઞ મૂલક શાસનમાંથી ઉડેલા બિંદુઓ સમજવા. જેનો વિસ્તાર છ દર્શનોઃ ઉપનિષદોઃ વિગેરેમાં છે. **વેદો**માં હિંસાપ્રધાન યજ્ઞોના મંત્રો વિગેરે છે. તે ઉપરથી આધ્યાત્મિક ઋષિઓને એ વસ્તુઓ પસંદ પડે, એ તો સંભવિત નથી. તેથી એમ કહેવાય છે, કે–" વેદોનો હિંસાપ્રધાન ભાગ શેષ રહી ગયો હોય, અને આધ્યાત્મિકતા પ્રધાન ભાગ વિલુપ્ત થયો હોય." **જૈનશાસ્ત્રો**માં એવો ઉલ્લેખ છે, કે–"**ઋષભદેવ** પ્રભુના પુત્ર **ભરત**ચક્રવર્તિએ ગૃહસ્થોને માટે આર્ય વેદો રચ્યા, અને તે ૯ મા ૧૦ મા તીર્થંકર ભગવંતોના શાસનની વચ્ચે ખૂબ લાંબો વખત ધર્મરહિત ગયો, તે કાળે, તે વેદોમાં હિંસક યજ્ઞાદિની વાતો **પિપ્પલાદ** વિગેરે ઋષિઓથી પ્રવેશ પામી. અને આધ્યાત્મિક ભાગ કાળક્રમે લુપ્ત થતો ગયો." **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** લખ્યું છે, કે–

**सव्वे वि वेय–धम्मा निस्सेयस–साहगा ण णियमेण ।**

**અર્થ**:—" સર્વેય વેદ ધર્મો મોક્ષના સાધકો જ છે." એમ નથી.

# ૨૨. શ્રી-નેમિ-નાથ-જિન-સ્તવન.

## ધ્યાતાઃ ધ્યેયઃ અને ધ્યાનઃની એકતાઃ સાચી પ્રેમિકાના વિરોધાભાસ ભરેલા ઠપકાઃ વીતરાગતારૂપ પરમાત્મપણું:

સ્વ આત્મા સાથે રઢ લગાવીને **સાલંબન-સ-વિકલ્પક શુક્લ ધ્યાન**ના બીજા પાયામાં સમ્યગ્ દર્શનાદિક પર્યાયોને પણ ગૌણ કરી દઈને, કેવળ સ્વાત્મ દ્રવ્યમાંજ લીનતા ધારણ કરી, **પરમાત્મારૂપે** પોતાના આત્માને જોવાની ઇચ્છારૂપ ધ્યાનઃ ધ્યાતાઃ અને ધ્યેયઃની એકતા થતાં જ, જેમ બરાબર તાકેલું બાણ ફેંકાતાંની સાથેજ લક્ષ્ય વીંધાઇ જાય છે. તેજ પ્રમાણે, -સિદ્ધ પરમાત્માનું દર્શન થતાંજ **કેવળજ્ઞાન** પ્રાપ્ત થઇ પરમાત્મપણું પ્રાપ્ત થઈ જાય છે. ત્યારે લોકાલોકના સર્વ ભાવો જાણવામાં આવી જાય છે, ને નિર્વિકલ્પક ધ્યાન પણ પૂર્ણ થાય છે. પછી તો, **ધ્યાનાન્તરિકા** રહે છે. ભૂતપૂર્વ ન્યાયથી ધ્યાતા શ્રી **રાજીમતીજી**એ **શ્રી નેમિનાથ** પરમાત્માને ધ્યેય તરીકે રાખવા છતાં, તેમની પહેલાંજ પરમાત્મા બની મોક્ષમાં ગયા છે. તેથી, બાહ્ય ધ્યેય પણ સવિકલ્પક ધ્યાનની દશામાં નિમિત્ત માત્રજ હોય છે. નિર્વિકલ્પ ધ્યાન દશામાં તો **સ્વાત્મ દ્રવ્ય શિવાયના** કોઇ પણ ધ્યેય-**પર-સમયરૂપ** હોવાથી, તે ધ્યેય જ નથી બનતું.

**દશા એવી છે, કે:-શ્રી** કૃષ્ણની ગોપીકાઓએ વિનોદમાં "**શ્રી નેમિનાથજી**ની લગ્ન કરવાની ઇચ્છા છે." એવું જણાવવાથી **શ્રી કૃષ્ણજીએ ઉગ્રસેન** રાજાની પુત્રી રાજકુમારી **રાજીમતી** સાથે સંબંધ કર્યો. ઠાઠમાઠથી જાન ગઈ. **પરંતુ**, જાનને જમાડવા માટે એકઠા કરેલા પશુઓનો સંહાર થવાની હકીકત જાણી, **શ્રી નેમિનાથજી** લગ્ન કરવાથી પાછા ફરી ગયા. તે વખતે પૂર્વના નવભવના સંબંધને લીધે **શ્રી રાજીમતીને** પ્રથમ આઘાત થયો. ને પાછળથી **શ્રી નેમનાથ પ્રભુ** પાસે દીક્ષા લઇ, તેની પહેલાં જ મોક્ષમાં ગયાં. **શ્રી નેમિનાથ** પાછા વળી ગયા, તે પ્રસંગથી માંડીને પાછા લાવવા માટે જુદી જુદી વિજ્ઞપ્તિઓ તે કરે છે. પરંતુ, પ્રભુ વીતરાગતા તરફ આગળ વધતા જતા હોવાથી પોતાના કાર્યમાં મક્કમ હતા.

**રાગ : મારુણી : "ધણરા ઢોલા." એ દેશી.**

**આઠ ભવની પ્રીતિ યાદ કરાવી, જતાં રોકે છેઃ—**

**અષ્ટ-ભવા-ऽન્તર વાલહી, રે**
**તું મુજ આતમ-રામ, મનરા વ્હાલા !**

મુગતિ-સ્ત્રી શું આપણે રે
સગપણ કોઇ ન કામ. મનરા વ્હાલા ! ૧

**અષ્ટ**=આઠ. **ભવાડન્તર**=ભવોમાં. **અષ્ટ-ભવા-ડન્તર**=આઠ ભવોમાં. **વાલહી**=વ્હાલી. પૂરા પ્રેમનું પાત્ર. **આતમ-રામ**= આત્માના અંદરના ભાગમાં રમણ કરનારો. સતત પ્રેમપૂર્વક આત્મામાં સ્થાન પામેલ. **મુગતિ-સ્ત્રીશું**=મોક્ષરૂપી સ્ત્રી સાથે. **સગપણ**=સગાઇ-સંબંધ. **કોઈ**=જરા પણ. **કામ**=ઉપયોગી. ૧

મારા મનમાં વ્હાલામાં વ્હાલા ! હું આઠ ભવથી તો તને ખૂબ ખૂબ વ્હાલી છું. અને તું પણ મારા આત્મામાં રમી રહેલો વ્હાલામાં વ્હાલો છે.

તો મુક્તિરૂપી સ્ત્રીની સાથે સગપણ રાખવાનું આપણે શું કામ છે ? એ સગપણ કોઇ પણ કામનું નથી. માટે તેમની સાથે સગપણ જોડો મા. હું ના પાડું છું. તે મારી શોક્ય છે, તેને દૂર રાખો. મારી સાથેજ સગપણ રાખો.

વિરોધ-પરિહારઃ-મારી સાથેની આઠ ભવની અવિઘટક પ્રીતિ છતાં, તમારું મન મુક્તિ તરફ ગયું છે, તો ખરેખર આપ મોક્ષ ગામી વીત-રાગ પરમાત્મા છો. ૧

**નેમિ**-એટલે "ચક્રની ધરી" એવો પણ અર્થ થાય છે. તેથી શ્રી **નેમિ-નાથ** પ્રભુનું નામ' **પદસ્થધ્યાનમાં** કેન્દ્ર તરીકે-હોવાથી શ્લેષથી નામની સાર્થકતા બતાવી જણાય છે.

**૨. રથ પાછો વાળી ઘેર આવવા કહે છેઃ—**

**ઘર આવો હો ! વાલિમ ! ઘર આવો**
**મારી આશાના વિશરામ ! મન૦**
**રથ ફેરો હો ! સાજન ! રથ ફેરો**
**સાજન ! મારા મનોરથ સાથ. મન૦ ૨**

**વાલિમ**=વાલમ. પ્રિયતમ. વલ્લભતમ. **વિશરામ**=વિશ્રામ સ્થાન. પૂર્ણતા. **સાજન**=સ્વજન. **મનોરથ**=મનરૂપી રથ. ૨

અરે ! વાલમ ! ઓ મારી આશાના વિસામા ! તમે ઘેર આવો રે ! ઘેર આવો. બીજે ન જાઓ. રથ પાછો વાળો, રે? રથ પાછો વાળો. મારા મનોરથોની સાથે પાછો વાળો. આપનો રથ ચાલ્યો જાય છે, સાથે જ મારા મનનો રથ–પણ ચાલ્યો જાય છે- મારા મનના મનોરથો–મનની ધારણાઓ ચાલી જાય છે. તમારી સાથેના આઠ ભવના પ્રેમને લીધે તમારી સાથેના હવે પછીના સહવાસથી જે જે મનમાં આશાઓ અને મનની મ્હેલાતો બાંધી હતી, તે બધી પડી ભાંગે છે. તમો જો રથ પાછો ફેરવો, તોજ તે બધું ટકી શકે તેમ છે, બચી જાય છે. તમારા રથના જવા આવવા ઉપર મારા મનોરથોના જવા આવવાનો આધાર છે. કેમકે–મારા મનના માનેલા આપજ ખરેખરા સ્વજન છો. લગ્નવિધિ ન થવા છતાં એક વખત વાલમ તરીકે સ્વીકાર્યા હોવાથી, વાલમ થઇ ચૂકેલા જ હોય છે. તેથી વાલમ સમજીને **રાજીમતી** શ્રી નેમિનાથજીને ઘેર પાછા બોલાવે છે.

વિ૦ ૫૦–આમ મારા એકલીના સ્વજનને બદલે વિશ્વના સ્વજન છો. મારી એકલીની આશા અને મનોરથો પૂરવાને બદલે વિશ્વના પ્રાણી માત્રની શુભાશા અને મનોરથો પૂરવા રથ ફેરવી જાઓ છો. તમારાં વ્હાલ કેટલા બધા વિશાળ છે? ૨

**૩. સ્ત્રીનો પ્રેમ ક્ષણિક માનીને ઉપેક્ષા કરવા લાયક નથી, હો !—**

**" નારી–પખો શો નેહલો ? " રે**
**સાચ કહે જગ–નાથ ! મનરા૦**
**ઇશ્વર અરધા–ડગે ધરી. રે**
**તું મુજ ઝાલે ન હાથ. મન૦ ૩**

**નારી-પખો**=સ્ત્રીનો એક તરફી નેહલો: પ્રેમ. **સાચ**=સાચું. **ઇશ્વર**=મહાદેવ. **અરધા-ડહ્ગે**=અરધા શરીરમાં.

હે જગન્નાથ ! તું સામે સાચું કહે કે-"શું તારા દિલમાં એવું છે, ને ? કે-" માત્ર બૈરીના એક તરફી પ્રેમની શી કિંમત ?" બોલ.

પરંતુ, વ્હાલા ! શું તને માલુમ નથી ? કે-

ખુદ મહાદેવે પોતાના અરધા શરીરે સ્ત્રીને ધારણ કરી છે. એટલે કે-પોતાનું અરધું અંગ સ્ત્રીનું ધારણ કરીને **અર્ધ-નારીશ્વર** તરીકે પ્રસિદ્ધ થયા છે. જગત્માંના મોટા મહાદેવ પણ નારી વિના રહી શકતા નથી. અને તું તો મારો હાથ પણ ઝાલતો નથી. તો પછી, મને અરધા અંગની ભાગીદારી-**અર્ધાંગના** બનાવવાની તો વાતજ શી ? ભલે, તમારે ચાલ્યા જવું હોય, તો ચાલ્યા જાઓ. પણ મારો હાથ ઝાલીને-મારી સાથે લગ્ન કરીને-મને તમારી અર્ધાંગના બનાવીને જાઓ. મારો હાથ તરછોડીને ન જાઓ. મારા નાથ થાઓ. મારા નાથ નથી થતા, તો જગન્નાથ શી રીતે બનશો ? અને અરધા નારીના અંગવિના મહાદેવ પણ કેમ બનશો ? આમ બન્નેય રીતે તમારે મારી જરૂર છે.

વિ૦પ૦-મહાદેવ રાગી હોવાથી અરધું શરીર સ્ત્રીનું ધારણ કરે છે. અથવા, તો સ્ત્રીને અરધું અંગ સોંપે છે. અને અર્ધાંગના બનાવે છે. વીતરાગ પરમાત્મા અરધા અહ્ગની તો વાતજ શી ? પરંતુ હાથ પણ ઝાલતા નથી, સ્પર્શ પણ કરતા નથી. મનથી પણ સ્ત્રીના-પુરુષાદિ વેદના-ભાવથી ત્યાગી હોય છે.

**૪. જો તમારામાં પ્રેમ કે દયા નથી, તો પશુઓ ઉપર કેમ દયા કરી ?**

> પશુ-જનની કરુણા કરી રે
>
> આણી હૃદય વિચાર. મન૦
>
> માણસની કરુણા નહીં. રે
>
> એ કુણ ઘર-આચાર ? મન૦ ૪

**પશુ-જનની**=પશુની. પશુ સમૂહની. **કરુણા**=દયા. **આણી**=કરી. લાવ્યા. **કુણ**=કોના. **ઘર-આચાર**=ઘરનો આચાર. ૪

પણ, તમારા આવા તે આચાર કોના ઘરના છે? તેની સમજણ જ પડતી નથી. હૃદયમાં ખૂબ લાંબો વિચાર કરીને એક બે નહીં, પણ ઘણા પશુઓ ઉપર દયા લાવી ને, મને છોડી જવાને તૈયાર થઈ ગયા !.! તેથી માણસની તમારા મનમાં દયાયે નથી. માણસની વિશેષ દયા કરવાની જરૂર હોય છે. તેના ઉપર દયા ન કરતાં, પશુઓ ઉપર દયા વર્ષાવી દીધી. આ તે કાંઇ ઢંગ છે? તદ્દન બોઘાપણું? સમજણ જ લાગતી નથી.

વિ૦પ૦-૧ પશુઓ ઉપર દયા છે. એટછે-કે સર્વ જીવોની રક્ષા કરવાની મહા કરુણા ધરાવો છો. અને માણસ ઉપર રાગ નથી. રાગમાં કે દ્વેષમાં આસક્ત ન હોવાથી, ખરેખરા વીતરાગ છો. નિરાગી અને મહા કરુણાળુ છો. ૪

**૫. પ્રેમ જેવું કલ્પવૃક્ષ કાપી નાંખવામાં અવિચારીપણું:-**

**પ્રેમ-કલ્પ-તરુ છેદિયો. રે**
**ધરિયો જોગ-ધતૂર. મન૦**
**ચતુરાઈરો કુણ કહો-રે**
**ગુરુ મિલિયો જગ-સૂર? મન૦ ૫**

**પ્રેમ-કલ્પ-તરુ**=પ્રેમરૂપી કલ્પવૃક્ષ. **જોગ-ધતૂર**=યોગરૂપિ ધતૂરો. **ચતુરાઇરો**=ચતુરાઇનો (રો છઠ્ઠી વિભક્તિનો મારવાડી ભાષામાં પ્રત્યય છે.) **જગ-સૂર**=જગતમાં સૂર્યસમાન અથવા શૂરવીર. ૫

વાલમ! તમને પ્રેમ જેવું કલ્પવૃક્ષ એકદમ કાપી નાંખતાં શરમ ન આવી? અને જોગરૂપ ધત્તૂરો લેતાં યે સંકોચ ન થયો? તમને આવી ઉંધી સલાહ આપનાર કોણ ચતુર ગુરુ આ દુનિયામાંથી એવો શુરવીર મલી ગયો? એ તો બતાવો. તમે આ કર્યું શું?

વિ૦ ૫૦—દુન્યવી પ્રેમરૂપી ધત્તૂરો કાપી નાંખી, યોગ ધારણ કરવારૂપ કલ્પવૃક્ષનો આશ્રય કરવાથી, આપ ખરેખર વીતરાગ પરમાત્મા છો. કેમકે—રાગનું મૂળ જ કાપી નાંખ્યું. અને મોક્ષનું અનન્ય કારણ જે યોગઃ તેને આપે ધારણ કર્યો. ૫

**૬. પત્ની વિના ઘરની આબરુ શી ?**

**મારું તો એમાં કાંઈ નહીં. રે**
**આપ વિચારો રાજ ! મનરા૦**
**"રાજ—સભામાં બેસતાં રે**
**કિસડી બધસી લાજ ? મનરા૦ ૬**

(**કિસડી**=કેટલી ? કેવીક ? અથવા કોની ? **બધસી**=વધશે. **લાજ**=આબરુ. ૬

ઠીક છે, તમે મને છોડીને ચાલ્યા જાઓછો, તેમાં મારું શું ગયું ? મારો પ્રેમ તો અખંડ રહેવાનો છે. પણ, હે મહારાજ ! મનમાં લગારેક તો વિચાર કરો, કે—આપ રાજસભામાં બેસશો, ત્યારે પત્ની વિનાના તમારી લાજ—આબરુ ભર સભામાં શી રીતે રહેશે ? તેનો કાંઇ વિચાર કર્યો ? વાંઢા માણસની તે કાંઇ આબરુ છે ? તેથી રાજસભામાં તો ખાસ કરીને આપની લાજ જવાની જ. દરેક લોકો મશ્કરી કરવાના જ.

વિ૦ ૫૦—કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી, બાર પરિષદ્‌માં જ્યારે આપ બિરાજશો, ત્યારે મહા બાળબ્રહ્મચારી તરીકેનો આપનો યશ ત્રણ લોકને પણ ઓળંગી જશે. ૬

**૭. પ્રેમ કરીને છોડી દેવામાં કેટલી બધી ખરાબી છે ?**

**પ્રેમ કરે જગ—જન સહુ. રે**
**નિરવહે તે ઓર. મનરા૦**

પ્રીત કરીને છોડી દિયે, રે
તેહ શું ન ચાલે જોર. મનરા૦ ૭

નિરવહે=નિભાવે=ટકાવી રાખે. ઓર=કોઇક, બીજા વીરલા. જોર=બળ. ૭

જગત્માં દરેક માણસ પ્રેમનો સંબંધ તો બાંધે છે. પરંતુ, તેને ટકાવી રાખનારા કોઇ વિરલા જ હોય છે. પ્રેમનો તાર તોડી નાંખતાં વાર ન લગાડે, ને પ્રેમ જેવી વસ્તુ તોડી નાંખનારાની સામે જોર શી રીતે ચાલી શકે ? કેમકે–તે મનની વાત છે. બહારની વસ્તુ સાથે તેને સંબંધ નથી. આપે પણ પ્રેમ જેવી વસ્તુને એક બાળકની રમતની જેમ તોડી નાંખેલ છે. તેમાં તમારી સામે મારું જોર શું ચાલી શકે ? વિ૦પ૦–માત્ર ઉદયમાં આવેલા કર્મો ખપાવવા માટે જ મારી સાથેની આઠ ભવની પ્રીતિ તમે જોડી રાખી હતી. પરંતુ કાયમી રાગથી એ પ્રીતિ નહોતી. હવે, કર્મ ખપી ગયા, એટલે આપ વીતરાગી થયા, અને મુક્તિ સ્ત્રી સાથે પ્રીતિ બાંધીને તેને સાદિ અનંત ભાંગે નિભાવવા તૈયાર થયા છો. માટે તમારા જેવા પ્રેમી પણ કોઈ વિરલાજ જગત્માં હોય છે. ૭

**૮. આમ અચાનક પ્રીતિ તોડી નાંખનાર તરીકે આપને જાણ્યા હોત, તો ?**

જો મનમાં એહવું હતું, રે
નિસપતિ કરત ન જાણ. મનરા૦
નિસપતિ કરીને છોડતાં, રે
માણસ હુવે નુકશાણ. મનરા૦ ૮

નિસપતિ=નિસ્બત (ઉર્દૂ ભાષાનો શબ્દ) પ્રેમ. નુકશાણ=નુકશાન. (ઉર્દૂ શબ્દ. પણ મારવાડી ઉચ્ચાર)

અરે ! નાથ ! મનમાં જો આવો દગો પહેલેથી જ હતો, તો પહેલેથી

જણાવવું જોઇતું હતું. તો, તે જાણીને હું આપની સાથે પ્રેમ બાંધત જ નહીં. કેમકે–પ્રેમ બાંધ્યા પછી તેને છોડી દેવામાં માણસને કેટલું નુકશાન પહોંચે છે? તેની તમને કલ્પનાયે ક્યાં આવે છે? તેની શી દશા થાય? પ્રેમ એક વખતજ જોડાય છે, એક વાર પ્રેમ જોડાયા પછી તેને તોડી નાંખવાથી પ્રેમ વિના માણસ જીવી જ કેમ શકે? નુકશાનની તો શું આપે કલ્પનાયે કરી નહીં?

**વિ૦પ૦**–"આપ પણ દુન્યવી પ્રેમ કરનારા છો." એવો મારો જે ભ્રમ હતો, તે હવે નષ્ટ થયો, ને આપનું વિશ્વ વાત્સલ્ય હું સમજી શકી છું. તેથી દુન્યવી દૃષ્ટિથી મને નુકશાન થયું છે. પરંતુ ફાયદો એ થયો છે, કે મારા અંતર ચક્ષુ ખુલવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. એટલે નુકશાનને બદલે એકંદર ફાયદો જ થયો છે. ૮

**૯. આપનું સાંવત્સરિક દાન સફલ શી રીતે ગણાય?**

**દેતાં દાન સંવચ્છરી, રે**
**સહુ લહે વચ્છિત–પોષ. મન૦**
**સેવક વંચ્છિત નવિ લહે, રે**
**તે સેવકનો દોષ? મન૦** ૯

**વંછિત–પોષ**=ઇચ્છિતમાં વધારો ઈચ્છાની મૂર્તિ. ૯

સૌ જાણે છે, કે "આપશ્રીએ જ્યારે વાર્ષિક દાન આખાયે જગત્‌ને આપ્યું, ત્યારે દરેકે દરેક અર્થિજન પોતાના મનની ઈચ્છાઓને પૂરી કરી શકયા છે.

**પરંતુ**, હું તો આપની સેવિકા છું. છતાં મને તો દાન ન મલવાથી અસંતોષ રહી ગયો છે. તેમાં દોષ સેવકનો? કે દાતાની ઉદારતાની ખામીનો? વિચારી જુઓ. હું આપનું દાન પ્રાપ્ત કરી શકે નથી. તો સહુને વાચ્છિત આપનાર તરીકેની આપની ખ્યાતિ કયાં રહી? બોલો, બોલો.

વિ૦ ૫૦ વાર્ષિક દાન વખતે હું આપની પાસેથી આપને સદાના મારા કરવા રૂપી દાન ન પામવાથી મારી એ ઇચ્છા ભલે સંતોષાઈ નહીં, પરંતુ મોક્ષમાં લઇ જનારું આત્મિક ધનનું દાન પામી છું. એ ખરેખર! આપ જેવા મહા દાતારની બલિહારી છે. ખરેખર! જો આપની સેવાનું આવું મહાન્ ફળ હોય, તો આપની સેવિકા થવામાં પણ હું ધન્ય માનું છું. આપ જ સાચા દાનેશ્વરી અને સાચા માલિક છો. ૯

**૧૦ મારી સખીયે તમને કુલખણા-શામળા જણાવ્યા હતા, તે સાચું ઠર્યું!—**

**સખી કહેઃ-"એ સામળો." રે**
**હું કહું:-"લક્ષણ સેત." મનરા૦**
**"ઇણિ લખણે સાચી સખી." રે**
**આપ વિચારો હેત. મનરા૦ ૧૦**

**લક્ષણ-સેત**=લક્ષણોએ કરીને સહિત. **હેત**=હેતુપૂર્વક. ૧૦

મને યાદ છે, કે-"આપ જાન જોડીને પરણાવા પધાર્યા, ત્યારે મારી સખી મને કહેવા લાગી હતી, કે "સખીરી! તારો વર તો શ્યામળો છે-કાળો છે. ઉપલક્ષણથી કહું તો કુ લખણો છે. તો તેનાથી ચેતજે, સંભાળજે!"

સખી! ભૂલી તું "શ્યામળી ચીજો પણ ગુણવાળી હોય છે. માટે મારા નાથ લક્ષણવંતા છે. તું ભૂલે છે ભૂલે!"

"પરંતુ, હે નાથ! તમારા પુરુષના સ્ત્રીથી ભાગી છુટવાના આવા અપલક્ષણ જોતાં તો-"મારી સખી સાચી હતી." એમ હવે આગળ પાછળનું હેતુપૂર્વક વિચારી જોતાં આપને પણ સાચું જ હોવાનું જણાશે.

**વિ૦૫૦**—"સખી જુઠી હતી, હું સાચી હતી." તે હવે બરાબર

સ્પષ્ટ જ થઇ ગયું છે. આપ એક હજારને આઠ લક્ષણોએ શોભો છો. તેથી, ત્રણ જગત્‌ને પૂજ્ય મહાપુરુષ છો. જેવા આપના તીર્થંકર પ્રભુ તરીકેના ઉત્તમ લક્ષણો છે, તેવી જ આશ્ચર્યકારક સફળતા આપે પ્રાપ્ત કરી છે. ૧૦

**૧૧ તમારી વીતરાગપણાની ડંફાસ ચાલે તેમ નથીઃ—**

**રાગી શું રાગ સહુ કરે. રે**
**વૈરાગી શ્યો રાગ? મનરા૦**
**રાગ વિના કિમ દાખવો રે**
**મુગતિ–સુંદરી માગ? મનરા૦ ૧૧**

**રાગીશું**=રાગવાળાની સાથે. **વૈરાગી**=વૈરાગીની સાથે. **શ્યો**=કઈ રીતે? **દાખવો**=બતાવો. **મુગતિ–સુંદરી–માગ**=મુક્તિરૂપી સુંદર સ્રીને મેળવવાનો માર્ગ. ૧૧

“ રાગ–પ્રેમ–વાળા સાથે તો સૌ રાગ–પ્રેમ કરે છે, પરંતુ વૈરાગીની સાથે પ્રેમ શી રીતે કરી શકામ? ’ એમ કહીને તમે પોતાને વૈરાગી ઠરાવીને મારી સાથે પ્રેમ કરવાના કામમાંથી છટકી જઇ, તમારી સાથે મને પ્રેમ કરતાં અટકાવી દેવાની તમારી વાત માન્ય કરી શકાય તેમ નથી જ. કેમકે–જો તમે ખરેખરા વીતરાગ છો, રાગ વગરના છો, તો મુક્તિરૂપી સુંદરમાં સુંદર સ્રી પાસે જવાનો માર્ગ કેમ બતાવી રહ્યા છો? બોલો. તમારે તેના ઉપર રાગ હોવા વિના તમે એ ધંધો કરી શકો કે? માટે વીતરાગપણાની તમારી ડંફાશ મારી આગળ ચાલે તેમ નથી. જો તમારે મુક્તિ સાથે રાગ કરવાનો હોય, તો તે મારી સાથે પણ કરો. કેમકે–હું આઠ ભવની તમારી વ્હાલી છું, ને તમે મનથી વ્હાલા છો.

**વિ૦ ૫૦—**હું દુન્યવી રાગવાળી છું. તમે દુન્યવી રાગ વિનાના છો. એટલે મારો અને તમારી વચ્ચે હવે દુન્યવી પ્રેમ સંભવે તેમ નથી.

તમે મુક્તિના રાગી છો માટે જ દુન્યવી વૈરાગી છો. દુન્યવી રાગી હોય, તે મુક્તિનો વૈરાગી હોય. અને દુન્યવી વૈરાગી હોય, તે મુક્તિનો રાગી હોય. એટલે, દુન્યવી સ્ત્રી મારા તરફ વૈરાગ્ય, અને મુક્તિ તરફનો રાગ, એ તમારી વીતરાગતાને ઘટિત જ છે. ૧૧

**૧૨. આપના જીવનમાં પરસ્પર કેવો વિરોધ છે? તે તો જુઓને—**

**એક-ગુહ્ય ઘટતું નથી. રે**
**સઘળો યે જાણે લોક. મનરા૦**
**અનેકા-ડન્તિક ભોગવો રે**
**બ્રહ્મચારી ગત-રોગ. મનરા૦ ૧૨**

**ગુહ્ય**=ગુપ્ત વાત. **ઘટતું**=બંધ બેસતું. **અનેકા-ડન્તિક**=(૧) અનેકાન્તિક વ્યવસ્થા. (૨) અનેકાન્તિક-વ્યભિચાર-નામનો હેત્વા-ડડભાસ રૂપ દોષ. **ગત-રોગ**=રોગ રહિત, નીરોગી. ૧૨

આપની એક વાત ગુહ્ય-ગુપ્ત છે. પરંતુ તે ગુપ્ત હોવાનું ઘટતું નથી. કેમકે—સઘળા લોકો તે જાણે છે. જેને સઘળા જાણે, તે ગુપ્ત શી રીતે કહેવાય? કહું? આપનું કયું ગુપ્ત ઘટતું નથી, તે? સાંભળો. અનેકાન્તિક વ્યભિચાર દોષ ભોગવો છો. છતાં રોગ રહિત, ને બાળ બ્રહ્મચારી ગણાઓ છો. આ આપની ગુપ્ત વાત સઘળા લોકો જાણે છે, કે આપ **અનેકાન્તિક** છો—**અનેકાન્તવાદ**ના જગજાહેર ઉપદેષ્ટા છો, નિરોગી છો, અને બ્રહ્મચારી છો.

ગુહ્ય અને સર્વ જાણેઃ વ્યભિચારીઃ અને નિરોગ બ્રહ્મચારીઃ અનેકાન્ત હેત્વા-ડડભાસને ભોગવનારાઃ અને અનેકાન્તિકવાદના પ્રણેતાઃ એ સર્વમાં પરસ્પર વિરોધ પ્રત્યક્ષપણે જ દેખાય છે.

વિ૦૫૦-આપ બાળબ્રહ્મચારી છો. સર્વથા રોગરહિત છો. અને

જગજાહેર રીતે **અનેકાન્તવાદનું** પ્રતિપાદન કરનારા છો. આપના અનેકાન્તમાં અનેકાન્ત–વ્યભિચાર નામનો દોષ નથી.

ન્યાય શાસ્ત્રમાં આવતા અનુમાન પ્રમાણમાં હેતુ મહત્ત્વનો ભાગ ભજવે છે. હેતુ શુદ્ધ હોય, તો અનુમાન પણ શુદ્ધ થાય છે. પરંતુ હેતુમાં દોષ હોય, તો અનુમાન પણ ખોટું થાય છે. હેતુમાં **નૈયાયિકોની** માન્યતા પ્રમાણે પાંચ દોષ હોય છેઃ—

**૧ વિરુદ્ધઃ ૨ સત્–પ્રતિપક્ષઃ ૩ અસિદ્ધઃ ૪ વ્યભિચાર—અનૈકાન્તિકઃ ૫ બાધઃ** આ પાંચમ પૈકીના ચોથા દોષને અહીં લેવામાં આવ્યો છે.

૧ વ્યભિચાર દોષનું બીજું નામ અનૈકાન્તિક દોષ છે. અનેકાન્તિક શબ્યને બે રીતે અહીં લાગુ કરવામાં આવ્યો છે. (૧) વ્યભિચાર દોષના અર્થમાં (૨) અનેકાન્તવાદરૂપે–સ્યાદ્‌વાદના અર્થમાં.

એજ પ્રમાણે અનેકાન્તિક શબ્દના વ્યભિચાર અર્થને પણ બે રીતે લાગુ કરી વિરોધાભાસ ઉભો કરવામાં આવ્યો છે. (૧) વ્યભિચાર હેત્વા-ऽऽ-ભાસના અર્થમાં (૨) માર્ગાનુસારીપણાને આધારે લગ્ન વિધિથી સ્વીકૃત સ્વસ્ત્રી–સેવનરૂપ મર્યાદાનો ભંગ કરીને, અન્ય સ્ત્રીનું સેવન કરવાથી લોકમાં વ્યભિચાર દોષ ગણાય છે.

ગાયનું લક્ષણ "શીંગડાવાળી હોય, તે ગાય." એવું કોઇ કરે, તો તે લક્ષણ વ્યભિચાર દોષવાળું અતિવ્યાપ્તિદોષવાળું ગણાય છે. કેમકે–ગાય ઉપરાંત, ભેંશમાં પણ શીંગડાવાળા પણું હોય છે. ગાયનું લક્ષણ ગાયમાંજ રહેવું જોઇએ, તે ગાય ઉપરાંત ભેંશમાં પણ ચાલ્યું ગયું. માટે, તે લક્ષણમાં વ્યભિચાર દોષ ગણાય છે. તે પ્રમાણે સ્વસ્ત્રીનું સેવન કરવાની સામાજિક વિગેરે વ્યવસ્થાને છોડીને પરસ્ત્રીના સેવન તરફ ચાલ્યા જવું, એ પણ વ્યભિચાર હેત્વાભાસ હોવાથી વ્યવહારમાં પણ વ્યભિચાર રૂપ કહેવાય છે.

તો પછી, અનેકાન્તવાદ પણ આ રીતે વ્યભિચાર દોષરૂપ કેમ ગણાય! તેમાં અપેક્ષારૂપ પારસમણિનો સ્પર્શ થવાથી તે નિર્દોષ સુવર્ણરૂપ બની જાય છે.

તર્જની આંગળી મોટી છે. તેનામાં મોટાપણું છે. ત્યારે વચલી આંગળીથી તેનામાં નાનાપણું પણ છે. એટલે કે–મોટાપણું વચલી આંગળીમાં પણ તર્જની છોડીને ચાલ્યું ગયું. વ્યભિચરિત થઇ ગયું. એટલે–તર્જનીમાં નાનાપણું ઠરી ગયું. પરંતુ વચલી આંગળી સાપેક્ષ નાનાપણું: અને અંગુઠા સાપેક્ષ મોટાપણું: હોવાથી વ્યભિચાર દોષની ગંધ પણ રહેતી નથી.

**૧૩. છેલ્લો દાવઃ—**

જિણ જોણે તુમને જોઉં, રે
તિણ જોણે જુવો રાજ ! મનરા૦
એક–વાર મુજને જુવો, રે
તે સિજ્ઝે મુજ કાજ. મનરા૦ ૧૩

**જિણ**=જે. **જોણે**=નજરથી, દૃષ્ટિ એ. **સીજ્ઝે**=સફળ થાય. ૧૩

અહો ! મહારાજ ! બસ, હવે એક જ વાત થવા દ્યો, કે–જે દૃષ્ટિથી હું આપને જોઈ રહી છું, તે જ દૃષ્ટિથી આપ મને જુઓ. બસ, પછી મારે કાંઈ ન જોઇએ. બસ, એક જ વાર મને એ દૃષ્ટિએ જુઓ. તેથી મારાં કામ પૂરેપૂરાં સફળ થઈ જાય છે.

હું આપને સાંસારિક રાગદૃષ્ટિથી જોઉ છું. તેવી જ રાગદૃષ્ટિથી આપ એક જ વાર મારી સામે જુવો. બસ. મને પૂરો સંતોષ થઇ જશે. હું રાગદૃષ્ટિથી આપને ક્ષણે ક્ષણે પાછળ પડી રહી નિહાળી રહી છું. આપ એક વખત પણ રાગદૃષ્ટિથી મને જોતા નથી. પણ મને તો એક વખત પણ એ રીતે આપ જોશો. એટલે મારું મન ભરાઇ જશે,

મારા રાગભર્યા હૃદયમાં હજી તે જાતનો તલસાટ છે. તે તેથી શાંત થઇ જશે.

**વિ૦૫૦—** પરંતુ તમે એકવાર પણ મને હવે એ દૃષ્ટિથી જુવો તો તમારા વીતરાગપણામાં ગાબડું પડી જ જાયને? આપ એમ કરો જ શાના? કેમકે—આપ પૂરા વીતરાગ દેવ છો. ૧૩

**૧૪. એક વાર પણ તમે તે દૃષ્ટિથી મારી સામે જોતા નથી. તે હવે શું ?**

**" મોહ–દશા ધરી ભાવના " રે**
**ચિત્ત લહે તત્ત્વ વિચારઃ-** **મનરા૦**
**" વીત–રાગતા આદરી. રે**
**પ્રાણ–નાથ ! નિરધાર.** **મનરા૦**

**મોહ–દશા**=મોહથી ઘેરાયેલી અવસ્થા. **ધરી**=ધારણ કરીને. **ભાવના**=વિચારણાઃ **લહે**=પામે. **તત્વ–વિચાર**=તાત્ત્વિક વિચારણા–વાસ્તવિક સત્ય. **વીત–રાગતા**=વીતરાગપણું, રગ દ્વેષથી રહિત-પણું. **આદરી**=સ્વીકારી. **પ્રાણ–નાથ**=પ્રાણોના સ્વામિ, સંપૂર્ણ માલિક. **નિરધાર**=ચોક્કસ, ખાત્રીપૂર્વક. ૧૪

અત્યાર સુધી તો મોહ દશા ધારણ કરીને હું વિચારણા કરતી હતી. પરંતુ, હવે મારું મન ખરી વસ્તુ સ્થિતિ જાણી શકયું છે, કેઃ– " હે પ્રાણનાથ! આપે પાકે પાયે–ખાત્રીપૂર્વક–વીતરાગતા ધારણ કરવાનું આદરી દીધું છે–વીતરાગતા ધારણ કરી લીધી છે.

પહેલાં મને જે સર્વ વિપરીત લાગતું હતું, તે હવે બધુંયે સવળું લાગે છે. કેમકે–એ બધુંયે આપની વીતરાગતા સાથે બરાબર બંધ બેસતું જ છે. હું મોહને લીધે સાંસારિક દૃષ્ટિથી આપના જીવનની ઘટનાઓ ઘટાવતી હતી, તેથી તે બધુંયે વિપરીત ભાસતુ હતું, કાંઈપણ બંધ બેસતું આવતું જ નહીં. હવે, બધું બરાબર ભાસે છે. મારા ચિત્તમાં હવે બરાબર તત્ત્વ વિચાર જાગ્રત્ થયો છે. ૧૪

**૧૫. સેવકનું કર્તવ્ય :—**

સેવક પણ તે આદરે, રે
તો રહે સેવક–મામ. મનરા૦
આશય સાથે ચાલિયે. રે
એહિ જ રૂડું કામ. મનરા૦ ૧૫

**સેવક=મામ**=સેવક તરીકેની મર્યાદા. **આશય સાથે** [ સ્વામિના ] મનોગતભાવ સાથે =**રૂડું કામ**=ઉત્તમ કાર્ય. ૧૫

જ્યારે સ્વામિએ વીતરાગતા આદરી દીધી છે, તો મારી સેવક તરીકેની ફરજ છે, કે–મારે પણ તેજ આદરવી. તો જ સેવક તરીકેની મારી મર્યાદા–ફરજ જળવાય. અન્યથા હું મારી ફરજમાંથી ચૂકું. કેમકે–મેં મારી જાતને આપની સેવક તરીકેની નક્કી કરેલી છે. [ ૯મી કડી. ] એટલે તેમાંથી મારાથી છટકી જઇ શકાય તેમ નથી. તેથી હવે તો મારું સારામાં સારું એજ કર્તવ્ય થઈ પડે છે, કે–આપના આશયને અનુસરીને મારે વર્તવું. એ શિવાય બીજો કોઈ માર્ગ જ નથી. એટલે મારે પણ વીતરાગતાનીજ સાધના આદરવી રહી. ૧૫

**૧૬. સાધનાની રઢ :—**

ત્રિ–વિધ–જોગ ધરી આદર્યો રે
નેમ–નાથ ભરતાર. મનરા૦
ધારણ : પોષણ : તારણો : રે
નવ–સર મુગતાહાર. મનરા૦ ૧૬

**ત્રિ-વિધ–જોગ**=ત્રણ પ્રકારનો યોગઃ (૧) મન: વચન: કાયાઃની સમાપત્તિરૂપ પ્રાણિધાન (૨) ઇચ્છાયોગઃ શાસ્ત્રયોગ: સામર્થ્યયોગ. અથવા યોગાવગ-ચકઃ ક્રિયાવગ-ચકઃ ફળાવગ-ચકઃ **ધરી**=ધારણા કરી. **આદર્યો**=આદર પૂર્વક સેવા કરી. **ભરતાર**=સ્વામિ. માલિક.

**ધારણુ**=ધારણુ કરવુંઃ આશ્રય આપવો. **પોષણુ**=પોષણુ કરવું. નભાવવું. સહાય કરવી. **તારણો**=પાર પહોંચાડવું. સંસાર સમુદ્ર તરાવવો. અથવા કર્તા અર્થમાં પ્રત્યયની અપેક્ષાએ. **ધારણુ**= ધારણુ કરનાર **પોષણો**=પોષણુ કરનાર. **તારણો**= તારનાર. પારપહોંચાડનાર. **નવ-રસ**=નવ રસ. ૧ શૃંગારઃ ૨ હાસ્યઃ ૩ કરુણઃ ૪ રૌદ્રઃ ૫ વીરઃ ૬ ભયાનકઃ ૭ અદ્ભુતઃ ૮ બીભત્સઃ ૯ શાંતઃ એ નવરસ અથવા, **નવસર**=નવ સેરવાળો **મુગતા-હાર**=મૌક્તિક હાર, મોતીનો હાર. ૧૬

શુદ્ધ પ્રણિધાને કરીને અથવા ઇચ્છાદિક ત્રણ યોગે કરીને, **શ્રી નેમિનાથ** પ્રભુને સર્વથા સ્વામિ તરીકે આદરપૂર્વક સ્વીકારી લઇ, મેં તેની જ આરાધના શરૂ કરી દીધી. તેને જ આશ્રયદાતાઃ પાલનહારઃ તારણહારઃ અને નવસરો મોતીનો હાર માની લીધો છે.

મોતીનો નવસરો હાર જેમ હૃદય વિષે રહીને આનંદ અને શોભા આપે છે, તે પ્રમાણે આ **નેમિનાથ** ભરતારને હૃદયમાં ત્રણેય યોગે કરીને આદરપૂર્વક ધારણ કરવામાં આવેલા છે.

આપને હાથે દીક્ષા પામવાથી મારો **યોગાવંચક યોગ** સફળ થયો છે. દીક્ષાનું આપની આજ્ઞા પ્રમાણે બરાબર પાલન કરવાથી મારો **ક્રિયાવંચક યોગ** સફલ થયો છે. અને આપના પહેલાં જ મોક્ષમાં જવાથી મારો **ફલાવંચક યોગ** પણ સફલ થવાનો જ છે. ૧૬

**નવ-રસ**-શબ્દને બદલે હાર શબ્દના સાન્નિધ્યથી **નવ-સર**-પાઠ ઠીક લાગે છે. મોતીનો મોટામાં મોટો હાર. **નવસરોહાર** કહેવાય છે. તેનાથી છાતી પૂરેપૂરી ઢંકાય છે, અને ખૂબ શોભે છે. એ પ્રમાણે "**નવસરા** હારની માફક **શ્રી નેમિનાથ** સ્વામિને હૃદયમાં પૂરેપૂરા ધારણ કર્યા છે." એવો ભાવ સમજાય છે. **નવરસ** શબ્દનો અર્થ તાણી તુણીને હાર શબ્દને બંધબેસતો કરવો પડે છે. છતાં **બહુશ્રુતો**

પ્રમાણભૂત છે. **નવસર** પાઠને અશુદ્ધ માનીને, **નવરસો** પ્રસિદ્ધ છે, તે ખ્યાલથી **નવરસ** એ રીતે પાઠ સુધારવાના ખ્યાલથી કોઇએ સુધર્યો પણ હોય. ૧૬

૧૭. ઉપસંહાર :

> કારણ-રૂપી પ્રભુ ભજ્યો, રે
> ગણ્યો ન કાજઃ અ-કાજ. મન૦રા૦
> કૃપા કરી મુજ દીજીએ રે
> આનન્દ-ઘન-પદ-રાજ. મન૦રા૦ ૧૭

**કારણ-રૂપી**=નિમિત્ત તરીકે-પ્રબળ નિમિત્ત તરીકે. **કાજ**=કાર્યઃ સફળતા **અ-કાજ**=અકાર્યઃ નિષ્ફળતા.

સફળતાઃ કે નિષ્ફળતાઃ નો વિચાર કર્યા વિના જ જેટલી શકિતથી ભજી શકાય તેટલી શકિતથી પ્રબળ નિમિત્તરૂપ સમજીને પ્રભુની સેવા કરીએ છીએ. તો હે પરમાત્મા ! કૃપા કરીને **આનંદઘનના** પદનું રાજ્ય-મોક્ષ મને હવે જલ્દી આપી જ દીઓને ! ! શા માટે ઢીલ કરો છો ? કારણ હોય, તો કાર્ય થવું જ જોઇએ, આપના ભજનરૂપ કાર્ય હાજર છે, તો પછી આનન્દઘનપદના રાજ્યરૂપ ફળ -કાર્ય કેમ સફળ ન થાય ? થાય જ. ૧૭

## ર હ સ્યા ર્થ :

**શ્રી નેમિનાથ** પ્રભુના જીવનરૂપી વિશાળ ગગનાભોગમાં **શ્રી રાજીમતીરૂપી** વિજળી ખૂબ ચમકે છે, તેથી પ્રભુના જીવનના પ્રસંગો સાથે વણીને સ્તવન કારે પ્રભુની અસાધારણ વીતરાગ-તાનું જોરદાર નિરૂપણ કર્યું છે. બીજા ૨૩ તીર્થંકર ભગવંતો પણ જન્મથી વીતરાગ વૈરાગી હતા. પરંતુ તેમાંના શ્રી **મલ્લિ-નાથ** શિવાયના દરેક ભોગાવલી કર્મોના ઉદયને ખપાવી નાંખવા

માટે પરણ્યા હતા. ત્યારે **શ્રી નેમિનાથ** પ્રભુના જીવનમાં એ ખુબી છે, કે–તેઓ પહેલેથી જ પરણ્યા નહોતા. બાળબ્રહ્મચારી હતા. એટલે કે– તે રીતે શરૂઆતથી જ વીતરાગ હતા. એમ જગત સ્પષ્ટ રીતે જાણી શકે તેમ હતું. વિશેષ ખુબી તો એ હતી, કે-**રાજીમતી** જેવી રૂપગુણના ભંડાર સમાન રાજકુમારી સામે ચાલીને પત્ની બનવા હાજર હતી. શ્રી **નેમિનાથ** પ્રભુની પત્ની થવામાં પોતાને પરમ ભાગ્યશાળી માનતી હતી. અને છેવટ સુધી પ્રયત્ન કરવા તત્પર હતી, ઉપરાંત, પાછળના આઠ ભવથી તે પ્રમાણે પત્ની બનતી આવતી હતી. એ રીતે સ્નેહ સંબન્ધને ટકાવી રાખ્યો હતો. સ્નેહનું આવું જોરદાર દોરડું કાપવું ઘણું મુશ્કેલી ભરેલું કામ હતું. છતાં, તે **શ્રી નેમિનાથ** પ્રભુએ એક ક્ષણવારમાં જ સહજ રીતે જ કાપી નાંખ્યું હતું અને પોતાની વીતરાગતા જગજાહેર કરી દીધી. આ તેમના જીવનની વિશિષ્ટતા છે.

ત્યારે, શ્રી **રાજીમતી** પણ તેમને છેવટ સુધી છોડતા નથી. તેમની પાસે દીક્ષા લે છે. કેવળ જ્ઞાન પામીને **શ્રી નેમિનાથ પ્રભુની** પહેલાં જ મોક્ષમાં જાય છે. આ કારણે વીતરાગ ભગવાન સાથે નારીના સંબંધનું વર્ણન ઘણું જ બેહુદું લાગે તેવું છે. પરંતુ, **શ્રી રાજીમતી** પણ મોક્ષમાં જાય છે. આ કારણે તેનું વર્ણન દોષને બદલે ગુણરૂપ બની જાય છે. વર્ણનકાર કવિનું તાત્પર્ય તે બંનેયના પ્રેમ પ્રસંગોનું રસમય વર્ણન કરવામાં નથી. પરંતુ તેનું તાત્પર્ય આવા બે ભવાંતરના અવિઘટક પ્રેમીઓ પણ કેવી રીતે–વીતરાગ બને છે? વીતરાગ બને છે, અને તેજ ભવમાં મોક્ષમાં જાય છે. આ અદ્‌ભુત ભાવદંપતીપણાનો અદ્‌ભુત દાખલો જગત્‌માં અજોડ હોવાથી, શ્રી **નેમિનાથ** પ્રભુના ઘણા ખરા સ્તવનો, થોયો, ફાગો, હોરી, પદો વિગેરે પ્રકારના વિવિધ સાહિત્યના પ્રકારોમાં **શ્રી રાજીમતીજીને** યાદ કર્યા વિના કોઈ પણ કવિ યા ગ્રંથકાર રહી શક્યા જ નથી. તેનું તાત્પર્ય આ છે.

**શ્રી કૃષ્ણ અને ગોપીઓના જેવાજ પ્રસંગો.** આ બંનેયના પણ સંબન્ધ પ્રેમ વર્ણવવામાં આવે છે. પરંતુ, **કૃષ્ણ અને ગોપીઓના** વર્ણનમાં તાત્પર્ય જુદું છે. અહીં તદ્ભવ મોક્ષગામિપણાનું તાત્પર્ય તેનાથી જુદું છે.

**શ્રી નેમિનાથ** પ્રભુ પરમાત્મભાવને પામ્યા, તે જ પ્રમાણે, પ્રથમ તેમનું ભેદભાવે નિમિત્ત લઈને શ્રી **રાજીમતી** પણ પોતાના અભેદભાવે પરમાત્મપણું પામ્યા. અને તે પણ શ્રી **નેમિનાથ** પ્રભુના પહેલાં મોક્ષમાં જઈ સિદ્ધ પરમાત્મા થયા. આ વિશેષ ખુબી છે.

"આત્મા આત્મા વડે આત્મમાં પરમાત્મ ભાવ પ્રાપ્ત કરે છે!! એ નિર્વિકલ્પ દશાનો અન્તિમ સિદ્ધાંત અહીં તરી આવે છે. ૨૨

## ૨૩. શ્રી-પાર્શ્વ-નાથ-જિન-સ્તવન.

**દીવાના પ્રકાશની જેમ-વિકાસઃ ને સંકોચઃ પામવાના સ્વભાવવાળો છતાં શરીર પ્રમાણ-આત્માની સર્વજ્ઞ-જ્ઞાન દ્વારા વિભુતાઃ સર્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-સ્વરૂપ લોકાલોકમાં વ્યાપકતા.**

**આત્માના સર્વજ્ઞ-પણાંની અચિન્ત્ય શક્તિ.**

તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ બન્યા. પરમાત્મા બન્યા. પરંતુ તેમના શરીર પ્રમાણ ક્ષેત્રમાં રહેલો આત્મા સર્વ દ્રવ્યોઃ સર્વ ક્ષેત્રોઃ સર્વ કાળઃ અને સર્વ ભાવઃ રૂપ સઘળા યે જ્ઞેયોને કેવી રીતે જાણી શકે? માટે, આત્મદ્રવ્યને **નૈયાયિકોની જેમ** "સર્વવ્યાપક" માનવું જોઈએ. અથવા "અન્ય દ્રવ્યોની સાથે પરસ્પર આત્મા પરિણામ પામી શકે છે-તદ્-રૂપ થઈ શકે છે." એમ માનવું જોઈએ.

"ભૂતકાળમાંના અને ભવિષ્યકાળમાંના ભાવોને વર્તમાનમાં શી રીતે જાણી શકાય? કેમકે-વર્તમાનમાં તેઓનું અસ્તિત્વ જ નથી. તો-એક સમયમાં ત્રણેય કાળના પદાર્થોનું-ભાવોનું-પર્યાયોનું જ્ઞાન શી રીતે થાય?" આવા આવા સૂક્ષ્મ પ્રશ્નોની વિચારણા આ સ્તવનમાં કરવમાં આવી છે.

**રાગઃ** **સારંગઃ** રસિયાની- **દેશી.**

**૧. પરમાત્મા શ્રી પારસ [પાર્શ્વ] નાથ રૂપી પારસમણિઃ-**

ધ્રુવ-પદ-રામી! હો! સ્વામી! મ્હારા
નિઃ કામિ! ગુણ-રાય! સુ-જ્ઞાનિ!
નિજ-ગુણ-કામી હો! પામી તું ધણી,
ધ્રુવ-આરામી હો! થાય. સુ-જ્ઞાનિ! ૧

**ધ્રુવ-પદ-રામી**=મોક્ષ સ્થાનમાં રમણ કરતા. **નિઃકામિ**=કોઈ પણ પ્રકારની ઈચ્છા વગરના-કામના વગરના. **ગુણ-રાય**=ગુણોના રાજા. **નિજ-ગુણ-કામી**=પોતાના ગુણો વિકસાવવાની ઈચ્છા

રાખનારા. **ધ્રુવ-આરામી=** કાયમી આરામ ભોગવનારા. શાશ્વત પદમાં શાંતિ ભોગવનારા. ૧

હે સુજ્ઞાની પુરુષો ! અદ્ભુત ગુણોના ધારક-સર્વજ્ઞ-આરાધ્ય-પરમાત્મા પુરુષાદાનીય **શ્રી પાર્શ્વનાથ** પરમાત્માની હું સ્તુતિ કરું છું, તે તમે સાંભળોઃ-

**શૈલેશીકરણરૂપ** આત્માની સર્વથા નિશ્ચળ સ્થિતિ પ્રાપ્ત થયા પછી, તે કાયમ ટકવાથી-મોક્ષરૂપી ધ્રુવ-શાશ્વત્-સ્થાનમાં રમણ કરનારાઃ નિષ્કામિઃ ગુણોના-સ્વામિઃ એવા હે ! મારા સ્વામિ ! **શ્રી પાર્શ્વનાથ પ્રભો !** જેઓ પોતાના ગુણો પ્રગટ કરવાની ઇચ્છા ધરાવતા હોય છે, તેઓ આપને પોતાના સ્વામી બનાવીને-મોક્ષરૂપ શાશ્વત્ સ્થાનમાં આરામ કરનારા-શાંતિ ભોગવનારા બની જાય છે. તેથી આપ ખરેખર **પારસમણિ** સમાન **પારસનાથ** ભગવાન્ છો. જેથી કરીને, બીજા જીવો પણ આપના સંપર્કથી આપના જેવા બની જાય છે. આપ તેમ કરવાને ઇચ્છતા નથી. કેમકે-આપ નિષ્કામી છો. છતાં, આપનો સંપર્ક જ તેમ કરી દે છે. કેમકે-આપ આવા આવા અચિન્ત્ય અનેક ગુણોના રાજા છો. આ આપની વિશેષતા છે. માટે આપ પણ સ્તવન કરવા યોગ્ય છો. ૧

**પાર્શ્વનાથ** પ્રભુના નામના શબ્દનું **પ્રાકૃત** ભાષામાં રૂપાન્તર કરીયે, તો **પાસનાહ** શબ્દ બને છે, પરંતુ, ચાલુ ગુજરાતી ભાષામાં-**પારસનાથ** શબ્દ વપરાય છે. **નિરુક્તાર્થ**ની દૃષ્ટિથી **પાર્શ્વ**-ને સ્થળે **પારસ** શબ્દ વાપરીને -**પારસમણિના** ગુણો પરમાત્મામાં **શ્લેષથી** ઘટાવેલા જણાઇ આવે છે.

૧ **પારસમણિના** સ્પર્શથી લોઢું સોનું બનવાની પ્રસિદ્ધિ છે. પરંતુ, પાણી કે- રેતી સોનું બની જઇ શકતા નથી. કેમકે-લોઢામાં-સોનું બનવાને યોગ્ય ધાતુના ગુણો છે. તેથી તે **પારસમણિના** સ્પર્શથી સોનું બની જાય છે. લોઢાની ખાણમાં જ **પારસમણિમાં** જ ગુણ છે તેવો રાસાયણિક ગુણ આવી ગયો હોત, તો તે લોઢાની ખાણ જ સોનાની ખાણ બની જાત. એટલે કે સોનું બનવા જેવી સામાન્ય યોગ્યતા લોઢામાં હોય છે.

તેજ પ્રમાણે, દરેક ભવ્ય આત્મા સ્વસ્વરૂપે ધ્રુવપદ રામીઃ નિષ્કામીઃ અને ગુણોનો રાજાઃ છે. પરંતુ, તે સંસારરૂપી ઉંડી ખાણમાં કર્મરૂપી માટી સાથે ગુંથાઇ ગયેલો હોવાથી તેના તે સર્વ ગુણો ઢંકાયેલા હોય છે. પરંતુ, જો તે આત્મા પોતાના ગુણો ખીલવવાની ઇચ્છા કરે, ખાણ-માંથી નીકળવા, અને આપ જેવા **પારસમણિનો** સંપર્ક કરે, તો તે પણ નિષ્કામીઃ અને ધ્રુવઆરામીઃ તરીકે બની જાય છે.

૨. આત્મા એક એવું દ્રવ્ય છે, કે જે જ્ઞાન ગુણને લીધે બીજા બધા અન્ય દ્રવ્યો કરતાં તે જુદો પડે છે. તે ગુણ દરેક જ્ઞેય પદાર્થો સાથે જોડાઇને-દરેક જ્ઞેયોને જાણે છે, અને જાણેલું બીજાને જણાવીને તેઓને પણ સર્વ કાંઇનો જાણનાર બનાવી મૂકી શકે છે. એટલે કે- જ્ઞેયોને જ્ઞાન-મય બનાવી શકે છે. જો આત્મામાં જ્ઞાન જેવો કોઇ આ ગણ ન હોત, તો જગતમાં શું શું છે? અને તે કેવી કેવી રીતે છે? તે કોઇ પણ જાણી શકત નહીં; કોઇપણ કોઇનેય જણાવી શકત નહીં. શું હોત? તે કોણ કહેત? કોણ સાંભળત? કોણ જાણત? તેથી. જ્ઞાન ગુણને લીધે સર્વ જ્ઞેયો પણ જ્ઞાનાકાર બની જાય છે. તેને પોતાની શકિત પ્રમાણે સામાન્ય આત્માઓ, અને સર્વજ્ઞ આત્માઓ સર્વથા જાણી શકે છે, અને કેટલેક અંશે કહી પણ શકે છે, કે—"અમુક પદાર્થ અમુક રીતે છે, અને અમુક રીતે નથી. બીજો પદાર્થ તેથી જુદી રીતે છે. વિગેરે." આમ જ્ઞાનને લીધે જ્ઞાનીઓની પરંપરા જગ-તમાં અવિચ્છિન્ન ચાલુ રહે છે. આગમો—પુસ્તકો—પઠન-પાઠન—વિગેરેનું અસ્તિત્વ તેથી જ છે. તેનો ઉપયોગ પણ છે. આપણા આત્મામાં **પારસમણિ** તરીકેનો જ્ઞાન ગુણ મુખ્ય હોવાથી જગતના સર્વ પદાર્થો જ્ઞેયરૂપ બની શકે છે. નહીંતર, જ્ઞાન નહીં. તો જ્ઞેયનો સંભવ પણ કયાંથી હોય? ઉપચારથી **જ્ઞાન-જ્ઞેયની અભેદતા** સમજવાથી, જ્ઞેયો પણ **જ્ઞાનમય** બની જાય છે. તેથી જ્ઞાનરૂપ **પારસમણિના** સંપર્કથી, જ્ઞેયોરૂપ લોઢાના કટકા પણ જ્ઞાનરૂપ સોનામય બની જાય છે. જેથી કરીને દરેક પદાર્થો જાણવામાં આવી શકે છે—જણાય છે—તેનું ઉંડામાં ઉંડું અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપ કેવું છે? તે પણ આત્માને પ્રત્યક્ષ થઇ શકે છે. અને તેથી આગળ વધીને **હેયોપાદેયરૂપે** ત્યાગઃ કે સ્વીકારઃ કરી શકાય છે. નહીંતર. જગતમાં ઘોર અંધકાર જ હોત, જગત હોત કે કેમ? તેની કલ્પના કરી જોવા જેવી છેઃ કર્તવ્યાકર્તવ્ય જેવું

પણ કંઇ ન હોત. પરંતુ, તે બધું છેઃ માટે આત્મામાં જ્ઞેયોને જાણવાની અચિન્ત્ય જ્ઞાન શકિત છે. તે એમ કેમ છે? એ **પ્રશ્ન** નકામો છે, તે છે. જેમ છે, તેમ છે. તેમ કબુલ કરવું, એજ કર્તવ્ય રહે છે. તે બતાવીને "**પરમાત્માની વિશ્વમાં સદ્ભૂત સર્વ-શ્રેષ્ઠતા સિદ્ધ છે.**" એમ બતાવી આપેલું છે. ૧

**૧. જ્ઞાનની સર્વ જ્ઞેયો વિષે વ્યાપકતાઃ—**

**"સર્વ-વ્યાપી કહે સર્વ-જાણગપણે."**
**"પર-પરિણમન-સ્વ-રૂપ. સુ-જ્ઞાનિ !**
**પર-રૂપે કરી તત્ત્વપણું નહીં.**
**સ્વ-સત્તા ચિદ્-રૂપ." સુ-જ્ઞાનિ ! ૨**

**સર્વ-વ્યાપી**=સકળ ત્રણ લોક તથા અલોકમાં, સર્વ દ્રવ્યઃ **ક્ષેત્રઃ કાળઃ** ભાવઃમાં વ્યાપીને રહેલ. **સર્વ-જાણગપણે**=સર્વ કાંઇ જાણનાર હોવાથી. **પર-પરિણમન-સ્વ-રૂપ**=બીજા રૂપે પરિણામ પામવાના સ્વરૂપ વાળો. **પર-રૂપે** બીજા પદાર્થ રૂપે **તત્ત્વ-પણું**=પોતાના તત્ત્વપણું. **સ્વ-સત્તા**=પોતાની વિદ્યમાનતા, પોતાનું અસ્તિત્વ, **ચિદ્-રૂપ**=જ્ઞાનમય. ચેતનામય. ૨

જગત્માંના દરેક પદાર્થઃ સ્વ-દ્રવ્યઃ સ્વ-ક્ષેત્રઃ સ્વ-કાળઃ અને સ્વ-ભાવઃ ની અપેક્ષાએ સ્વ-સ્વરૂપે છે. અને પર-દ્રવ્યઃ પર-ક્ષેત્રઃ પર-કાળઃ અને પર-ભાવઃ ની અપેક્ષાએ પર-પદાર્થરૂપે છે-બીજા કરતાં જુદા પદાર્થ રૂપે છે. દરેક પદાર્થ પોતપોતાના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃમાં પરિણમી રહ્યો હોય છે, ને પરપણાથી-પરના દ્રવ્યાદિકથી રહિત હોય છે. તેજ તેનું સ્વ સ્વરૂપ છે. તેજ તેની સતા છે. તેજ એ પદાર્થ જગત્માં હોવાની સાબિતી છે. તે રૂપે જ તે પદાર્થ છે.

હવે, અહીંથી ચર્ચા શરૂ થાય છે, **કે—**
"આત્મા સર્વવ્યાપક છે."

"કેમકે-તે સર્વને જાણે છે. તેનામાં સર્વના જાણકારપણું હોવાને લીધે, તે સર્વવ્યાપક વિભુ છે." એમ કહો છો ને? "તો-તે આત્મા -જ્ઞાન ગુણથી જેને જેને જાણશે, તે તે જ્ઞેયરૂપે તે જ્ઞાન અને આત્મા પરિણામ પામશે, તોજ તે પદાર્થને પૂરેપૂરો તે આત્મા જાણી શકશે. જરા પણ જાણવાનું બાકી રહી જશે, તો તેના સર્વજાણકારપણામાં ખામી રહી જશે. જો તે ખામી ન જ રહેલી હોય, તો તે પદાર્થની નાનામાંનાની કે મોટામાંમોટી એક પણ એવી બાબત નહીં હોય, કે-જે તેના જાણવામાં આવી શકી ન હોય. એટલે કે- તે પદાર્થ સંપૂર્ણપણે જ્ઞાનમાં પ્રતિબિમ્બિત થાય છે, અથવા તો જ્ઞાન તે રૂપે સંપૂર્ણ બની જાય છે. તોજ તે તેને પૂરેપૂરી રીતે જાણી શકે છે. કોઇપણ ગુણ-સ્વભાવ, પૂર્ણ-સંપૂર્ણ હોય છે. અપૂર્ણ સંભવી શકે જ નહિં. રૂપિયો પોતાના સ્વરૂપમાં સંપૂર્ણ છે. પૈસો પોતાના સ્વરૂપમાં સંપૂર્ણ છે."

એ બધી તમારી વાત ખરી. પરંતુ, એમ થવાથી-જ્ઞાનઃ જ્ઞેયને આકારે સંપૂર્ણ બની જતાં, જ્ઞાન જ જ્ઞેયરૂપે જ થઇ જાય. અને જ્યારે, જ્ઞાન જ્ઞેયરૂપે બની જાય, તો પછી, જ્ઞાન ગુણનો આશ્રયભૂત આત્મા-દ્રવ્ય પણ જ્ઞેયરૂપે બની જાય. આમ થવાથી, સર્વજ્ઞ આત્મા અન્ય સર્વ પદાર્થરૂપે પરિણામ પામી જાય. તો જ તે વિભુ-સર્વવ્યાપક કહી શકાય. એમ થવાથી, તેને પરપદાર્થપણે પરિણમવું પડે.

એ રીતે, પરપણું પામી જવાથી, તે આત્મ-પદાર્થનું પોતાનું જે સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ને ભાવરૂપ સ્વરૂપ છે, તે રહી શકશે નહીં. કેમકે-પર-દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃપણું પામી જવાય, તો પછી તેનું પોતાનું તત્ત્વપણું-સ્વ-સ્વરૂપપણું રહેતું જ નથી. રહી શકે જ નહીં.

"પર-રૂપે કરી તત્ત્વપણું નહિં."

બીજા પદાર્થ રૂપે પોતાનાપણું હોતું નથી. એટલે કે-કોઇ એક આત્મદ્રવ્યનું-સચેતન એવા બીજા આત્માઓ રૂપેઃ અને પુદ્ગલાદિક અચેતન દ્રવ્ય રૂપે-પોતાપણું હોતું નથી. અને જો તેમ થાય તો-સર્વજ્ઞ આત્માની સત્તા-સ્વ-સ્વરૂપે-વિદ્યમાનતા-અસ્તિત્વ **ચિદ્-રૂપ-જ્ઞાનરૂપ**-ચેતનારૂપ છે, તે પરરૂપે થતાં અચેતનામય પણ થઇ જાય. તો પછી, "આત્માનું સ્વરૂપ ચિદ્રૂપ છે-ચેતનારૂપ છે." એમ કહી શકાશે નહીં. અને છે તો તે પ્રમાણે જ. માટે બે વાત કેમ ઘટી શકશે ?

પરપણું પામ્યા વિના સર્વજ્ઞપણું કેમ ઘટે ? અને સર્વજ્ઞપણું હોય, તો પરપણું પામ્યા વિના કેમ રહે ? આ જાતનો પરસ્પર વિરોધ આવશે." ૨

હવે પછી, અનુક્રમેઃ-દ્રવ્યથીઃ ક્ષેત્રથીઃ કાળથીઃ અને ભાવથીઃ આત્માનું પરપણું વાદી બતાવી આપશેઃ—

૧. **દ્રવ્યથી-પરપણુંઃ**—

**જ્ઞેય-અનેકે હો ! જ્ઞાન-અનેકતા,**
**જલ-ભાજન-રવિ જેમ. સુ-જ્ઞાનિ !**
**દ્રવ્ય-એકત્વપણે ગુણ-એકતા,**
**નિજ-પદ રમતાં ખેમ. સુ-જ્ઞાનિ !** ૩

**જ્ઞેય-અનેકે**=જ્ઞેયોના અનેકપણાથી. જ્ઞેયો અનેક હોવાથી. **જ્ઞાન-અનેકતા**=જ્ઞાનનું પણ અનેકપણું. જ્ઞાનોપણ અનેક. **જલ-ભાજન-રવિ**=**જલ**=પાણી. **ભાજન**=પાત્ર, વાસણ. **રવિ**=સૂર્ય. પાણીથી ભરેલા વાસણોમાં સૂર્યનું પ્રતિબિમ્બ પડે છે. **દ્રવ્ય-એકત્વપણે**=દ્રવ્યનું એકત્વપણું. દ્રવ્ય એક હોય. **ગુણ-એકતા**=ગુણનું પણ

**એકપણું**, ગુણ પણ એક. **નિજ–પદ**=પોતાના સ્થાનમાં, પોતાના ઘરમાં. પોતાના સ્વરૂપમાં. **રમતાં**=રમણ કરતાં. સ્વરૂપે જ સર્વ રીતે વર્તન કરતાં. **ખેમ**=ક્ષેમ. ક્ષેમ કુશળતા. નિર્વિઘ્ને જીવન પસાર કરવું. કશીયે ખામી વગર પદાર્થની સ્વસત્તા સ્થિર રહી શકે, સંભવી શકે. ૩

"જેમ સૂર્ય એક જ છતાં, પાણીના ભરેલા જુદા જુદા અનેક વાસણોમાંના દરેકમાં સૂર્યનું પ્રતિબિમ્બ પડતું હોવાથી, જુદા જુદા સૂર્યો દેખાય છે, તે પ્રમાણે એકજ છતાં જ્ઞાન અનેક જ્ઞેયોમાં જુદા જુદા જ્ઞેયના આકારે પરિણત થાય, તો જ્ઞેય જેમ અનેક છે, તેમ જ્ઞાન પણ અનેક થઈ જાય.

બીજી તરફથી, આત્મ દ્રવ્ય એક છે, તેથી તેનો પોતાનો જ જ્ઞાન ગુણ પણ એકજ હોવો જોઈએ. દ્રવ્યઃ એ ગુણનું ઘર છે–સ્થાનક છે. તેથી, તેમાં–પોતાના ઘરમાં–રમવાથી જ ક્ષેમ કુશળતા જળવાય છે. પારકે ઘેર રમવા જવાથી અપમાન થાય. માર ખાવો પડે. કાઢી મૂકે. તેથી પારકે ઘેર ક્ષેમ કુશળતા જળવાય નહીં. જ્ઞાન અનેક થવાથી એક આત્મા પણ અનેક થઇ જાય. એટલે કે–એક-દ્રવ્યરૂપ પોતાના એક ઘરમાં જ એક જ્ઞાનની જ સ્વરૂપ–રમણતા માનવામાં આવે, તો ક્ષેમ કુશળતા રહી શકે, બરાબર પોતાનું સ્વરૂપ જળવાય. નહીંતર, એક આત્મા અનેક રૂપે થવાથી તે પણ પોતાના એકત્વ રૂપ સ્વરૂપમાં ક્ષેમકુશળ રહી શકે નહીં. પરંતુ, ઘણા જ્ઞેયો તો પર પદાર્થ છે, અને તેની સાથે જ્ઞાનદ્વારા આત્માએ પારકે ઘેર રમવા જતાં જ્ઞેયોની જેમ અનેકપણું જ્ઞાનને અને આત્માને પણ પામવું પડે છે. તે–માર છે. અપમાન છે. સ્વ–સ્વરૂપથી ચ્યૂતિ છે.

**માટે જ્ઞાનનું અનેકપણું, એ સ્વ–સ્વરૂપથી ચ્યૂતિ છે.–જો એકપણું જ જ્ઞાનનું સ્વરૂપ છે, તો સર્વ દ્રવ્યનું જાણકારપણું**

કેમ ઘટશે ? એક સર્વને પહોંચી શકે નહીં. આથી, અનંત જ્ઞેયોઃ અનંત જ્ઞાનરૂપઃ અને જ્ઞાનમય એક આત્મા અનંત આત્મા સ્વરૂપ થઈ જાય." ૩

૨. **ક્ષેત્રથી–પરપણું:—**

**પર–ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે,**
**પર–ક્ષેત્રે થયું જ્ઞાન. સુ–જ્ઞાનિ !**
**" અસ્તિપણું: નિજ–ક્ષેત્રે." તુમે કહ્યો.**
**" નિર્મળતા–ગુમાન ?" સુ–જ્ઞાનિ ! ૪**

**પર–ક્ષેત્રે**=બીજાના ક્ષેત્રમાં, બીજાની જગ્યામાં. **ગત**=રહેલ. **જ્ઞેયને**=જાણવા યોગ્ય પદાર્થને. **જાણવે**=જાણવે કરીને. જાણવામાં આવે, તેથી. **અસ્તિપણું**=સ્વ–સત્તા. વિદ્યમાનપણું. **નિજ–ક્ષેત્રે**=પોતાના ક્ષેત્રમાં. **નિર્મળતા–ગુમાન**=નિર્મળતાનું ગુમાન. નિર્મળતાનું અભિમાન. સ્વ–સ્વરૂપની પૂર્ણતાનું અભિમાન. સ્વ–સ્વરૂપની સ્વતંત્રતા.૪

" બીજા ક્ષેત્રમાં રહેલા–જ્ઞેયોને–જ્ઞેયરૂપ બીજાના ક્ષેત્રને–જાણવાથી, જ્ઞાન પણ બીજાના ક્ષેત્રમાં થયું ગણાય. જ્ઞાન બીજાના ક્ષેત્રરૂપ થાય." ને તમોએ તો કહ્યું છે, કે–" પોતાના ક્ષેત્રમાં અસ્તિપણું: છે." "એજ પોતાના ક્ષેત્રની સ્વતંત્રતાના અભિમાનરૂપ છે. પરક્ષેત્રમાં સ્વપણું નથી. પરંતુ પરપણું છે." તે કેમ ઘટી શકશે ? અનંત પર ક્ષેત્રમાંના જ્ઞેયો રૂપ અનંત જ્ઞાનો થવાથી, અને એક આત્મા અનંત જ્ઞાનરૂપે થવાથી પોતે પણ અનંતરૂપે બની જાય. તો–સ્વ–એક ક્ષેત્રરૂપ એક-પણું પોતાનું આત્મા કઈ રીતે રાખી શકે ? કેમકે–એકપણાનું અભિમાન રાખનાર ભાઈ સાહેબને અનેકપણે થવું તો પડે છે." ૪

૩. **કાળથી–પરપણું:—**

**જ્ઞેય–વિનાશે હો ! જ્ઞાન વિનશ્વરુ,**
**કાળ પ્રમાણે રે થાય. સુ–જ્ઞાનિ !**

**સ્વ-કાળે કરી સ્વ-સત્તા સદા,**
**તે પર-રીતે ન જાય.** સુ-જ્ઞાનિ ! ૫

**જ્ઞેય-વિનાશે**=જ્ઞેયનો નાશ થવાથી. **વિનશ્વરુ**=નાશવંત. **સ્વ-કાળે કરી**=પોતાને કાળે કરીને.

સમયે સમયે ફરતા કાળની માફક જ્ઞેય પદાર્થ પણ ફરે, ને તેથી તેના નાશ તથા ઉત્પત્તિ થતા રહે, તેથી, જ્ઞાન પણ નાશવંત ઠરે છે. પરંતુ, પદાર્થની સ્વસત્તા પોતાના જ કાળની અપેક્ષાએ જ હંમેશાં હોય છે. એટલે, તે સ્વકાળની સત્તા બીજા કાળની રીતે ન જ જાય-પોતે બીજાપણા તરફ નજ જાય. જો પરનો કાળ પણ પોતાનો કાળ બની જાય, તો સ્વ અને પરમાં કશોયે ભેદ ન રહે. માટે પોતાની સત્તા પોતાના જ કાળની અપેક્ષાએ છે.

જો એમ નહીં માનવામાં આવે, તો ઘટાદિક અનિત્ય જ્ઞેય પદાર્થો નાશ પામે, ત્યારે જ્ઞાન પણ નાશ પામે. અને તેની સાથે નિત્ય આત્મા પણ નાશ પામે. એ રીતે જ્ઞાન અને જ્ઞાનના આશ્રયભૂત આત્મા પણ નાશવંત ઠરે.

માટે, સ્વકાળઃ એજ સ્વ-સ્વરૂપ છે. પરકાળઃ એ પરસ્વરૂપ છે. તેથી સ્વ-સ્વરૂપી પદાર્થ પરરૂપે બની શકે નહીં. પરરૂપે બન્યા વિના પરને જાણી શકે નહીં. પરપદાર્થ નાશવંત હોય, તો જ્ઞાન અને તદાધાર આત્મા પણ નાશવંત બની જાય. આ રીતે પણ પરસ્પર વિરોધ આવે છે. ૫

**૪. ભાવથી-પરપણું:-તથા પાંચેય પ્રશ્નોનો ઉપસંહારઃ—**

**પર-ભાવે કરી પરતા પામતાં.**
**સ્વ-સત્તા થિર-ઠાણ.** સુ-જ્ઞાનિ !
**આત્મ-ચતુષ્કમયી પરમાં નહિં.**
**તો કિમ સહુનો રે જાણ ?** સુ-જ્ઞાન !

**પર-ભાવે કરી**=પરપદાર્થોનું જ્ઞાન કરનાર આત્મા, પોતાના શિવાયના પદાર્થોના-ભાવોની-પર્યાયોની અપેક્ષાએ. **પરતા**=પરપણું. **પામતાં**=પ્રાપ્ત થતાં. **સ્વ-સત્તા**=પોતાની સત્તા, પોતાનું અસ્તિત્વ. **થિર-ઠાણુ**=પોતાનું સ્થાન સ્થિર રાખવામાં છે.
**આત્મ-ચતુષ્કમયી**=આત્માના ચાર-દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ રૂપ. **ચતુષ્ક**=ચાર. ૬

પરપદાર્થના=પરમાણુ-આકાશ આદિકના જે ભાવો=એટલે પર્યાયો, તેનું જ્ઞાન જ્યારે આત્મા કરે છે, ત્યારે તે જ્ઞાન તે પર્યાયોમય થાય છે, ને તેમ થવાથી, પરપણું પામી જવાય. એ સ્વાભાવિક છે. અને પોતાના પર્યાયોમાંજ-સ્વ-ભાવોમાંજ-સ્થિર સ્થાન કરવું-રહેવું, તેનું નામ જ સ્વ સત્તા છે. પર પર્યાયપણું પામવામાં પદાર્થની સ્વ-સત્તા રહેતી નથી.

**ઉપસંહારઃ—**

આ રીતે-આત્માના પોતાના જ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ બીજા પદાર્થમાં સંભવી શકતા નથી, અને બીજાના આત્મામાં સંભવી શકતા નથી. તો પછી, આત્મા અન્ય સર્વ પદાર્થોનો જાણકાર કેમ સંભવી શકે ? ૬

કાં તો " આત્મા પર સ્વરૂપે બને છે." એમ કબુલ કરવું જોઇએ. કાં તો-" આત્મા અન્ય સર્વે પદાર્થોનો જાણકાર બની શકે નહીં." એમ કબુલ કરવું જોઇએ.

**जीवो य ण सव्व-गओ. तो तद्धम्मो कहं भवइ बाही ? ।**
**कहं वाऽ-लोए धम्मा-ऽऽइ-विरहिए गच्छइ अणन्ते ? ॥१८॥१८॥**

**बीस-बीसी**

અર્થઃ— " જીવ જો સર્વવ્યાપક નથી, તો તેનો ધર્મ જે જ્ઞાન, તે [ આત્માથી ] બહાર કેમ હોઇ શકે ? અને ધર્માસ્તિકાયાદિકથી રહિત એવા અલોકમાં તે ( જ્ઞાન અને જ્ઞાનાત્મા ) કેમ જઇ શકે ?"

[કેમકે-કોઇપણ એક સર્વજ્ઞ આત્માનું જ્ઞાન લોકમાંના અનંત પદાર્થો, તે અનંત દ્રવ્યોઃ તેના અનંતક્ષેત્રોઃ કાળોઃ અને ભાવોઃ ને, તથા અનંત પર્યાયમય અનંત અલોકાકાશને પણ આત્મા જાણે તો છે. તો, કોઇપણ એક નિયત સ્થળમાંજ રહેલા-એક જ આત્માનો જ્ઞાન ગુણ તે આત્માની બહાર તથા લોકની બહાર-કે જ્યાં ગતિમાં અને સ્થિતિમાં સહાયક ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નથીજ. એવા અલોક-આકાશમાં આત્મા-આત્માનું જ્ઞાન-શી રીતે જઇ શકે ? શી રીતે ગતિ કરી શકે ? ]

એમ જ્ઞાન સાથે તેના આશ્રયરૂપ આત્માને પણ અનેકરૂપે, વિનશ્વરરૂપે, પર ભાવરૂપે, કે પર ક્ષેત્રરૂપે બતાવેલો છે. તે વાત શ્રી સ્તવનકાર મહારાજને પણ ઇષ્ટ છે. એમ આ કડીમાં વપરાયયેલા આત્મ શબ્દ ઉપરથી સ્પષ્ટ સમજાય છે. ૬

## ૨. ઉપરના પ્રશ્નોનો જવાબઃ—

અ-ગુરુ-લઘુ નિજ-ગુણને દેખતાં,
દ્રવ્ય સ-કલ દેખંત. સુ-જ્ઞાનિ !
સાધારણ-ગુણની સાધર્મ્યતા
દર્પણ-જલ-દૃષ્ટાન્ત. સુ-જ્ઞાનિ ! ૭

**અ-ગુરુ-લઘુ**=અ-ગુરુ-લઘુ પર્યાય-ષડ્ગુણ હાનિ-વૃદ્ધિરૂપ. **નિજ-ગુણ**= પોતાના ગુણ. **સાધારણ-ગુણની**=સર્વસામાન્ય ગુણ, જે ષડ્ગુણ હાનિ અને ષડ્ગુણવૃદ્ધિ. તેની **સાધર્મ્યતા**=સમાન ધર્મતા. સરખા ધર્મપણું-દરેક દ્રવ્યોમાં જે જે ધર્મો-ગુણો-એક સરખા હોય, તે અપેક્ષાએ સાધર્મ્યતા કહેવાય. **દર્પણ-જલ-દૃષ્ટાન્ત**= દર્પણમાં જેમ પ્રતિબિમ્બ પડે છે, તેજ પ્રમાણે પાણીમાં પણ પ્રતિબિમ્બ= પડે છે, તે દૃષ્ટાન્તથી. ૭

જેમ, દર્પણમાં અને પાણીમાં પ્રતિબિમ્બ-છાયા ઝીલવાની યોગ્યતારૂપ સમાનતા છે,તે પ્રમાણે-ષડ્ગુણહાનિરૂપ તથા ષડ્ગુણ વૃદ્ધિરૂપ-પોતાના અગુરુ-લઘુ-પર્યાય ગુણને જેમ આત્મા પોતાના સંપૂર્ણ જ્ઞાનથી જાણી શકે છે, તે પ્રમાણે, એ સામાન્ય ગુણ દરેક દ્રવ્યોમાં એક સરખો

હોવાથી, આત્મા બીજા સર્વ પદાર્થોને પણ દેખી-જાણી શકે છે.

આ જવાબ ઘણોજ સંક્ષેપમાં છે, તેથી સમજવો ઘણો કઠણ પડે તેમ છે. "એક આત્માનું જ્ઞાન બીજા સર્વ પદાર્થોને શી રીતે જાણી શકે?" તે આ રીતે જાણી શકે છે :—

૧ આત્મા પોતાના સર્વ—દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવોઃ ને પોતાના સંપૂર્ણ જ્ઞાનથી જાણી શકે છે. એમાં શંકા ન રહે. કેમકે—પોતે-પોતાને જાણે જ. આત્માનું અસ્તિત્વ જ પોતાના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃને આધારે જ છે.

૨. પરંતુ, આત્મામાં જેમ પોતાના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ છે, તે પ્રમાણે બીજા પદાર્થોના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ તે આત્મામાં નથી. એ પણ માનવું પડશે જ. અર્થાત્—કોઈ પણ એક પ્રસ્તુત આત્મા શિવાયના—જગત્માં જેટલા બીજા પદાર્થો છે, અને તેના જે દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવોઃ છે, તે સર્વનો અભાવ—નાસ્તિપણું—તે આત્મામાં વિદ્યમાન છે. તો જ તે આત્મા-બીજા પદાર્થોથી જુદો પડે છે.
૩. જો તેમ ન હોય, તો આત્મા અને બીજા પદાર્થો એકાકાર થઈ જાય. જગત્ આખું એક જ સ્વરૂપે ભાસે. કોઈપણ પદાર્થ જુદો જુદો ભાસે જ નહીં. પદાર્થો જુદા જુદા ભાસે છે, અને તેને લગતા જુદા જુદા વ્યવહારો થાય છે, તેનું કારણ જ—દરેક પદાર્થ પોતપોતાના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃના અસ્તિત્વને લીધે, તે તે દ્રવ્ય સ્વરૂપે છે. અને સાથે જ બીજા પદાર્થોના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ તેમાં નથી. તે સર્વનું નાસ્તિપણું તેમાં છે. માટેજ દરેક પદાર્થો જુદા જુદા હોવાની પ્રતીતિ થાય છે.

૪. જેમ—સ્વ—દ્રવ્યમાં પરના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ નથી, તે જ પ્રમાણે—સ્વ દ્રવ્યના પોતાના એક જાતના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને

ભાવઃમાં પણ બીજી જાતના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ નથી–તેનો પણ તેમાં અભાવ હોય છે.

દા૦ ત૦ એક આત્મા નારક ભાવમાં હતો, ત્યારે તેનામાં જે દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવોઃ તે વખતે વર્તમાનરૂપે હતા, તે, તે આત્માના માનવભવમાં આજે વર્તમાનરૂપે નથી. પણ ભૂતકાલીન પર્યાયરૂપે છે. વર્તમાનરૂપે તે પર્યાયોનો અભાવ છે. તે જ પ્રમાણે, હાલના વર્તમાન પર્યાયો તે વખતે ભવિષ્યના પર્યાયોરૂપે તે આત્મામાં હતા, પણ વર્તમાન રૂપે નહોતા. તે વખતે વર્તમાનરૂપે અભાવ હતો. અર્થાત્–એક જ પદાર્થના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવોઃમાં પણ પરસ્પર સ્વદ્રવ્યાદિકનું અસ્તિત્વ અને પર દ્રવ્યાદિકનું નાસ્તિત્વ હોય છે.

૫. વળી, કોઇપણ જ્ઞાનાદિક એક ગુણના સ્વ–પર્યાય, તે બીજા સુખાદિક ગુણની અપેક્ષાએ–પર–પર્યાય છે. વળી, એકેએક ગુણના પણ અનંત અનંત પર્યાયો હોય છે. આ રીતે–એક જ આત્મામાં–એક એક ગુણમાં પ્રત્યેક ગુણના પ્રત્યેક પર્યાયમાં સ્વ–પર્યાયોનું અસ્તિત્વ હોય છે. અને પર–પર્યાયોનું નાસ્તિત્વ હોય છે.

૬. એમ અસ્તિત્વઃ અને નાસ્તિત્વઃ એ બન્નેયના પર્યાયોનું અસ્તિત્વ પ્રત્યેક પદાર્થમાં હોય છે.

૭. તેથી જે આત્મા પોતાના પર્યાયોનું અસ્તિત્વ તો જાણે, પણ તે જ પ્રમાણે પોતાનામાં રહેલા પર-પર્યાયોના નાસ્તિત્વનું અસ્તિત્વ રહેલું છે, તેને પણ જાણે. અર્થાત્ "પોતાનામાં કયા કયા પદાર્થ અને તેના પર્યાયો નથી ?"

તે બધાય પદાર્થને અને તેના પર્યાયોને તે આત્માએ જાણવા પડે છે.

એમ જાણે, તો જ-તે પોતાને પૂરેપૂરો જાણી શકે. નહીંતર, પોતાને પણ પૂરેપૂરો જાણી શકે નહીં.

**एगं जाणइ, से सव्वं जाणइ. सव्वं जाणइ, से एगं जाणइ ॥**

અર્થ: "જે એકને જાણે, તે સર્વને જાણે. જે સર્વને જાણે, તે એકને જાણે."

**શ્રી આચારાંગસૂત્ર.**

આ રીતે-સ્વ અને પર-પર્યાયો-ભાવોની ષટ્‌ગુણ તથા ભાગની હાનિ અને વૃદ્ધિ જે પોતાનામાં છે, તે પ્રમાણે બીજા દ્રવ્યોમાં પણ છે. તે જાતના સરખાપણાને લીધે-જે પોતાને બરાબર જાણે-તે સકળ દ્રવ્યને બરાબર જાણી શકે.

## "સકલ-દ્રવ્ય દેખંત."

૮. કેવળ જ્ઞાનની સંપૂર્ણ જ્ઞાન કરવાની શક્તિ આટલી બધી હોય છે. કોઈપણ એક આત્મામાંના અનંત ગુણોમાંનો કોઈપણ એક પણ ગુણ પોતાના સ્વરૂપમાં સંપૂર્ણ હોય છે. સામાન્ય રીતે પરમાણુ પણ પોતાના સ્વરૂપમાં સંપૂર્ણ હોયછે. આ રીતે, સર્વજ્ઞપણામાં ત્રણેય કાળના સર્વ પદાર્થોનું એક સમયમાં સંપૂર્ણ જ્ઞાન પ્રત્યક્ષથી થઈ શકે છે. તેમ થયા વિના રહેજ નહીં. નહીંતર, વિશ્વસ્થિતિ જ અણબંધબેસતી થઇ જાય.

૯. કોઈ શંકા કરે છે, કે-- "જેમ એક માણસ પાંચ ફૂટ, દશ ફૂટ કૂદી જાય, કદાચ તેથી પણ વધારે કૂદે-પણ લાખો કરોડો ફૂટો તો ન કૂદી જાય ? તે પ્રમાણે-બહુ જ્ઞાની બીજા લોકો કરતાં-૨૫-૫૦ ગણું વધારે જ્ઞાન ધરાવી શકે. પરંતુ, અનંતગણું જ્ઞાન તો ન ધરાવી શકે? વધારાની પણ મર્યાદા હોય ? કે નહીં ! માટે "કેવળજ્ઞાની ભગવંતો સર્વ કાંઇ જાણી શકે." એમ કહેવું એ અતિશયોક્તિ છે."

૧૦. આ પ્રશ્ન વિશ્વની વસ્તુસ્થિતિ અને તેના પદાર્થો, તે પદાર્થોના સ્વભાવો, ગુણો વિગેરે ન સમજનારને થાય, એ સ્વભાવિક છે. એક આત્માની શક્તિ કેટલી અપરિમીત હોય છે ! તેનું બરાબર જ્ઞાન

મેળવવામાં આવે, તો સહજ રીતે આ શંકાનું સમાધાન થઈ જાય તેમ છે. વાસ્તવિક રીતે તો આવી બાળક જેવી શંકાજ તેને ન થાય.

પવનની ગતિ, વિજળીની ગતિ, તીવ્રગતિવાળા વાહનોની ગતિ, સામાન્ય પ્રાણીની ગતિ કરતાં કેટલાયે ગણી હોય છે. એક દિવસમાં ૬૦–૭૦ માઇલ ચાલી શકનારો માણસ તીવ્રગતિવાળા સાધનની મદદથી એક દિવસમાં બે ત્રણ હજાર માઇલ ઉપર પહોંચી જાય છે. તો સાધનથી શું અશકય બને છે? તે જ પ્રમાણે કેવળ-જ્ઞાન રૂપી સાધન મળી જાય, તો પછી તેટલું જાણવું અશકય નથી. સામાન્ય જંતુના જ્ઞાન કરતાં એક વિદ્વાન માનવનું જ્ઞાન કેટલા ગણું વધારે હોય છે? તે કેમ સંભવી શકે? છતાં સંભવે છે ને?

૧૧. માટે, સામાન્ય સમજના માણસોને એવા પ્રશ્નો થાય છે, અને તેના મનમાં ગુંચવણ પેદા કરે છે. પરંતુ, વિશ્વના વ્યાપક તત્ત્વજ્ઞોને એવા પ્રશ્નો ઉઠવાનો સંભવ જ નથી. ૭

**૨. ઉપસંહારઃ પારસમણિ કરતાંયે પરમાત્મામાં વિશેષતા:-**

શ્રી–પારસ–જિન પારસ–રસ–સમો.
પણ ઇહાં પારસ નાહિં. સુ–જ્ઞાનિ!
પૂરણ–રસિયો હો! નિજ-ગુણ-પરસન્નો
આનન્દ–ઘન મુજમાંહી. સુ૦ જ્ઞાનિ! ૮

**શ્રી-પારસજિન**=શ્રીપાર્શ્વનાથ જિનેશ્વર દેવ. **પારસ રસ-સમો**=પારસમણિના રસ જેવો. **પૂરણ–રસિયો**=પૂર્ણ રસથી ભરપૂર. **નિજ–ગુણ–પરસન્નો**=પોતાના ગુણોમાં પ્રસન્ન. **આનંદ-ઘન**=આનંદના ઘન સમાન. પારસમણિ કરતાંયે ચડીયાતો આત્મા. ૮

જેમ પારસમણિ પોતાના સ્પર્શથી લોઢાનું સોનું કરી નાંખે છે, તે પ્રમાણે શ્રી પાર્શ્વનાથ પ્રભુ પણ તેના જેવા પારસ હોવાથી

તેમના સંબંધમાં આવનારા બીજા જીવોને પણ પોતાના જેવા બનાવી દે છે.

છતાં, **પારસનાથ** પ્રભુ **પારસમણિ** પણ નથી, કેમકે–**પારસમણિ** જડ છે, પત્થર છે.

ત્યારે, **શ્રી પાર્શ્વનાથ** પ્રભુ પોતાના ગુણોમાં સંપૂર્ણ રીતે પ્રસન્નતા-મય છે. એટલે જ–પૂરેપૂરા રસથી ભરપૂર છે. આનંદના ઘનરૂપ છે. "તે પ્રમાણે–મારામાં પણ "**આનંદ ઘન–આનંદના સમૂહમય-પૂર્ણરસિક આત્મા પોતાના ગુણોથી પ્રસન્ન છે.**" એમ શ્રી **પાર્શ્વનાથ પ્રભુ**ના સંબંધથી મને પણ પ્રતીતિ થાય છે."

પારસમણિ નિજ ગુણોમાં પ્રસન્ન અને પૂર્ણ રસિયો-આનંદઘન નથી. તે જડ પત્થર છે. છતાં, તે પોતાના સ્પર્શથી બીજામાં પરિવર્તન કરી શકે છે, તો પૂર્ણરસિક સ્વગુણમાં પ્રસન્ન **શ્રીપારસનાથ પ્રભુ** શું ન કરી શકે? ૮

**અ-ગુરુ-લઘુ-પર્યાય**–ની સમજ: વાણીનેય અગોચર છેઃ સામા-ન્ય છદ્મસ્થ જીવોના જ્ઞાનને અગોચર છે. માત્ર–કલ્પનાથી અને દૃષ્ટાંતોથી સ્હેજ ખ્યાલ આપી શકાય તેમ છે. ખરી રીતે એવા પદાર્થો શાસ્ત્રો ઉપરની શ્રદ્ધાથી માની લેવાની વસ્તુઓ છે. બુદ્ધિથી તો સામાન્ય રીતે ઝાંખીજ કરાવી શકાય છે.

**अ–गुरु–लघु–पर्यायाः सूक्ष्मा अ–वाग्–गो–चराः।**

**અર્થ**: "સૂક્ષ્મ અ-ગુરુ-લઘુ-પર્યાયો શબ્દથી સમજાવી શકાય તેવા નથી".

**દા૦ત૦** કોઈપણ એક ચીજ ઓચ્છામાં ઓચ્છા લાલ રંગની છે. તેના કરતાં સ્હેજ વિશેષ લાલ રંગની બીજી વસ્તુ હોય છે. એમ સ્હેજ સ્હેજ વધારે–વધારે–લાલ ગુણ હોય, તેવી આખા જગતમાં જેટલી લાલ ચીજો હોય, તે સર્વની લાલાશને એકઠી કરીયે. તો બધી થઈને લાલાશ જગતમાં કેટલી થાય? અને દરેકમાં જે

ઓચ્છા-વત્તાપણું હોય, તેનું માપ શી રીતે આપી શકાય? દુનિયામાં પ્રસિદ્ધ ગણિતના આંકડાથી તેની ગણતરી આપીને સમજાવી શકાય તેમ નથી.

તેજ પ્રમાણે એક રજકણમાં કેટલા પરમાણુઓ હોય? અનંતા.

એક પત્થરમાં કેટલા પરમાણુઓ હોય?

અનંતા.

એમ, એક ગામમાં-એક શહેરમાં-એક આખા દેશમાં-એક આખા ખંડમાં-એક આખા દ્વિપમાં-એક સૂર્યમાં-અસંખ્ય સુર્યોમાં-આખા વિશ્વમાં-કેટલા પરમાણુઓ હોય? અને તે બધા મળીને કેટલા થાય? દરેકના જવાબમાં "અનન્ત" શબ્દ શિવાય બીજો જવાબ જ આપી શકાશે નહીં.

તે દરેકમાં અનન્ત પરમાણુઓ હોવા છતાં, દરેકમાં ઓછા વધતાપણું પણ પ્રત્યક્ષથી જ જણાય છે. એક પત્થરમાં અનંત પરમાણુઓ છે, તેના કરતાં એક ગામમાં ઘણા વધારે છે. અને એમ ઠેઠ વિશ્વ સુધી પહોંચતાં અનંત અનંત ગુણા થશે જ. હવે, તે દરેકની ઓચ્છાંશ અને વધત્તાંશની સરખામણીના માપ આપવા જતાં, ષડ્ગુણ હાનિ: અને વૃદ્ધિઃ તથા ષડ્ભાગની હાનિ-અને વૃદ્ધિઃની રીતેજ જવાબ આપી શકાશે. સિવાય, બીજો ઉપાયજ નથી એક પત્થર કરતાં દશ ગણા મોટા પત્થરમાં નાના કરતાં મોટામાં સંખ્યાત ગુણા-દશ ગુણા-પરમાણુઓ હોવાનાજ. પણ નાના રજકણ કરતાં મોટા પત્થરમાં અસંખ્યાત ગુણા પરમાણુ હોવાના. એ રીતે અનંત ગુણી મોટી ચીજમાં અનંત ગુણા હોયજ. તે પ્રમાણે, મોટી વસ્તુ કરતાં નાની વસ્તુમાં અનંતમા ભાગના પરમાણુઓ આવે. વિગેરે.

એજ પ્રમાણે-સંખ્યાત ગુણી-અસંખ્યાત ગુણી કે અનંત ગુણી વસ્તુઓ પણ બે પાંચ નહીં જ હોવાની. તે પણ સંખ્યાત-અસં-

ખ્યાત કે અનંત હોવાની. એમ નાની વસ્તુ કરતાં મોટી વસ્તુ વધારે હોય છે. અને મોટી કરતાં નાની વસ્તુમાં ઓચ્છા હોય છે. વધારે હોય, તે વૃદ્ધિ એમ–અને ઓછું હોય તે ઓછાશ–હાનિ કહેવાય છે. એ રીતે, એક કરતાં કોઇ ચીજ–અનંત ગુણી વધારે હોય, ને કોઇ ચીજ અનંતમા ભાગે વધારે હોય છે. જેમકે:– ૧૦૦ માં તેનાથી ચારગણાનો વધારો કરીએ, તો પાંચસો થાય. પણ સો ઉપર તેના ચોથા ભાગનો વધારે કરીયે, તો ૧૨૫, સવાસો થાય. ૨૫ એ સોના ચોથા ભાગનો વધારો છે. તે પ્રમાણે, ૭૫ એ ૧૦૦ ના ચોથા ભાગે ઓછા છે. ૧૨૫, સો કરતાં ચોથા ભાગે વધારે છે. આ ઉપરથી, ષટ્ગુણ હાનિવૃદ્ધિનો સ્હેજ ખ્યાલ આવી શકશે. વિશેષ **કર્મપ્રકૃતિ–સંયમશ્રેણીનું સ્તવન** વિગેરે ગ્રંથોથી વિગતવાર સમજવા પ્રયત્ન કરવો. તેમાંથી પણ ખાસ અભ્યાસી વિના આ કઠણ વસ્તુ બરાબર સમજી શકાશે નહીં.

| ૭ પ્રકારે વૃદ્ધિ : | ૭ પ્રકારે હાનિ : |
|---|---|
| ૧ અનન્ત ગુણ વૃદ્ધિ : | ૧ અનન્ત ગુણ હાનિ : |
| ૨ અસંખ્યાત ગુણ વૃદ્ધિ : | ૨ અસંખ્યાત ગુણ હાનિ : |
| ૩ સંખ્યાત ગુણ વૃદ્ધિ : | ૩ સંખ્યાત ગુણ હાનિ : |
| ૪ અનન્ત ભાગ વૃદ્ધિ : | ૪ અનન્ત ભાગ હાનિ : |
| ૫ અસંખ્યાત ભાગ વૃદ્ધિ : | ૫ અસંખ્યાત ભાગ હાનિ : |
| ૬ સંખ્યાત ભાગ વૃદ્ધિ : | ૬ સંખ્યાત ભાગ હાનિ : |

**સ્વ**–દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: અને ભાવ: તથા **પર**–દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: અને ભાવ:નો સામાન્ય ખ્યાલ નીચેના દૃષ્ટાન્ત ઉપરથી આવશે— અમુક ઘડો: પોતાના માપની અમુક માટીમાંથી બનેલો છે. તે તેના દ્રવ્ય છે. તે અમુક જ જગ્યાએ પડયો છે. બીજે નથી. તે તેનું ક્ષેત્ર છે. તે બે વર્ષ પહેલાં નહોતો. અને ૧૦ વર્ષ પછી નહીં હોય, તેથી ૧૨ વર્ષ તેનો પોતાનો કાળ થયો. તે ઘડામાં પોતાના જે ગુણો, સ્વભાવો, રંગ, ગંધ, સ્પર્શ, સ્વાદ વિગેરે છે, તે જ

જાતના અને બરાબર તેવાજ બીજા ઘડામાં નથી. માટે, તે દરેક અને ઘડાના પોતાનાં જ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવોઃ છે. હવે, તેનો ઉપયોગ નીચેના દ્દષ્ટાંતથી સમજી શકાશેઃ—

એક માણસને શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવા જવું છે. પરંતુ તે ભૂલથી શત્રુંજય તરફ જતા વાહનને બદલે શ્રી ગીરનારજી તીર્થ તરફ જતા વાહનમાં બેસી જાય, તો, તે શત્રુંજય તીર્થે વખતસર પહોંચી શકે નહીં. કેમકે—વાહન—દ્રવ્ય—જુદું હતું. શત્રુંજય તીર્થે જવાનું સ્વદ્રવ્ય નહીં, પણ તેના કરતાં ગીરનારજી તીર્થે જવાનું પર દ્રવ્યઃ હાથ લાગી ગયું. જેથી શત્રુંજય તીર્થે વખતસર ન પહોંચાયું.

બીજો માણસ, તે વાહન શત્રુંજય તીર્થની પાસે—જ્યાં સ્થિર રહે—તે જગ્યાએ ન જતાં, ભૂલથી એકાદ ગાઉ આગળ કે પાછળ શત્રુંજય તીર્થ તરફ જનારા વાહનની પાસેથી પસાર થાય, તો પણ તે શત્રુંજય તીર્થે જઇ શકે નહિં. કેમકે—વાહનમાં બેસવાનું તે ક્ષેત્ર નહોતું. બેસનારની બેસવાની ઇચ્છા છે. પાસે ભાડાના પૈસા છે વાહન પણ એ જ છે. છતાં બેસવાની જગ્યાએ બરાબર ન પહોંચવાથી બેસાયું નહીં. વળી, બેસવાની તે જગ્યાથી દૂર એક ગાઉ વહેલામાં વહેલા જઇને તેનો આવવાનો વખત સાચવીને આવવાના જ રસ્તામાં વાહન આગળ ઉભું રહેવાનું હોય, ત્યાંથી ખૂબ આગળના ભાગમાં જઇને બેસે તો પણ તે વાહનમાં તેને બેસવા ન જ મળે કેમકે—ત્યાં યોગ્ય ક્ષેત્ર નથી હોતું. ત્યાંથી તેને વાહનમાં ચડવા દેવામાં આવતો નથી. નિયત કરેલી જગ્યાએથી જ બેસી શકાય તેમ હોય છે. જ્યાં ત્યાંથી બેસી શકાય નહી.

એજ પ્રમાણે, વાહન ઉપડી જતાં જ એક પળનાજ વિલંબે બેસવાની તેજ જગ્યા ઉપર માણસ આવે, છતાં એક જ પળનો પણ વિલંબ કરેલો હોવાથી, શત્રુંજય તીર્થે જવાના વાહનમાં બેસી શકાય નહીં. કેમકે—તે વાહનમાં બેસવાનો તે પર—કાળ થઇ ગયો. શત્રુંજય તીર્થે જવાનું તે વાહન કાળથી રહ્યું નહીં.

બરાબર વખતસર યોગ્ય જગ્યાએ આવી પહોંચ્યા. વાહન પણ શત્રુંજય તીર્થ તરફ જવાનું નક્કી છે. જલ્દી પહોંચાડે તેમ છે. પણ ભાડાના પૈસા અગાઉથી રોકડા આપવા પડે છે ભાડાના રૂપિયા પાંચ થાય છે. પણ બેસનારની પાસે રૂા. ૪-૧૫-૧૧ છે. એક પાઇ જ માત્ર ઓછી છે. બસ, તે માણસ તે વાહનમાં બેસી શકશે નહીં. કેમકે-બેસવાની પૂરી સામગ્રીરૂપ-ભાવ નથી. પોતાની તબિયત નરમગરમ થઈ આવી, ચકરી આવી, કોઇને કોઇ અયોગ્ય સંજોગો-ભાવ-આવી પડ્યા, તે પર-ભાવ થયા. તેથી તે કાર્ય બનશે નહીં. દરેક પદાર્થના અનંત ધર્મો હોય છે. તે દરેકનાં દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ હોય છે. તેના પણ અનંત ભેદો પડે છે. નાના-મોટાઃ ચડતા-ઉતરતાઃ દરજ્જાઃ ઓચ્છાંશ-વધતાંશઃ વિગેરેના અનંત પ્રકારો પડે છે. તે ગણી શકાતા નથી. તત્ત્વજ્ઞાનમાં ખાસ જેના વિના ન ચાલી શકે, ને સ્યાદ્વાદ પદ્ધતિની મદદથી જ આવી બાબતો બંધબેસતી રીતે સમજી શકાય છે. તે વિના ન સમજાય. લોક અને અલોકમાંનાઃ ત્રણેય કાળનાઃ સર્વ દ્રવ્યોઃ અને તેના સર્વ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ રૂપ અનંત સ્વરૂપો એક જ સમયમાં એકી સાથે સર્વજ્ઞ જાણે છે. તે પ્રમાણે પ્રત્યેક સમયે જણાતું જ રહે છે. એમ અનંતકાળ ચાલ્યા કરે છે.

જેમ વિજળીનો ઝબકારો એકી સાથે દરેક પદાર્થો પર થઈ, એક સરખો પથરાઇને ઝાડઃ મકાનોઃ પર્વતોઃ ખેતરોઃ વિગેરેને એકી સાથે પ્રકાશે છે, તે પ્રમાણે સર્વજ્ઞનું કેવળ જ્ઞાન પહેલા જ સમયે-જે, જ્યાં, ને જે રીતે, જે કાંઇ, હતુંઃ જે કાંઈ છેઃ અને જે કાંઇ હશેઃ તે સર્વને એક જ સમયમાં એકી સાથે જ જાણી લે છે. આવી અદ્ભૂત કેવળ જ્ઞાનની સંપૂર્ણ શક્તિ છે. તેની વ્યાખ્યા તો ગાથામાં કરી છે, છતાં જાણવા જેવું હોવાથી સ્હેજ વિશેષ વિચારણા કરીયેઃ—આત્મા સ્વતઃ ભાન-શકિત ધરાવતો પદાર્થ છે. એટલે કે-બીજા કોઇ પણ પદાર્થમાં તેવી શકિત નથી. જ્ઞાન કરવાની શકિત આત્મામાં જ છે. આત્મામાં જ્ઞાનશકિત

છે, તો જ જે કાંઈ હોય છે, તે જાણી શકાય છે. નહીંતર, જગત્ અંધકારમય હોત. યા કેમ હોત ? તે કહી શકાય નહીં. જાણ્યા વિના કહેનાર કોણ ? જગત્‌ના પદાર્થો જાણવામાં આવે છે, માટે તેનો જાણકાર આત્મા છે. "આત્મામાં જાણવાની શકિત છે." એ કોઇ પણ પ્રકારની દલીલ વિના જ સર્વ કોઇને સમજી શકાય તેમ છે. અને સાબિત પણ કરી શકાય તેમ છે. ઈજીપ્તના મડદાં રીતસર પ્રાણીનાં શરીર હોવા છતાં તેમાં હજારો વર્ષે પણ જાણવાની શકિત આવી નથી. કરોડો વર્ષે પણ જાણવાની શકિત ધરાવી શકે તેમ નથી. એ ઉપરથી જાણવાની શકિત ધરાવનાર કોઇ પદાર્થ શરીરમાં રહેલો જુદો જ છે. તે આવે છે અને જાય છે. તેની સાથે જ્ઞાન શકિત હોય છે. તેથી. તે આવે છે, ત્યારે જ્ઞાનશકિત જણાય છે. જાય છે, ત્યારે ચાલી જાય છે. સામાન્ય રીતે પણ જરા સૂક્ષ્મ વિચારણાથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવે, તો આ સમજમાં આવી શકે તેમ છે. જેને ન સમજવું હોય, તેના ધ્યાનમાં એ આવે તેમ નથી.

આત્મામાં જાણવાની શકિત કેવી છે ? તે બાબતમાં જુદા જુદા વિદ્વાનોએ જુદા જુદા વિચારો બતાવ્યા છે.

કોઈ કહે છે કે "દૂરથી આત્મા જાણી શકે છે. તથા કેટલાક દૂરના કે આડમાં રહેલા પદાર્થોને આત્મા જાણી શકતો નથી. તે માટે—આત્મા સર્વવ્યાપક છે. જે જે પદાર્થો શાથે ઇન્દ્રિયો મારફત આત્માનો સંયોગ થાય છે, તે તે પદાર્થોને તે જાણી શકે છે. અને યોગી થયા પછી ઇદ્રિયોની મારફત વિના પણ જેની સાથે સંયોગ થાય છે, તેને તેને તે જાણી શકે છે. આ રીતે આત્મા સામાન્ય રીતે જ્ઞાન રહિત જડ જેવો છે, પરંતુ જ્ઞાન ઉત્પન્ન થઇ શકે છે. માટે તે વખતે તે ચેતન હોય છે. માટે આત્મા સચેતન કહેવાય છે." આ બધું બરાબર ઘટી શકતું નથી. પરંતુ આત્મા પદાર્થોની પાસે જતો નથી. પદાર્થો આત્માની પાસે આવતા નથી. છતાં પણ તેનું જ્ઞાન તે કરી શકે છે. એટલે કે—

**આત્મા** શરીર વિગેરે પાસેના, ઝાડ વિગેરે દૂરના, પદાર્થોને જાણી શકે છે. અને કોઇ માટે તો દુ;ખનો અનુભવ પોતાનામાં થાય છે. એમ પોતાની અંદરના પદાર્થોને પણ તે સમજી શકે છે. વળી આરીસામાં પદાર્થનું જેમ પ્રતિબિમ્બ પડે છે, તેમ આત્મામાં પદાર્થનું પ્રતિબિમ્બ પણ પડતું નથી. કેમકે—અરૂપિ આત્મામાં અરૂપિ કે રૂપિ પદાર્થનું પ્રતિબિમ્બ પડી શકે નહીં. પરંતુ, આત્માની સ્વત શકિત જ એવી હોય છે, કે—તે સર્વ કાંઇ વિષય—વિષયી-ભાવ સંબંધથી જ જાણી શકે છે. આ સિવાય બીજી કોઇ રીતે નહિં જ.

જગત્માં જેટલા પદાર્થો જોવામાં આવે છે, તે દરેક જાણવાની શક્તિ ધરાવતા નથી હોતા. કેટલાકજ એ શક્તિ ધરાવે છે. સચેતન પ્રાણીઓ જ એ શક્તિ ધરાવે છે. આ ઇંટ એ શક્તિ ધરાવતી નથી. ધરાવતી નહોતી, અને ભવિષ્યમાં કદીએ શક્તિ ધરાવી શકશે નહિ.

માટે, જે પદાર્થમાં જ્ઞાન શક્તિ છે, તે સંપૂર્ણ છે, જરા પણ અધુરી નથી. કોઇ પણ દ્રવ્યની, કોઈ પણ ગુણની, સંપૂર્ણ શક્તિ હોય છે. તો જ તે દ્રવ્ય પોતપોતાના ગુણોથી પૂર્ણ ગણાય.

આમ છતાં, દરેક પ્રાણીઓ અને તેના જ્ઞાન દરેક વખતે સંપૂર્ણ જાણી શકતા હોય, એમ જાણવામાં આવતું નથી. તેમ થવાનું કારણ નીચે પ્રમાણે છે:—

જો કે, પ્રાણીના શરીરમાં રહેલા દરેક આત્મામાં સંપૂર્ણ જાણવાની શક્તિ હોય છે. પરંતુ, તે શક્તિ ઢંકાયેલી હોય છે. આત્મા ઉપર એવો કોઇ પડદો આવી ગયેલો છે, કે- જેથી કરીને તેનું જ્ઞાન પણ પડદાથી ઢંકાયેલું રહે છે, પડદામાં થઇને જેટલું બહાર આવી શકે છે, તેટલી જ તેનાથી જાણવાની શક્તિ વાપરી શકાય છે.

તે પડદાનું કારણ એમ છે, કે- આત્મામાં જેમ અનેક સ્વભાવો છે, તે પ્રમાણે અન્ય પદાર્થો સાથે સંયોગ પામવાનો પણ એક સ્વભાવ છે. અને તેજ પ્રમાણે આત્મા જેમ એક નક્કર પદાર્થ છે, તેજ

પ્રમાણે-ઢીલો પણ પોતે છે. એજ રીતે પુદ્‌ગલ પરમાણુ નામના પદાર્થમાં પણ એવો સ્વભાવ છે. કે– "ઢીલા આત્મા સાથે મિશ્રણ પામી જવુ." આવો સ્વભાવ બીજા કોઇ પદાર્થમાં નથી. તેથી આત્મા સાથે સંયોગ થવા છતાં તે પદાર્થો-પરમાણુઓની જેમ આત્મા સાથે મિશ્ર થઇ જતાં નથી. પણ પરમાણુઓના જત્થા અને આત્મા જેમ દૂધ અને પાણી મળી જાય, તેમ મળી જાય છે. તપેલા લોઢાના ગોળામાં અગ્નિ ભળ્યો દેખાય છે, તેમ એ બન્નેય મિશ્ર થઇ જાય છે. આથી કરીને આત્મા પુદ્‌ગલ પરમાણુ મય બની જતો નથી. તેમજ પુદ્‌ગલ પરમાણુઓ આત્મામય બની જતા નથી. છતાં બન્નેયનું વિલક્ષણ મિશ્રણ થાય છે. કેમકે– તેવા તે બન્નેયમાં કુદરતી સ્વભાવો પ્રગટ થઇ શકે છે. એવા સ્વભાવો કેમ છે ? તેનો જવાબ નથી. પરંતુ એમ છે, માટે એમ બને છે. એમ બને છે, માટે એ સ્વભાવો માનવા પડે છે. કેમકે– એ સ્વભાવો છે, કોઇએ ઉત્પન્ન કર્યા નથી. પણ છે, છે, ને છે.

તેઓ મિશ્ર થવા છતાં, એક બીજા રૂપે થઈ જતા નથી, માટે છુટા પણ પડી શકે છે. ઉકાળીને દૂધમાંથી પાણી દૂર કરી શકાય છે, તે પાણીને વરાળરૂપે બનાવીને છુટું પાડી શકાય છે. અથવા ખટાશ નાંખીને દૂધને ફાડી નાંખીને બન્નેયને છુટા પાડી શકાય છે. તેમ આત્મા અને પુદ્‌ગળો છુટા પડી શકે છે, અને જેટલે અંશે કે સંપૂર્ણપણે છુટા થાય છે, તેટલે અંશે અથવા સંપૂર્ણપણે તેની જ્ઞાન શક્તિ પણ કામ કરતી થઇ જાય છે.

એ બેના પરસ્પર ચોંટવાથી આ દૃશ્યમાન સૃષ્ટિ ખડી થાય છે. તથા એ મિશ્રણ થવાથી જ, સૃષ્ટિના પદાર્થો ઉપર રાગદ્વેષ થાય છે, તેનું સંવેદન થાય છે. તેને યોગે કર્મ બંધાય છે. કર્મો પરમાણુંઓના બનેલા છે. પરમાણુઓમાં પણ પરસ્પર એકઠા થવું, આત્માની સાથે મિશ્રણ થવું. પાછા છુટા પડવું વિગેરે સ્વભાવો છે.

આત્મામાં પરમાણુઓ સાથે મિશ્રણ પામવાનો સ્વભાવ છે, તે પ્રમાણે તેનાથી છુટવાનો પણ સ્વભાવ છે. **દ્રવ્યાનુયોગની** પરિભાષામાં તે

બન્નેયને સ્વભાવ કહેવાય છે. પરંતુ **આધ્યાત્મિક-ચરણાનુયોગની** પરિભાષામાં પુદ્ગલો સાથે મિશ્રણ કરનારા સ્વભાવોને **વિભાવ સ્વભાવ** કહેવામાં આવે છે. અને બન્નેયને છુટા કરનારા સ્વભાવોને-સ્વભાવ કહેવામાં આવે છે.

હવે, આત્માનોય જ્ઞ-સ્વભાવ સહજ જ છે, છતાં પુદ્ગલ પરમાણુઓના જથ્થાથી તે ઢંકાય છે, અવરાય છે, દબાય છે, તે દબાણુની અસરથી ઉત્પન્ન થતી જ્ઞાનની ખંડિતપ્રભા-વૈભાવિક-ક્ષાયોપામિક જ્ઞાન કહેવાય છે. અને સંપૂર્ણ ઢાંકણુનો ક્ષય થઇ જવાથી, એટલે કે ઢાંકણુ તરીકેનો પર્યાય નાબુદ થવાથી ખુલ્લી થયેલી જ્ઞાનની સંપૂર્ણપ્રભાને સ્વાભાવિક-ક્ષાયિક જ્ઞાન કહેવાય છે. ત્યારે, તે સર્વજ્ઞ હોય છે. સર્વ કાંઇ પ્રથમ જણાવ્યા પ્રમાણે એક જ સમયમાં એકી સાથે જાણી શકે છે.

કેટલાક કહે છે, કે-"આત્મા ઘણું જાણી શકે છે. પણ "સંપૂર્ણ જાણી શકે છે." એમ ખરા અર્થમાં કહી શકાય નહિ. ઉપચારથી-એક વધુ જ્ઞાન ધરાવનાર વ્યક્તિને સર્વજ્ઞ કહો અને તેનું એ રીતે સન્માન કરો, એ વાત ઠીક છે. પ્રાણીઓના જ્ઞાનમાં વધઘટ માલુમ પડે છે, તેથી જ્ઞાન શક્તિ ઓછી વધતી હોવાનું માનવામાં વાંધા ભર્યું નથી. પરંતુ, એક તો કુદકો મારવાની શક્તિ ૧૦ હાથની હોય, તો બીજાની ૧૫ હાથની હોય, પરંતુ લાખ કે કરોડ હાથની ન હોઈ શકે. માટે-જ્ઞાન શક્તિ પણ અપરિમિત સર્વ કાંઇ જાણુનારી-ન હોઇ શકે. "એકના જ્ઞાન કરતાં બીજાનું જ્ઞાન વધારે છે. તેના કરતાં બીજામાં વધારે છે. એમ જ્યાં છેડો આવે, તે સર્વજ્ઞ." આ અનુમાન પણ વધારે પડતું છે.માટે-સર્વજ્ઞ એટલે- "સર્વ જાણુનાર નહિ." પરંતુ "ઘણું જાણુનાર." એવો અર્થ કરવો યોગ્ય છે"

આ પ્રશ્ન સામાન્ય સમજના માણુસોનો છે. પરંતુ-વિશ્વના પદાર્થોની વાસ્તવિક સ્થિતિના અભ્યાસી-તત્ત્વ જ્ઞાનના અભ્યાસી આવા ક્ષુદ્ર પ્રશ્નો કે આવી ટુંકી સમજ ધરાવી શકે નહિ.

દેવો વિગેરે લાખો હાથ તો શું ? પણ ચપટી વગાડતાંની સાથે જ અબજો ગાઉ કુદી જવાની શકિત ધરાવતા હોય છે. આત્મા આખા વિશ્વને એક ક્ષણવારમાં ઉલટ–પાલટ કરી નાંખવાની શકિત ધરાવતો હોય છે.

જો કે– એમ કોઈ કરતું નથી. કદી એમ બનતું નથી. આ પણ એક જાતની વિશ્વવ્યવસ્થા છે.

ખરી વાત એ છે, કે– જ્ઞાન શક્તિ બહારથી પુસ્તકો ભણવાથીજ લાવી શકાય છે, એમ નથી. તે આત્મામાંજ છે. તે ઢંકાયેલી છે. તેવું પુસ્તકના અભ્યાસની મદદથી ખુલ્લી કરી શકાય છે. પણ બહારથી લાવી શકાતી નથી. તે સર્વ કાંઇ જાણવાની સંપૂર્ણ શક્તિ આત્મામાં અનાદિ કાળથી હતી, છે, અને હશે. તેના ઉપરનું કર્મોનું ઢાંકણું ખસી જવાથી જેટલી તે ખુલ્લી થાય છે. એટલું જ જણાય છે, તે પ્રગટ થાય છે. "જ્ઞાન ઉત્પન્ન થાય છે." એમ માત્ર ઉપચાર ભાષાથી બોલાય છે.

ધુળથી ઝાંખો પડેલો હીરો સાફ કરવાથી ચમકવા માંડે છે. તેથી તેમાં કોઇ નવી ચમક આવતી નથી. હતી, તે ખુલ્લી થાય છે. એટલું જ થાય છે. માટે, સર્વજ્ઞેયો જાણવાની પૂરી શકિત છે, તે પૂરી ખુલ્લી થાય છે. તેથી, તે અપરિમિત છે. કેમકે– જાણવાના જ્ઞેયો જગતમાં–અપરિમીત છે. અનંત અનંત છે. અથવા તે શકિતને અપેક્ષાએ પરિમીત કહેવી હોય, તો પણ વાંધો નથી. કેમકે–જગત્માં ત્રણેય કાળના મળીને જે કોઇ જ્ઞેયો હોય છે, તેને જ તે જાણી શકે છે. જે જ્ઞેયો નથી, જે વસ્તુ કદી સંભવિત નથી. તેને સર્વજ્ઞનું જ્ઞાન પણ જાણી શકતું નથી.

**અનંત** શબ્દ પણ અહીં–અન્ત નહીં, તે અનંત. એવા વ્યુત્પત્તિના અર્થમાં સમજવાનો નથી. પરંતુ, અમુક અપરિમિત સંખ્યાના અર્થમાં શાસ્ત્રોમાં તેને જે રીતે પરિભાષિત કરવામાં આવ્યો છે, તે અર્થમાં સમજવાનો છે. માટે આત્મા સર્વ કાંઇ જાણનાર સર્વજ્ઞ હોઇ શકે છે. વળી, એક બીજી અમારી દલીલ સાંભળો :–

"એક માણુસ હજાર વસ્તુનું જ્ઞાન ધરાવે છે. બીજો માણુસ તેના કરતાં બીજી હજાર વસ્તુનું જ્ઞાન ધરાવે છે. આ દેશના માણુસોને જે આ દેશની વસ્તુઓનું જ્ઞાન છે, તે બીજા દેશના લોકોને નથી. તેની જ સાથે તેના દેશના પદાર્થોનું જ્ઞાન આ દેશના લોકોને નથી. છતાં બન્નેય દેશના લોકો—એક બીજાના દેશમાં જઇને પોતપોતાના જ્ઞાનમાં વધારો કરી શકે છે. વળી, ભૂતકાળની કે ભવિષ્ય કાળની ઘણી વસ્તુઓ આપણે જાણી શકતા હોય છે. પણ તે તે વખતના લોકો તે જાણી શકતા હોય છે. અને ઇતિહાસ ઉપરથી આપણે તે પણ જાણી શકતા હોઈએ છીએ. તથા કલ્પના ઉપરથી જેમ સુતાર કે કડીયા મકાનના પહેલેથી પ્લાન કલ્પીને પછી તે પ્રમાણે દરેક કબાટ કે મકાનનો માલ એકઠો કરવાની વેતરણ કરે છે ને પછી કબાટ કે મકાન બનાવે છે, એમ ભૂતકાળના માનવોને હાલના વર્તમાનનું ભવિષ્ય તરીકે જ્ઞાન થાય છે. એ રીતે ત્રણેય કાળનું જ્ઞાન ઓછા વધતા સ્વરૂપમાં સામાન્ય માનવોને પણ થાય છે. તો હવે, એમજ કહો, કે—એક આત્માની જ્ઞાન શકિતનું માપ કેટલું આપી શકાય ? તમે પણ માપની મર્યાદા બાંધી આપી શકો તેમ નથી. કેમકે—જુદા જુદા આત્માઓ જે જાણે છે, તે સર્વ એક જ આત્મા પણ જાણી શકવાની સંભાવના તમારી બુદ્ધિમાં ખડી થશે. તેથી મર્યાદા બાંધવા જતાં, તમારે પણ અનંત જ્ઞેયો જાણવાની આત્માની જ્ઞાન શકિત કબુલ કરવી પડશે. જ્યાં સુધી સૂક્ષ્મ વિચાર નથી કરવામાં આવ્યો, ત્યાં સુધી માણુસ ગમે તે બોલે, પરંતુ વાસ્તવિક રીતે વિચાર કરવા બેસે, ત્યારે તે બધું તેને છોડી દઈ સત્ય કબૂલ કરવું પડે છે.

વળી, કોઈ કહે છે, કે—"એકજ આત્મા સર્વજ્ઞ હોઇ શકે, પરંતુ ઘણા આત્માઓ સર્વજ્ઞ ન હોઇ શકે."

આ વાત પણ બરાબર નથી. જ્યારે દરેક આત્મામાં સંપૂર્ણ જ્ઞાન શકિત હોવાનું માની લીધું, પછી તેના ઢાંકણ સર્વથા જેના

દૂર થાય, તે સર્વજ્ઞ થાય જ. તેમાં શંકાને સ્થાન જ કયાં છે? શકિત છે, તો પછી શા માટે તેને પરિમીત માનવી? દરેક પ્રાણીમાં જ્ઞાનની તર–તમતા દેખાય છે, તે પ્રમાણે અપરિમીતતા પણ કેમ ન માનવી? તેમ ન માનવામાં કાંઇ પણ પ્રમાણ નથી. માટે "પ્રત્યેક આત્મા સર્વજ્ઞ થઇ શકે." એમ માનવું એજ વધારે સંગત છે. હવે, આપણે મૂળ વિષય ઉપર આવીએઃ–

"જ્ઞાન જ્ઞેય–પદાર્થ પાસે જાય છે, કે જ્ઞેય પદાર્થ જ્ઞાન પાસે આવે છે? કે તેનું પ્રતિબિમ્બ જ્ઞાનમાં પડે છે, કે– સજ્ઞાન આત્મા જ્ઞેય સુધી જાય છે? કે– એક ઠેકાણે રહેલા આત્માના જ્ઞાનનો પ્રકાશ ચંદ્રના કિરણોની માફક સર્વત્ર ફેલાય છે? ખરી વસ્તુ સ્થિતિ શી છે?"

૧ ન આત્મા જ્ઞેય પાસે જાય છે. ૨ ન જ્ઞાન જ્ઞેય પાસે જાય છે. ૩ ન જ્ઞેય આત્મા પાસે આવે છે. ૪ ન જ્ઞેય પોતે જ્ઞાન પાસે આવે છે, ૫ ન જ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિમ્બ પડે છે, છતાં, ઉપચાર ભાષામાં જે કંઈ કહેવું હોય, તે કહો. પરંતુ વાસ્તવિક રીતે જ્ઞાન શકિત જ એવી છે, કે– "તેવું કાંઇ પણ થયા વિના તે સર્વ કાંઇ જાણી શકે છે, જ્ઞાન એવી વિલક્ષણ વસ્તુ છે. જગતમાં તેનું પૂરેપૂરું બંધ બેસતું દૃષ્ટાંત મળે તેમ નથી. જો ઉપર જણાવ્યા પ્રમાણેની ઘટનાઓ બને, તો જ જ્ઞાન શકિત જ્ઞેયને જાણી શકતી હોય તો ભૂત અને ભવિષ્યના પદાર્થોને આત્મા શી રીતે જાણી શકે? સર્વજ્ઞની વાત તો દૂર રહી, પરંતુ. સુતાર અને કડીયા ભવિષ્યમાં કરવાના કબાટ કે મકાનની કલ્પના મનમાં સાક્ષાત્ ખડી કરીને જ તેની બનાવટની કે ચણતરની બધીયે વેતરેણ નકશા પ્રમાણે કરે છે. તો પછી સર્વજ્ઞ પણ કરોડો ભવ પહેલાં એક જીવ કેવી રીતે જીવ્યો હતો? તે, અને કરોડો ભવ પછી પણ કેવી રીતે જીવશે? તે, પ્રત્યક્ષ જાણી શકે છે. "તેથી જ્ઞાન અને જ્ઞેયનો સંયોગ થવો જ જોઇએ, પ્રતિબિમ્બ પડવું જ જોઇએ." એવો કોઇ નિયમ નથી. વિષય–વિષયીભાવસંબંધ થવો જોઇએ–

જ્ઞાન શક્તિજ એવી છે, કે નિરાવરણ સ્થિતિમાં તે જેટલું ખુલ્લું હોય, અથવા તે સંપૂર્ણ ખુલ્લું હોય, તો મુખ્ય પણે વિષય-વિષયી ભાવ સંબંધથીજ જાણે છે. આ મુખ્ય વસ્તુ છે. છતાં ઇંદ્રિયો દ્વારા થતા જ્ઞાનમાં ઈન્દ્રિયો અને વિષય પદાર્થોનો સંબંધ આવશ્યક હોય છે. પરંતુ જે વિષયો ઇન્દ્રિયોગ્રાહ્ય હોય છે, તેનો જ ઇન્દ્રિયો સાથે સંયોગ સંબંધ આવશ્યક છે. તેમાં પણ આંખ અને મનને બાદ રાખવા પડે છે. તેઓ તો પોતાના વિષયને વિષય-વિષયીભાવ સંબંધથી જ જાણે છે. તે પ્રમાણે સર્વજ્ઞનું સર્વજ્ઞેયો જાણનારું જ્ઞાન પણ વિષય-વિષયીભાવ સંબંધે જ પોતાના સર્વ વિષયોને એકજ સમયમાં જાણી શકે છે.

અહીં, પ્રશ્ન એ થાય છે, કે—"જૈન તીર્થંકરો અને જૈન મુનિ થયા હોય, તે જ સર્વજ્ઞ થઈ શકે, અને તેમનીજ વાત સાચી માનવી. એ શું પોતાના ધર્મનો-મતનો આગ્રહ નથી? અને "બીજા ધર્મ પાળનારા સર્વજ્ઞ ન થઈ શકે." એમ કહેવું શું વ્યાજબી છે? તેઓમાં પણ કપિલ-સુગત વિગેરે સર્વજ્ઞ હોવાનું શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ એક ઠેકાણે લખ્યું છે. તો પછી તેઓને સર્વજ્ઞ કેમ ન માનવા?"

"જે કોઈ પણ આત્મા-જ્ઞાનાવરણીયાદિક ચાર ઘાતિકર્મોનો નાશ કરે, તે સર્વજ્ઞ થઈ શકે." એમ અમે કહીએ છીએ. અને એવા જે કોઇ સર્વજ્ઞ હોય, તે સર્વનો ઉપદેશઃ જ્ઞાનઃ એક સરખા હોય, અને એવા ઉપદેશને જૈન ધર્મનો ઉપદેશ કહેવામાં આવે છે. માટે તેની વાત માનવામાં આવે છે. "તેઓ જૈન ધર્મ પાળતા હતા. માટે તેઓ સર્વજ્ઞ થાય છે. માટે તેની વાત માનવી." એમ નથી. તેઓ જે રીતે સર્વજ્ઞ થયા-સર્વજ્ઞ થવાના જે ઉપાયો છે, તેનું પાલન કરવાથી સર્વજ્ઞ થવાય. તે ઉપાયો સર્વજ્ઞોએ બતાવ્યા છે. માટે તે ઉપાયોનું નામ જૈન ધર્મ છે.

જૈન ધર્મ: એ કોઇ ખાસ કોઈએ બનાવટી બનાવેલા ધર્મનું નામ નથી, પરંતુ સર્વજ્ઞો એટલે વિજયી-જિનો. તેના સર્વજ્ઞપણાને આધારે જે કર્તવ્ય માર્ગો વિગેરે બતાવવામાં આવે, તે "જિને ઉપદેશેલો ધર્મ, તે જૈન ધર્મ." આટલું સમજ્યા પછી તમારી ઉપરની બધી ગેર સમજણો દૂર થઇ જશે.

આ સર્વજ્ઞના ઉપદેશમાંથી તે તે સ્થળ-કાળના લોકોના હિતને માટે ઉપયોગી થાય અને તેઓ પાલન કરી શકે તેવી બાબતો લઈને જે કોઇ હિતકારી લોકો તે નિયમો પૂર્વક વ્યવહારુ બનાવીને, લોકો માટે જે ધાર્મિક સંસ્થા સ્થાપે છે, તે પણ આજે જુદા જુદા ધર્મોને નામે ઓળખાય છે. કારણ કે- સર્વજ્ઞોપદિષ્ટ ધર્મના કોઈ ભાગો તે તે સ્થળ-કાળના જીવો માટે-તેઓના આત્માના વિકાસ માટે-ગ્રહણ થયેલા હોવાથી, તે પણ સર્વજ્ઞનો ધર્મ હોય છે. ઉપચારથી તે ઉપદેશને પણ સર્વજ્ઞનો ઉપદેશ કહેવામાં હરકત નથી. કેમકે-તે હિતકારી પણ જો સર્વજ્ઞ હોય, તો ઉપચારની જરૂર પડતી. નથી. જો તે સર્વજ્ઞ હોય, તો ખાસ જુદાપણું થાય નહીં. એક જ સંસ્થામાં બધાનો સમાવેશ થઈ જાય. પરંતુ જો અસર્વજ્ઞ હિતકારી આ પ્રમાણે કરે, તો સર્વજ્ઞના ઉપદેશનો અંશથી પણ લોકોના હિતને માટે ઉપયોગ કરતા હોવાથી ઉપચારથી તેનેય સર્વજ્ઞ ગણવામાં હરકત નથી. તે અપેક્ષાએ **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ તેઓના ત્રીજી દૃષ્ટિના અનુયાયિઓને તેઓને અનુસરવા સર્વજ્ઞ તરીકે ગણાવ્યા છે.

એ અર્થ આચાર્યશ્રીને અભીષ્ટ છે, તેથી અર્થથી તેમની વાતમાં વિરોધ આવતો નથી. નહીંતર, સર્વજ્ઞ પ્રકરણ વિગેરે તેઓના જ ગ્રંથો સાથે વિરોધ આવે. પરંતુ સાચી વાત આ હોવા છતાં, મારી મચરડીને ગમે તેવા અર્થ કાઢવામાં પ્રામાણિકતા નથી. અને મારો મચરડીને આવા અર્થ કાઢનારા તો કોઇનેય સર્વજ્ઞ માનવા તૈયારજ નથી. કારણકે-તેઓ મોક્ષઃ દેવઃ નારક

સર્વજ્ઞત્વ: વિગેરેને અંતઃકરણથી માનતા હોય છે? કે કેમ? એ મોટામાં મોટો તેઓની સામે પ્રશ્ન છે. પોતાના મંતવ્ય વિષેનો ભાગ્યે જ તેઓ ખુલાસો કરતા હોય છે. માટે **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ**નો આશય એ છે, કે- અસર્વજ્ઞો છતાં સર્વજ્ઞોના ઉપદેશનો લોકોના કલ્યાણ માટે પોતાની રીતે લાભ આપવા પ્રયાસ કરતા હોવાથી, ઉપચારથી સર્વજ્ઞો ગણી લેવામાં આવેલા છે. માટે બધું બરાબર ઘટી જાય છે.

ઉપચારનું પ્રયોજન—તેમની મારફત સાચા સર્વજ્ઞની વાણીનો લાભ તે જીવોને થયો હોય છે. માટે ઉપ્રચારનું પ્રયોજન બરાબર ઘટી જાય છે. કારણ કે-તેઓની વાણી પણ મૂળ સર્વજ્ઞની વાણીના અંશરૂપ હોવાથી-અંશથી તેની સાથે સંગત હોવાથી-ઉપચાર કરવા માટેનું બીજક ધરાવતી હોય છે.

પોતપોતાને માન્ય ધર્મ પ્રણેતાને જ આગ્રહથી સર્વજ્ઞ માનવાની વાત બુદ્ધિ પૂર્વકના વિચારની સાધારણ આંચ લાગતાં જ તે આગ્રહ ઓગળી જાય તેમ છે. કારણ કે—જેની એકાંત વાણીમાં અપૂર્ણતા કે પરસ્પર વિરોધ જણાય, તેઓ વાસ્તવિક સર્વજ્ઞ હોઈ શકે જ નહીં. કારણ કે-સર્વજ્ઞની વાણીમાં પરસ્પર વિરોધ સંભવે જ નહીં.

"તો પછી, સર્વજ્ઞની વાણીના અંશોને બોલનારા બધાયે જો ઉપચારથી સર્વજ્ઞો કહેવાતા હોય, તો પછી-તેઓની વાણીમાં પરસ્પર વિરોધ જ કેમ સંભવે? કેમકે—મુખ્ય કે ઉપચરિત એવા કોઈ પણ સર્વજ્ઞની વાણીમાં પરસ્પર વિરોધ હોઇ જ ન શકે."

તમારી વાત બરાબર છે. સર્વજ્ઞોની વાણીમાં પરસ્પર વિરોધ હોય જ નહીં, હોય, તો તે સર્વજ્ઞો નહીં. સર્વ સર્વજ્ઞોનું જ્ઞાન એક જ પ્રકારનું હોય છે. સર્વજ્ઞોની એ જાતની સમાનતાને લીધે, ત્રણેય કાળના મુખ્ય સર્વ સર્વજ્ઞોના સમૂહને "એક સર્વજ્ઞ હોય છે." એમ કહેવામાં વાંધો આવતો નથી.

ઉપચારથી મનાયેલા સર્વજ્ઞોની ઉપદેશ વાણીમાં પરસ્પર વિરોધ કે જે કાંઈ અઘટમાનતા જણાઈ આવે છે, તે તેઓની અપૂર્ણતાને લીધે હોય છે. જો તેઓની વાણીને પણ નયસાપેક્ષપણે ઘટાવીને સ્યાદ્વાદ પ્રમાણથી સમજવામાં આવે, તો વિરોધ જરા પણ દેખાતો નથી. પરંતુ તે વિના માત્ર એકાંતથી તેને સમજવામાં આવે, તો વિરોધ દેખાય જ, એ સ્વભાવિક છે. તેથી સમજનારાઓની કે સમજાવનારની ખામીને લીધે વિરોધ દેખાય, તેમાં ઉપચરિત સર્વજ્ઞો પણ શું કરે ?

જો વાસ્તવિક સર્વજ્ઞ જગત્માં ન હોય, તો વિરોધના પરિહારનો કોઈ ઉપાય જ રહેતો ન હોત. છતાં, વિરોધોના પરિહાર કરીને તત્ત્વોનો નિર્ણય કરી શકાય છે, તે જ સાબિત કરે છે, કે– "વાસ્તવિક સર્વજ્ઞ સંભવિત જ છે."

આત્મવાદ : આત્માનું અસ્તિત્વ : આત્માનો આધ્યાત્મિક વિકાસ: તેના અનેક ઉપાયોઃ વિગેરે સ્વતઃ જ સર્વજ્ઞપણું માગી જ લે છે. એ બાબતોમાં મત ભેદ ભલે ગમે તેટલા હોય, પરંતુ દરેકનો આદર્શ: ઉદ્દેશઃ લગભગ સરખો હોય છે, અથવા ઘણી બબતોમાં સરખાપણું હોય છે. મત ભેદો પણ જે વિષય સંબંધિ છે હોય છે, તે વિષયનો નિર્ણય કરવામાં સર્વજ્ઞની સર્વજ્ઞતા જ મુખ્ય કારણભૂત છે. જુદા જુદા ધર્મ પ્રણેતાઓને ઉપચારથી સર્વજ્ઞ માનવા જતાં વાસ્તવિક સર્વજ્ઞની સંભવિતતા અસંભવિત ઠરતી નથી, પરંતુ સવિશેષ પ્રમાણભૂત ઠરે છે.

તેના ઉપદેશોઃ તદનુસાર આચરણા : તે આચરણા અનુસાર મનોવૃત્તિઓનું અસ્તિતવઃ વિગેરે સર્વજ્ઞજ્ઞાનમૂલક હોવાથી સર્વજ્ઞનું અસ્તિત્વ સામાન્ય અનુમાન મારફત આજે પણ બુદ્ધિ પ્રત્યક્ષથી સિદ્ધ છે. ચાર પુરુષાર્થની સંસ્કૃતિનું અસ્તિત્વ જ સર્વજ્ઞોપજ્ઞતા મૂલક છે. જેની રચના પાછળ નિઃસ્વાર્થપણાનું પરમ અહિંસક વિશ્વવાત્સલ્ય પ્રાણરૂપે ધબકે છે. સર્વજ્ઞ હોવાની શંકા પણ

એક રીતે સર્વજ્ઞપણાને સાબિત કરે છે. છતાં, આજે સર્વજ્ઞની વફાદાર પ્રજામાં સર્વજ્ઞવિષે જે શંકાઓ ફેલાઇ રહી છે, તે અનાત્મવાદી વિજ્ઞાનવાદીઓ ફેલાવી રહેલા છે, અને તેના સંસ્કારો યુવકોના કાચા મગજ ઉપર પડવાથી વધારે ને વધારે પ્રસરી રહેલા છે. યુવકોની સમજ શક્તિ એટલી પ્રૌઢ અને ગંભીર હોતી નથી. કેમકે—સર્વજ્ઞપણાનું અસ્તિત્વ સાદી સીધી દલીલોથી જલ્દી સમજી શકાય તેમ નથી. ત્યારે પ્રૌઢ અને ગંભીર દલીલો સમજવાની તેમને પરવા કે શકિત નથી હોતી. તેમજ તેઓના માનસ બીજી રીતે એટલા બધા ઘેરાયેલા અને ગુંચવાયેલા હોય છે, કે તેઓને માલૂમ પણ નથી હોતી, કે "આવી ગંભીર બાબતો સમજાવનારા લોકો જગત્‌માં અસ્તિત્વ ધરાવે છે." આ વિગેરે કારણોથી પરસ્પરનો મેળાપ થતો નથી. અને સ્વાર્થી અનાત્મવાદીઓ જાહેર વાતાવરણમાં આત્મવાદથી વિરુદ્ધનું વાતાવરણ ટકાવવાથી અને ફેલાવવાથી પોતાના આર્થિક વિગેરે સંખ્યા બંધ સ્વાર્થો સિદ્ધ કરી શકે છે. આ એક પ્રકારની હાલ વસ્તુસ્થિતિ છે. એટલા ઉપરથી " સર્વજ્ઞ સંભવી શકે જ નહીં." એમ માનવાને કશુંયે યોગ્ય કારણ નથી.

ખરી વાત તો એ છે, કે—અનાત્મ વાદી સર્વજ્ઞ ન માને, એ સ્વાભાવિક જ છે. કારણકે—આત્મા વિના સર્વજ્ઞ કોણ હોઇ શકે ?

આજે સર્વજ્ઞ-અસર્વજ્ઞની ચર્ચા જ ગૌણ થઈ ગઇ છે. પરંતુ આત્મવાદ અને અનાત્મવાદની જ ચર્ચા મહત્ત્વની વસ્તુ થઈ પડી છે. કારણ કે-અનાત્મવાદે એવો ઘેરો ઘાલ્યો છે, કે-આત્મવાદની વાત કરવીઃ એ આજે શાળા કોલેજોમાં એક પ્રકારના ઉપહાસનો વિષય થઈ પડયો છે. આત્મવાદ એ વિશ્વનું પ્રમાણભૂત એક સત્ય હોવા છતાં આજે તો અનાત્મવાદની બોલ બાલા ચાલી રહી છે. કારણ કે- "આત્મવાદ સાચો હોય, જગતનું સર્વ

પ્રકારનું પરમહિત તેની સાથે સંકળાયેલું હોય, છતાં આજે તો આત્મવાદી પ્રજામાં અનાત્મવાદ ફેલાવવો–ઇરાદા પૂર્વક ફેલાવવો" એ અનાત્મવાદીઓનો દૃઢ આગ્રહ છે. કેમકે–તેમ કર્યા વિના આત્મવાદી દેશોમાં તેઓની—આર્થિકઃ સામાજિકઃ રાજ્યકીયઃ વ્યાપારીઃ અને કૃષિ વિષયક; અસાધારણ ઉન્નતિ સંભવિત જ નથી "માટે જેમ બને તેમ "આત્મવાદ જેવી કોઈ વસ્તુ જ નથી." એવી જ જાતના ભાવિ પ્રજાના માનસ ઘડાઈ જવા જોઈએ." જ્યાં આ જાતનો જાહેર આદર્શ ઘડાયે જતો હોય, ત્યાં આત્મવાદની ચર્ચાની આશા જ ક્યાંથી રાખી શકાય? વિરોધ કરવા ખાતર પણ આત્મવાદની ચર્ચા થાય, તોયે આત્મવાદને જીવાડી શકાય છે. પરંતુ જ્યાં સદંતર ઉપેક્ષા જ હોય, ત્યાં અસ્તિત્વ પણ શી રીતે ટકી શકે? દાર્શનિકોની ચર્ચાઓ પણ આત્મવાદના પ્રાણ હતા. તેને વાદવિવાદ અને ઝગડાનું રૂપ આપીને તેના અસ્તિત્વને જ જોખમમાં મૂકી દીધું છે.

સચેતન આત્મા પદાર્થનું સ્વતંત્ર પદાર્થ તરીકે અસ્તિત્વ સાબિત હોય, તો તેનું નિત્યપણું, કર્મનું કર્તૃત્વઃ ભોક્તૃત્વઃ મોક્ષઃપરલોકઃ સર્વજ્ઞપણુંઃ અસર્વજ્ઞપણુંઃ ભવ્યત્વઃ અભવ્યત્વ સંસારઃ આત્મવિકાસઃ આત્માનું પતનઃ આધ્યાત્મિક વિજ્ઞાનઃ વિગેરે સહજ રીતે જ સાબિત થઇ જાય છે– અનિચ્છાએ પણ સાબિત થઇ જાય છે. આત્મવાદ સ્વીકારનારાઓ પણ આ ગણાવેલી બાબતોમાં સંદિગ્ધ હોય છે, જુદા જુદા સ્વરૂપો સમજાવે છે. તેમાં કેટલાક આત્મવાદીઓની બુદ્ધિની ન્યૂનતા અનાત્મવાદીઓની જેમ કારણભૂત હોય છે. ન્યૂનબુદ્ધિ ધરાવનારા અને પરસ્પર પક્ષ–પ્રતિપક્ષ રૂપે ઝગડનારા આત્મવાદીઓ અનાત્મવાદીઓ કરતાં હજાર ગણા સારાંઃ ઉન્નતઃ આગળ વધેલાઃ પ્રામાણિક, અને લાયકાત ધરાવનારાઃ હોય છે. ભલે કદાચ સ્વભાવે ઉગ્ર અને કડક દેખાતા હોય, પણ તેઓ સન્માર્ગને રસ્તે છે. ત્યારે ગમે તેવા ભલાઃ શાંતઃ પ્રામાણિકઃ સાચાઃ પરોપકારીઃ

નીતિમાનઃ અલ્પ આરંભ-સમારંભ ધરાવતાઃ ડાહ્યાઃ અને બાહોશઃ જણાતાં હોય, છતાં જો તેઓ અનાત્મવાદી હોય, કે અનાત્મવાદના વફાદાર હોય, કે અનાત્મવાદને અમલમાં મૂકી સક્રિય ટેકો આપતા હોય, છતાં તેઓ અનાત્મવાદી હોવા માત્રથી સન્માર્ગે નથી હોતા. પણ ઉન્માર્ગે હોય છે. અને બીજાને પણ ઉન્માર્ગે દોરી જવાના દઢ આગ્રહવાળા હોય છે. માટે જગતમાં મોટામાં મોટા અહિતકારી તત્ત્વ તરીકે પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યા હોય છે. પશુઓ અજ્ઞાન હોવાથી આત્મવાદમાં સમજી શકતા નથી, પરંતુ આત્મવાદને નુકશાન પહોંચાડતા નથી. ત્યારે અનાત્મવાદીઓ ઈરાદા પૂર્વક આત્મવાદને નુકશાન પહોંચાડી જગતનું અસાધારણ અકલ્યાણક કરનારા હોવાથી, એ અપેક્ષાએ તેઓની ભયંકરતા અસાધારણ પ્રકારની માનવામાં કશું અસત્ય નથી.

કોઇનાયે ઉપદેશ વિનાઃ અથવા ગમે તેવા વિઘ્નો માર્ગમાં ખડા કરવામાં આવે તો પણ તેના ઉપર વિજય મેળવીને અંતરના ઉંડાણમાંથી ઉઠતી મહાપ્રેરણાના બળથી સહજ રીતે જઃ આધ્યાત્મિક જીવન જીવનારા અને જીદંગીભર એકધારી રીતે તે જીવન જીવીને તેમાંજ આનંદ માણનારા જગતમાં મળી આવે છે. દુન્યવી સુખ-સગવડો કે એશ-આરામના ઢગલા તેને આકર્ષી શકતા નથી. એટલી હદ સુધી ટકવાની અનાત્મિક શરીરની તાકાત નથી. એ તાકાત શરીરમાંના કોઈ જુદા જ તત્ત્વની છે. તે જ જુદા સચેતન આત્મપદાર્થનું અસ્તિત્વ સચોટ રીતે સાબિત કરી જ આપે છે. અને એ મોટામાં મોટું પ્રમાણ છે. એકલા માનવને વ્યક્તિગત જીવનમાં નીતિની બહુ જરૂર પડતી નથી. કારણકે-માનવ સ્વતંત્રપણે ગમે તેમ કરે, અને તેના સારા માઠા પરિણામે ભોગવીયે લે, પરંતુ સામાજિક જીવનમાં નીતિના ઠરેલા ધોરણને વફાદાર રહેવાની આવશ્યકતા ઊભી થાય છે. તે વિના ચાલી શકે જ નહીં. પતિ-પત્નીઃ પિતા-પુત્રઃ ગુરુ-શિષ્યઃ રાજા-પ્રજાઃ ના સંબંધો સ્થાપિત

કરવા પડે છે. લેવડ-દેવડના નિયમો ઠરાવવા પડે છે. ત્યાંસુધીયે આત્મવાદની આવશ્યક્તાની અનિવાર્યતા બહુ ભાસતી નથી. પરંતુ, આધ્યાત્મિક જીવન નીતિથી પર છે-તેનાથી ઉચ્ચ કક્ષામાં છે. જેમાં બદલો લેવા-દેવાની ભાવનાને અવકાશ નથી હોતો. જેમાં દુન્યવી ફળની આકાંક્ષા નથી હોતી. તેમાં આત્મ ભોગ આપવાની વૃત્તિ હોય છે. લોકનીતિથી પોતાના પૂરા હક્કનું ઠરેલું હોય, તે પણ સ્વેચ્છા વૃત્તિથી બીજાને આપી દેવાતું હોય છે, બીજા માટે રાખી મૂકાતું હોય છે, બીજાને અર્પિત કરાતું હોય છે, અને તેમાં પ્રમોદ મનાતો હોય છે. તે જડ શરીરમાં અને જડ પૂરતી મર્યાદિત નીતિમાં સંભવિત નથી. તે સ્થિતિ આત્માઃ આત્માની આધ્યાત્મિક્તા, વિના સંભવિત નથી. તેમાંજ સંભવિત છે. તેમ છતાં આધ્યાત્મિક મનોવૃત્તિને પણ "જડ મનોવૃત્તિ" કહેવામાં આવે, તો તે માન્યતા માત્ર જ ગણાય, વસ્તુ સ્થિતિ ન ગણાય.

ટેલીપથી કે પ્લેચેન્ટના પ્રયોગોમાં વિસંવાદ કે સંવાદ જણાય, તેટલા ઉપરથી આત્મા કે અનાત્મા સાબિત કરવાનું યોગ્ય નથી. કેમકે-તે પદ્ધતિઓ હજી એક દેશીય અને ઉચ્છરતી બાલ્યાવસ્થામાં છે. આધ્યાત્મિક સાચા યોગીનું સહજ જીવનઃ પૂર્વાપરનો દીર્ઘ અને પરિણામ જનક વિચાર કરવાની માનવોમાં રહેલી શક્તિઃ તેમાં થતા દૂર દૂરના સંબંધોના ચમત્કારિક અનુસંધાનોઃ અજબ કોયડા ઉકેલતા બુદ્ધિના પ્રયોગોઃ એ સઘળા જગતમાં અનુભવ ગોચર થતા પ્રમાણો આત્માની સાબિતી માટે પૂરતા છે.

કદાચ, આત્મા સાથે સંબંધ રાખતા જડ મનઃ જડ ઇન્દ્રયોઃ જડ જ્ઞાન તંતુઓની અસાધારણ શક્તિઓઃ પણ આત્મા પદાર્થ ન હોવાનો ભ્રમ ઉત્પન્ન કરી શકે છે. છતાં, તે સર્વની કેન્દ્રભૂત શારીરિક શક્તિઓની પાછળ સંચાલક રૂપે જે કોઈ એક તત્ત્વ છે, મન અને મનની જુદા જુદા વખતની જુદી જુદી પરિસ્થિતિઓની પાછળ પણ તે સર્વને સાંકળનાર-સર્વનો સંબંધ જોડનારઃ જે એક તત્ત્વ

કામ કરી રહેલા હોય છે-તે આત્મા છે-તેના વિના-જ્ઞાનાત્મક-અનેક ચેતનાત્મક-આત્મા વિના સર્વ શૂન્યજ હોત. જેમ મોટામાં મોટા કારખાનાના કેન્દ્રમાં અગ્નિઃ વીજળીઃ કે એવી કોઈ પણ મૂળભૂત શક્તિનો પાવર જ નાના મોટા સર્વ સંચાઓને પહેલેથી માંડીને છેલ્લે સુધી ચલાવે છે, એ શક્તિ ન હોય, તો બધુંયે બંધ. એ રીતે આત્મા સિદ્ધ થાય છે. દેશ પરદેશમાં જાતિસ્મરણ થયા હોવાના ઘણા દાખલા આપણે છાપાઓમાં વાંચીએ છીએ. જેને જાતિસ્મરણ જ્ઞાન થયું હોય, તે બાળક કે બાલિકા પોતાના પૂર્વ ભવના સ્થળઃ ગામઃ ઘરઃ મા-બાપઃ પત્નીઃ વિગેરે કુટુંબીઓને ત્યાં જઈને ઓળખાવે છે. અને જાણે કે- ત્યાં પહેલાં રહેતા હોય, પ્રથમથી જ બધાયંને ઓળખતા હોય, એ રીતે વિગતથી બધી હકીકત કહે છે, અને તે સાચી હોય છે. એ રીતે પાછળના ભવનું શરીર છોડીને તેમાંનો આત્મા આ શરીર બાંધીને તેમાં રહ્યો હોય છે. એ બધું શરીર કરતાં જુદાઃ સચેતનઃ આત્મા નામના નિત્ય પદાર્થને સાબિત કરે છે. આટલા બુદ્ધિગ્રાહ્ય સચોટ પ્રમાણો હોવા છતાં અને જેના કોઇ પ્રામાણિક ઉત્તર ન હોવા છતાં, સ્વતંત્ર આત્માપદાર્થને સ્વીકારવામાં દુરાગ્રહ-હઠ શિવાય આજે બીજું કાંઈ પણ કારણ નથી. યુરોપીય વિદ્વાનો પોતાની સર્વોપરિતા સ્થાપિત કરવા "પોતાને યોગ્ય લાગે, તે જ સ્વીકારવું, ને તે જગત્ પાસે સ્વીકરાવવું." એવા આગ્રહમાં હોવાનું આ પરિણામ છે. પરંતુ તેઓની પાછળ મૂર્ખ બની આપણા મહા પુરુષોએ પ્રગટ કરેલા સત્યોમાં અવિશ્વાસ રાખી તેઓની પાછળ શા માટે દોડવું ?

જો કે- હાલના વૈજ્ઞાનિકો- ટેલીપથી-ના વિજ્ઞાનને આધારે એ વાત ખોટી પાડવા મથે છે, અને એમ કહેવા ઈચ્છે છે; કે-"એ રીતે પાછળની વાતો તેઓ કરે છે, તે માત્ર પાછળ જે બનાવ બની ગયા છે, તેની હકીકત તેના મગજમાંથી કોઇ કારણસર બહાર કહી શકે તેવું તેનાથી સમજાય છે, અને બોલાય છે.

વાસ્તવિક રીતે પૂર્વના શરીરની ચેતના આ શરીરમાં આવી નથી હોતી. માત્ર તેના મગજમાં એવા ભાસ થાય છે." અને તે જાતના કૃત્રિમ પ્રયોગો કરી બતાવાય છે. પરંતુ એ કૃત્રિમ પ્રયોગોથી માત્ર આ ભવની જ અજાણી વસ્તુઓ કહે છે. પરંતુ ભવાન્તરની આજે જાણવી અસંભવિત વાતો સંભવિત રીતે કહે છે, તેમાં ટેલીપથીની અસર સાબિત કરવી શકય નથી. તેથી અનાદિ અનંતકાળ સ્થાયિઃ સચેતનઃ આત્મા નામનો એક અખંડ પદાર્થ દરેક પ્રાણીઓના શરીરમાં શરીરથી તદ્દન જુદોઃ છતાં શરીર સાથે ગુંથાઇ ગયેલોઃ સાબિત થાય છે.

અને એ રીતે આત્માનું સર્વજ્ઞત્વ સ્વતઃ સિદ્ધ જ છે. આત્મામાંનો જ્ઞાનગુણ સર્વ કાંઈ : સર્વદા : સર્વત્ર : સર્વ સમયે : સર્વથા : જાણી શકવાનું સામર્થ્ય ધરાવે છે. માટે આત્મા વાસ્તવિક રીતે સદા સર્વજ્ઞ હોય છે. માત્ર કર્મના આવરણને લીધે તેમાં ઓચ્છાંશનો અનુભવ થાય છે. બાળક અભ્યાસના બળથી કર્મના આવરણને ઓચ્છા કરી જ્ઞાની થાય છે. કોઈ જ્ઞાની પણ કર્મના આવરણથી મૂઢ બની જતા જોવાય છે. ઘણા વખત પહેલાં જાણેલી વસ્તુના જ્ઞાન ઉપર કર્મના આવરણ ફરીવળ્યા હોય છે. તેને ઘણે વખતે યાદ કરીયે, ત્યારે કર્મના આવરણો ખસતા હોવાનું આપણને સાક્ષાત્ સંવેદન–અનુભવ થાય છે. ને થોડીવારે, તે વસ્તુ યાદ આવે છે. ને પાછા આવરણો આવી જવાથી ભૂલી જઇએ છીએ. એ પ્રમાણે જ્ઞાન ઉપર આવી જતાં કર્મના આવરણો સર્વ ખસી જાય, ત્યારે આત્માનું સર્વજ્ઞપણું સંપૂર્ણ પ્રગટ થઇ જાય, એ સ્વાભાવિક છે.

આત્મામાંના જ્ઞાનગુણને જ જ્ઞાનઃ અજ્ઞાનઃ સંશયઃ અનધ્યવસાયઃ વિપર્યયઃ દર્શનઃ પ્રમાણઃ અપ્રમાણઃ સવિકલ્પકઃ નિર્વિકલ્પકઃ દર્શનલબ્ધિઃ જ્ઞાનલબ્ધિઃ દર્શનોપયોગઃ જ્ઞાનોપયોગઃ મતિઃ શ્રુતઃ અવધિઃ મનઃપર્યાયઃ સાકારઃ નિરાકારઃ સંજ્ઞાઃ પ્રત્યક્ષઃ અનુમાનઃ

ઉપમાનઃ શાબ્દઃ અર્થાપત્તિઃ સંભવઃ ઐતિહ્યઃ ઉહઃ તર્કઃ પ્રત્યભિજ્ઞાઃ સ્મૃતિઃ પરોક્ષઃ પ્રાપ્યકારીઃ અપ્રાપ્યકારીઃ ચિન્તાઃ અનુભવઃ સંવેદનઃ પ્રાતિભજ્ઞાનઃ વિગેરે સંખ્યાતીત વિકલ્પો જાણવામાં—અનુભવવામાં આવે છે. તે સર્વ નયભેદેઃ અવસ્થાભેદેઃ એક જ્ઞાનગુણનું નિરૂપણ છે.

સર્વજ્ઞપણું એટલે—લોકાલોકના સર્વ પદાર્થો—દ્રવ્યોઃ ક્ષેત્રોઃ કાળોઃ અને ભાવોઃનું એકજ સમયમાં સંપૂર્ણ જ્ઞાનઃ તે પૂર્ણ ગુણ સાથે જ આત્મજ્ઞાનઃ આ મુખ્ય પ્રામાણિક અર્થ છે.
વ્યવહારનયથી લોકાલોકોનું જ્ઞાનઃ નિશ્ચયનયથી આત્માનું પૂરેપૂરું જ્ઞાનઃ એમ બે નયથી અર્થ થાય છે.

ઘણા શબ્દોની જેમ જૈન શાસ્ત્રમાં સર્વજ્ઞ શબ્દના પણ નય સાપેક્ષ ઘણા અર્થ કરવામાં આવ્યા હોય, તેથી તે નયસાપેક્ષ હોવાથી પરસ્પર વિરોધિ અર્થો સમજવાના નથી.

એકાંતવાદી મિથ્યા દૃષ્ટિઓને પણ—સર્વ સર્વજ્ઞોના ઐકમત્યની અપેક્ષાએ એક સમુહરૂપ માનીને એક સર્વજ્ઞ માનવામાં આવે, અને તેની જુદા જુદા નયની દેશનામાંથી જીવોની ઉપર ઉપકારની બુદ્ધિથી કોઇ પણ એક નયથી દેશના આપનાર [મિથ્યા દૃષ્ટિ ઉપદેષ્ટાઓ] ને પણ એ અપેક્ષાએ તથા તેના અનુયાયિઓની અપેક્ષાએ ઉપચારથી સર્વજ્ઞ કહી શકાય. કેમકે—અનુયાયિઓને તેનાથી થોડો પણ લાભ થાય છે, અને તેની દેશનાનું મૂળ તો મુખ્ય સર્વજ્ઞની દેશના હોય છે. તેથી નયભેદથી સર્વજ્ઞની જુદી જુદી વ્યાખ્યાઓ પરસ્પર બાધક હોતી નથી. પછી ગમે તેટલી જુદી જુદી વ્યાખ્યાઓ કેમ ન હોય? જ્ઞાનઃદર્શનઃ ચારિત્રઃ જિનઃ ધર્મઃ વિગેરે ઘણા શબ્દોના દાખલા છે. જે વજ્ઞાનિકો સજીવ અને નિર્જીવ સૃષ્ટિ માને છે, પરંતુ સજીવ સૃષ્ટિ એટલે શું? અને જીવ એટલે શું? તે બાબતમાં સર્વથા ચૂપ રહે છે, મોક્ષ અને ભવાન્તરને વ્હેમ માને છે, તેની

સર્વજ્ઞપણાની અમાન્યતા સર્વથા ઉપેક્ષા પાત્ર છે. તે તરફ લક્ષ્ય આપવાની પણ જરૂર નથી. કારણ કે–વિશ્વના મુખ્ય આત્મા પદાર્થના સંબંધમાં લગભગ તે સર્વથા અજ્ઞાન અવસ્થામાં છે. આત્મા શિવાયના કેવળ ભૌતિક પદાર્થો વિષેજ વિચારણા કરે છે, તેથી તેની સાથે સર્વજ્ઞ–અસર્વજ્ઞની વાત જ અસ્થાને છે.

**શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** તીર્થંકર પ્રભુને જે રીતે લોકાલોકજ્ઞ સર્વજ્ઞ તરીકે માનેલા છે, તે રીતે બીજાઓને સર્વજ્ઞ કદી માનેલા નથી. તેમજ એ જાતના સર્વજ્ઞ શબ્દના અર્થમાં તેમણે પોતાનો વિચાર બદલ્યો પણ નથી. પરંતુ તેમાં તેઓ ઠેઠ સુધી દૃઢ વિશ્વાસી રહ્યા છે. તેથી વિરુદ્ધનો એક પણ પૂરાવો તેમના કોઈ પણ ગ્રંથમાંથી મળી શકે તેમ નથી. **યોગ દૃષ્ટિ સમુચ્ચયમાંનું** લખાણ નયસાપેક્ષ છે. એ ગ્રન્થના મંગળાચરણના પહેલાજ શ્લોકમાં **પ્રભુ મહાવીર** દેવની સ્તુતિની **સ્વોપજ્ઞ** ટીકામાં–તીર્થંકર દેવને પોતે કેવી રીતે સર્વજ્ઞ માને છે ? તે સ્પષ્ટ શબ્દોમાં સમજાવેલું છે. એક જ ગ્રન્થમાં એકજ નયથી પરસ્પર વિરુદ્ધ લખવાની કલ્પના કરવી, તે ગ્રંથનેઃ ગ્રંથકારનેઃ અન્યાય કરવા બરાબર છે. અને એવી કલ્પના કરનારની પ્રામાણિકતા વ્યાહત થવાથી ઇરાદા પૂર્વકની ખોટી કલ્પના કરવાના આરોપમાંથી મુક્તિ મેળવી શકાતી નથી.

તેથી જે દૃષ્ટિથી લોકાલોકના એકજ સમયમાં જ્ઞાન સાથે આત્મ જ્ઞાન રૂપ સર્વજ્ઞ શબ્દની વ્યાખ્યા આપવામાં આવી છે, અને તે દૃષ્ટિથી–વીતરાગી આત્માઓની સર્વથા સર્વજ્ઞતા હોઇ શકવાનું જૈન શાસ્ત્રકારોનું નિરૂપણ સર્વથા પ્રમાણભૂત અને વ્યવસ્થિત છે. એમ સમજવું. માત્ર ૨૪ તીર્થંકરો જ સર્વજ્ઞ હોઈ શકે, એવું જૈન શાસ્ત્રકારો કયાં કહે જ છે ? કોઈ પણ વીતરાગ–દ્વેષ–આત્મા–સર્વજ્ઞ હોઈ શકે છે. એટલે કે–તીર્થંકર શિવાયના અનેક જીવો પણ સર્વજ્ઞ હોઇ શકે છે. " જે કોઈ, જ્યારે, જે રીતે, સર્વથા રાગ–દ્વેષરહિત થાય, તે, ત્યારે, તે રીતે, સર્વજ્ઞ કહેવાય છે. પછી તે ગમે તે હોય."

આમ ઠામ ઠામ સ્પષ્ટીકરણ કરવા છતાં ઈરાદાપૂર્વક તે તરફ દુર્લક્ષ્ય કરવામાં આવે, તેનો શો ઉપાય? માટે–લેખકોના ઈરાદાપૂર્વકના જુઠાણા ભરેલા લખાણોથી કોઇએ સર્વજ્ઞ વિષે ભ્રાંતિમાં ન પડવું.

દ્રવ્યના અનાદિ અનંત પર્યાયો અનુમાનથી જાણી શકાય છે, તો તે કોઇનેય પ્રત્યક્ષ હોવાજ જોઇએ. જેને તે પ્રત્યક્ષ હોય, તે સર્વજ્ઞ. તે કેવી રીતે પ્રત્યક્ષ હોય? તે તો પ્રત્યક્ષ કરનાર જ જાણી શકે. બીજા તે શી રીતે જાણી શકે? માટે એવા કુતર્કથી પણ સર્વજ્ઞપણાની માન્યતામાં અસંગતિ સમજી વ્યામૂઢ નહીં થવું જોઈએ. કેમકે– સર્વજ્ઞપણાના પ્રતિપાદનમાં કોઈ પણ પ્રકારની અસંગતિ નથી. સ્વરૂપના અજ્ઞાનથી ભાસતી અસંગતિઓ પ્રામાણિક ન ગણી શકાય.

આથી કરીને—મુક્તિ "અભાવરૂપ છે, જડતારૂપ છે, જ્ઞાનાભાવરૂપ છે, શૂન્યતારૂપ છે, પરમ બ્રહ્મ સાથે અભેદતારૂપ છે," વિગેરે ભ્રમણાઓ સહજ રીતે જ ઉડી જાય છે. અને તે સર્વ ઉપચાર ભાષાથી જુદા જુદા શ્રોતાપાત્રોને ઉદ્દેશીને સમજાવવા માટે વપરાયેલા શબ્દો છે. તે સર્વને મૂળવસ્તુ સાથે સંગત અર્થમાં સમજવાથી બરાબર વસ્તુસ્થિતિ સમજાશે.

અનંત જ્ઞાનઃ દર્શનઃ સુખઃ આનંદઃ ધર્મઃ ચારિત્રઃ વિગેરે અનંત ગુણોના ખજાના રૂપ આત્મા જ્યારે સર્વથા નિરાવરણ થાય છે, ત્યારે તે પૂર્ણ રીતે પોતાના સ્વરૂપમાં આવી જાય છે. તે અનંત આનંદમયઃ સચેતન આત્મામય: સદા સ્થિર મુક્તિ છે, નિર્વાણ છે. પ્રત્યેક મુક્ત આત્મામાંના ઘણા એક બીજામાં ભળી ગયા હોય છે, તેથી–તથા ગુણોની સમાનતાથી એક–બ્રહ્માભિન્નતા–ઉપચારથી કહેવામાં વાંધો નથી. પરંતુ વસ્તુતઃ દરેક આત્મા જુદા જુદા પોતાના ગુણોના સમૂહ રૂપ એક જુદા પદાર્થ રૂપે, જુદી જુદી ઉંચાઇ ને પહોળાઈ ધરાવતા હોવાથી મુક્ત આત્માઓ પણ સ્વતંત્ર સ્વતંત્ર રીતે જુદા હોય છે. સંસાર અને કર્મોની શૂન્યતા ત્યાં હોય છે. એક અણુ માત્ર પણ કોઈ કાળે પોતપોતાને સ્થાનેથી ખસતા

નથી. માટે અચળ–જડ ઉપચારથી કહો. સાંસારિક અવસ્થા સદાને માટે બુઝાઈ ગઈ છે, માટે નિર્વાણ કહો. તેઓનું જ્ઞાન ઉપદેશાદિક કામમાં આવતું નથી માટે ઉપચારથી અજ્ઞાનરૂપ કહો. કલ્યાણકારી હોવાથી શિવ કહો. સ્વતંત્ર જુદા જુદા આત્મારૂપ હોવાથી પદાર્થના અભાવ રૂપ નથી, પરંતુ આત્મા અરૂપી હોવાથી તેનું કોઈ પણ બાહ્ય સ્વરૂપ ઈન્દ્રિયોને અગોચર હોવાથી ઉપચારથી અભાવ રૂપ કહો. કર્માદિકના બંધનથી મુક્ત થાય છે, માટે મુક્ત કહો. કે તે અવસ્થાને મુક્તિઃ મોક્ષઃ વિગેરે જે નામ આપવા હોય તે ખુશીથી આપો. એ સિદ્ધ આત્માઓ અંતિમ પવિત્રતાએ પહોંચેલા હોય છે, તેથી જગતમાં સદા પવિત્ર છાયા અને મહામંગળતા સહજ રીતે જ તેઓની ફેલાતી હોય છે. એક જ્ઞાની તપસ્વી પુરુષ પોતાની પવિત્રતાની અને મંગળપણાની છાયા પાડી શકે છે, અને તેની અસર ઉપજાવી શકે છે, તો સર્વથા શુદ્ધ આત્માઓ તે અસર ન ઉપજાવે, એમ બની શકે જ નહીં. તેઓ સદા રક્ષકઃ મંગળમયઃ છે. માટે અરિહંત અને સિદ્ધ ભગવંતોઃ એ બન્નેયનો દેવતત્ત્વમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે આદર્શ પ્રાપ્ત કરવા, અરિહંતો પ્રયાસ કરે છે. અને અરિહંત થવા અનેક પ્રયાસો જીવો કરે છે, અને તે સર્વ પવિત્ર આત્માઓ જગતમાં મહા ઉપકાર ફેલાવી બીજા જીવોને અમંગળમાંથી મંગળમાં લાવીને મૂકે છે. એ રીતે જગતમાં જે કાંઈ મંગળમય પ્રવૃત્તિ ચાલી રહી છે. તેમાં મંગળમય સિદ્ધ ભગવંતોની પણ કારણતા છે. માટે તેઓ ત્યાં રહ્યા રહ્યા પણ સદા મંગળમય છે. માટે જગતમાં જુદા જુદા આકારે પ્રચલિત શાશ્વત ધર્મઃ તેના સંચાલનના સાધનો રૂપ શાસનોઃ વિગેરે સર્વજ્ઞના ઉપદેશ અને કૃતિ મૂલક છે. સર્વજ્ઞાશ્રિત છે. માટે સર્વજ્ઞને ભજવાથી સર્વજ્ઞ થવાય છે, ને તેમના આશ્રયે ધર્મની પરમકોટી શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. મોક્ષ અને તેમાં બીજાને કારણપણું તેજ મુખ્ય મંગળતા. માટે પારસનાથ પ્રભુ બીજા જીવોને પોતાના જેવા બનાવવામાં પારસમણિ જેવા હોવા છતાં, પારસમણિ જેવા જડ નથી. પણ આનંદઘનમય છે. એ ખાસ વિશેષતા છે.

## ૨૪. શ્રી-મહા-વીર-વર્ધમાન-જિન-સ્તવન.

### ક્ષાયિક વીર્યવંત હોય, તે આત્મા પૂરો વીર છે-મહાવીર છે.

### પૂર્ણવીર્યવતી-શૈલેશી-કરણ-અવસ્થાઃ

ચૌદમે અયોગિ નામના ગુણ સ્થાનકે પહોંચેલા પરમાત્માનું પૂર્ણ ક્ષાયિક વીર્ય કેવી રીતે પ્રગટ થાય છે? તે આત્મિક વીર્યનું સુંદર સ્વરૂપ આ સ્તવનમાં બતાવેલું છે.

રાગ : ધન્યાશ્રી :

વીર-જિનેશ્વર-ચરણે લાગું,
વીરપણું તે માગું. રે
મિથ્યા-મોહ-તિમિર-ભય ભાગ્યું.
જિત-નગારું વાગ્યું. રે વીર૦ ૧

ચરણે લાગું=નમસ્કાર કરું. ચરણ કમળને સ્પર્શ કરી નમસ્કાર કરું. વીરપણું=શૂરવીરપણું. મિથ્યા-મોહ-તિમિર-ભય= મિથ્યાત્વઃ કષાયોઃ અજ્ઞાનઃ અંધકારઃ વિગેરે શત્રુઓનો ભય. ભાગ્યું=ભાગી ગયો. જિત-નગારું=વિજય ભેરી. વિજય ડંકો. વાગ્યું=વગડયો. ૧

શ્રી મહાવીર વર્ધમાન પરમાત્માને ચરણે લાગીને-પડીને, તેમણે બતાવેલી ભાવ શૂરવીરતા તેમની પાસેથી-પ્રબળ આલંબન રૂપ તેમની પાસેથી-હું માગું છું. જેથી કરીને, મિથ્યાત્વઃ કષાયોઃ અજ્ઞાનઃ વિગેરે રૂપ મહાભય નાશ પામી જાય,અને જિત નગારું બજી ઉઠે. મારો વિજય ડંકો વાગી જાય.

ભગવાને-મિથ્યાત્વ-કષાયો-અજ્ઞાન વિગેરે ભયોને ભગાડી દઈ, જેમ જિત નગારું વગાડ્યું છે, તેમ મારા પણ ભયો નાશ પામી જાય.

જિત નગારું ગગડી ઉઠે. માટે તેમને ચરણે પડીને સાચું શૂરવીર પણું હું માગી રહ્યો છું.

રાજ્ય સુખોનો ત્યાગ કરી, પ્રવ્રજ્યા સ્વીકારી, સંયમમાં વીર્ય ફોરવી, કામ–ક્રોધ વિગેરે મહાશત્રુઓને પરિપૂર્ણ વીર્યવાળા ભગવાને જીતી લીધા હતા. આ એક હકીકત છે. માટે પણ ભગવાન્ **વર્ધમાન–સ્વામિ–વીર–મહાવીર** કહેવાયા છે. ૧

વીર્યવંત હોય, તે જ **વીર** કહેવાય. અને વીરોમાં પણ શ્રેષ્ઠ હોય, તે **મહાવીર** કહેવાય. માટે વીરતામાં વીર્ય મુખ્ય વસ્તુ છે. તેના વિના વીરતા સંભવી શકે નહીં. તેથી વીર્યથી પ્રેરિત વીરતાની, અને **વીર–મહાવીર** નામની સાર્થકતા સ્પષ્ટ કરવામાં આવી હોવાનું શ્લેષથી જણાઇ આવે છે. **વીર્યઃ** એ શી વસ્તુ છે? તેનો સામાન્ય ખ્યાલ આવવાથી આ સ્તવન સમજવું સહેલું પડશે.

શરીરમાં સાત કે આઠ મુખ્ય ધાતુઓ છે.

૧ રસઃ ૨ લોહીઃ ૩ માંસઃ ૪ ચરબીઃ ૫ હાડકાઃ ૬ મગજઃ ૭ વીર્યઃ અને ૮ ઓજસ્ઃ આ આઠ અથવા મુખ્ય સાત ધાતુઓમાં વીર્ય એ છેલ્લી ધાતુ છે. અને ઓજસ્ઃ એ વીર્યના પરિપાક રૂપે છે, તેને કોઈ ધાતુ પણ કહે છે, કોઈ નથી પણ કહેતા.

ખોરાક પચવા માંડે છે, ત્યારે તેમાંથી રસઃ અને કીટ્ટ–મળ–મેલઃ જુદા પડે છે. મળ મળ–દ્વારો મારફત બહાર ફેંકાઈ જાય છે; પરંતુ રસમાંથી પહેલાં લોહીઃ બને છે, પછી તેમાંથી માંસઃ મેદઃ–ચરબીઃ અસ્થિ–હાડકાંઃ બને છે. હાડકામાં મગજઃ ભરાય છે, અને તેમાંથી વીર્યઃ બનીને વીર્યાશયમાં ભરાય છે, તથા શરીરમાં ફેલાઈ જાય છે. અને પછી શરીરમાં એકજાતની ચમક–લાલી–તેજસ્વિતા–લાવણ્ય–સૌન્દર્ય–ઉત્સાહનો વેગ–પ્રભાવ–પરાઘાતતા વિગેરે જણાઇ આવે છે, તે ઓજસ્ઃ કહેવાય છે. આરોગ્યવાળા માનવના શરીરમાં

ઓજસ્ ચમકતું હોય છે. નાકની બાજુમાં અંગુઠાનો નખ ઘસવાથી નખ ઉપર તેલ જેવી ચમકતી વસ્તુ ચોંટી આવે છે, તે ઓજસ્ હોય છે. રોગી માણસને તે શોષાઈ જતું હોવાથી નખ ઘસીયે તો ચીકાશથી નખ લેપાતો નથી. પણ લુખા પણું રહે છે. તેથી "ઓજસ્ ઓચ્છું થયું છે." એમ ખાત્રી થાય છે.

સામાન્ય-જન-સમાજની સમજ એવી છે, કે-આ "ધાતુઓમાંની જે સાતમી ધાતુ, તેજ વીર્ય છે. અને તેને લીધે વીરતા-પરાક્રમ-શૌર્ય ગણાય છે." પણ ખરી વસ્તુસ્થિતિ એ પ્રમાણે નથી.

ખરી વસ્તુ એ છે, કે—શરીરનું તમામ પ્રકારનું સંચાલન કરનારો આત્મા શરીરમાં છે, તેનો એક ગુણ તે વીર્ય છે. એ વીર્ય ગુણને લીધે જ શરીરમાંથી ધાતુઓની ક્રમિક બનાવટ એવી થાય છે, કે-સાતમી ધાતુ રૂપ વીર્ય શરીરમાં જણાઈ આવે છે. શરીરમાંનું વીર્ય પુદ્ગળ વર્ગણામાંથી બનેલું હોય છે, પરંતુ તે બનાવવામાં આત્માનો વીર્યગુણ જેટલો પ્રગટ હોય, તેટલું જઃ તેવા બળવાળું જઃ પૌદ્ગલિક વીર્ય પણ પ્રગટ થઇ શકે છે. આથી કરીને શરીર નાનું છતાં-હાથી કરતાં સિંહમાં વીર્ય-વધારે શક્તિ શાળી-હોય છે.

વીર્યઃ શક્તિઃ બળઃ સ્થામઃ પરાક્રમઃ એ મૂળ વસ્તુ આત્માની છે. આ વાત જૈન દર્શન ઘણીજ સ્પષ્ટતાથી સમજાવે છે. તેથી આગળ વધીને તે કહે છે, કે "નાના મોટા કોઈ પણ જંતુઓઃ કીડાઓઃ પશુઓઃ પક્ષિઓઃ માનવોઃ દેવોઃ વિગેરે મનઃવચનઃ તથા શરીરની જે કાંઇ સ્થુલ કે સૂક્ષ્મ હીલચાલ કરે છે, તે સર્વમાં આત્માનું વીર્ય જ કામ આપે છે. તે વીર્ય વિના જડ-મનઃવચનઃ કાયાઃ કાંઈ પણ કરી શકે જ નહીં."

આત્મામાંની જે વીર્ય શક્તિ છે, તેના શ્રી કેવળજ્ઞાની ભગવંતની જ્ઞાન શક્તિથી પણ બે ભાગ ન થઈ શકે, તેવો એક ભાગ લઇએ. તેનું

નામ-વીર્યનો એક **અવિભાગ** કહેવાય છે. તેવા અનંત વીર્ય અવિભાગો પ્રત્યેક આત્મામાં હોય છે. પરંતુ દરેક આત્માના તમામે તમામ વીર્યાંશવિભાગો ખુલ્લા નથી હોતા. પરંતુ ઓચ્છા વધતા અંશમાં ખુલ્લા હોય છે. બાકીના કર્મથી ઢંકાયેલા હોય છે. ઓચ્છામાં ઓચ્છી ખુલ્લી વીર્ય શક્તિવાળા જીવોથી માંડીને, ઠેઠ તમામે તમામ સંપૂર્ણ વીર્ય શક્તિ ખુલ્લી થઈ ગઈ હોય ત્યાં સુધીના પણ આત્માઓ મળી શકે છે. આ ચડ-ઉતર વીર્ય શક્તિઓની એક ટીપ આપવામાં આવેલી છે, અને કયા જીવમાં કેટલી હદ સુધીનું આત્મિક વીર્ય ખુલ્લું હોય છે? તેની પણ અલ્પતા-બહુતા બતાવેલી હોય છે. આત્મામાં જે સ્ફૂરણા થયા કરે છે, તે કર્મના સંબંધને લીધે થાય છે-આત્માનું વીર્ય સ્થિર ન રહેતાં પ્રકંપિત રહે છે. જેમ જેમ કર્મ ઓચ્છા થતા જાય, તેમ તેમ વીર્યમાં સ્થિરતા આવતી જાય છે. છેવટે શૈલેશીકરણ વખતે આત્મા-મેરુ પર્વતની-શૈલેશની-માફક સ્થિર થઈ જાય છે. મેરુનું તો દૃષ્ટાંત છે. પણ મેરુ કરતાં પણ વધારે દૃઢ-સ્થિર-નિષ્પ્રકંપ આત્મા બની જાય છે, અને તુરત એકજ સમયમાં મોક્ષ સ્થાનમાં પહોંચી જાય છે.

આ ખ્યાલ પણ સામાન્ય રીતે આપવામાં આવ્યો છે. જૈન શાસ્ત્રોમાં શ્રી કર્મ પ્રકૃતિ વિગેરે ગ્રન્થોમાં તેનો ઘણો વિસ્તાર છે. રીત સરનો તેનો અભ્યાસ કરવાથીજ જૈન શાસ્ત્રોક્ત આત્મિક વીર્યનું સ્વરૂપ સમજી શકાય તેમ છે. શ્રી સ્તવનકાર મહારાજાએ સંક્ષેપમાં પણ મુદ્દાસર વીર્ય વિષેની ઘણી બાબતો અહીં સમજાવી દીધી છે, તે વાચકો હવે પછીની કડીઓના અર્થો ઉપરથી સમજી શકશે.

આ સ્તવનમાં-યોગ: અને યોગી: શબ્દો આવે છે. તે બે અર્થમાં વપરાયેલા હોય છે.

યોગ શબ્દનો અર્થ: આત્મિક વીર્ય, અથવા તે વીર્યથી થતી

મનઃ વચનઃ અને કાયાઃની પ્રવૃત્તિઃ પણ ઉપચારથી યોગ કહેવાય. ૨ જો અર્થઃ મોક્ષ તરફ લઈ જનારી આધ્યાત્મિક પ્રગતિના જુદા જુદા દરજ્જા પણ યોગ કહેવાય છે. ધર્માચરણઃ ધ્યાનઃ સંયમઃ વિગેરે યોગ કહેવાય છે. એ જ પ્રમાણે-યોગી શબ્દના પણ બે અર્થ સમજી લેવા. ૧ મનઃ વચનઃ કાયાઃના યોગવાળો જીવઃ યોગીઃ અને ૨ જો યમઃ નિયમઃ કે આધ્યાત્મિક પ્રગતિનું કોઈ પણ અંગ ધરાવતા સાધકઃ પણ યોગીઃ કહેવાય છે.

કયા અર્થમાં યોગઃ અને યોગીઃ શબ્દો કયાં વપરાયા છે? તેના ઉપર ખાસ ખ્યાલ રાખવાથી આ સ્તવનની કડીઓનો અર્થ બરાબર સમજી શકાશે.

સર્વ કર્મોનો અને તેનાથી ઉત્પન્ન થતા કષાયો આદિ સર્વ વિભાવોનો નાશ થાય, ત્યારે આત્મા સંપૂર્ણ ખીલી ઉઠે છે, અને આત્માનું વીર્ય પણ સંપૂર્ણ ખીલી ઉઠયું હોય છે. તે જાતનો ઉંચામાં ઉંચો વિજય થવાથી જીત નગારું ગડગડી ઉઠે છે.

**जोगेहिं तय-ऽणुरूवं परिणमइ गिण्हऊण पंच-तणू-।**
**पाउग्गे, वाऽऽलंबइ भासा-ऽऽणु-मणत्तणे खंधे-।। १७ ।।**

**कर्मप्रकृति**

અર્થઃ "મનઃ વચનઃ કાયાઃના યોગોવડે કરીને [પોતપોતાના] વીર્યના-યોગના ક્ષયોપશમને અનુસારે પાંચ શરીરને યોગ્ય પુદ્‌ગલો-ગ્રહણ કરીને આત્મા પોતાની સાથે પરિણમાવે છે. તથા -ભાષાઃ શ્વાસોચ્છ્‌વાસઃ અને મનઃની વર્ગણાના પુદ્‌ગલોને પણ ગ્રહણ કરીને પરિણમાવે છે, તથા તેનું જ આલંબન લે છે." ૧૭

પાંચ શરીરોને ગ્રાહ્ય પાંચેય વર્ગણાનું ગ્રહણ અને પરિણમન થાય છે. અને ભાષાઃ શ્વાસોચ્છ્‌વાસઃ અને મનઃ વર્ગણાનું આલંબન પણ વધારામાં થાય છે.

પ્રથમઃ યોગની મદદથી આત્મા પાંચ પ્રકારના શરીરને યોગ્ય પાંચ પ્રકારની વર્ગણાઓ ગ્રહણ કરે છે. અને પછી તે તે શરીરપણે પરિણમાવે છે. અને છેલ્લી ત્રણ વર્ગણાઓને ગ્રહણ કરી, શ્વાસોચ્છ્વાસ-ભાષા અને મનપણે પરિણમાવ્યા પછી, તેને ફેંકી દેવા માટે તેનો જ ટેકો લે છે. જેમ-બિલાડી શિંકા ઉપરથી ખાવાનું લેવા, કુદકો મારતાં પહેલાં પોતાના જ ખરીર ઉપર ટેકો લઈને કુદે છે. જેમ દડો ફેંકતી વખતે હાથ પાછો હઠીને પોતાનો જ ટેકો લઈને દડો ફેંકે છે. તેમ બોલી લીધા પછી, વિચાર્યા પછી, અને શ્વાસોચ્છ્વાસ લીધા પછી, તેજ પુદ્ગલોનો ટેકો લઈને, આત્મા તેને ફેંકી દે છે. પાંચમાંનું કાર્મણ શરીરબનાવવામાં ૧૯મી કાર્મણ વર્ગણા ગ્રહણ કરાય છે. -૧

૧. જીવ યોગયુક્ત થઈ શું કરે છે?

છઉમ-ત્થ-વીર્ય લેશ્યા-સંગે
અભિસંધિ-જ મત-અંગે. રે
સૂક્ષ્મ-સ્થૂલ-ક્રિયાને રંગે
યોગી થયો ઉમંગે. રે વીર૦ ૨

છઉમ-ત્થ-વીર્ય=છદ્મસ્થનું વીર્ય. આત્માને કેવળ જ્ઞાન પ્રાપ્ત ન થયું હોય, ત્યાં સુધી તે છદ્મસ્થ ગણાય છે. છદ્મ=કપટ -અજ્ઞાન-છેતરામણી-ગુપ્ત. છદ્મસ્થ=એટલે અજ્ઞાનમાં ફસાયેલો-પૂરેપૂરો ખુલ્લો નહીં. ઢંકાયેલો. વીર્ય=બળ. લેશ્યા-સંગે=લેશ્યા-કૃષ્ણાદિક દ્રવ્યોના સહયોગથી આત્મામાં ઉત્પન્ન થતા જુદા જુદા ભાવો-દ્રવ્ય કે ભાવ માનસિક યોગ્યતાઓ. સંગે=તે લેશ્યાના સંબંધને લીધે. લેશ્યાનો સંબંધ હોય ત્યાં સુધી. અભિસંધિ-જ=અભિસંધિ=નિમિત્ત-પ્રયત્ન. જ-ઉત્પન્ન થયેલ. ખાસ પ્રયત્નથી ઉત્પન્ન થયેલ હોય તે. મતિ-અંગે=બુદ્ધિ પ્રમાણે, જે પ્રમાણે સમજપૂર્વકનો પ્રયત્ન કરવામાં આવે, તેને લીધે. સૂક્ષ્મ-સ્થૂલ

-ક્રિયા=આત્માની સૂક્ષ્મ અને સ્થૂલ હીલચાલને લીધે થતી પ્રવૃત્તિ. સૂક્ષ્મ-બારીક, સ્થૂલ=મોટી. જણાઈ આવે તેવી. રંગે=રંગને લીધે, રંગમાં આવી જઈને, આનંદને લીધે. યોગી-મનઃ વચનઃ કાયાઃ ના યોગવાળો. ઉમંગે=આનંદે, હોંશથી. ૨

લેશ્યા યુક્ત છદ્મ-સ્થ જીવની સમજ પૂર્ણક કરવામાં આવતી-ઈરાદા-પૂર્વકના કાયાદિકના યોગથી થતી-આત્માની-સૂક્ષ્મઃ અને સ્થૂલઃ પ્રવૃત્તિઓઃ તેને રંગે ચડીને આત્મા ઉમંગે કરીને-આનંદપૂર્વક-યોગી -એટલે કે-મનઃવચનઃ કાયાઃના યોગોવાળો થાય છે. તે **અભિસંધિ-જ** યોગ કહેવાય છે.

**અને** ખાસ પ્રકારના પ્રયત્ન-આત્મામાં થતા સહજ સ્ફુરણઃ તેથી શરીરમાં જે પ્રવૃત્તિ સહજ રીતે ચાલતી હોય છે. લોહી વિગેરે ધાતુઓમાં અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કંપન-સ્ફૂરણ-એકમાંથી બીજામાં રૂપાંતરો ચાલી રહ્યા હોય છે, તેથી આત્મામાં થતું સ્ફૂરણ, તે **અનભિસંધિ-જ** યોગ કહેવાય છે. એમ અહીં સાથે સાથે સમજી રાખવાનું છે. ૨

**विरिय-ऽंतराय-देस-क्खएण सव्व-क्खएण वा लद्धी ।**
**अभिसंधि-जमियरं वा तत्ता विरियं स-लेसस्स. ॥३॥**

કર્મપ્રકૃતિ

**અર્થ**ઃ વીર્યાન્તરાય કર્મના દેશથીઃ કે સર્વથીઃ ક્ષય થવાથી પ્રાણીઓને જે લબ્ધિ ઉત્પન્ન થાય છે, ને તેને લીધે છદ્મસ્થ એટલે કે—લેશ્યાવાળા સર્વ જીવોને જે વીર્ય હોય છે, તે **અભિસંધિ-જ** [અથવા **અનભિસંધિ-જ**] વીર્ય કહેવાય છે. [બાકીના કેવળજ્ઞાની અને સિદ્ધ ભગવંતોને **ક્ષાયિકવીર્ય** કહેવાય છે. યોગઃ વીર્યઃ સ્થામઃ ઉત્સાહઃ પરાક્રમઃ ચેષ્ટાઃ શક્તિઃ સામર્થ્યઃ એ વિગેરે યોગના-વીર્યના નામો છે.]

૧. આપણે ઉંઘતા હોઈએ છીએ, ત્યારે પણ શરીરમાંની દરેક ધાતુઓમાં કાંઈ ને કાંઈ પ્રવૃત્તિ ચાલ્યા જ કરતી હોય છે, તે

વખતે આત્મપ્રદેશોમાં પણ કર્મોને લીધે-ઉકળતા પાણીના ચરૂમાં જેમ પાણી ઉછળતું હોય છે-તેમ સતત પ્રવૃત્તિ ચાલુ જ હોય છે. તેનું નામ **અનભસંધિ-જ યોગ** કહેવાય છે.

૨. અને આપણે ચાલીએ, કે હાથથી કાંઈ ઉચકીએ, ત્યારે ખાસ જુદું જ બળ કરવું પડે છે, તે વખતે શરીર તથા આત્મામાં કે—મનઃ વચનઃ કાયાઃમાં પ્રયત્નપૂર્વક જે પ્રવૃત્તિ ચાલે છે, તે વખતે મનઃ વચનઃ કાયાઃમાં જે યોગ ઉત્પન્ન થાય છે, તેનું નામ **અભિસંધિ-જ યોગ** કહેવાય છે.

અહીં યોગી શબ્દનો અર્થ "મનઃ વચનઃ કાયાઃ ના ત્રણ યોગ વાળો જીવ" સમજવો. ૨

૨. યોગ ઉત્પન્ન થયા પછી ?

અ-સંખ્ય-પ્રદેશે વીર્ય-અ-સંખ્યે
યોગ અ-સંખિત કંખે. રે
પુદ્‌ગલ-ગણ તેણે લે સુ-વિશેષે,
યથા-શકિત-મતિ-લેખે. રે. વીર૦ ૩

**અ-સંખ્ય-પ્રદેશે**=આત્માને અસંખ્ય પ્રદેશો હોય છે, તે દરેકમાં **વીર્ય-અ-સંખ્યે**=દરેકે દરેક પ્રદેશે. અસંખ્ય અસંખ્ય વીર્યના અવિભાગો-અંશો-હોય છે. અને તેના સમૂહ રૂપ **યોગ-અસંખિત**=અસંખ્ય યોગ સ્થાન છે. **કંખે**-ઇચ્છે છે. **પુદ્‌-ગલ-ગણ**=પુદ્‌ગલોનો સમૂહ. **તેણે**-તેની મદદથી. **લે**=લે છે. ગ્રહણ કરે છે. **સુ-વિશેષે**=સારી રીતે વધારે વધારે. **યથા-શક્તિ-મતિ-લેખે**=જેવી શક્તિ અને જેવી બુદ્ધિ-મનની ઈચ્છા, તેને હિસાબે. ૩

**અભિસંધિજ કે અનભિસંધિજ** યોગ ઉત્પન્ન થતાંની સાથેજ આત્મા પોતાના અસંખ્ય આત્મપ્રદેશે કે એક એક આત્મપ્રદેશે અસંખ્ય અસંખ્ય વીર્યના અંશો છે. તે સઘળા આત્મ પ્રદેશોના

મળી ને સમૂહ રૂપ-અસંખ્ય યોગ સ્થાનક શાસ્ત્રમાં ઈચ્છવામાં-માનવામાં આવેલા છે.

તે યોગ સ્થાનકના બળની જેવી શક્તિ-અને મન વિગેરેની પ્રવૃત્તિ, તેને હિસાબે-ઓચ્છા વધતા કર્મ વર્ગણા વિગેરેની વર્ગણાઓના પુદ્‌ગલોના જત્થા-સ્કન્ધો-આત્મા ખુબ સારી રીતે લે છે. કે જેમાં અનંત વર્ગણાઓ, અને પ્રત્યેક વર્ગણામાં અનંત પરમાણુઓ હોય છે. એટલે કે-યોગ સ્થાનકો આત્મામાં નવા નવા કર્મો બંધાવે છે. તથા બીજી પણ વર્ગણાઓ ખેંચાવે છે. જેથી દરેક સમયે ઢગેઢગ પુદ્‌ગળો સતત આવ્યા જ કરતા હોય છે. આમ ઉલટો-યોગ-વીર્ય આત્માને પુદ્‌ગળોથી ઘરાવી દે છે. ૩

૩. વીર્ય=યોગઃ આત્માઃ શક્તિ;

ઉત્કૃષ્ટ-વીર્ય-નિવેશે
યોગ-ક્રિયા ન વિ પેસે. રે
યોગતણી ધ્રુવતાને લેશે
આતમ-શક્તિ ન ખેસે. રે વીર૦ ૪

ઉત્કૃષ્ટ-વીર્ય-નિવેશે=વીર્યના ઉત્કૃષ્ટ નિવેશમાં. ઉત્કૃષ્ટ વીર્ય ખીલ્યું હોય, ત્યારે તેના સ્થાનમાં. નિવેશ=સ્થાન. યોગ-ક્રિયા-યોગની પ્રવૃત્તિ. મનઃ વચનઃ કાયાઃના યોગની પ્રવૃત્તિ. પેસે-પ્રવેશ કરે. ન વિ-નહીંજ. યોગતણી-યોગની. ધ્રુવતાને=સ્થિરતાને. લેશે=જરા પણ આતમ-શક્તિ=આત્મશક્તિ. આત્માની શકિત. ખેસે=ખસે ખસેડે. ૪

જ્યારે ઉત્કૃષ્ટ વીર્ય ખીલી ઉઠે છે, ત્યારે મનઃ વચનઃ કાયાઃના યોગની પ્રવૃત્તિ તેમાં પ્રવેશ પામી શકતી નથી. અર્થાત્ ઉંચા ગુણ સ્થાનકો પ્રાપ્ત થાય છે, ત્યારે તે ત્રણ યોગ મંદ પડતા જાય છે. અને છેવટે

સ્થિર થઈ જાય છે—રુંધાઇ જાય છે. આત્મામાં વીર્ય વધતું જાય છે. ખીલતું જાય છે, અનાવૃત થઈ વિકસતું જાય છે.

એજ પ્રમાણે—મનઃ વચનઃ કાયાઃના યોગો સ્થિર થતા જાય છે, તેમ તેમ આત્માની શક્તિ જરા પણ ખસતી નથી. એટલે કે વધુને વધુ સ્થિર થતી જાય છે. ચંચળ—પ્રવર્તમાન રહેતી નથી. ઉપર ઉપરના ગુણ સ્થાનકોએ યોગમાં સ્થિરતા આવતી જાય છે, તેમ તેમ આત્મ-શક્તિ વધતી જાય છે.

ઉત્કૃષ્ટ વીર્યને યોગો અસર કરી શકતા નથી. અને યોગો જેમ જેમ ધ્રુવ—સ્થિર થતા જાય છે, તેમ તેમ આત્મા પણ ઉત્કૃષ્ટ રીતે સ્થિર બનતો જાય છે. એટણે કે—મનઃ વચનઃ કાયાઃના યોગોના પુદ્ગળો આત્માને કાંઈ અસર કરી શકતા નથી. પુદ્ગળો લેવાનું તો બંધ થઇ જાય છે, અને યોગ છુટી જાય. ત્યારે આત્મા પણ તેની પાસે કાંઈ પણ પ્રવૃત્તિ કરાવી શકતો નથી. એટલે કે—તેની મદદથી નવા કર્મ કે બીજી નવી વર્ગણાઓ લઈ શકતો નથી, લેવડાવી શકતો નથી. પુદ્ગલ અને આત્મા બંનેય સ્વતંત્ર જુદા જુદા દ્રવ્યો તરીકે તદ્દન જુદા પડી જાય છે. કશોયે સંબંધ રહેતો નથી. એક બીજાને કાંઈ પણ કરી શકતા નથી. પૂર્વનું સર્વ સર્વથા બંધ પડી જાય છે. ૪

૪. યોગને લીધેજ આત્મા ભોગી બને છે :—

કામ—વીર્ય—વશે જિમ ભોગી.
તિમ આતમ થયો ભોગી.
શૂરપણે આતમ ઉપયોગી,
થાય તેહ અ—યોગી. રે વીર૦ ૫

**કામ—વીર્ય—વશે**=કામભોગમાં ઉપયોગી થતા શારીરિક વીર્યને લીધે. **ભોગી**=કામભોગ કરનારો. **શૂરપણે**=શૂરાપણાને લીધે.

આતમ-ઉપયોગી=આત્મામાં ઉપયોગવંત. અ-યોગી=ત્રણ યોગો રહિત. અહીં પણ અ-યોગી=શબ્દમાં યોગી શબ્દનો અર્થ મનઃ વચનઃ કાયાઃના યોગોવાળો સમજવો. અ-યોગી-એટલે તે રીતના યોગી નહીં. યોગો રહિત. ૫

કામ ભોગોમાં ઉપયોગી-મૈથુન પૂર્વક સુખ ભોગવવામાં ઉપયોગી-થતા -શારીરિક વીર્યને લીધે જેમ આત્મા ભોગી એટલે કે કામના ભોગો-ઈન્દ્રિયોના વિષયો-સેવનારો થાય છે-તે પ્રમાણે વીર્યને લીધે-યોગને લીધે-ત્રણ યોગ રૂપ વીર્યને લીધે-અથવા તેથી પ્રવર્તતા આત્માના વીર્યને લીધે-આત્મા ભોગી થાય છે.

પરંતુ જો આત્મા શૂરાપણું રાખીને-આત્મામાંજ ઉપયોગવંત થાય, તો તે જ આત્મા-અ-યોગી એટલે-કે-મનઃ વચનઃ કાયાઃના યોગોથી રહિતઃ બની જાય છે. ચૌદમે ગુણ સ્થાનકે જીવ અયોગી થઈ જાય છે. સિદ્ધ ભગવંતો તો સદા અયોગી જ હોય છે.

વિરોધનું સ્પષ્ટીકરણઃ

આત્મા ઉપયોગી-જ્ઞાનઃ દર્શનઃમાં ઉપયોગવંત હોય, તો યોગી થાય, પણ અ-યોગી શી રીતે થાય? એ વિરોધ આવે છે. અ-યોગી થાય છે, એટલે કે મનઃ વચનઃ અને કાયાઃના યોગો રહિત થાય છે.

તથા, અયોગી થતાં પહેલાં આત્મા યોગી હતો, તે ભોગી કેમ થાય? એ પણ બીજો વિરોધ છે. પરંતુ, યોગી-મનઃ વચનઃ કાયાઃની પ્રવૃત્તિ રૂપ યોગોને લીધે યોગી થાય છે. એ રીતનો યોગી થવાથી કર્મો બાંધીને-સાંસારિક ભાવો પામીને-આત્માને પોતાના કરેલાં તે તે સર્વ કર્મો ભોગવવાં પડે છે, તેથી તેનો ભોક્તા-ભોગી-થાય છે. આ રીતે બન્નેય વિરોધોના પરિહારો-ઉકેલો થાય છે.

અહીં ત્રણ પ્રકારનાં વીર્ય બતાવ્યા છે.—

૧ મૈથુનપૂર્વક વિષયસુખ ભોગવવામાં ઉપયોગી થાય, તે સાતમી

ધાતુરૂપ શારીરિક વીર્યઃ જેને લીધે પ્રાણી કામ–વાસનાથી વાસિત થઇ મથુન સુખ ભોગવે છે, ભોગી થાય છે. તે **શારીરિક વીર્ય.**

૨ મનઃ વચનઃ કાયાઃના યોગ મારફ્ત ભોગવાતું આત્માનું બળ. તેને લીધે કર્મો બાંધીને આત્માને સાંસારિક અવસ્થા ભોગવવી પડે છે. અનાદિ કાળથી–મોક્ષમાં ન જવાય ત્યાં સુધી દેવઃ નારકઃ તિર્યંચઃ મનુષ્યઃ સ્રીઃ પુરુષઃ નપુંસકઃ વિગેરે રૂપે થવું પડે છે, અને વિવિધ રીતે સંસારમાં રખડવાનું થાય છે. સંસાર ભોગવવો પડે છે. સંસાર ભોગવવો પડે છે, ને એ રીતે આત્મા ભોગી થાય છે. તે **સાંસારિક વીર્ય.**

૩ ત્રણેય યોગો નબળા પડવાથી અને રત્નત્રયીની આરાધાથી વીર્યાન્તરાય કર્મનો સર્વથા ક્ષય થવાથી મેરૂ પર્વત તથા વિશ્વને ઉથલાવી પાડવા જેવું જે ક્ષાયિક ભાવે અક્ષય આત્મિક વીર્ય પ્રગટ થાય છે, તે વીર્ય. જેને લીધે આત્મા શૈલેશી–મેરુપર્વત જેવો સ્થિર અને નક્કર બની જાય છે. અયોગી–મનઃ વચનઃ કાયાઃના યોગો વગરનો થઈ સ્થિર વીર્યવંત બને છે. તે **શૈલીશી વીર્યઃ** યા **ક્ષાયિક-વીર્ય.**

૧ એક વીર્ય કામભોગી બનાવે છે, ૨ બીજું વીર્ય સંસાર ભોગવાવે છે. ૩ જું વીર્ય આત્માને અયોગી બનાવી મુક્ત અને સદા સ્થિર–નક્કર–બનાવે છે.

વીરતાનું મૂળ કારણઃ

"વીરપણું તે આતમ–ઠાણે."
જાણ્યું તુમચી વાણ્યે. રે
ધ્યાન–વિન્નાણેઃ શકિત–પ્રમાણેઃ
નિજ–ધ્રુવ–પદ પહિચાણે. રે ૬

**વીરપણું**=વીરતા, શૌર્ય. **આતમ–ઠાણે**=આત્મામાં છે, આત્મના

=સ્થાનની વસ્તુ છે. તુમચી=તમારી. વાણુયે=વાણી વડે. ઉપદેશ વડે. ધ્યાન-વિન્નાણે=ધ્યાનના વિજ્ઞાન વડે, ધ્યાનના શાસ્ત્રીય જ્ઞાનવડે. શકિત-પ્રમાણે=પોતાની જેવી શકિત, પોતાની શકિતનો જેટલો વિકાસ, તે પ્રમાણે. નિજ-ધ્રુવ-પદ=પોતાની સ્થિરતા, ધ્રુવતા. સ્થિરપદ, વીર્યનું બળ. પહિચાણે=જાણી શકે છે, ઓળખી શકે છે. ૬

"વીરપણાનું પ્રયોજક-પ્રેરક-વીર્યનું ખરૂં મૂળ સ્થાન તો આત્મા જ છે." આ વાતની ખબર આપના શિવાય કોઈ પણ બીજા પુરુષે જગત્‌ને આપી નથી. આ વાત જગત્ આપની વાણીથી-ઉપદેશથી-જ જાણી શકેલ છે.

શાસ્ત્રીય વિજ્ઞાનનો આધાર લઈને, પોતાની શક્તિ પ્રમાણે આત્મા જેમ જેમ ધ્યાનમાં આગળ વધે છે, તેમ તેમ પોતાના આત્મામાં કેટલી ધ્રુવતા-સ્થિરતા-વીર્ય-સામર્થ્ય-પ્રાપ્ત થયેલ છે? તે પણ પોતાના ધ્યાનના જ્ઞાનથી જીવ ઓળખી શકે છે.

વીર્યઃ એ શરીરની નહીં, પરંતુ આત્માની વસ્તુ છે, અને ધ્યાનઃ એટલે-આત્માના વીર્યની-પ્રવૃત્તિની-સ્થિરતાઃ આ વસ્તુ જગત્‌ને આપેજ-બીજાને નવીન લાગે તે રીતે-સમજાવેલ છે. લોકો વીર્યઃ અને ધ્યાનઃના અર્થ જુદા કરે છે. ધ્યાન પણ શરીર કે મનની એકાગ્રતા જ નથી. પણ મુખ્યપણે આત્માની સ્થિરતા છે. શરીરઃ મનઃ કે પવનઃની સ્થિરતાને ઉપચારથી ધ્યાન કહેવાય છે. વાસ્તવિક રીતે તેમ નથી.

ધ્યાન-વિજ્ઞાનઃ એટલે યોગના આઠ અંગો છે. તેના નામઃ યમઃ નિયમઃ આસનઃ પ્રાણાયામઃ પ્રત્યાહારઃ ધારણાઃ ધ્યાનઃ સમાધિઃ આ પ્રમાણે પતંજલિ યોગ સૂત્રમાં આપેલી છે. અને તેની વ્યાખ્યાઓ પણ આપેલી છે :-

**યમઃ** એટલે વ્રતો. **નિયમઃ** પાંચ છે. શૌચઃ સંતોષઃ તપઃ સ્વાધ્યાયઃ પરમાત્મ પ્રણિધાનઃ **આસનઃ** એટલે પદ્માસનાદિક યોગાસનો. મુદ્રા વિગેરે. **પ્રાણાયામઃ** એટલે રેચકઃ પૂરકઃ અને કુંભકઃ કરીને પવનની ગતિઉપર કાબૂ મેળવવો. **પ્રત્યાહારઃ** એટલે ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવવો. **ધારણાઃ** એટલે કોઈ પણ વસ્તુ ઉપર એકાગ્ર થવાની ટેવ કેળવવી. **ધ્યાનઃ** એટલે કોઈપણ વસ્તુનું એકાગ્રતાથી અમુક વખત સુધી ધ્યાન કરવું. અને **સમાધિઃ** એટલે દુનિયાના બાહ્ય વ્યવહારોથી પર થઇને ધ્યાન સૃષ્ટિમાં સ્વેચ્છાથી રમણતા કરવાની શક્તિ પ્રાપ્ત થવી, તે.

**જૈન દર્શનમાં** પણ આ આઠેય અંગોયે બતાવ્યા છે. પરંતુ તેની વ્યાખ્યા આ પ્રમાણે છેઃ-

**યમઃ-** અહિંસાઃ અને સત્યઃ વિગેરે પાંચ અણુ કે મહા વ્રતોને યથાશક્તિ અમલમાં મૂકવાં અને ત્રણ ઇચ્છાયમાદિકઃ યમોનો અમલ કરવાની ઇચ્છા રાખવી. **નિયમઃ** વ્રતોમાં સહાયક-સહકારી જીવન ચર્યા, ઉત્તર ગુણો. **આસનઃ** આત્મ કલ્યાણના પ્રયત્નોમાં વધારે સ્થિરતા. **પ્રાણાયામઃ** પ્રાણ કરતાં પણ દેવઃ ગુરુઃ ધર્મઃ ને વધુ વ્હાલા ગણવા, ધર્મ માટે પ્રાણનો ત્યાગ કરાય, પણ પ્રાણ ખાતર દેવઃ ગુરુઃ ધર્મઃ નો ત્યાગ ન કરાય, એવી વૃત્તિ. **પ્રત્યાહારઃ** ઇન્દ્રિયો ઉપર કાબૂ. ઉપરાંત, ધર્મ ઉપર આવી પડતાં વિઘ્નોને હઠાવવામાં તત્પરતા. **ધારણાઃ** ચિત્તની સ્થિરતામાં સારો વધારો. ચપળતાનો ત્યાગ. **ધ્યાનઃ** પરમાત્મા વિગેરે ધ્યેયની મદદથી જેમ બને તેમ મનઃ વચનઃ અને કાયાઃરૂપ યોગોના વ્યાપારો રોકીને આત્મા સ્થિર થતો જાય, તેથી પોતાનું બળ— વીર્ય– પ્રાપ્ત થતું જાય, તેવો પ્રયત્ન કરવો. **સમાધિઃ** સ્વરૂપમાં સ્થિતિ. જેમ બને તેમ આત્મ પ્રદેશોની સ્ફૂરણામાં એકદમ ઘટાડો થવાથી માંડીને તદ્દન અભાવ સુધીની સ્થિતિ, અયોગીઃ અને સિદ્ધાઃઅવસ્થા સુધી પહોંચી, સંપૂર્ણ આત્મ-વીર્યને આત્મસ્થ કરવું, તે. એકદમ આત્માએ મેરૂ પર્વતની માફક સ્થિર થઇ જવું, તે. તે દરેકના ભેદો વિગેરેનો વિસ્તાર **ઉપાધ્યાયજી શ્રી યશોવિજય મહારાજ યોગની બત્રીશીમાંથી** જોવો.

આ રીતે વિચાર કરતાં, જેમ જેમ આત્મા **ધર્મધ્યાનઃ** અને **શુક્લ ધ્યાનઃ**ના પગથિયાં ચડતો જાય, તેમ તેમ તેનો આત્મા સ્થિર થતો જાય. મનઃ વચનઃ કાયાઃ મારફત વેરાતું આત્માનું બળ-વીર્ય આત્મ-નિષ્ઠ થતું જાય. આત્માની સ્થિરતાઃ તે **ધ્યાનઃ** તેની પરાકાષ્ઠાઃ તે **સમાધિઃ**

આ પ્રમાણે જૈન ધ્યાન પ્રક્રિયાથી ધ્યાન કરતો આત્મા ધ્યાનના બળ પ્રમાણે પોતાની ધનિજ–ધ્રુવતા–વપદ–સ્થિરતાઃ પોતાને કેટલી પ્રાપ્ત થયેલી છે ? તે પોતે સમજી શકે છે.

વૈદિક દર્શનમાં પતંજલિના યોગસૂત્ર વિગેરેમાં, તથા બૌદ્ધગ્રન્થોમાં ધ્યાનના પ્રકારો વિસ્તારથી બતાવ્યા છે. પરંતુ, આ રીતે "સ્થિરતાઃ અને વીર્ય શક્તિ મનઃ વચનઃ કાયાઃ દ્વારા જે બહાર દેખાય છે, તે આત્માની વસ્તુ છે." એ કોઈએ બતાવેલ નથી. તે કેવળ જૈન દર્શનમાંથીજ ખૂબ સ્પષ્ટ જાણવા મળે છે. આ પણ જૈનદર્શનની એક વધુ વિશિષ્ટતા છે. તેમાં શ્રી આનંદઘનજી મહારાજ પોતાની સમ્મતિ બતાવે છે, અને "એ વાતો જૈન દર્શન સિવાય બીજે નથી." એ સત્યનો એટલી જ મક્કમતાથી ઉચ્ચાર કરે છે. ૬

આલમ્બન–સાધન જે ત્યાગે,
પર–પરિણતિને ભાગે. રે
અક્ષય–દર્શનઃ જ્ઞાનઃ વૈરાગ્યેઃ
આનન્દ–ઘન–પ્રભુ જાગે. રે વી૦ ૭

આલમ્બન-સાધન=ટેકો લેવામાં મદદગાર. અથવા ત્રણ યોગ, તે રૂપ સાધનનું આલંબન કે ટેકો. પર–પરિણતિ=પર રૂપે પરિણમવું, તે. વૈભાવિક ભાવે પરિણમવું. ભાગે=ભગાડે. અ-ક્ષય=સાદિ-અનંત ભાંગે ઉત્પન્ન થયા પછી, કદી નાશ ન પામે, તેવા અનંતકાળ સુધી ટકે તેવા. વૈરાગ્ય=ચારિત્ર, આનન્દ-ઘન-પ્રભુ=અનંત વીર્યના આનંદના સમૂહ રૂપ પ્રભુ. જાગે=સદા જાગ્રત્ રહે. સર્વજ્ઞઃ સર્વ-દર્શીઃ અને શૈલેશીઃ અવસ્થા રૂપ ચારિત્રમયઃ પણે સદા જાગતા રહે છે. ૭

જે આત્મા [ બાહ્ય ] આલંબન રૂપ–મનઃ વચનઃ કાયાઃ રૂપ–સાધનોનો ત્યાગ કરે છે, તે આત્મા અખૂટ–ક્ષાયિક અનંત દર્શનઃ અખુટ–

ક્ષાયિક અનંત-જ્ઞાન-કેવળ-જ્ઞાનઃ અખુટ ક્ષાયિક અનંત ચારિત્રઃવડે કરીને, આનંદના ઘન રૂપ-સિદ્ધ પરમાત્મા રૂપ-અનંતકાળ તક સ્વ-સ્વભાવમાં રમણ કરતા સદા જાગતા જ રહે છે. કર્માદિક પુદ્‌ગલોના સંબંધ રૂપ ચોર કદી પ્રવેશ કરી શકતો નથી.

સિદ્ધ પરમાત્મરૂપ અ-રૂપી દિવ્ય આત્મા સદા આત્મજ્યોતિર્મય દીપતા રહે છે. ૭

## રહસ્યાર્થ:

**શ્રી વીર-મહાવીર** ભગવાન્ વીર હતા. વીર્યવાન્ હોય, તે **વીર** કહેવાય.

જગતમાં શરીરે બળવાન્-વીર રસ યુક્ત હોય તે **વીર** કહેવાય છે. શત્રુઓ ઉપરવિજય મેળવે, અને વિજય મહોત્સવ ઉજવે, તે **વીર** કહેવાય છે. ત્યારે, પરમાત્મા પ્રભુ **મહાવીર દેવે** કોઇ પણ શત્રુ-રાજા સાથે લડાઈ કરી નથી. કોઈ પણ દેશ જીતીને ક્ષત્રિય છતાં કોઈ પણ દેશ ઉપર વિજય મેળવ્યો નથી. છતાં તેમનું નામ એકલું વીર જ નહીં, પરંતુ "મહાવીર" એવું નામ શા ઉપરથી પડયું? કેટલાક માણસોનું નામ તેની ફૈબા-મહાવીર-પાડે છે. ત્યારથી તે લોકમાં મહાવીર નામે પ્રસિદ્ધ થાય છે. પરંતુ તેઓ નામ માત્રથી મહાવીર હોય છે. બીજી રીતે **મહાવીર** નથી હોતા. વળી, -પ્રભુનું ગર્ભમાં આગમન થયા પછી, ધનાદિકથી તેમનું ઘર વધવાથી માતા-પિતાએ **વર્ધમાનકુમાર** એવું પ્રભુનું નામ પાડયું હતું. ત્યારે **મહાવીર** કેમ કહેવાયા?

**૧ વ્યવહાર નયથીઃ આમલકીની** રમતમાં બળની પરીક્ષા કરવા આવેલા દેવને પણ હરાવી દેવામાં પૂરી વીરતા બતાવી આપવાથી ઇન્દ્રાદિકે-**મહાવીર** એવું નામ બાળકપણામાંથી જ પાડેલું હતું.

शुभ-सार-सत्त्व-संहनन-वीर्य-माहात्म्य-रूप-गुण-युक्तः ।
जगति "महा-वीर" इति त्रि-दशैर्गुणतः कृता-ऽऽभिख्यः ॥१३॥

**અર્થ**: ઉત્તમ અને સાર ભૂતઃ—

પરાક્રમઃ શારીરિક મજબૂતમાં મજબૂત બાંધોઃ વીર્યઃ માહાત્મ્યઃ રૂપઃ અને ગુણોઃથી યુકત હોવાથી દેવોએ પાડેલા ગુણોએ કરીને છાજતા "મહા-વીર" એવા નામે જગત્માં પ્રસિદ્ધ થયા છે. ૧૩

તત્ત્વાર્થાધિગમસૂત્ર—સંબંધ કારિકા

**એટલે-નામ વર્ધમાનકુમાર છે, પરંતુ "મહાવીર" એ તો એમની પદવી છે. બિરુદ છે. નામથીજ આ પદવીની મહત્તા આનન્દઘનજી મહારાજાએ (નિશ્ચયનયની દૃષ્ટિથીઃ પણ "વર્ધમાન સ્વામિની વીરતા-મહાવીરતાઃ દુન્યવી વીરતા-મહાવીરતાઃ કરતાં જુદા જ પ્રકારની છે." એમ જૈન શાસ્ત્રના આધારે આ સ્તવનમાં સાબિત કરી આપેલ છે.**

## શારીરિક અને આત્મક વીર્યનો ભેદ

**"માનવ વિગેરે પ્રાણીઓના શારીરિક બળનું-સુંદર આરોગ્યનું અને શરીરના બીજા સુતત્ત્વોનું મુખ્ય પ્રેરક સપ્ત ધાતુઓનું યથા-યોગ્ય રીતે પોષણ-વ્યવસ્થિતપણું વિગેરે છે." એમ કહેવાય છે. પરંતુ, એ બધુ હોવા છતાં-અપૂર્વ ઉત્સાહઃ માનસિક શૌર્યઃ વિગેરે ઘણા માનવોમાં જોવામાં નથી આવતા. ત્યારે કેટલાક માનવોમાં તે જોવામાં આવે છે, કારણ કે તેના શારીરિક બળની પાછળ આત્માનું બળ થનગનતું હોય છે. તે આત્મિક વીર્ય છે, શારીરિક બળનો પણ આધાર આત્મિક વીર્યના વિકાસ ઉપર હોય છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં આ વસ્તુ કોઈ પણ વિચારકઃ કે સંશોધકઃને સાચી લાગ્યા વિના રહેશે નહીં.**

**આત્માના ઉત્સાહમાં-શરીરમાંના-જ્ઞાનતંતુઓઃ મગજઃ મનઃ હૃદયઃ રોમાંચઃ લોહીની સ્ફૂર્તિઃ વીર્યનો પૂરવહોઃ શરીરની મજબૂતીઃ**

વિગેરે જરૂર મદદ કરે છે. પરંતુ એ સર્વને પ્રેરણાનો પૂરવઠો તો ઠેઠ આત્મામાંથી-આત્મા રૂપી શક્તિના કેન્દ્રમાંથી-મળે છે. માટે, વીર્યનો મૂળ ઝરો તો ખુદ આત્મા જ છે. આત્મા ચાલ્યો જાય, ત્યારે ગમે તેવું મજબૂતઃ અને વીર્યવંતઃ શરીર જડ-લાકડા જેવું થઈને પડ્યું રહે છે. તેથી શારીરિક બળના પ્રયોગોમાં પણ આત્મ-દ્રવ્યનું જ વીર્ય કામ કરે છે. શારીરિક અલ્પ શક્તિવાળા મહાન્ કામો કરી નાંખે છે, અને શારીરિક બળના પૂરવઠાવાળા માણસોમાંના બીકણ-બાયલા બળદીયા જેવા ને બેઠાડું કે ગમાર હોઇ, કયારે જન્મ્યા ? અને મરણ પામ્યા ? તેનો કોઇને ય ખ્યાલ પણ રહેતો નથી. અને નાના નજીવા કામમાં પણ પાછા હઠી જાય છે. કારણ કે-તેમની પાસે આત્મ-વીર્યના પ્રગટપણાનું બળ નથી હોતું. એ ઉપરથી પણ "શરીરના બળ પાછળ કોઈ જુદી જ ચીજનું બળ કામ કરી રહ્યું છે." એમ કબૂલ કરવું જ પડશે. તે આત્મિક બળ-વીર્ય છે.

લોકો શરીરગત શુક્ર-વીર્ય ધાતુને બળનું પ્રેરક કહે છે, તે તો માત્ર આત્મિકવીર્યના અનેક બાહ્ય વાહનોમાંનું એક બાહ્ય વાહન છે. તેથી વીર્ય શબ્દનો વાસ્તવિક અર્થઃ આત્મિક વીર્ય છે. શુક્ર ધાતુમાં માત્ર આત્મિક વીર્યના વાહન તરીકે વીર્ય શબ્દનો ઉપચાર છે. આત્મજ્ઞાન વગરના જીવોને વીર્ય ગુણની પ્રાથમિક સમજ તે દ્વારા આપી શકાય છે, કારણ કે-આત્મિક વીર્ય પ્રગટ થવામાં બાહ્ય વીર્ય પણ સંબંધ ધરાવે છે, માટે તે ઉપચાર યોગ્ય છે. પરંતુ "તે ઉપચરિત અર્થ છે. વાસ્તવિક નથી." એમ સમજવું જોઇએ. સમગ્ર જગતને ઉથલાવી નાંખવાનું સામાર્થ્ય આત્મિક વીર્યમાં છે. પરંતુ તે પ્રમાણે કદી-ત્રણ કાળમાં-બનતું નથી. કેમકે- તેટલા ખીલેલા વીર્યવાળા આત્માને તેમ કરવાનું કાંઈ પણ પ્રયોજન હોતું નથી. બીજાઓને તો વીર્યાન્તરાય કર્મથી તે ઢંકાયેલું હોય છે. તે કર્મનો જેટલો ક્ષયોપશમ થયો હોય, તેના પ્રમાણમાં તે

અનાવૃત-ખુલ્લું રહે છે. અને તે-મનઃ વચનઃ કાયાઃ રૂપ બાહ્ય વાહનોદ્વારા ખાવાઃ પીવાઃ જવાઃ આવવાઃ સાંસારિક કામ-કાજઃ ઈન્દ્રિયોના વિષયો ભોગવવાઃ યુદ્ધઃ લડાઈઃ વિગેરેમાં વેર વિખેર રીતે વપરાયા કરતું હોય છે. અને જ્યારે તે નિરાવરણ થઈ, આત્મામાં સમગ્રપણે છલછલી ઉઠે છે, ત્યારે આત્માને તેવી કોઈપણ બહારની પ્રવૃત્તિ કરવાની રહેતી નથી. તે વીર્ય આત્માને શૈલેશ જેવી સ્થિરતા કરવામાં સહાયક થાય છે. એમ પરિણામે સંપૂર્ણ અક્ષય વીર્ય-સંપૂર્ણ વીર્યાંતર કર્મોના ક્ષય થવાથી ક્ષાયિક વીર્ય-પ્રગટે છે.

આવા વીર્યના બળથી પ્રાપ્ત કરેલી શૂરવીરતા વાપરી ચૂકેલા ભગવાન્ મહાવીર દેવ વિગેરે મોહઃ મિથ્યાત્વઃ રોગઃ શોકઃ જરાઃ જન્મઃ મરણઃ વિગેરેને સદાના ભગાડી મૂકે છે, ત્યારે તેઓના આત્મામાં સંપૂર્ણ વિજયના ડંકા વાગી ચૂકે છે. અને સ્વ સામ્રાજ્યમાં સદાને માટે મસ્ત રહે છે. આવી શૂરવીરતા કોઈ પણ આત્મા રત્ન ત્રયીરૂપ વૃષ્ય અને વાજીકરણ રસાયણ ઔષધનો પ્રયોગ કરીને પ્રાપ્ત કરી શકે છે-પોતાનામાંથી જાગ્રત્ કરી શકે છે. સંસારસ્થ જીવોને વીર્ય બે રીતે પ્રવર્તે છેઃ-

અનભિસંધિજ વીર્ય

(૧) કર્મના સંજોગોનેથી લીધે તેનાથી આત્મા ઉકળતા પાણીની જેમ પોતાના આત્મપ્રદેશોમાં સતત કંપાયમાન થતા હોય છે. તેની અસર સૂક્ષ્મ જ્ઞાનતંતુઓઃ અને તેની અસર લોહી વિગેરે ધાતુઓઃ દ્વારા હૃદયઃ નાડીઃ વિગેરેમાં માલૂમ પડે છે. અને તેની અસર શારીરિકઃ માનસિકઃ વાચિકઃ અનેક બાહ્ય પ્રવૃત્તિઓમાં વ્યક્ત થાય છે. શરીરની અંદર અનેક ધાતુઓઃ ઉપધાતુઓઃ બને છે. પરસ્પરમાં સંક્રમણ થાય છે. મળો વિગેરે બહાર ધકકેલાય છે. અનુલોમઃ પ્રતિલોમઃ રીતે વિકારો રોગોરૂપે એક ધાતુમાંથી બીજી

ધાતુમાં જા–આવ કરે છે. તથા ઉંઘતી વખતે પણ એ બધી પ્રવૃત્તિઓ શાંત નથી હોતી. હજારો પ્રવૃત્તિઓથી ધમધમતા એક મોટા કારખાનાની જેમ સતત ચાલ્યા કરતી હોય છે. તે સર્વ પ્રવૃત્તિઓ અનભિસંધિ–જ યોગને લીધે થાય છે.

અને ઇરાદાપૂર્વક જે કાંઈ પ્રવૃત્તિ કરવામાં આવે, તે સર્વ અભિ-સંધિ–જ યોગને લીધે થાય છે. અને એ બન્નેય પ્રકારના યોગોથી કર્મો આત્મામાં સતત આવ્યા જ કરે છે, અને બંધાયા કરે છે.

**યોગીઃ અયોગીઃ**

યોગ શરીરના કોઈ પણ ભાગને બહારથી નિમિત્ત કરી તે ઉત્પન્ન થાય, પરંતુ તેની ઓચ્છી વધતી અસર સમગ્ર આત્મા ઉપર થાય છે. આપણે હાથવતી કાંઇ પણ ભારે વસ્તુ ઉચકીયે, તો તેની અસર પગ ઉપર પણ થતી જોઈ શકીયે છીએ. કેમકે–આત્મ પ્રદેશો સાંકળની માફક જોડાયેલા હોય છે. તેથી, કાંટો વાગે પગમાં, અને અરેરાટી નીકળી પડે મોઢામાંથી. પહેલા ગુણ સ્થાનકથી માંડીને છેલ્લા ગુણસ્થાનક સુધીમાં બધા મળીને અસંખ્ય **યોગસ્થાનકોની** સંખ્યા થાય છે. તેની વિગતવાર હકીકત **પાંચમા કર્મ ગ્રંથ** વિગેરેમાં આવેલી છે. જઘન્યઃ મધ્યમઃ ઉત્કૃષ્ટઃ યોગ કોને કોને હોય ? તેનીયે ચોક્કસ સમજ તેમાં વિગતવાર–ગણિત શાસ્ત્રના નિયમ પૂર્વકની આપેલી છે.

**जोगा पयडी–पएसं.**

**અર્થ** : “આત્મામાં રહેલા યોગથી કર્મની પ્રકૃતિનોઃ અને પ્રદેશોનોઃ બંધ થાય છે.” વિગેરે

યોગ પ્રવૃત્તિ સર્વથા બંધ પડી જાય ત્યારે એક પણ કર્મનો એક પણ અણુ આત્માને સ્પર્શી પણ ન શકે.

આ રીતે મનઃ વચનઃ કાયાઃના યોગને લીધે આત્મા **યોગી** કહેવાય છે. અયોગીઃ એટલે એ ત્રણ યોગોથી રહિત.

બીજી રીતેઃ-

**मोक्षेण योजनात्-योगः, तद्वान् योगी।**

અર્થ : મોક્ષની સાથે આત્માને જોડે, તે ( રત્ન ત્રયી ) યોગ કહેવાય છે. તે જેને હોય, તે યોગી કહેવાય છે.

યમ-નિયમાદિ-સંવર-નિર્જરાના પ્રેરક સર્વ અનુષ્ઠાનોઃ ભાવનાઓઃ સત્પ્રવૃત્તિઓઃના ચડતા ઉતરતા દરજ્જા સર્વ યોગ કહેવાય છે. અને તેની સાધના કરનારા યોગી કહેવાય છે. અને તેની સાધના વગરનાઃ અ-યોગી કહેવાય છે.

ત્રણ યોગના વિકારનું બળ ઘટે, તેમ યમ-નિયમાદિક યોગ વધતા જાય, જેમ જેમ યમ-નિયમાદિક યોગનું બળ વધતું જાય, તેમ તેમ ત્રણ યોગ નબળા પડતા જાય. આમ બન્નેય યોગો પરસ્પરના વિરોધિ છે. આ સમજવાથી ૪ થી ગાથા બરાબર સમજાશે.

**જૈન દર્શનની વિશેષતાઃ**

વીર્ય વિષેની આવી વાસ્તવિક વિગતવાર વાત જૈન દર્શન શિવાય જગતના બીજા કોઈ પણ સાહિત્યમાં સીધી કે આડકતરી રીતે પણ સ્પષ્ટ સમજાવવામાં આવી નથી. હાલના અનાત્મવાદી સાહિત્યમાં તો તેના અક્ષરનીયે સંભાવના શી રીતે રાખી શકાય ? આટલી હદ સુધી આત્મવાદી દર્શનો બુદ્ધિ ગ્રાહ્ય વસ્તુઓ સમજાવી શકે છે, છતાં અનાત્મવાદીઓ બહારથી શોધ કરવા ભૂલ્યા ભટકે છે. તે તેમની બુદ્ધિના વિકારનું જ માહાત્મ્ય છે.

**" વીરપણું તે આતમ-ઠાણે જાણ્યું તુમચી વાણયે રે."**

આ વાક્યનો ઉચ્ચાર કરીને શ્રી આનંદ ઘનજી મહારાજજીએ જગતને પડકાર કરીને અસાધારણ બુદ્ધિ દાખવી છે.

આ ઉપરથી, "જૈન ધર્મ ઉપર શ્રદ્ધા કરવાથી આત્માને કાંઇ પણ ગુમાવવાનું નથી હોતું. પરંતુ તેની છાયામાત્રથી યે કાંઈ

ને કાંઇ લાભ જ જીવોને થાય છે. કેમકે–તે અત્યન્ત શુદ્ધઃ નિર્મળઃ અને પ્રમાણભૂતઃ દર્શન છે.

વીર્યની સ્થિરતાઃ

આત્માના આઠ રુચક પ્રદેશો તો સદા સ્થિરઃ અયોગીઃ હોય છે. તેથી કર્મના આવરણ રહિત હોય છે જે. આત્મ દ્રવ્યના મધ્ય બિન્દુ રૂપે–આત્માના કેન્દ્રમાં હોય છે.

શ્રી કેવળ જ્ઞાની ભગવંતો દેશનાઃ વિહારઃ વિગેરે પ્રસંગે–વચનઃ અને કાયાઃની પ્રવૃત્તિ કરતા હોય છે. તથા અનુત્તરવાસી દેવોઃ કે પૂર્વધર ભગવતોને કે મનઃપર્યાય જ્ઞાની મહારાજાઓને દ્રવ્ય મન દ્વારા શંકાના સમાધાન આપે છે, ત્યારે મન વર્ગણાના પુદ્ગલો નિમિત્તે દ્રવ્યમનોયોગ પણ ધરાવતા હોય છે. તે ત્રણે-યનું છેવટે રુંધન કરીને, અ–યોગી થઈ મોક્ષમાં પધારે છે.

પર–પરિણતિઓના વિરામઃ

ચોથું ગુણ ઠાણું પ્રાપ્ત થતાં મિથ્યાત્વ પર–પરિણતિ જાય છે.
પાંચમું, ને છટ્ઠું, પ્રાપ્ત થતાં, અવિરતિ પર–પરિણતિ જાય છે.
સાતમું પ્રાપ્ત થતાં– પ્રમાદ પર–પરિણતિ જાય છે.

આઠમું પ્રાપ્ત થતાં– બાહ્ય ધર્માનુષ્ઠાન રૂપ પર–પરિણતિ જાય છે.

અગ્યારમું પ્રાપ્ત થતાં સુધી સામર્થ્ય યોગના બળથી કષાય પર–પરિણતિઓ જાય છે.

બારમું પ્રાપ્ત થતાં સુધીમાં મોહ રૂપ પર–પરિણતિનો સર્વથા અભાવ થાય છે.

તેરમું પ્રાપ્ત થતાં છદ્મસ્થભાવ રૂપ પર–પરિણતિ જાય છે.

ચૌદમું પ્રાપ્ત થતાં પ્રથમઃ આયોજીકરણના બળથી કાયાદિકના યોગો રૂપ પર–પરિણતિ ચાલી જાય છે.

અન્તે: મોક્ષ પ્રાપ્ત થતાં ઉદયમાં રહેલા છેલ્લા કર્મો રૂપી પર–પરિણતિ ચાલી જાય છે.

એમ આત્માના વિભાવ–સ્વભાવથી ઉત્પન્ન થયેલી સર્વ પર–પરિણતિઓ નિઃશેષપણે સદાને માટે નાબુદ થઇ જાય છે.

સિદ્ધાવસ્થા:

ત્યારે જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ વિગેરે અક્ષય સંપત્તિઓ પ્રગટ થાય છે, ને સિદ્ધ શિલા ઉપર બીજા સિદ્ધોની અવગાહનામાં પોતાની અવગાહના મેળવીને આત્મા સદાકાળ અવસ્થિત રહે છે. તે વખતે પ્રથમના શરીરના ⅔ ભાગ જેટલીજ આત્માની અવગાહના હોય છે. આ વાત સાબિત કરે છે, કે–પુદ્ગલ દ્રવ્યના સંપર્કની પૂર્વની અસર આત્મામાં અનંત કાળ ટકી રહે છે.

જો અક્ષય જ્ઞાનાદિકથી આત્મા સદા કાળ જાગ્રત્ ન રહે, તો પાછા કર્મો તેને વળગી પડે જ. પણ તેમ બનતું જ નથી. અક્ષયઃ કદી જરા પણ ઝાંખી ન પડે, તેવી સતત જાગ્રતી હોય છે. તેથી મુક્તાત્મા કદી પાછા ફરતા નથી. એ રીતે જાગ્રત્ રહેવામાં આત્માનું અનંત વીર્ય–બળ પ્રેરે છે, ને જાગ્રત્ રાખે છે.

સિદ્ધની શોભા શી કહું ?
સિદ્ધ જગત્ શિરે શોભતા     રમતા આતમ–રામ.
લક્ષ્મી–લીલાની લહેરમાં     સુખિયા છે શિવ–ઠામ.
સિદ્ધની૦

શ્રી વીરવિજયજી મહારાજના એક સ્તવનમાંથી

ઉપસંહાર:

સ્તવનકારના આશયથી
જૈન શાસ્ત્રોના આશયથી } વિરુદ્ધ:

ગેરસમજથીઃ અજ્ઞાનથીઃ ભ્રાન્તિથીઃ કોઈ પૂર્વગ્રહથીઃ અલ્પબુદ્ધિથીઃ

કષાયાદિકના આવેશથીઃ કે કોઈ બીજી રીતથીઃ જે કાંઇ અયથાર્થ લખાયું હોય, તે નિમિ-ત્તે ઉત્પન્ન થયેલું મારું દુષ્કૃત્ય મિથ્યા હો ! મિથ્યા હો !

આવી ભાવના સાથે વિજ્ઞપ્તિ કરું છું, કે-સહૃદય વાચકો કાંઈપણ યોગ્ય સૂચન કરશે, તે હવે પછી સુધારી લેવા પ્રયત્ન થશે. સ્વઃ અભ્યાસઃ મનનઃ શાસ્ત્રઃ અને જ્ઞાની પુરુષોના પરિચયઃ વિગેરેને આધારેં શબ્દાર્થઃ ગાથાર્થઃ સમજઃ રહસ્યાર્થઃ વિગેરે સાથે યથા-શક્તિ રચાયેલીઃ-

## પ્ર ભુ દા સ બ હે ચ ર દા સ પા રે ખ કૃ તઃ

## સંક્ષિપ્ત વિવેચના સંપૂર્ણ.

આશય આનન્દ-ઘનતણો અતિ-ગંભીર ઉદાર.
બાલક બાહુ પસારી જિમ કહે ઉદધિ વિસ્તાર.
[ ટબાકાર શ્રી જ્ઞાન-સારજી* મહારાજ ]

## શ્રી-આ નન્દ-ઘ ન ચો વી શી સ મા પ્તઃ

* તેઓ ખરતરગચ્છીય છે, ને બિકાનેરમાં થઇ ગયા છે, ને કેટલાક ગ્રંથો રચ્યા છે.

# મુખ્ય શુદ્ધિપત્રક

| પૃષ્ઠઃ | લીંટીઃ | શુદ્ધઃ | અશુદ્ધઃ |
|---|---|---|---|
| ૫ | ૬ | દરિણુ | દરિશણુ |
| ૬ | ૧૮ | યુગ-જ--કે | યુગ જન--કે |
| ૧૪ | ૧૬ | કલા | કલો |
| ૧૬ | ૨૦ | દરથી | ધરથી |
| ૧૭ | ૧૯ | જંગનઃ | જંગમઃ |
| ૧૮ | ૧૫ | ફરી | ફર |
| ૩૧ | ૫ | તી | સતી |
| ૪૦ | ૨૮ | તર | તરફ |
| ૪૧ | ૧ | દેખાવ છે | દેખાય છે. |
| ૪૧ | ૨ | તશ્ચર્યા | તપશ્ચર્યા |
| ૪૬ | ૮ | વાગે છે | લાગે છે. |
| ૪૬ | ૧૪ | હોય | યોગ |
| ૪૯ | ૩ | ગ્રન્થ ભેદ | ગ્રન્થિ ભેદ |
| ૫૧ | ૧૭ | વ્યયરથા | વ્યવસ્થા |
| ૫૪ | ૧૦ | ગીસય | ગીય |
| ૬૦ | ૧૦ | વિકાદમાં | વિકાસમાં |
| ૬૦ | ૧૧ | ગભર!ટ | ગભરાટ |
| ૬૪ | ૩ | અ-નૂપ | અનૂપ |
| ૬૮ | ૧૩ | વમ તે | વખતે પણ સામાન્ય રીતે |
| ૭૫ | ૧૯ | ધાતકી | ધાતી |
| ૭૯ | ૯ | દેદારો | કેદારો |
| ૭૯ | ૧૫ | સુમનિ | સુ-મતિ |
| ૭૯ | ૧૬ | ચરણુ કે-જ | ચરણુ-કે-જ |
| ૮૦ | ૨૩ | બહિરીડક્ષામ | બહિરા-ડડતમ |
| ૮૭ | ૮ | અનુભવ | અનુભાવ |
| ૯૦ | ૯ | एवं | एव |

| | | | |
|---|---|---|---|
| ૯૦ | ૯ | मुस्तः | मुक्तः |
| ૯૦ | ૨૧ | અ–તર | અન્તર |
| ૯૨ | ૫ | ભગિવાના | ભાંગવાના |
| ૯૭ | ૨૨ | र्थांद्क | र्थांदेक |
| ૧૦૦ | ૭ | થવાથી દેખાવ | થવાથી યે દેખાવ |
| ૧૦૧ | ૨૩ | થયેલ છું | થયેલો છું |
| ૧૦૪ | ૨ | જીવ | જીવથી |
| ૧૦૭ | ૧૫ | સંક્ષેપઃ | સંક્ષપઃ |
| ૧૦૯ | ૨૭ | પ્રક્રિયામાં | પ્રક્રિયા |
| ૧૧૦ | ૨૨ | ભૂમિકાળ: | ભૂમિઃ કાળઃ |
| ૧૧૧ | ૧૦ | ગ્રહસ્થ | ગૃહસ્થ |
| ૧૧૧ | ૧૨ | તત્વો છે | તત્ત્વો છે |
| ૧૧૨ | ૨૧ | થવાવી | થવાથી |
| ૧૧૫ | ૧૭ | શ્રી | શ્રીને |
| ૧૧૭ | ૬ | અને જળ | અને ભરેલું જળ |
| ૧૧૯ | ૮ | ભેદ | ભેદે |
| ૧૧૯ | ૨૭ | ન્યૂન છે | ન્યૂન છે. આમીષનો અર્થ નૈવેદ્ય મેદિના કોષમાં છે. |
| ૧૨૨ | ૨૦ | શકે | શકે, |
| ૧૨૫ | ૨૨ | પૂજોપરણુ | પૂજોપકરણુ |
| ૧૩૪ | ૨ | દેવકુકુલ | દેવકુલ |
| ૧૩૪ | ૧૬ | तद्काय | तद्-काय |
| ૧૩૫ | ૮ | કરતો | કરતાં |
| ૧૩૬ | ૨૦ | મેળવો | મેળવવો |
| ૧૪૧ | ૨૫ | પ્રથક | મત્થક |
| ૧૪૨ | ૧૨ | મિવ્યાત્વ | મિથ્યાત્વ |
| ૧૪૨ | ૨૯ | વમુદ્ર | સમુદ્ર |
| ૧૪૩–૧૫૦ | ૩–૨૮ | પૂણ્ય | પુણ્ય |
| ૧૪૯ | ૧ | અન્યથા, ભાસ | નહીંતર, અન્યથા ભાસ |
| ૧૫૨ | ૩ | હોવાથી | હોવાથી. |
| ૧૫૩ | ૩ | અનતુરૂપ | અનનુરૂપ |

| | | | |
|---|---|---|---|
| ૧૫૫ | ૯ | વિદક્ષા | વિવક્ષા |
| ૧૫૫ | ૧૪ | પુદ્ગલો છે | તે પુદ્ગલો છે. |
| ૧૫૯ | ૧૯ | પ્રેરઠ | પ્રેરક |
| ૧૬૦ | ૨૩ | મુકનારા | મૂકનારા |
| ૧૬૧ | ૧૨ | વાસણ | વાસણ રૂપે |
| ૧૬૨ | ૨૨ | णयोज | ण योज |
| ૧૬૩ | ૨૦ | ભંગા | ભંગો |
| ૧૬૮ | ૨૭ | છંડા | છંડો |
| ૧૭૧ | ૨૫ | હેતું | હોતું |
| ૧૭૮ | ૨૩ | સ્વમિ | સ્વામિ |
| ૧૮૨ | ૪ | યિયત | નિયત |
| ૧૮૨ | ૫ | કદવા | કરવા |
| ૧૮૨ | ૧૮ | દુઃખ | દુઃખ |
| ૧૮૩ | ૪ | પરણામ | પરિણામ |
| ૧૮૬ | ૧૯ | શ્વદ્ધા | શ્રદ્ધા |
| ૧૮૬ | ૨૩ | વિભાવકને | વૈભાવિકને |
| ૧૮૬ | ૨૪ | પ્રત્યાખાન | પ્રત્યાખ્યાન |
| ૧૮૭ | ૧૮ | मतः | मदो |
| ૧૮૭ | ૧૮ | सामण्यं | सामण्णं |
| ૧૯૧ | ૨૪ | આમા | આત્મા |
| ૧૯૨ | ૧૩ | ગત્યશ્રી | ગત્યા |
| ૧૯૪ | ૧૮ | કર્મથી | કર્મથી |
| ૧૯૪ | ૨૭ | પઞ્ક—જ | પઙ્ક—જ |
| ૧૯૫ | ૮ | કહેવાય | — |
| ૧૯૭ | ૧ | અસુરકુમાર | નાગકુમાર |
| ૨૦૪ | ૬ | પમર | પામર |
| ૨૦૫ | ૮ | દિક=નિજ | દિક—નિજ |
| ૨૦૯ | ૩ | પૂર્વ | પૂર્વ |
| ૨૧૧ | ૧૧ | વિરુદ્ધ | વિરુદ્ધ |
| ૨૧૧ | ૨૪ | નારું બને | નારું મુખ્ય કારણ બને |
| ૨૧૩ | ૧૭ | પછો | પછી |

| | | | |
|---|---|---|---|
| ૨૧૪ | ૧૭ | ધમસામામાં | ધમસાણુમાં |
| ૨૧૫ | ૧૯ | પરમાની | પરમાત્માની |
| ૨૧૮ | ૨ | મેળવી | મેળવી શકે |
| ૨૨૧ | ૨૦ | પ્રાચીનકાળમાં | પ્રાચીનકાળમાંનો |
| ૨૨૪ | ૭ | અહીં સ્તવન | અહીં આ સ્તવન |
| ૨૨૬ | ૧૨ | વાણી. શે | વાણી. ૨. તે |
| ૨૩૦ | ૧૬ | ધર્મનામ | ધર્મનાથ |
| ૨૪૦ | ૭ | શ્રીદેવચન્દ્રકૃત | શ્રીદેવચંદ્રજી મહારાજ |
| ૨૪૪ | ૧૦ | दयो | दयो |
| ૨૪૪ | ૧૫ | પોતાના | આત્માના |
| ૨૪૫ | ૨ | સામર્થ્ય | જોગ સામર્થ્ય |
| ૨૪૮ | ૭થી૧૩ | તૃણુ–ત્રણુ. સમજવી | ટીપ્પણુમાં નીચે |
| ૨૫૦ | ૬ | સ્વરૂપા–વસ્થા | સ્વરૂપા–ઽવસ્થા |
| ૨૫૩ | ૨૫ | સ્વ | સ્વ– |
| ૨૫૯ | ૨ | દોડદોડ | દોડાદોડ |
| ૨૬૦ | ૩ | તથાઅને | તથા |
| ૨૬૧ | ૧૧ | यिकिर | विकिर |
| ૨૬૧ | ૧૬ | मन[ | [मन |
| ૨૬૨ | ૧૮ | ને અને | અને |
| ૨૬૪ | ૫ | જાણુ. | જાણું. |
| ૨૬૪ | ૨૪ | પૂરી થતાં જ અવસ્થા | તે અવસ્થા પૂરી થતાં જ |
| ૨૬૫ | ૨૦ | શમયમાં | સમયમાં |
| ૨૬૭ | ૧૮ | પર્યાયાર્થક | પર્યાયાર્થિક |
| ૨૭૨ | ૧૦ | યવહારનય | વ્યવહારનય |
| ૨૭૨ | ૧૭ | વ્યવહારિક | વ્યાવહારિક |
| ૨૭૪ | ૨૬–૨૭ | બીજા...સહજ...સિંહ. | સહજ...સિંહ...બીજા |
| ૨૭૭ | ૮ | પડી | પડે છે. |
| ૨૭૭ | ૨૪ | તેએ | તેઓ |
| ૨૭૮ | ૭ | વિસ્તાર | વિસ્તત્ |
| ૨૭૯ | ૧૪ | તે શું ? | તો શું ? |

| | | | |
|---|---|---|---|
| ૨૮૦ | ૧૮ | બન્યેય | બન્નેય |
| ૨૮૧ | ૨૦ | કદચ | કદાચ |
| ૨૮૨ | ૨૯ | પરિણમેતા | પરિણમતા |
| ૨૮૯ | ૧૧ | આધારોને | આધારોનો |
| ૨૯૦ | ૨૨ | ગ્રંથ | ગ્રંથનું પ્રકાશન |
| ૨૯૦ | ૨૨ | પડયો | પડયું |
| ૨૯૧ | ૨ | કુંદ કુંદામાય | શ્રી કુંદ કુંદાચાર્ય |
| ૨૯૮ | ૧૦ | હકિત્ત | હસ્તિ |
| ૩૦૧ | ૨૭ | શુભ | શોભા |
| ૩૦૨ | ૧૯ | દોષની | વીત–દોષની |
| ૩૦૭ | ૧૧ | હોવાની | હોવાથી |
| ૩૧૩ | ૨૩ | ચડ | જડ |
| ૩૧૪ | ૫ | પરીક્ષ કરી | પરીક્ષા |
| ૩૧૫ | ૭ | કૃત્–વિનાશઃ | કૃત–વિનાશઃ |
| ૩૧૫ | ૧૧ | બ્રહ્મૈ | બ્રહ્મૈ |
| ૩૧૫ | ૧૧ | અ–કૃતા–ऽऽ ગમાઃ | અ–કૃતા–ऽऽ |
| ૩૧૫ | ૧૨ | દૂષણા | દૂષણ |
| ૩૨૮ | ૨૧ | નો કર્મત્યાગઃ | નો ત્યાગઃ |
| ૩૨૯ | ૧ | પૂર્ણ ભૂમિકા | પૂર્વ ભૂમિકા |
| ૩૩૦ | ૧૮ | તીર્થંકરના કર્મ | તીર્થંકરનામ કર્મ |
| ૩૩૩ | ૧૬ | મૂળયાં | મૂળિયાં |
| ૩૩૩ | ૧૭ | દેવાનું | દેવોનું |
| ૩૪૨ | ૧૦ | સમાયેલ | સમાયેલી |
| ૩૪૪ | ૫ | તે પરંપરાએ | પરંપરાએ તે પોતાને |
| ૩૪૭ | ૪ | જિનાદિ | જિતાદિ |
| ૩૪૭ | ૧૨ | દુરભવ્ય | દૂરભવ્ય |
| ૩૬૦ | ૮ | નેઅ | અને |
| ૩૬૬ | ૩ | સમે સામું | સાચે સાચું |
| ૩૬૭ | ૧૬ | ધતુર | ધ-તૂર |
| ૩૭૨ | ૧૪ | શકામ ? | શકાય ? |

| | | | |
|---|---|---|---|
| ૩૭૩ | ૧૬ | અને કાન્તિક | અનેકાન્તિકનામનો |
| ૩૭૪ | ૮ | પાંચમ | પાંચ |
| ૩૭૪ | ૧૧ | શબ્ય | શબ્દ |
| ૩૭૪ | ૧૬ | ને અન્ય | ને મુક્તિ રૂપી અન્ય |
| ૩૭૬ | ૭ | તે | તો |
| ૩૮૪ | ૧૧ | ગણુ | ગુણુ |
| ૩૯૭ | ૧૪ | | રહસ્યાર્થ: |
| ૪૦૦ | ૨ | અને | તે |
| ૪૦૧ | ૨૬ | ભાન | જ્ઞાન |
| ૪૦૨ | ૨૦ | શાથે | સાથે |
| ૪૦૨ | ૨૨ | ઇદ્રિયોની | ઇંદ્રિયોની |
| ૪૦૩ | ૧૨ | કદીએ | કદી એ |
| ૪૦૪ | ૨૪ | પરમાણું | પરમાણુ |
| ૪૦૫ | ૩ | બન્નેયજે | બન્નેયને |
| ૪૦૬ | ૮ | તેવું પુસ્ત૦ | તે પુસ્ત૦ |
| ૪૦૭ | ૮ | હોય છે, | હોઇએ છીએ; |
| ૪૧૧ | ૯ | ઉપ્રચારતું | ઉપચારનું |
| ૪૧૧ | ૧૭ | સકે | શકે |
| ૪૧૨ | ૧૭ | સંબંધી છે. | સંબંધી હો૦ |
| ૪૧૩ | ૧૦ | હોતી | હોતું |
| ૪૧૩ | ૧૪ | આર્થક | આર્થિક |
| ૪૧૫ | ૧૧ | અકલ્યાણુક | અકલ્યાણુ |
| ૪૧૫ | ૨૪ | પરિણામ | પરિણામે |
| ૪૧૭ | ૧ | રહેલા | રહેલું |
| ૪૧૭ | ૨ | વિના સર્વ | વિના-સર્વ |
| ૪૧૯ | ૨૪ | વજ્ઞાનિકો | વૈજ્ઞાનિકો |
| | ૫ | પૂર્ણક | પૂર્વક |
| ૪૨૯ | ૧૦ | પ્રયત્ન- | પ્રયત્ન વિના |
| ૪૩૦ | ૧૯ | પુદ્દ | પુદ્દ |
| ૪૩૧ | ૨૦ | પણા | પણુ |

